ચરિત્રમાળાઃ પુસ્તક ૨૯,૩૦,૩૧ વર્ષ ત્રીજું.

बुकर टी. वॉशिंग्टन

एमनुं आत्मचरित्र.

जननी जण तो भक्त जण, का दाता कां शूर,
नहि तो रहेजे वांझणी, मत गमावे नर.

सस्तुं साहित्यवर्धक कार्यालयने माटे

અનુવાદકઃ સીનોરનિવાસી
શ્રીયુત-ગોવર્ધનદાસ કહાનદાસ અમીન.

સંપાદક અને પ્રકાશક,
ભિક્ષુ-અખંડાનંદ. ઠે કાલબાદેવી-મુંબઈ.

પ્રથમાવૃત્તિ, પ્રત ૨૩૦૦. વિ. સં ૧૯૭૦ ઈ. સ. ૧૯૧૪.

મૂલ્ય-વાર્ષિક ફાળે ૦॥, પાકું પૂઠું ૦॥। પો. માફ.
છૂટક એથી દોઢું. પો. જુદું.

અમદાવાદ.
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

ભારતવર્ષના પરમાત્મ સ્વરૂપ

ગરીબ વિદ્યાર્થીઓને

અને

કેવળ નિરાશ્રિત સ્ત્રી પુરૂષોને

ત્હેમનેજ નહિ પણ સર્વને આદર્શભૂત

એવું આ સચ્ચરિત્ર

અત્યંત પ્રેમ અને આદરપૂર્વક અર્પણ કર્યું છે.

જાણવા યોગ્ય બાબતો.

૧. નવું પુસ્તક.

"આર્યભિષક અથવા હિંદનો વૈદ્યરાજ.

બંને ભાગો ભેગા-તરતમાં લેનારને માત્ર રૂ. ૧૧ માં.

આ પુસ્તકની નવિન આવૃત્તિ છપાઇ રહેવા આવી છે ચૈત્ર માસની આખર સુધીમા તે તૈયાર થઇ બહાર પડશે. "જ્ઞાનેશ્વરી" તથા "શીવાજી છત્રપતિ"ના જેવાજ મોટા કદનાં પાંચસોથી વધુ પૃષ્ઠનુ આ પુસ્તક થશે, કાગળો આ ચરિત્રમાળામા વપરાય છે તેજ જાતના, અને જાડાઇ, વજન તથા મજબૂતીમા પણ તેવાજ છે. પૂઠું પાકું, કાપડનુ, ચાર સોનેરી બાબતોવાળુ તથા અસ્તર રૂપેરી કાગળનું આવશે તેનું મૂલ્ય રૂ. ૧૧ા રહેશે.

ચૈત્ર માસની આખર સુધીમા પત્ર લખી જેઓ આ પુસ્તકના ગ્રાહક થશે, તેમને 'અગાઉના 'ગ્રાહક તરીકે આ પુસ્તક માત્ર રૂ. સવામા આપવા ગોઠવણ રાખી છે. પોસ્ટેજ વી. પી. ખર્ચ ૦ાં વધુ સમજવું.

જોઇએ તેમણે આ સાથેના કાર્ડમા કે બીજા કાર્ડપર લખી મોકલવુ. સામટા ત્રણ કે વધુ પુસ્તક રેલરસ્તે મંગાવ્યાથી ખર્ચમાં ઠીક બચાવ થશે.

૨. આ સાથેનાં કાર્ડ.

ચરિત્રમાળાના કદમાં વધારો.

"ચરિત્રમાળા"ના બે હજાર ગ્રાહકો હજી પુરાં થએલા ન હોવાથી બાકીના પડયા રહેતાં પુસ્તકો વેચાઇ રહેતા સુધી નાણાની જે અગવડ આ ખાતાને ખમવી પડે છે તેથી ગ્રાહકો વધવાની ઘણીજ જરૂર છે ગ્રાહકોની એ સંખ્યા પુરી થતાજ **ચરિત્રમાળાના કદમાં વધારો** કરવાનો વિચાર નક્કીપણે રાખવામા આવ્યો છે. જેની રૂએ હાલનાજ મૂલ્યમાં **પંદરસો પૃષ્ટને બદલે સાડાસત્તરસો પૃષ્ટ** જેટલુ લખાણ તેના વાચકો મેળવી શકશે. આ સાથે નવિન હેન્ડબીલ તથા ગ્રાહક થવાના કાર્ડ દરેક ચાલુ ગ્રાહકપર મોકલાવ્યાં છે. આશા છે કે પ્રત્યેક ગ્રાહક કમમા કમ એક નવિન ગ્રાહક બનાવી તે કાર્ડ ભરી મોકલાવવા તસ્દી લેશે. વધુ હેંડબીલ તેમજ કાર્ડ જોઇએ તે પત્ર લખવાથી તરતજ મોકલાશે. દરેક ગ્રાહક આ બાબતને ખાસ મહત્વની સમજી તે તરફ પુરતું ધ્યાન આપશે તો ગ્રાહકોની પૂરતી સંખ્યા થઇ જઇ આર્થિક અગવડમાંથી આ સંસ્થા મુક્ત થશે, તેમજ ચરિત્રમાળાના કદમા વધારો થશે. એ નિંસશયજ છે:

૩. છુટાં પુસ્તકનું દોઢું મૂલ્ય.

ચરિત્રમાળાના પુસ્તક છુટક વેચવા માટે તેની દોઢી કિંમત છાપવામા આવે છે; તે ઉપરથી કેટલાકોને અણગમો લાગે છે, પરંતુ એથી વાર્ષિક સેટ તુટક થવાથી તેની કિંમત બંધ બેસારવામા એકાદ પુસ્તકની દોઢી કિમત આવવા છતા પણ અગવડજ રહે છે. અને તેથી આ નવિન ધોરણ પણ અજમાયશ રૂપજ હોઇ માત્ર ખાસ કારણ હશે ત્યારેજ

અમુક સંખ્યાનાંજ પુસ્તકો દોઢા મૂલ્યે પણ આપી શકાશે. વિવિધ ગ્રંથમાળા અને ચરિત્રમાળાની યોજનાઓ તેનાં સ્થાયી ગ્રાહકોના ધોરણ ઉપર જ ચાલુ છે અને તેમની પાસેથી અગાઉથી લેવાતા મૂલ્ય વડેજ આખુ વર્ષ પુસ્તકો છપાવી પુરા પાડવામાં આવે છે. પાછળથી લેનારમા પણ વાર્ષિક સૅટનાજ લેનાર વધુ હોઇ છુટક લેનાર તો થોડાજ હોય છે. અને તે થોડા હોવાથીજ દોઢી કિમતનું ધોરણ અજમાવી જોવા વિચાર થયો છે. છતા જેમને આ ધોરણથી મુઝવણ થતી હોય તેમણે વૃથા બળાપો ને ટીકા કર્યા કરવા કરતાં એમ કરવા તૈયાર થવુ કે-છુટક પુસ્તક વેચતા જેટલા સૅટ તુટક થાય તેટલા તેમણે પોતે ખરીદી લેવા ગોઠવણ કરવી, અથવા તો અમુક આખા સૅટ ખરીદતા રહી મૂળ કિંમતે જોઇએ તેને સ્વહસ્તેજ છુટક આપતા રહેવું. આવું કંઇક થયેથીજ છુટક પુસ્તકો મૂળ કિંમતે છુટથી આપી શકાશે.

મૂળ (મરાઠી) પુસ્તક વિષે અભિપ્રાય.

લોક મિત્ર–(મહારાષ્ટ્રીય માસિક પત્ર) ના સપ્ટેમ્બર ૧૯૧૩ ના અંકપરથી ગુજરાતી ભાવાર્થ.

થોડાજ વર્ષ પૂર્વે પોતાની પ્રથમ કૃતિ (પુસ્તક) થી મહારાષ્ટ્રીઓને સ્વામી રામતીર્થનો અને પોતાનો પરિચય આપી ચૂકેલા શ્રીયુત્ ગુણાજીની આ બીજી કૃતિ પણ અત્યંત અર્થ પૂર્ણ છે એમાં સંશય નથી. સ્વામીજીએ જે વેદાન્ત તત્ત્વોનો ઉપદેશ કર્યો છે અને જેને માટે 'આ અમારૂં' એમ કહેતા અમને આનંદપૂર્વક અભિમાન ઉપજે છે, તેજ તત્ત્વોને પ્રત્યક્ષ કાર્ય પદ્ધતિમાં (અમલમાં) મૂકનાર, પ્રસ્તુત ચરિત્ર નાયક **બૂકર ટી વૉશિંગ્ટનની** જોડી સમગ્ર હિંદુસ્તાનમાં પણ મળવી કઠિન છે પછાત પડેલા વર્ગોપર સ્નેહ ધરાવનાર અને પોતાને તેમના હિતચિંતક કહેવડાવનાર લોકોએ, નિગ્રો જાતિ ઉપર એક સરખો છરી ચલાવનાર અને તેમને ગુલામી અવસ્થામાં કંઇ વર્ષો સુધી રીબાવનાર ગોરાઓ માટે વૉશિંગ્ટને કાઢેલા ઉચ્ચાર અવશ્ય વાંચવા, એમ અમારી ભલામણ છે **શ્રમનું મહત્ત્વ** અને **ગરીબ સ્ત્રી પુરૂષોની યોગ્યતા,** એ બે મુખ્ય તત્ત્વો અને તે સાથેજ શિક્ષણની દિશા, વ્યક્તિ માત્રને સ્વાશ્રયની આવશ્યકતા, મહાન કાર્યમાં નડતા મહાન અન્તરાયો અને તેમને દૂર કરવાના માર્ગ વગેરે વિષયોમાં, આત્મોદ્ધાર કરવામાં મુઝાઇ ગએલા હિંદી સમાજને આદર્શરૂપ થઇ પડે એવી માહિતી આ પુસ્તકમાંથી મળી આવે છે.

સમાજના ઉદ્ધારની મોટી મોટી વાતોંજ માત્ર કરીને બેસી રહેનારા આ દેશના અનેક લોકોને પોતાના વર્તનવડે પોતાના વિચારો અમલમાં લાવી બતાવવાનુ શીખવા માટે આ પુસ્તક વાંચવાની ખાસ ભલામણ કરવી એ કદાચ અપ્રિય થશે તો પણ શ્રેયસ્કર તો છે જ !

નિવેદન.

'ચરિત્રમાળા'ના ૨૯-૩૦-૩૧ મા પુસ્તકરૂપે એક એવા પુરૂષનું ચરિત્ર સાદર થાય છે કે જે જગતપરની એક અતિ કનિષ્ઠ ગણાતી 'નીગ્રો' નામક જાતિમા એક ગુલામડીને* પેટે જન્મી એકાદ હલકા ગુલામ છોકરા તરીકેજ ઉછરેલો હોવા છતા, સ્વપુરૂષાર્થ અને હૃદયના ઉચ્ચ ગુણોના પ્રતાપે તેણે જે અસામાન્ય લોકસેવા બજાવી છે, તેને લીધે એક મહાન પરોપકારી વિજયી અને કુશળ કાર્ય કર્ત્તા તરીકે આજે આખુ જગત જેને એક સ્વરથી માન આપે છે!

મહાન ઉપદેશકો ઉપદેશતા આવ્યા છે કે—

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવે નૂર.

આ ઈશ્વરી સંદેશારૂપ ઉપદેશ સંક્ષિપ્ત રૂપમા હોવા છતાં કેટલા રહસ્યપૂર્ણ છે? ભક્તિ, દાતાપણું અને વીરત્વ, એમાંના પ્રત્યેક ગુણનું સ્વરૂપ જોતા; તેના પેટામા અને પરંપરામા અનેક સદ્ગુણોનો અર્થાત્ દૈવી અંતર સંપત્તિઓનો સમાવેશ થતો જણાશે આ દિવ્ય અંતર સંપત્તિઓજ બાહ્ય સ્થૂલ સંપત્તિઓની અપેક્ષાએ અધિક આનંદપ્રદ, કલ્યાણપ્રદ અને જન્મોજન્મ મનુષ્યની સાથે રહેનારી અને તેને ઉત્તરોત્તર સત્ય શ્રેષ્ઠ ઉન્નતિએ ચ્હડાવનારી છે નિરંતરની સર્વોત્કૃષ્ટ જ્ઞાનાનંદમયી મોક્ષાવસ્થા જેમ એ અંતર સંપત્તિરૂપ પવિત્ર વૃક્ષના ફળરૂપે છે. તેમ કીર્તિ, દ્રવ્ય, ઇત્યાદિ બાહ્ય સંપત્તિઓ પણ એ મહા

* ગુલામડી શબ્દ આવશ્યકતાને લીધેજ વાપરવો પડયો છે. જે બાઇએ એવા શ્રેષ્ઠ પુરૂષને જન્મ આપ્યો તેને દેવી સ્વરૂપેજ માનવાની છે

મંત્રી સં સા.

વૃક્ષની સાથેજ છાયારૂપે જોડાયલી હોવાથી આ અંતર સંપત્તિ સાથેજ સંબંધ ધરાવે છે. અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પદાર્થોની પ્રાપ્તિનો આધાર આ અંતર સંપત્તિઓ ઉપરજ રહેલો છે.

માત્ર સ્ત્રીઓ માટેજ નહિ પરંતુ પુરૂષ વર્ગને પણ સંપૂર્ણ લાગુ પડતો ઉપલો ઉપદેશ જાણતા કે અજાણતા જે દેશમા, જે પ્રજામાં, જેટલો સમય અને જેટલા અંશે પરિપાલિત થયો છે, તે દેશ અને પ્રજા તેટલે અંશે અને તેટલો સમય ઉન્નત દશા ભોગવતી રહી છે. અને તેના પાલન વિનાની પ્રજાઓ નિસ્તેજ, નિર્માલ્ય અને અનેક રીતે હીનતામા રહીને પ્રથમનુ પ્રાપ્ત સત્વ અને સ્વત્વ ગુમાવી બેઠી છે. જગતભરનો ઇતિહાસ આ વાર્તા ઉચ્ચ હસ્તે પ્રચંડ નાદે પોકારી રહ્યો છે.

ભારતવર્ષમા પણ એ અંતર સંપત્તિની ન્યૂનતા થવા માંડયાની સાથેજ નીચી ભૂમિમા પ્રવેશી જતા જળની પેઠે અનેકવિધ દુર્દશાનો પ્રવેશ થએલો છે. અને તેનો એકનો એક તથા સત્યમાં સત્ય ઉપાય પણ **"એ સંપત્તિની ખીલવણી કરવી" એજ છે.**

એ ખીલવણી થવામાં ઉપયોગના અન્ય અનેક સાધનો નીકળી આવવા સુલભ છે. પરંતુ પોતે જાતેજ એ સદ્ગુણોના આદર્શરૂપ હોઇ અન્યને ઉપદેશવડે તથા કાર્યવડે તે તરફ દોરનાર શ્રેષ્ઠ પુરૂષો દેશમા પ્રકટી નીકળવા એજ સર્વ કરતા અધિકમા અધિક મહત્ત્વનુ સાધન છે.

આ ચરિત્રના નાયક બુકર ટી. વૉશિંગ્ટન પણ એક એવાજ પુરૂષ છે. "મહાન પુરૂષો ગરીબોની ઝુંપડીઓમા જન્મે છે." એ રહસ્ય પૂર્ણ વાક્યના સમર્થન માટે એક જ્વલંત નવીન ઉદાહરણ પોતાના ઉચ્ચ અને પરહિત પરાયણ ચરિત્રથી તેમણે પૂરૂ પાડયુ છે.

તરંગશાસ્ત્રી અને વાર્તાશાસ્ત્રીવત્ વિહરતા અમારા અગણિત પઠિત યુવકોને પોતાનુ બહારનુ તરંગીપણું, વાતોડાપણું, અને અતિ-

નિર્બળતા દર્શાવી આપવાને આ ચરિત્ર ઓછુ ઉપયોગી થઇ પડશે નહિ. અરે ! યુવકો તો ક્યાય રહ્યા; પણ અમારા સુખી સ્થિતિવાળા છતા વિશાળ તૃષ્ણામા તણાયા જઇ, ધધા અને નોકરીની ગુલામીમા સડયા કરતા મોટેરાઓ, અને ખાઇ પી ઉતરેલા વયોવૃદ્ધ સશક્ત પેન્શનરો તેમજ બીજાઓને માટે પણ તે કયા ઓછુ ઉપકારક છે ! દેશોન્નતિ અને તેના ઉપાયોની માત્ર મ્હોટી મ્હોટી ફેશનેબલ વીતો અને ભાષણો કરનારા અમારા ફેશનેબલ એકટરો, આ સ્વ–પરને અત્યત શોભાસ્પદ પરહિતની ખરી લાગણી, કાર્યપરાયણતા અને સાદા જીવનની ઉપકારક ફેશનો ક્યારે શીખશે ? વિદેશીઓના હિતાવહ બીજાં અનેક અનુકરણો પણ ભલે થાય; પરતુ આ સર્વથી અધિક હિતાવહ, અત્યત આવશ્યક ફેશનો તેઓ ક્યારે શીખશે?

ક્યારે શીખશે ?

પોતાનાથી 'ઉતરતા પ્રાણીઓનુ' હિત કરવામાંજ પોતાનું,-પોતાની પ્રજાનું અને-પોતાના દેશનું વ્યાવહારિક અને આધ્યાત્મિક હિત રહેલું છે, એમ તેમને જ્યારે ખરી રીતે સ્હમજાશે અને " એ હિત કાઇ માત્ર ઉપર ઉપરના નાટકી દેખાવો કર્યાં કરી-અંદરખાનેથી પોતાનાં તન મન ધનને માત્ર અધિકાધિક લોભ. પાછળ-માત્ર સ્વાર્થ સાધનામાં યોજી રાખવાથી થનાર નથી; પણ પ્રાણી માત્ર પ્રત્યે કુટુંબભાવ તથા સાદાઈ ધારણ કરીને પ્રાપ્ત તન મન ધનની આહુતિ માનવસેવાના મહાયજ્ઞમાં હર્ષપૂર્વક અર્પવાથીજ થઇ શકશે" એમ જ્યારે સ્હમજાશે ત્યારેજ એ ફેશન આવી શકશે.

અરે ! પણ આ તો અમારા સર્વ નાશનોજ ઉપાય કહ્યો ! નગદનો નાશ અને ઉધારની ઉન્નતિ અમારે નથી જોઇતી ! આમ કહેનાર

પણ અનેક નીકળશેજ; અને એ ઉંધી માન્યતાજ ખરી ઉન્નતિ આડે અંતરાય નાખતી આવી છે.

જે પદાર્થોને તમે તમારા કહો છો તેમાં કેટલું સત્ય છે એ વિષયમા ઉતરવાનું રહેવા દઈ આ સ્થળે માત્ર આટલુજ ધ્યાનમા લેવા પ્રાર્થના છે કે, એક બીજને વાવવુ એ શુ સર્વ નાશનુ કાર્ય છે? અલબત તે બીજનું બાહ્ય સ્વરૂપ તો તેથી નષ્ટ થવાનું ખરૂજ, પણ એમ થવાને લીધેજ, એ બાહ્ય સ્વરૂપની આહુતિ અપાયાને લીધેજ, એ બીજમા રહેલા ખરેખરા બીજસ્વરૂપ અનંત શક્તિને એકના અનેક બનવાનો–પ્રકટવાનો મહાન તત્વને માર્ગ ખુલ્લો થાય છે, એ વાર્તા શું સમજી શકાય તેવી નથી? જવા દો હવે એ બધી મૂર્ખતા, અને થવા દો એ મિથ્યા તમારા કહેવાતા બાહ્ય તન મન ધનને દીન સેવાના યજ્ઞની આહુતિ! ખીલવા દો એ તેમા રહેલા સર્વ વ્યાપક અમાપ મહાસામર્થ્યને! અમલમા આવવા દો તે એકમાથી અનેક બનવાની શક્તિને! અને પછી જુઓ કે શુ પરિણામ થાય છે? એ મહાન પરિણામની કંઈક પણ કલ્પના તમને આવે.

જગતના દરેક મહાન કાર્યોના કરનારાઓએ આ સત્ય પથનુજ અવલંબન કર્યું છે. તેનુ દરેક મહત્ કાર્ય આ મહા નિયમના ખરેખરા પાલનનાજ ફળરૂપે પ્રગટેલુ છે! હે વ્યાપક પરમાત્મદેવ! આ સત્ય સમજણ અને તેના મહત પરિણામોની કલ્પના અમારા મોહવશ માનવ બધુંઓના હૃદયમાં ઉદ્ભવો

"બીજા બહારના લોકોએ આ દેશમા આવીને નાહકનુ આપણું બધુ લઈ લીધુ છે, અને તે તેમની પાસે માત્ર માગવાથીજ મળી જશે" એજ સમજણને આધારે હાલ તો દેશના સર્વ ભાગમા રાજ્યદ્વારી ઇચ્છાઓ અને લડતો ફેલાઈ ગઈ છે! પડી ગએલો ચીલોજ તરતમા તો સર્વને સ્હેલો, મીઠો અને કીર્તિપ્રદ લાગ્યા કરતો

હોવાથી જ્યાં ત્યાં એ વિષય તરફજ આકર્ષણ હાલ તો વધી પડેલુ જણાય છે! અસ્તુ, "કંઇ નહિ તેના કરતા કંઇક પણ ઠીકજ" છે. પરંતુ અગાઉ જણાવ્યું તેમ ખરી વાર્તા તો એજ છે કે; આપણી ખરી સંપત્તિરૂપ અંતર સંપતિ વા સદ્‌ગુણ સંપત્તિ કોઇના લઇ લેવાથી જતી રહી નથી. આપણેજ બેદરકારી અને મૂર્ખતાથી તેને ત્યજી દીધેલી છે, અને તેમ થયાથીજ તે મહા વૃક્ષની છાયા રૂપ આપણી બાહ્ય સંપત્તિ પણ આપણને તજી ગયલી છે! સર્વોત્કૃષ્ટ આધ્યાત્મિક સંપત્તિ પણ મૂલંનાસ્તિ કુત શાખાની પેઠે તેથીજ છેટી રહે છે, અને તેટલા માટે તે સર્વ ફળપ્રદાતા અંતર સંપત્તિને દેશમા ખીલવવાથીજ તેની સાથે છાયા અને ફળ સ્વરૂપે જોડાયલી એ ઉભય સંપત્તિઓ મેળવી શકાય તેમ છે. આ અંતર સંપત્તિરૂપ સદ્‌ગુણો તે સાત્વિકતા, સત્કર્મ, જ્ઞાન, ભક્તિ, નિષ્કામતા, દાનવૃત્તિ, સ્વાર્થત્યાગ, દીનવત્સલતા, કાર્ય કુશળતા, સહાય, ધૈર્ય, શૌર્ય, ઐક્ય, ઇત્યાદિ સદ્‌ગુણો છે.

બીજાઓ દ્વારા બાહ્ય સત્તા અને વૈભવ ઇચ્છતા જતા ત્યાથી પણ એજ સત્યનુ સૂચન મળતું રહે છે કે "યોગ્ય થાઓ" અને તેનો ખરેખરો અર્થ એજ છે કે તમારા ખુદ અંતઃકરણમા રહેલા પ્રતિબંધો જેમકે અજ્ઞાન, કુસંપ, કલેશ, અનુદારતા, સ્વાર્થવૃત્તિ, અબ્રહ્મચર્ય, ડરકુપણું, લોભ, સારા ધંધાઓ અને સત્કર્મો તરફ બેપરવાઇ, બાળલગ્ન અને કન્યાવિક્રય આદિ કુધારા, અને તેથી પ્રાપ્ત થતી શારીરિક અને માનસિક નબળાઇ, એ પ્રતિબંધોનેજ તમે પ્રથમ જીતો, પ્રથમ ખુદ તમારા હૃદયમાજ નિયમતા અને તમારા-વીજ પાલન, પોષણ અને સત્તા સામર્થ્ય મેળવતા એ મહા શત્રુઓપર સત્તા બેસાડો; અને પછીજ સત્તા સહાય અને બહારનાઓ પાસે બીજા પદાર્થોની ઇચ્છા કરો! તમારે હાથેજ એ અંતર શત્રુઓને ઉછેર્ય છે. તેનો વિનાશ પણ સંપૂર્ણ તમારીજ મરજી અને સત્તાને આધીન

રહેલો છે! આવું સ્વસત્તાત્મક કાર્ય કરી બતાવો, અને પછી જુઓ કે બહારથી જે માગીને મેળવવાનુ ઇચ્છો છો તે આપોઆપજ હાલીચાલીને આવે છે કે નહિ! વૃક્ષની છાયા શુ વૃક્ષથી દૂર રહી શકશે? માટે એ અતર સપત્તિ ખીલવો, એ સ્વસત્તાધિન યોગ્યતા મેળવો.

બહારની ગમે તેવી ગરીબ અવસ્થામાં પણ એ અતર સંપત્તિ ખીલવી શકાય છેજ. એ સપત્તિ બધોબધ વ્યાપી રહેલી હોવાથી તેને બહારના કોઇએ ખુંચવી લીધી નથી કે રોકી રાખી નથી. તેમ થઇ શકવુજ અશક્ય છે. માત્ર તેના આડુ કોઈ પણ હોય તો દરેક મનુષ્ય પોતેજ–તેના પોતામાં રહેલા અવગુણોજ છે પોતાનીજ અણ-સમજને લીધે અસારને સાર રૂપ, અનિત્યને નિત્ય રૂપ, અસુખને સુખ રૂપ અને અજ્ઞાનીપણાને જ્ઞાનીપણા રૂપે માની લેવાયુ છે પોતાની જ અવળી સમજણે અતર સપત્તિરૂપ ખરી વસ્તુ તરફ બેપરવા બનાવીને તેની છાયા રૂપ આ જગતની સ્થૂળ સંપત્તિને પકડી રખાવી તેવડે આનદ ભોગવવાનો નિષ્ફળ મોહ ઉપજાવેલો છે મૂળ ઝાડને વહેતું મૂકી દઇ તેની છાયાનો આનદ ભોગવવાની મિથ્યા આકાક્ષા, એ મહા મૂર્ખતા એ ઉંધી સમજણેજ ઉત્પન્ન કરી છે;' અને એ મિથ્યા મૃગજળના દૂરથી સુદર દેખાતા સરોવર તરફ તેમને દોડાવ્યા કરી આખરે તે સપત્તિ તેમજ ખરી સપત્તિ રહિત ખાલી હાથે આ જગતમાથી વિદાય થવુ પડવાના અધમ પથમા એ દુષ્ટ રાક્ષસીએજ ભારત સતાનોનો પ્રવેશ કરાવ્યો છે!

તાત્પર્ય એજ કે સદ્‌ગુણ રૂપ એ દિવ્ય અને સર્વ ફળપ્રદ અતર સપત્તિજ ખરી રીતે પ્રાપ્તવ્ય છે. બાહ્ય સપત્તિ કે મોક્ષ જે કાઇ જોઇએ તે એ દિવ્ય અતર સપત્તિજ અપાવી શકશે. એ સપત્તિ રૂપ ખરી યોગ્યતા અથવા ચિતામણિને બહારનું કોઇજ ખુચવી

શ્કઈ શકતું નથી. જેમ જેમ તે બીજાઓને અપાતી જાય તેમ તેમ ઉલટી આપનારનામાં વધતી જાય એવી એ અલૌકિક સંપત્તિ છે. પ્રાચીન ભારતે સર્વ પ્રકારની જાહોજલાલી એ સંપત્તિના પ્રતાપે જ ભોગવી હતી. એ સંપત્તિ વિનાની બીજી બહારની કળા કુશળતાઓ વૃથા જ છે. વૃથાજ નહિ પણ ઉલટી નુકશાનમા નાખનારી પણ થઈ પડે છે! દષ્ટાંત તરીકે તાજાજ બનાવ રૂપે જુઓ તમારી ભાગી પડેલી સ્વદેશી બેંકોના ચાલાક સ્થાપકોની હોશિયારી! જુવો એ આર્થિક હથીઆરનો સ્વાર્થમય દુરૂપયોગ અને પોતાના જ લોકોની પાયમાલી!!

એ અતર સપત્તિ દેશમાં કેવી રીતે ખીલવી શકાય? પ્રથમ તો તેમ કરવા ઇચ્છનારે પોતે પોતાનામાજ તે સપત્તિ ખીલવવી જોઇએ, અને પછી એ દિવ્ય સંપત્તિથી સુશોભિત થએલા સ્વજીવનનો નિષ્કામપણે પ હિતમા વ્યય કરવો જોઇએ. જેમ એક બીજનો નાશ થવાથી અનેક બીજો તેમાથી પાકે છે, તેમ સ્વજીવનરૂપ બીજનુ લોક સેવારૂપી રસાળ ભૂમિમા વાવેતર કરીને-એ જીવનના તન, મન, ધનરૂપી બાહ્ય સ્વરૂપનો એ ભૂમિમાંજ વિનાશ થવા દઇને-તેવડે એવાં બીજા અસખ્ય જીવનો બનાવવાની કુદરતને તક આપવી જોઇએ. આં પ્રકારે જે અગણીત બીજો ઉત્પન્ન થશે તેમાનું દરેક દરેક બીજ પાછુ એકમાથી અનેક બનાવવાની તેટલીજ અમાપ શક્તિવાળુ જ હશે!

એકાદ જણ બિચારો શું કરી શકે? તે ઉપલી હકીકતથી સમજી શકાય તેમ છે. બિચારો કોઇ છે જ નહિ. જો સહમજે તો શરીરરૂપ અમૂલ્ય વસ્તુ અને મનરૂપ ચિતામણિ દરેકને પ્રાપ્ત જ છે. વળી મહાનથી મહાન ધનરૂપ પરમાત્મ સત્તા પણ પોતાના અનત સામર્થ્ય સહિત દરેકના અતરમા આત્મ સ્વરૂપે વિરાજમાનજ છે. તેની મહત્તાની ખબર નથી અને પોતાના ક્ષુદ્ર અહત્વ મમત્વરૂપ

પડદાઓને ખસેડી દીધા નથી, તથા તે સર્વ શ્રેષ્ઠ અનુપમ પરમાત્મ દેવનો પ્રકાશ સ્વહૃદયપર પડવા દીધો નથી ત્યા સુધી જ એ બિચારાપણું રહી શકે તેમ છે. ઇતિહાસમા જરા ધ્યાનથી દૃષ્ટિ નાખી જુઓ! જરા રામ, કૃષ્ણ, બુદ્ધ, શકર, નાનક, ખ્રિસ્ત, મહમ્મદ, શિવાજી, નેપોલિયન, રામદાસ, પ્રતાપ, ગૌરાગ, વલ્લભ, રામાનુજ, કબીર, દયાનદ, રામકૃષ્ણ, ગુરૂગોવિદ, વિવેકાનદ, બ્લાવેટસ્કી, રામતીર્થ, મિસેટ, લીંકન, ગારફીલ્ડ, વૉશિગ્ટન, જનરલ બૂથ, બર્નાર્ડો, ગાધી, ગોખલે, દાદાભાઇ, મુન્શીરામ, લજપતરાય,........ઈ. ઈ વ્યક્તિઓના જીવન અવલોકી જુઓ એટલે એક મનુષ્ય તે શુ વસ્તુ છે, અને કનિષ્ઠ સયોગોમાથી આગળ વધી અસામાન્ય યોગ્યતા અને મહત્તા માત્ર સ્વપુરૂષાર્થ વડેજ, માત્ર અતર સપત્તિના મુખ્ય આધાર વડેજ તે કેવી રીતે મેળવી શકે છે, એ સહજમ'જ પ્રતીત થશે.

બૂકર ટી. વૉશિંગ્ટન પણ તેવાઓમાનોજ એક મનુષ્ય છે તેણે પણ એજ પ્રમાણે કર્યુ છે હજીએ તે જીવતો છે પોતાની સદ્‌ગુણ સપત્તિના પ્રતાપે તે ધારત તો બહારના અનેકવિધ વૈભવો એકાદ વ્યાપારી અથવા નોકર બનીને મેળવી શકત; પણ તેમ ન કરતા પુરહિતાર્થેજ પોતાના સદ્‌ગુણમય તન મનનો–સ્વજીવનનો તેણે ઉપયોગ કર્યો છે, અને આ પુસ્તક વાચીને તમે સમજી શકશો કે તેની આતર સપત્તિએ એકમાથી અનેકરૂપે પ્રકાશી નીકળીને, એકમાથી અનેક બનવાનો મહા સિદ્ધાન્ત કેવો પ્રત્યક્ષ કરી બતાવ્યો છે! નીગ્રો જેવી કનિષ્ઠ ગુલામ જાતિના કેટલા બધા મનુષ્યોમા અનેક સદ્‌ગુણોનો વિકાસ આ નરદેવના પ્રતાપે થઇને કેટલા બધા નરનારીઓ અનેક જનહિતના કાર્યોમા, ટસ્કેજી સસ્થામા તેમજ અમેરિકાના અન્ય સ્થળોમા પ્રવર્તે છે

આ દેશના ધનિક વર્ગને પણ 'શીખવા જેવુ આ ચરિત્રમા ઘણું છે. અમેરિકાના અનેક ધનવાનો તરફથી દેશકાળને અનુસરતી

ખરી આવશ્યકતાઓ પાછળ વારંવાર થતી અસામાન્ય ઉદારતાઓ હવે જગપ્રસિદ્ધજ છે. તેઓ તે કાર્ય કેટલી કાળજીથી અને કાર્ય તથા પાત્રની પરીક્ષણ શક્તિથી કરે છે; તેનો કેટલોક ખ્યાલ આ પુસ્તકમાંથી પણ મળી શકે છે. બુકર ટી. વૉશિંગ્ટન જેવા અસામાન્ય પરોપકારી અને કાર્યકુશળ પુરૂષને વખતસરજ ઓળખીને તેઓ તેનામાં યોગ્ય શ્રદ્ધા રાખી શક્યા હતા; અને તેથીજ માનવસેવાના જે મહાયજ્ઞમાં તેણે પોતાના સુયોગ્ય તન મન અર્પ્યા છે તેજ મહાયજ્ઞમાં પોતાના દ્રવ્યને જોડવાનું સૌભાગ્ય તેઓ મેળવી શક્યા હતા. અમારા ધનવાનો તો બહુધા હજી ઠગ બેકરોના હાથે ઠગાઇને હાય હાય કરવાનુ, અથવા તો ધર્મગુરૂઓના વૈભવોમા થોડોક ઉમેરો કરવામાં કૃતાર્થતા માનીને કાખલીઓ કૂટવાનુ, કે કાતો મોજમઝામાં કે કામ ધધામાં પોતાના જીવનની આહુતિ આપી દઇ ખાલી હાથે પ્રભુ પાસે પહોચી જઇ, પાપોનો હિસાબ આપવાનો શરારી ધધો કરવાનુજ સૌભાગ્ય ભોગવી રહ્યા છે!

મહાત્મા બુકર ટી. વૉશિગ્ટન પણ જો આ દેશમાં જન્મ્યા હોત તો આવા મહા બુદ્ધિવાન (!) શ્રીમાનો વચ્ચે તેમને કેટલી સફળતા મળી હોત! અનેક સ્વાર્થી નિંદકો અને મૂર્ખ ટીકાકારો તરફથી અહીં તો તેમને અમેરિકા કરતા દશ ગણી હરકતો નડી હોત! વળી નીગ્રો જેવી કનિષ્ઠ જાતિમાથી જેટલા અને જેવા વિદ્યાર્થીઓ ઉત્તમ મહેનતુ ધધાઓનુ અને સદ્‌ગુણ સદાચારનુ શિક્ષણ મેળવવા માટે તેને મળી આવ્યા; તેટલા ને તેવા વિદ્યાર્થીઓ તેવું શિક્ષણ મેળવવા માટે અહીંના ઉચ્ચ વર્ણવાળા આર્યવંશી (!) લોકોમાથી મળત ખરા? અહીં તો મગજનો ભુંસો અને શરીરની પાયમાલીનું ભણુતર ભણીને પછી યંત્રવત્ નોકરી કરવી એ વિના અન્ય આદર્શજ ક્યાં છે? ખરેખર! બુકર ટી. વૉશિગ્ટન જેવા શ્રેષ્ઠ જનોને આ દેશમાં

અવતરવાને હજી વારજ છે! જે ભૂમિ રસાળ અને યોગ્ય હશે ત્યાંજ ઉત્તમ બીજો આવી પડશે, અને ત્યાંજ એવાઓનો વધારે ખપ અને સાર્થકતા છે. કુદરતનો મહાનિયમ એ બધું જાણે છે અને તેજ મુજબ વર્તે છે તે એવો મૂર્ખ નથી કે ,ઉખર ભૂમિમાં ઉત્તમોત્તમ બીજો વૃથા ફેંકી મારે!

પણ ફીકર નહિ! થાય તેવું અને થાય તેટલુ કરનાર સામાન્ય ઉપકારક વ્યક્તિઓ પણ વધતી જાઇને વર્તમાન ભારતની ઉખર ભૂમિમા યથાશક્તિ તન, મન, ધનની આહુતિ આપવારૂપી ખાતર-રસકસ-થોડું થોડુ પણ ઉમેરતી ચાલશે તો વહેલે મોડે આ ભૂમિની યોગ્યતા પણ વધશેજ; અને તેમ થતા અસામાન્ય મહાત્માઓરૂપી મહા ફળપ્રદ બીજોનુ આકર્ષણ એ અગાધ કુદરતમાથી કરવાને આર્યભૂમિ પણ શકિતમાન થશેજ આવા યથાશકિત, યથારૂચી પરહિત કરવાની વૃત્તિવાળા સજ્જનોને પણ આ ચરિત્રમાથી સ્વકાર્ય માટે અનેક વિધ ઉત્તમ સુચનો મળી આવશેજ.

બહારથી ગમે ત્યાથી નગદ નારાયણ માગી ભીખીને મેળવી શકે તોજ ભણતર ભણી શકે, એવુ માનનારા કે કરનારા, અનેક વિદ્યાર્થીઓ પણ ઇચ્છશે તો આ ચરિત્રમાથી ઘણુ સ્હમજી શકશે. આ ચરિત્રનાયક કેવી રીતે નિશાળમા દાખલ થયો, ક્યા રહ્યો, કેવી રીતે ઉદરપોષણ કર્યું, કેવી રીતે ભણ્યો, તેણે શુ ઓઢયુ ને શુ પહેર્યું, ઇ૦ ઇ૦ બાબતો ધ્યાનપર લેવાથી ખરો આતુર-ભણવાની ખરી ગરજવાળો વિદ્યાર્થી તે કોને કહેવો ? એનો રૂડામા રૂડો ખ્યાલ તેઓ મેળવી શકશે.

શરૂઆતમાં ૩૦ વિદ્યાર્થિઓવડે ઉદ્ભૂત થએલી બુકર ટી વૉશિગટનની સસ્થા તેમજ જે હેમ્પ્ટનની મૂળ સસ્થામા તેણે અભ્યાસ કરેલો તે સસ્થાઓની વર્તમાન સ્થિતિ તથા તેઓ તરફથી બજાવવામાં

આવતું અતિ મહત્વનું અને વિસ્તૃત કામકાજ; એ વિષયો પણ બહુ જાણવા જેવા છે. મરાઠી પુસ્તકમાં એ વિષયોની માહિતી તત્કાળમા ન આપી શકાયાથી પાછળથી "મનોરંજન" ના અંકો દ્વારા તે બાબતો પ્રકટ થઇ હતી. જે ઉપરથી આ ગુજરાતી ગ્રંથની છેવટમાં પરિશિષ્ટ દાખલ એ હકીકતો પણ આપવામા આવી છે.

જનરલ આર્મ સ્ટ્રૅાગનુ વીલ-પત્ર પણ તે સાથે આપેલું છે. તે પરથી એ પુરૂષ પણ કેવો મહાત્મા હતો તે સમજી શકાય છે. વાંચક બધુંઓ ! એ વીલપત્રમાનુ દરેક વાક્ય ઉંડાણથી સમજી તથા તેના જીવન સબધી આ પુસ્તકમાથી પ્રાપ્ત થતી ટુંક પણ ઉત્તમ માહિતી મેળવીને તેને પણ અંતરમા ઉતારવાનો યત્ન જરૂર કરજો !

ટસ્કેજી સસ્થામા ખેતીવાડી ઇત્યાદિ જે જે ધધાઓનું અનુભવ પુરસર શિક્ષણ આપવામા આવે છે તેની રૂએ પાકેલું અનાજ ફળ-ફૂલ તથા બીજી તૈયાર થએલી વસ્તુઓનુ વેચાણ દર વર્ષે સાત લાખનુ (હવે તો તે વધીને સવાયુ દોઢુ થયુ હશે.) થાય છે ! દર વર્ષે બે હજાર સુમારે નવીન વિદ્યાર્થીઓ તેમાં દાખલ થાય છે. એકાદ રાજાથી પણ જે થઇ શકવું મુસ્કેલ એવુ મહાભારત કાર્ય તે આ ગરીબ ગુલામ-બાળકે કરી બતાવ્યુ છે ! અમેરિકાના જેવો ઉદાર દેશ અને યુનાઇટેડસ્ટેટ્સ જેવી સુદક્ષ સરકારની સહાયતા અને પ્રસ્તુત ચરિત્ર નાયક જેવા અસામાન્ય પુરૂષ, એટલે સુવર્ણ અને સુગધનોજ મેળાપ નહિ પણ સુવર્ણ, સુરત્ન અને સુગધની ઉત્તમ ત્રિપુટીનોજ મેળાપ કહી શકાય !

આફ્રિકા ઇત્યાદિ સ્થળેથી ગુલામ તરીકે પકડી આણેલા લોકોની 'નીગ્રો' જાતિ બનેલી છે. અમેરિકામાં આ જાતિના એક કરોડ મનુષ્યો હજી છે. તે સર્વમા મહાત્મા બુકર ટી. વૉશિગટને સ્વઉદ્દાહરણથી અદ્દભૂત ચૈતન્ય જાગૃત કર્યું છે. આમાંના અનેક લોકોએ ટસ્કેજી

સંસ્થાનું અનુકરણ કરીને તેની આસપાસના પ્રદેશોમાં બીજી એવી નાની નાની દશ સંસ્થાઓ સ્થાપન કરી છે. જેમા બીજા ચાર હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે. હાલમાં આ નીગ્રો જાતિનાં પોતાનાંજ ૫૦૦ વર્તમાનપત્રો નીકળે છે! સ્વજાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના કાર્ય સારૂ આ લોકોએ ત્રીસ કરોડ રૂ. નુ ગજાવર ફંડ ઉભું કરેલુ છે. એકંદર તેમની ૧૬૦ પાઠશાળાઓ હોય તેમા ચાલીસ હજાર બાળકો અભ્યાસ કરે છે, વીશ હજાર બાળક બાળકીઓ જૂદા જૂદા ધંધા શીખવામા રોકાયલા છે, અને વીશ લાખ બાળકો પ્રાથમિક શાળાઓમા અભ્યાસ કરે છે। જેમને માટે એજ જાતિના ત્રીશ હજાર કેળવાએલા શિક્ષકો કામ કરે છે। એ જાતિમાંના ૮૦૦ મનુષ્યો ડૉકટરો છે અને ૬૦૦ વકીલો છે. આ જાતિના અનેક કેળવાયલા મનુષ્યો પૃથ્વીના જુદા જુદા ભાગોમા જઇ શિક્ષકનું કાર્ય કરે છે. તેમના મૂળ મૂલક આફ્રિકામા જઇને પણ તેમણે બહુ ઉપકારક કાર્યો કરવા માંડ્યા છે. ત્રીશ લાખ પુસ્તકોનો સંગ્રહ તેમના પુસ્તકાલયમા છે; અને થોડાજ વર્ષપર ત્રીશ વિદ્યાર્થીઓથી શરૂ થએલી નાની સરખી ટસ્કેજી સંસ્થા; આ એક ગુલામ પુત્રથી—નહિ નહિ પ્રભુના દૈવી બાળકથી—ભાગ્યવંતિ બનવાથી તેના ગુણ સૌંદર્ય અસામાન્ય રીતે ખીલી ઉઠીને આજે તે વિશ્વવિદ્યાલય—યુનિવર્સિટીના નામથી ઓળખાય છે। અન્ય સત્તાધારીઓની વાત તો કયા કરવી, પણ યુનાઇટેડ સ્ટેટસના મહારાજાધિરાજ સ્વરૂપ ખુદ ત્યાના પ્રેસીડૅન્ટ મહાશય પણ એ દૈવી સ્થળના દર્શને જઇ પૂજ્યભાવે અને મુક્ત કંઠે તેના સ્તુતિ ગાન કરે છે। હતભાગ્ય હિંદ! ત્હારા બાળકોમાથી સેંકડે ૯૦ ટકા અભણ! નમસ્કાર કરો, ઓ વાચકો! નમન કરો, આ પશ્ચિમ અને પૂર્વ ઉભય દિશાઓએ આવેલા આ દૈવી દેવસ્થાનને! આપણે તે સ્થળથી દૂર છીએ ખરા, પણ પરમાત્મદેવ સર્વત્ર વ્યાપક

હોવાથી હૃદયના એવા શુભ ભાવો તે સ્વીકારશેજ; અને તે ભાવોથી આંદોલીત થઇને તેમના પ્રબળ પ્રભાવનાં શીતળ મોજાંઓ આ અંતરની આસુરી સંપત્તિથી તપ્ત થએલી ભારતભૂમિ પ્રત્યે પ્રેરાશેજ !

વર્તમાન ભારતમા પરહિત પરાયણ વ્યક્તિઓનો છેક અભાવ હોવાનુ કોઇ કહી શકશે નહિ. પણ છે તે કેટલા પ્રમાણમા? કેટલા ઉંડાણથી? અને કઇ દિશામા? એ વાત ઉંડી રીતે વિચારી શકનાનારને સ્હેજ જ સમજાશે કે આ ચરિત્ર નાયકે ગરીબ લોકોમાં જે જે પ્રકારનું શિક્ષણ ફેલાવ્યુ છે, અને જે જે ઉદ્યોગોમાં લોકોને પ્રવૃત્ત કર્યા છે, તેવા કાર્યો કરવા ખાતે અહીંના લોકહિતસ્વી બડા સાહેબોનું કેટલુ લક્ષ છે? લખવા વાચવા પુરતું જ્ઞાન, ખેતીવાડી જેવા મહા ફળપ્રદ ધધાની ખીલવણી, બ્રહ્મચર્ય, સાહિત્ય પ્રચાર, બાળલગ્ન ઇત્યાદિ અધમ રીવાજો અને અનેક પ્રકારની ઉંધી સ્હમજણોનો નિષેધ ઇ૦ ઇ૦ અનેક અતિ મહત્વની બાબતો ખાતે એ બડેખાઓને બોલવા કરતાં કરવાનુ શું ઘણુંજ. પડેલુ નથી? ભારતની રાજ્યદ્વારી અને સામાજિક સુધારણાની પરિષદોના પ્રમુખ બનવારૂપે આ દેશનુ સર્વ શ્રેષ્ટ વ્યાવહારિક પદ પામી ચુકેલાઓમાના કેટલાઓ ગોખલે, દાદાભાઇ અને ગાધીની પેંડે સ્વદેશ હિતમાંજ સર્વસ્વ અર્પણ કરી ચુકયા છે! અને કેટલાઓ હજી છને પૈસે ધધાના ને નોકરીના મોહમાં સડયા કરે છે? તે બિચારાઓને અવકાશ કયાં છે? અધિકાધિક લોભની, મોજશોખની, અને તેને ખાતર ધધા નોકરીની ગુલામગીરી આગળ તેમને અવકાશજ કયા છે.? ધૂળ પડો એ બડાઇ પર! ફેનસી સભાઓમા ફેનસી ભાષણો કરનારા હજારોમાંથી આ ચરિત્રનાયક જેવા આદર્શ નરો કેટલા? આખા હિંદમા એક પણ એવો સાદો, જાતમહેનતુ, અને વિજયશાળી આદર્શ છે ખરો? અફસોસ! એવા અનેકવિધ આદર્શો માટે હજી હિદ કરતા હિંદની બહારજ વધારે

જોવાનુ રહ્યું છે! જરા મિથ્યાભિમાનને બાજુ રાખીને જુઓ, શું આ વાત ખરી નથી?

ગરીબ તેમજ સામાન્ય સ્થિતિવાળા છતાં લોકહિતની લાગણી દર્શાવતા એવા અનેક જનોનુ અસ્તિત્વ ભારતમા પણ દેખાતું ચાલે છેજ. પણ બહારથી આમ મળે તો આમ કરીએ ને તેમ હોય તો તેમ કરીએ એવી માત્ર તરગી દશાજ તેમાના ઘણાખરાઓની હજી છે! નિર્વાહમા સાદાઇનો અભાવ, સગ્રહવૃત્તિની અધિકતા, યથા સાધન યથાશક્તિ કાર્ય તત્પરતાનો અભાવ, તથા સમાજમાના જુદા જુદા વર્ગોની ખરેખરી સ્થિતિ અને આવશ્યકતાઓ સમજવાની અશક્તિ કે બેપરવાઈ એજ તેમની આડા પડદાઓ છે! આવા ચરિત્રો એવા થોડાકોના પડદાઓને પણ કઇક પાતળા બનાવનારા અને સત્ય પથના સુચક થઇ પડશે તોજ આવા શ્રમની કઇક પણ સાર્થકતા છે, અને નહિ તો પછી ભેંસના આગળ ભાગવત જેવુ તો છેજ!

સમજે કે વગર સમજે-છતા અતરની ઉંડી લાગણીને લીધે આ પ્રમાણે જે કઈ બે શબ્દો અહી લખાઈ ગયા છે તે ઉપરથી આ લખનાર સ્વરૂપાધિ માટે મ્હોટપનો દાવો ધરાવે છે એમ સહુ સમજશો નહિ.

સુપ્રસિદ્ધ મહારાષ્ટ્રીય માસિક પત્ર "મનોરજન"ના અધિપતિ અને ચાલક શ્રીયુત રઘુનાથ કાશિનાથ મિત્ર, કે જેમણે આ ચરિત્ર અગ્રેજી ઉપરથી મરાઠીમા તૈયાર કરાવીને પ્રકટ કર્યું હતું, તેમણે પોતેજ તેની ઉપકારકતા અને ગુજરાતીમા પ્રકટ થવાની જરૂર તરફ સર્વથી પ્રથમ આ લખનારનુ ધ્યાન ખેચેલુ હોવાથી તે બદલ, તેમજ આ પુસ્તક અને તેમના તરફથી પ્રકટ થએલા અને થતા અન્ય સર્વ પુસ્તકો વગેરેમાથી જે કંઈ ગુજરાતીમા પ્રકટ કરવુ હોય તે કરવાની બહોળી સમતિ આપીને તેમણે જે ઉપકાર કર્યો છે તે બદલ, આ સંસ્થા તેમજ ગુર્જરવાચક વર્ગ તરફથી તેમને જેટલો પણ ધન્યવાદ

અપાય તેટલો થોડોજ છે. આ પુસ્તકમાં આપેલાં ચરિત્રનાયક અને તેમનાં પત્નીનાં ચિત્રોના બ્લોક પણ ઉક્ત મહાશય તરફથીજ છાપવા મળ્યા હતા.

આ પુસ્તક ગુજરાતીમા કોની પાસે તૈયાર કરાવવું તેની વિચારણા ચાલતી હતી એટલામાજ **સીનોર** નિવાસી શ્રીયુત ગોવર્ધનદાસ કહાનદાસ અમીન તરફથી આ કાર્યની સૂચના તેમજ તૈયાર કરી આપવાની માગણી આવી મળવાથી એ કાર્ય તેમનેજ હસ્તે મૂકવામા આવ્યુ હતું. અને તે તેમણે જે પૂર્ણ નિષ્કામતા, કાળજી અને ઉત્સાહ પૂર્વક કર્યુ છે, તથા પ્રથમથી ધાર્યા પ્રમાણેના સમયમાજ કરી આપીને આટલું સત્વર આ પુસ્તક પ્રકટ કરી શકાવાનો સુયોગ આપ્યો છે, તે બદલ તેમનો પણ આભાર માની ઇચ્છીશુ કે આ પ્રકારના કાર્યો જરૂર પડે ત્યારે ત્યારે કરી આપતા રહેવાની જે તત્પરતા તેમણે દર્શાવી છે તેનો લાભ ભવિષ્યમાં પણ ગુર્જર વાચક વર્ગને વધુ ને વધુ મળતો રહે.

ગુલામગીરીની દુઃખદ શૃંખલાથી સંપૂર્ણ વેષ્ટિત હોવા છતાં તેમજ સ્કૂલનુ ભણતર, પતિ, સહાયક, શિક્ષક, ધન, સંપત્તિ, કુલ, ઈત્યાદી સર્વ વાતે અત્યંત હીન હોવા છતાં પણ એક ભલીબાઇ* પોતાના સદ્ગુણો વડે કેવા મહાન પુરૂષોની માતાનુ-રત્ન પ્રસૂતાનુ પદ મેળવી શકે છે, એ મહત્વનો ઉપદેશ આ પુસ્તકના વાચનથી વાચક ભગિનીઓ અને માતાઓએ મનમા ઉતારવા જેવો છે. પુરૂષ વર્ગે આવા તત્ત્વો સ્વકુટુંબની સ્ત્રીઓ અને કન્યાઓમા સમજાવવા એ તેમની પણ ખાસ ફરજ છે.

---

* ગરીબાઇ ઈત્યાદિ કેટલીક બાબતોમા એ બાઇનેજ મળતા આવનાર અને તે છતા ભારતભૂષણ શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા નર રત્નને જન્મ આપી તેમનામા ઉચ્ચ સદ્ગુણોનુ આરોપણ કરનાર **શ્રીમતી ભગવતીદેવીનું** વિસ્તૃત અને ઉપકારક ચરિત્ર પણ આ સંસ્થા તરફથી ચાલુ અથવા આવતા વર્ષમાં "ચરિત્રમાળા" દ્વારા પ્રકટ થનાર છે **મંત્રી સ. સા.**

૧૬ જ.

આવાં ઉપકારક ચરિત્રો પ્રત્યે ગુર્જર વાચક બન્ધુઓનો આદર દિનપ્રતિદિન વધતો જાય અને તેના રહસ્યોરૂપી અમૃત તેમના અંતરમાં ઉતરતું જઈ તેમની હૃદય ભૂમિકામાં રહેલા અંતર. સંપત્તિનાં બીજો પોષાતાં જઈ પરિણામે તે વૃક્ષ અને ફળરૂપે પરિણામ પામી ભૂત માત્રની સત્ય ઉન્નતિના કારણભૂત બને એ સદિચ્છા પૂર્વક ૐ तत्सत्.

ફાગણ શુક્લ પંચમી સં. ૧૯૭૦
માર્ચ ૧૯૧૪

ભિક્ષુ-અખંડાનંદ.

પ્રસ્તાવના.*

ઇ. સ. ૧૯૧૧ ની સાલમાં કેટલાક સુશિક્ષિત સજ્જન મિત્રો સાથે મ્હારો નિકટ પરિચય અને સહવાસ થયો. આ સત્સમાગમનો લાભ લેતાં લેતાં '**न भूतो न भविष्यति**' એવા એક અતિ આશ્ચર્યજનક ચમત્કારની ખબર મને મળી. તે ચમત્કાર આ પ્રમાણે હતો:

૧૭ મા સૈકાના આરંભમા આફ્રિકામાં નીગ્રો લોકોને પકડીને તેમને અમેરિકામાં ગુલામ તરિકે વેચવાની શરૂઆત થઇ. આ પ્રમાણે એક બે સૈકાં સુધી ચાલ્યા કર્યું. બસે અઢીસેં વર્ષો ગુલામગિરીમાં કાઢવાથી તે લોકોની સ્થિતિ કેટલી બધી ખરાબ થઇ પડી હશે, એની કલ્પના કોઈ પણ સહજ કરી શકશે. ઇ. સ. ૧૮૬૨–૬૩ ના સુમારમાં અમેરિકાની અંદર એવા ગુલામોની સંખ્યા એકંદર ૪૦,૦૦,૦૦૦ હતી! એટલા બધા ગુલામોને સ્વતંત્રતા આપવાથી પોતાનાં ખેતી વિગેરે અન્ય કાર્યો બંધ પડશે તથા પોતાના ઉદરનિર્વાહની પણ પંચાત પડશે, એટલુંજ નહિ પણ કદાચ સ્વતંત્ર થયેલા ગુલામો ઉદ્ધત થઇ બંડ કરશે, એવી અમેરિકામાના દક્ષિણ વિભાગના સંસ્થાનમા રહેતા લોકોને ભીતિ લાગતી હતી. આવી પરિસ્થિતિ હતી એવામા અમેરિકન સરકારે ઇ. સ. ૧૮૬૩ના સાલ-

---

* જે મરાઠી ગ્રંથ ઉપરથી અનુવાદ રૂપે આ પુસ્તક તૈયાર થયેલુ છે તેનુ નામ **આત્મોદ્ધાર** એવું રાખેલુ છે તેના લેખક બેલગામ નિવાસી શ્રીયુત્ નાગેશ વાસુદેવ ગુણાજી (બી એ એલ એલ બી) નામક એક વિખ્યાત વિદ્વાન ગૃહસ્થ છે એ પુસ્તક સાથે તેમણે જે પ્રસ્તાવના જોડેલી છે તેનો કેટલોક ભાગ ગુર્જર પાઠકો માટે પણ ઉપયુક્ત ધારી તેના ગુજરાતી ભાવાર્થ રૂપે આ પ્રસ્તાવના અત્રે આપવામા આવી છે **મંત્રી. સ. સા.**

મા ગુલામોના છુટકારાનુ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સર્વ ગુલામોને સ્વતંત્રતા આપી:

સ્વતંત્ર થયેલા ગુલામો પૈકી ખાણમા કામ કરનારા બુકર **ટી. વૉશિંગ્ટન** નામના એક બાળકે, વર્જીનિયા સસ્થાનમા હૅમ્પ્ટનની અંદર નીગ્રો લોકો માટે એક શાળા સ્થાપન થયેલી છે એવુ સાભળ્યુ; આથી કરીને પોતાની માતાની અને બંધુની મદદથી તથા અનુમતિથી તે ત્યા જવાને તૈયાર થયો. રસ્તામા અનેક પ્રકારનાં સકટો સહન કરીને તે છેવટે હૅમ્પ્ટન જઈ પહોચ્યો, અને ત્યાની શાળામા દાખલ થયો કેટલાક વર્ષો અભ્યાસ કર્યા પછી તે એજ શાળામા ગ્રેજ્યુએટ થયો. એવામા અલબામા સસ્થાનમાના ટસ્કેજી નામે ગામમા નીગ્રો લોકોની એક શાળા સ્થાપન થનાર હતી, આ કામ માટે બુકર ટી વૉશિગ્ટનને આમત્રણ આવ્યુ, અને તે તેણે આનદથી સ્વીકાર્યુ ત્યારપછી તા. ૪ જુલાઇ સન ૧૮૮૧ ને દિવસે ટસ્કેજીની શાળા સ્થાપન થઇ. શરૂઆતથી તે અદ્યાપિ પર્યંત દિવસે દિવસે તે ઉન્નત દશાને પ્રાપ્ત થતી જાય છે. આ સસ્થામાથી ૭,૦૦૦ તરૂણ સ્ત્રી પુરૂષો ઉત્તમ પ્રકારે તૈયાર થઇને બહાર પડેલા હોઇ તેમણે અનેક સ્થળોએ નાની મ્હોટી શાળાઓ ટસ્કેજી સસ્થાની શાખાઓ તરીકે કાઢી છે

આ સર્વ ચમત્કાર કેવી રીતે બન્યો ? ગુલામગિરી બધ થયા પછી ગુલામગિરીમાથી મુક્ત થયેલા એક નાના બાળકના હૃદયમા સ્વત કેળવણી પ્રાપ્ત કર્યા પછી પોતાની જાતિના લોકોની તન, મનથી સેવા કરવાની પ્રેરણા ઉત્પન્ન થઈ; તેમાથીજ આ સર્વ બન્યુ.

"જો કોઇએ એકાદ ઉત્તમ ગ્રથ લખ્યો હોય, અથવા તો જગતને ઉત્તમ ધાર્મિક ઉપદેશ કર્યો હોય, અથવા બીજાઓ કરતા વધારે સારી ટોપલી બનાવી હોય કે અપ્રતીમ કારિગિરી દર્શાવી હોય

અને પછી જો તે મનુષ્ય કદાચ જગલમાં જઇને પર્ણકુટી બાધીને રહેશે તોપણ અરણ્યમાના તે આશ્રમના દ્વાર સુધી જગતમા લોકો પોતાની મેળેજ ઉત્તમ સડક તૈયાર કરશે." આવા અર્થના ઇમર્સનના ઉદ્ગાર કેટલા બધા સત્ય છે!

અલબામા સસ્થાનમાં આવેલી ડૉ. બુકર ટી. વૉશિંગ્ટનની ટસ્કેજી સસ્થા જોવાને માટે અદ્યાપિ પર્યંત અનેક લોકો ગયા છે. અમેરિકાના પ્રેસિડેન્ટ સુદ્ધા ત્યા જઇ આવ્યા છે ઇ. સ. ૧૯૧૧ ના ફેબ્રુઆરી માસમા અલબામાના મોબીલ (Mobile) શહેરમા નેશનલ એજ્યુકેશનલ એસોસીએશનના સુપ્રિન્ટેન્ડેન્સ ખાતાની એક સભા એકત્ર થઇ હતી. એ સભામા શાળાઓના શિક્ષકો, કૉલેજના પ્રૉફેસરો, શિક્ષણ ખાતાના ઇન્સ્પેક્ટરો અને સુપ્રિન્ટેન્ડેન્ટો ઈત્યાદિ સેકડો અધિકારીઓ હાજર હતા. સભાનું કામ સપૂર્ણ થઇ ગયા પછી એ સઘળા ત્યાથી સમીપમાજ આવેલી ટસ્કેજી સસ્થા જોવા ગયા. આ સસ્થાનુ શિક્ષણ તથા કામ કરવાની પદ્ધતિ, સ્વચ્છતા, વ્યવસ્થા, વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને શ્રમ, એ સર્વ જોઇ ને સર્વ ગોરા અધિકારીઓ ઘણાજ ખુશી થયા. "ટસ્કેજી સસ્થા આદર્શ સ્વરૂપ હોઇ અમારે પણ અનેક બાબતો આ સસ્થા પાસેથી શીખવી જોઇએ; અને શિક્ષણખાતામા જે કાઇ સુધારણા કરવાની ઇચ્છા અમે કરીએ છીએ તે સર્વ સુધારણા આ ટસ્કેજી સસ્થામા ચાલુ થઇ ગઇ છે," એમ તેમણે કબૂલ કર્યું; એટલુંજ નાહ પણ "અમે આજે તીર્થયાત્રા કરી અને આ સંસ્થાનો જે કાઇ પ્રકાર જોયો તેથી કરીને અમે કૃતાર્થ થયા!" આવા ઉદ્ગાર તેમણે ટસ્કેજી સંસ્થા સબધી કાઢ્યા હતા.

આ પ્રકારની આ હૅમ્પ્ટન સસ્થા કિંવા ટસ્કેજીની સસ્થામા કેટલાક દિવસો રહીને અધ્યયન કરવુ અથવા તો એ બે તીર્થો જોઇ

નેત્રોને પવિત્ર કરવાં એવી પ્રબળ ઇચ્છા મ્હારા મનમાં ઉત્પન્ન થઇ; પરંતુ કેટલાંક કારણોને લીધે તેમજ ખાસ કરીને દ્રવ્યના અભાવને લીધે હું મ્હારી ઇચ્છાને સફળ કરી શક્યો નહિ. તથાપિ નિરાશ ન થતા દેહથી નહિ તો મનથી પણુ એ ક્ષેત્રનુ અવલોકન કરવુ એવો નિશ્ચય કર્યો અને તે પવિત્ર શારદાપીઠ વિષે સમગ્ર માહિતી મેળવી હુ તે આનદથી વાચવા લાગ્યો. આ વાચનથી થયેલો આનદ મ્હારા અન્ય બધુ તેમજ ભગિનીઓને દર્શાવ્યા સિવાય મને ચેન પડી શક્યુ નહિ. અધ્યયનના આ આનદને લીધેજ આ ગ્રથ પાછળ શ્રમ કરવામાં મ્હે લેશ માત્ર ન્યૂનતા રાખી નથી. મહારાષ્ટ્ર વાચકવૃદને આવા એક મહાન પુરૂષનો પરિચય કરાવવામા હુ કારણરૂપ થયો એથી મને સતોષ થાય છે

હૅમ્પટન સંસ્થાના ગ્રેજ્યુએટ અને ટસ્કેજી સસ્થાના પ્રિન્સિપાલ ડૉ. બુકર ટી. વોશિગ્ટને પોતાના જીવનમાનો કેટલોક અનુભવ "આઉટ લુક" નામક માસિક પત્રમા પ્રસિદ્ધ કર્યો હતો, આમ છતા તેણે પોતાનુ જીવનચરિત્ર લખી કાઢી પ્રસિદ્ધ કરવાની કૃપા કરવી એવી તેના ઘણાજ ન્હાના મ્હોટા ઇષ્ટ મિત્રોએ તેને પત્ર દ્વારા વારવાર વિનતિ કરી હતી, પરતુ એ સઘળા મિત્રોની વિનતિનુ કાઇ પણુ પરિણામ આવ્યુ નહિ. કારણુ "આત્મચરિત્ર લખીને પ્રસિદ્ધ કરવા જેવુ મ્હે શુ વિશ્વનુ કલ્યાણ કર્યું છે?" એમ ઘણાજ વિનયથી કહીને ડૉ વૉશિગ્ટને પોતાના ચરિત્રને લખવાની વાત ઉડાવ્યા કરી હતી તથાપિ જ્યારે તેની પોર્શિયા 'નામની પુત્રીએ તેને વારવર આગ્રહ કરવા માડ્યો અને કહેવા માડ્યુ કે "પિતાશ્રી! આપે આપની પૂર્વાવસ્થાની વિશેષ માહિતિ અમને આપી નથી! મને તેમજ મ્હારા ભ્રાતાઓને તે શ્રવણુ કરવાની ઉત્કટ અભિલાષા છે." આથી કરીને બીજા કોઇને માટે નહિ તો પોતાના કુટુબ માટે તો પોતાનુ ચરિત્ર

અવશ્ય લખવું જોઇએ. એવો તેને વિચાર ઉદ્ભવ્યો. અને તેને પરિણામે તેણે "Up From Slavery" નામથી આત્મ ચરિત્ર લખીને પ્રસિદ્ધ કર્યું.

* * * *

જે હૅમ્પટન સંસ્થાએ ડૉ. બુકર ટી. વૉશિંગ્ટનના જેવા અદ્વિતીય કર્તવ્ય–પરાયણ પુરૂષો ઉત્પન્ન કર્યા તે સંસ્થાની તેમજ બુકર ટી. વૉશિંગ્ટનની ચલાવેલી ટસ્કેજી સંસ્થાની પણ પ્રારંભથી અદ્યાપિ પર્યંતની માહિતીની જરૂર હોવાથી અમારા ચરિત્ર નાયક ડૉ વૉશિંગ્ટન અને હૅમ્પટન સસ્થાના વ્યવસ્થાપક વિલિયમ એ. એરી, એ ઉભય ગૃહસ્થોએ મ્હારી વિનતિ ઉપરથી પોતાની સંસ્થાની માહિતીના પુસ્તકો અને 'આત્મોદ્ધાર' પુસ્તકમાં પ્રકટ કરવાનાં ચિત્રો મોકલી આપ્યા; એ માટે હું એમનો ઉભયનો ઘણોજ આભારી છુ. 'આત્મોદ્ધાર'ની પ્રસ્તાવના લખવા માટે મ્હેં મ્હારા એક સન્માન્ય અને પરમપૂજ્ય સ્નેહીને વિનતિ કરી હતી તે તેમણે અત્યત પ્રેમથી અને આનદથી પોતાના કર્તવ્યરૂપ સમજી માન્ય કરી, તથા થોડા દિવસમાજ એક વિષયાનુરૂપ વિસ્તૃત પ્રસ્તાવના લખી તૈયાર કરી મોકલી છે. આ પ્રસ્તાવનાનુ હું ઇંગ્રેજીમાં ન્હાનુ પુસ્તક પ્રસિદ્ધ કરનાર છુ તેમની એ ઇંગ્રેજી પ્રસ્તાવનાનો ઘણો ખરો ભાગ મ્હે આ પુસ્તક સાથે આપ્યો છે.

છેવટે વાચકોએ હસક્ષીર ન્યાય પ્રમાણે આ ગ્રથમાંના ગુણોને ગ્રહણ કરવાની અને દોષ તરફ દુર્લક્ષ્ય કરવાની વિનતિ કરીને તથા જેની કૃપાથી આ ગ્રથનુ કાર્ય ફલીભૂત થયું તે શ્રી નારાયણનુ સ્મરણ કરીને તથા અધિકાધિક લોકસેવા કરવાની પાત્રતા પ્રાપ્ત થાય એ માટે તેની સહાય ઇચ્છીને આ પ્રસ્તાવના પૂર્ણ કરૂ છુ.

બેલગાવ.
વર્ષ પ્રતિપદા, ૧૮૩૫.
તા. ૭–૪–૧૩.

ના. વા. ગુણાજી.

૧૬ ત.

અનુક્રમણિકા.

૧૬ થ.

આ પુસ્તકમાંની મુખ્ય ભૂલો નીચે મુજબ સુધારી વાંચવી.

	પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
પૂર્વવૃત્તાંત	૪	૮	૧૮૮૩	૧૭૮૩
	૧૦૮	૧૨	ભાગ્યેજ મદદ કરી હોય.	(આ શબ્દો કાઢી નાખવા.)

ભૂમિકા.

'नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते।' भगवद्गीता.

"આ જગતમાં જ્ઞાન જેવું પવિત્ર અન્ય કંઇ નથી."

જે દેશમાં જ્ઞાન કિંવા શિક્ષણ ઉત્તમ પ્રકારથી અને પરમાર્થ બુદ્ધિથી મનુષ્યોને આપવામાં આવે છે, તે દેશના ભાગ્યમાં કોઇ પણ સમયે કંઈ પણ હીનતા આવતી નથી, એમ અનુભવથી સિદ્ધ થએલુ છે. પ્રાચીન સમયમા હિન્દુસ્તાનમાં શિક્ષણનુ અથવા જ્ઞાનદાનનું કાર્ય અત્યુત્તમ રીતે ચાલતું હતું. અધ્યયન અને અધ્યાપન બ્રાહ્મણ વર્ણનુ-દ્વિજનુ મુખ્ય કર્ત્તવ્ય-કર્મ હતું, અને આ પવિત્ર કર્ત્તવ્ય કર્મનેજ બ્રાહ્મણો પૂર્ણપણે દેહનું સાર્થક સમજતા હતા. વિદ્યાર્થી પોતાના ગુરૂના ઘેર અગર તો આશ્રમમાં બાર વર્ષ સુધી રહી વિદ્યાર્જન કરતા હતા, અને ગુરૂ પણ તેમને વિનામૂલ્યે અંતઃકરણપૂર્વક ભણાવતા હતા. આ ગુરૂઓ મોટા મોટા મુનિઓ હોઇ તેમને 'કુલપતિ'ની સંજ્ઞા હતી. ગુરૂના કુટુંબનો અને વિદ્યાર્થીઓનો સર્વ ખર્ચ રાજા-રજવાડા અને શ્રીમંતોએ વખતોવખત આપેલા દાનથી પૂર્ણ થતો હતો મોટા મોટા મુનિઓનાં આશ્રમજ તે સમયની યુનિવર્સિટી અગર તો વિદ્યાપીઠ હતાં. દૃષ્ટાંત તરીકે, જનકરાજાના ગુરૂ સુપ્રસિદ્ધ યાજ્ઞવલ્કયનુ એક જબરજસ્ત વિદ્યાભુવન હતું અને તેઓ પુષ્કળ વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ કરાવતા હતા, એમ યજુર્વેદ શતપથ બ્રાહ્મણ અને તેમાના બૃહદારણ્યકોપનિષદ્ ઉપરથી જણાઇ આવે છે. અધ્યયન અને અધ્યાપનનાં પવિત્ર કર્ત્તવ્ય-કર્મ ઉત્તમ પ્રકારે અદા કરનારા યાજ્ઞવલ્કય જેવા જ્ઞાની પુરૂષો આ પૃથ્વી પર કદિ કદિ અવતીર્ણ થાય છે, એ તેનું મહદ્ભાગ્ય છે. હાલમાં

નૂતન ખંડમાં–અમેરિકામાં–જ્ઞાનાર્જન અને જ્ઞાનદાનના કાર્યમાં યાજ્ઞવલ્ક્ય સમાન એક નરપુંગવ હયાત છે, અને તેનું નામ ડૅાક્ટર બૂકર ટી. વૅાશિંગ્ટન છે.

વૅાશિંગ્ટન! વૅાશિંગ્ટનનું નામ સાંભળતાંજ કેટલી બધી ઉદાત્ત કલ્પના અમારા હૃદયમાં ઉપસ્થિત થાય છે! બાલ્યાવસ્થાથીજ સત્યનિષ્ઠા, સ્વદેશપ્રીતિ, સ્વાર્થત્યાગ, સાહસ વગેરે ગુણોથી યુક્ત અને અમેરિકાને સ્વાતંત્ર્ય આપનાર (જ્યૅાર્જ) વૅાશિંગ્ટન તે આજ કે? અગર તો તેનો આ વૅાશિંગ્ટન સાથે કંઈ સંબંધ છે કે શું? એવી પૃચ્છા કેટલાક વાંચક કરશે. પરન્તુ તે વૅાશિંગ્ટન સાથે આ વૅાશિંગ્ટનને કંઈ સંબંધ નથી, એટલુંજ નહિ પણ આ વૅાશિંગ્ટન તે વૅાશિંગ્ટનની જ્ઞાતિના પણ નથી. તે સિદી–હબસી છે, એમ તેઓની જાણમાં આવ્યા પછી તેઓ કદાચ મુખ મરડશે, પરંતુ એવા વાચકોને અમે સૂચવીએ છીએ કે તેઓએ એવા ઉતાવળા બનવું નહિ. આ વૅાશિંગ્ટનનું આત્મચરિત્ર પ્રથમ બરોબર વાંચી જોવામાં આવશે એટલે તે વૅાશિંગ્ટન જેવું જ અગર તો તેથી પણ અધિક મનોરંજન, સાત્વિક અને બોધપ્રદ છે, એમ તેઓને જણાઈ આવશે.

આત્મચરિત્રનું મહત્ત્વ.

આત્મચરિત્રનું મહત્ત્વ કેટલાક અંશે ચરિત્ર નાયકપર અને કેટલાક અંશે તે વ્યક્તિએ કરેલા કાર્યપર અવલંબી રહેલું હોય છે. વૅાશિંગ્ટનના આત્મચરિત્રમાં એ એક વિશેષતા છે કે આ બન્ને ગુણ–વ્યક્તિ અને કાર્ય–અતિ વિરૂદ્ધ પ્રમાણમાં છે, અને તેથી આ આત્મચરિત્ર અત્યુત્તમ અને અનુકરણીય થયું છે. વૅાશિંગ્ટન એ એક ગુલામ હતો; પણ પોતાના કાર્યથી તે રંકનો રાય–નરનો નારાયણ બનેલો છે! આટલી આત્મોન્નતિ તેણે કેવી રીતે સાધ્ય કરી, એ વૃત્તાન્ત અતિશય બોધપ્રદ છે.

આ આત્મચરિત્ર શું શીખવે છે?

ડૉ. વૉશિંગ્ટનનું જીવનવૃત્તાન્ત અનેક રીતે અદ્વિતીય છે. ગુલામગીરીમાં તેમનો જન્મ થયો હતો. તેમને પોતાના પિતા તેમજ તેમના દાદા સંબંધી કંઈ વિશેષ માહિતી ન હતી. આવી સ્થિતિમાંથી તે પ્રગતિની પરંપરાવડે છેવટે પોતાની જ્ઞાતિના નેતા અને મનુષ્ય જાતિના કલ્યાણ કર્તા થયા છે! તેમનો પુરૂષાર્થ, તેમની સત્યનિષ્ઠા, સાદાઇ, પોતાની જ્ઞાતિ અને દેશની સેવા કરવા સંબંધી તેમની લાગણી, અમેરિકાના નીગ્રો લોકોની આધિભૌતિક અને નૈતિક સ્થિતિ સુધારવા માટે તેઓએ કરેલો અવિશ્રાંત પ્રયત્ન, તેમનો સ્વાર્થત્યાગ અને તેમનો સુસ્વભાવ વગેરે ગુણોનું હૃદયંગમ વર્ણન આ આત્મચરિત્રમાં આપેલુ છે. આ આત્મચરિત્ર સર્વને, વિશેષતઃ ભારતવાસીઓને અતિ ઉપયુક્ત છે; કારણ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પોતાના સમાજનું અને દેશનુ હિત કેવી રીતે સાધ્ય કરવું, તે આ ચરિત્ર શીખવે છે.

વૉશિંગ્ટનનું સંક્ષિપ્ત ચરિત્ર.

વૉશિંગ્ટનનું જીવનવૃત્તાન્ત અને તેમના જીવનના મુખ્ય કાર્યનું ટુંકામા વર્ણન કરી શકાશે. તેમની બાલ્યાવસ્થા દાસત્વમાં ગઇ હતી. ગુલામોને સ્વતન્ત્રતા મળી ત્યારે તેઓ નાના હતા. બાળવયમાં પણ પોતાના કુટુંબનાં નિર્વાહ માટે તેમને સતત પરિશ્રમ કરવો પડતો હતો. તેમના સાવકા પિતાનો તેમનાપર પ્રેમ નહતો. કુટુંબમાં મજુરી મેળવનાર આ છોકરો હોવાથી તેના સમયનો શિક્ષણ આપવામાં નિરર્થક વ્યય કરવો નહિ, એમ તેમના પિતાને લાગતું હતું. શિક્ષણ મેળવવાના કાર્યમાં તેમના સાવકા બન્ધુ અને તેમની માતાની માત્ર તેમને પૂર્ણ સહાનુભૂતિ હતી. શિક્ષણની શરૂઆતમાં તેમને અતિ ત્રાસ અને સંકટો સહન કરવાં પડયાં હતાં. તેમને ખઇ શિક્ષણ, નીગ્રો જ્ઞાતિના સારા નેતાઓ તૈયાર કરવા માટે સ્થાપન

થએલી હેમ્પ્ટન.સંસ્થામાં મળ્યું હતું. હેમ્પ્ટનનો અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી તેમણે બે ત્રણ વર્ષ અહીંતહીં શિક્ષણ આપવામાં કાઢયાં હતાં, અને ત્યાર પછી ટસ્કેજીમાં એક નૂતન શાળા કાઢવા તેમને આમંત્રણ થયું હતું તે સ્વીકારી તેમણે પોતાના જીવનના મુખ્ય કાર્ય-ક્રમનો આરંભ કર્યો હતો. ટસ્કેજીની શાળા શરૂ થઇ ત્યારથી એટલે ઇ સ ૧૮૮૧ થી તેની સતત ઉન્નતિ થતી જાય છે. વૉશિંગ્ટન અદ્યાપિ પણ તે શાળાના પ્રિન્સિપાલ છે નીગ્રો ખેડુતોની પરિષદ્ અને નીગ્રો રાષ્ટ્રીય ઉદ્યોગ મંડળ, એ સંસ્થાઓ પણ વૉશિંગ્ટનેજ સ્થાપન કરી છે. આ સર્વ સંસ્થાઓની ઉત્તમ સ્થિતિથી દક્ષિણ અમેરિકાના નીગ્રો લોકોની સ્થિતિ ઝપાટાબંધ સુધરતી જાય છે

હેમ્પ્ટન સંસ્થા.

વૉશિંગ્ટનના જીવનક્રમનું ખરૂં તત્ત્વ સમજવા માટે હેમ્પ્ટન સંસ્થાની થોડી માહિતી અહીં આપવી આવશ્યક છે, કારણ કે વૉશિં-ગ્ટન તે સંસ્થાના એક વિદ્યાર્થી હતા; અને તે સંસ્થાના સ્થાપક જનરલ આર્મસ્ટ્રાગનું જ અનુકરણ તેઓએ કર્યું છે. સિવીલ વૉર (૧૮૬૦ થી ૧૮૬૫) પૂર્ણ થયા પછી કાળા અને ગોરા લોકો વચ્ચે મધ્યસ્થ તરીકે યુનાઇટેડસ્ટેટ્સની સરકારે જનરલ આર્મસ્ટ્રાગને મોકલ્યા હતા. તે સમયે એટલે ઇ. સ ૧૮૬૮મા તેઓએ આ સંસ્થાની સ્થાપના કરી હતી. અનાથ, રંક, કોઇ પણ ધંધો જાણમા ન હોવાથી પોતાનો ઉદરનિર્વાહ કરવાને અસમર્થ અને દિનપ્રતિદિન અધોગતિને પ્રાપ્ત થતા હજારો 'નીગ્રો' લોકો આર્મસ્ટ્રાગને મળી આવ્યા હતા. સ્વત-ત્રતાથી ઉત્પન્ન થએલી નૂતન પરિસ્થિતિને તેઓ ટક્કર મારી શકતા નહતા. તેમના પૂર્વના બાગના ઝુપડા નષ્ટ થયાં હતાં, વાડીઓ પડતર-ઉજ્જડ પડી હતી અને અન્ય કોઇ પણ ક્ષુલ્લક કામ મળવું અશક્ય બન્યું હતું. પોતાના પેટ માટે મીઠું અને રોટલો મેળવવાને અસમર્થ

થએલી "નીગ્રો" જાતિ નામશેષ થાય નહિ અને નૂતન પરિસ્થિતિને ટક્કર મારી તેઓ પોતાનું માથુ બહાર કાઢે, તેવું મહત્કૃત્ય કરવાનો આર્મસ્ટ્રાંગે સંકલ્પ કર્યો હતો અને અમેરિકન મિશનરી સંસ્થાની સહાયથી એક ઔદ્યોગિક શાળા હૅમ્પ્ટનમાં ઉઘાડી હતી તેમા પ્રથમ બે આસિસ્ટંટ અને પંદરજ વિદ્યાર્થી હતા. હમણાં (૧૯૧૨ મા) તે સંસ્થામાં ૧૬૦૦ થી વધુ વિદ્યાર્થી, ૨૦૦ શિક્ષક અને અન્ય અધિકારીઓ છે. સંસ્થાના ૧૪૦ મકાન છે, અને સંસ્થાની માલિકીની ૧૧૦૦ એકર જમીન છે. સંસ્થાના કાર્ય વિષે જે. ડબલ્યુ ચર્ચ નામનો ગૃહસ્થ એવુ લખે છે કે, "હૅમ્પ્ટન સંસ્થા કોઈ પણ કાર્ય અપૂર્ણ કરતી નથી. જ્યારે તરૂણ નીગ્રો વિદ્યાર્થી સંસ્થામાં દાખલ થાય છે ત્યારે સતત ચાર વર્ષ તેમા પોતાને પસાર કરવા પડશે, તેની તેમને ખબર હોય છે. મનુષ્યના અંતઃકરણને રૂચતા સર્વ ઉપાયથી આશ્રમનો ભાર-બોજો હલકો લાગે તે માટે બનતો પ્રયત્ન કરવામાં આવે છે, અને શ્રમની તથા પવિત્ર આચરણની મહત્તા વિદ્યાર્થીના મનમા નિવાસ કરે તેવી આ સંસ્થાની કાર્યપદ્ધતિ છે, પણ સતત શ્રમ કર્યા સિવાય છુટકો નથી, તે સર્વની જાણમા હોય છે. આળસ અને અજ્ઞાન, એ બે મોટા દુર્ગુણ નીગ્રો લોકોમા વંશપરંપરાથી ચાલતા આવ્યા હતા, તેનું ઉચ્છેદન કરવા હૅમ્પ્ટન સંસ્થાએ દીર્ઘ પ્રયત્ન કર્યો છે, અને તેમાં તેણે યશ મેળવ્યો છે"

પદ્ધતિ અને તત્ત્વો.

આ કાર્યમા હૅમ્પ્ટન સંસ્થાએ કઈ પદ્ધતિ અને કયા તત્ત્વનો આશ્રય લીધો હતો તે કહેવાની જરૂર નથી; કારણ કે વૉશિંગ્ટને તેજ પદ્ધતિ અને તેજ તત્ત્વનો આશ્રય લીધો છે અને તેનું વર્ણન આગળ આવનાર છે. આ સ્થાને એટલુંજ કહેવામાં આવશે તો બસ થશે કે પાછળ પડેલી જાતિના-નીગ્રો તરૂણોના હૃદયમાં નૂતન ગુણનું બીજ

શોધવામાં સામાજિક સંસ્થાનાં મૂળભૂત તત્ત્વો અને અત્યંત સ્વભાવિક ઉપાયનું જ અવલંબન કરવામાં આવ્યું હતું.

વૉશિંગ્ટન સન્મુખ પ્રશ્ન.

ટસ્કેજીમાં એક નવીન નમુનેદાર શાળા સ્થાપન કરવા માટે વૉશિંગ્ટન ગયા ત્યારે તેમના સન્મુખ જે પ્રશ્ન ઉપસ્થિત થયો હતો તેનો આપણે વિચાર કરીશું. શાળા માટે મકાન તો મૂળમાંજ નહતું; પણ શિક્ષણ પ્રાપ્ત કરવા ઉત્સુક થએલા સેંકડો તરૂણ અને વૃદ્ધ નીગ્રો વિદ્યાર્થી વૉશિંગ્ટનને મળ્યા હતા. ટસ્કેજીમાં ગોરાઓમાં શિક્ષણ માટે અનેક વ્યવસ્થા હતી, પણ તે કાળા મનુષ્યોને ઉપયોગી નહતી, છતાં સંતોષ પામવા જેવી બાબત એટલી જ હતી કે ત્યાં ગોરા અને કાળા મનુષ્યોનો સંબંધ સારો હતો. સંસ્થાન રાજ્યનિયામક સભાએ નીગ્રો શાળા માટે પ્રતિ વર્ષે બે હજાર ડાલર આપવાનું કબુલ કર્યું હતું; પણ આ રકમ જમીન, મકાન કે અન્ય ઉપયોગી વસ્તુઓમાં ખર્ચ ન કરતાં શિક્ષકોના પગારમાં જ વાપરવી, એવો પ્રબંધ હતો. કાળા લોકોમાં અપૂર્વ ઉત્સાહ દેખાતો હતો અને વૉશિંગ્ટને તેનો પૂર્ણ ઉપયોગ કર્યો હતો.

તે સમયની નીગ્રોની પરિસ્થિતિ.

પરિસ્થિતિનું પૂર્ણ જ્ઞાન મેળવવામાં જ યશનું તત્ત્વ સમાયલું છે. પોતાને ક્યા લોકોમા કાર્ય કરવાનુ છે, પોતાના ભાવી વિદ્યાર્થી કેવા છે, તેની માહિતી પોતે મેળવવા માટે વૉશિંગ્ટને પ્રથમજ પોતાની ચળવળનુ સર્વ ક્ષેત્ર તપાસી જોયુ. આજુબાજુના ગામડાઓમાં લોકો પૂર્વની એક ઓરડીની ઝુંપડીમાં રહેતા હતા. તેમનામા સ્વચ્છતા લેશ માત્ર નહતી. લોકો ગંદા હોય પોતાના દાત પણ ઘસતા ન હતા. સ્નાન કંઇ પણ નિયમ વિના અનેક દિવસે એકાદ વખત કરતા હતા. તે લોકોને પોતાની આવશ્યક જરૂરીઆતો તરફ લક્ષ ન હોય પિયાના અને ઘડીઆળો

જેવી મોજની વસ્તુઓ તેઓ વેચાતી લેતા હતા. આમાં આશ્ચર્ય જેવું એ હતું કે તેઓને આ વસ્તુઓનો બરોબર ઉપયોગ કરતાં પણ આવડતું નહતું. સર્વ પ્રકારનાં ધાન્ય ઉત્પન્ન થાય તેવી જમીન આજુબાજુ ઘણી હતી; તોપણ તેઓ ફક્ત કપાસનુંજ વાવેતર કરી તે ઉપરજ જેમ તેમ કરી ભિખારી માફક પોતાનો ઉદરનિર્વાહ કરતા હતાં. ખેતીની સુધરેલી પદ્ધતિની તેમને માહિતી ન હતી. ગૃહવ્યવસ્થાનુ નામ પણ તેઓએ સાંભળ્યું ન હતું. થોડું ઘણું શિક્ષણ પામેલા મનુષ્યો મોટી મોટી નોકરીઓ મેળવવાના પ્રયત્ન કરતા હતા. આળસુ અને દુર્ગુણી મનુષ્યો પોતાને ઇશ્વરની પ્રેરણા થએલી માની પોતે નાલાયક હોવા છતાં ઉપદેશકો અને મિશનરીઓનો ધધો શરૂ કરતા હતા.

પ્રારંભ.

આવા સમયે વૉશિંગ્ટનને લોકોની દયા આવી. વૉશિંગ્ટને પ્રથમ નીગ્રોના એક જુના અને નાના મેથોડિસ્ટ દેવાલય નજીક આવેલી એક ઝુંપડીમાં શાળા શરૂ કરી હતી. આ શાળામાં શિક્ષક તરીકે એક વૉશિંગ્ટન, અને વિદ્યાર્થીમાં પંદર છોકરા તથા પદર છોકરીઓ મળી ત્રીસની સખ્યા હતી. ગણિતના સિદ્ધાંત અને વ્યાકરણના નિયમ તેઓને મુખ-પાઠ હતા. પણ તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તેઓને ખબર નહતી. શ્રમના-અગ મહેનતનાં કાર્ય કરવાનું તેઓને લેશ માત્ર પ્રિય નહતું. ઉલટું આવાં કાર્ય કરવાં તે આપણા દરજ્જાને યોગ્ય નથી, એમ તેઓ સમજતા હતા.

વૉશિંગ્ટનને પત્નીઓની મદદ.

શાળા શરૂ થઇ ત્યારથી દોઢ મહિનાની અંદર વૉશિંગ્ટનને એક ઉત્તમ ભાગીદાર સ્ત્રી પ્રાપ્ત થઇ હતી. તેમનું નામ મિસ ડેવિડસન હતું. તે વૉશિંગ્ટનની પહેલી પત્નીના મૃત્યુ પછી વૉશિંગ્ટનની પત્ની થઇ હતી. એકંદર વૉશિંગ્ટનનાં લગ્ન ત્રણ વખત થયાં હતાં

અને તેમની ત્રણે પત્નીઓએ શાળાની ઉત્તમ સુધારણા કરવામાં તેમને મદદ કરી હતી. સુધારામાં અત્યંત પાછળ પડેલા નીગ્રો લોકોને પોતાની જાતિની ઉન્નતિ કરવાના કાર્યમાં, એક સમયે સુધારામાં અમે અગ્રગણ્ય હતા એવી બડાઇ મારનારા અમારા હિન્દી બન્ધુઓની વર્તમાન સ્થિતિ કરતાં અધિક સગવડ છે, તે લક્ષમાં રાખવા યોગ્ય છે; કારણ કે સામાજિક અને શિક્ષણ વિષયક બાબતોમા અને તેઓએ હસ્તમા લીધેલા સુધારાનાં સર્વ કાર્યોમા, તેઓને તેઓની સ્ત્રીઓની સહાય મળે છે. અમોને હાલમા તેવી સહાય મળતી નથી. વૉશિંગ્ટનને પછીથી અનેક મનુષ્યો આવી મળ્યા અને તેમની શાળા નીગ્રો અધ્યાપક તથા અધ્યાપિકાએ જ ચલાવી છે.

શિક્ષણ કયા તત્ત્વપર આપ્યું હતું?

દક્ષિણના સંસ્થાનોમા ખેતીપર અવલંબી રહેનારા નીગ્રોનું પ્રમાણ સેંકડે ૮૫ ટકા હતુ તેથી શિક્ષણપરત્વે વિદ્યાર્થીનો ખેતીપરનો પ્રેમ નષ્ટ ન થાય તેવુ ધોરણ વૉશિંગ્ટને લક્ષમા રાખ્યુ હતુ. બીજુ તત્ત્વ એ હતુ કે વિદ્યાર્થીએ કોઈ પણ ધંધામા તૈયાર થવું જોઇએ અને તેમના હૃદયમા ધંધો, કરકસર અને વ્યવસ્થાપર પ્રેમ ઉત્પન્ન થવો જોઇએ કે જેથી શાળા છોડી ગયા પછી વિદ્યાર્થી પોતાનો ઉદરનિર્વાહ સારી રીતે કરી શકે. ત્રીજુ તત્ત્વ એ હતુ કે વિદ્યાર્થીઓને એવુ શિક્ષણ આપવુ કે ખેતીમાં તેઓ નૂતન બળ અને નૂતન વિચારનો પ્રસાર કરી જે લોકોમા પોતાનું જીવન વ્યતીત કરવુ પડે તે લોકોની બૌદ્ધિક, નૈતિક અને ધાર્મિક સુધારણા કરી શકે.

શરૂઆત કેવી રીતે કરી?

એક ધ્યેય ઠરાવવું તે કરતાં તે આચરણમાં મૂકવું અતિ મુશ્કેલીભરેલુ છે. પ્રારંભમાં ધ્યેય અમલમાં મૂકવાને, અરે! જમીનનો એક ટુકડો પણ તેમની પાસે ન હતો; કંઇજ સાધનો વૉશિંગ્ટન પાસે ન હતાં;

પણ પરમાત્માએ તેમને એક તક આપી હતી. તેનો તેઓએ તત્પરતાથી ઉપયોગ કર્યો હતો. ટસ્કેજી ગામથી એક માઇલ દૂર આવેલો એક જુનો અને પડતર બાગ વેચવાનો હતો, તે ખરીદ કરવા અર્ધી રકમ (૨૫૦ ડાલર) હૅમ્પ્ટન સંસ્થાના ખજીનદારે કરજાઉ આપી હતી. તે બાગની એક ઓરડી, પક્ષિગૃહ અને તબેલામાં શાળાના વર્ગ શરૂ કરવામાં આવ્યા હતા. ત્યાંની દુરસ્તીનું કાર્ય વિદ્યાર્થીઓએ નારાજ થઇ કર્યું હતું. વાવેતર માટે એક જગ્યો તૈયાર કરવાના સમયે પણ વિદ્યાર્થીઓએ તકરાર કરી હતી, કારણ કે અંગ-મહેનત (શ્રમ) કરવા સંબંધી તેમની ગાંડી સમજ અદ્યાપિ કાયમજ હતી; પરંતુ જ્યારે અમારા ચરિત્રનાયક પોતે કોદાળી હસ્તમાં લઇ કાર્ય કરવા લાગ્યા હતા ત્યારે વિદ્યાર્થીઓ પણ ઉત્સાહથી મદદ કરવા આવ્યા હતા. એક વર્ગની ઓરડી ઉત્તમ રીતે વાળીઝુડી સ્વચ્છ કરી વૅશિંગ્ટને હૅમ્પ્ટન સંસ્થામાં પ્રવેશ કર્યો હતો, તે તેમના વિદ્યાર્થીઓની જાણ બહાર ન હતું, માટેજ શ્રમની મહત્તાનો પાઠ સત્વર તેમના હાથ નીચે તેમને શીખવો પડયો હતો.

હિંદુઓમાં સ્વાવલંબી તત્ત્વની સ્થિતિ.

અમારે આ અમૂલ્ય પાઠ (શ્રમ) નું મહત્ત્વ હજુ શીખવાનું છે. શ્રમ કરવો તે હલકટ કાર્ય છે એવી ગાંડી સમજને આધીન અમે થઇ બેઠા છીએ, તેથીજ અમે અનેક પ્રકારે તદ્દન નિર્માલ્ય થઇ ગયા છીએ. નોકરો સિવાય અમે ચલાવી શકતા નથી કોઇ વખત નોકર નથી મળતો ત્યારે અમોને અરણ્યમાં લાવી મૂક્યા જેવું થાય છે અને અમારી પૂર્ણ ફજેતી થાય છે. વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવવાનો મુખ્ય હેતુ ધરાવનારી એક શાળામાં ધોતીઆ ધોવા માટે એક ધોબી રાખવામાં આવ્યો હતો, તેથી વિદ્યાર્થીઓ નદીપર સ્નાન કરવા જતા અને સ્નાન કરી ધોતીઆ ન ધોતા તેવાજ પાછા લાવતા! તપાસના અંતે જણાયું છે કે શાળામાં રહેનારા પોતાના બાળકો કઇ કામ જાતે

કરે નહિ એવી તેમના પાલકોની ઇચ્છા હોવાથી આ બનાવ બન્યો છે. કેવળ પોતાનું મસ્તિક જ્ઞાનથી ભરવું પણ ઇતર અવયવોને કાર્ય આપી સુદૃઢ બનાવવા નહિ, એવીજ તેઓની ઇચ્છા હતી! પરંતુ સુદૃઢ અવયવો સિવાય-યોગ્ય સહાયભૂતો સિવાય મસ્તિક બિચારૂં એકલું શું કરશે?

અમારી પ્રાચીન શિક્ષણપ્રણાલિકા.

પ્રાચીન સમયે અમારી શિક્ષણપ્રણાલિકા આવી નહતી. ગુરૂગૃહે અભ્યાસાર્થે જતી વખતે વિદ્યાર્થી હાથમાજ સમિધો લઇ જતા હતા; એટલે ગુરૂ માટે પોતે સર્વ કાર્ય કરવા તેયાર છે, એમ તેઓ દર્શાવતા હતા. આવા પ્રકારના નમ્રભાવથી રાજપુત્ર શ્રીકૃષ્ણચંદ્ર પણ ગુરૂગૃહે વિદ્યાભ્યાસ કરવા જતા હતા. છાંદોગ્ય ઉપનિષદ્‌ની સત્યકામ જાબાલની કથામાં ગુરૂએ તેમને કેટલીક ગાયો આપી તેની હજાર ગાય થતા સુધી પરત આવવુ નહિ, એમ કહી તેઓને અરણ્યમાં મોકલ્યા હતા. સત્યકામ અનેક વર્ષ અરણ્યમાં રહી સૌંદર્ય (કુદરત) દેવી પાસેથી પુષ્કળ વાતો શીખ્યા હતા. ગાયની સખ્યા હજાર ઉપર થયા પછી વાયુ ઋષભરૂપે આવી હવે ગુરૂગૃહે જવાનું કહેવા લાગ્યો. ઘેર આવતાજ ગુરૂએ કહ્યું "બેટા! તુ બ્રહ્મવેત્તા થયા જેવો દેખાય છે. તને આ જ્ઞાન કોણે આપ્યુ?" સત્યકામે ઉત્તર આપ્યો કે "મનુષ્ય સિવાય અન્ય પ્રાણીએ મને આપ્યુ છે, પણ મહારાજ! આપ મ્હારાપર અનુગ્રહ કરી મને શીખવી તૈયાર કરો." ત્યારપછી ગુરૂએ તેમનાપર અનુગ્રહ કરી તેમને પૂર્ણ જ્ઞાન આપી તૈયાર કર્યા હતા. **શ્રમની મહત્તા અને સૌંદર્યનો અભ્યાસ;** એ બે ખરા શિક્ષણના મુખ્ય અગ છે. સત્ય શિક્ષણની આવીજ પ્રણાલિકા ઈંગ્લાંડમા પણ છે ત્યાં મોટા મોટા સરદારો અને અમીર ઉમરાવોના બાળકોને શાળામાં પોતાના માટે નહિ પણ અન્ય પ્રૌઢ

વિદ્યાર્થીઓ માટે કાર્ય કરવું પડે છે. તેઓને ઘેર ઘણા નોકર ચાકર હોય છે, પણ શાળામાં તેઓને એકલાજ જવું પડે છે અને સમાન-ભાવથી વસ્તિગૃહમાં રહેવું પડે છે. અમેરિકાની પ્રણાલિકા આથી પણ સારી છે. ત્યાં ગરીબના બાળકોને પણ શ્રીમંતના બાળકોની માફક શીખવાની તક મળે છે. ગરીબ વિદ્યાર્થીઓ પોતાનો શિક્ષણ-ખર્ચ અને ભોજનખર્ચ પૂર્ણ કરી શકે તે માટે તેમને કંઇ નાનાં નાનાં કાર્ય સોપવાની વ્યવસ્થા કરવામાં આવેલી હોય છે. કાર્યના બદલા-માંથી તેઓ પોતાનો સર્વ ખર્ચ પૂર્ણ કરી શકે છે. પણ અમે મુદ્દાની બાબત છોડી અવળેજ માર્ગે જઇએ છીએ શ્રીમંતોના બાળકોમાં શારીરિક શ્રમનો અને અન્યના બાળકોમાં કૃષિકર્મનો અમે અભાવ ઉત્પન્ન કર્યો છે અને શ્રમ કરવામા તેમને તદ્દન નિરૂત્સાહી બનાવ્યા છે. સત્ય શિક્ષણનો ઉહાપોહ કરવાનો અને અમારી સંતતિને કર્તૃત્વવાન નરનારી બનાવવાનો પ્રયત્ન કરવાનો હવે સમય આવ્યો છે. વૉશિંગ્ટનને શાળા શરૂ કરવાના સમયે જે દોષ સુશિક્ષિત નીગ્રોમાં મળી આવ્યા હતા તે દોષ આજ અમારા સુશિક્ષિત હિન્દીઓમા જણાઇ આવે છે. તે દોષ તેજ પ્રમાણે અમારે અમારામાંથી કાઢી નાખવા જોઇએ. આ દૃષ્ટિથી જોતાં વૉશિંગ્ટનનુ ચરિત્ર અમોને ઘણું ઉપયોગી છે.

ઉચ્ચ કાર્યમાં આધ્યાત્મિક મદદ.

વૉશિંગ્ટનને જમીન તો મળી' ત્યાર પછી તેમનુ બીજું કાર્ય કરજ ફેડવાનું હતું. પોતે ફંડમાં રકમ ભરાવવા માટે ફરવાના અને મેળાવડા કરવાના પ્રયત્ન કર્યા હતા. જો કે તેમને મહાકષ્ટના દિવસો અને નિદ્રારહિત રાત્રિઓ કાઢવી પડી હતી તોપણ તેમા તેમને છેવટે યશજ મળ્યો હતો' આમાં પણ વૉશિંગ્ટનને અને તેમની સહાયકારક મંડળીને પરમેશ્વરે કેટલાંક આધ્યાત્મિક તત્ત્વો શીખવાડી તેમના ભાવી કાર્યને યોગ્ય બનાવ્યાં હતાં. કોઇ પણ ઉચ્ચ અને પવિત્ર કાર્યમાં

સંકટો હોય છેજ. શ્રદ્ધા, સહનશીલતા અને સતત ઉદ્યોગના **પ્રકાશપૂર્વક સત્કાર્યો અંગીકૃત કરનાર સજ્જનોને યશ મળે તે માટે પરમેશ્વર તેમના માર્ગોમાં સંકટો નાંખે છે.** જેટલા સંકટ અધિક હોય છે તેટલી ધ્યેય સિદ્ધિ સારી-ઉત્તમ થાય છે, કારણ કે સંકટમાં સજ્જનની કસોટી થઇ તે શુદ્ધ સુવર્ણ પ્રમાણે બહાર પડે છે; અને અધિક કાર્યપરાયણ થાય છે. સંકટ સાથે લડવામાં કેટલાક લોકો દબાઇ ગયા છે, પરન્તુ તેમની દરકાર કરવાની જરૂર નથી; **કારણકે અશક્ત મનુષ્યો ઇશ્વરનું મિશન-પવિત્ર કાર્ય-ચલાવવાને યોગ્ય નથી હોતા.** સહનશીલતા અને સતત ઉદ્યોગના અભ્યાસથી પૂર્ણ શ્રદ્ધાવાન મનુષ્યોજ તે કાર્ય કરવાને સમર્થ થાય છે. આ તત્ત્વ વૉશિંગ્ટનના ચરિત્રમા સારી રીતે દૃષ્ટિએ આવે છે. **મહાકષ્ટના દિવસ અને નિદ્રારહિત રાત્રિઓએજ તેમને યશ આપ્યો હતો.** પોતાના કરતા તે પરમેશ્વરપરજ અધિક શ્રદ્ધા રાખવાનુ શીખ્યા હતા પરિણામ તરફ-કર્મફળ તરફ દૃષ્ટિ ન રાખતાં મનુષ્યે પોતાનુ કર્તવ્ય કર્મ કરવુ જોઇએ

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।'-भगवद्गीता.

આ તત્ત્વ તેઓએ આચરણમા મૂક્યુ હતું બીજુ એક મોટું તત્ત્વ, મનુષ્ય જાતિપર, અરે પોતાના શત્રુપર પણ મિત્ર સમાન પ્રેમ રાખતા તે શીખ્યા હતા. કોઇના વિષે દ્વેષબુદ્ધિ ધરાવવી તે પોતાની અધોગતિ કરવા સમાન છે, અને પોતાની ઉન્નતિ થાય એવી ઇચ્છા ધરાવનારે કોઇના વિષે પણ દ્વેષબુદ્ધિ રાખવી જોઇએ નહિ, એમ તેઓને અનુભવમા જણાયું હતું. પોતાના કર્તવ્ય-કર્મ કરતી વખતે આ સર્વ તત્ત્વ તેમના અનુભવમા આવ્યા હતા. મનુષ્ય જાતિનુ કલ્યાણ કરવાનો પ્રયત્ન કરવામા અને આ ઉચ્ચ ધ્યેયમા પોતાને ભૂલી જવાના શ્રેષ્ઠ-કર્મ યોગમા વૉશિંગ્ટનને અગ્રસ્થાન પ્રાપ્ત થયુ હતું.

શાળાની સુધારણા.

નાતાલના સમયે ધર્મનાં તત્ત્વ આચરણમાં કેવી રીતે મૂકવાં, અને ઈશ્વર-પ્રીત્યર્થે એટલે ગરીબોના સુખ માટે શુ કાર્ય કરવું, તે વિદ્યાર્થીઓને શીખવવામા આવ્યુ હતું. પ્રથમ શાળામાં કૃષિકર્મ શરૂ કરવામા આવ્યુ હતું, કારણ કે શાળા સત્વરજ એક નાનુ ગામ બની ગઇ હતી 'सर्वारंभास्तंडुलाः प्रस्थमूलाः' એ ન્યાયે સર્વને ખાવા માટે કઇ અન્નની જરૂર હતી આ જરૂરીઆત પ્રથમ પૂર્ણ કરવાની આવશ્યકતા હતી. વસ્તુતઃ ટસ્કેજીમા સર્વ ઉદ્યોગ-ધધા યોગ્ય અને સ્વાભાવિક ક્રમથી સ્થાપન થયા હતા. પુષ્કળ ગરીબ વિદ્યાર્થીઓ શાળામા શીખવાના સમયનો પોતાનો શિક્ષણું-ખર્ચ અને ભોજન-ખર્ચ પૂર્ણ કરી શકે તે માટે કેટલાએક ધધા શરૂ કરવામા આવ્યા હતા. ત્યારપછી એક મોટું મકાન બાધવાનું ઠર્યું હતું. હમ્મેશ પ્રમાણે દક્ષિણના એક ગોરાએ વૉશિગ્ટનના વચનપર વિશ્વાસ રાખી ઇમારતનો સર્વ લાકડ સામાન પૂર્ણ કરવાનુ સ્વીકાર્યું હતું. કંઇ રકમ મેળવ્યા સિવાય વ્યાપારીનુ કહેવુ વૉશિગ્ટન માન્ય કરી શક્યા નહિ તેથી પુન ફડમા રકમો ભરાવવાનો પ્રયત્ન શરૂ થયો અને તે માટે મિસ ડૅવિડસન ઉત્તર તરફ સફરે ગઇ હતી. પૈસા મેળવવામા તદ્દન નિરાશા પ્રાપ્ત થઇ ત્યારે અને સર્વ ઉપાયમાં નિષ્ફળ થયા ત્યારે અણીના સમયે મદદ મળ્યાનુ દૃષ્ટાંત આ સ્થાને વૉશિગ્ટને આપ્યુ છે. આવાં અનેક ઉદાહરણ તે આપી શકે તેમ છે. આ સર્વમા પરમાત્માની યોજના દૃષ્ટિએ આવે છે. બોસ્ટનની બે ઉદાર સ્ત્રીઓ તેમને કેટલાંક વર્ષથી સતત મદદ કરતી હતી. ઇમારત સબધેમાં ધ્યાનમા રાખવા જેવી બાબત એ છે કે પાયો ખોદવાનું સર્વ કાર્ય વિદ્યાર્થીઓએ જ કર્યું હતું. પોતે શીખવા આવ્યા છે, કામ કરવાને આવ્યા નથી, એ કલ્પના હજુ વિદ્યાર્થીઓના વિચાર-

માંથી ગમ્ય ન હતી, પણ વૉશિંગ્ટને તેઓની તકરાર લેશ માત્ર સાંભળી ન હતી. એવી રીતે તેઓ સ્વાવલબનનો પાઠ બીજી વખત શીખ્યા હતા.

હિન્દીઓએ લેવાનો બોધ: શ્રમની મહત્તા અને શ્રમપર પ્રેમ.

કામ માટે-શ્રમ માટેજ શ્રમપર પ્રેમ રાખવાંનો પાઠ અમે ક્યારે શીખીશું, તે તો પ્રભુ જાણે! અમારા પ્રસ્તુતઃ સમાજમાં મનુષ્ય પ્રાણી એટલા સ્વાર્થી થએલ છે કે યોગ્ય દેખરેખ સિવાય તેમના હસ્તે સારૂં કાર્ય થતુ નથી, તેથી અર્થ–દૃષ્ટિએ હિન્દી મજુરનું મૂલ્ય યૂરોપિયન અને અમેરિકન મજુર કરતા કમી અકાયલુ છે. તે દેશ કરતાં આ દેશની મજુરી પ્રત્યક્ષ સોઘી હશે, તોપણ ઉક્ત દુર્ગુણથી તે એકદરે અમોને ઘણા પાછળ પાડે છે; તેથીજ હિન્દી સંસ્થાનિક યૂરોપિયન નોકરો અને હિન્દી વ્યાપારીઓ યૂરોપિયન મેનેજરો રાખે છે. **શિક્ષણથી અમારો આ દોષ અમે સમજીએ છીએ, પણ તે દોષ કેવી રીતે નષ્ટ કરવો, તે અમારા શિક્ષણે અમોને શીખવ્યું નથી.** શ્રમનુ મહત્વ તથા સૌદર્ય અને શ્રમપર પ્રેમ વગેરે બાબતો શીખવવાને ટસ્કેજી અને હૅમ્પ્ટન જેવી સંસ્થાઓ અમારે ત્યાં નથી એજ તેનું કારણ છે!

કુદરતનું અનુકરણ કરવાનો વૉશિંગ્ટનનો નિશ્ચય.

વૉશિંગ્ટનની યોજના ઘણાઓને પસંદ નહતી. પણ કોઈનું પણ ન સાંભળતાં તેઓએ કુદરતનું અનુકરણ કરવાનું જ યોજ્યું હતું. પ્રથમ ભૂલો થશે તેની તેમને ખબર હતી પણ આ ભૂલો પણ આગળઉપર પુષ્કળ ડહાપણ શીખવશે, તે પણ તેઓ જાણતા હતા દાખલા તરીકે ટસ્કેજીમા ઈંટો કરવાના પ્રથમ પ્રયત્ન તરફ દૃષ્ટિ નાખો. ઈંટો કરવાની બાબતમાં તેમને પ્રથમ કંઇ અનુભવ કે જ્ઞાન નહતું. ત્રણ વખત તેમને યશ મળ્યો નહતો;

અને ફરી પ્રયોગ કરી જોવાને તેમની પાસે પૈસા પણ નહતા ! છેવટે તેઓએ પોતાનું ઘડીઆળ ગીરો મુકી પુનઃ પ્રયોગ કરી જોયો હતો. આ વખતે તેમને યશ મળ્યો હતો. તેમના આ કાર્યમા ઘડીઆળ ગયું ખઈ, પણ તેમને આથી કેવો ઉત્તમ પાઠ શીખવાનો મળ્યો વારૂ ? ટસ્કેજીમા ઈંટો કરવાનો ધધો હમણાં એટલો પ્રસિદ્ધ થયો છે કે એક વર્ષે મોસમમા વિદ્યાર્થીઓએ કોઈ પણ બજારમાં ખપી જવા જેવી ઉત્કૃષ્ટ બાર લાખ ઈંટો તૈયાર કરી હતી. ટસ્કેજીમાં ઇ. સ. ૧૯૦૧ માં ચાલીસ મકાન હતા તે પૈકી છત્રીસ મકાન વિદ્યાર્થીઓએ બાધ્યા હતા. ઇમારતોના બાધકામમા કુશળ તથા શિલ્પશાસ્ત્રમાં પ્રવીણ થએલા અનેક વિદ્યાર્થી સર્વ દક્ષિણમા (દક્ષિણ અમેરિકામા સસ્થાનમાં) પ્રસરેલા છે. વિદ્યાર્થીઓએ પોતાનુ મકાન પોતે બાધવા વિષે વૉશિંગ્ટને કાઢેલા ઉદ્ગાર અતિ માર્મિક અને હમ્મેશ ધ્યાનમાં રાખવા જેવા છે. વૉશિગ્ટન કહે છે કેઃ—

"આ પ્રમાણે વિદ્યાર્થીઓના એક સમૂહથી અન્ય સમૂહને જ્ઞાન અને ચાતુર્ય પરંપરાથી આપવામા આવે છે. તેનું પરિણામ હવે એવું આવ્યુ છે કે અન્ય કોઈ પણ એક મજુરની મદદ લેવા માટે બહાર ન જતાં મકાનનો નકશો કાઢવાથી તે વિજળીના દીવા બેસાડવા સુધીનુ ગમે તે પ્રકારનું કે આકારનુ મકાન અમારા શિક્ષક અને વિદ્યાર્થી તૈયાર કરી શકે છે. તેજ પ્રમાણે શાળાને અને ખેતીને જરૂરની ગાડીઓ, ખટારા, બગીઓ અને શાળાને તથા વિદ્યાર્થીઓને જરૂરનો સામાન-ખુરસી, ચટાઈ, ટેબલ અને પલગ વગેરે પણ વિદ્યાર્થીઓજ તૈયાર કરે છે; અને વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી વસ્તુઓ બજારમાં વિક્રી માટે મોકલવામા આવે છે." આ પ્રમાણે સસ્થાની ઉન્નતિ ધીમે ધીમે અને ક્રમે ક્રમે થતી ગઇ છે. **હાલ આ સંસ્થામાં ૪૦ પ્રકારના ઉદ્યોગ-ધંધ શીખવવામાં આવે છે.**

પૈસા કેવી રીતે મેળવ્યા?

સર્વ પ્રકારની સંસ્થા, વિશેષતઃ શિક્ષણ-વિષયક સસ્થા ચલાવવામાં મુખ્ય પ્રશ્ન પૈસાનો હોય છે. પૈસા મેળવવા વૉશિંગ્ટને કયા ઉપાય અમલમાં મૂકયા હતા, અને તેમા તેમને કેટલી ફત્તેહ મળી હતી, તે જોવુ અતિ .મનોરજન અને બોધપ્રદ છે. સર્વ બાજુથી નિરાશા પ્રાપ્ત થતી વખતે અણીના સમયે અણધારી સહાય વૉશિંગ્ટનને મળ્યા સબધી પ્રથમ જણાવવામાં આવ્યુ છે. જનરલ આર્મસ્ટ્રાગ હૅમ્પ્ટન સસ્થા ચલાવતા હતા. તેમા તેમને પૈસાની હરકત હતીજ; તોપણ તેઓએ વૉશિગ્ટનને ઉત્તર તરફ દોર્યા હતા અને ત્યા મોટા મોટા લોકોનુ ઓળખાણ કરાવી આપી, ટસ્કેજી સસ્થા માટે પૈસા મેળવવામા મદદ કરી હતી. આવા પ્રકારની મદદ અમારે ત્યા એક સસ્થા તરફથી બીજી સસ્થાને મળે છે કે? અને આવી સ્વાવલબી સસ્થા આ દેશમા છે કે? બીજુ એક લક્ષમા રાખવા જેવું એ છે કે, પિતાએ (હૅમ્પ્ટન સસ્થાએ અગર આર્મસ્ટ્રાગે) બાળકને (ટસ્કેજી સસ્થાને-વૉશિગ્ટનને) યોગ્ય માર્ગે લગાડવા જેટલી જરૂર પુરતી મદદ કરી હતી આગળનો માર્ગ બાળકને પોતાનેજ આક્રમણ કરવો પડયો હતો અને પોતાના પ્રયત્નથી પોતાની ઉન્નતિ કરવી પડી હતી. સ્વાવલબી પુરૂષોને અગર સંસ્થાઓને આવા પ્રકારની મદદની અપેક્ષા હોય છે. તેટલી તેમને આપવી જોઇએ. ભગવદ્‌ગીતામાં કહેલા ત્રણ પ્રકારના દાન પૈકી પહેલા પ્રકારનું એટલે સાત્વિક દાન અમેરિકન દાતા ઘણું કરીને કરે છે. કદિ કદિ ગુપ્તદાન પણ આપવામાં આવે છે. દાતાઓના નામ પ્રસિદ્ધ થાય છે પણ જાણે કે તે પોતાની મુડી કીફાયતશીર અને સુરક્ષિત ધંધામા રોકતા હોય તેમ પૂર્ણ ચોકસી કર્યા પછી જ (ગુપ્ત અગર પ્રકટ) દાન આપે છે. તેમની આ પદ્ધતિ વ્યાજબી લાગે છે.

હારિક બાબતોમા પણ અમે કેટલા બધા દક્ષ હોઇએ છીએ। તો પછી તેના કરતા પણ અધિક ગૂઢ અને મહત્ ફળદાયક આધ્યાત્મિક વ્યવહારના વિષયમા અમે નિશ્ચિત કેવી રીતે રહી શકીએ? આવા વિચાર ધરાવનારા અને સાત્વિક દાતાઓ મળવાથી વૉશિંગ્ટનને પૈસા મેળવવામાં અતિશય પ્રયાસની જરૂર પડી નથી. નીચે જણાવેલા તત્ત્વ તેઓએ અનુભવથી જણાવ્યા છે.

(૧) વ્યક્તિ અગર સંસ્થાને તમારા કાર્યની માહિતી આપો; અને તે માહિતી ગૌરવતાપૂર્વક કહો. તમારા કાર્ય વિષે જે કંઇ કહેવાનુ હોય તે ટુકામા પણ સ્પષ્ટ કહો.

(૨) પરિણામ માટે બેફીકર રહો.

(૩) સસ્થાનુ અતરગ જેટલુ સ્વચ્છ, પવિત્ર અને ઉપયુક્ત રાખવામા આવશે તેટલોજ તેને અધિક લોકાશ્રય મળશે, એ સિદ્ધાતપર વિશ્વાસ રાખો.

(૪) શ્રીમત તેમજ રક પાસે પણ મદદ માટે જાઓ. ખરી લાગણી અને સહાનુભૂતિ દર્શાવનારા સેકડો દાતાઓની નાની નાની દાનની રકમો પરજ મોટા મોટા પરોપકારના કૃત્યો-સસ્થાઓ અવલબેલી હોય છે.

(૫) પૈસા મેળવતી સમયે દાતા તરફથી તેમની સહાનુભૂતિ, તેમની મદદ અને તેમનો ઉપદેશ મેળવવાનો પ્રયત્ન કરો.

આ તત્ત્વ સિદ્ધ કરી આપનારા અનેક ઉદાહરણ વૉશિંગ્ટને પોતાના પુસ્તકના ૧૨ મા પ્રકરણમા આપ્યા છે. તે સર્વનુ વાચકોએ મનન કરવુ; કારણ કે પરોપકારના કાર્યમા જોડાયલા વાંચકોને તેથી ઘણોજ લાભ થવાનો સભવ છે.

નીગ્રોની રાજકીય સ્થિતિ વિષે વિચાર ન કરવાનું કારણ.

પોતાની જ્ઞાતિની રાજકીય સ્થિતિ વિષે વૉશિગ્ટને કંઇ ડહાપણના અને ધૂર્તતાના ઉદ્ગાર કાઢ્યા છે; પણ જે વિચારથી વૉશિગ્ટને

પોતાની જ્ઞાતિના શિક્ષણ અને ઔદ્યોગિક ઉન્નતિ માટેજ પોતાનું જીવન અર્પણ કર્યું છે; તે વિચારથી રાજકીય બાબતનો વિચાર કરવાનું છોડી દઈ આપણે પુન શાળા તરફ વળીશુ.

શાળાની પ્રગતિ.

ટસ્કેજી સસ્થાના પ્રારભના અને હાલના આકડાની તુલના કરવી ઓનદપ્રદ છે. ઈ. સ ૧૮૮૧ ની શરૂઆતના સમયે સસ્થાની સો એકર જમીન અને ત્રણ મકાન, એક શિક્ષક અને ત્રીસ વિદ્યાર્થીજ હતા. હમણા (૧૯૧૨ મા) સસ્થાના ૧૦૬ મકાન, ૨૩૫૦ એકર જમીન, ૧૫૦૦ ઢોર; તે ઉપરાત ગાડીઓ, ખટારા અને ખેતીના હથીઆર અને ઇતર સામાન ૧૨,૯૫,૨૧૩ ડાલરના મૂલ્યને છે શાળાના સર્વ જીવનનુ મૂલ્ય, કાયમ ફડની રકમ સહ ૩૪,૧૬,૮૬૧ ડાલર છે શાળામા શિક્ષકો અને અન્ય કામદારોની સખ્યા ૧૮૦ ઉપર ગઈ છે, અને લીસ્ટમા ૧૬૪૫ વિદ્યાર્થી (૧૦૬૭ છોકરા અને ૫૭૮ કન્યા) છે આ વિદ્યાર્થીઓ ૩૪ સસ્થાનમાથી તથા પ્રાતમાથી અને ૧૫ પરદેશના પ્રાતમાથી આવેલા છે ૨૩૫૦ એકર જમીન પૈકી ૧૦૦૦ એકરમા વાવેતર કરવામા આવેલુ છે સસ્થાના ૧૨૦૦ જાનવરને જરૂરનો ચારો સસ્થાના ખેતીવાડી ખાતા તરફથી ઉત્પન્ન કરવામા આવે છે આ ખાતાના વિદ્યાર્થીઓને ખેતીના સુધરેલા હથીઆર અને ખેતીની ઉત્તમ પદ્ધતિનુ અને સાધારણ કૃષિકર્મનુ સારૂ જ્ઞાન મળે છે

બૌદ્ધિક અને વાઙ્મયના શિક્ષણ સાથે ૪૦ ધધાનુ શિક્ષણ, ઉત્પત્તિ અને કૃતિ સાથે આપવામા આવે છે. ખેતી અને ખેતીની અન્ય શાખાઓપર વિશેષ લક્ષ્ય આપવામા આવે છે. દરેક ધધો એવી રીતે શીખવવામા આવે છે કે વિદ્યાર્થીને શાળા છોડયા પછી કામ મેળવવામાં કઈ હરકત પડતી નથી. વાઙ્મય વિષયમા અને

ઇતર ઉદ્યોગ ધંધામાં લોકોના સારા શિક્ષક થઇ શકવા જેવા વિદ્યાર્થીને તૈયાર કરવામા આવે છે જેમનામા બૌદ્ધિક શિક્ષણ મેળવવાનું સામર્થ્ય નથી હોતું તેમને રાત્રિની શાળામા શીખવવામા આવે છે. તે દિવસે ઉદ્યોગ ધંધામા કામ કરી આગળના શિક્ષણ માટે પૈસા એકઠા કરી રાખે છે. છોકરા અને છોકરીઓની વ્યવસ્થા એક સમાનજ કરવામા આવેલી છે.

શાળા-એક સમાજ અગર સંસ્થા છે.

હૅમ્પ્ટન સસ્થાના રીપોર્ટમાં નીચે જણાવેલા ઉદ્ગાર ટસ્કેજી સસ્થાને પણ લાગુ પડે છે. "શાળા એ એક મોટી સમાજ અગર સસ્થા છે. તે પોતાની સર્વ જરૂરીઆતો પોતેજ પૂર્ણ કરે છે, અને તેની અનેક ઔદ્યોગિક તથા ખેતી સબંધી હીલચાલથી અન્ય લોકો સાથે તેનો પરિચય થાય છે. વિદ્યાર્થીઓનુ વસ્તીગૃહ, શયનગૃહ, ભજનાલય, ભડારગૃહ, કારખાના, પ્રયોગશાળા, ખેતરો અને શાળાના ક્લાસના યોગથી શાળા એ એક મોટી સસ્થા દેખાય છે. અને અહીં વિદ્યાર્થીઓ અનેક વસ્તુ તૈયાર કરે છે હળ જોડે છે, રમોઇ બનાવે છે, પ્રાર્થના કરે છે, રમે છે અને વિશ્રાંતિ લે છે અત્રે સર્વ ખાતાંઓમા કામ કરતી વખતે વિદ્યાર્થીઓને કામની સાથે શિક્ષણ ક્રમ આપવું અને તેની હમ્મેશની દિનચર્યાથી તથા કાર્યથી તેની માનસિક અને નૈતિક ઉન્નતિ કેવી રીતે સાધવી, એજ પ્રશ્ન. સસ્થાના કાર્યકર્તાઓ સન્મુખ હમ્મેશ હોય છે."

સંસ્થા-એક કસોટી.

કોઇ પણ ઉદ્યોગ ધધામાં કે ખેતીના કામમાં તૈયાર થવા માટે બાળકો પાઠશાળામા પણ અભ્યાસ કરે છે. પાઠશાળામાં બે પ્રકારના વિદ્યાર્થી હોય છે. (૧) ધધા શિક્ષણમાં દાખલ થવા માટે તૈયારી કરનારા, અને (૨) ધધા શિક્ષણનો અભ્યાસ ક્રમ પૂર્ણ કરી વાઙ્મયનો

અભ્યાસ કરનારા. ગરીબ વિદ્યાર્થીઓને દિવસે ધંધા-શિક્ષણ માટે કામ કરવું પડે છે. અને રાત્રે વાઙ્‌મયનો અભ્યાસ કરવો પડે છે. આ વ્યવસ્થાના યોગથી તેમને ધંધા-શિક્ષણ માટે અધિક સમય મળે છે. આ ઉભય પ્રકારના શિક્ષણથી વિદ્યાર્થીઓનો નૈતિક ગુણ વધી ને સ્વભાવે અધિક નિશ્ચયી અને અધિક કાર્યપરાયણ થાય છે શિક્ષણનું ધ્યેય એ છે કે-(૧) જગતને જે વસ્તુની જરૂર છે તે વિદ્યાર્થીઓને (છોકરા અગર છોકરીઓને) તૈયાર કરવાનું શીખવવું (૨) યોગ્ય હુન્નર, જ્ઞાન અને નીતિ વગેરે ગુણોથી સંસ્થાના ગ્રેજ્યુએટોને એવા યોગ્ય કરવા કે આગળપર તે પોતાનો ઉદર-નિર્વાહ સુખપૂર્વક કરી શકે (૩) શ્રમનું ગૌરવ અને મહત્ત્વ વિદ્યાર્થીઓના અંતઃકરણમાં ઠસાવી દેવું અને શ્રમથી દૂર રહેવાને બદલે શ્રમપર પ્રેમ રાખવાનું શીખવવું અને (૪) છેવટે, પોતાના સમાજની કંઈ પણ સેવા પોતાના હસ્તથી થાય તેવી ઉત્કટ ઇચ્છા તેમના મનમાં ઉત્પન્ન કરવી. આ રીતે આ સંસ્થા એ એક કસોટી છે. તેમાંથી કાચો વિદ્યાર્થી સુસંસ્કૃત ગૃહસ્થ થઈ બહાર પડે છે.

શ્રમનું મહત્ત્વ અને શ્રમપર પ્રેમ, સંસ્થાની પરંપરાગત આખ્યાયિકા.

શ્રમની મહત્તા સમજી વિદ્યાર્થીઓ શ્રમપર પ્રેમ રાખે માટે પ્રથમ કેવા પ્રયત્ન કરવામાં આવ્યા હતા તેનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે હવે "શ્રમનું મહત્વ અને શ્રમપર પ્રેમ" એ પરંપરાથી ચાલતી આવેલી સંસ્થાની આખ્યાયિકાજ (Tradition) થઈ છે. આવી આખ્યાયિકાઓ એક વ્યાપારીએ પોતાના વાર્ષિક નફામાંથી સીલક-નાખેલી મુડી પ્રમાણે છે દરવર્ષે સંસ્થામાં દાખલ થનારા નવીન વિદ્યાર્થીઓને સંસ્થામાંથી એકથી ચાર વર્ષ સુધી શ્રમની દીક્ષા લઈ રહેલા જુના વિદ્યાર્થીઓનો સહવાસ મળે છે.

તરૂણનું તરૂણપર સહજ અને સારૂ વજન, અજાણતાં પડે છે. તેથી નવીન આવેલા વિદ્યાર્થી જુના વિદ્યાર્થી તરફ આપોઆપ ખેંચાઇ જાય છે. આનું સુપરિણામ આગળપર સમાજની દૃષ્ટિએ પડવા લાગે છે અને તેથી જ્ઞાતિની ઉન્નતિ થવામા ઉત્તમ મદદ થાય છે.

સંસ્થાનાં વિશિષ્ટ કાર્યો.

(अ) ધંધાનુ શિક્ષણ-ઓદ્યોગિક શિક્ષણ અને ખેતીના શિક્ષણ સાથે વ્યાપાર-પદ્ધતિ-વ્યવહાર-દક્ષતા પણ શીખવવામાં આવે છે. સસ્થામા ઉદ્યોગ ધંધાની અનેક શાખા હોવાથી આ શિક્ષણ આપવાની પુષ્કળ વ્યવસ્થા અનાયાસે ઉપલબ્ધ થાય છે.

(ब) સંસ્થામાં સારા શિક્ષક તૈયાર કરવાનુ કાર્ય પણ હાથમા લેવામા આવે છે. આ માટે ખાસ પુષ્કળ નાના છોકરાઓનો એક મોટો વર્ગ રાખવામાં આવ્યો છે

(क) બહારના લોકો પણ આ સસ્થાની કાર્ય-પદ્ધતિ શીખી શકે તે માટે રજાના દિવસોમા આ વર્ગ રાખવામા આવે છે સેંકડો શિક્ષક અને પ્રૌઢ વિદ્યાર્થીઓ આ રજાના વર્ગનો લાભ લે છે.

પરિણામ.

આ શિક્ષણનુ મહત્વનુ અને મજબૂત પરિણામ આ સંસ્થામાં ગ્રેજ્યુએટ થનાર સ્ત્રી પુરૂષોની ગૃહવ્યવસ્થામા દૃષ્ટિએ પડે છે. આ ગ્રેજ્યુએટોની સ્વચ્છ, સુવ્યવસ્થિત અને ઉદ્યમપ્રિય રહેણીના-ગૃહ-વ્યવસ્થાના ઉદાહરણથી અનેક કુટુંબ સુખી અને આનંદી થએલા છે. ઉત્તર તરફના સસ્થાનની સુખની અને ભરપૂર પગારની નોકરીથી મુક્ત થઇ પોતાના સમાજને કંઈ પણ ઉપયોગી થઇ શકાય તેવાં અન્ય સ્થળોએ આ ગ્રેજ્યુએટો (સ્ત્રી અને પુરૂષ) હલકી જગ્યાપર જાય છે; તેપરથી તેમનો સ્વાર્થત્યાગ સ્પષ્ટ જણાઇ આવે છે.

આત્મપ્રતીતિનું એક ઉત્તમ ઉદાહરણ.

આ સસ્થામાં આત્મવિશ્વાસ કેવી રીતે વધારવામાં આવે છે તે તરૂણ બેકર વૉશિંગ્ટને* પોતાના પિતા યૂરોપ ગયા ત્યારે તેણે લખેલા પત્રપરથી સ્પષ્ટ થાય છે. તે છોકરાએ લખ્યુ હતું કે, "પ્રિય પિતા ! આપે ઘેરથી નીકળતા પૂર્વે અર્ધો દિવસ મ્હારે મ્હારૂં કાર્ય કરવુ એમ કહ્યું હતું, પણ મ્હારો ધધો મને એટલો બધો પ્રિય છે કે હું આખો દિવસ કાર્ય કરૂં એમ મને લાગે છે, હુ અન્ય શાળામા જઉં ત્યારે મ્હારો ખર્ચ પૂર્ણ થઇ શકે તે માટે હું હમણા મ્હારા હાથથી બનશે તેટલા પૈસા મેળવીશ."

પોતાની હુશિયારીથી આગળ આવેલા માતાપિતાના બાળકો પોતે જાતે પેદા કરેલા પૈસાથી વિદ્યા સપાદન કરવાનો પ્રયત્ન કરે તેમા કઇ નવાઇ નથી? અમારા ગરીબ અને શ્રીમત લોકોના બાળકોમા આવી તેજસ્વિતા કે ઉત્સાહ અમે ઉત્પન્ન કરી શકીશુ કે? સર્વ હિન્દી વિદ્યાર્થીઓએ બેકરનુ દૃષ્ટાંત પોતાની સન્મુખ રાખવા જેવુ છે.

રચના અને વ્યવસ્થા.

હવે આપણે સસ્થાની વ્યવસ્થા અને રચના જોઇશુ, સસ્થાનો ઉત્કર્ષ થવા માટે જેઓએ ખરી શ્રદ્ધા દર્શાવી છે, અને જે સર્વ જાતિના પ્રતિનિધિ છે, તેવા પચદ્વારા-કમિટીદ્વારા સસ્થાની સર્વ મીલ્કતની વ્યવસ્થા થાય છે સસ્થાની સર્વ શાખાના મુખ્યની એક એકઝીક્યુટીવ કાઉન્સિલ હોય છે. આ ગૃહસ્થોની સભા અઠવાડીઆમા બે વખત ભરાય છે સસ્થાનુ સર્વ નિયત કાર્ય આ કાઉન્સિલદ્વારા થાય છે પૈસાની વ્યવસ્થા જોનારા છ મનુષ્યની કમિટી અઠવાડીઆમા એક વખત મળે છે, અને તે અઠવાડીઆનો ખર્ચ મજુર કરે છે. આ સિવાય મહિનામા એક વખત કિંવા કદિ કદિ અનેક વખત પણ

---

* બેકર-આલિવિયા ડેવિડસનના પેટનો, બૂકર ટી વાશિંગ્ટનનો પુત્ર.

સર્વ શિક્ષકની સાધારણ સભા મળે છે. આ સભામા પોતાને થએલા અનુભવ અને હરકતો શિક્ષકો પરસ્પર નિવેદન કરે છે. માલના વિનિમય પ્રમાણે વિચારના વિનિમયથી પ્રગતિ થાય છે. આ સભાથી જરૂરનો ફેરફાર કરવામા આવે છે, અને કેટલાક મહત્વના તત્ત્વો ઉદયમા આવે છે. આ સિવાય સસ્થાની ભિન્ન ભિન્ન શાખામા, દાખલા તરીકે કૃષિકર્મ અને આયગલ-શિક્ષણ વગેરે ખાતામા, શિક્ષકોની નાની નાની સભાઓ હમ્મેશ થાય છે.

વૉશિંગ્ટનની કાર્યપદ્ધતિ.

તથાપિ ટસ્કેજી સસ્થાનો મુખ્ય પ્રાણ કહીએ તો વૉશિગ્ટનજ છે. તેમને શાળામા કાર્ય કરવુ પડે છે અને સસ્થા માટે મદદ મેળવવા બહાર પણ જવુ પડે છે. વૉશિગ્ટન ગમે ત્યા બહાર હોય છે તોપણ સસ્થામા રોજ શુ ચાલે છે તેની તેમને સર્વ માહિતી હોય છે. તેમનો હુશિયાર સૅક્રેટરી અને અન્ય અધિકારી તેમને આ કાર્યમા ઉત્તમ સહાય આપે છે. વૉશિગ્ટનની પત્ની શાળાના કાર્યમાં પતિને મદદ કરે છે. સસ્થાની ભૂલો અગર દોષ શોધી કાઢવાને વૉશિગ્ટન હમ્મેશા અતિ ઉત્સુક હોય છે. તેઓ હમ્મેશ વિદ્યાર્થી સાથે ખાનગી વાતચીત કરે છે, અને તેના પેટમા પેસી સસ્થામાં તેની દૃષ્ટિથી કયા દોષ છે તે તેની પાસે બોલાવે છે. પૂર્ણ અને નિરોગી ઉન્નતિને આ પદ્ધતિ અતિ આવશ્યક છે. દોષનું જ્ઞાન થાય છે એટલે તે વિષે સાવધ રહી તેનો બદોબસ્ત કરવામા આવે છે દોષનુ જ્ઞાન જો મૂળમાજ ન થાય તો સસ્થા ક્યારે ભાગી પડે તેનો કઇ નિયમજ નથી. જે સમાજમા વિદ્યાર્થીનો જન્મ થયો છે, તેની કઇ પણ સેવા તેના હસ્તથી થાય અને શક્ય હોય તો સમાજની ઉન્નતિ કરે એવા ઉદ્દેશવાળા શિક્ષણક્રમમાં સમાજની આવશ્યક જરૂરીઆત પ્રમાણે ફેરફાર અવસ્ય કરવો પડે છે અને આવા ફેરફાર કરવા એજ ખરૂ

શિક્ષણ આપવાનું છે. આવા શિક્ષણના યોગથી પ્રપચ અને પરમાર્થ સાધી શકાય છે, પોતાનું કર્તવ્ય કર્મ પોતાને બરોબર સમજાય છે અને જે સમાજમા પોતે હોય છે તેની પોતાના હસ્તથી બનતી સેવા કરી શકાય છે. શિક્ષક અને વિદ્યાર્થી; ઉભય ટસ્કેજી સસ્થા પોતાની સમજે છે. અને આ સસ્થા પોતાનું ધાર્મિક અને પરોપકારી કાર્ય સતત ચાલુ રાખે તે માટે અતિ દક્ષ રહી વૉશિગ્ટનને તન, મન, ધનથી સહાય કરે છે પોતાનુ સર્વસ્વ જેણે સસ્થાને અર્પ્યું છે તેવા વૉશિગ્ટન જેવા મનુષ્યને રમત માટે કે ગમ્મત માટે તો સમય મળતો નથી! વૉશિગ્ટન પ્રથમ પોતાનુ નિત્યકર્મ પૂર્ણ કરે છે અને પછી અન્ય એકાદ નવીન આગળનુ કાર્ય હાથમા લે છે કાર્યના તાબે તે ન થતાં પોતે કાર્યને તાબામા રાખે છે પોતાનુ કાર્ય પૂર્ણ રીતે પોતાના કાબુમા છે એવી જ્યારે પોતાની ખાત્રી થાય છે ત્યારે તેથી આધિભૌતિક, માનસિક અને આધ્યાત્મિક આનદ થાય છે શરીરની સુદઢતા, મનનો ઉત્સાહ અને આધ્યાત્મિક બળ, એ સર્વ કર્મયોગની આ પદ્ધતિથી પ્રાપ્ત થાય છે કૃત્રિમ ઉદ્દીપકની કઈ જરૂર જણાતી નથી અતરાત્મા પાસેથી સર્વ કઈ પ્રાપ્ત થાય છે.

અન્ય સામાજિક કાર્ય.

ટસ્કેજી સસ્થાની જોડે અન્ય બે સસ્થા—(૧) નીગ્રો ખેડુત પરિષદ અને (૨) નીગ્રો રાષ્ટ્રીય ઉદ્યોગ મડળ છે પોતાની જ્ઞાતિની ઔદ્યોગિક, માનસિક અને નૈતિક સ્થિતિ સુધારવી, એજ આ સંસ્થાનો ઉદ્દેશ છે આ બે સસ્થામાથી અન્ય નાની નાની સ્થાનિક પરિષદો અને મડળો ઉપસ્થિત થયા છે, અને તેથી ઉદ્યોગધધા અને કૃષિકર્મની સતત ઉન્નતિ થાય છે વૉશિગ્ટનનુ તત્ત્વ એવુ છે કે હાલના સમાજને ઉત્તમ વસ્તુઓ જોઇએ છે. તે વસ્તુ ઉત્પન્ન કરનારા કાળા છે કે ગોરા છે, તે તરફ સમાજ લક્ષ આપતો નથી. સર્વ સાધારણ

પાક કરતાં ચોગણો અધિક પાક ઉત્પન્ન કરનાર મનુષ્યને જગતમાં ગમે ત્યા માન મળશે, તેમાં શકા નથી. તેજ પ્રમાણે ઉત્તમ ચિતારો ગમે ત્યા માન મેળવશે. માટે આ જીવન કલહમા દરેક જ્ઞાતિની વ્યક્તિએ બને તેટલી રીતે ઉપયુક્ત થવુ એટલે સમાજ તરફથી તેને ચોગ્ય સન્માન મળશે. પછાત પડેલી જાતિને શિક્ષણ મળશે, તેની આધિભૌતિક અને નૈતિક પ્રગતિ થશે એટલે રાજકીય હક્ક ન માગવા છતા આપોઆપ તે જ્ઞાતિને મળવા લાગશે. સામાજિક સમતા વિષે વિચાર કરવાનું વૉશિંગ્ટને દૂરદર્શીપણાથી તજ્યુ છે કારણ કે આ પ્રશ્ન વ્યવહારિક રાજનીતિની બહારનો છે. સિવાય, પોતાની જ્ઞાતિના અત્યત આવશ્યક અને મહત્ત્વના પ્રશ્નનો નિર્ણય કરવાના કાર્યમા તે પોતે જોડાયા છે અને તેનુ કારણ તદ્દન યોગ્ય છે પોતાની જ્ઞાતિની વ્યક્તિ ઇતર શ્રેષ્ઠ જ્ઞાતિની વ્યક્તિ જેટલી સુધર્યા સિવાય કોઈ પણ પછાત પડેલી જ્ઞાતિ ઇતર જ્ઞાતિને ટક્કર મારી શકે નહિ તે સ્પષ્ટ છે.

વૉશિંગ્ટનની પદ્ધતિપર હિન્દુઓનો આક્ષેપ.

વૉશિંગ્ટન અને તેમના કાર્યનુ અહિ સુધી વર્ણન થયુ છે. હવે વૉશિંગ્ટનની પદ્ધતિ સાંપ્રતના અમારા સમાજમા ચાલુ કરવામાં આવશે કે નહિ તેનો આપણે વિચાર કરીશુ કેટલાક એવા આક્ષેપ કરે છે કે "અતિ પ્રાચીન સમયથી સુધરેલુ આપણું રાષ્ટ્ર છે; પણ નીગ્રો લોકો હમણાજ અધકારમાથી બહાર નીકળેલા હોઇ તેઓને ઔદ્યોગિક શિક્ષણ અને હુન્નરકળાનો પહેલો પાઠ શીખવાનો છે. અમારી સ્થિતિ તેમની સ્થિતિથી ભિન્ન છે. વૉશિંગ્ટન અને તેમના જેવા હૅમ્પ્ટન મતવાદી શિક્ષણના નેતાઓ, ઔદ્યોગિક ઉન્નતિને અતિ મહત્વ આપે છે પરતુ આ શિક્ષણ અતિ બુદ્ધિમાન પુરૂષ જે જ્ઞાતિમાં નિર્માણ થઇ શકે છે તેવી જ્ઞાતિને કેવી રીતે લાગુ પડશે? અહિંયા તો બૌદ્ધિક શિક્ષણજ વિશેષ આપવુ જોઇએ.

આક્ષેપનો વિચાર.

આ આક્ષેપ કંઇક અંશે બરાબર દેખાય છે; પણ તેમાં પૂર્ણ સત્ય નથી. પૂર્વે એક સમયે અમારી સુધારણામાં સારી પ્રગતિ હતી, એ સત્ય છે; પણ અનેક કારણથી અમારી ઉન્નતિ ઘટી ગઇ છે જો અમારે પુનઃ ઉચ્ચપદે આવવુ હોય તો સુધારાના મૂળભૂત તત્વોનો અમારે વિચાર કરવાની જરૂર છે. નીગ્રો સમાન પછાત પડેલી જાતિએ આ મૂળભૂત તત્ત્વો અમલમા લાવવા પ્રયત્ન ચલાવેલો છે, એમ દૃષ્ટિએ આવતું હોય તો તે અમારે પણ અમલમા કેમ લાવવાં જોઇએ નહિ? સત્ય ગમે ત્યા હોય, પણ તે સત્યશોધકને સદા માન્ય હોવુ જોઇએ. નીગ્રો લોકો શુ કરે છે તેનો આપણે પ્રથમ વિચાર કરીએ. પોતાની સતતિમા સારા સ્ત્રીપુરૂષ નીપજે એવો તેમનો પ્રયત્ન છે. જીવનની દરેક બાબત ધર્મથી-ઇશ્વરભક્તિથી પ્રેરિત થાય, પોતાના બાળકો ઉચ્ચ નીતિતત્ત્વો શીખી તૈયાર થાય અને તે તત્ત્વ પ્રમાણે તેમનુ આચરણ થાય, તેઓ પોતાનુ જીવન હુંશિયારી અને પ્રમાણિકપણાથી ચલાવે, પોતાપર વિશ્વાસ રાખી તેઓ પોતાના સમાજનુ હિત સાધ્ય કરે, પોતાના માબાપના અને કાયદાથી પ્રસ્થાપિત થએલી સરકારના આજ્ઞાધારક બને, તેઓ હુશિયાર અને ચાલાક થાય, આત્મસયમન, સહનશીલતા, શ્રમનુ મહત્ત્વ અને શ્રમપર પ્રેમ વગેરે ગુણો શીખે, તે માટેજ તેમના સતત પ્રયત્નો ચાલે છે. આ ગુણની કયા સમાજને જરૂર નથી? આ ગુણસમુચ્ચય સનાતન સત્ય છે અને તેનુ સર્વત્ર સન્માન થવું જોઇએ આ ગુણ ધારણ કરવા વૉશિંગ્ટન જેવા મનુષ્યોએ કઇ પદ્ધતિનુ અવલબન કર્યું છે? તેઓએ કુદરતનુજ અનુકરણ કર્યું છે. તેઓએ શાળા એટલે પોતાની સર્વ જરૂરીઆત પુરી પાડનાર એક સમાજ કે સસ્થાજ સ્થાપી છે. આગેવાનોને પ્રારંભમા અતિ ત્રાસ

અને અતિ પ્રયાસ કરવો પડયો હતો; પણ હવે સર્વ ઘડિયાળ પ્રમાણે નિયમિત ચાલે છે. આ શાળાથી સમાજનુ પુષ્કળ હિત સધાયુ છે. હિન્દુસ્તાનની શાળાના કોઈ એક વિદ્યાર્થીને લઇ જઈ અરણ્યમાં છોડવામા આવશે તો તે ત્યા જઇ તૃષા કે ક્ષુધાથી રામ, રામ કહેશે, પણ તેજ સ્થાને ટસ્કેજીનો કે હૅમ્પ્ટનનો વિદ્યાર્થી રૉબિન્સન ક્રૂઝો પ્રમાણે એક નવો વસવાટ કરી શકશે. આપણા તરફ માનસિક શિક્ષણપરજ સર્વત્ર ભાર મૂકવામાં આવે છે, પણ હસ્તપાદાદિ કર્મેન્દ્રિય અને ઈતર જ્ઞાનેન્દ્રિયની સહાય સિવાય એકલુ મન બિચારૂ શુ કરશે? સર્વ અવયવોની સમાન ઉન્નતિ થવી જોઇએ આ તત્ત્વ હમણા અમારા લોકોના લક્ષમાં આવવા લાગ્યુ છે અને કેટલીક શાળાઓમા હસ્ત-કાર્યના' (Manual Frainins) વર્ગ શરૂ કરવામા આવે છે; પણ ખરૂ શિક્ષણ ક્લાસમા ન મળતા કુદરતમા-સૃષ્ટિ સૌદર્યનાજ મળે છે; માટે જે બાળકો શાખતી વખતે ઇમારતના બાધકામ કરે છે, અગર તો ખેતીનુ કામ કરે છે, તે હસ્તકાર્યના ઔદ્યોગિક શિક્ષણના વર્ગમા શીખેલાઓ કરતા ઘણી સારી રીતે શીખે છે. હિન્દુસ્તાનમા લોકસખ્યાના એકદર પ્રમાણમા બુદ્ધિમાન અને શિક્ષણ પામેલાઓની સખ્યા અતિ અલ્પ છે. ખેડુત અને કારીગરની સખ્યા સુમારે સેકડે ૮૦ ટકા છે આ મનુષ્યોના શિક્ષણ માટે બુદ્ધિમાન મનુષ્યોએ શુ કર્યું છે? તેમને પોતાને શાનુ શિક્ષણ મળ્યુ છે? કારકુનનુ! આ શિક્ષણથી રાષ્ટ્રનુ કલ્યાણ કેવી રીતે થશે? અમને તો એવુ લાગે છે કે, હૅમ્પ્ટન અગર ટસ્કેજી જેવી સસ્થા આ દેશમા સ્થળે સ્થળે સ્થાપન થવી જોઇએ, અને આ સસ્થામા ઉચ્ચ બૌદ્ધિક શિક્ષણની પણ વ્યવસ્થા કરવી જોઇએ ગામડાઓમાં રહી પ્રજાની સ્થિતિ સુધારનારા ઉત્સાહી અને સ્વાર્થત્યાગી ગ્રેજ્યુએટો અહીં ક્યા છે? માનો કે ઉત્સાહી અને સ્વાર્થત્યાગી ગ્રેજ્યુએટો મળ્યા, તોપણ ખેડુતોની સુધારણા કરવાનુ કાર્ય હાથમા લેવા જેટલી

આ ગ્રેજ્યુએટોમા યોગ્યતા છે કે ? અમારૂ મુખ્ય કાર્ય તો ગામડાઓમાની અને શહેરોના કારીગર લોકોની વસ્તીમાજ છે. તે રંક મનુષ્યોના બાળકોને શિક્ષણ આપવાને અમારા ગ્રેજ્યુએટો અયોગ્ય છે અમારી ખરી હકીકત જે છે તે આજ છે ઉચ્ચ શિક્ષણ વિષે વિચાર કરવાનુ અહીં પ્રયોજન નથી, કારણ કે અધિકારી મનુષ્યો તેમા ઘણી સુધારણા કરે છે, પણ પ્રાથમિક શિક્ષણમા-હાઇસ્કુલમાં અમને સ્પષ્ટ ફેરફાર થયો નથી શિક્ષણની ખરી કસોટી, સમાજને શુ પ્રિય છે તેમાજ છે હાલનુ શિક્ષણ અમારા સમાજની જરૂરીઆત પુરી પાડે છે કે ? આ પ્રશ્નનો પૂર્ણ ઉહાપોહ અત્ર થવો શકય નથી. ફક્ત હાલના પ્રાથમિક શિક્ષણક્રમમા કોઇ પણ ઔદ્યોગિક શિક્ષણ તરફ લક્ષ અપાયલુ નથી, એટલુજ કહીશુ તો તે બસ છે અમોને ઉત્તમ શિક્ષક, ઉપદેશક, કારીગર અને ખેડુતો પ્રિય છે કે ? જો તે અમોને પ્રિય હોય તો-જરૂર નથી એમ બહુધા કોઇ કહેશે નહિ-વિદ્યાર્થીઓને તે ધધા યોગ્ય રીતે શિખવે તેવી શાળાઓ પણ હોવી જોઇએ આ સર્વ વિવેચનપરથી હૅમ્પ્ટન અને ટસ્કેજી સંસ્થાની પદ્ધતિ અહીં શરૂ કરવી કેટલી સ્પષ્ટ છે, તે સિદ્ધ થાય છે હિન્દી તરૂણોના શિક્ષણ માટે જવાબદાર સ્ત્રીપુરૂષોએ હૅમ્પ્ટન અને ટસ્કેજી સંસ્થાની પદ્ધતિ અને તત્વ-ધ્યેય, આ તરફની પરિસ્થિતિ પ્રમાણે તેમા યોગ્ય ફેરફાર કરી હમ્મેશ પોતાની સન્મુખ રાખવુ, કે જેથી દેશનુ અને સમાજનુ ખરૂ હિત સધાય અતિશય બુદ્ધિ ધરાવનારા મનુષ્યો તો હમ્મેશા બહુ થોડાજ હોય છે, અને તેવાઓ તો પોતાના મનને સુસંસ્કૃત કરવાના ઉપાય સ્વતઃ જ શોધી લે છે હર્બર્ટ સ્પેન્સરે કઇ યુનિવર્સિટી (વિશ્વ વિદ્યાલય) મા શિક્ષણ મેળવ્યુ ન હતું. ઉચ્ચ શિક્ષણ વિદ્યાર્થીને આપવુ નહિ, એમ કોઇનુ પણ કહેવુ નથી. પરતુ તેમાં જે યોગ્ય હોય તેણેજ તે કાર્ય હાથમા લેવુ જોઇએ. અયોગ્ય મનુષ્યોએ

તે કાર્ય હાથમાં લેવાનો પ્રયત્ન કરવો જોઇએ નહિ.

અમારે શું કરવું?

હૅમ્પ્ટન અને ટસ્કેજી જેવી સસ્થાઓ હિદુસ્તાનમાં સ્થાપન કરવાનુ કામ કઠિન છે કે કેમ? હમ્મેશા આરભમા તો અતરાય રૂપ કટકો આવવાનાજ. સ્વતઃ વૉશિગ્ટનને અને તેના ગુરૂ જનરલ આર્મસ્ટ્રાગને પણ તેવા પ્રખર કટકો સામે થવુ પડયુ હતું દૃઢનિશ્ચયી મનુષ્યના પ્રયત્ન સન્મુખ સર્વ કટકો નિર્મૂળ થઇ જાય છે। હિદુસ્તાનમા દયાળુ ઇગ્રેજ સરકારના છત્ર નીચે શિક્ષણપ્રસારની આપણને અનેક સવડો મળી શકશે. વિદ્યાદાન કરવા માટે સરકારના પણ અનેક પ્રયત્ન ચાલે છે, પણ અમારા વિદ્વાન મનુષ્યો જો આ માર્ગમા અધિક લક્ષ આપે તો શિક્ષણ વિશેષ ઉપયોગી થાય તેમ છે. માત્ર તેઓએ પોતે શિક્ષણનેજ પૂર્ણ રીતે પોતાનુ જીવન અર્પણ કરવાની જરૂર છે. ટસ્કેજી સસ્થા પ્રમાણે પ્રથમ શરૂઆત કરવી, અને ઔદ્યોગિક તથા બૌદ્ધિક શિક્ષણ આપવાની શાળા એની સાથે જોડવી જોઇએ. પ્રથમ પ્રયત્ન નાના પ્રમાણપર કરવો. મોટુ કાયમનુ ફડ મળે અને સારા મનુષ્યો તમારી સાથે કાર્ય કરવા મળે તો તે જુદી વાત છે ખેતી સાથે થોડુ સુતારનુ અને લુહારનુ કામ પણ શીખવવુ. કારખાનુ ધીમે ધીમે વધારવુ. વણાટ કામ, સીવણ કામ અને તેના જેવા નાના નાના ધધા શરૂ કરવાને હરકત જેવુ નથી. ઇટો તયાર કરવાનુ અને શકય હોય તો કડીઆનો ધધો પણ શરૂ કરવો કામની દિશા એકદમ નક્કી ઠરાવી શકાય તેમ નથી. પરિસ્થિતિપર સર્વ કઇ અવલબી રહેશે. કૃષિકર્મ સર્વ સ્થળે શરૂ થઇ શકવા યોગ્ય છે કૃષિકર્મમા પણ દરેક સ્થળે કઇ વિશેષતા બતાવી શકાશે. શિક્ષણખર્ચ અને ભોજનખર્ચ વિષે હૅમ્પ્ટન સસ્થા પ્રમાણે વ્યવસ્થા રાખવી. સસ્થાના નિર્વાહ માટે

પ્રથમ આસપાસ અને પછી બહારના પ્રાંતમા ફંડ મેળવવા માટે મુસાફરી શરૂ કરવી. ખરી હરકત પ્રારંભમા યોગ્ય શિક્ષક મેળવવાની છે; પણ આ હરકત દુસ્તર છે એમ કંઈ નથી. સંસ્થાના આગેવાનો ભિન્ન ભિન્ન શાખાઓ પોતે ચલાવી શકે તેમ ન હોય તો પણ તે કેમ ચલાવવા અને તેનુ ધોરણુ કેવુ હોવુ જોઇએ, એટલુ જો જાણુતા હશે તો બસ છે

આવા શિક્ષણનું પરિણામ.

આવી પદ્ધતિથી શિક્ષણુ આપવાથી ખરેખર તેની સમાજપર સારી અસર થશે આવી સંસ્થામાથી બહાર પડનારા વિદ્યાર્થીઓ, લોકોને કેમ દોરવા ‍ ‍ કવા તેમની પાછળ કેમ જવુ તેની સમજણુ વિનાના અને માત્ર પંડિત-પંડિત ન થતા લોકોના ખરા નેતા થશે.

સ્ત્રીશિક્ષણ.

સ્ત્રીશિક્ષણુના પ્રશ્નનો નિર્ણય ભિન્ન રીતેજ કરવો પડશે અમારી પરિસ્થિતિ તેમનાથી ભિન્ન છે સ્ત્રીઓ માટે અમારે જુદી સંસ્થા કાઢવી પડશે; અને આદર્શરૂપ માતા તૈયાર થાય તેવુ શિક્ષણુ અમારી કન્યાઓને આપવુ પડશે હેમ્પ્ટન અને ટસ્કેજી સંસ્થા પ્રમાણે ગૃહ-વ્યવસ્થા, પાકશાસ્ત્ર અને શિશુસંગોપન (બાળકોનુ રક્ષણ) વગેરેનુ શિક્ષણુ તેમને આપવુ જોઇએ પુરૂષસમાન ઔદ્યોગિક શિક્ષણની અમારી સ્ત્રી-ઓને જરૂર નથી. આખો જન્મ કુમારી રહેલી અથવા વૈધવ્ય દશા ભોગ-વતી સ્ત્રીઓને માત્ર કંઇક ઔદ્યોગિક શિક્ષણુ આપવુ જોઇએ. અને તુર્તની અમારી પરિસ્થિતિનુ પ્રમાણ જોતા તેઓને અધ્યાપિકા અને દાઇનો ધંધો શીખવવાથી અમારી સાંપ્રત જરૂરીઆત પૂર્ણ થવા જોગ છે.

ધાર્મિક શિક્ષણ.

અમારા છોકરા છોકરીઓને ધાર્મિક શિક્ષણુ આપવુ અતિ અગત્યનુ છે; તે કહેવાની જરૂર નથી. પણ ધાર્મિક શિક્ષણુ કેવળ


ઔપચારિક ન થતાં તેમના સર્વના વર્તનપર તેની સારી અસર થવી જોઇએ. ધાર્મિક શિક્ષણથી જ્ઞાતિની આધિભૌતિક, નૈતિક, માનસિક અને બૌદ્ધિક ઉન્નતિ થવી જોઇએ. બાહ્ય આચાર કે ઉપચાર વિષે વિશેષ દુરાગ્રહ હોવો જોઇએ નહિ. સસ્થાના ચાલક જે કઇ આચાર ઠરાવે તે સર્વ સસ્થાના મેમ્બરોએ માન્ય કરવા જોઇએ. કારણ કે સર્વ આચાર એકજ તત્ત્વ તરફ ખેચે છે મુખ્ય વાત એ છે કે ધર્મ-ખરો ધર્મ શિક્ષકોએ આચરણમા લાવવો જોઇએ અન્ય મત વિષે સહિષ્ણુતા હોવી જોઇએ. સસ્થામા ભિન્ન ભિન્ન ધર્મના-પથના મનુષ્યો હોય તો તેઓએ ઔપચારિક બાબતમા પોતપોતાનો ધર્મ પાળવો પણ સર્વ ધર્મને માન્ય તત્ત્વો વિષે સર્વની એકયતા હોવી જોઇએ અને તે પ્રમાણે સર્વ તરફ વગર ભૂલે વર્તન થવુ જોઇએ. આધુનિક શિક્ષણથી તૈયાર થએલા મનુષ્યોને લાગે છે તેટલો આ પ્રશ્ન કઠિન નથી તે કઠિન લાગે છે, તેનું કારણ એ છે કે આ દિશામા અદ્યાપિ પર્યંત આવો પ્રયત્ન થયો નથી તરવાની સામાન્ય કળા પણ બીકણ નવીન શીખાઉને પ્રથમ અસાધ્ય લાગે છે.

વિનંતિ અને સમાપ્તિ.

શિક્ષણદ્વારા પોતાના સમાજની સેવા કરવાનો જેઓએ નિશ્ચય કર્યો છે, તેવા મનુષ્યોના મનમા જે પ્રમાણમા ઉપર કહેલા ધ્યેય તત્ત્વો રૂચશે તે પ્રમાણમા ડૉ. બૂકર ટી. વૉશિગ્ટનના ચરિત્ર અને કાર્યનો વાચકોને પરિચય કરાવવાનો આ પ્રયત્ન સફળ થશે. અમારા દેશમાં જનસમાજનો અધિક ભાગ અશિક્ષિત છે, તેમને શિક્ષણ આપવુ ઇષ્ટ છે પોતાની મુક્તિ ઇચ્છનાર બ્રહ્મચારી અને સન્યાસી-ઓને, (તેમજ લોકતારક ધર્મ ગુરૂઓને) આ અજ્ઞાની જનસમૂહ વિષે-પોતાના અજ્ઞાન બન્ધુઓ અને શિષ્યો વિષે વિચાર કરવા અમો પ્રાર્થના કરીએ છીએ. પ્રાચીન ઋષિ મુનિઓ પ્રમાણે તેઓ આ પ્રશ્નનો

વિચાર કરશે કે ? પુનઃ આ દેશમા સર્વત્ર શિક્ષણ અને જ્ઞાનનો પ્રસાર કરશે કે ? પૂર્વ પ્રમાણે કે તેથી અધિક અમે હિન્દુસ્તાનની સુધારણા કરીશુ, અગર દિનપ્રતિદિન અધિકાધિક અધોગતિ થવા દઇશુ કે ? પ્રાચીન આખ્યાયિકા અતિ ઉત્તમ હશે પણ તેથી જ્યારે પોતાના સમાજનુ હિત સાધ્ય કરવા બરોબર પ્રયત્ન કરવાની સ્ફૂર્તિ અમોને થતી નથી તો તેનો શુ ઉપયોગ ? હિન્દુસ્તાનમા આધ્યાત્મિક સ્વાર્થત્યાગનો અતિ સચય છે જો તે કર્મયોગના ઉદ્યમ માર્ગ વહે તો હિન્દુસ્તાનના ભવિષ્યકાળ માટે કોઇને પણ નિરાશ થવાનુ કારણ નથી. પ્રયત્ન અને કાર્ય સત્વર શરૂ થવું જોઇએ તે શરૂ થયાના ચિહ્ન દેખાય છે. હિન્દુ અને મુસલમાનમા વિશ્વવિદ્યાલયની રચના ચાલે છે બનારસ અને અલીગઢની કૉલેજોની મહત્ત્વાકાક્ષા અતિ મોટી છે. આ ચાલે છે તે સર્વ ઠીક છે, પણ નાના નાના પ્રમાણપર અમારે પ્રયત્ન કરવા જોઇએ છે ઠેકાણે ઠેકાણે જ્ઞાનની નાની નાની જ્યોતિ પ્રજ્વલિત કરી આ ભાવી વિશ્વવિદ્યાલય તરફથી મળનારા જ્ઞાનતેજથી તેજસ્વી થવા માટે લોકોને સમર્થ કરવા જોઇએ માટેજ ગામડાઓમા અને નાના નાના શહેરોમા શિક્ષણનો નવીન પ્રયત્ન શરૂ કરી ભાવી પ્રજાના ભાવી શ્રેય વિષે-કલ્યાણ માટે તૈયારી કરવી જોઇએ.

છેવટે અજ્ઞાનની આધીનતામાથી પોતાની સતતિને મુક્ત કરવાના પ્રયત્નમા હિન્દીઓને યશ મળે, અને વૉશિગ્ટન, આર્મસ્ટ્રાગ જેવાં નરરત્નો, વૉશિગ્ટનની માતા, વૉશિગ્ટનની પત્નીઓ, મિસ મેરી ચૅકી, સ્કુનરબાઈ જેવા સ્ત્રીરત્નો ' આ ભારત-ભૂમિમા પણ નિર્માણ થાય એવી જગન્નિયતા પરમ કૃપાળુ પરમાત્મા પાસે અનન્ય ભાવે યાચના કરી વાચકની રજા લઇએ છીએ.



ઑલિવિયા ડેવિડ્સન વૉશિંગ્ટન



મુ[illegible] [illegible]

બૂકર ટી· વૉશિંગ્ટન
નું આત્મચરિત્ર.

પૂર્વ વૃત્તાન્ત.

ગુલામગીરી વિષે સંક્ષિપ્ત માહિતી.

"‡If slavery is not wrong, nothing is wrong?"
—Abraham Lincon

સત્તરમા શતકના આરંભમાં યૂરોપીઅન લોકો જુદા જુદા ભાગમાંથી આવી અમેરિકામા વસવાટ કરવા લાગ્યા. તે સમયે અમેરિકા એક જગલી પ્રદેશ હોવાથી જગલોને સાફ કરવા માટે અને અન્ય કામો માટે તેમને મજુરોની ઘણી આવશ્યકતા જણાઈ. અમેરિકામાં પુષ્કળ જમીન મળવાથી યૂરોપમાંથી આવેલા લોકો જમીનદાર બની ગયા ખરા, પણ મજુર કોઈ રહ્યો નહિ. જેથી તેમની એ હરકત દૂર કરી દ્રવ્ય મેળવવા માટે પોર્ટુગીઝ લોકોએ આફ્રિકામાથી સીદી કિ વા હબશી લોકોને વહાણુમા ભરી લાવીને ગુલામ તરીકે વેચવાનો આરંભ કર્યો. પછી ક્રમે ક્રમે આ વ્યાપાર ઇંગ્રેજ લોકોના હાથમાં આવ્યો, અને હજારો નિરપરાધી મનુષ્યો બકરાં અને મેઢાની માફક દરવર્ષે વેચાવા લાગ્યા' નૂતનખડમા—અમેરિકામા—ભાવી વિપત્તિનાં બીજ આજ વખતે રોપાયા.

ઇ. સ. ૧૭૬૫ થી ઇંગ્રેજો અને અમેરિકન વસનારાઓ વચ્ચે

‡જ્યારે ગુલામગીરી પાપ નથી, તો પછી અન્ય કઇ પણ પાપ જ નથી'
—અબ્રાહામ લિંકન

કંઇ કરની બાબતમા વિરૂદ્ધતા ઉપસ્થિત થઇ અને ઉભયમા વાધો પડી ભયંકર યુદ્ધ થવાનો રંગ દેખાવા લાગ્યો. એડમંડ બર્ક અને લૉર્ડ ચૅથૅમ (વિલીયમ પિટ) એ મુત્સદ્દીઓએ આ યુદ્ધ ન થાય તે માટે ઘણો પ્રયત્ન કર્યો; પરન્તુ છેવટે બન્ને વચ્ચે યુદ્ધ શરૂ થયુ. આઠ દશ વર્ષ આ વિષે ઉહાપોહ ચાલ્યા પછી પરિણામે ઇ. સ. ૧૭૭૫ મા લડાઇ શરૂ થઈ. બીજા વર્ષે (ઇ. સ ૧૭૭૬મા) ફિલાડેલ્ફીયાની કોંગ્રેસે સ્વતંત્રતાનું જાહીરનામુ (The Declaration of indenpendence) પ્રસિદ્ધ કર્યું, ત્યારપછી સાત આઠ વર્ષે બન્ને પક્ષમા તુમુલ યુદ્ધ થઈ ઇ સ ૧૭૮૩ની સાલમા વરમેલિસના તહથી (Treaty of Versailles) અમેરિકાના તેર સંસ્થાનોએ સ્વાતંત્ર્ય સ્થાપન કર્યું.

આ પ્રમાણે અનેક આપત્તિ સહન કરી, પૈસા અને રક્તનો વ્યય કરીને 'મનુષ્ય માત્ર ઇશ્વરની દૃષ્ટિએ સમાન-સ્વતંત્ર છે' એ તત્ત્વ પ્રથમ અમેરિકન પ્રજાએ સિદ્ધ કરી આપ્યુ, અને જગતમા મહાન ચળવળ શરૂ કરી દીધી પણ આ વિષયમા અમેરિકન લોકોની માત્ર એક કસુર રહી ગઇ. તે એ કે 'મનુષ્ય સ્વતંત્ર છે', એ તત્ત્વ ફક્ત ગોરી ચામડી માટેજ છે, એમજ તેઓ માનવા લાગ્યા! નીગ્રો કે હબશી લોકોને તેઓ મનુષ્યની વ્યાખ્યામા દાખલ કરતા નહિ! અને તેમને મનુષ્ય તરીકેની સ્વતંત્રતા આપતા નહિ! 'નીગ્રો' લોકો આપણી માલમત્તા (Property) છે,' એમ ઘણા અમેરિકનો માનતા હતા, અને માલમત્તા પ્રમાણેજ તેમની આપ લે પણ કરતા હતા! અમેરિકાના પહેલા પ્રેસીડન્ટ જ્યૉર્જ વૉશિંગ્ટનને ત્યા પણ કેટલાક ગુલામ હતા, એમ કહેવાય છે!

ઇંગ્રેજ પ્રજાના મનમા ગુલામગીરીનો અન્યાય સ્પષ્ટ દેખાવા લાગ્યો, ત્યારથી તેઓએ આ પાપમાથી મુક્ત થવાનો પ્રયત્ન આરંભ્યો

હતો. ગુલામોનો વ્યાપાર ઇલિઝાબેથ રાણીના સમયમાં શરૂ થઇ, તે દિનપ્રતિદિન વધતો જઇ, ત્રીજા જ્યૉર્જના અમલના આરંભમાં ઘણો જ વધી ગયો હતો. કહેવાય છે કે આ અરસામાં દરવર્ષે આશરે ૫૦,૦૦૦ હબશી મનુષ્યોને ઇંગ્રેજ વહાણોમાં ગુલામ તરીકે લાવવામાં આવતા હતા. આફ્રિકામાં હબશી લોકોને કેવી રીતે પકડવામાં આવે છે, ત્હેમને બકરા મેંઢા પ્રમાણે વહાણમાં પૂરી કેવી નિર્દયતા ગુજારવામાં આવે છે, અને આટલાંટિક મહાસાગરમાં થઇને વેસ્ટ ઇંડીઝ તથા અમેરિકામાં લઇ જઇ ત્હેમને કેવી રીતે વેચે છે, ઇત્યાદિ એ વિષયની ભયંકર હકીકતો લોકોના કાનપર આવવા લાગી.

આ ગુલામગીરી બંધ કરવા માટે વિલીયમ વિલબરફોર્સ નામના એક ઇંગ્રેજ સદ્ગૃહસ્થે અતિશય પરિશ્રમ કર્યો હતો. ગુલામીનો વ્યાપાર બંધ થાય તે માટે ઇ. સ. ૧૭૮૮માં તેમણે પાર્લામેંટમાં એક સૂચના પણ રજુ કરી, પરંતુ ગુલામીનો વ્યાપાર કરનારા ગૃહસ્થોની ખટપટથી તે સૂચના પસાર થવા પામી નહિ આ બનાવથી નિરાશ ન થતાં વિલબરફોર્સે પોતાનો પ્રયત્ન સતત ચાલુ રાખ્યો. ત્યાર પછી ઇ. સ. ૧૮૦૬ માં મી. ફોક્સની સૂચનાપરથી ગુલામીનો વ્યાપાર બંધ થયો; તોપણ બ્રિટિશ રાજ્યમાં તે સમયે ૮,૦૦,૦૦૦ ગુલામો શીલકે રહ્યા હતા. છેવટે ઇ. સ ૧૮૩૩ મા ગુલામોને સ્વતંત્રતા આપવાનો ખરડો પણ પાર્લામેંટમા પસાર થયો અને મી. વિલબરફોર્સના પરિશ્રમને પરિણામે સફળતા મળી. આ કાર્યમા આ મહાપુરૂષે-અસ્ખલિતપણે પીસ્તાલીસ વર્ષ સુધી પ્રયત્ન કર્યો હતો. પરિણામે ગુલામોને સ્વતંત્રતા આપવાનો ખરડો પસાર થયા પછી ત્રીજે દિવસે, ૭૫ વર્ષની વયે મી. વિલબરફોર્સ સ્વર્ગવાસી થયા. બ્રિટિશ રાજ્યમા ગુલામગીરી બંધ કરવાનું માન તેમનેજ છે.

હવે અમેરિકાના ગુલામોના ઇતિહાસ તરફ દૃષ્ટિ કરીશું. ટૉમસપેન

નામક ઉદાર મહાત્માએ પ્રથમ તા. ૮ માર્ચ ઈ. સ. ૧૭૭૫ ના રોજ ગુલામગીરી વિરૂદ્ધ પોતાનો નિબંધ પ્રસિદ્ધ કર્યો. ત્યાર પછી મહિને સવામહિને એટલે તા ૧૨ એપ્રિલ ૧૭૭૫ ને દિવસે ગુલામગીરી બંધ કરવાનો પ્રયત્ન કરનારી સંસ્થા અમેરિકામાં સ્થાપન થઇ. થૉમસપેન અને અન્ય સદ્ગૃહસ્થોના પ્રયત્નથી તા. ૨ નવેમ્બર ઇ. સ. ૧૭૭૯ ના દિવસે ૭ હજાર ગુલામોથી ભરાયલા પેન્સિવેનિયા સંસ્થાનમાં ગુલામગીરી બંધ કરવાનો કાયદો પસાર થયો. ઇ. સ ૧૮૮૩મા અમેરિકાને સ્વતંત્રતા મળ્યા પછી, જ્યોર્જ વૉશિંગ્ટન, થૉમસ જેફરસન અને એલેકઝાંડર હેમિલ્ટન વગેરે ગૃહસ્થોએ અમેરિકાની જે સ્વતંત્ર રાજ્યપદ્ધતિ ઠરાવી, તેમાં સર્વ મનુષ્ય સમાન અને સ્વતંત્ર છે, સર્વના હક્ક સરખા છે, અને કોઇથી અન્યનો હક ખુંચવી લઈ શકાશે નહિ, ઇત્યાદિ તત્ત્વો મુખ્ય હતા; તદપિ અમેરિકામાં જ્યાં સુધી ગુલામગીરીનું અસ્તિત્વ હતું ત્યાં સુધી આ તત્ત્વનો અમલ પૂર્ણ રીતે થઈ શક્યો ન હતો

આ પ્રમાણે ઉત્તર તરફના* સંસ્થાનોએ ગુલામગીરી અન્યાય ભરેલી લાગવાથી પોતાના ગુલામોને મુક્ત કર્યા, પરંતુ દક્ષિણ તરફના સંસ્થાનોએ પોતાના ગુલામોને છોડ્યા નહિ. વળી 'અમારા ગુલામ અમારી પાસે રહેવા દેવામાં નહિ આવે તો અમે યુનિયનમાં–સંયુક્ત સંસ્થાનમાં દાખલ થઇશું નહિ' એમ પણ તે સંસ્થાનના લોકો કહેવા લાગ્યા સંભવ કટોકટીનો હોવાથી અને દેશમાં ઐક્ય અત્યંત ઇષ્ટ હોવાથી દક્ષિણ તરફના સંસ્થાનોને ગુલામોને છોડી દેવાનો વિશેષ

* અમેરિકાના નકશાપર ઇલિનોઈસ સંસ્થાનની નીચે એક આડી રેષા દોરી બે ભાગ કરતા ઉપરના ઉત્તર ભાગમાં ગુલામગીરી ન હતી; અને નીચલા દક્ષિણ ભાગમાં હતી ઉત્તર તરફના લોકોનું કહેવું એવું હતું કે ગુલામગીરી બંધ થવી જોઇએ અને દક્ષિણ તરફના લોકોનું કથન એથી વિરૂદ્ધ હતું

આગ્રહ થઇ શક્યો નહિ. કેટલાંક વર્ષો પછી ગુલામગીરીનો અન્યાય દૃષ્ટિએ આવશે એટલે દક્ષિણનાં સંસ્થાનો પણ પોતાની મેળેજ ગુલામગીરી બંધ કરશે, એમ ઉત્તરના સંસ્થાનોને લાગવાથી તેમણે તે વખતે ગુલામગીરી સંબંધી વિશેષ ઉપચાર કરવાનું છોડી દીધું ઉત્તર તરફના સંસ્થાનોની હવા ઠંડી હોવાથી ખેતી વગેરે કાર્યોમાં ત્હેમને ગુલામોની વિશેષ આવશ્યકતા જણાઇ નહિ; પણ દક્ષિણના સંસ્થાનોની સ્થિતિ આથી તદ્દન વિરૂદ્ધજ હતી: ત્યાંની ગરમ હવાને લીધે ગુલામની સહાય વિના ખેતીનું કામ ઉત્તમ રીતે થાય તેમ નહોતું. ખરા તાપમાં પણ ગુલામો ખેતરોમાં એક ઓવરશીઅરના હાથ નીચે સતત મહેનત કરતા હતા અને જમીનદાર ગોરાઓ સ્વસ્થ પડી ચેન કરતા હતા, તેથી ત્હેમને ગુલામગીરી બંધ કરવી ઇષ્ટ લાગતી ન હતી, અને તે બંધ કરવા તેઓ કબુલ થતા ન હતા. ઈ સ ૧૮૦૫ માં ડોમિંગો પ્રાંતના ગુલામોને ઘણો ત્રાસ પડયો હતો. તે વખતે થૉમસપેને પ્રેસિડંટ જેફરસન તરફ નમ્રતા ભરેલા કેટલાક પત્ર મોકલ્યા હતા; પરંતુ તે ઉપર કાંઈ પણ લક્ષ આપવામાં આવ્યું નહિ, એમ કહેવામાં આવે છે કે થૉમસપેન ઈ. સ ૧૮૦૯ માં મૃત્યુ પામ્યા તે વખતે તેમની ઉત્તર-ક્રિયાના સમયે તેમના પ્રત્યે પોતાની જ્ઞાતિની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે 'નીગ્રો' જાતિના બે પ્રતિનિધિઓ હાજર થયા હતા.

'સત્યનોજ છેવટે જય છે!' એવો એક ઇશ્વરી નિયમ છે. ગુલામગીરી બંધ કરવા પ્રયત્ન કરનારો એક આગેવાન-થૉમસપેન ગયો, તોપણ તેજ વર્ષે ગુલામગીરી તદ્દન બંધ કરનાર એક મહાત્મા અબ્રાહામ લિંકનનો જન્મ થયો. એ ગરીબ સ્થિતિમાં અને ગરીબ માબાપને પેટે જન્મ્યો હતો. અબ્રાહામ વયે પહોંચ્યા પછી ત્હેની હુશિયારી, દક્ષતા અને શક્તિ જોઇ, 'ઓફટ' નામના એક વ્યાપારીએ ત્હેને સ્પ્રિંગફીલ્ડથી ન્યૂ ઓર્લિયન્સની પોતાની એક દુકાનમાં

મદદનીશ તરીકે નીમવા બોલાવ્યો હતો. ન્યૂઑર્લિયન્સ આવ્યા પછી ગુલામગીરીનો ભયંકર દેખાવ અબ્રાહામની દૃષ્ટિએ પડયો. ત્યા ગુલામોનો એક મોટો બજાર ભરાતો હતો. ગુલામોનાં ટોળેટોળાને બેડીઓ ઘાલી હારબંધ કેવી રીતે ઉભા કરવામા આવે છે, અને ત્હેમના બરડામાથી રક્તપ્રવાહ ચાલુ થતા સુધી ચાબુકથી તેમનાપર કેવા પ્રહાર કરવામા આવે છે, તે અબ્રાહામે પોતાના ચક્ષુથી પ્રથમજ જોયુ. આ દેખાવનો અભ્યાસ પડેલો હોવાથી બીજાઓને તો તેથી કશીજ લાગણી થતી નહિ, પરંતુ અબ્રાહામનુ અંતઃકરણ આ ભયંકર દેખાવથી ઘણુંજ ધ્રુજી ઉઠયુ જો કે તે સમયે અને તે પછી પણ તે આ વિષય સંબધી કોઇ આગળ કશુંજ બોલ્યો નહિ, તો પણ એનું હૃદય તો નિરંતર એજ વિષય સબધી વિચારોમા મગ્ન રહેતું હતું. આ સમયે તેનુ અંતઃકરણ દ્રવીભૂત થઇ તેમા જે ખટકો પેશી ગયો હતો તે ગુલામગીરીનો પૂર્ણ નાશ થતા સુધી નીકળ્યો ન હતો. ગુલામગીરી બંધ કરવાનો તેણે દૃઢ સંકલ્પ કર્યો અને ઇશ્વરકૃપાથી તે પરિપૂર્ણ થયો !

ઇ. સ. ૧૮૩૦ ના સુમારે વિલીયમ લોઇડ ગૅરીસન નામક એક મોટા ગૃહસ્થે 'લિબરેટર' (Liberator) નામનુ એક વર્તમાનપત્ર શરૂ કર્યું ત્હેનો ઉદ્દેશ ગુલામગીરીનો અન્યાય લોકોને સમજાવવાનો હતો. કેટલાક તોફાની માણસોએ સેન્ટલુઇસ શહેરમાં લિબરેટરની ઑફીસમાં પેસી જઇ ગૅરિસન અને અન્ય માણસો ઉપર ભયંકર હુમલો કરી કેટલાકના તો પ્રાણ પણ લીધા !

આવીજ રીતના અને એથી પણ વિશેષ ભયંકર ગુલામગીરી સંબધી બનેલા પ્રકારો મિસીસ એચ. બીચ્ટો નામની એક અમેરિકન વિદુષીએ જોયા અને સાભળ્યા હતા.

આ બાબતના વિચારો જ્યારે જ્યારે ત્હેના અંતઃકરણમા ઉદ્ભવતા

ત્યારે ત્યારે તેને કપારી છુટતી. સુધારણા અને જ્ઞાનનો જેમ જેમ પ્રચાર થતો જશે તેમ તેમ આ અન્યાય બંધ થતો જશે, એવી આશાપર તે રહી હતી; પરંતુ ઇ. સ. ૧૮૫૦ માં નાશી ગયેલા ગુલામોને પકડી લાવવા માટેનો કાયદો પસાર કરવાની ખટપટ જ્યારે શરૂ થઈ, અને પોતાને ખ્રિસ્તી કહેવડાવનારા અને અન્ય ભાવિક લોકો પણ જ્યારે "માલિકના જુલમથી ત્રાસીને નાશી ગયેલા ગુલામોને પકડવામા મદદ કરવી, એ નાગરિકોનું કર્તવ્ય કર્મ છે." એવો ઉપદેશ કરવા લાગ્યા; તેમજ ઉત્તરનાં સંસ્થાનોના દયાળુ અને શિષ્ટ મનુષ્યો પણ ગુલામોને પકડી આપવા માટે ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો શુ મત છે, તે જાણવા માટે સભાઓ ભરી ઉહાપોહ કરવા લાગ્યા, ત્યારે આ બાઇને આશ્ચર્ય સહિત ઘણોજ ખેદ થયો. હવે તેનાથી સ્વસ્થ બેસી રહેવાયુ નહિ. ગુલામગીરીનુ ખરૂં સ્વરૂપ લોકો જાણી શકે તે માટે પોતે જોયેલી અને સાભળેલી હકીકતપરથી 'અન્કલ ટૉમ્સ કૅબીન' (Uncle Tom's cabin) નામનો એક સર્વોત્કૃષ્ટ ગ્રંથ તેણે લખ્યો. આ ગ્રંથમા ગુલામોને બાગમા આખો દિવસ સતત કેવી રીતે રીબાવું પડે છે, કામથી થાકી જતા ઉપરી ઑવરશીઅર ચાબુકથી મારી પુનઃ તેમને કેવી રીતે કામે લગાડે છે, અને આ ઑવરશીઅર જો કદી નીગ્રો હોય છે તો "કુહાડીનો દાડો સ્વબધુનોજ કાળ થાય છે-જાત જાતને બાધે," એ ન્યાયે તે પોતાની જાતવાળાઓને કેવું ભયંકર દુઃખ આપે છે, રાત્રે પેટપૂર ખાવા ન આપતા એક નાની ઓરડીમાં કેવી રીતે પૂરી રાખે છે, પતિ પત્ની, ભાઇ બ્હેન, મા અને ત્હેના છોકરાં એમને પૈસાની લાલસાથી જુદા જુદા માલીકોને વેચી ત્હેમની કેવી દુર્દશા કરે છે, તરૂણ નીગ્રો સ્ત્રીઓની અનેક રીતે કુચેષ્ટા કરી કેવી રીતે ત્હેમના જન્મ નિરર્થક કરે છે, અસહ્ય જુલમના ત્રાસથી કોઇ નાશી જતાં શીકારી કુતરા અને દુષ્ટ લોકો ઇનામની લાલચે

તેમની પાછળ કેવી રીતે પડે છે, હાથ પગમાં બેડીઓ નાખી ગુલામોને વેચવા માટે બજારમાં લઇ જઇ તેમનાપર કેવી રીતે પ્રહાર કરે છે, અને આ સર્વ ક્રૂર અન્યાયોનુ સમર્થન પાદરીઓ બાયબલના આધારો આપીને કેવી રીતે કરે છે, વગેરે હૃદયદ્રાવક, કંપારી ઉત્પન્ન કરનાર આદર્શોનું, તદ્દન આબેહુબ સત્ય વર્ણન તેણે કર્યું છે. આ ગ્રંથથી અમેરિકન પ્રજાપર સચોટ અસર થઇ અને ગુલામગીરી વિરૂદ્ધ લોકમત સારા પ્રમાણમા પ્રકટ થયો. ગુલામગીરીનુ પાપ અને વાસ્તવિક સ્વરૂપ જાણવાની ઇચ્છા હોય તેમણે આ ગ્રંથ અવશ્ય વાચવો.

આ પ્રમાણે ચળવળ થયા પછી જનસમૂહમા બે પ્રબળ પક્ષો બધાયા. એકનું કહેવુ એ હતું કે ગુલામોને સ્વતત્રતા આપવી, ત્યારે બીજાનું કહેવુ એ હતું કે સ્વતત્રતા આપવી નહિ, અને છે તેજ સ્થિતિ ત્હેમને માટે યોગ્ય અને સુખકર છે. આ બન્ને પક્ષો વચ્ચે ઘણા ટટા-બખેડા થયા. ૧૮૫૬ ની સાલ પછી અમેરિકાની સ્થિતિ ઘણી નાજુક થતી ચાલી. પરતુ દેશપર આવેલુ આ સકટ દૂર કરવાને સમર્થ એવો એક મહાપુરૂષ આ સમયે પ્રેસિડેન્ટની જગ્યાપર ચુટાઇ આવ્યો. એ પુરૂષ તે **અબ્રાહામ લિંકન** હતો.

અમેરિકન લોકોને પોતાના પૂર્વ સચિત પાપનું પ્રાયશ્ચિત્ત કરવું જરૂરનુ હતુ ઇ. સ. ૧૮૬૦ માં ગુલામોને સ્વતત્રતા આપવા માટે અને અન્ય કેટલાક કારણોને લીધે દક્ષિણ અને ઉત્તરના સંસ્થાનોમાં એક ભયકર યાદવાસ્થળી (Civil war) શરૂ થઇ અને તે ચાર પાચ વર્ષ ચાલી યુદ્ધ શિવાય આ તકરારનોં અત આવે અને અમેરિકાના બે કકડા થાય નહિ, તે માટે મહાત્મા લિકને તનતોડ મહેનત કરી; પરંતુ યુદ્ધ શિવાય તકરારનો અંત આવવાનો રગ દેખાયો નહિ. ઇ. સ. ૧૮૬૧ મા પ્રેસિડેન્ટ લિંકને ૫,૦૦,૦૦૦ સ્વય સેવક

ફોજની માગણી કરી.* વિરૂદ્ધ પક્ષના એટલે દક્ષિણ સંસ્થાનના લોકોએ બંડનો વાવટો ફરકાવ્યો. ઇ. સ. ૧૮૬૨ ના એપ્રિલ માસમાં ગુલામગીરી બંધ કરવાનો કાયદો પસાર કરવામા આવ્યો. પ્રથમ તો બડ કરનારાઓને નજીવો જય મળી તેમની ચઢતી થવા લાગી અને તેઓ રાજધાનીપર-વૉશિંગ્ટન શહેરપર ચઢી આવવાનો વિચાર કરવા લાગ્યા. પ્રેસિડેન્ટ લિંકને પુનઃ અધિક સૈન્ય બોલાવ્યુ અને બડ સમાવી દેવાનો પ્રયત્ન કર્યો. યુલિસિસ એસ. ગ્રાંટ નામનો એક હુશિયાર સેનાપતિ પ્રેસિડેન્ટને મળ્યા પછી યુદ્ધનો રગ ફર્યો અને બડખોરોનું જોર ઘટતું ચાલ્યું. પ્રેસિડેન્ટ લિકને ઇ. સ. ૧૮૬૨ ના સપ્ટેમ્બર મહિનામા "આવતા વર્ષના આરંભમાં એટલે તા. ૧ જાનેવારી ૧૮૬૩ ના દિવસથી ગુલામગીરી બધ કરવામાં આવશે." એમ જાહેર કર્યું. તેમજ તે વર્ષમા ડિસેમ્બરની તા. ૩ ના રોજ "વિરૂદ્ધ પક્ષના જે લોકો હથીઆરો નીચે મૂકશે અને કાયદા પ્રમાણે વર્તી દેશનુ સરક્ષણ કરવાનુ વચન આપશે, તેમને માફી આપવામા આવશે," (The Lincoln Amnesty) એમ પણ પ્રેસિડેન્ટ લિકને જાહેર કર્યું બન્ને પક્ષનુ યુદ્ધ ચાલુ હતું તે વખતે ઇ. સ. ૧૮૬૩ ની પહેલી તારીખે દાસ્યવિમોચનનુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ. આ વખતે બંડખોરોનું જોર ઘણું કમી થયુ હતું; તો પણ લડાઇ તો ચાલુજ હતી. એટલામાં પ્રેસિડેન્ટ લિકનની મુદત પુરી થઇ, પરંતુ પુન. પણ ઇ. સ. ૧૮૬૫ ના માર્ચ માસમાં લિકનનેજ પ્રેસિડેન્ટ તરીકે ચુટી કાઢવામાં આવ્યા. એ પછી થોડાજ વખતમાં તા. ૯ એપ્રિલના રોજ બંડખોર સૈન્યનો મુખ્ય જનરલ લી. પ્રેસિ-

---

* અમેરિકામા સ્થાયી ફોજ (Standing army) નથી દેશ પર કઠિન સમય આવતા પ્રેસિડેન્ટ સ્વય સેવકોની માગણી કરે છે, અને લડવાને સમર્થ લોકો દેશના વાવટા નીચે આવી ઉભા રહે છે.

ડેન્ટના શરણે આવ્યો અને બડ ટૂટી ગયું. બન્ને પક્ષના લાખો મનુષ્યોનો નાશ થયો અને અનેક અબજ રૂપિયાનો નિરર્થક વ્યય થયો. છેવટે ગુલામગીરી બંધ થઇ. સુમારે ૩૦-૪૦ લાખ મનુષ્યોને સ્વતત્રતા મળી. તમામ મનુષ્યો મહાત્મા લિકનનું યશોગાન કરવા લાગ્યા. સ્વતત્ર થયેલા નીગ્રો લોકો તો લિકનને સાક્ષાત્ ઇશ્વરનો અવતારજ માનવા લાગ્યા.

દેશ પર આવેલુ સકટ દૂર કરી અને અન્ય મહત્વના કર્તવ્યો પૂર્ણ કરી પ્રેસિડેન્ટ લિકન બન્ને પક્ષનું સમાધાન કરવાના પ્રયત્નમાં હતા એટલામા એક કીનાખોર મનુષ્યે વૉશિગ્ટનના ફોર્ડ થીએટરમાં તા. ૧૪ એપ્રિલના રોજ તે મહાત્માની ગરદનમા ગોળી મારી તેમનો પ્રાણ લીધો. આ પ્રમાણે આ કાર્યમા મહાત્મા લિકનનુ પણ બલિદાન અપાયુ. ધન્ય છે આવા મહાત્માઓને!!



પ્રકરણ ૧ લું.

દાસાનુદાસ.

મ્હારો જન્મ વર્જીનીયા પ્રાતના ફ્રાંકલિન પ્રગણાના એક બાગમાં ગુલામના કુળમા થયો હોવો જોઇએ તે ક્યા અને કયા દિવસે થયો, તે હુ નક્કી કહી શકુ તેમ નથી; તોપણ હું કોઇ પણ સ્થાને અને ક્યારે પણ જન્મ્યો હોવો જોઇએ તે નક્કીજ છે. તપાસપરથી મ્હને ઘણું કરીને એવી ખબર મળી છે કે હેલ્સફર્ડ નામના આડા રસ્તાપર આવેલી પોષ્ટ ઑફીસ નજીક મ્હારો જન્મ થયો હતો. તે સાલ ૧૮૫૮ કિંવા ૧૮૫૯ હોવી જોઇએ. મહિનો કિંવા તારીખ મ્હારી જાણમાં નથી. મ્હારા બાળપણનુ સ્મરણ તે બાગ અને તેમા કામ કરનાર ગુલામોની ઝુપડીઓજ છે.

અત્યત દુખી, ઉદ્વિગ્ન અને નિરાશાજનક પરિસ્થિતિમા મ્હારા જીવનનો પ્રારભ થયો. ત્હેનુ કારણ માત્ર મ્હારો માલિક અતિશય ક્રૂર હતો તેમ ન હતું; બીજા સાથે તુલના કરતા મ્હારો માલિક વિશેષ કઠોર દેખાતો ન હતો. એક નમુનેદાર ૧૪-૧૫ ચોરસ ફુટની નાની ઝુપડીમાં મ્હારો જન્મ થયો હતો. આ ખોલીમાં મ્હારી માતા, બન્ધુ અને બ્હેન સાથે સિવીલ વૉરનો+ નીકાલ થતા સુધી હુ રહ્યો હતો.

+ ગુલામગીરી બધ કરવા માટે અને અન્ય કંઈ કારણથી ઉત્તર અને દક્ષિણ અમેરિકાના લોકોમા પરસ્પર ચાલેલું યુદ્ધ

સિવીલ વૉર પછી અમો સર્વને મુક્ત કરવામાં આવ્યાં.

મ્હારા પૂર્વજો સંબધી મને કંઇ માહિતી નથી. મ્હારા પૂર્વજોને અને બીજા સીદી લોકોને આફ્રિકાથી અમેરિકા લાવતા, વહાણમાં-રસ્તામાંજ ભયંકર સ્થિતિ સહન કરવી પડી હતી, તે વિષે ઝુંપડીઓમા અને ત્યાર પછી અન્ય સ્થળે કેટલાક લોકોને વાતો કરતા મ્હે સાભળ્યા હતા. માતા તરફથી મને કુળ સબંધી અધિક માહિતી મળી નથી. માતા સિવાય મને એક ઓરમાઇ ભાઈ અને એક ઓરમાઇ બ્હેન હતી. ગુલામગીરીના દિવસોમા ગુલામોના કુટુંબ સબંધી કિવા કાગળ પત્ર તરફ કોઇ વિશેષ લક્ષ આપતું નહોતું. મ્હારી માતા ગુલામનો ધંધો કરનારા એક વ્યાપારીના મનમા ભરાઇ હોવી જોઇએ, એમ મને લાગે છે તેણે તેને વેચાતી લીધી અને ત્યારથી તે તેનો અને મ્હારો માલિક થયો નવીન ગાય કિંવા ઘોડો ખરીદ કરવા જેવોજ આ પણ સોદો હતો મ્હારી માતા સબંધી મને આટલીજ માહિતી છે× મ્હારા પિતા સબંધી માહિતી મને તેટલી પણ નથી, તેમ તેમના નામની પણ ખબર નથી મ્હારો પિતા ગોરો માણુસ હતો અને તે નજીકના એક બાગમા રહેતો હતો, એમ મ્હે સાભળેલુ છે તે ગમે તે હો; મને ઉછેરવા માટે કિવા મ્હારા માટે બીજી કંઇ પણ કાળજી રાખ્યાનુ મ્હેં કદી સાભળ્યુ પણ નથી; અને એમા તેમનો કંઇ પણ દોષ નથી. તે વખતે રાષ્ટ્રે પોતાપર દુર્દૈવથી લાવી નાખેલી એક સંસ્થાનો—ગુલામગીરીનો ભોગ થઇ પડેલા ઘણા અભાગી મનુષ્ય પૈકીનો તે એક હતો

આ ઝુપડી અમારી રહેવાની જગ્યાં હતી, એટલુંજ નહિ પણ તે બાગનું રસોડુ પણ હતુ. મ્હારી માતા બાગની રસોઇયણ હતી. ઝુપડીને કાચના તાવદાન નહતા. બાજુના છિદ્રમાથી પ્રકાશ આવતો

× વૉશિંગ્ટનની માનુ નામ જેન (Jane) હતુ

તેવીજ ઠંડી હવા પણ આવતી. ઝુંપડીને દરવાજા જેવું કંઈક હતુ. કારણ ત્હેનાં મીજાગરાં ક્યારે તુટી પડશે, તે નક્કી નહતુ. દરવાજાને મોટા ચીરાડા પડેલા હતા અને તે અતિશય નાના હતા. એવી રીતે આ ઝુંપડીમાં રહેવુ ઘણું ત્રાસજનક હતું. આ છિદ્રો શિવાય ઝુંપડીની જમણી બાજુએ નીચેના ખૂણા તરફ એક ૭+૮ ચોરસ ઇંચનુ રાત્રે બિલાડીને અંદર આવવા જવા જેવુ મોટું છિદ્ર હતુ. આપસ આપસમા લડાઇ શરૂ થવા પહેલાં વર્જીનીયામાની પ્રત્યેક ઇમારત અને ઝુંપડીને આ માજાર-છિદ્ર હતા. અમારી ઝુંપડીમા આ માજાર-છિદ્રની આવશ્યકતા નહતી; કારણ અન્ય છ સાત છિદ્રોમાથી બિલાડીઓને અંદર બહાર સહજ જતા ફાવતું હતું. ઝુંપડીમાની જમીન લાકડાના પાટીયાથી આચ્છાદિત નહોતી, પરંતુ એકલી માટીનીજ હતી. જમીનના મધ્ય ભાગમા એક મોટું ભોયરૂં હોઇ તે ઉપર પાટીયા નાખેલાં હતા. આ ભોયરામા શિયાળાની ઋતુમા શકરીઆનો સંચય કરતા હતા. એ શકરીઆના ભોયરાનુ ચિત્ર મ્હારા સ્મૃતિપટ ઉપર સારૂં કોતરાઈ રહેલુ છે. શકરીઆ અંદર નાખતા અગર બહાર કાઢતાં તે પૈકી એક બે ઘણી વખત મને મળતા હતા અને તેને શેકી ઘણી ખુશીથી હું ખાતો હતો, એમ મને યાદ આવે છે અમારા બાગમા રસોઇ માટે સ્ટવ નહતો. ગોરા માલિકની અને કાળા ગુલામોની સર્વ રસોઇ મ્હારી મા ખૂલ્લા ચૂલાપર નાના મોટા વાસણમા કરતી હતી. શિયાળામા ઝુંપડીના છિદ્રમાથી આવતી ઠંડી હવાથી અમે કોકડુ થઇ જતા હતા, તેમજ ઉન્હાળામા ખૂલ્લા ચૂલાનો તાપ અમોને અસહ્ય થતો હતો.

તે નાની ઝુંપડીમાં કાઢેલા મ્હારા આયુષ્યની શરૂઆતના વર્ષો બીજા હજારો ગુલામોના જીવનક્રમથી ભિન્ન નહતા. પોતાના બાળકના શિક્ષણ તરફ લક્ષ રાખવા માટે મ્હારી માને દિવસમાં ઘણોજ થોડો વખત મળતો. મળસ્કે કામ શરૂ થતા પહેલાં અને રાત્રે કામ પૂરૂ

થયા પછી મ્હારા તરફ લક્ષ આપવા તેને થોડોક સમય મળતો. બાળપણનું એવું એક મને સ્મરણ છે કે મ્હારી મા રાત્રે ઘણી મોડી કંઇક ખોરાક પકવતી હતી, અને અમો બધાં બાળકોને જમાડવા માટે તે ઉઠાડતી હતી. તે ખોરાક તે કેવી રીતે અને ક્યાંથી લાવતી તેની અમને ખબર પડતી નહતી. અમારા માલિકના ખેતરમાંથી તે મેળવેલો હોવો જોઇએ, એમ મને લાગે છે. કેટલાએક એને ચોરીના રૂપમા લેખશે અને હવે જો એમ બને તો હું પણ તેને ચોરીજ કહીશ; પરંતુ આ બનાવ બનતો તે સમય અને તેનું કારણ જોતાં મ્હારી માએ ચોરી કરી, એવી કોઇનાથી પણ મ્હારી ખાત્રી થાય તેમ નહતું તે ગુલામગીરીનો ભોગ થઇ પડેલી હતી. દાસ્યવિમોચનનું જાહેરનામું પ્રકટ થઇ અમારા કુટુંબનો છૂટકો થયો ત્યાં સુધી કદિ પથારી પર સૂઇ રહ્યાનું પણ મને યાદ આવતું નથી. ગંધાતી જમીન પર નાખેલ ફાટેલા ચીથરાની પથારી પર હું, મ્હારો મોટો ભાઇ જૉન અને બ્હેન આમન્દા એવી રીતે ત્રણ જણ સૂઇ રહેતા હતાં.

'બાલ્યાવસ્થામા કઇ રમતમા મ્હારો સમય જતો હતો?' એવું થોડા દિવસ ઉપર મને કોઇએ પૂછ્યું, ત્યા સુધી મ્હારા આયુષ્યનો કોઇ પણ ભાગ રમત તરફ ખરચાયલો હતો કે કેમ, તેની કલ્પના પણ મને નહતી મને થોડી સમજ આવી તે દિવસથી મ્હારા આયુષ્યમાનો પ્રત્યેક દિવસ કોઇના કોઇ પણ શ્રમમા ગયેલો હતો. મને કદાચ રમવાનો વખત મળ્યો હોત તો હું હાલ વધારે ઉપયુક્ત મનુષ્ય થયો હોત, એમ મને લાગે છે ગુલામગીરીમા કાઢેલા સમયમા મ્હારા હાથે વિશેષ કામ થવા જેવું નહતું, તોપણ મ્હારો ઘણોખરો સમય ચોક વાળવામાં, ખેતરમાના માણસો માટે પાણી લઇ જવામા અને અઠવાડીયામા એક વખત દળવા માટે મીલમાં અનાજ લઇ જવામા જતો હતો. મીલ-ઘંટી બાગથી આશરે ત્રણ માઇલ દૂર હતી. આ

કામથી હું હમેશ ગભરાતો હતો. અનાજથી ભરેલો મોટો વજનદાર કોથળો ઘોડાની પીઠપર નાખી અનાજનો અરધો અરધો ભાગ બન્ને બાજુ નાખતા હતા; પરંતુ દુર્દૈવે વારંવાર અનાજ કોઇ પણ એક બાજુએ વધુ થઇ એક બાજુ નમી તોલ અનિયમિત બનતું અને અનાજના કોથળાસહ હું પણ નીચે પડતો. આ બનાવ ન ભૂલાતાં પ્રત્યેક વખત બનતો. ઘોડાપર અનાજ પાછુ નાખવા મ્હારામાં શક્તિ ન હોવાથી આ સંકટમાથી મુક્ત કરનાર કોઇ પણ પ્રવાસી આવી મ્હારો છુટકો કરતા સુધી ઘણા કલાક મને રાહ જોવી પડતી હતી. અને આ મધ્ય કાળમાનો મ્હારો બધો વખત હમેશ રડવામાજ જતો. એવી રીતે ઘણો સમય ગયા પછી મીલ-ઘટીએ પહોચતા મોડુ થતું અને અનાજ દળાવી લઇ ઘેર પાછા આવતા સુધીમાં ઘણી રાત્રી થઇ જતી. રસ્તો નિર્જન હોઇ ગાઢ જગલમાથી જતો હતો, તેથી ભયથી મ્હારા હાજા ગગડી જતા હતા. સૈન્યમાંથી નાશી આવેલા ઘણા સોલજરો આ સ્થળે સતાઇ રહેતા હોઇ એકાદ નીગ્રો બાળક એકલોજ મળતો તો તેઓ પ્રથમ તેના કાન કાપી લે છે, એમ મ્હે સાભળ્યું હતું. શિવાય ઘેર જવાને વાર થતી કે ગાળોનો વરસાદ વરસી ચાબુકના ફટકા મળશે તેની મને સારી રીતે ખબર હતી.

હુ ગુલામ હતો તે દરમ્યાન શાળાનું મને કઇ પણ શિક્ષણ મળ્યુ ન હતું; તોપણ મ્હારા માલિકની છોકરી સાથે તેણીના પુસ્તકો લઇ નિશાળના દ્વાર સુધી હુ ઘણી વાર ગયેલો, એમ મ્હને યાદ આવે છે. નિશાળમાં ઘણા છોકરાં અને છોકરીઓ અભ્યાસમાં નિમગ્ન થયેલા છે, એ દેખાવથી મ્હારા મનપર ઘણીજ ઉત્તમ અસર થઇ અને નિશાળમાં જઇ એવી રીતે અભ્યાસ કરવો, એ સ્વર્ગપ્રાપ્તિ છે, એમ મને લાગવા માંડયું.

પાછલી બાબતોનું આ વખતે સ્મરણ કરતાં મને યાદ આવે છે કે અમે 'ગુલામ' છીએ, અને 'ગુલામો' ને મુક્ત કરવા કિંવા નહિ, એની વાટાઘાટ ચાલેલી છે, એ વાતનું પ્રથમ જ્ઞાન એક દિવસે સવારે મને થયુ, તે દિવસે મોટા મળસ્કે મ્હારી માએ મને જગાડયો અને પોતાના બધા બાળક પાસે ઘુંટણ નમાવી તેણે ઈશ્વરની એવી પ્રાર્થના કરી કે "ઓ પ્રભુ! લિંકનને અને ત્હેના લશ્કરને જય આપ! એક દિવસે મને મ્હારા છોકરા સહ મુક્ત થવા દે!" આ વિષય સંબંધી વિચાર કરતા જનસમૂહ, વર્તમાનપત્રો અને માસિક પુસ્તકોના તદ્દન અનુભવી હોય તેમ, દક્ષિણ અમેરિકાના તમામ ગુલામો રાષ્ટ્રમા ચાલેલી ચળવળ માટે પૂર્ણ ખબરો કેવી રીતે મેળવતા તે હુ સમજી શક્યો નહિ. ગેરિસન, લવજાય અને બીજા કેટલાએક ગુલામોને સ્વતત્રતા આપવા માટે પ્રયત્ન કરવા લાગ્યા ત્યારથી દક્ષિણમાંના બધા ગુલામોનું ધ્યાન, આ ચળવળને ફત્તેહ કેવી રીતે મળશે તે તરફ ખેચાયુ સિવીલ વૉરની તૈયારી વખતે અને તે શરૂ થઇ તે વખતે હું જો કે છેક નાનો હતો તોપણ મોડી રાત્રે મ્હારી મા અને બાગમાના બીજા ગુલામોનાં સંભાષણો થતા મ્હે સાભળેલાં છે. આ સંભાષણ ઉપરથી, ત્હેમને પારસ્થિતિનુ સારૂં જ્ઞાન હતું અને બનેલા બનાવની માહિતી ત્હેમને કર્ણ પર પરાથી મળતી, એમ જણાઇ આવતુ હતું.

લડાઇ ચાલતા લિકને જે વખતે પ્રેસિડેન્ટની જગ્યા માટે ઉમેદવારી જાહેર કરેલી ત્યારે મોટા શહેર, રેલ્વે સ્ટેશન અને દૈનિક પત્રો પોતાનાથી ઘણે દૂર હોવા છતા અમારા બાગમાના ગુલામો વાદગ્રસ્ત મુદ્દાની સારી માહિતી ધરાવતા હતા. ઉત્તર અને દક્ષિણ એ એની વચ્ચે યુદ્ધ શરૂ થયા પછી અમારા બાગમાના પ્રત્યેક ગુલામને એવી ચોક્કસ ખાત્રી થઇ હતી કે આ યુદ્ધ શરૂ થવામા જો કે બીજા પણ કેટલાંક વાદગ્રસ્ત કારણો હતા, તોપણ તેમાં ગુલામગીરીનો પ્રશ્ન મુખ્ય હતો.

ઉત્તર તરફના લશ્કરનો જો જય થાય તો તેનું એક પરિણામ "ગુલામોની મુક્તતા" એ હતું. એવી રીતે દૂર દૂરના બગીચામાંના મ્હારા અજ્ઞાન જાતિબન્ધુઓની પણ ચોક્કસ ખાત્રી થયેલી હતી. ઉત્તર તરફના સંયુક્ત (Feederal) સૈન્યનો પ્રત્યેક જય અને દક્ષિણના ટોળામાં સામીલ થયેલા (confederate) સન્યનો પ્રત્યેક પરાજય, એ તરફ સર્વનુ ચિત્ત એકસરખું ચોટી રહ્યું હતું. મોટી મોટી લડાઇઓના પરિણામની ગોરા લોકોને ખબર થતા પહેલાં ઘણીવાર ગુલામોને તેની માહિતી મળતી. પોતાના માલીકની ટપાલ લેવા જવા માટે પોષ્ટ ઑફીસમાં જનારા નીગ્રો તરફથી આ ખબર હમેશ તેમને મળતી. અમારા બગીચાથી પોષ્ટ ઑફીસ આશરે ત્રણ માઇલ દૂર હતી. ટપાલ અઠવાડીયામા એક કિંવા બે વખત મળતી હતી. ટપાલ મળ્યા પછી ઘણા ગોરા લોકો પોષ્ટ ઑફિસમા મળતા અને ત્યા તાજી ખબરોનો ઉહાપોહ કરતા હતા. તે વખતે તેમના ભાષણનો સારાંશ સમજી લેવા માટે ટપાલ લેવા ગયેલો નીગ્રો ત્યાજ ઉભો રહી તેમનુ ભાષણ સાભળતો અને પોતાના ધણીના ઘર તરફ પાછો આવતાં રસ્તામા મળતા ગુલામોને પોતે સાભળેલી હકીકત કહી સંભળાવતો. જેથી ઘણી વખત માલીકને ખબર થવા પહેલાજ ગુલામોને હકીકત મળી જતી એવો કોઈ પણ પ્રસંગ મને યાદ આવતો નથી કે મ્હારી બાલ્યાવસ્થામા કિંવા યુવાવસ્થામા અમારા કુટુંબમાના બધા માણસો એકત્ર જમવા બેઠા હોઇએ, અને અમો બધાએ ઈશ્વરની પ્રાર્થના કરી હોય, તેમજ બધાનું ભોજન ઉત્તમ રીતે પૂરૂં થયું હોય. વર્જીનિયામાના બાગમા અને ત્યાર પછી પણ મુગાં જનાવરોને જે પ્રમાણે અન્ન મળે છે તેવું અમો છોકરાઓને મળતું. કોઇ સમયે એક રોટલાનો કકડો તો બીજા સમયે થોડા બટાટા અથવા થોડું દૂધ કે એવો કાંઇ ખોરાક થોડો ઘણો અમોને ખાવા મળતો.

કોઇ કોઇ વખતે અમારા કુટુંબમાંના કેટલાએકને રાંધવાનાં વાસણોમા વધેલું અથવા એઠું રહેલું ખાવાનુ મળતુ અને કેટલાએકને ટીનનો ટાટ ટેબલના બદલે ઘુંટણપર મૂકી હાથથી ખાવુ પડતુ. હું મોટો થયા પછી મને જમવાની વખતે માલીકને ઘેર જવું પડતુ અને કાગળના પખાથી ટેબલપરની માખીઓ ઉરાડવી પડતી. ગોરા લોકોની વાતો ઘણું કરી યુદ્ધ અને ગુલામોની સ્વતત્રતા વિષેજ થતી. મને તે સાભળવાનો ઘણોજ શોખ હતો. એક વખત મ્હારી તરૂણ શેઠાણીઓ અને તેમના મહેમાનોને ચોકમાં જીંજર કેક (એક પકવાન્ન) ખાતા મ્હે જોયા, તે વખતે મને તે કેક એ એક અતિશય સ્વાદિષ્ટ અને મધુર પકવાન્ન છે, એમ લાગ્યુ. તેજ ક્ષણે મ્હારો એવો નિશ્ચય થયો કે સ્વતત્ર થયા પછી જે વખતે મને જીંજર કેક મળશે અને એમની માફક જ્યારે હુ તે ખાઇશ ત્યારે મ્હારી મહત્વાકાક્ષા પૂર્ણ થઇ માનીશ. પછી જ્યારે લડાઈ લબાતી ચાલી ત્યારે પુષ્કળ ગોરા લોકોને અનાજ મળવાની પંચાત પડવા લાગી. મને લાગે છે કે ગોરા લોકો કરતાં ગુલામોને અન્નની હાડમારી ઓછી હતી કારણ કે તેમનું હમેશનુ અન્ન કહીએ તો હલકુ અનાજ, બાજરીનો રોટલો ઇત્યાદિ હતું. આ વસ્તુઓ બાગમા-વાડીમા સહજ ઉત્પન્ન થતી. પરતુ ગોરા લોકોને જરૂરની વસ્તુઓ એટલે કૉફી, ચ્હા, ખાડ અને અન્ય પદાર્થો બાગમા પેદા થતા નહતા. લડાઇના કારણે આ વસ્તુઓ બહારથી લાવવાનુ પણ અશક્ય થઇ પડયુ હતું. જેથી ગોરા લોકોને તે બાબતની ઘણી હરકતો ભોગવવી પડી કૉફીને બદલે શેકેલા અનાજનો અને ખાડને બદલે એક પ્રકારના કાળા ગોળનો ઉપયોગ તેઓ કરતા. ઘણીક વખતે તો ચ્હા અગર કૉફીમા નાખવાનો મિષ્ટ પદાર્થ પણ તેમને મળી શકતો નહિ.

મને યાદ આવે છે કે મેં પ્રથમ ઉપયોગમાં લીધેલા મારા

જોડા લાકડાના હતા. તેનો ઉપરનો ભાગ ખરબચડા ચામડાનો હોઇ તેનું તળીયુ એક ઇંચ જાડા લાકડાનુ હતું. હુ ચાલતો ત્યારે તેનો મોટો અવાજ થતો. વિશેષમાં તે ઘણા ત્રાસજનક હતા. કારણ કે તે નરમ ન હતા. તે વાપરનારો માણસ વિલક્ષણ દેખાતો. નાનપણમા હુ ગુલામ હતો તોપણ તાટીનનો સદરો પહેરવો મને ઘણોજ દુખદાયક થતો. અમે રહેતા હતા તે વર્જીનિયાના ભાગમાં ગુલામોને તાટીનના જ લુગડાં વાપરવાને આપવામાં આવતાં હતા. અમારા લુગડાનુ તાટીન ઘણુંજ ખરબચડુ, સસ્તુ અને ટકાઉ હતું. એવા તાટીનનો નવો સદરો પહેલવહેલો શરીર ઉપર પહેરતાં, જાણે મ્હોઢામાથી દાંત ખેચી કાઢતા હોઇએ તેવું દુઃખ થતુ; અગર ફાફડીયા થોરના દશબાર ફાફડા અથવા સોએક ટાંકણીઓ ઘોચવા જેટલું દુઃખ અનુભવાતુ. એવી તરેહના કપડામાનુ એકાદ કપડુ શરીરપર પહેરતાં જે કષ્ટ દુખ થતું તેનું સ્મરણ હમણા પણ ભૂલી શકાતુ નથી. મ્હારૂં શરીર નાજુક અને નરમ હોવાથી મને વિશેષ દુઃખ થતું. પહેરવો હોય તો તાટીનનોજ સદરો નહિ તો કઈ નહિ, એવી મ્હારી અવસ્થા હતી. તે લુગડાં પહેરવા ન પહેરવા મ્હારી મરજી ઉપર હોત તો મ્હે કદીજ પહેર્યું ન હોત! જ્યારે જ્યારે મને નવો સદરો પહેરવાનો પ્રસગ આવતો તે વખતે મ્હારો મોટો ભાઇ જૉન મારે બદલે તે સદરો નરમ થતાં સુધી પોતે પહેરતો; અને મ્હારા ઉપર મહાન ઉપકાર કરતો. હુ મોટો થતા સુધી મને આ એકજ લુગડુ વાપરવાને મળતું.

મ્હે ઉપર જે કઈ કહ્યું છે તે ઉપરથી કોઇને પણ સહજ કલ્પના થશે કે મ્હારી જ્ઞાતિને ગોરા લોકો માટે દ્વેષ હતો, કારણ કે દક્ષિણમાના ઘણા ગોરા લોક લડાઇમાં ગયા હતા અને દક્ષિણ તરફના લોકોને જય મળે તો ગુલામોને હમેશને માટે દાસત્વમા રહેવુ પડે તેમ હતું. અમારા તરફના ગુલામો સંબંધી તેમજ દક્ષિણમા જ્યાં જ્યાં

ગુલામોને સારી રીતે રાખવામા આવતા હતા એવા ઘણા ગુલામો માટે આ કહેવું ખરૂં નહતું. લડાઇ ચાલતાં મ્હારો એક તરૂણ માલીક માર્યો ગયો, અને તેના ઘરમાંના બીજા બે જણ મરણતોલ થયા જે વખતે મ્હારા માલીક માર્સબિલીના મરણની ખબર આવી તે વખતે ગુલામોને જે કઇ દુઃખ થયુ હતું તે મ્હારાથી હજુ સુધી ભૂલી શકાતુ નથી. તે દુઃખ, ઉપરથી બતાવવાનું નહિ હોતાં વાસ્તવિકજ હતું. ગુલામો પૈકી કેટલાએકે માર્સબિલીની શુશ્રૂષા કરી હતી અને બીજા કેટલાએક તે નાનો હતો ત્યારે તેની સાથે રમેલા હતા કેટલાએકોને ઑવરશીઅર અગર માલીક મારતા ત્યારે તેમને નહિ મારવા માટે માર્સબિલીએ પ્રાર્થના કરી હતી. માલીકના (માર્સબિલીના) ઘરના માણસોને જે કઇ દુઃખ માર્સબિલીના મરણથી થયુ તેટલુજ દુઃખ ગુલામોને પણ થયુ. જ્યારે જખમી થયેલા બે તરૂણોને ઘેર લાવવામા આવ્યા ત્યારે ગુલામોએ પોતાની સહાનુભૂતિ અનેક રીતે દર્શાવી અને પોતાના સગાસબધી પ્રમાણે તેમની શુશ્રૂષા કરવાને તૈયાર થયા હતા. કેટલાએકે પોતાના જખમી થયેલા માલીકની પાસે બેસી આખી રાત સેવા કરવાની સમતી માગી હતી. તેમની મમતા અને લાગણી, તેમના ઉદાર અને સરળ સ્વભાવનું પરિણામ હતું. પુરૂષમડળ લડાઇમાં ગયા પછી ઘરમાંના બૈરાં છોકરાંનુ સરક્ષણ કરવા માટે તેમણે પોતાના જીવ પણ જોખમમા નાખ્યા હતા પુરૂષવર્ગ બહાર જાય તે સમયે માલીકને ઘેર સૂઇ રહેવા માટે જેને નીમવામા આવેલા, તેને તે એક મોટું માન મળ્યુ, એમ લાગતું રાત્રે તરૂણ અગર વૃદ્ધ સ્ત્રીઓને ત્રાસ આપવાનું જો કોઇના મનમા આવે તો પ્રથમ ગુલામને માર્યા સિવાય તેને આગળ વધવાનો માર્ગ નહતો. ગુલામગીરીમા હો કે સ્વતત્રતામાં હો, પણ મ્હારા જ્ઞાતિબન્ધુઓએ 'વિશ્વાસઘાત કર્યાના દાખલા બહુ થોડાજ મળશે, એમ મને લાગે છે. બીજા કોઇએ આ બાબતમાં અનુ-

બવ મેળવ્યો છે કે નહિ, તે હું કહી શકતો નથી.

સાધારણ રીતે મ્હારા જ્ઞાતિ બન્ધુઓએ લડાઇ થતાં પૂર્વે અને લડાઇ ચાલતી વખતે ગોરા લોકો માટે દ્વેષબુદ્ધિ રાખેલી નહતી. એટલુંજ નહિ પણ ઉલટા એવા ઘણા દાખલા છે કે લડાઇ શરૂ થઈ તે વખતથી કેટલાએક કારણને લીધે ગરીબ અને અનાથ થયેલા પોતાના પૂર્વના માલીકની અને શેઠાણીની તેમણે બહુજ કાળજી રાખેલી છે. પોતાના આગળના માલીકોને વિપત્તિથી ત્રાસ થાય નહિ માટે તેમના પહેલાના ગુલામોએ કેટલાએક વર્ષો સુધી પૈસાની મદદ કરેલી છે, એવા પણ કેટલાએક દાખલા મ્હારી જાણમા છે; તેજ પ્રમાણે પોતાના પહેલાના માલીકના બાળકોના શિક્ષણ માટે તેમણે મદદ કરેલી છે, એવા પણ કેટલાક ઉદાહરણ છે. એક દાખલો તો એવો છે કે દક્ષિણમાના એક મોટા બગીચાના, પહેલાના સાહુકારનો છોકરો દારૂના વ્યસનથી અત્યત બગડી જઇ દરિદ્રી થયો હતો; અને આ બગીચામાના કાળા લોક પોતે જો કે ગરીબ હતા તો પણ તેમણે કેટલાંએક વર્ષ સુધી તેને અન્નવસ્ત્રની હરકત પડવા દીધી નહતી. કોઇએ ખાંડ, કોઇએ કૉફી, કોઇએ દૂધ અને કોઇએ કઇ તો કોઇએ કંઇ એવું તેને આપ્યા કર્યું હતું. વૃદ્ધ માર્સટૉમની (જુના માલીકની) માહિતી જેને જેને પ્રત્યક્ષ અગર અપ્રત્યક્ષ હતી એવા કોઈ પણ બગીચામા રહ્યા ત્યાં સુધી તેમણે પોતાના જુના માલીકના છોકરાને પોતાની હરેક વસ્તુ તેના ઉપયોગ માટે આપી, તેને કોઇ પણ વખતે કોઇ પણ બાબતની અડચણ પડવા દીધી નહતી.

મ્હારા જ્ઞાતિ બન્ધુઓ પૈકી કોઇએ પણ વિશ્વાસઘાત કર્યાના દાખલા ક્વચિતજ મળશે. વર્જીનિયામાંના પહેલાંના એક ગુલામના દાખલા ઉપરથી આ વાત બરાબર સ્પષ્ટ થાય છે. એ ગુલામ મને થોડા દિવસ અગાઉ ઓહિઓ સંસ્થાનમાંના એક નાના શહેરમાં મળ્યો

હતો. તેણે પોતાના માલીક સાથે દાસ્યવિમોચન થતાં પહેલા બે ત્રણ વર્ષ ઉપર એવો કરાર કર્યો હતો કે દર વર્ષે પોતાના દેહ માટે અમુક એક રકમ આપી કેટલાએક વર્ષ પછી મુક્ત કરવો. એ વચનનું પરિપાલન કરવામાટે માલીકની આજ્ઞાનુસાર ગમે તે સ્થળે ગમે તે કાર્ય કરતો હતો.

ઓહિઓ સસ્થાનમા મજુરી સારી મળશે એમ સમજી આ ગુલામ તે તરફ ગયો. દાસ્યવિમોચનનું જાહેરનામુ પ્રસિદ્ધ થયુ ત્યારે તેને પોતાના માલીકના ત્રણસો ડાલર દેવા રહ્યા હતા. જો કે જાહેરનામા પ્રમાણે તેને હવે પોતાના માલીકનુ કરજ આપવાનું કારણ ન હતું; તો પણ આ કાળો માણસ વર્જીનિયામા પોતાના માલીક સાથે ચાલતો ગયો અને તેણે તેનો છેવટનો ડાલર વ્યાજ સુદ્ધા આપ્યો આ સંબધમાં અમારી સાથે વાત કરતા તે બોલ્યો કે "કાયદાથી જો કે મને આ દેવું આપવાનુ રહ્યુ ન હતું તોપણ મ્હેં મારા માલીકને વચન આપેલુ હતું. મ્હારૂં વચન * મ્હે કોઇ દિવસ તોડયુ નથી" આપેલું વચન પાળ્યા સિવાય સ્વતત્રતાનો ઉપભોગ કરી શકાય નહિ. એમ તેની માન્યતા હતી.

ઉપર્યુક્ત હકીકતપરથી કેટલાએક ગુલામોને સ્વતત્રતાની ઇચ્છા ન હતી, એમ કોઇ અનુમાન કરે, પણ તે વાસ્તવિક કહેવાય નહિ. સ્વતત્રતા નહિ ઇચ્છનાર અગર ગુલામગીરીની અપેક્ષા રાખનાર કોઇ પણ મને કદી પણ મળ્યો નથી.

કમનશીબે ગુલામગીરીની જાળમાં સપડાતી વ્યક્તિ માટે અને રાષ્ટ્ર માટે મને અતઃકરણપૂર્વક લાગણી થતી હતી. મ્હારી જ્ઞાતિના દાસત્વ માટે દક્ષિણના ગોરા લોકોપર દ્વેષભાવ દર્શાવવાનુ મ્હેં ઘણા દિવસથી

* મુદતના કાયદાનો લાભ લેવાની ઇચ્છા રાખનારા અમારા ભાઇઓએ આ દાખલો લક્ષમા રાખવા જેવો છે. અનુવાદક.

છોડી દીધુ છે. ગુલામગીરી શરૂ કરવાની જવાબદારી અમારા રાષ્ટ્રમાની કોઇ પણ એક વિશિષ્ટ સમાજપર નથી. સરકારે આ સસ્થાને સ્વીકારી ઘણાં વર્ષ સુધી તેનુ સમર્થન કર્યું હતુ. રિપબ્લિકની સામાજીક અને સાંપત્તિક સ્થિતિ સાથે આ સસ્થાની જાળ ગુંચાઇ જવાથી આ સસ્થા એકદમ નષ્ટ કરવાનું કાર્ય દેશને કંઇ સહેલુ નહતુ. પુનઃ ગેરસમજ અને જાતિદ્વેષને બાજુએ રાખી વસ્તુસ્થિતિ તરફ જોતાં અમારે કબુલ કરવુ જોઇએ કે ગુલામગીરી જો કે ક્રૂર અને અનીતિકારક છે, તો પણ દેશમાં રહેતા કોટયાવધિ નીગ્રો (જે પોતે અગર જેના પૂર્વજો અત્રે ગુલામગીરી અનુભવે છે) જગતના બીજા કોઇ પણ ભાગમાંની તેટલીજ સખ્યા કરતાં સાંપત્તિક, બૌદ્ધિક, નૈતિક અને ધાર્મિક દષ્ટિએ અધિક સારા અને આશાજનક છે. એટલું ખરૂ છે કે આ દેશમાં જેમણે કિંવા જેમના પૂર્વજોએ ગુલામગીરીનો અનુભવ લીધો છે, એવા નીગ્રો પોતાની જન્મભૂમિના લોકોને જ્ઞાન આપવા માટે મિશનરી તરીકે આફ્રિકામા હમેશ પાછા જાય છે; પણ એ ઉપરથી ગુલામગીરીનું હું સમર્થન કરૂં છુ, એમ કોઇએ સમજવું નહિ; ઉલટું સસ્થાની દષ્ટિથી હું તેને દોષ આપુ છુ. ઉદાર બુદ્ધિથી નહિ પણ કેવળ સ્વાર્થ માટે અને સાપત્તિક સુસ્થિતિ માટે આ સસ્થા અમેરિકાનાં સ્થાપન થઇ હતી, તે અમો બધાને ખબર હતી. ઈશ્વિર કઇ વિશિષ્ટ હેતુ સિદ્ધ કરવા માટે મનુષ્ય અને સસ્થાઓનો વારવાર કેવો ઉપયોગ કરે છે તે દર્શાવવા માટે અને આ તરફ લક્ષ ખેચવા માટે ઉકત•વિધાન કર્યું છે. અત્યત નિરાશાજનક દેખાતી પરિસ્થિતિમા પણ મ્હારી જ્ઞાતિના ભાવી સંબધી મ્હારી આટલી શ્રદ્ધા કેમ છે? એમ જ્યારે લોકો મને પૂછે છે, ત્યારે હું દયાળુ પરમાત્માએ અમોને કેવી સ્થિતિમાથી મુકત કર્યા છે, તેનું સ્મરણ કરાવું છુ.

હું મોટો અને સમજુ થયા પછી મને એમ લાગવા માંડયું કે અમારા લોકો સાથે જો કે નિર્દયતાથી વર્તન ચલાવવામાં આવ્યું હતું તો પણ ગુલામગીરીથી કાળા અને ગોરાઓને સમાન ફળ મળ્યું છે. આ સંસ્થાનું ખરાબ પરિણામ નીગ્રો એકલાનેજ ભોગવવું પડયું નથી. અમારા બાગ-વાડીમાંના વર્તનક્રમપરથી એ સારી રીતે જણાઇ આવે છે. ગુલામગીરીના યંત્રની એવી રચના કરેલી હતી કે "શ્રમ કરવો એ હલકુ અને અવનતિનું લક્ષણ છે" એમ માનવામાં આવતું હતું. તેથી અમારા બાગના કાળા ગોરા લોક કામ કરવામાં પ્રમાદી બનતા હતા.

આ પ્રકારની કર્તવ્યપદ્ધતિએ ગોરાઓનો આત્મવિશ્વાસ અને કર્તવ્યશૈલીનો ઘણા અંશે નાશ કર્યો હતો. મ્હારા વૃદ્ધ માલિકને ઘણા છોકરા અને છોકરીઓ હતી; પણ તેમાનાં કોઇ પણ કંઈ ધંધો કિંવા કંઈ ફાયદાકારક ઉદ્યોગ શીખેલા ન હતા. છોકરીઓને રસોઇ કરવાનુ, વિદ્યાભ્યાસ કરવાનુ, અગર ગૃહવ્યવસ્થા સારી રાખવાનું શીખવવામા આવેલુ ન હતું આ બધા કામ ગુલામોને સોપેલાં હતા. બાગની સુધારણા કરવામા ગુલામોનો કંઇ સંબંધ ન હતો, અને તે અજ્ઞાન હોવાથી પોતાનુ કાર્ય વ્યવસ્થિત અને ચોખ્ખું કેવી રીતે કરવું, તે સમજવાનો માર્ગ પણ ન હતો. એનું પરિણામ એ આવ્યું કે વાડો નાદુરસ્ત થઇ હતી, દ્વારના મીજાગરાં અરધાં પરધા નીકળી ગયાં હતાં—ઢીલાં થયાં હતા અને બારણા ડગમગતા હતા; બારીઓના તાવદાન ફુટી ગયા હતા, પ્લાસ્ટર ઉખડી ગયુ હતું, અને ચોકમા—આગણામા ઘાસપાલો વધ્યો હતો. સાધારણ રીતે અમારા બાગમાં કાળા ગોરા લોકો માટે અન્નની સામગ્રી ભરપૂર રહેતી, પરંતુ ઘરમાં અને જમવાના મેજપર વ્યવસ્થા, પદ્ધતિ, અને ગૃહસૌખ્યનો અભાવ રહેતો. અન્નનો અને

બીજી વસ્તુઓનો અપવ્યય ઘણો થતો હતો. સ્વતંત્રતા મળ્યા પછી પુસ્તકીય જ્ઞાન અને માલકી હક્ક બાજુએ રાખતાં ગુલામ અને માલીક દરેક જણ સ્વતંત્ર રીતે પોતાનો જીવનક્રમ પુન નવેસર શરૂ કરવાને સરખી યોગ્યતાવાળા થયા હતા. ગુલામોના માલીક અને તેમના પુત્ર એ કોઇ પણ સ્વતંત્ર ધધો શીખેલા ન હતા. શારીરિક શ્રમ કરવો આપણા જેવાને ઉચિત નથી, એ કલ્પનાની અસર તેમના લક્ષમાં ઉલટી રીતે જડાયલી હતી. ઉલટ પક્ષમાં ઘણા ગુલામો કંઇ પણ કળા અગર હુન્નર શીખેલા હતા, અને કામ કરવામા કોઇને શરમ લાગતી ન હતી. માત્ર ઘણાજ થોડા શ્રમ કરવાને નારાજ હતા.

છેવટે લડાઇનો એક વખત અત આવ્યો અને સ્વતત્રતાનો સોનેરી દિવસ-સૂર્ય ઉગ્યો ! અમારા બાગમાંના બધા લોકોને આ મહાન અગત્યનો દિવસ હતો. અમો આ અમૂલ્ય દિવસની માર્ગ-પ્રતીક્ષા કરતા હતા. “ સ્વતત્રતા મળશે ! ” “ સ્વતત્રતા મળશે ! ” એવો પોકાર કેટલાક મહિનાથી થતો હતો. સમરાગણ છોડી ઘેર જતા સીપાહીઓ વારવાર દૃષ્ટિએ પડતા હતા. સૈન્યમાથી છુટા પડેલા મનુષ્યો અને જેમની પલટણ પાસેથી યુદ્ધ ન કરવાનુ વચન મેળવેલું હતું એવી પલટણમાના લોકો અમારા સ્થાન આગળથી વારવાર જતા હતા. “ કર્ણોપકર્ણી ” તારાયત્રનુ કામ ઝપાટાબધ ચાલુ હતુ. બનેલા નાના મોટા બનાવની ખબરો એક બાગમાથી બીજા બાગમાં તાબડતોબ પહોચાડવામાં આવતી હતી. ઉત્તર તરફનું સૈન્ય હલ્લો કરશે એ ભયથી ચાંદીની અને અન્ય મૂલ્યવાન વસ્તુઓ મોટાં ઘરોમાંથી કાઢી જંગલમાં દાટી રાખવામાં આવી અને તેપર વિશ્વાસુ ગુલામોનો પહેરો રાખવામાં આવ્યો. દાટેલા ખજાનાને જો કોઇ હાથ લગાડતું તો તેની દુર્દશાજ થતી ! ઉત્તર તરફના સીપાહીઓને ગુલામો અન્ન, પાણી, કપડા-લત્તાં, પોતાને વિશ્વાસે સોંપેલી વસ્તુઓ સિવાય અન્ય

સર્વ કંઇ–આપતા હતા. જેમ જેમ તે સસ્મરણીય દિવસ સમીપ આવવા લાગ્યો, તેમ તેમ હમેશ કરતાં ગુલામોના ઝુપડામા અધિક ગાન શરૂ થવા લાગ્યા. આ ગાન હવે જોરથી રંગમા આવવા લાગ્યાં અને આખી રાત ચાલવા લાગ્યા. ઘણાક ગાનમા સ્વતત્રતા વિષે ઉલ્લેખ હતો. આ ગીતો–ગાનો પૂર્વે પણ તેમણે ગાયેલાં હતાં; પરતુ તે વખતે એમ કહેવામા આવતુ કે, આ ગાનનો આ જગત્‌માના સ્વતંત્રતાના વ્યવહાર સાથે કઇ સબધ ન છતાં પરલોક સાથે છે! હવે ધીમે ધીમે તેણે પોતાનો બૂરખો કાઢી નાંખ્યો; અને પોતાના ગાનમાની સ્વતત્રતા એટલે આ જગતમાંના દેહની જ સ્વતત્રતા છે, એમ સ્પષ્ટપણે કહેવાને તેઓ હિંમતવાન થયા. તે સસ્મરણીય દિવસની આગલી રાત્રે બધાને એમ કહેવામા આવ્યુ હતુ કે કાલે સવારે માલીકને ઘેર કઇ વિલક્ષણ ચમત્કાર થવાનો છે. આ રાત્રે કોઇને પણ નિદ્રા આવી નહિ. તે દિવસે સર્વત્ર ઉત્સાહ અને કોલાહલ દેખાવા લાગ્યો. બીજે દિવસે પ્રભાતમા નાના મોટા તમામ ગુલામોને માલીકને ઘેર જમવાનો સદેશો આવ્યો. મ્હારી માતા, ભાઇ, બ્હેન અને બીજા ઘણા ગુલામો સાથે હુ ત્યાં ગયો. અમારા માલીકના ઘરનાં માણસો પૈકી કેટલાક આ વખતે ઘરના ઓટલાપર બેઠેલાં અને કેટલાંક ઉભા હતાં. ત્યા શુ બનાવ બનવાનો હતો તે તેમને જોવા જેવો અને સાભળવા જેવો હતો· તેમજ તેમના મુખપર ચિતાની અને ખિન્નતાની–પણ દ્વેષની નહિ–એવી છાયા દેખાતી હતી. તે વખતે મ્હારા મનપર થયેલા સસ્કારનુ સ્મરણ કરતાં એમ લાગે છે કે આટલી (ગુલામરૂપી) મીલકત નષ્ટ થાય છે માટે નહિ, પણ જેમને આપણે મોટા કર્યા અને આટલાં સબધી બનાવ્યાં, તેમનાથી હવે આપણે છુટા પડીશુ, તે વિચારને લીધેજ તેઓ ખિન્ન જણાતાં હતા. તે પુણ્યશ્લોક પ્રભાતની જાહેર યાદગીરી તરીકે કોઇ

એક અજાણ્યા ગૃહસ્થે (ઘણું કરીને સંયુક્ત સસ્થાનો કામદાર હોવો જોઇએ) બધાની વચ્ચે એક નાનું સંભાષણ કર્યું હતું અને એક અતિ લાંબો પત્ર (મને લાગે છે કે એ દાસ્ય વિમોચનનું જાહેરનામું હોવું જોઈએ) વાચી બતાવ્યો; ત્યાર બાદ "આપણે સર્વ મુકત છીએ અને ગમે ત્યાં અને ગમે ત્યારે જવાને આપણને પરવાનગી છે," એમ કહેવામાં આવ્યુ.

મ્હારી માતા મ્હારી નજીક ઉભી હતી, તેણે નીચે વળી પોતાના બાળકોને ચુંબન કર્યું અને તેના ગાલપર પ્રેમાશ્રુ વહેવા લાગ્યા. બનેલા સર્વ બનાવોનો અર્થ તેણે અમને સ્પષ્ટ સમજાવી કહ્યું: "આવો દિવસ પરમાત્મા આપણને બતાવે એવી ઘણા દિવસથી હું પ્રાર્થના કરતી હતી; અને તે દિવસ જોવાને આપણે જીવીશું નહિ એમ મને લાગતું હતું." ઇત્યાદિ તેણે કહ્યું.

કેટલીક મિનિટ બધાને મોટો આનંદ થયો અને તે આભાર માની નાચવા કૂદવા લાગ્યા. તેમના હૃદયમાં પોતાના પૂર્વ ધણી માટે કઇ પણ લાગણી યા વિચાર સરખો પણ ન હતો; પણ ઉલટ તેમના માટે તેમને દયા આવી. પછી મુક્ત થયેલા કાળા લોકોનો આનદ લાંબો વખત ટકી શક્યો નહિ! કારણ પોતાની ઝુપડીઓમાં ગયા પછી તેમના મનોવિકારમાં ફેરફાર થયાનુ જણાઇ આવ્યું. સ્વતત્ર થયા પછીની મોટી જવાબદારી, પોતાના સબધમાજ ચિંતા, પોતાની અને પોતાનાં બાળ બચ્ચાની ભવિષ્યની વ્યવસ્થા, ઈત્યાદિ વિચારોએ હવે તેમને ઘેર્યા. એકાદ દશ બાર વર્ષની વયના તરૂણ છોકરાને પોતાના નિર્વાહ માટે એકદમ ઘર બહાર વિશાળ જગતમા મોકલવા જેવોજ આ પ્રકાર હતો. થોડાજ વખતમાં, ઇંગ્રેજો કેટલાક શતક જે પ્રશ્નનો વિચાર કરવાંમા મથતા હતા, તે બધા પ્રશ્નો હવે અમારા લોકપર નાખવામાં આવ્યા. તે પ્રશ્નો એટલે ગૃહ, ઉપજીવિકા,

બાળકોની સંભાળ, શિક્ષણ, નાગરિકત્વ, દેવાલયોની સ્થાપના વગેરે હતા. થોડાજ સમયમાં ગુલામોની ઝુપડીઓમાંનો નાચ અને કૂદકા બંધ થઇ ત્યાં ઉદાસીનતા પથરાતી ચાલી, અને એમાં કંઇ આશ્ચર્ય જેવું, પણ ન હતું. કેટલાકને એમ જણાયુ કે હાલ મળેલી સ્વતંત્રતા આપણા ધારવા કરતાં ઘણી ભારે છે ! ગુલામો પૈકી કેટલાક સિત્તેર એંશી વર્ષના વૃદ્ધ હતા, તેમના આયુષ્યમાનો ઉત્તમ ભાગ પૂર્ણ થઇ ગયો હતો. નિવાસનું નૂતન સ્થાન જો કે તેમને મળવાની આશા હતી, પણ પરકીય સ્થળમા અને પરકીય પ્રજામા ઉપજીવિકાનાં સાધન મેળવવાની શક્તિ તેમનામાં રહી ન હતી. એવા લોકોને આ ગૂઢ પ્રશ્ન બહુ કઠિન થઈ પડયો વિશેષમા તેમના અંતઃકરણમા પોતાનો જુનો માલીક, શેઠાણી અને તેમના બાળકો માટે વિલક્ષણ નિષ્ઠા હતી; તે તોડી નાખવાની કલ્પનાજ તેમને ઘણી ભારે લાગવા માડી ! કેટલાકોએ પોતાના માલીકો સાથે પચાસ સાઠ વર્ષ કાઢેલાં હતા, તેમને હવે તેમનાથી દૂર થવાનું કામ કંઇ સહેલુ ન હતું. પ્રથમ છાના છાના અને પછી ધીમે ધીમે વૃદ્ધ ગુલામો એક પછી એક પોતાની ઝુપડીઓ માથી માલીકના ઘર તરફ " હવે અમારે આગળ શુ કરવું ? " એ સંબંધી તેમની સાથે એકાંતમા વાત કરવા જવા લાગ્યા.

પ્રકરણ ૨ જું.

બાલ્યાવસ્થા.

સ્વતત્રતા મળ્યા પછી અમારા બાગમાંના બધા લોકો નીચે જણાવેલી બે બાબતોમા એકમત થયા, અને તમામ દક્ષિણ ભાગમા આજ સ્થિતિ હતી, એમ મને જણાઇ આવ્યુ.

૧ અમારા લોકોએ હવે પોતાનાં નામ બદલવા જોઇએ.

૨ આપણે સ્વતંત્ર છીએ એમ બરોબર લાગવા માટે હવે આપણી જુની જગ્યા નિદાન કેટલાંક અઠવાડિયાં કે દિવસ માટે પણ છોડવી જોઇએ.

કયા કારણથી તે સમજાયું નહિ, પરતુ કાળા લોકોને લાગ્યું કે જુના માલીકની અટક આપણે રાખવી બ્યાજબી નથી તરતજ ઘણાઓએ બીજી અટકો ધારણ કરી. સ્વતંત્રતાનું આ પહેલુ ચિહન હતું. ગુલામગીરીના વખતમાં કાળા મનુષ્યને "જૉન" કિવા "સુસાન" એવા હલકા નામથીજ હાક મારવામા આવતી; એક નામ કરતા અધિક નામોની જરૂર ક્વચિત્‌જ જણાતી. જૉન કિવા સુસાન, એ હૅચર નામક ગોરા મનુષ્યના ગુલામ હોય તો કદી કદી તેને જૉન· હૅચર કિવા હૅચરનો જૉન કહેવામા આવતો. પણ હૅચરનો જૉન કિવા જૉનહૅચર એ નામ સ્વતત્ર માણસને યોગ્ય નથી, એવો વિચાર હવે તેમના મનમાં ઉદ્‌ભવ્યો; તેથી ઘણાઓએ જૉન હૅચરને બદલે જૉન. એસ.

લિંકન, કિંવા જૉન એસ. શર્મન એવા પ્રકારનાં નામ ધારણ કર્યાં. અટકના આરંભમા 'એસ' એ શબ્દ કોઇ પણ નામ માટે આવેલો ન હોય, કાળા લોકોએ કોઇ પદ્ધી પ્રમાણે તેને પોતાના નામે લગાડી દીધો.

ઉપર કહ્યા પ્રમાણે ઘણા કાળા લોકોએ સ્વતત્રતામા કેવી રીતે ફાવીએ છીએ તે જોવા માટે જુના બાગ થોડા દિવસ છોડયા. કેટલોક વખત બહાર રહ્યા પછી વૃદ્ધ ગુલામો પૈકી ઘણા પોતાની જુની જગ્યાએ પાછા આવ્યા, અને પોતાના જુના માલીકો સાથે કઇ કરાર કરી તેમના બાગમા રહ્યા. મ્હારી માનો ધણી એટલે મ્હારા જૉન બન્ધુનો બાપ–અને મ્હારો ઑરમાઇ બાપ–એ એક બીજા માલીકનો ગુલામ હતો. તે અમારા બાગમાં ક્વચિત્ આવતો. વર્ષમા એક વખત, નાતાલના વખતે તે અમારી પાસે આવતો હોવો જોઇએ. એમ મને યાદ આવે છે. લડાઇ ચાલતી વખતે તે સયુક્ત સૈન્યની પાછળ લાગી નાશી ગયો, અને વેસ્ટ વર્જીનિયાના નવા સસ્થાનમાં જઇ રહ્યો. દાસ્યવિમોચનના જાહેરનામા પછી વેસ્ટ વર્જીનિયાના કહાવાવેલી સ્થળે આવવું, એમ તેણે મ્હારી માને કહેવડાવ્યુ. તે વખતે વર્જીનિયાથી પર્વત ઉપર થઇને જતો વેસ્ટ વર્જીનિયાનો માર્ગ ઘણોજ ત્રાસદાયક અને વિકટ હતો. અમારા બધા કપડાં અને ઘરનો બધોસામાન ખટારામાં નાંખ્યો, અને છોકરા ઘણા લાબા માર્ગ–સેકડો માઇલો સુધી ચાલતાં ગયા ! મને યાદ આવતુ નથી કે અત્યાર સુધી અમારા બાગમાથી અમારા પૈકી કોઇ ઘણે દૂર ગયેલુ હોય ! તેથી આ લાબો પ્રવાસ એ અમારા આયુષ્યમાંની એક મોટી મહત્વની બાબત છે, એમ અમને લાગ્યુ અમારા જુના માલીક અને જ્ઞાતિબાંધવોને છોડી જવાનું ઘણું ખરાબ લાગ્યુ. અમે દૂર ગયા ત્યારથી તે અમારા માલીકના મરણ પર્યંત તેમના કુટુંબના વૃદ્ધ માણસો સાથે અમે પત્રવ્યવહાર રાખ્યો; અને ત્યારપછી તેમના કુટુંબના તરૂણ

માણુસો સાથે પણ સંબંધ રાખ્યો. અમે કેટલાંક અઠવાડિયાં સુધી પ્રવાસ કરતા હતા અને રસ્તાપર જ લાકડાં સળગાવી રસોઇ કરતા હતા. મને યાદ છે કે એક દિવસે રાત્રે જુનાં પાટીયાંની એક ઝુપડી નજીક અમે મુકામ કર્યો હતો, અને મ્હારી માતાએ રસોઇ માટે અદર દેવતા-અગ્નિ-તૈયાર કરવાનો અને ત્યાર પછી જમીનપર સુવા માટે બિછાનુ તૈયાર કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ તે અગ્નિ સળગાવે તે પહેલાંજ ધુમાડીયામાથી સુમારે ત્રણ હાથ લાંબો કાળો સાપ નીચે પડયો, અને જમીનપર થઇ નાઠો; તેથી અમારે તે ઝુપડી છોડવી પડી. એમ કરતા કરતાં છેવટે અમે અમારા મુકામે એટલે તે સંસ્થાનના ચાર્લસ્ટન નામની રાજધાનીથી સુમારે પાંચ માઇલ દૂર આવેલા માલ્ડન ગામમાં પહોંચ્યાં.

તે વખતે વેસ્ટ વર્જીનિયાના તે ભાગમાં મીઠાની ખાણોનો ઉદ્યોગ સારી રીતે ચાલતો હતો અને નાનું ગામ માલ્ડન મીઠાના અગરના મધ્ય ભાગમાં હતું. મ્હારા ઓરમાઈ બાપને એક મીઠાની ભઠ્ઠીમા કામ મળ્યુ હતું; અને તેણે અમોને રહેવા માટે એક નાની ઓરડી લઇ રાખી હતી. અમારૂ નવું ઘર વર્જીનિયાના અમારા બાગમાંના ઘર કરતાં કઇ સારૂં નહતું. એક બાબતમાં તે અતિશય ખરાબ હતું. વર્જીનિયાના બાગમાનુ અમારૂ ઘર જો કે સારૂં નહતું, તોપણ અમોને ત્યા હમેશ સ્વચ્છ હવા મળતી હતી. અહીંયા અમારૂં નવું ઘર ગીચ અને આજુબાજુ નજીક નજીક આવેલી ઝુંપડીઓના મધ્યભાગમાં હતું; અને ત્યાં આરોગ્ય ખાતાનો કઇ પ્રબંધ નહિ હોવાથી આજુ-બાજુ ભયંકર અને અસહ્ય ગદકી હમેશ ભરાઇ રહેતી. અમારી નજીકના-પાડોશી-કેટલાક કાળા માણુસો હતા તથા કેટલાક ગરીબ, અશિક્ષિત અને નિર્ધન ગોરા માંણુસો હતા. દારૂબાજી, જુગાર, ટંટા તોફાન અને અનાચાર ઈત્યાદિ પ્રકાર વારંવાર દષ્ટિએ પડતા હતા.

તે નાના શહેરમા રહેનારા બધા લોકોનો મીઠાની ખાણો સાથે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ સબંધ હતો. હુ જો કે નાનો છોકરો હતો, તોપણ મ્હારા બાપે મને અને મ્હારા ભાઇને મીઠાની ભઠ્ઠીમા કામે લગાડયા. હમેશાં મળસ્કે ચાર વાગે અમારે કામ શરૂ કરવું પડતુ હતું.

આ મીઠાની ખાણમાં કામ કરતા હુ પુસ્તકીય જ્ઞાન પૈકી બે અક્ષરો શીખ્યો. પ્રત્યેક મીઠું ભરનારના પીપપર નબરો નાખવામા આવતા મ્હારા ઓરમાઇ બાપના ભાગમા આવેલો નબર અઢાર (૧૮) હતો. પ્રત્યેક દિવસનુ કામ પૂરૂ થતી વખતે મુકાદમ ફરતો ફરતો આવતો, અને અમારા પ્રત્યેક પીપપર અઢારનો આકડો નાખતો. ત્યારથી હુ આ આકડો જોઉં ત્યારે ઓળખતા શીખ્યો, અને બીજા આકડા કે અક્ષર જો કે મ્હારી જાણમા ન હતા, તો પણ અઢાર (18) એ આકડો કાઢતા હુ શીખ્યો.

મને યાદ છે કે હું સમજુ થયા પછી વાચતા શીખવાની મને ઉત્કટ ઇચ્છા થઇ. બાલ્યાવસ્થામાજ મ્હે એવો નિશ્ચય કર્યો કે મ્હારી જીદગીમા જો કે વિશેષ કઇ મને સાધ્ય નહિ થાય તો પણ સામાન્ય પુસ્તક અને વર્તમાનપત્ર વાચતા આવડવા જેટલુ શિક્ષણ તો હુ પ્રાપ્ત કરી લઇશ. અમે વેસ્ટ વર્જીનિયામા આવી રહ્યા પછી અને એક વખત અમારી વ્યવસ્થા થયા પછી "મ્હારા માટે એક પુસ્તક લાવી આપ" એવી મ્હે મ્હારી મા પ્રત્યે વિનતિ કરી. તેણે એક વેબસ્ટરનુ "બ્લ્યૂબેક–સ્પેલિગ બુક" નામનુ પુસ્તક–જેમા મૂળાક્ષર 'Aa, Ba, Ca, Da,' (આ, બા, કા, ડા,) એવા અર્થ રહિત શબ્દ હતા, તે તેણે આણી આપ્યુ. તેણે તે કેવી રીતે અને ક્યાંથી મેળવ્યુ તેની મને ખબર નથી. મ્હારા હાથમા જે કહો તે આ પહેલુ પુસ્તક હતું અને તે મ્હે ઝપાટાથી વાંચી નાખવાની શરૂઆત કરી. વાંચતાં શિખવું હોય તો પ્રથમ મૂળાક્ષર શીખવા જોઇએ, એમ મ્હે

કોઇના મોંઢે સાંભળ્યું હતું. તેથી મને સુઝયું તે માર્ગે મ્હેં પ્રયત્ન કર્યો. આ પ્રયત્નમાં મને શિક્ષકની મદદ નહતી. કારણકે મને શીખવનાર કોઇ મળતો નહતો. તે વખતે આજુબાજુના અમારી જ્ઞાતિના લોકો પૈકી કોઇને પણ વાંચતાં આવડતુ નહતુ અને હુ ગોરા લોકો પાસે જતાં ગભરાતો હતો. કોઇ પણ રસ્તે કેમ ન થાય? થોડાજ અઠવાડીઆમાં ઘણા મૂળાક્ષરો હું શીખ્યો. વાંચતાં શીખવા માટે મ્હેં જે કંઇ પ્રયત્ન કર્યો તે મ્હારી માને પસંદ પડવાથી તેણે મને બની તેટલી મદદ કરી. જો કે તેને કઇ લખતાં વાંચતાં આવડતું નહતું, તોપણ પોતાનાં છોકરાં મહાન થાય એવી તેની મહત્વાકાંક્ષા હતી. તેનામાં સ્પષ્ટ વ્યવહાર અને જ્ઞાનનો ઘણો સંચય હોવાથી, જોઇએ તે પ્રસંગને તે ટક્કર મારી શકતી. હુ ખાત્રી પૂર્વક કહું છું કે જો મ્હેં મ્હારી જીંદગીમાં કઇ સારૂ કર્યું હોય તો તેનું બધું શ્રેય મ્હારી માતાનેજ છે.

શિક્ષણ માટે મ્હારો પ્રયત્ન ચાલુ થતાં ઓહિઓ સંસ્થાનમાં વાંચતાં શીખેલો એક કાળો છોકરો માલ્ડન આવ્યો. જ્યારે અમારા લોકોને તે છોકરાને વાચતા આવડે છે એમ સમજાયું ત્યારે તેમણે એક વર્તમાનપત્ર મેળવવા માંડયુ અને દરરોજ સાયકાળે કામ પૂરૂં થયા પછી તે વર્તમાનપત્રમાની હકીકત સાંભળવા માટે તે છોકરાની ચારે તરફ સ્ત્રીઓ અને પુરૂષોની ભીડ થવા લાગી. આથી આ છોકરા જેવો હુ ક્યારે થઇશ એમ મને વારંવાર થવા લાગ્યું. પોતે જે કંઇ મેળવ્યું છે; તેમા જ સતોષ માનવો, એવી જો આ જગતમા કોઇની સ્થિતિ હોય તો તે આ છોકરાની જ છે, એમ મને લાગ્યું.

આજ અરસામા કાળા છોકરાઓ માટે શાળા ખોલવાના વિચાર સબધી અમારી જ્ઞાતિના લોકોમાં વાટાઘાટ (ઉહાપોહ) ચાલી. વર્જીનિયાના આ ભાગમાં નીગ્રો બાળકો માટે ઉઘડનારી આ પહેલીજ શાળા હોવાથી બધા લોકોમાં આ મહત્વના વિષયમાં મોટી ચળવળ ચાલી;

પણ શિક્ષક ક્યાંથી મેળવવો એ એક વિકટ પ્રશ્ન થઈ પડયો. વર્તમાનપત્ર વાંચનારા હબસીઓના તરૂણ છોકરાને શિક્ષક નીમવાનો વિચાર કરવામાં આવ્યો; પણ વયમાં ઘણો નાનો હોવાથી તે વિચાર છોડી દેવો પડયો. શિક્ષક સંબંધી વાટાઘાટ ચાલતી હતી તે વખતે હબસીઓનો એક બીજો કાળો તરૂણ ગૃહસ્થ અણધાર્યો અમારા ગામમાં આવ્યો; કે જેણે સીપાહિગીરીમા ઘણા દિવસ કાઢયા હતા. તેને સાધારણ શિક્ષણ મળેલું હોવાનુ જણાયાથી કાળા લોકોએ પોતાની પહેલી શાળામાં તેને શિક્ષક નીમ્યો. અદ્યાપિ આ ભાગમા કાળા લોકો માટે મફત શિક્ષણ આપનારી શાળા ઉઘડેલી ન હોવાથી દરેક કુટુંબે દર મહિને કઇ રકમ આપવાનું અને તેજ પ્રમાણે શિક્ષકને એક એક વાર ભોજન કરાવવાનુ કબુલ કર્યું. આ વ્યવસ્થાથી શિક્ષકને ઘણી સવડ પડતી હતી કારણ દરેક કુટુંબ પોતાને ઘેર શિક્ષકના આવવાના દિવસે ભોજનની ઘણી સારી વ્યવસ્થા રાખતા હતા. અમારી નાની ઝુંપડીમા શિક્ષકના આવવાના વારાની રાહ હું મોટી આતુરતાથી જોતો હતો, એમ મને યાદ આવે છે.

કોઇ પણ જ્ઞાતિની ઉન્નતિ વિષે વિચાર કરી જોતાં આખી જ્ઞાતિ શાળામાં શીખવા માટે જવા લાગે એ મનન કરવા જોગ પ્રશ્ન છે એમ દેખાય છે.* મ્હારા જ્ઞાતિ બન્ધુઓએ શિક્ષણ સબંધી જે ઉત્કટ ઇચ્છા દર્શાવી તેની યથાર્થ કલ્પના પ્રત્યક્ષ જોનારા મનુષ્યો શિવાય અન્યને આવી શકે તેમ નથી. મ્હેં ઉપર કહ્યુ તે પ્રમાણે આખી જ્ઞાતિ શાળામાં જઇ શીખવા લાગી. કેટલાક તદ્દન નાના બાળકો શિવાય કોઇને પણ પોતે વૃદ્ધ થયા છીએ, એટલે શીખવાનો યત્ન ન કરવો, એમ લાગતું ન હતું ગમે તેવો શિક્ષક મળતાં જ દિવસની

---

* એક જ્ઞાતિનો એકેએક મનુષ્ય શીખવા માટે શાળામા જવા લાગે એ એક મનનીયજ વાત છે. મ. આ. ક.

શાળા તો ઠીક પણ રાત્રીની શાળાઓ ઉઘાડી તે પણ ભરાઇ જવા લાગી. વૃદ્ધ લોકોને મરણ પૂર્વે પોતે બાયબલ વાંચતાં શીખવું એવી મહાન મહત્વાકાંક્ષા ઉત્પન્ન થઈ. સાઠ સીત્તેર વર્ષના પુરૂષ અને સ્ત્રીઓ રાત્રીની શાળામાં શીખવા જવા લાગ્યાં. હાસ્યવિમોચન પછી રવિવારની શાળા સ્થાપન કરવામાં આવી, અને આ શાળામાં શીખવવામાં આવતું મુખ્ય પુસ્તક કહીએ તો તે સ્પેલિંગ બુક હતી. દિવસની શાળા, રાત્રીની શાળા અને રવિવારની શાળા ચીકાર ભરેલી રહેતી અને જગ્યાના અભાવથી ઘણાને પાછું જવું પડતું.

કનાહાવૅલીમા શાળા ઉઘાડવામા આવી, તો પણ મને અત્યંત નિરાશા પ્રાપ્ત થઇ. કારણ કે હું કેટલાક મહિનાથી મીઠાની ભઠ્ઠીમાં કામ કરતો હતો. તેથી મ્હારો ઓરમાઇ બાપ મ્હારાથી કંઇ કમાતો હતો પેમ તેને જણાવાથી શાળા ઉઘડયા પછી મ્હારે કામ છોડી શાળામાં જવું નહિ એવો પ્રબંધ તેણે ઠરાવ્યો. આથી મ્હારી દરેક આશા નિરાશામા ફરી ગઇ. સવારે અને બપોરે શાળામાં આવતાં જતા છોકરાં મ્હારા કામની જગ્યાપરથી મ્હારી દૃષ્ટિએ હમેશ પડતાં હોવાથી મ્હારી નિરાશામા વધારો થતો ગયો. આટલી નિરાશા થઇ, તો પણ ગમે તેમ કરી કંઇ પણ શીખવાનો નિશ્ચય દૃઢીભૂત થતો ગયો સ્પેલિંગ બુકમાંના પાઠ હું પૂર્વે કરતાં અધિક કાળજીથી અને જીગરથી તૈયાર કરવા લાગ્યો.

મ્હારી આ નિરાશા માટે મ્હારી માને પણ ખોટું લાગ્યું, અને તેણે બનતું કરી મને સાંત્વન આપવાનો અને મ્હારા શિક્ષણ માટે તજવીજ કરવાનો પ્રયત્ન કર્યો. કેટલાક વખત પછી દિવસનું મ્હારૂં કામ પુરૂં થાય ત્યારે મને શિક્ષક રાત્રે કંઇ પાઠ આપવા, એવી વ્યવસ્થા મ્હેં કરી લીધી. રાત્રીના પાઠો એટલા સારા થવા લાગ્યા કે દિવસે કેટલાક છોકરા શીખતા તે કરતાં રાત્રે હું અધિક શીખ્યો, એમ મને

લાગવા માંડયું. મ્હારા પોતાના અનુભવથી રાત્રીની શાળાની ઉપ-યુક્તતા વિષે મ્હારા મનમાં વિશ્વાસ ઉત્પન્ન થયો, અને પછી હૅમ્પટન અને ટસ્કેજીની રાત્રીની શાળા સાથે મ્હેં ઘણો સબધ રાખ્યો. પણ તે વખતે મ્હારી છોકરવાદ બુદ્ધિને દિવસનીજ શાળામા જવું એમ લાગતું, અને પ્રસગોપાત તે સાધવા માટે કોઇ પણ સધિ મ્હે વ્યર્થ જવા દીધી નાહ. છેવટે મને યશ મળ્યો, અને કેટલેક મહિને શાળા-માં જવાની મને સમતિ મળી. મ્હારે સવારે વહેલા ઉઠી ભઠ્ઠીમાં નવ વાગતા સુધી કામ કરવું, અને બપોરે શાળા છુટયા પછી પુન બે કલાક કામ કરવા માટે જલદી પાછા આવવુ, એમ ઠર્યું હતું.

ભઠ્ઠીથી શાળા કેટલેક દૂર હતી. શાળા નવ વાગે શરૂ થતી, અને મને ભઠ્ઠીમા નવ વાગતા સુધી કામ કરવુ પડતું હતું. હું શાળા-મા પહોંચતો તે પહેલાંજ વર્ગ શરૂ થઇ મ્હારા વર્ગમાના ઘણા છોક-રાના ઘડીયા–પાઠ પૂરા થતા, એ અડચણ દૂર કરવા માટે હું એક મોહનો ભોગ થઇ પડયો, અને તેથી મને ઘણા લોક દોષ આપશે એમ લાગે છે; પણ બનેલો ખરો પ્રકાર કહ્યા શિવાય હું રહી શકતો નથી. સત્ય વાતના સામર્થ્યપર અને વજનપર મ્હારી શ્રદ્ધા છે. હકી-કત છુપાવવાથી કાયમનો ફાયદો ભાગ્યેજ થાય છે. ભઠ્ઠીની નાની ઓ-ફીસમા એક ઘડિયાળ હતું. તે ઘડિયાળ પ્રમાણે સેકડો કિબહુના તેથી પણ અધિક કામદારો પોતાનુ દરરોજનું કામ શરૂ કરતા અને સમાપ્ત કરતા ઘાડયાળમાનો નાનો કાટો ૯ ના આકડાપર લગાડુ તો મ્હારાથી શાળામાં ટાઇમસર જઇ શકાશે એવો વિચાર મ્હારા મનમા આવ્યો, અને તે વિચારનો દરરોજ સવારે અમલ કરવા લાગ્યો. કેટલાક દિવસે ભઠ્ઠીના મેનેજરને ઘડિયાળને કોઇ હાથ લગાડે છે, એમ જણાઇ આવ્યાથી તેણે એક પેટી કરી તેમા ઘડિયાળ રાખી તાળું મારી દીધુ. બીજા કોઇને અગવડ કરવી એમ મ્હારા મનમા ન છતાં

ફક્ત હું વખતસર શાળામાં જઉં, એટલુંજ હતું.

પ્રથમ જ્યારે હું શાળામાં જવા લાગ્યો, ત્યારે બે હરકતો મ્હારા આગળ ઉભી રહી. પહેલી એ કે બીજા બધા છોકરાઓને આડી ફુંવા ઉભી ટોપી મૂકી નિશાળમાં આવતા મ્હેં જોયા. મ્હારી પાસે તો કોઇ પણ જાતની ટોપી જ ન હતી! સત્ય કહું તો શાળામાં જવા લાગ્યો ત્યાં સુધી મ્હેં કદી માથે કંઇ ધાલ્યું હોય અથવા બીજાએ 'માથે કંઇ મૂકવાની જરૂર છે' એમ મને કહ્યાનું યાદ આવતું નથી. પણ બીજા બધા છોકરા પોષાક રાખે છે તે જોઈ હવે મને ચેન પડતું નહિ. હમેશ પ્રમાણે મ્હેં આ મ્હારી હરકત મ્હારી માને જણાવી, અને તે વખતે મ્હારા તરૂણ અને વૃદ્ધ જ્ઞાતિબાંધવોએ વાપરવી શરૂ કરેલી છાપની ટોપી વેચાતી લેવાને કહ્યું; પણ તેણે કહ્યું કે આપણી પાસે પૈસા નથી, તથાપિ આ અડચણ દૂર કરવા કંઇ પણ તોડ કાઢીશ. એમ તેણે મને સમજાવ્યું. પછી તેણે પોતાના બોલ્યા પ્રમાણે ઘેર જ તૈયાર કરેલા ખડબચડા કાપડના બે કકડા જોડી એક ટોપી તૈયાર કરી, અને આ મ્હારી પહેલી ટોપી મને મળ્યા પછી મને તે માટે અભિમાન થયું.

આ ટોપીની બાબતમાં મ્હારી માતાએ જે ધડો મને શીખવ્યો તે હું કદી પણ ભૂલ્યો નથી, અને મ્હારા હાથથી મ્હેં બનતો પ્રયત્ન તે બીજાને શીખવવા માટે કર્યો છે. જ્યારે જ્યારે મને આ પ્રસંગ યાદ આવે છે, ત્યારે ત્યારે, આપણે જે નથી તે છે, એમ દર્શાવવાનો-છાપની ટોપી વેચાતી લેવાનું સામર્થ્ય નહોતાં તે છે એમ મ્હારા સોબતીઓને અને અન્યને દર્શાવવાના મોહના ભોગ ન થવાનું મનોબળ મ્હારી માતામાં હતું, તે માટે હું હમેશ મગરૂર બનતો. જે વસ્તુ વેચાતી લેવાને આપણી પાસે પૈસા નથી તે માટે કરજ કાઢવાનું મ્હારી માએ ના કબુલ કર્યું. તે માટે હું હમેશ મગરૂર

થાઉં તો તેમાં શું નવાઇ છે? આ વખત પછી મ્હેં ઘણી સાદી અને ઉંચી ટોપીઓ વેચાતી લીધી છે, પણ કપડાના બે કડકા શીવી મ્હારી માએ તૈયાર કરેલી ટોપીને માટે હું જેટલો મગરૂર બનું છું તેટલો બીજી કોઇ પણ ટોપી માટે થયો નથી. મ્હારા સોબતીઓ પૈકી જેમણે જેમણે છાપની નવી ટોપી ઘાલી પોતાનો જીવનક્રમ શરૂ કર્યો અને મ્હે ઘેર કરેલી ટોપી ઘાલ્યાથી જેમણે જેમણે મ્હારી મશ્કરી કરી હતી તે પૈકી ઘણાઓને કેદખાનામાં રહેવું પડયું, અને બીજા કેટલાકમા કોઇ પણ જાતની ટોપી લેવાનું સામર્થ્ય સરખું પણ રહ્યુ નથી તે મ્હારે મહાન દુઃખ સાથે કહેવું પડે છે.

મ્હારી બીજી હરકત મ્હારા નામ સંબધી હતી મને સમજણ આવી ત્યારથી બૂકર કહેવામા આવતો; પણ સાથે બીજા એક નામની જરૂર છે એમ શાળામાં જતાં પહેલા તો મ્હારા ધ્યાનમાં પણ આવ્યુ નહતું. શાળામા હાજરી લેતાં જ્યારે મ્હે સાંભળ્યુ ત્યારે બધા છોકરાને નિદાન બે અને કેટલાકને ત્રણ નામ હોવાનું મને જણાયુ. મ્હારૂં તો એકજ નામ છે, અને શિક્ષક જ્યારે મને બે નામ પૂછશે ત્યારે મ્હારે શુ કહેવુ, એ વિચારથી હું ગોટાળામાં પડયો મ્હારૂં નામ દાખલ કરવાની સધિ આવવાના અરસામા મને એક કલ્પના સુઝી, અને હું પણ આ વખત ચલાવી લઇશ એવી મને ખાત્રી થઇ. પછી જયારે મને શિક્ષકે 'તારૂં નામ શુ?' એમ પૂછ્યુ ત્યારે મ્હે શાતપણે ઉત્તર આપ્યો કે 'બૂકર વૉશિંગ્ટન'–જાણે કે મને એજ નામથી બોલાવવામા આવતો હોય? અને આજ નામથી પછી મને લોકો ઓળખવા લાગ્યા. પછી મને ખબર પડી કે મ્હારો જન્મ થયા પછી 'બૂકર ટૅલીફરો' એ નામ મ્હારી માતાએ રાખ્યુ હતું; પણ પછી તે નામ કેવી રીતે નષ્ટ થયું અને આટલો વખત કેમ ભૂલાયુ? તેની મને ખબર નથી. પરંતુ મને ખબર પડયા પછી મ્હે તે પુનઃ શરૂ કર્યું;

અને મ્હારૂં પુરૂં નામ 'બૂકર ટૅલીફરો વૉશિંગ્ટન' રાખ્યું. મને લાગે છે કે મ્હારા જેવું નામ રાખી લેવાનું ભાગ્ય અમારા દેશમાં ઘણા થોડાઓને મળેલું હોવું જોઇએ.

સેંકડો વર્ષ વખણાયલા અને પ્રસિદ્ધિમા આવેલા એવા એક મોટા સર્વસંપન્ન અને ઉચ્ચકુળમાં જન્મેલો અગર ઉછરેલો છોકરો કે મનુષ્ય હું હોત તો કેવી મઝા આવી હોત! એવા વિચાર ઘણા વખત મ્હારા મનમાં આવ્યા છે; પણ એવી સ્થિતિ ખરેખર પ્રાપ્ત થઇ હોત તો મારી કર્તૃત્વ–શક્તિપરજ અવલંબી રહેવાના બદલે મ્હારા ઉચ્ચકુળ અને વર્ણપરજ અવલંબી રહેવાના મોહનું બળિદાન હું થઇ પડયો હોત! કેટલાક વર્ષ પૂર્વે મ્હેં એવો નિશ્ચય કર્યો કે જે અર્થે મને ઉત્તમ કુલપરંપરા પ્રાપ્ત થઇ નથી તે અર્થે હું એવા કંઇ સત્કૃત્ય કરીશ કે તે માટે મ્હારાં છોકરા મગરૂર બને, અને મ્હારા કરતા પણ અધિક પ્રયત્ન કરવાને તેમને ઉત્તેજન મળે.

નીગ્રો માટે, વિશેષતઃ નીગ્રો તરૂણો માટે મનુષ્યોનો મત ઉતાવળ અને નિષ્ઠુરતાથી પ્રતિકૂળ થવા દેવો નહિ. નીગ્રો બાળકોને જે કંઇ હરકતો, નિરાશા અને મોહ સાથે ઝુમવું પડયુ છે તેની કલ્પના અન્યને થઇ શકે નહિ. જ્યારે કોઇ ગોરો તરૂણ કંઇ કામ હાથમાં લે છે ત્યારે તેમા તેને યશ મળશેજ, એમ ચોક્કસ ધારવામા આવે છે; પણ નીગ્રોના બાળકોને અપયશ મળતો નથી ત્યારે લોકોને વારંવાર આશ્ચર્ય થાય છે. ટુંકામા કહીએ તો પ્રારંભમાં કોઇ પણ અનુમાન નીગ્રો બાળકની વિરૂદ્ધ હોય છે.

વંશપરંપરાપર વિશેષ આધાર રાખવામાં ન આવે તો કોઇ વ્યક્તિ કિંવા જ્ઞાતિની ઉન્નતિ થવામાં કુલીનતા ઘણી મદદરૂપ થાય છે. નીગ્રો તરૂણોના નૈતિક દોષ તરફ દૃષ્ટિ રાખી જે મનુષ્યો તેમની અને ગોરા તરૂણોની ઉન્નતિની તુલના કરે છે, તેઓ મનમાં ચોટી

રહેતા પોતાના કુળની વાહવાસ્તીનો પ્રભાવ લક્ષમાં લેતા નથી. મ્હે પ્રથમ કહ્યા પ્રમાણે મ્હારી દાદી કોણ હતી, તેની મને કલ્પના પણ નથી. મને કાકા, મામા, કાકી, ફોઇ, પીત્રાઇ ભાઇ અને બ્હેન હતાં; પણ તે પૈકી ઘણાં હવે ક્યાં છે તેનો મને ખબર નથી. અમારા દેશમાંના બધા ભાગના લાખો કાળા લોકોની સ્થિતિ મ્હારા ઉદાહરણપરથી સ્પષ્ટ જણાઈ આવશે. જીંદગીમાં જો આપણને અપયશ મળશે તો કુળકીર્તિને ખુટો લાગશે, એમ ગોરા તરૂણો સમજતા; અને આ એકજ વાત ઘણા મોહનું નિવારણ કરવામા તેમને મદદ કરતી. પોતાના કુળનો ઇતિહાસ અભિમાનાસ્પદ છે, અને એવા ઉત્તમ કુળ સાથે પોતાનો સબધ છે; એ વાત કોઇ વ્યક્તિને યશ મેળવવાના પ્રયત્નમાં અને માર્ગમાંના કટકો દૂર કરવાને ઉત્તેજન આપે છે.

દિવસે થોડોજ વખત શાળામાં જવાની મને સમતિ હતી, અને હાજરી પણ નિયમસર થતી નહિ. થોડાજ વખત પછી પાછું દિવસે શાળામાં જવાનુ બધ થયુ, અને બધો વખત ફરીથી કામે લાગવું પડયું હુ ફરીથી રાત્રીની શાળામા જવા લાગ્યો. ખરૂં જોવા જતા મ્હારી બાલ્યાવસ્થાનું ઘણું ખરૂં શિક્ષણ દિવસે કામ પુરૂં થયા પછી રાત્રીની શાળાનુંજ હતું. સારો શિક્ષક મળવાની મને વારવાર મહેનત પડતી. કદી કદી એવું પણ થતું કે રાત્રે શીખવનાર એકાદ શિક્ષક મળતો પણ તેનું જ્ઞાન મ્હારા જેટલુંજ ભાગ્યું તુટયુ હોય એમ લાગતુ અને તેથી હુ ઘણો નિરાશ થતો. ઘણી વખત રાત્રિના પાઠો બતાવવા માટે મને રાત્રેજ ઘણા માઇલ ચાલીને જવાની જરૂર પડતી. મ્હારા દિવસો કેટલાએ ઉદાસ, નિરાશાથી ભરેલા અને નિરાશાના ગયા હતા, તો પણ મ્હારી તરૂણાવસ્થામાં મ્હારો એક નિશ્ચય સદોદિત જાગ્રત હતો. તે એકે "ગમે તે થાય પણ શિક્ષણ મેળવવુ જ!"

વેસ્ટ વર્જીનિયામા ગયા પછી મ્હારી માતાએ અમે ગરીબ હતાં

તો પણ એક નાનો છોકરો અમારા કુટુંબમાં રાખ્યો. તેને પછી અમે જેમ્સ બી. વૉશિંગ્ટન નામ આપ્યું. અમારા કુટુંબમાં રાખ્યો ત્યારથીજ તે અમારા કુટુબ પૈકીનોજ એક છે, એમ થઇ રહ્યો.

કેટલાક દિવસ મીઠાની ભઠ્ઠીમાં કામ કર્યા પછી, મીઠાની ભઠ્ઠીના બળતણ માટેજ ચલાવવામાં આવેલી કોલસાની ખાણમાં મને કામ મેળવી આપવામાં આવ્યું. કોલસાની ખાણમાં કામ કરવાને હું હમેશ ડરતો હતો. તેનું એક કારણ એ હતું કે કોલસાની ખાણમાં કામ કરતા શરીર ઘણું ગંદુ થતું અને દિવસનું કામ પુરૂં થયા પછી શરીર ધોવાનું કામ ઘણું કઠિન હતું. બીજું, ખાણના મુખથી કોલસાના ભાગ સુધી જવાનો રસ્તો એક માઇલ જેટલો હોઇ તે કાળા અંધકારમાં હતો. કોલસાની ખાણમાં જેવો અંધકાર હોય છે તેવો અન્ય કોઇ સ્થળે હોય એમ હું ધારતો નથી. ખાણની ઘણી શાખાઓ હોય છે, અને આ બધી શાખાઓનાં ઠેકાણાં મ્હેં કદી પણ જોયેલા નહિ હોવાથી હું ઘણી વખત ખાણમા રસ્તો ચૂકી જતો. રસ્તો ભૂલતો એટલે મનમાં ફાળ પડતી અને તેવામાં વળી મ્હારો દીવો કદી હોલવાઇ જતો, તે વખતે મ્હારી પાસે આગપેટી કે દીવાસળી ન નીકળતી તો મને અંધારામાં બીજો કોઇ અકસ્માત દીવો સળગાવી આપનાર મળતો ત્યાં સુધી મ્હારે ઘણું ફરવું પડતું. આ કામ કઠિન હોઇ ધાસ્તી ભરેલી હતું સુરંગના દારૂના ભડાકાથી ટુકડે ટુકડા થઇ જવાનો કે લટકતા દગડા નીચે પડવાથી દબાઇ જવાનો હમેશનો ભય હતો. આ બધાં કારણોથી વારંવાર બનતા માઠા બનાવોની મને ધાસ્તી પેસી ગઇ હતી. તે વખતે હાલના પ્રમાણે ઘણા કોમળ છોકરાઓના આયુષ્યનાં ઘણાં વર્ષ કામ કરવામાં લેવાતાં હતાં; પણ તેમના શિક્ષણની કંઇ વ્યવસ્થા કરવામાં આવતી ન હતી. મહાન દુઃખની વાત એ છે કે જે છોકરા બાળપણથી ખાણમાં કામ કરે છે, તે પછી શરીર અને મનથી

ક્રમનશીબ રહેલા છે, એમ મને ઘણી વખત જણાઈ આવ્યું છે. કોલ-સાની ખાણમાં કામ કરવા શિવાય બીજી કોઇ પણ હિંમત કિંવા ઉત્સાહ તેમનામાં રહેતો નથી.

તે વખતે અને ત્યાર પછી મોટા થયા બાદ કર્તૃત્વ શક્તિ અને ઉમેદની મર્યાદા રહિત ગોરા તરૂણોની મહત્વાકાક્ષા અને મનોવૃત્તિનું ચિત્ર કલ્પનાશક્તિથી દોરવાનો હું પ્રયત્ન કરતો હતો. એક વિશિષ્ટ કુળ કે જ્ઞાતિમા જન્મ પામવાથી કૉંગ્રેસના સભાસદ, ગવર્નર, બિશપ કે પ્રેસિડેટ થવાના માર્ગમાં જેને કંઇ હરકત નથી, એવો ગોરો તરૂણ હું થયો હોત તો કેવું સારૂ થયુ હોત! એવા વિચાર મ્હારા મનમા આવતા. તેવી પરિસ્થિતિમા હું કેમ ચાલ્યો હોત, તદ્દન નીચેથી શરૂ કરી ઉપર ઉપર ચઢતો છેવટની પાયરી સુધી હું કેવી રીતે પહોચ્યો હોત, તેનુ કાલ્પનિક ચિત્ર મ્હારા મન.પટપર દોરતો હતો

સ્પષ્ટ રીતે કહું છુ કે હું જેમ જેમ મોટો થવા લાગ્યો, તેમ તેમ મ્હારા ગોરા તરૂણ જેવા થવાના વિચાર પૂર્વ પ્રમાણે નષ્ટ થતા ગયા. કારણ કે યશની કિંમત, આયુષ્યમા કાઇ પણ પદ પ્રાપ્ત કરી લીધુ હોય તેથા ઠરાવવી જોઇએ નહિ, પણ યશ મેળવવાના માર્ગમાં પોતે કેટલી હરકતો સાથે ઝુઝુમી તેને પાદાક્રાત કરી છે, તે પરથી ઠરાવવી જોઇએ આ દષ્ટિએ જોતા નીગ્રો બાળકોનો જન્મ અને તેમના લોકોને અપ્રિય એવી પોતાની જ્ઞાતિ સાથે સબંધ, એ સંસારયાત્રામાં ઘણા અંશે ફાયદો કર્તા છે, એમ હું બહુધા ઠરાવુ છુ કઇ અપવાદ બાજુએ રાખી પસંદગી કે માન્યતા મેળવવા માટે ગોરા તરૂણ કરતાં નીગ્રો તરૂણોએ અધિક પ્રયત્ન કરવો જોઇએ, તેમાં કઈ સંશય નથી, પણ આવા આ કઠિન અને ન મળેલા માર્ગે ચાલવાની અથવા ઝુમવાન જરૂર પડેલી હોય, તેમનામા એક પ્રકારનુ સામર્થ્ય, આત્મવિશ્વાસ અને યોગ્યતા આવે છે. જન્મ (કુળ) અને જાતિથી જેમનો માર્ગ

સાપેક્ષતાથી સરળ છે તેમને આ ફાયદો મળતો નથી.

કોઇ પણ દષ્ટિએ જોતાં બીજી કોઇ પણ ઉચ્ચ જાતિનો મનુષ્ય હોવાના બદલે તેજ જાતિનો હું એક હોવો જોઇએ, એજ હવે મને સારૂં લાગે છે. પોતાની યોગ્યતા તરફ ન જોતાં પોતે એક વિશિષ્ટ જ્ઞાતિનો છે, માટે હક્ક, માન અને અધિકાર પોતાને મળે એવી કેટલીક જ્ઞાતિના લોકોએ માગણી કરેલી, તે સાંભળી મને દુઃખ થયું છે. એવા માણસોની મને દયા આવે છે. કારણ, પોતાનામાં યોગ્યતા હોવા શિવાય ફક્ત ઉચ્ચ જ્ઞાતિ સાથે સબધ હોવાથી કોઇ પણ વ્યક્તિની વિશેષ ઉન્નતિ થતી નથી; અને જેમનામાં ખરી યોગ્યતા-શ્રેષ્ઠતા છે, તેઓ નિકૃષ્ટ જ્ઞાતિના સબંધથી છેવટે કદીપણ પાછળ રહેતા નથી, એ તત્ત્વ હું જાણું છુ. યોગ્યતા કિંવા શ્રેષ્ઠતા પછી તે ગમે તે પ્રકારના રંગની ચામડીવાળા મનુષ્યને મળે-છેવટ ઓળખવામાં આવશે અને તે વિજયી થશે, એ તત્ત્વ-આ કાયદો સાર્વત્રિક અને સનાતન છે! કાયર થયેલી અને છેતરાઇ જતી દરેક વ્યક્તિએ અને જ્ઞાતિએ આ તત્ત્વપર વિશ્વાસ રાખી પોતાનું સમાધાન કરી લેવું; અને પોતાની યોગ્યતા વધારવાના પ્રયત્નમાં લાગવુ. મ્હારી વ્યક્તિ તરફ લક્ષ ખેચાય તે માટે નહિ પણ જે જાતિની વ્યક્તિ થવાને હું મગરૂર છુ, તે જાતિ તરફ લક્ષ ખેચાય તે માટે મ્હે આ પ્રમાણે કહ્યું છે.

પ્રકરણ ૩ જું.

શિક્ષણ, શિક્ષણ અને શિક્ષણ!

એક દિવસે કોલસાની ખાણુમાં કામ કરતા, નીગ્રો જાતિના-કાળા-લોકો માટે વર્જીનિયામા કોઇ સ્થળે એક મોટી શાળા ઉઘાડવામા આવનાર છે, એ વિષે ખાણુના બે બેલદારોને બોલતાં મ્હેં ઓઠે રહી સાભળ્યા. અમારા ગામની નાની શાળા કરતાં સારી અને મોટી શાળા અગર કૉલેજ સબધી મ્હે આજેજ પહેલીવાર સાભળ્યુ

ખાણુના અધકારમાં તે બન્ને બોલતા હતા તે ઠેકાણે હુ ગુપચૂપ લપાતો ગયો. અમારી જ્ઞાતિના લોકો માટે શાળા સ્થાપન થયેલી છે, એટલુજ નહિ પણ ગરીબ અને હોંશિયાર વિદ્યાર્થીઓ કામ કરી પોતાનો ભોજન ખર્ચ પૂરો કરી શકે છે, અને કઇ ઉદ્યોગ ધધો પણ શીખી શકે છે, એમ પણ એક બેલદારને બીજાને કહેતાં સાંભળ્યો.

જ્યારે તે શાળાનુ વર્ણન કરવા લાગ્યા ત્યારે મને લાગ્યું કે જગતમા જો કોઇ મોટી કે મહત્વની જગ્યો હોય તો તે આજ છે! અને "હેમ્પટન, નૉર્મલ અને ઍગ્રીકલ્ચરલ ઇન્સ્ટિટયુટ" (જેના સંબધી આ બન્ને બોલતા હતા) એ નામની સસ્થા આગળ સ્વર્ગસુખ પણ તુચ્છ છે! એ સંસ્થા ક્યાં છે, કેટલા માઇલ દૂર છે, હુ ત્યાં કેવી રીતે જઇ પહોંચીશ, એની જો કે મને તે વખતે કલ્પના પણ ન હતી, તો પણ મ્હેં તે શાળામાં જવાનો શીઘ્ર નિશ્ચય

કર્યો. એકજ મહત્વાકાંક્ષા મ્હારા અંતઃકરણમાં પ્રદીપ્ત હતી, અને તે હૅમ્પટન જવાનીજ હતી. ત્યાં જવાનો વિચાર મ્હારા મનમાં રાત–દિવસ ગુંચાવા લાગ્યો.

હૅમ્પટનની સંસ્થા સંબંધી સાંભળ્યા પછી કેટલાક મહિના સુધી હું ખાણમાંજ કામ કરતો રહ્યો, ત્યાં કામ કરતા મીઠાની ભઠ્ઠી અને કોલસાની ખાણના માલીક જનરલ લેવીસ રફનરને ત્યાં એક જગ્યા ખાલી છે, એમ મ્હેં સાંભળ્યુ. જનરલ રફનરની પત્ની ઉત્તર અમેરિકાના વરમાટની હોઈ તેનું નામ વૉયોલા રફનર હતું. પોતાના નોકરો સાથે અને વિશેષતઃ પોતાના હાથ નીચેના છોકરા સાથે લેડી સાહેબ ઘણી કડક રીતે વર્તતા, એવી તેમની આસપાસ ખ્યાતિ હતી. નોકર પૈકી ઘણાજ થોડા તેની પાસે બે ત્રણ મહિના ટકયા હતા. બધાએ એકજ સબબપર (તે કડક હતી આ એકજ સબબે) તેની નોકરી છોડેલી હતી કોલસાની ખાણમાં રહી કામ કરવા કરતાં રફનર બાઇને ઘેર કામ કરી જોવું એવો મ્હેં નિશ્ચય કર્યો; અને મ્હારી માએ તે ખાલી જગ્યો મને મળવા માટે તેની પાસે માગણી કરી, અને દર મહિને પાચ [1]ડાલરના પગારથી મને કામપર નીમવામા આવ્યો.

રફનરબાઇની કડકતા સંબધી મ્હેં એટલું બધું સાંભળ્યુ હતું કે હુ તેને મળવામા ઘણો બ્હીતો હતો; અને જ્યારે હું તેની આગળ ગયો ત્યારે તો મને કપારી છૂટી. તથાપિ તેના હાથ નીચે મ્હે થોડા અઠવાડીઆં કાઢ્યા પછી તેનો સ્વભાવ મને સમજાવા લાગ્યો. તેના ઘરમાંની વસ્તુ સ્વચ્છ રાખવી જોઇએ, તેમજ તમામ કામ ચોખ્ખું અને વ્યવસ્થિતપણે તાબડતોબ કરવું જોઇએ, તથા સર્વ વ્યવહારમાં પ્રમાણિક તથા સ્પષ્ટ રહેવું જોઇએ, ઇત્યાદિ વાતોપર રફનરબાઇનો ખ્યાર હતો. એમ મને

---

૧ એક ડાલર એટલે ત્રણ રૂપિયા બે આના.

પહેલ–પ્રથમ સમજાયું. કોઇ પણ કામ નિષ્કાળજીપણે કરવું નહિ, દરેક દ્વાર, દરેક જગ્યા ઇત્યાદિ સર્વ કંઇ બરોબર રાખવું, એવી બાઇની ઇચ્છા હતી, અને તે વાસ્તવિક હતી.

હૅમ્પટન જતા પહેલાં રફનરબાઇ પાસે હું કેટલો વખત રહ્યો તે મને યાદ નથી; પણ વર્ષ દોઢ વર્ષ હું ત્યાં રહ્યો હોઇશ, એમ લાગે છે. રફનરબાઇને ઘેર હું જે શીખ્યો તેની યોગ્યતા, મને બીજી તરફ જે શિક્ષણ મળ્યું તે શિક્ષણની યોગ્યતા જેટલીજ છે, એમ મ્હે પૂર્વે અનેકવાર બોલી બતાવ્યું છે; અને તેજ હું પુન એકવાર અત્રે વિદિત કરૂં છું. હજુ પણ ઘરની આજુબાજુ કિંવા રસ્તાપર કાગળના ટુકડા પડેલા હું જોઉં છુ કે તરતજ ઉચકી લઉં છુ. આંગણામા ગંદવાડ દેખાય છે કે તરત સ્વચ્છ કરૂં છુ. વાડનાં કાઠાં નીકળી પડેલાં જોઉં છું કે તે પુન બેસાડું છુ. ઘરનો રગ કે વ્હાઇટવૉશ ઘસાઈ ગયેલો જોઉં છું કે તરતજ તે ફરી દઉં છુ, અને કોઇના કપડાનાં બટન ગયેલા હોય છે કે કોઇની જમીનપર અગર કપડાપર ચીકણા ડાઘ પડેલા હોય છે કે હું તરત તેમનું ધ્યાન ખેચુ છું.

પ્રથમ રફનરબાઇથી હું બ્હીતો હતો પરંતુ ઘણા ટુંક વખતમાજ મ્હારા એક ઉત્તમ મિત્ર પ્રમાણે હું તેને માનવા લાગ્યો. હું વિશ્વાસ-પાત્ર છુ, એમ જ્યારે તેને જણાયુ, ત્યારે તે પણ મ્હારાપર પૂર્ણ વિશ્વાસ રાખવા લાગી. તેની પાસે હું એક બે શિયાળામા રહ્યો હતો ત્યારે શિયાળાના કેટલાક દિવસે, દિવસમાં એક કલાક શાળામાં જવાની તેણે મને સવડ કરી આપી; પણ મ્હારો ઘણો અભ્યાસ તો રાત્રેજ થયો. હું સ્વતઃ પ્રયત્ન કરતો અને કદી કદી પૈસા આપી શિક્ષકના હાથ નીચે અભ્યાસ કરતો. શિક્ષણ મેળવવાના મ્હારા પ્રયત્નને રફનરબાઈની પૂર્ણ સહાનુભૂતિ હતી, અને તે આ કામમાં મને હમેશ ઉત્તેજન આપતી હતી. તેમની પાસે રહેતો હતો તેજ

વખતે મ્હારી પહેલી લાઇબ્રેરી ગોઠવવાનુ મ્હેં શરૂ કર્યું હતું. મ્હેં એક લાકડાનું ખોખુ મેળવ્યુ તેની એક બાજુ કાપી કાઢી તેમા પાટીયાં બેસાડયાં, પછી મ્હારા હાથમાં જે કંઇ પુસ્તક મળતાં તે અંદર રાખવા લાગ્યો, અને હું ત્હેને મ્હારી લાયબ્રેરી કહેવા લાગ્યો.

આ પ્રમાણે સ્ફનરબાર્ડ્નિ ત્યાં મ્હારૂં સારૂં ચાલતું હતું. તો પણ હેમ્પટન જવાની કલ્પના મ્હે કંઇ છોડી દીધી નહિ. હેમ્પટન કઇ દિશાએ છે, અને ત્યાં જવામાં શું ખર્ચ થશે, તેની મને નક્કી કલ્પના ન હતી, તો પણ ૧૮૭૨ ના ચોમાસામા મ્હેં ત્યા જવાનો પ્રયત્ન કર્યો હેમ્પટન જવાની મહત્વાકાક્ષા સંબંધી મ્હારી મા સિવાય કોઇએ પણ સહાનુભૂતિ દર્શાવી નાહ. તદપિ અયોગ્ય હિંમત ધરી હુ નીકળ્યો છુ, એમ મ્હારી માને લાગવાથા તેના મનમાં થોડી અસ્વસ્થતા આવી. તો પણ જેમ તેમ કરા તેની ના ખુશી હોવા છતાં તેની સંમતિ તો મેળવીજ. મ્હે જે કઇ થોડા પૈસા મેળવ્યા હતા તે પૈકી થોડા ડાલર સિવાય બાકીના પૈસા મ્હારા સાવકા બાપે અને બાકીના કુટુંબે ખરચી નાખ્યા; તેથી કપડા વેચાતાં લેવા તથા વાટખર્ચી માટે ઘણાજ થોડા પૈસા મ્હારી પાસે સીલક રહ્યા હતા મ્હારા બાઇ જૉને પોતાનાથી બની તેટલી મદદ કરી, પણ તે મદદ વિશેષ મોટી ન હતી; કારણ, તેને ખાણમા વિશેષ પગાર મળતો ન હતો અને જે કંઇ મળતો તે પૈકી ઘણો ભાગ ઘરખર્ચમા વપરાતો હતો.

મ્હારા હેમ્પટન જવાના વિચારમા વૃદ્ધ નીગ્રોએ જે આસ્થા બતાવી તે અપૂર્વ અને અત્યંત ઉત્સાહજનક હતી. તેમણે પોતાની જીંદગીના ઉત્તમ દિવસો ગુલામગીરીમા કાઢેલા હતા; અને પોતાની જ્ઞાત પૈકીના એક વિદ્યાર્થીને વસ્તીગૃહમાં શીખવા માટે રહેવાને જવાનો સુયોગ જોવાનો મળશે એવુ તેમને ભાગ્યે જ લાગતું હતું. આ વૃદ્ધો પૈકી કેટલાકોએ મને નીકલ (અઢી આના), કેટલાકોએ

પાડાશર અને કેટલાકોએ હાથ રૂમાલ આપ્યા.

છેવટે તે મહત્વનો સૂર્ય ઉગ્યો, અને હુ હેમ્પટન જવા નીકળ્યો. મળ્યાં તેટલાં કપડાં એક કોથળીમા ઘાલી મ્હે તે કોથળી સાથે લીધી. આ વખતે મ્હારી માની પ્રકૃતિ એકાએક બગડી, તે ઘણી અશક્ત થઇ હતી. તેને હુ ફરી મળીશ, એવુ ચિહ્ન મને જણાયું નહિ, તેથી વિયોગ ઘણોજ અસહ્ય થયો. પરતુ આ પ્રસગ તેણે મહાન ધૈર્યથી સહન કર્યો. તે વખતે વેસ્ટ વર્જીનિયાથી ઇસ્ટ વર્જીનિયા ઠેઠ જવાને ગાડીઓ નહતી. કેટલાક માઇલ સુધી આગગાડી જતી હતી અને બાકીનો પ્રવાસ ટપ્પાની ગાડીથી કરવો પડતો.

માલ્ડનથી હેમ્પટન સુમારે ૫૦૦ માઇલ દૂર છે. ઘર છોડી મ્હે થોડા કલાક પ્રવાસ કર્યો નહિ અને મને સાંભરી આવ્યું કે હેમ્પટન જવાને પુરૂ ભાડુ મ્હારી પાસે નથી. આ રસ્તામા બનેલો એક પ્રસગ તો હુ કદી પણ ભૂલીશ નહિ ! એક દિવસે બપોરે જુના પ્રકારની ટપ્પાની ગાડીમાં હુ ડુંગરાપર પ્રવાસ કરતો હતો. સધ્યાકાળ થયા પછી તે ગાડી એક સાધારણ પ્રતીની હૉટેલ-વીશી-પાસે ઉભી રહી. તે ગાડીમાં મ્હારા સિવાય બીજા ગોરા ઉતારૂ હતા. ટપ્પાની ગાડીમાં પ્રવાસ કરનારાઓ માટે આ નાની હૉટેલ છે, એવી મ્હારી ભુલભરેલી સમજ થઈ. માણુસની ચામડીના રગમા શુ ભેદ હોય છે, તેનો મ્હે વિચાર કર્યો નહતો. બીજા ઉતારૂઓની વ્યવસ્થા થયા પછી અને તેમની ભોજનની તૈયારી થયા પછી હુ સકોચથી ધીમે રહી તેના વ્યવસ્થાપક પાસે ગયો. જમવા માટે કે સૂવા માટે મ્હારી પાસે એક પણ પૈસો નહનો તો પણ ગમે તેમ કરી માલીકની મરજી સંપાદન કરીશ, એવી મ્હે આશા રાખી હતી. કારણ, આ ઋતુમાં વર્જીનિયાના ડુગરપર હવા ઘણી ઠડી હતી અને રાત્રે કોઈ પણ ઘરમા આશ્રય મેળવવાની ખાસ આવશ્યકતા હતી. પરંતુ મ્હારી પાસે પૈસા છે કે

નહિ, તે સબંધી કઇ પણ ન પૂછતા વ્યવસ્થાપકે મને અન્ન અને આશ્રરો આપવાને સાફ ના પાડી ! મ્હારી ચામડીના રગનો અર્થ શું છે, તે જાણુવાનો આ પહેલોજ પ્રસગ હતો ! અહીંથી તહીં ફરી મ્હે મ્હારા શરીરમા ઉષ્ણુતા આણી અને રાત જેમ તેમ પૂરી કરી. હેમ્પટન જઈ પહોચવા માટે હુ એટલો બધો વ્યગ્ર થયો હતો કે તે હૉટેલવાળા માટે કઇ ખોટી કલ્પના કરવાનો મને વખતજ મળ્યો નહિ.

કેટલોક રસ્તો ચાલી અને મહેરબાનીથી ગાડીમા જગ્યા મેળવી ઘણા દિવસે હું વર્જીનિયાના રિચમડ શહેરમાં આવ્યો. ત્યાથી હેમ્પટન ૮૨ માઇલ દૂર રહ્યું હતું. આ શહેરમા થાકી પાકી ક્ષુધાથી વ્યાકુળ થઇ મલિન અવસ્થામાં મધ્ય રાત્રિને સુમારે આવી પહોંચ્યો. મ્હેં આજ સુધી કોઇ પણ મોટું શહેર જોએલું નહિ હોવાથી મ્હારી અધિક દુર્દશા થઇ. હુ રિચમડ પહોચ્યો ત્યારે મ્હારી પાસે એક બદામ પણ ન હતી, મને ત્યા રહેવા કોઇનું ઓળખાણુ ન હતું, અને શહેરના રસ્તાની માહિતી નહિ હોવાથી ક્યા જવું તે પણ સમજાયુ નહિ. મને રહેવાનુ સ્થાન આપવા મ્હે ઘણાને વિનતિ કરી, પણ બધા પૈસા માગવા લાગ્યા; અને પૈસા તો મ્હારી પાસે હતા નહિ ! હવે આગળ શુ કરવું તે ન સમજાયાથી હું રસ્તામા ચાલવા લાગ્યો. ચાલતા ચાલતા ઘણી દુકાનો મારી દૃષ્ટિએ પડી. ત્યા અનેક પ્રકારના ખાદ્ય પદાર્થ મન ખેચાય તેવી રીતે ગોઠવેલા હતા; તે પૈકી મ્હારી ક્ષુધા નિવારણ પૂરતો થોડો કંઇ પણ પદાર્થ મને મળ્યો હોત તો પછી મને જે કઈ મળ્યુ હોત તે બધુ આપવાનું તે સમયે મ્હેં કબુલ કર્યું હોત ! પરતુ તે વખંતે મને કઇ ખાવાજ મળ્યુ નહિ.

આ પ્રમાણે મધ્ય રાત્રિ પછી પણ હું ઘણો વખત ચાલ્યો હોઇશ. છેવટે હું એટલો થાકી ગયો કે વધુ ચાલી શક્યો નહિ. હું થાકયો-પાકયો ક્ષુધાતુર થયો અને સર્વ કંઈ થયું; પરંતુ હું માત્ર

નિરાશ થયો નહિ! આ વખતે હું એક ફૂટપાથના ટેકરા નજીક આવ્યો અને ત્યાં કેટલીક મિનિટ ઉભો રહ્યો. કોઇ પણ મને જોતું નથી એવી ખાત્રી કરી લઇ હું તે ઉંચા ભાગ નીચે પેઠો, અને તે રાત્રે ત્યાં જમીનપર મ્હારાં કપડાંની કોથળી ઓશીકે રાખી સૂતો. આખી રાત્રી ઉપરથી (ઉંચા ભાગ પરથી) જતા લોકોના પગલાનો અવાજ મને સંભળાતો હતો. બીજે દિવસે સવારે મને થોડી હુશિયારી-તાકાત આવ્યા જેવું લાગ્યુ, પણ ઘણા દિવસ સુધી પેટભર અન્ન ન મળવાથી મને ઘણી ભૂખ લાગી હતી. સારી રીતે દેખાવા લાગ્યા પછી મ્હે આજુબાજુ જોયુ, તો મ્હારી નજીકજ એક વહાણ જણાયુ, અને તે વહાણપરથી તે વખતે લોખંડ નીચે ઉતારવાનું કામ ચાલતું હતું. હું એકદમ તે વહાણ તરફ ગયો અને ખાવા માટે કઇ પૈસા મેળવવાના હેતુથી વહાણમાનુ લોખંડ નીચે ઉતારવા પરવાનગી આપવા માટે કપ્તાનને વિનંતિ કરી. તે ગોરા દયાળુ કપ્તાને મ્હારી વિનંતિ માન્ય કરી. નાસ્તા માટે પૈસા મેળવવા માટે મને ઘણા વખત સુધી કામ કરવાની જરૂર પડી, અને હવે મને યાદ આવે છે કે બીજું કોઇ પણ જમણુ તે વખતના જમણુ જેવુ મને ઉત્તમ લાગ્યુ નથી!

મ્હારૂં કામ જોઈ કપ્તાન સાહેબ એટલા બધા ખુશ થયા કે મરજી હોય તો રોજ કઇ થોડી મજુરી લઇ કામ કરવા આવવા તેમણે મને કહ્યું. કામ મળવાથી મને આનંદ થયો. હું ત્યા જ કામ કરતો કેટલાક દિવસ સુધી રહ્યો. મજુરીના પૈસાથી મ્હારા માટે રોજ અન્ન વેચાતું લેતો હોવાથી હેમ્પટનની વાટખર્ચી જેટલા પૈસા પણ મ્હારી પાસે એકઠા થયા નહિ. હેમ્પટન જલદી જઇ શકાય તે માટે હું પ્રત્યેક બાબતમાં બનતી કરકસર કરવા લાગ્યો; અને રિચમંડ શહેરમા પહેલી રાત્રે મને આશરો આપનાર રસ્તાના ઉંચા ભાગ નીચે હું રોજ સૂવા લાગ્યો. એ પછી ઘણે વર્ષે રિચમંડના કાળા લોકોએ મોટી મમતાથી

મ્હારૂં સ્વાગત કર્યું હતું. આ સ્વાગતના સમારંભમાં બે હજારથી વધુ માણસો મળ્યાં હશે, અને તે સ્વાગત સ્થાન હું પહેલી રાત્રે જે સ્થાને સૂતો હતો તેની નજીક જ હતું. અહીંઆં મ્હારે કબુલ કરવું જોઇએ કે જો કે મ્હારૂં સ્વાગત લોકોએ અંતઃકરણપૂર્વક અને પ્રેમથી કર્યું હતું, તો પણ મ્હારૂં મન ત્યાં ન હોતાં મને પ્રથમ આશ્રય આપનાર ફૂટપાથ તરફજ હતું.

હૅમ્પટન જવા જેટલી વાટખર્ચી મ્હારી પાસે એકઠી થઈ છે, એમ લાગતાં જ તે વહાણના કમાનનો તેમની દયાળુતા માટે મ્હેં આભાર માન્યો અને પુનઃ હેમ્પટનનો રસ્તો પકડયો. રસ્તામાં વિશેષ કંઈ ન બનતાં હું હેમ્પટન પહોંચ્યો. આ વખતે મ્હારી પાસે ફક્ત ૫૦ સેંટ (૨૫ આના) હતા, અને આ રકમથીજ મ્હેં મ્હારૂં શિક્ષણ શરૂ કર્યું. મ્હારા હેમ્પટનના પ્રવાસમાં લક્ષમાં રાખવા જેવા ઘણા બનાવ બન્યા હતા; પણ જ્યારે મને ઈંટોથી બાંધેલી ત્રણ મજલાની શાળાનું પ્રથમ દર્શન થયું, ત્યારે અત્રે આવવા માટે મ્હેં જે કંઈ શ્રમ લીધો, અને દુર્દશા સહન કરી, તે સર્વનું સાર્થક થયું, એમ લાગ્યુ. મ્હારા અને મ્હારા જેવા હજારો તરૂણોના મનપર આ શાળાના દર્શનથી જે અસર થઇ હતી તેની યોગ્ય કલ્પના આ શાળાની ઇમારત બાંધવા માટે પૈસા આપનાર સદ્‌ગૃહસ્થ કરી શકે તો આવી ભેટ આપવાને તેને અધિક ઉત્તેજન મળે, તેમ મને લાગ્યું.

મ્હે મ્હારા જન્મમાં જોએલી સર્વમાં મોટી અને સુંદર ઇમારત આજ હોવી જોઇએ, એમ મને લાગ્યુ. આ ઇમારતના દર્શનથી મ્હારા શરીરમાં નવીન ચૈતન્ય સ્ફૂર્યું. અહીંઆં મ્હારૂં નવીન જીવન શરૂ થયુ. હવે જીવનનો અર્થ નવીનજ છે, એમ મને લાગવા માડયું. હું સ્વર્ગમાં આવી પહોંચ્યો હોઉં તેમ મને થયું, અને આ જગતમાં મ્હારાથી બનતું લોકકલ્યાણ કરવાની પાત્રતા લાવવામાં કંઈ પણ

કસુર કરવી નહિ, એવો મ્હેં નિશ્ચય કર્યો.

હૅમ્પટનની સંસ્થામા જઇ પહોંચ્યા પછી મને કોઇ પણ વર્ગમાં દાખલ કરે તે માટે હું તરતજ મુખ્ય અધ્યાપિકા પાસે ગયો. યોગ્ય અન્ન, સ્નાન અને કપડા બદલવાનો યોગ મને ઘણા દિવસથી ન મળેલો હોવાથી, પ્રથમ દર્શને હું તેના મનમાં સ્થાન મેળવી શકયો નહિ; અને મને વિદ્યાર્થીઓમાં દાખલ કરવો કે નહિ, એની તેના મનમા શંકા આવેલી સ્પષ્ટ મને જણાઇ. હું એક ભટકતો છોકરો છુ, એવો તેનો વિચાર થવામા તેની કઇ ભૂલ નથી, એમ મને લાગ્યુ. કેટલીકવાર સુધી તેણે મને દાખલ કરીશ કિંવા નહિ, તે કઇ કહ્યુંજ નહિ. હું તેની પાછળ પાછળ ફરતો રહી મ્હારી લાયકી તેની નજર આગળ લાવવા માટે બનતો પ્રયત્ન કરવા લાગ્યો. વચ્ચે બીજા વિદ્યાર્થીઓને દાખલ કરી લેવામા આવતા હોવાનુ જ્યારે મ્હેં જોયુ ત્યારે તો મને ઘણુંજ દુ:ખ થયુ. કારણ, મ્હારામાં શુ પાણી છે તે બતાવવાની જો મને તક મળે તો હું તેના જેટલોજ સારો થઇશ, એમ મ્હારૂં અંતઃકરણ વારવાર સાક્ષી પુરતું હતું.

કેટલાક કલાક ગયા પછી મુખ્ય અધ્યાપિકા બોલી "નજીકની ઓરડી વાળી સ્વચ્છ કરવી જોઇએ, સાવરણી લે અને વાળી નાખ."

હવે મ્હારી તક આવી, એમ એકદમ મને સ્પષ્ટ જણાયું. આટલી આનંદદાયક બીજી કોઈ પણ આજ્ઞા મને મળી નહતી! મને ઉત્તમ વાળતા આવડે છે એવી મ્હારી ખાત્રી હતી; કારણ કે રફનરબાઇને ઘેર રહેતો હતો ત્યારે તેણે આ કામ ઉત્તમ રીતે મને શીખવાડયું હતું.

મ્હે તે રેસિટેશન રૂમ ત્રણ વખત વાળી. પછી ધૂળ ઝાડવાનો રૂમાલ લઈ મ્હેં તે ચાર વખત સ્વચ્છ કરી. દરેક બેંચ, મેજ, ભીંતની સમીપનું ફરનીચર ઇત્યાદિ બધાપરથી મ્હેં ચાર વખત (રૂમાલ

લઇ) મ્હારો હાથ ફેરવ્યો. આ શિવાય દરેક સામાન બીજી તરફ મૂકી તેની નીચેની જગ્યો સ્વચ્છ કરી, અને દરેક ખૂણા ખોચરા વાળી સ્વચ્છ કર્યા. ઓરડી સાફ કરવાના મ્હારા કામથી મુખ્ય અધ્યાપિકાનો જે મત થશે, જે મતપર મારૂં ભવિષ્ય અવલબેલું છે, તે હું જાણતો હતો. ઓરડી પૂર્ણપણે સ્વચ્છ કર્યા પછી મ્હેં જઇ તેમને ખબર આપી, તે ઉત્તર અમેરિકાની બાઇ હોઇ ધૂળ કિંવા કચરો ક્યાં સિલક રહે છે, તેની તેને ખબર હતી. તે ઓરડીમાં આવી અને તેણે જમીન, તાકા વગેરે તપાસ્યાં. ત્યાર પછી તેણે પોતાનો હાથ રૂમાલ કાઢી તે ભીંતના થાભલા, મેજ, બ્રેચ ઇત્યાદિ લાકડાના સામાનપર ઘસ્યો. જમીનપર કે કોઇ પણ લક્કડ સામાનપર જ્યારે ધૂળનો એક કણ પણ તેને મળ્યો નહિ ત્યારે તે શાંતપણે બોલી **"મને લાગે છે કે આ શાળામાં દાખલ થવાને તું યોગ્ય છે."**

થયુ ! આ જગતમા મોટા ભાગ્યવાન મનુષ્યો પૈકીનો હું એક થયો ! હું કૃતકૃત્ય થયો ! **તે ઓરડી વાળી સ્વચ્છ કરવી એ, મ્હારી કોલેજની પ્રવેશક પરીક્ષા** થઇ પડી હતી. અને હારવર્ડ-કયેલ વિશ્વવિદ્યાલયની પ્રવેશક પરીક્ષા પાસ થનારા કોઇ પણ તરૂણને મ્હારા જેટલો આનંદ થયો નહિ હોય ? આ પછી હું ઘણી પરીક્ષામા પાસ થયો, પણ મ્હેં પાસ કરેલી તમામ પરીક્ષામાં આજ પરીક્ષા ઉત્તમ હતી; એમ મને હમેશ લાગતું.

હેમ્પટનની સસ્થામાં પ્રવેશ થતાં મને જે અનુભવ થયો તે મ્હેં અહીં કહ્યો છે. મ્હારા જેવો અનુભવ કદાચિત્ ઘણા થોડાનેજ થયો હશે; પણ તે વખતે મને જે કંઇ અડચણ સહન કરવી પડી, તેવી કિંવા તેના જેવી બીજી અન્ય અડચણો હૅમ્પટનના અને બીજી સંસ્થામાં દાખલ થનારા સેંકડોને તે અરસામાં સહન કરવી પડી હોવી જોઇએ. ગમે તે હો, પણ શિક્ષણ મેળવવું એવો અમારી જાતિના

ઘણા તરૂણ છોકરા છોકરીઓએ નિશ્ચય કર્યો હતો.

હેમ્પટન સંસ્થાના શિક્ષણક્રમમાંથી પાર પડવાનો માર્ગ તે ઓરડી વાળી સ્વચ્છ કરવાનાજ કામે મોકળો કર્યો હોવો જોઇએ, એમ મને લાગે છે. મુખ્ય અધ્યાપિકા મીસ 'મૅરી એફ. મૅકી એણે મને દ્વારરક્ષકની (Janitor) જગ્યા આપી અને મ્હેં તે આનંદથી સ્વીકારી. કારણ કે આ જગ્યાપર કામ કરવાથી મને મ્હારા જમણનો ઘણો એક ખર્ચ પુરો કરવાની સવડ મળવા જેવું હતું. આ કામ ઘણા શ્રમનું અને ત્રાસદાયક હતું તો પણ મ્હે છોડયું નહિ. મ્હારે ઘણી ઓરડીપર દેખરેખ રાખવી પડતી અને રાત્રે ઘણા કલાક કામ કરી દેવતા સળગાવવા માટે અને મારા પાઠ તૈયાર કરવા માટે સવારે ચાર વાગે ઉઠવું પડતું. હેમ્પટનની મ્હારી તમામ કારકીર્દીમાં અને મ્હારા બીજી તરફના પ્રયાણ પછી પણ મુખ્ય અધ્યાપિકા મીસ મૅરી એફ. મેકી મને મદદ કરનારી ઉત્તમ મ્હારી મૈત્રિણી થઈ. તેની સલાહ અને પ્રોત્સાહન હમેશ મને મદદ કરી મ્હારામા નૂતન સામર્થ્ય લાવતાં હતાં.

હૅમ્પટન સસ્થાની ઇમારતે અને દેખાવે મ્હારાપર જે અસર કરી હતી તે મ્હે કહ્યું છેજ. પણ સર્વમા મોટી અને મહત્વની કાયમની અસર જેણે મ્હારાપર કરી છે તે સંબધી—તે પુરૂષ વિષે મ્હે કંઇજ કહ્યું નથી જેની મુલાકાતને હું મહાન માન સમજુ છું, એવો આ પુરૂષ અતિશય ઉદાર મહાત્મા હતો. તે બીજો કોઇ નહિ પણ પરલોકવાસી જનરલ એસ. સી. આર્મસ્ટ્રાંગ.છે.

યૂરોપ અને અમેરિકાના મહા સદ્વર્તનશાળી ગૃહસ્થોની સુદૈવે મને મુલાકાત થઇ છે, પણ જનરલ આર્મસ્ટ્રાંગ જેવો એક પણ ગૃહસ્થ મને અદ્યાપિ સુધી મળ્યો નથી, એમ કહેતાં મ્હને કંઇજ સંકોચ થતો નથી. ગુલામોના બાગ અને કોલસાની ખાણોના અવનતિકારક

વાતાવરણમાંથી બહાર પડેલા મને જનરલ આર્મસ્ટ્રાંગ જેવા સત્પુરૂષના સમાગમનો લાભ મળે, તે એક મોટું માન કે અધિકારજ મળેલો હું સમજું છું. પ્રથમ જ્યારે હું તેમની પાસે ગયો ત્યારે તે પરિપૂર્ણ છે, એમ મ્હારો વિચાર બન્ધાયો. તેમનામા કંઇ દૈવી અંશ છે, એમ તેમણે મને ભાસ કરાવ્યો. હૅમ્પટનમાં મ્હારો પ્રવેશ થયો ત્યારથી તે તેમના મૃત્યુ પર્યંત મને તેમનો સહવાસ થવાનો સુયોગ પ્રાપ્ત થયો, અને જેમ જેમ તેમની સાથેનો મ્હારો પરિચય વધતો ગયો તેમ તેમ તેમને માટે મ્હારો આદર પણ વધવા લાગ્યો. હૅમ્પટનની તમામ ઇમારતો, વર્ગ, શિક્ષક અને ઉદ્યોગ ધંધા, એ બધુ નષ્ટ કરી ત્યાંના સ્ત્રી પુરૂષોને-વિદ્યાર્થીઓને જનરલ આર્મસ્ટ્રાગના સહવાસમાં નિત્ય રહેવા દેવાની તક આપવામાં આવે તો એથીજ—સત્સમાગમથીજ તેમને ઉદાત્ત શિક્ષણ આપ્યા સમાન થાય! હું જેમ જેમ વૃદ્ધ થતો જાઉં છુ, તેમ તેમ મ્હારી અધિકાધિક ખાત્રી થતી જાય છે કે, **પુસ્તક અને મૂલ્યવાન સાહિત્યથી મળતા શિક્ષણની કિંમત સત્પુરૂષના સમાગમથી મળતા શિક્ષણ આગળ કંઇ જ નથી!** હું ધારૂં છુ કે પુસ્તકનોજ હમેશ અભ્યાસ કરવાને બદલે અમારી શાળામાં અને કોલેજોમાં મનુષ્યનો અને વસ્તુઓનો અભ્યાસ કરવાનું શીખવાશે તો ઘણું સારૂં થશે.

ટસ્કજીના મ્હારા ઘરમાં પોતાના આયુષ્યના છેવટના છ મહિના પૈકી જે મહિના જનરલ આર્મસ્ટ્રાંગે કાઢયા હતા, તે વખતે તેમને પક્ષાઘાતનો વિકાર થઇ પોતાના શરીરપરનો અને અવાજપરનો ઘણો કાબુ નષ્ટ થયો હતો. એટલી પીડા હતી તો પણ આખી જીંદગી સુધી પોતે સ્વીકારેલા કાર્ય માટે તેઓ રાત્રિ દિવસ પ્રયત્ન કરતા હતા. બીજાઓની ખાતર પોતાને આટલો બધો ભૂલી ગયો હોય એવો તેમના જેવો બીજો મનુષ્ય મ્હેં જોયો નથી. સ્વાર્થી વિ-

ચાર કદી તેમના મનમાં આવ્યો હોય એમ મને તો લાગતુંજ નથી. હેમ્પટન સંસ્થા માટે કામ કરવામાં તેમજ દક્ષિણની બીજી કોઇપણ સંસ્થાને મદદ કરવાનો પ્રયત્ન કરવામાં તેમને સરખોજ આનંદ થતો. સિવીલ વૉરમાં જો કે તેઓ દક્ષિણના ગોરા લોકો સાથે લડયા હતા, તો પણ પછી તેમને તેમની વિરૂદ્ધ એક પણ ખરાબ શબ્દ બોલતાં મ્હેં સાંભળ્યા નથી; ઉલટા દક્ષિણના ગોરા લોકોને કયે માર્ગે ઉપયોગી થવાય તેનોજ તેઓ હમેશ વિચાર કરતા હતા.

હૅમ્પટનના વિદ્યાર્થીઓ ઉપર તેમણે બેસાડેલી છાપ કે તેમના પરની વિદ્યાર્થીઓની શ્રદ્ધા સબંધનું વર્ણન થવું અતિ કઠિન છે. ખરેખર તેમના વિદ્યાર્થીઓ તેમને ઇશ્વર પ્રમાણે માન આપતા હતા. હાથમાં લીધેલા કામમા જનરલ આર્મસ્ટ્રાંગને અપયશ મળશે એમ મને કદી પણ લાગ્યુ નથી. તેમણે કરેલી વિનતિ કદી પણ અમાન્ય થઇ નથી. જ્યારે તે અલબામામા મ્હારે ઘેર પરોણા હતા ત્યારે પક્ષાઘાતનો વિકાર થયેલો હોવાથી તેમને આજારીની ખુરશીપર બેસાડી તે ખુરશી ફેરવવી પડતી. મને એવું યાદ આવે છે કે એક વખત જનરલના એક જુના વિદ્યાર્થીને તેમની ખુરશી એક લાંબી અને ઉચી ટેકરીપર અતિશય ત્રાસ અને કષ્ટથી લઇ જવાનો પ્રસંગ આવ્યો. ટેકરીના શીખરે પહોંચ્યા પછી તે જુનો વિદ્યાર્થી પ્રસન્ન મુદ્રાથી બોલ્યો "જનરલના મૃત્યુ પૂર્વે ખરેખર મુશ્કેલ કામ તેમના માટે કરવાનો પ્રસગ મને મળ્યો તે જોઇ મને અતિશય આનદ થયો છે!"

હું હૅમ્પટનમાં વિદ્યાર્થી હતો ત્યારે વસ્તીગૃહ એટલુ ગીચ ભરાયું હતુ કે નવીન દાખલ થનાર વિદ્યાર્થીને જગો મળવાનું અશક્ય થયું હતું. આ હરકત દૂર કરવા માટે કેટલાક નવા તબુ નાખી તેનો ઓરડી માફક ઉપયોગ કરવાનુ જનરલે ઠરાવ્યું. જુના વિદ્યાર્થી પૈકી

કેટલાક જો શિયાળામાં તંબુમાં રહેવા જશે, તો જનરલ આર્મસ્ટ્રોંગને સારૂં લાગશે એમ જ્યારે સમજાયું ત્યારે શાળાના ઘણા વિદ્યાર્થીઓએ તંબુમાં જવાનું પોતે પોતાની મેળે કબુલ કર્યું.

તે પૈકીનો હું પણ એક હતો. તે તંબુમા અમે જે શિયાળો કાઢયો તે અત્યંત કડક હતો, અને તેથી અમોને ઘણો ત્રાસ થયો. કેટલો ત્રાસ થયો તેની કલ્પના જનરલ આર્મસ્ટ્રોંગને ન હતી, કારણ કે અમે કદી પણ તકરાર કરી ન હતી. **જનરલ આર્મસ્ટ્રોંગને અમે ખુશ રાખીએ છીએ અને અધિક વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની સવડ કરીએ છીએ, એ બે વાતો કરતાં અધિક આનંદદાયક અમોને બીજું શું હોય?** ઘણી વખત શિયાળાની રાત્રિનો સુસવાટા ભરેલો પવન વાતા અમારા તંબુ ઉડી જતા અને અમારે ખૂલ્લી હવામાં આખી રાત ટુંટીયુ વાળી બેસવું પડતું. જનરલ મળસકે તંબુ પાસે આવતા અને તેમના આનંદદાયક, ઉત્તેજક અને લાગણીના શબ્દ સાભળતાં જ અમારી ઉદાસીનતા ઉડી જતી.

મ્હે જનરલ આર્મસ્ટ્રોંગ સંબધી મ્હારી ભક્તિ વ્યક્ત કરી છે, અને મ્હારે એ પણ કહેવું જોઇએ કે મ્હારી જ્ઞાતિની ઉન્નતિ કરવા માટે જે ઉદાર સેંકડો સ્ત્રી પુરૂષો નીગ્રો શાળામા શીખવવા માટે ગયાં હતાં તે પૈકીના આ એક નમુનેદાર ગૃહસ્થ હતા. **નીગ્રો શાળામાં શીખવવા માટે જનારાં સ્ત્રીપુરૂષોથી અધિક ઉચ્ચ, અધિક ઉદાત્ત અને અધિક સ્વાર્થત્યાગી સ્ત્રીપુરૂષ જગતના ઇતિહાસમાં મળશે નહિ.** .

હૅમ્પટનમાં રહેતા મને ઘણી નવી વાતો શીખવાની મળી. હું એક નવીન જગતમા છુ, એમ મને લાગતુ. નિયમિત સમયે ભોજન કરવું, જમતાં મેજપર કપડા નાંખવાં, મુખલૂછણુ-રૂમાલ-નો ઉપયોગ કરવો, સ્નાન માટે પીપ અને દાંત ઘસવા માટે કુચડી-બ્રશ-વાપ-

રવું અને બીછાનાપર ચાદર નાખવી, ઇત્યાદિ બધી વાતો મ્હારે મન નવીન જ હતી.

સ્નાનનો ઉપયોગ અને તેના મહત્વનો પાઠ હું હૅમ્પટન સંસ્થામાં શીખ્યો હતો. **સ્નાન શરીરને નીરોગી રાખે છે, એટલું જ નહિ પણ પોતાને માટે અભિમાન અને સદ્ગુણ વધારે છે, ઇત્યાદિ સ્નાનની ઉપયુક્તતા હું અહીં શીખ્યો.** હૅમ્પટન છોડયા પછી દક્ષિણ અને ઉતર સ્થળોએ પ્રવાસ કરતા, મ્હે રોજ સ્નાન કરવાનો યત્ન કર્યો છે. કદી કદી અમારી જ્ઞાતિના લોકોના એક જ ઓરડીવાળા ઘરમા મુકામ થતાં મને સ્નાન કરવાનુ કઠિન પડતું. એવા વખતે જંગલમા જઈ કદી કદી મ્હે ઝરાઓમાં સ્નાન કરી ચલાવી લીધુ હતુ, અને દરેક ઘરમા સ્નાન માટે અવશ્ય સગવડ રાખવી જોઇએ એ વાત મ્હે મારા બન્ધુઓને વારવાર શીખવવાનો પ્રયત્ન કર્યો છે.

હૅમ્પટનમા હુ વિદ્યાર્થી હતો ત્યારે કેટલાક વખત સુધી મ્હારી પાસે પગના મોજાની એક જોડ હતી. તે જોડ વાપરતા મેલી થતી કે રાત્રે તે ધોઈ, બીજે દિવસે વાપરી શકાય માટે હુ દેવતાપર સૂકવતો હતો.

હૅમ્પટનમાં મ્હારો ભોજનખર્ચ દર મહિને ૧૦ ડાલરનો હતો. આ પૈકી કેટલોક ભાગ મ્હારે રોકડ આપવો અને બાકીનો ભાગ કામ કરી પૂરો કરવો, એમ ઠર્યું હતુ. આ રકમ રોકડ આપવાની હતી, પણ હુ પ્રથમ સંસ્થામા આવ્યો ત્યારે મ્હારી પાસે મ્હે પાછળ કહ્યા પ્રમાણે ૫૦ સેંટ (અરધો ડાલર) હતા. મ્હારા ભાઈ જૉને એક વખતે કંઇ થોડા ડાલર મોકલ્યા હતા, તો પણ મ્હારો ભોજનખર્ચ રોકડ આપવાને મ્હારી પાસે પૈસા નહતા. તેથી ઓરડી-રક્ષકનું કામ એટલું સારૂં કરી બતાવવાનો મ્હે નિશ્ચય કર્યો કે તેમને મ્હારા કામની જરૂર

પડે. હું મ્હારૂં કામ એટલું ચોખ્ખું કરવા લાગ્યો કે મ્હારી કામગીરી બદલ મ્હારો બધો ભોજન ખર્ચ માફ થશે; એમ મને જલદી કહેવામાં આવ્યું. શિક્ષણનો ખર્ચ એક વર્ષનો ૭૦ ડાલર હતો, અને એટલી રકમ આપવાનું મ્હારી શક્તિ બહાર હતું. મ્હારા ભોજનખર્ચની વ્યવસ્થા શિવાય વળી શિક્ષણની ફી ૭૦ ડાલર આપવાની જરૂર પડી હોત તો હૅમ્પટનની સંસ્થા મ્હારે છોડવીજ પડત! હૅમ્પટનમા હું હતો ત્યા સુધી મ્હારા શિક્ષણનો બધો ખર્ચ જનરલ આર્મેસ્ટ્રાંગે મ્હારાપર મહાન કૃપા કરી, મૅસેચ્યુસેટસ પ્રાંતના બેડફર્ડના સદ્‌ગૃહસ્થ મી. એચ. ગ્રીફીટસ માર્ગન પાસેથી અપાવ્યો હતો. હૅમ્પટનનું મ્હારૂં શિક્ષણ પૂરૂં થયા પછી અને મ્હારી જીંદગીનું મુખ્ય કામ મ્હેં હાથમાં લીધા પછી હું ઘણી વખત મી. માર્ગનને મળ્યો છું.

હૅમ્પટન આવ્યા પછી થોડાજ દિવસે મને પુસ્તક અને કપડાની હરકત જણાવા લાગ. ત્યારે મ્હારા કરતાં અધિક ભાગ્યવાન લોકો પાસેથી મ્હેં પુસ્તકો ઉછીનાં લાવી અડચણ દૂર કરી. કપડાં મ્હારી પાસે ઘણાં નહતાં. જે કંઇ હતા તે મ્હારી નાની કોથળીમાં હતાં. તરૂણોને હારબંધ ઉભા કરી જનરલ આર્મેસ્ટ્રાંગ તેમની તપાસણી કરતા તે જોઇ કપડાં માટેની મ્હારી ચિંતા વધી. જોડા લુછી કરી સ્વચ્છ રાખવા પડતા, કોટનાં બટન તૂટેલા હોવાં ન જોઇએ, અને કપડાપર તેલ વગેરેના ડાઘ પણ પડેલા હોવા ન જોઇએ. કામ કરતાં અને શાળામાં જતાં હમેશ તેજ કપડાં વાપરવાં અને તે પુનઃ સ્વચ્છ રાખવાં જોઇએ. આ પ્રશ્નો કેવી રીતે છોડવા, તે હું નક્કી કરી શક્યો નહિ. જેમ તેમ કરી દિવસ કાઢયા. શિક્ષણમાં યશ મેળવવાની મ્હારી આસ્થા, લાગણી અને પ્રયત્ન જોઇ કેટલાક દયાળુ શિક્ષકોએ ઉત્તર તરફથી પીપો ભરી આવેલાં કપડાં પૈકી કેટલાંક જુનાં કપડાં મને આપ્યાં. સેંકડો ગરીબ અને લાયક વિદ્યાર્થીઓનું આ પીપોએ

પણું કલ્યાણ કર્યું હતું. આ પીપમાંનાં જુનાં કપડાંની મદદ શિવાય હું પાર પડયો હોત કે નહિ, તેની મને ભારે શંકા છે.

હૅમ્પટન જતા પહેલાં બે ચાદરવાળા બિછાનાપર હું કદી પણ સૂતો હોઉં એમ મને યાદ આવતું નથી. તે વખતે ત્યાં ઘણી ઇમારતો ન હતી અને જગ્યા ઘણી થોડી હતી. મ્હારી સાથે બીજા સાત છોકરા એકજ ઓરડીમા હતા. આ પૈકી ઘણા વિદ્યાર્થીઓ ત્યાં કેટલાક દિવસ રહ્યા હતા. પ્રથમ હું ચાદરનો કોયડો[1] કંઇ સમજ્યો નહિ. પહેલી રાત્રે હું તે બન્ને ચાદરોની અંદર સૂતો, અને બીજી રાત્રે તો તે બન્નેના ઉપર સૂતો. પછી બીજા છોકરાઓને જોઇ ચાદરનો ઉપયોગ કેમ કરવો તે હું શીખ્યો, અને બીજાને પણ શીખવવા લાગ્યો.

તે વખતે હૅમ્પટનમાં રહેલા બધા વિદ્યાર્થીઓમા હું નાનો હતો. ઘણા વિદ્યાર્થી, પુરૂષ અને સ્ત્રીઓ હતી. કેટલાક તો ચાલીસ વર્ષના હતા. મ્હારા પહેલા વર્ગનો દેખાવ મનમા આણતા જ મહાન આસ્થાથી શિક્ષણ માટે પ્રયત્ન કરતા ૩૦૦, ૪૦૦ પુરૂષ અને સ્ત્રીઓના સહવાસનો સુયોગ કોઇને પણ વારવાર મળશે એમ મને લાગતું નથી. અમારો દરેક કલાક, કામ અને અભ્યાસમા જતો બધાને શિક્ષણની કેટલી જરૂર છે, તે જગતના વ્યવહારથી તેમને સમજાયુ હતું કેટલાક વિદ્યાર્થી તો એટલા વૃદ્ધ હતા કે તેમને પોતાના વર્ગનાં પુસ્તકો પૂર્ણપણે સમજવા ઘણાજ કઠિન પડતાં, અને તેમનો પ્રયત્ન જોઇ ગમે તેને દયા આવતી. પુસ્તકીય જ્ઞાનની ખામી તેમણે ખરી આસ્થા અને લાગણીથી પૂરી કરી હતી. તે પૈકી ઘણા મ્હારા જેવા ગરીબ હતા. પુસ્તકો સામે જ નહિ પણ દરિદ્રતા સામે પણ તેમને ઝુઝવુ પડતું. અત્યંત જરૂરની વસ્તુઓ પણ તેમની પાસે ન હતી.

---

૧ કોયડો એટલે ગુંચવણ ભરેલું, ન સમજાય તેવું, ગૂઢ

કેટલાક જણને પોતાનાં વૃદ્ધ માબાપની અને કેટલાકને પોતાની સ્ત્રીઓના ભરણપોષણની પણ કંઇ સવડ કરવી પડતી.

આપણા ઘરના અથવા ગામના લોકોની ઉન્નતિ કરવાની પાત્રતા આપણામા કેવી રીતે આવશે, એજ મુખ્ય સંકલ્પે બધાને પછાડયા હતા. પોતા માટેનો વિચાર કોઇના મનમાં પણ આવતો ન હતો. સંસ્થાના કામદાર અને શિક્ષક તો કેટલાક અત્યુત્તમ અને અસાધારણ માનવ પ્રાણી–નાહ પણ દૈવી પ્રાણી હતા. રાત્રિ દિવસ, જરૂર પડે તે વખતે વિદ્યાર્થીઓ માટે તે એક સરખા ઉપયોગી થતા હતા. કોઇ પણ રીતે વિદ્યાર્થીને મદદ કરવામાજ તેમને સુખ મળતું. માટે સીવિલ વૉર પછી ઉત્તર અમેરિકાના ગોરા શિક્ષકોએ નીગ્રો પ્રજાના શિક્ષણ માટે જે કંઇ કાર્ય કર્યું, તે લખવામા આવે, તો આ ભાગ અમારા ઇતિહાસમા સુવર્ણ અક્ષરે લખવા જેવો, અત્યત મનોવેધક થાય તેમાં શકા નથી. દક્ષિણ અમેરિકાની બધી પ્રજાને પણ આ કાર્યની યથાર્થ કલ્પના થવાને અને તેનુ મહત્વ સમજવાને વિશેષ સમયની જરૂર પડશે નહિ.



પ્રકરણ ૪ થું.

અન્યને મદદ.

હૅમ્પટનમાં મ્હારૂં પહેલું વર્ષ ગયા પછી એક અડચણ આવી ઉભી રહી. અનેક વિદ્યાર્થી પોતાના રજાના દિવસો પોતાને ઘેર જઇને વ્યતીત કરતા હતા, પરંતુ મ્હારી પાસે ઘેર જવાને પૈસા નહતા. જેથી ગમે ત્યાં પણ જવાની મ્હારે જરૂર હતી. કેમકે તે સમયે ઘણા થોડા વિદ્યાર્થીઓને રજાના દિવસોમાં સંસ્થામાં રહેવાની સંમતિ મળતી. બીજા વિદ્યાર્થીઓને ઘેર જવાની તૈયારી કરતા જોઇ મને પણ ઘેર જવાની ઉત્કંઠા થવાથી હું દુઃખી થયો. ઘેર જવા માટેજ નહિ પણ બીજે કોઇ સમીપને સ્થળે જવા માટે પણ મ્હારી પાસે કંઇજ પૈસા નહતા.

જેમ તેમ કરી મ્હે એક જુનો કોટ મેળવ્યો હતો અને તે ભારે મૂલ્યનો હોય તેમ મને લાગતું. પ્રવાસના ખર્ચ માટે મ્હે આ કોટ વેચવાનું ઠરાવ્યું. મને છોકરવાદી અભિમાન ઘણું હોવાથી 'મ્હારી પાસે પૈસા નહિ હોવાથી હુ કંઇ જઇ શકીશ નહિ' તે વાત બીજા વિદ્યાર્થીઓથી છુપાવવાનો મ્હેં બનતો પ્રયત્ન કર્યો. હૅમ્પટન ગામના કેટલાક મનુષ્યોને મ્હે આ કોટ વેચવાનો હોવાનું જાહેર કર્યું; અને કેટલીક વાતચીત કર્યા પછી એક કાળા મનુષ્યે તે કોટ જોવા તથા વેચાતો લેવા મ્હારી ઓરડીએ આવવાનું કબુલ કર્યું. આથી

મ્હારા મનને બહુ ધીરજ આવી. બીજે દિવસે પરોઢીએ ઠરાવ પ્રમાણે તે મનુષ્ય આવ્યો. મ્હારો કોટ લક્ષ પૂર્વક જોઇ "એ કેટલી કિંમતે આપીશ" એમ તેણે મને પૂછ્યું. "એની કિંમત ત્રણ ડાલર હોય તેમ લાગે છે," એમ મ્હે• કહ્યું. આ કિંમત તેને કબુલ થઇ હોય તેમ લાગ્યું, અને તે ચતુરાઇ તેમજ સાવચેતીથી બોલ્યો "જો, હુ એ કોટ લઉ છુ, અને તને અહીંજ પાંચ સેંટસ (અઢી આના) રોકડા આપું છું, બાકીના પૈસા મને મળ્યા પછી હુ આપીશ." તે વખતે મ્હારા મનની કેવી સ્થિતિ થઇ હશે, તેની કલ્પના કરવી કંઇ કઠિન નથી.

આ પ્રમાણે નિરાશા પ્રાપ્ત થયા પછી હૅમ્પટન ગામ બહાર રજામાં કામ મેળવવા જવાની મ્હેં સર્વ આશા છોડી દીધી. અત્યંત આવશ્યક કપડાં અને કઇ ઇતર જરૂરી વસ્તુ વેચાતી લેવા માટે મજુરી કરી જ્યાં પૈસા મળે ત્યાં જવાનું મ્હારા મનમાં ઘણું થતું. થોડા જ દિવસમાં બહુધા સર્વ વિદ્યાર્થી અને શિક્ષક પોતપોતાને ઘેર જવા નીકળી ગયાથી મ્હારૂં અંતઃકરણ અધિક ખિન્ન થયું.

હૅમ્પટન ગામમાં અને આસપાસ ઘણા દિવસ પ્રયત્ન કર્યા પછી પરિણામે ફૅારટ્રેસ મનરોમાં એક ખોરાકીની દુકાનમાં મને કામ મળ્યું. મ્હારી મજુરી ભોજનખર્ચ પુરૂં થતા માત્ર થોડુ જ બચે તેવી હતી. રાત્રે અને બન્ને વખતના જમણ દરમ્યાનના સમયમાં મને અભ્યાસ તથા વાંચન માટે સમય મળતો, તેનો બને તેટલો લાભ લઇને આ ઉન્હાળાની રજામાં મ્હેં મ્હારી કેટલીક સુધારણા કરી.

પહેલું વર્ષ પૂર્ણ થતાં જ શાળા છોડતી વખતે મને સંસ્થાનું સોળ ડાલર દેવું હતું, તે કામ કરીને ફેડી શકયો નહોતો, જેથી આ ઉન્હાળામાં કામ કરી પૈસા એકઠા કરી આ દેવું ફેડવાની મ્હારી ઇચ્છા હતી. આ દેવું વાળવાપર પ્રતિષ્ઠાનો આધાર છે, એમ મને લાગવાથી

તે ફેડયા શિવાય શાળામાં મુખ દેખાડવાને શરમ આવવા લાગી બનતી કરકસર કરી, વસ્ત્ર પણ હાથે ધોતો અને આવશ્યક વસ્ત્રો પણ પહેર્યાં નહિ; છતાં ઉનાળાની રજા પુરી થઇ, પરન્તુ મ્હારી પાસે સોળ ડાલર એકઠા થયા નહિ.

ખોરાકીની દુકાનમાં રહેતાં છેવટના અઠવાડીઆમાં ટેબલ નીચેથી મને એક દસ ડાલરની કોરી કડકડતી નોટ મળી. મને ઘણો આનંદ થયો. તે નોટ મ્હારી ન હોવાથી તે નોટ માલિકને બતાવવી યોગ્ય છે એમ મને લાગ્યુ; અને મ્હેં તેમ કર્યું. તેને પણ મ્હારા જેટલો જ આનંદ થયો, અને તેણે મને શાંતપણે કહ્યું: "આ જગ્યા આપણી હોવાથી આપણુને તે રાખી લેવાનો હક છે" અને તે તેણે રાખી લીધી. આથી મ્હારા હૃદયમાં જબરો ધક્કો લાગ્યો, એમ હું સ્પષ્ટ રીતે કહીશ. હું નિરાશ થયાનું કબુલ કરતો નથી. કારણ મ્હારૂં પાછલુ જીવન જોતા મ્હેં જે કંઇ સાધ્ય કરવાનો નિશ્ચય કર્યો હતો, તે વિષે કદી નિરાશ થયાનું મને સાંભરતું નથી; મને ફત્તેહ મળશેજ એવી ભાવનાથી મ્હેં દરેક બાબત શરૂ કરી છે. પોતાને વિજય કેમ મળતો નથી, તેનાં કારણ કહેવાને ઘણા લોકો તૈયાર હોય છે, તે જોઇ મ્હારાથી ચૂપ બેસી રહેવાતુ નહતું. વિજય ગમે તેવી રીતે મેળવવે એમ કહેનારા મનુષ્યો પ્રત્યે મને ઘણું માન રહેતું. આવેલા પ્રસંગની સામે થવાનો મ્હે નિશ્ચય કર્યો. અઠવાડીઆને અંતે હૅમ્પટન સંસ્થાના ખજીનદાર, જનરલ જે. એફ. બી. મારસલની પાસે હું ગયો અને તેમને મ્હે મ્હારી સ્થિતિ સ્પષ્ટ કહી સંભળાવી. "સંસ્થામાં પુનઃ દાખલ થવાને કંઇ હરકત નથી, મળે ત્યારે કરજ પુરૂં કરજે, મ્હારે ત્હારાપર વિશ્વાસ છે." આ પ્રમાણે તેમણે મને કહ્યા પછી મ્હારૂં સમાધાન થયું. બીજા વર્ષે પણ મ્હેં ઓરડીઓના રક્ષકનું કામ ચાલુ રાખ્યું.

હેમ્પટનમાં શિક્ષણ માટે નકી કરેલાં પુસ્તકોવડે મને જે કંઇ શિક્ષણ મળ્યું તે હું ત્યાં જે કંઇ શીખ્યો તેનો એક નાનો ભાગ હતો. બીજા વર્ષમાં જે વિષયોમાં મ્હારા મનપર સારી અસર થઇ, તે પૈકી શિક્ષકોનો સ્વાર્થત્યાગ–નિઃસ્વાર્થીપણું–એ એક મુખ્ય હતું. અન્ય માટે પ્રયત્ન કરતા કેટલાક મનુષ્યોને આટલું બધું સુખ કેમ થાય છે, તે સમજવાનું મને તે વખતે ઘણું કઠિન પડતું હતું. બીજું વર્ષ પૂર્ણ થતા પહેલાં, જે મનુષ્યો બીજા માટે ઘણીજ જહેમત ઉઠાવે છે, તેજ બધા કરતાં અધિક સુખી હોય છે, એવું હું સમજવા લાગ્યો; અને ત્યારથી હું આ પાઠ ધ્યાનમાં રાખવાનો પ્રયત્ન કરૂં છું.

હેમ્પટનમાં ઉત્તમ જનાવરોની વૃદ્ધિ કરવાની ઉત્તમ રીતિ વારંવાર જોઇને હું બીજો એક મહત્વનો પાઠ શીખ્યો છું. જે વિદ્યાર્થીને તે જોવાની સંધિ મળી છે, તે શાળામાંથી જગતમાં વિચરવા લાગ્યા પછી હલકી જાતનાં જનાવરોથી કદી પણ સંતુષ્ટ થશે નહિ.

બીજે વર્ષે બધામાં મૂલ્યવાન પાઠ હું શીખ્યો તે એ કે, બાયબલનો ઉપયોગ અને તેની મહત્તા હું સમજવા લાગ્યો. પોર્ટલેન્ડની મીસ નૉર્થસી લૉર્ડ નામની એક અધ્યાપિકાએ બાયબલનો ઉપયોગ કેમ કરવો તે મને શીખવ્યું. આ પહેલાં બાયબલની વિશેષ પરવા મ્હેં કદી કરી નહતી; પણ હવે પોતાની આધ્યાત્મિક ઉન્નતિ માટેજ નહિ, પણ સાહિત્ય તરીકે પણ બાયબલ વાંચવું મને પસંદ પડવા લાગ્યું. આ વિષયમાં મને જે કંઇ શીખવવામાં આવ્યું, તેની મ્હારા મનપર એટલી સારી અસર થઇ કે હજુ પણ હું ગમે તેટલા કામમાં ગુંથાયલો હોવા છતાં કામ શરૂ કરતા પૂર્વે સવારે બાયબલનો એક અધ્યાય કિંવા કંઇ ભાગ વાંચવાનો મ્હારો નિયમ થઇ પડયો છે.

આખ્યાતા તરીકે મ્હારામાં જે કંઇ યોગ્યતા હોય તેનું ઘણું શ્રેય

ઘણા અંશે મિસ લૉર્ડને છે. મ્હારો આ વિષય તરફ પ્રેમ હોવાનું જ્યારે તેને જણાયું ત્યારે તેણે શ્વાસોચ્છ્વાસ કેમ કરવો, વાક્યમાં ક્યા શબ્દો-પર ભાર મૂકવો, અને સ્પષ્ટ ઉચ્ચાર બરોબર કેમ કરવો ઇત્યાદિ વિષયપર મને ખાનગી પાઠ આપ્યા. લોકો આગળ બોલવું એટલે માત્ર કંઇ પણ બોલી જવું એ રીતિ તરફ મ્હારો યત્કિંચિત્ પણ પ્રેમ નહતો. ખરેખર લોકો સન્મુખ કેવળ નિરૂપયોગી વ્યાખ્યાનો આપવા જેવું અસંતોષકારક અને પોકળ કાર્ય બીજું કંઇ હોય એમ મને લાગતું નથી, પરંતુ જગત્ છે તે કરતાં કંઈ પણ અધિક સારૂં કરવા માટે મ્હારા હસ્તે કંઇ પણ થાય અને તે સંબંધી જગતને હું કંઇ પણ કહી શકું, એવી મ્હારી બાળપણથીજ ઉત્કટ ઇચ્છા હતી.

હેમ્પટનમાં વાદવિષયક (Debating Society) સભાથી મને હમેશ ઘણોજ આનંદ થતો. આ સભા શનિવારે સાયંકાળે ભરાતી હતી. હું હેમ્પટનમા હતો ત્યારે એક પણ સભા ચૂક્યો હોઉં તેવું મને યાદ નથી. હું દર અઠવાડીએ આ સભામાં જતો, એટલુંજ નહિ પણ તેવી એક બીજી સંસ્થા શરૂ કરવામાં પણ હું કારણભૂત થયો. સંધ્યાકાળનુ જમણુ થયા પછી અને અભ્યાસ કરવાના સમય પૂર્વે સંસ્થાના વિદ્યાર્થીઓને ૨૦ મિનિટની છુટી મળતી હતી. આ કાળ ગપ્પાં હાકવામાં જતો હતો, એમ મને જણાઇ આવ્યુ. વાદવિવાદ અને વકતૃત્વમા કૌશલ્ય મેળવવા માટે આ વીસ મિનિટનો ઉપયોગ કરવાનું નક્કી કરી અમારા પૈકી વીસ જણાએ એક સંસ્થા સ્થાપન કરી. આવી રીતે વીસ મિનિટનો ઉપયોગ કર્યો ત્યારથી અમોને જેવો ફાયદો થયો તેવો ઘણા થોડાનેજ થયો

બીજા વર્ષની આખરે મ્હારી મા અને મ્હારા ભાઇ જૉને કેટલાક પૈસા મોકલ્યાથી અને એક શિક્ષકે થોડી મદદ કર્યાથી હું

રજામાં માલ્ડન જઇ શક્યો. હું ઘેર ગયા પછી મીઠાની ભઠ્ઠીઓ બંધ હતી, અને ખાણના લોકોએ સંપ કર્યાથી કોલસાની ખાણ પણ ચાલુ નહોતી, એવું મને જણાઈ આવ્યું. મજુરો પાસે જ્યારે બે ત્રણ મહિનાના પગાર જેટલી રકમ શિલક રહેતી ત્યારે આવા સંપ થતા, એમ મને જણાયું. સંપ ચાલુ રહેતાં સુધી સિલક રહેલી રકમ તેમને ખર્ચવી પડતી, અને તે પછી દેવાદાર થઇને પાછા તેજ મજુરીપર તેમને કામે આવવું પડતું, અગર તો ઘણે દૂરની ખાણોપર કામ માટે જવું પડતું. કોઇ પણ સ્થિતિમાં મજુર લોકોની દશા સંપના અંતે આધક ખરાબ થાય છે એવી મને મ્હારા નિરીક્ષણથી ખાત્રી થઇ. દેશના તે ભાગમાં સંપના પૂર્વે ખાણોના મજુરોનો ઘણો પૈસો બેંકમાં સિલક રહેતો હતો, તેની મને ખબર હતી; પરંતુ મજુરોની વતી ચળવળ કરનારા મનુષ્યોએ આવી જ્યારે તેમને પોતાના તાબામાં લીધા, ત્યારે તે પૈકી ઘણી કરકસર કરનારા લોકોની આ સિલક નષ્ટ થવા લાગી!

મને ઘેર પાછો આવેલો જોઇ, અને બે વર્ષમાં મ્હારી થયેલી સુધારણા જોઇ, મ્હારી માને અને કુટુંબના બીજા માણસોને ઘણોજ આનંદ થયો. મ્હારા પાછા આવવાથી બધા કાળા મનુષ્યોને–વિશેષતઃ વૃદ્ધોને જે કંઇ આનંદ થયો તે અપૂર્વ હતો. પ્રત્યેક કુટુંબને ઘેર મળવા અને જમવા મ્હારે જવું પડયું, અને દરેક ઠેકાણે હેમ્પટનની મ્હારા અનુભવની કહાણીઓ કહેવી પડી. આ સિવાય દેવાલયમાં અને રવિવારની શાળામાં તેમજ અન્ય સ્થળોએ મ્હારે ભાષણ કરવાં પડયાં. પણ હું જે કંઇ શોધતો હતો તે (કામ) મને મળ્યું નહિ. સંપ–હડતાળને લીધે કંઈજ કામ નહતું. હેમ્પટન જવા વાટખર્ચી માટે કામ શોધવાના પ્રયત્નમાં મ્હારી રજાનો પહેલો મહિનો નીકળી ગયો.

કંઇક કામ શોધવા માટે પહેલા મહિનાની આખરે હું ઘેરથી

ઘણે દૂર આવેલા એક ઠેકાણે ગયો. મને ત્યાં કંઈ પતો મળ્યો નહિ, અને રાત્રી થયા પછી હું પાછો ઘેર આવવા નીકળ્યો. ઘર એક બે મૈલ રહેતાં હું એટલો બધો થાકી ગયો કે મ્હારાથી આગળ ચલાયું નહિ, તેથી નજીકના એક પડેલા ઘરમાં બાકીની રાત્રી પૂરી કરવા ગયો. મળસકે સુમારે ત્રણ વાગતા મ્હારો બંધુ જૉન ત્યાં આવ્યો, અને તેણે મને ધીમે રહી ઉઠાડી કહ્યું કે, પ્રિય માતા કાલ રાત્રે સ્વર્ગવાસી થઇ।

મ્હારી જીંદગીનો અતિશય દુઃખનો અને ઉદાસીનતાનો આ પ્રસંગ હતો. કેટલાક વર્ષથી મ્હારી માતાની પ્રકૃતિ બગડી હતી, અને તેને છોડી આ તરફ આવવાના આગલા દિવસે હું જ્યારે નીકળ્યો ત્યારે તે હવે પછી જીવતી મ્હારી દૃષ્ટિએ પડશે નહિ, એવું કંઇ પણ મ્હારા મનમાં નહતું. આ સિવાય તેના અંતકાળે હું તેની પાસે હોવો જોઇએ, એવી હમેશની મ્હારી ઉત્કટ ઇચ્છા હતી. હેમ્પટનમા હું સતત અભ્યાસ કરતો હતો, તેનું એક મુખ્ય કારણ એ હતુ કે મ્હારી સ્થિતિ જલદી સુધારી મ્હારે મ્હારી માતાને જલદી સુખી અને આનંદિત કરવી, એવી મ્હારી મહત્વાકાક્ષા હતી. પોતાનાં છોકરાને સારૂં શિક્ષણ મળે અને જગત્મા તેનુ સારૂં ચાલે, તે જોવાને ઇશ્વર પોતાને જીવતી રાખે, એવી ઇચ્છા તેણે ઘણી વખત વ્યક્ત કરી હતી.

મ્હારી માતાના મરણ પછી થોડાજ દિવસે અમારા નાના ઘરમાં ગોટાળો પડ્યો. મ્હારી આમન્દા બ્હેન બનતી મહેનત કરતી, પરંતુ તે ઘણી નાની હોવાથી ગૃહવ્યવસ્થા બરોબર રાખી શકતી નહિ; અને મ્હારા સાવકા બાપની ગરીબાઇથી ઘર સંભાળવા બાઇ રાખી શકાય તેમ પણ નહતુ કેટલીક વખત અમને સારૂં જમણ મળતુ અને કેટલીક વખત તો મળતું પણ નહિ. મને સાંભરે છે કે એક વાડકો ટૉમેટો અને કેટલાક પાતળા બીસ્કીટ, એટલુંજ જમણ અનેક વખત અમારા ભાગમા આવેલું હતું. અમારાં કપડાની પણ અવ્ય-

વસ્થા જવા લાગી, ટુંકામાં અભ્યાસ ધરની દરેક બાબતની વ્યવસ્થા બગડી. મ્હારી જીંદગીના બધા પ્રસંગોમાં ઉદ્વેગજનક પ્રસંગ આજ હોવો જોઇએ. મને મદદ કરનારી પરોપકારી રફનરબાઇ મને હમેશ પોતાને ઘેર પ્રેમથી બોલાવતી હતી; અને તેણે આ દુર્ઘટ પ્રસંગમાં મને અનેક રીતે મદદ કરી. રજા પૂરી થતાં પહેલાં તેણે મને કંઇ કામ આપ્યું, અને મ્હારા ઘરથી કેટલાએક અંતર ઉપર કોલસાની ખાણમાં મને કામ મળવાથી મ્હારી પાસે થોડા પૈસા ભેગા થયા. હેમ્પટનમાં પાછા જવાની કલ્પના છોડી દેવી પડશે એમ મને એક વખત લાગ્યું; પણ ત્યાં પાછા જવા માટે મ્હારૂં મન એટલું બધું આતુર થયું હતું કે ત્યાં જવાને અસાધારણ પ્રયત્ન કર્યા શિવાય રહેવુંજ નહિ, એવો મ્હેં નિશ્ચય કર્યો હતો. શિયાળા માટે કંઇક કપડાં, મેળવવાની મ્હારી ઇચ્છા હતી, પણ તેમાં ઘણે ભાગે હું નિરાશ થયો. ફક્ત મ્હારા ભાઇ જૉને મ્હારા માટે થોડાં કપડાં પેદા કર્યાં. પૈસા અને કપડાંની મને ઘણી જરૂર હતી, તોપણ હેમ્પટનમાં પાછા જવાય તેટલી વાટખર્ચી મ્હેં મેળવી હતી. આ એકજ બાબતથી મને ઘણો આનંદ થયો. એક વખત હું તે બાજુએ જાઉં તો ખોલી-રક્ષકનું કામ સારૂં કરી હું એટલો ઉપયોગી થઇ પડીશ કે તે નિશાળનું બીજું વર્ષ ગમે તેમ કરી પસાર કરીશ; એવી મને ખાત્રી હતી.

હેમ્પટનની ટર્મ શરૂ થતાં પહેલાં ત્રણ અઠવાડીઆં અગાઉ મુખ્ય અધ્યાપિકા મીસ મેરી મૅકી તરફથી અકસ્માત એક પત્ર આવ્યાથી મને ઘણો જ આનંદ થયો. ઇમારતો સ્વચ્છ કરવાના અને નવા વર્ષ માટે તમામ વસ્તુ વ્યવસ્થિત ગોઠવવાના કામમાં મ્હારે તેને મદદ કરવી; અને એટલા માટે શાળા ઉઘડતાં પહેલાં બે અઠવાડીઆં અગાઉ હેમ્પટનમાં મ્હારે પાછું જવું; એમ તેણે તે પત્રમાં લખ્યું હતું. હું તેની જ રાહ જોતો હતો. ટ્રેઝરી ઑફીસમાં મ્હારા નામે કંઈ રકમ જમા

કરાવવાની સહેજમાં આ તક મને પ્રાપ્ત થઇ. હું તાબડતોબ હેમ્પટન તરફ જવા નીકળ્યો. આ બે અઠવાડીઆંમાં હું જે કંઇ દૃષ્ટાંતો શીખ્યો તે કદી પણ ભૂલી શકીશ નહિ. મીસ મૅકી, એ ઉત્તર તરફની એક જુના અને સુસંસ્કૃત કુળમાંની હતી; તોપણ તે મ્હારી સાથે બારીઓ સ્વચ્છ કરતી, ઓરડીઓ સાફ કરતી, પથારીઓ ઝાટકી વ્યવસ્થિત કરતી, અને બીજુ સર્વ કંઇ કરતી હતી. બારીનું પ્રત્યેક તાવદાન તદ્દન સ્વચ્છ હોયા સિવાય નિશાળની શરૂઆતમાં સર્વ વસ્તુઓ વ્યવસ્થિત રહી કામ સારૂં શરૂ થવાનું નથી એમ તેને લાગતું, અને સર્વ તાવદાનો પોતે જાતે સ્વચ્છ કરવામા તેને આનંદ થતો. મ્હેં વર્ણવેલું આ કામ હું હેમ્પટનમા હતો છતાં દરેક વર્ષે તે કરતી હતી.

તેના જેવી સુશિક્ષિત, વજનદાર અને કુલીન સ્ત્રી એક દુદૈવી જાતની ઉન્નતિને સહાયભૂત થાય, અને તે માટે એવા પ્રકારની સેવા કરવામા આટલો બધો આનંદ માને, એ વાત તે સમયે મ્હારા લક્ષમાં આવવી ઘણી જ કઠિન હતી ત્યાર પછી જ્ઞાતિ માટે ઉઘાડેલી શાળાઓમા જ્યા વિદ્યાર્થીઓને શ્રમનુ મહત્વ શીખવવામા આવતું નહિ ત્યાં મને જરા પણ બનતું ન હતું, અને તેવી શાળા મને પસંદ પણ ન હતી.

હેમ્પટનમાં આખરના વર્ષે ઓરડી-રક્ષકનું કામ કર્યા પછી મને જે કંઇ વખત મળતો, તેમાથી પ્રત્યેક મિનિટ હું કસીને અભ્યાસ કરવામાં ગાળતો હતો. મ્હારા વર્ગના તમામ વિદ્યાર્થીઓ કરતાં ઘણા વધુ માર્ક મળી મ્હારો નંબર ઉપર આવે, અને વિદ્યાલયના પદવીદાન-સમારંભ-સમયે મ્હારૂં નામ સન્માનનીયની યાદીમા (Honour-roll,) દાખલ થવું જોઇએ, એવો મ્હે નિશ્ચય કર્યો હતો, અને તેમાં મને ફત્તેહ પણ મળી. ૧૮૭૫ ના જુન મહિનામાં મ્હારો હેમ્પટનનો શિક્ષણક્રમ પૂરો થયો. હેમ્પટન-સંસ્થાની મ્હારી કારકિર્દીમાં

મને સર્વમાં મહાન બે લાભ થયા, તે નીચે પ્રમાણેઃ—

(૧) મ્હારા સદ્‌ભાગ્યે જનરલ એસ. સી. આર્મસ્ટ્રાંગ જેવા અદ્વિતીય, ઉદાર, સચ્છીલ અને પરોપકારી મહાત્માનો મને સત્સંગ મળ્યો.

(૨) ખરૂં શિક્ષણ એક વ્યક્તિની કેટલી ઉન્નતિ કરે છે, તે હું પ્રથમ હેમ્પટનમાં સમજ્યો. ત્યાં જતા પહેલાં શિક્ષણ એટલે શારીરિક શ્રમ કરવાની આવશ્યકતા ન હોઈ આયુષ્ય મોજમજામાં વ્યતીત કરવું એજ છે, એવી તે વખતની શિક્ષણ-સંબંધની પ્રચલિત કલ્પના મ્હારા મગજમા ભરાયલી હતી. શ્રમ કરવો એ લજ્જાસ્પદ કિંવા નિંદનીય નથી, પણ ઉલટો શ્રમ ઉપર પ્રેમ રાખવો જોઇયે, એ હું હેમ્પટનમાં શીખ્યો. શ્રમના બદલામાં કંઇ પૈસા મળે છે, એટલુંજ નહિ પણ જગતને જે કંઇ જોઇએ છે, તે કરવાની પાત્રતા પોતામા છે, એવો આત્મવિશ્વાસ અને સ્વતંત્રતા માટે શ્રમ ઉપર પ્રેમ રાખતા, તેમજ શ્રમના માટેજ શ્રમ ઉપર પ્રેમ રાખતાં હું ત્યાંથીજ શીખ્યો. પરોપકારમાંજ પોતાના આયુષ્યનો વ્યય કરવામા કેવી મઝા અને આનંદ છે, તેનો આસ્વાદ મને પ્રથમ તે સંસ્થામાં મળ્યો; અને અન્યને ઉપયોગી તેમ સુખી કરવામાં જે પરાકાષ્ઠા કરે છે, તેજ પુરૂષ સર્વમાં અધિક ભાગ્યવાન હોય છે, એ વાત પણ મને પ્રથમ ત્યાં સમજાઇ.

મ્હારો શિક્ષણક્રમ પૂરો થયો ત્યારે મ્હારી પાસે કંઇ પૈસા સિલક નહતા. હેમ્પટનના બીજા કેટલાએક વિદ્યાર્થીઓ સાથે મ્હે પણ કાનેક્ટિકટમા ઉનાળા માટે ઉઘડેલા ભોજનગૃહમાં ખીદમતગાર એટલે હજુરીઆની (Table-waiter) નોકરી સ્વીકારી, અને ત્યાં જવા માટે જરૂરના પૈસા મ્હેં જેમ તેમ કરી કરજ કાઢી મેળવ્યા. ખીદમતગારીનું કામ કેવી રીતે કરવું, તેનું મને બીલકુલ જ્ઞાન નહતું; તે મને ભોજનગૃહમાં ગયા પછી તરતજ સમજાયું. તથાપિ હું એક

કુશળ ખીદમતગાર છું, એવી મુખ્ય ખીદમતગારની સમજ થવાથી તેણે ચાર પાંચ મોટા માણસોના મેજની—ભોજનની વ્યવસ્થા કરવાનું મને સોંપ્યું. તેની વ્યવસ્થા શી રીતે રાખવી તે સંબંધનું મ્હારું અજ્ઞાન જણાઈ આવવાથી તે લોકોએ મ્હારી એટલી ઠેકડી કરી કે મને ત્યાંથી ગભરાઈ નાશી જવાની જરૂર પડી, અને તેમને ત્યાંજ અન્ન વગર રાહ જોતા બેસવું પડયું. એનું પરિણામ એ આવ્યું કે મ્હારું ખીદમતગારીનું કામ ગયું, અને માત્ર ભોજનના તાટ લઈ જવા લાવવાનું કામ મ્હારા ભાગે આવ્યું. એ પછી ખીદમતગારીનું કામ શીખવાનો મ્હે નિશ્ચય કર્યો, અને થોડાંક અઠવાડીઆમાં તે શીખ્યો; તેથી મ્હારી પ્રથમની જગ્યો મને આપવામા આવી, ત્યાર પછી આગળ મને આજ ભોજનગૃહમાં પરોણા તરીકે આવવાનો ઘણી વેળા પ્રસંગ આવ્યો હતો.

ભોજનગૃહની ઋતુ સમાપ્ત થયા પછી હું માલ્ડનમા મ્હારે ઘેર પાછો આવ્યો, અને ત્યા મને કાળા લોકોની શાળામાં શિક્ષક નીમવામા આવ્યો. મ્હારા આયુષ્યમાંના સુખની કારકિર્દીનો આ પહેલો પ્રસગ-પ્રારભ હતો. મને એમ લાગ્યું કે મ્હારા ગામના લોકોની ઉન્નતિ કરવાની મને હવે તક મળી. આ ગામમાના તરૂણોને એકલા પુસ્તકીય જ્ઞાન સિવાય બીજી પુષ્કળ બાબતની આવશ્યકતા છે, એની મને પ્રથમથીજ ખબર હતી. મ્હારૂં કામ સવારે આઠ વાગે શરૂ થતું, અને તે રાત્રે દસ વાગે પણ પૂરૂં થતું નહિ. અધ્યયનના નિત્યક્રમ સિવાય મ્હેં વિદ્યાર્થીઓને પોતાના વાળ કેવી રીતે ઓળવા, હાથ, મ્હોં અને કપડાં કેવાં સ્વચ્છ રાખવાં, તે પણ શીખવ્યું. બ્રશથી દાંત સ્વચ્છ રાખવા અને સ્નાન કરવું, એ બાબતો તરફ મ્હે તેમનું લક્ષ વિશેષ ખેચ્યું. મ્હારા તમામ અધ્યયનમાં બ્રશનું પરિણામ કેવું આવે છે તે મ્હેં લક્ષપૂર્વક જોયેલું છે, અને તેથી સ્વચ્છતાથી

ખણુ સારો લાભ થાય છે, એવી મ્હારી ખાત્રી થઇ છે.

દિવસે કામ કરનારાં, પણુ કંઇક શિક્ષણુ મેળવવાને ઉત્સુક પ્રૌઢ છોકરા છોકરીઓ અને સ્ત્રી પુરૂષોની સંખ્યા આ ગામમાં એટલી મોટી હતી કે મ્હેં તરતજ એક રાત્રીની શાળા ઉઘાડી. પ્રથમથીજ તે શાળા પ્રત્યેક રાત્રે દિવસની શાળા જેટલીજ ગીચ ભરાયલી રહેતી. કેટલાંએક ૫૦-૬૦ વર્ષ કરતાં પણુ વૃદ્ધ સ્ત્રી પુરૂષોનો શીખવાનો પ્રયત્ન ઘણો જ હૃદયદ્રાવક હતો.

રાત્રીની અને દિવસની શાળાનુંજ કામ મ્હેં હાથ પર લીધું હતું એમ ન હતું; તે શિવાય મ્હે એક વાંચનાલય અને વાદવિષયક સભા પણુ સ્થાપન કરી. બપોરે માલ્ડનની શાળામાં અને સવારે માલ્ડનથી ત્રણુ માઇલ દૂર આવેલી શાળામાં, અને એવીજ બે રવિવારની શાળામાં હુ દર રવિવારે શિક્ષણુ આપતો હતો; તેમજ હેમ્પટનની સંસ્થામાં દાખલ થવા માટે કેટલાએક તરૂણોને ખાનગી પાઠ પણુ આપતો હતો. વેતન—પગારનો કંઇ પણ વિચાર મનમાં ન લાવતાં મને જે કઇ શીખવતાં આવડતું તે શીખવાની ઇચ્છા ધરાવતા કોઇને પણુ હુ શીખવતો. કોઇને પણુ મદદ કરવાની સંધિ મળેલી જોતાં મને ઘણો આનંદ થતો. સાવર્જનિક ફંડમાંથી મ્હારી શિક્ષકની કામગીરી બદલ મને થોડુંક વેતન મળતું.

હુ હેમ્પટનમા શીખતો હતો ત્યારે મારા મોટા ભાઇ જૉને મને બનતી મદદ કરી હતી, એટલુંજ નહિ પણુ કુટુંબના પોષણુ માટે તેણે પોતાનો બધો વખત કોલસાની ખાણુમાં કામ કરવામા ગાળ્યો હતો. મને મદદ થાય એટલા માટે તે સ્વખુશીથી પોતાના શિક્ષણુ તરફ બેદરકાર રહ્યો. હેમ્પટનમાં તેનો પ્રવેશ થવા માટે તેને મદદ કરવા અને પ્રવેશ થયા પછી પણુ તેનાં ત્યાંનો ખર્ચ પૂરો કરવા માટે રકમ શિલક રાખવાની મને ઇચ્છા થઇ. આ બન્ને બાબતો પૂર્ણ કરવામાં

મને ફતેહ મળી. ત્રણ વર્ષમાં મ્હારા મોટા ભાઇએ હેમ્પટનનો શિક્ષણ-ક્રમ પૂરો કર્યો; અને હવે તે ટસ્કેજીના ઉદ્યોગ-ધંધાની શાખામાં વ્યવસ્થાપકનું કામ કરે છે. તે હેમ્પટનથી પાછો આવ્યા પછી અમે બન્ને જણાએ પોતાની સિલક અને પોતાનો શ્રમ એકત્ર કરી અમારા જેમ્સ નામક દત્તકભાઇ*ને હેમ્પટનમાં મોકલવાનું નક્કી કર્યું. તેમાં પણ અમને જય મળ્યો, હમણા તે ટસ્કેજી સંસ્થાનનો પોષ્ટ માસ્તર છે. ઇ. સ. ૧૮૭૭નું માલ્ડનનું મ્હારૂં બીજુ વર્ષ પહેલા વર્ષ પ્રમાણેજ મ્હેં નિર્ગમન કર્યું. માલ્ડનમા અમારૂ ઘર હતું ત્યારે "કુ ક્લક્સ ક્લાન-Ku Klux Klan" નામની સસ્થા ઘણી જોસમા હતી. કાળી પ્રજાની વર્તણુંકનુ નિયમન કરવા માટે, વિશેષતઃ તે પ્રજાનું વજન રાજ્ય-કારભારમા ન પડવા દેવા માટે, ઘણા ગોરા લોકોએ મળીને જે કંઇ મ ડળ ઉભુ કર્યું હતુ તેનુ "કુ ક્લક્સ ક્લાન" એવુ નામ રાખ્યુ હતું. ગુલામગીરીના દિવસમા હુ ન્હાનો હતો ત્યારે "પેટ્રોલર્સ-Patrollers"ના સબધી જે કઇ સાંભળતો હતો તે લોકો જેવું જ આ મ ડળ પણ હતુ.

પાસ વગર એક બાગમાથી બીજા બાગમા જવા ન દેવા, અને પાસ સિવાય તેમ જ એકાદ ગોરા માણસની હાજરી સિવાય સભા ભરવા ન દેવી; એવી બાબતોમા ગુલામોની વર્તણુકનુ નિયમન કરવા માટે ગોરા લોકોની-વિશેષતઃ તરૂણોની-જે કઇ મ ડળીઓ થતી તેમને પૅટ્રોલર્સ કહેવામા આવતી.

પૅટ્રોલર્સ પ્રમાણે 'કુ ક્લક્સ ક્લાન' નું બધુ કામ ઘણા ભાગે રાત્રે ચાલતું, પરંતુ પૅટ્રોલર્સ કરતા 'કુ ક્લક્સ ક્લાન' ઘણું ક્રૂર હતું. તેમનો મુખ્ય ઉદ્દેશ નીગ્રો પ્રજાની રાજકીય મહત્વાકાંક્ષા નષ્ટ કરવાનો

* જેમ્સને વેસ્ટ વર્જીનિયા ગયા પછી રાખી લેવામા આવ્યો હતો તે એક કુટુબીની માફક રહેવાથી દત્તકભાઇ કહેવામાં આવ્યો છે જુઓ પ્ર૦ રજું.

હતો, પણ એટલાથી જ તેમને તૃપ્તિ ન થતાં તે તેમનાં શાળાગૃહો અને દેવાલયો પણ બાળી નાખતા, અને ઘણા નિરપરાધી લોકોને ત્રાસ આપતા હતા. આ સમયમાં ઘણા કાળા લોકો મરણ પામ્યા.

આ લોકોના ગેરકાયદેસર કૃત્યની મ્હારા યુવાન હૃદયપર ઘણી અસર થઈ. માલ્ડનમાં કેટલાએક કાળા અને ગોરા લોકોમા તોફાન થયાનું મ્હે જોયું. પ્રત્યેક બાજુએ આશરે સો સો માણસો હતાં. બન્ને પક્ષમાંના ઘણા લોકોને ભારે વ્યથા થઇ. મને મદદ કરનારી સ્ફનરબાઇના પતિને-જનરલ લેવિસ સ્ફનરને તેમા ભારે વ્યથા થઇ. જનરલ સ્ફનરે કાળા લોકોને બચાવવાનો પ્રયત્ન કર્યો, તે માટે તેમને નીચે નાખી એવો બેસુમાર માર મારવામાં આવ્યો કે તેમાંથી તે સારા જ થયા નહિ. બે પ્રજામા ચાલેલી આ લડાઇ જોઈ આ દેશમાં અમારા લોકોને કંઇ આશા જેવુ નથી એમ મને લાગ્યુ પુનર્ઘટનાત્મક સમયમાં "કુ ક્લક્સ ક્લાન" નો કાળ અતિશય કાળો-બ્લેક ભાગ હતો. "કુ ક્લક્સ ક્લાન" ના સમય પછી જે કઇ સારૂં સ્થિત્યતંર થયું છે તે તરફ લોકોનું વિશેષ લક્ષ જાય તે માટે દક્ષિણ અમેરિકામાંના ઇતિહાસના આ ઉદ્વેગજનક ભાગ માટે મ્હેં કઇક કહ્યું છે. આજે તેવી સંસ્થા દક્ષિણ અમેરિકામાં નથી, અને તે પૂર્વે હતી એ વાત પણ બન્ને પ્રજા ભૂલી ગઇ છે. લોકમત એવી સંસ્થા ચાલવા દે એવાં ઘણાં જ થોડાં સ્થળ હાલમાં દક્ષિણ અમેરિકામાં છે.

પ્રકરણ ૫ મું.

પુનર્ઘટનાત્મક કાળ

ઇ. સ. ૧૮૬૭ થી ઇ. સ. ૧૮૭૮ સુધીના વર્ષોને મ્હારા વિચાર મુજબ "પુનર્ઘટનાત્મક કાળ" એ સંજ્ઞા આપી. મ્હે હેમ્પટનમાં વિદ્યાર્થી તરીકે અને વેસ્ટ વર્જીનિયામાં શિક્ષક તરીકે જે સમય વ્યતીત કર્યો હતો તેનો પણ "પુનર્ઘટનાત્મક કાળ" મા સમાવેશ થાય છે. આ સમયમા ઘણા કાળા લોકોના હૃદયમા બે કલ્પનાઓ અહર્નિશ રમી રહી હતી. તે પૈકી એક ગ્રીક અને લૅટીન શીખવાની ઉત્કંઠા અને બીજી નોકરી કરવાની ઇચ્છા.

જે લોકો વંશપરંપરાથી ગુલામગીરીમા હતા, અને જેમના વડીલોએ પોતાનો સમય તદ્દન જંગલી અવસ્થામા પસાર કર્યો હતો, તે લોકોને પ્રથમજ શિક્ષણની યોગ્ય કલ્પના થાય તે અસંભવનીય હતુ. દક્ષિણના પ્રત્યેક ભાગમા "પુનર્ઘટનાત્મક કાળ" માં દરેક વયના અને સ્થિતિના લોકોથી (કેટલાએક ૬૦—૭૦ વર્ષની વયના પણ હતા) દિવસની અને રાત્રીની શાળાઓ તદ્દન ખીચોખીચ ભરાતી હતી. શિક્ષણ મેળવવાની મહત્વાકાંક્ષા ઘણી સ્તુત્ય અને ઉત્તેજક છે; પરતુ થોડુ શિક્ષણ મળતાજ જગતના ઘણા ત્રાસ અને સંકટમાંથી સહજ રીતે છૂટા થવાશે અને શારીરિક શ્રમ દૂર થશે, એવી કલ્પના તે સમયમા ઘણી પ્રચલિત હતી. તેમજ ગ્રીક અને

લૅટીન ભાષાનું જ્ઞાન—ભલેને તે થોડું હોય, પણ તે મેળવનાર શ્રેષ્ઠ માણસ થશે; એટલુંજ નહિ પણ દેવસમાન થશે એવી પણ તે લોકોની માન્યતા હતી. વિદેશી (ગ્રીક લૅટીન) ભાષાના ભાગ્યા તુટયા જ્ઞાનવાળો એક કાળો મનુષ્ય મ્હેં પ્રથમજ જોયો ત્યારે તે વખતે મને તે સર્વથી શ્રેષ્ઠ છે, એમ લાગ્યું હતું, અને મ્હારી પણ તેના જેવાજ થવાની ઇચ્છા થઇ હતી, એવું મને યાદ છે.

સાધારણ રીતે થોડુ શિક્ષણ મેળવેલા અમારા લોકો પૈકીના ઘણા એક શિક્ષક અગર ઉપદેશક બનતા. જો કે આ બન્ને વર્ગમાં યોગ્ય, આસ્તિક અને સદાચરણી સ્ત્રી પુરૂષ હતાં; તો પણ ઘણાક શિક્ષક અને ઉપદેશકનો ધંધો ઉદરનિર્વાહ સારી રીતે થાય તે માટે કરતા હતા. કેટલાક એવા પણ શિક્ષકો થયા હતા કે જેમને પોતાનું નામ લખવા સિવાય વિશેષ જ્ઞાન ભાગ્યેજ હોય. મને યાદ આવે છે કે આ વર્ગ પૈકીનો એક શિક્ષક અમારી પડોશમાં નોકરીની શોધ માટે આવી રહ્યો હતો. તે પૃથ્વીનો આકાર કેવો છે, એ વિષયમાં વિદ્યાર્થીઓને શુ શીખવશે, એવો એક પ્રશ્ન ઉપસ્થિત થયો. તેણે જવાબમાં કહ્યું કે પોતાના આશ્રય દાતાઓના બહુમત પ્રમાણે પૃથ્વી સપાટ છે કે ગોળ છે, એ બન્ને મત પૈકી પોતે કોઇ પણ મત શીખવવા તૈયાર છે.

જો કે ઘણી સુધારણા થતી જાય છે, તોપણ તેમાં ઉપાધ્યાયનો ધંધો, અશિક્ષિત મનુષ્યો તથા પોતે ઉપદેશક થવા માટે નિમંત્રાયલા છે, એમ દુરાગ્રહપૂર્વક સમજનારા દુરાચરણી મનુષ્યોના લીધે પડતી સ્થિતિમાં આવ્યો છે; અને હજી પણ તે પ્રવાહ ચાલુજ છે. સ્વતંત્રતા મળ્યા પછી વાચતા જાણનાર પ્રત્યેક કાળા મનુષ્યને વાંચન શરૂ કર્યાંથી થોડાજ દિવસમાં ઉપદેશ કરવાનું આમંત્રણ (call) આવતું. ઘણું કરી દેવાલયમાં એકત્ર થયાં હોઇએ તે સમયે આ આમંત્રણ થતું. અમારા ગામમાં આ નિમંત્રણની પદ્ધતિ ઘણીજ મઝેની હતી. અગાઉથી

સૂચના આપ્યા સિવાય આમંત્રિત મનુષ્ય ગોળીથી ઘાયેલ થયેલા મનુષ્ય પ્રમાણે જમીનપર પડતો અને ત્યાં કેટલાએક કલાક કંઇ પણ ન બોલતાં અને ન હાલતાં પડી રહેતો. આ પ્રમાણે બનતું એટલે તે વ્યક્તિને (ઉપાધ્યાયનું) આમંત્રણ મળ્યું" એવી ખબર આજુબાજુ પ્રસરતી હતી. તેના મનમાં આ સમન્સ–આમંત્રણ ન સ્વીકારવાનો વિચાર થતો તો તેને ફરીથી પડવું પડતું, અગર તો તેને પાડવામાં આવતો. છેવટે તેને આ આમંત્રણ સ્વીકારવું પડતું. મને શિક્ષણની અત્યત જરૂર હતી; પરંતુ લખતા વાંચતા સારૂં આવડશે કે આ આમત્રણ મને પણ થશે એવી મને યુવાવસ્થામાં ભીતિ હતી; પરંતુ ગમે તે કારણ હોય, પણ મને આવો પ્રસગ પ્રાપ્ત થયો નહિ.

તદ્દન અશિક્ષિત ઉપદેશક અને કેટલાક શિક્ષણ મેળવેલા ઉપદેશક એ બન્નેની સ ખ્યાનો સરવાળો કરતા ઉપદેશકની સ ખ્યા ઘણીજ મોટી હતી, એમ તાત્કાલિક–ઉપર ઉપરથી જોતાં જણાઇ આવતું એક દેવાલયનાં બસો માણસ હતા, અને તે પૈકી અઢાર ઉપદેશક હતા, એવી મને ખબર છે. પણ આ સ્થાને મ્હારે જણાવવું જોઇએ કે દક્ષિણમાની ઘણી સમાજમાં ઉપદેશકનુ શીલ સુધરતું જાય છે; અને ઘણા નાલાયક મનુષ્યો ભવિષ્યમાં વીસ ત્રીસ વર્ષના અરસામા તો નષ્ટપ્રાય થઇજશે. મને જણાવવાને આનદ થાય છે કે પૂર્વ કરતાં હવે આમંત્રણ કમી થતા જાય છે, અને ઘણા ઉદ્યોગ ધ ધાના આમ ત્રણ વધતાં જાય છે. ઉપદેશકોની સુધારણા કરતા શિક્ષકોમાં થતી સુધારણા અધિક સ્પષ્ટ જણાઇ આવેછે.

"પુનર્ઘટનાત્મકકાળ" મા દક્ષિણના અમારા બધા લોકો, બાળક જે પ્રમાણે પોતાની મા પર સર્વાંશે અવલ બી રહે છે તે પ્રમાણે પ્રત્યેક બાબત માટે સ યુક્ત સરકાર Federal Govt.) તરફ જોતા હતા. અને તે કંઇ અસ્વભાવિક નહતું. સરકારે તેમને સ્વતંત્રતા આપી હતી, અને બધા રાષ્ટ્રને બે શતકથી અધિક સમય

નીગ્રોના શ્રમનો ફાયદો મળ્યો હતો. મ્હારી તરૂણાવસ્થામાં અને હું મોટો થયા પછી પણ મને એમ લાગતું હતું કે અમારા લોકોમાં નાગરિકનાં કર્ત્તવ્ય કર્મ અદા કરવાની પાત્રતા આવવા માટે સંસ્થાનો જે કંઇ શિક્ષણની સવડ કરે, તે સિવાય મુખ્ય સરકાર સ્વતંત્રતા આપ્યા પછી સાર્વત્રિક શિક્ષણની કંઇ સવડ ન કરે, તો તે મહાન પાપ ગણાય.

દોષ કાઢવા અને આમ કરો, તેમ કરો, એ કહેવું ઘણું સહેલું છે; પરંતુ તે વખતની પરિસ્થિતિ જોતાં અધિકારીઓએ તે વખતે જે કંઇ યોગ્ય હતું તેજ કર્યું હતું! તથાપિ અમારી સ્વંત્રતાનો સર્વ કાળ ધ્યાનમાં લેતાં અમુક એક શિક્ષણ મળ્યું હોય કિંવા જેની કંઇ માલમત્તા હોય અથવા બન્ને હોય તો તેને મત આપવાનો અધિકાર હોવો જોઇએ, એવી યોજના થઇ હોત, તેમજ કાળા અને ગોરા એ ઉભય જ્ઞાતિને મત આપવાની પાત્રતા પ્રમાણિકપણાથી અને અપક્ષપાત રીતે લાગુ કરવાનો ઉપાય શોધી કાઢયો હોત, તો આ કામ અધિક ડહાપણનું થયું હોત, એમ હું કહ્યા વગર રહી શકતો નથી.

"પુનર્ઘટનાત્મક" સમયે જો કે પ્રૌઢ થયો હતો, તો પણ ભૂલો થાય છે, અને હવે છે તેવી સ્થિતિ ઘણો વખત રહેશે નહિ, એમ મને લાગતુ હતુ. મ્હારી જ્ઞાતિ સંબંધી રચાયલી પોલીસી (Policy) ઘણા ભાગે ભૂલભરેલા પાયાપર રચાયલી હોઇ અસ્વભાવિક અને વેઠરૂપ હતી, એવો મ્હારો મત હતો. સ્પષ્ટ દેખાતું હતુ કે અમારા લોકની અજ્ઞાનતાનો ફાયદો લઈ ગોરા લોકોને મોટી જગ્યાઓ આપવામાં આવે છે, અને ઉત્તર અમેરિકામાં કેટલાક લોકોનો એવો પણ મત હતો કે નીગ્રો લોકોને દક્ષિણના ગોરાઓ કરતાં શ્રેષ્ઠ જગ્યા આપી તેમની ખોડ તોડવી. પણ આમાં છેવટે નીગ્રોની જ ખોટ પડશે એમ મને લાગ્યું. આ સિવાય સાર્વજનિક રાજકીય ચળવળે નીગ્રો લોકોની વૃત્તિને ઉદ્યોગ ધંધામાં પૂર્ણતા મેળવવી અને પૈસો કમાવો, મુખ્ય બાબતોથી પરાવૃત કરી.

રાજકીય કાર્યમાં પ્રવેશ કરવાના મોહે મને એવી ભૂરકી નાખી હતી કે એકાદ વખત તો હું તેનો ભોગ થઇ પડત; પણ કર્મેન્દ્રિય, જ્ઞાનેંદ્રિય અને અંતઃકરણ અથવા કર, શિર અને હૃદય (Hand, head and heart) ના ઉદ્ધાર તથા ભરપૂર શિક્ષણથી જ્ઞાતિની ઉન્નતિનો પાયો સારો નાખી જ્ઞાતિને મ્હારા હસ્તે સારી અને ખરે-ખરી મદદ થશે, એ વિચારના બળે હું તે મોહથી બચવા પામ્યો. કેટલાક કાળા, સંસ્થાનની કાયદા કાઉન્સીલના સભાસદ અને પ્રાંતના અધિકારી હતા તેમને લખતાં વાંચતાં પણ આવડતું નહતું, અને તેમની નૈતિક સ્થિતિ પણ તેમના શિક્ષણ જેટલી જ અલ્પ અને કમજોર હતી. એવા કેટલાક ઉદાહરણો પણ મ્હે નજરે જોયાં છે. થોડા દિવસ ઉપર હું દક્ષિણ અમેરિકાના એક શહેરના રસ્તાપર જતો હતો, ત્યારે કેટલાએક કડીઆને કોઇને હાંક મારતા મ્હે સાભળ્યા. તે લોકો ઈંટોના બે માળના ઘરપર કામ કરતા હતા, અને ત્યાંજ 'ઝટ કર, વધારે ઈંટો લાવ,' એમ એક ગવર્નરને ઘાંટો પાડી કહેતા હતા. 'ઝટ કર, ગવર્નર' ઉતાવળ કર, ગવર્નર! એવા શબ્દો થતાં મ્હે ઘણીવાર સાભળ્યા. મ્હારી જિજ્ઞાસા એટલી વધી કે તે ગવર્નર કોણ છે તેની તપાસ કર્યા સિવાય મ્હારાથી રહી શકાયુ નહિ. તપાસના પરિણામે મને જણાયું કે તે એક કાળો માણસ હતો, અને તેને એક વખત પોતાના સંસ્થાનની લેફ્ટનંટ ગવર્નરની જગ્યા મળી હતી.

બે વર્ષ માલ્ડનમાં શિક્ષકનું કાર્ય કર્યા પછી અને મ્હારા બે બંધુ સિવાય બીજા કેટલાક તરૂણ સ્ત્રીપુરૂષોને હેમ્પટન સંસ્થામા પ્રવિષ્ટ થવાની તૈયારી કરી આપ્યા પછી ઇ. સ. ૧૮૭૮ ની શરદ્-ઋતુમાં કોલંબિયા પ્રાંતના વૉશિંગ્ટનમાં કેટલાક મહિના અભ્યાસમાં પસાર કરવાનો મ્હે નિશ્ચય કર્યો. હું ત્યા આઠ મહિના રહ્યો ત્યાંના અભ્યાસથી પણ મને ઘણોજ ફાયદો થયો, અને કેટલીક સારી

વ્યક્તિઓના સહવાસનો પણ લાભ મળ્યો. જે સંસ્થામાં હું રહ્યો હતો ત્યાં વિદ્યાર્થીઓને ઔદ્યોગિક શિક્ષણ આપવામાં આવતું નહતું; તેથી હૅમ્પટન જેવી ઔદ્યોગિક શિક્ષણપરજ આધાર રાખતી સંસ્થાનું તથા ઔદ્યોગિક શિક્ષણું લેશ માત્ર આપનારી સંસ્થાનું શું પરિણામ આવે છે? તેની તુલના કરી જોવાની સંધિ મને મળી. આ શાળામાં ઘણાએક વિદ્યાર્થીઓ પાસે અધિક પૈસા હતા, તથા તેમનો પોશાક પણ અધિક સારો હતો; એટલુંજ નહિ પણ ત્યાંની પ્રચલિત ફૅશન-પદ્ધતિ પ્રમાણે હતી. આમાંના કેટલાક વિદ્યાર્થીઓ મનથી અધિક ચાલાક હતા. હૅમ્પટનમાં એવો નિયમ હતો કે વિદ્યાર્થીના શિક્ષણનો ખર્ચ કોઇના તરફથી પણ અપાવવાની જવાબદારી સંસ્થા લેતી હતી. પણ ભોજનખર્ચ, પુસ્તક, કપડાંલત્તાં અને ઓરડીભાડું, એ ખર્ચની યોગવાહી વિદ્યાર્થીઓને કામ કરીને કિંવા અર્ધુંપર્ધું કામ કરીને અને અર્ધાપર્ધા રોકડા પૈસા આપીને કરવી પડતી. આ શાળાના ઘણાએક વિદ્યાર્થીઓને ખાનગી ખર્ચ કોઇ પણ રીતે મળતો હતો; પણ હૅમ્પટનમાં ઉદ્યોગ ધંધામાં પ્રયત્ન કરી વિદ્યાર્થીઓને પોતાનો ખર્ચ પૂરો કરવો પડતો હતો. તેમનું શીલ ઉત્તમ બનાવવામાં આ પ્રયત્ન અત્યંત ઉપયોગી થતો. આ વૉશિંગ્ટનની શાળાના વિદ્યાર્થીઓ ઘણા થોડાજ સ્વાવલંબી હોય છે. બહારની ટાપટીપ તરફ તેઓ વિશેષ લક્ષ આપે છે. ટુંકામાં કહીએ તો હૅમ્પટનના વિદ્યાર્થીઓ જેમ પોતાનું શિક્ષણ મૂળથીજ ઉત્તમ પાયાપર શરૂ કરે છે, તેમ આ તરફના વિદ્યાર્થીઓ કરતા નહતા. અહીંના વિદ્યાર્થીઓનો શિક્ષણક્રમ પૂરો થતો એટલે તેમને લૅટીન અને ગ્રીક ભાષાનું અધિક જ્ઞાન થતું હતું; પણ તેમને સંસારનું અને વ્યવહારનું જ્ઞાન તો જૂજજ થતું હતું. સુખકારક પરિસ્થિતિમાં ઘણાં વર્ષ કાઢવાથી હૅમ્પટનના વિદ્યાર્થીઓની પેઠે દક્ષિણનાં ત્રાસદાયક ગામડાંઓમાં જઇ પોતાના મનુષ્યો માટે કામ કરતાં તેમને આવડતું નહતું; પણ હૉટલમાં ખીદમતગાર

થવું, અને પુલમનકારમાં* પોર્ટર થવું, એજ પોતાના આયુષ્યનું ઇતિ કર્તવ્ય છે, એવો તેમને મોહ થતો.

હું વૉશિંગ્ટનમાં શીખતો હતો ત્યારે દક્ષિણમાંથી તરતના આ-વેલા કાળા લોકોથી શહેર ગીચ ભરાઇ ગયું હતું. અહીંઆં મોજમાં દિવસ કાઢી શકાશે, એવી સમજથી ઘણાજ માણસો આવેલા હતા. કેટલાકને નાની મોટી સરકારી જગ્યાઓ મળી હતી; અને બીજા કેટલાક તો સંયુક્ત રાજ્યની જગ્યા મળવાનીજ આશાથી આવેલા હતા. આ કાળા લોકોમાં કેટલાક ઘણા બુદ્ધિમાન અને ચાલાક પણ હતા. તેઓ અમેરિકાની પાર્લામેંટ–House of Representatives માં હતા; અને ઑ. બી. કે. બ્રુસ નામના ગૃહસ્થ તો સૅનેટમાં પણ હતા. આ બધી બાબતોથી વૉશિંગ્ટન કાળી જાતના લોકોનું એક મોટું રમણીય સ્થાન બન્યું હતું. આ સિવાય કોલંબિયા પ્રાંતમાં હમેશ આપણને કાયદાનો આશ્રય મળે છે, તેની પણ તેમને માહિતી હતી. વૉશિંગ્ટનની કાળા લોકોની સાર્વજનિક શાળા અન્ય સ્થળોની શાળાઓ કરતા વિશેષ સારી હતી. અહીંના અમારા લોકોની સ્થિતિનું મ્હેં ઉત્સાહપૂર્વક અને બારીકાઇથી નિરીક્ષણ કર્યું તેમા ઉત્તમ અને લાયક નાગરિકો ઘણા હતા; તો પણ કેટલાક લોકોનો ભપકો જોઇ હું ચિંતામાં પડયો. અઠવાડીઆમાં ચાર ડાલરથી વધુ નહિ મેળ-વનારા એવા ઘણા કાળા લોકોને પોતાની પાસે હઝારો ડાલર છે, એમ લોકોને દર્શાવવા માટે રવિવારે પેન્સિલવેનિયા રસ્તાપર આમ તેમ ફરવા માટે બે કે તેથી પણ અધિક ડાલર ખર્ચ કરતા મ્હેં જોયા. સરકાર તરફથી દર મહિને ૭૫ કે ૧૦૦ ડાલર મેળવવા છતાં પણ પ્રત્યેક મહિનાને અંતે દેવાદાર રહેનારા એવા પણ કેટલાક તરૂણ ગૃહસ્થો મ્હારી નજરે પડયા. કેટલાક દિવસ પહેલા પ્રતિનિધિ–સભામાં સભાસદ તરીકે રહેલા પણ પછી ખાલી અને દરિદ્રી બનેલા લોકો પણ

* સૂવાની સવડવાળી અમેરિકાની મોટી ગાડીઓ.

નજરે પડવા લાગ્યા. ઘણાક લોકો પ્રત્યેક નાની મોટી બાબતો માટે સરકારપરજ અવલંબી રહેતા હતા. આ વર્ગના લોકોને પોતાની સ્થિતિ સુધારવાની ઘણીજ થોડી ઇચ્છા હતી, અને તે સુધારવા માટે સંયુક્ત અધિકારીપર તે. પૂર્ણપણે અવલંબી રહેલા હતા. તે વખતે અને ત્યાર પછી પણ મ્હેં કેટલીક વખત તો એવી પ્રાર્થના પણ કરી હતી કે કંઇ અદ્ભૂત જાદુ અથવા સામર્થ્યથી તેમને ઉપાડી ગામડાંઓમાં લઇ જવા, અને ત્યાં મક્કમ અને કદી પણ દગો ન દેનાર ભૂમિ–માતાના ખોળામાં તેમને નાખવા. સર્વ યશસ્વી રાષ્ટ્રે અને લોકોએ અહીંથીજ પોતાની ઉન્નતિનો પ્રારંભ કર્યો છે. પ્રથમ દર્શને આ ઉન્નતિનો માર્ગ કઠિન અને મંદ લાગશે, તોપણ તેજ ખરો માર્ગ છે.

વૉશિંગ્ટનમાં મ્હેં કેટલીક છોકરીઓ જોઇ. તેમની માતાઓ ધોબીના ધંધાથી પોતાનો ઉદરનિર્વાહ કરતી હતી. પોતાની પુત્રીઓને પણ આ ધોબીનો ધંધો તેઓ શીખવતી હતી. પરન્તુ પછી આ છોકરીઓ સાર્વજનિક સ્કૂલમા જતી થઇ. ત્યાં સાત આઠ વર્ષ રહેવા લાગી. શિક્ષણક્રમ પૂરો થયા પછી તેમને વિશેષ મૂલ્યવાન પોશાક, ટોપી અને બૂટની જરૂર પડતી હતી. સારાંશ કે **તેમની જરૂરીઆતો વધી હતી, પણ તે પૂર્ણ કરવાની યોગ્યતા વધી ન હતી!** સાત આઠ વર્ષના પુસ્તકીય શિક્ષણથી તેમને ઉલટો માતાનો ધંધો છોડવો પડયો. એનુ પરિણામ એ આવ્યું કે તે છોકરીઓ પૈકી ઘણીએક ભીખ માગવા લાગી. તે છોકરીઓને ભાષા, ગણિત, એ પૈકી મનને સશક્ત અને સુસંસ્કૃત કરનારૂં કોઇ પણ શિક્ષણ આપવા ઉપરાંત ધોબીના ધંધાંનુ ઉત્તમ શિક્ષણ કે તેના જેવું જ અન્ય કઇ ઔદ્યોગિક શિક્ષણ આપવામા આવ્યુ હોત તો ઘણું ડહાપણભરેલુ થયુ હોત, એમ મને ઘણી વખત લાગ્યું હતું.



પ્રકરણ ૬ ઠું.

કૃષ્ણવર્ણ અને તામ્રવર્ણ જ્ઞાતિ.

હું વૉશિંગ્ટનમાં રહેતો હતો ત્યારે અને તે અગાઉ પણ કેટલાક દિવસથી વેસ્ટ વર્જીનિયા સંસ્થાનમાં વીલીંગ નામના ગામમાંથી સંસ્થાનનું થાણું કાઢી કોઇ પણ મધ્યવર્તી શહેરમાં લઇ જવા માટે ચળવળ ચાલતી હતી. આ ચળવળનું પરિણામ એ આવ્યું કે સરકારે ત્રણ શહેર પસંદ કર્યા, અને તે પૈકી સંસ્થાનના નાગરિકો સર્વાનુમતે પસંદ કરે તે શહેરમાંજ સરકારનું થાણું રાખવું એમ ઠર્યું આ ત્રણ પૈકી ચાર્લેસ્ટન શહેર મ્હારા ગામ માલ્ડનથી પાંચ માઇલના અંતર પર આવેલું હતું. વૉશિંગ્ટનમાં મ્હારો શાળાનો અભ્યાસક્રમ પૂર્ણ થવાના અરસામાં ચાર્લેસ્ટનના ગોરાઓની સભા તરફથી મને પોતાના શહેરને માટે પ્રયત્ન કરવાનું આમંત્રણ આવેલું જોઇ સાનંદાશ્ચર્ય થયું. તે આમંત્રણ મ્હેં સ્વીકાર્યું, અને સંસ્થાનના ઘણા ભાગમાં વ્યાખ્યાન આપવામાં ત્રણ મહિનાનો વ્યય કર્યો ચાર્લેસ્ટન ગામને આ બાબતમાં યશ મળ્યો, અને ત્યાંજ હાલ સરકારનું કાયમનું થાણું છે.

આ ચળવળમાં વ્યાખ્યાતા તરીકે મ્હારી જે થોડી ઘણી પ્રસિદ્ધિ થઇ, તે જોઇ હું રાજ્યકાર્યમાં પ્રવેશ કરૂં તે માટે ઘણાઓએ પ્રયત્ન કર્યો. પણ મ્હેં તેની ના પાડી. કારણ મ્હારી જ્ઞાતિની આ કરતાં

વિશેષ સેવા હું કોઈ પણ અન્ય કાર્યથી કરી શકીશ, એવી મ્હારી માન્યતા હતી. તે વખતે અમારા લોકોને શિક્ષણ, ઉદ્યોગ, ધંધા અને મીલકતનો સારો આધાર મળવાની મને અત્યંત જરૂર જણાતી હતી, અને તે માટે રાજકીય હક્ક (આસામી) મેળવવા કરતાં ઉક્ત ત્રયી માટે પ્રયત્ન કરવો અતિ ઇષ્ટ લાગ્યો. મ્હારા માટે કહેશો તો રાજ્ય કાર્યમાં પણ મને ખાત્રીથી યશ મળ્યો હોત; પણ તે યશ એક પ્રકારનો સ્વાર્થજ છે, અને તેમ કરવામાં સમાજની ઉન્નતિનો પાયો નાખવાના મ્હારા કાર્યમાં કર્તવ્ય–પરાયણતાથી વિમુખ થયો હોત.

અમારી જ્ઞાતિના આવા ઉન્નતિના સમયે શાળામાં અને કૉલેજમાં ઘણા તરૂણો માત્ર વકીલ થવા કે પ્રતિનિધિ–સભાના સભાસદ થવાના વિચારથી જતા હતા; અને ઘણી સ્ત્રીઓ સંગીત કળાની અધ્યાપિકા થવા ઇચ્છતી હતી. તારૂણ્યમાં પણ મ્હારો તો એકજ વિચાર હતો. તે એજ કે સારા વકીલ, સારા પ્રતિનિધિ અને ગાયન વાદન કળાના લાયક અધ્યાપકો બનાવવવાની આવશ્યકતા તરફ ધ્યાન આપવું.

ગુલામગીરીના દિવસમાં સારંગી શીખવા ઇચ્છનાર એક વૃદ્ધ નીગ્રોની સ્થિતિ જેવીજ હાલની સ્થિતિ મને લાગી સારગીની ગત શીખવા માટે એક તરૂણ માસ્તરને તે ડોસાએ વિનંતિ કરી; પણ આટલી વૃદ્ધ વયે એને સારગી વગાડતાં આવડશે કે નહિ, એવી શંકા થવાથી તે તરૂણ માસ્તરે તેને નાઉમેદ કરવાના હેતુથી કહ્યું કે "જેક કાકા! હુ તમને બધી ગત શીખવાડુ છું, પણ પહેલી ગત માટે હુ તમારી પાસેથી ત્રણ, બીજી માટે બે અને ત્રીજી માટે એક ડાલર લઇશ; અને છેવટની એટલે ચોથી ગત માટે તમારે ફક્ત પા ડાલર આપવો પડશે!" જેક કાકાએ ઉત્તર આપ્યો "ઠીક છે, મહારાજ! મને આપની શરત માન્ય છે, પણ મને છેવટનીજ ગત

પ્રથમ આપો, એટલે બસ!"

સંસ્થાનનું મુખ્ય થાણું બદલાયા પછી મને એક બીજું આમંત્રણ આવ્યું; અને તે યોગથી પણ ઘણું આશ્ચર્ય થઇ મને અત્યાનંદ થયો. આવતા પદવીદાન-સમારંભ વખતે ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓને મ્હારે ચાર શબ્દ કહેવા, એ આશયનો જનરલ આર્મસ્ટ્રોંગે મને પત્ર લખ્યો હતો. મને આવું માન મળશે એવુ મ્હારા સ્વપ્નમાં પણ નહતું. મ્હારા હાથથી બન્યુ તેટલુ કાળજીપૂર્વક ભાષણ મ્હે તૈયાર કર્યું. મ્હારા ભાષણનો વિષય 'યશસ્વી શક્તિ'–The force that wins' એ મ્હે પસંદ કર્યો.

છ વર્ષ પૂર્વે વિદ્યાર્થી તરીકે હૅમ્પટન સસ્થામાં પ્રવિષ્ટ થવા હું જે માર્ગે ગયો હતો તેજ માર્ગે આ ભાષણ કરવા માટે હું હૅમ્પટન ગયો; પણ આ વખતે તે બધો માર્ગ આગગાડીથી વટાવ્યો હતો. મ્હારા પહેલા પ્રવાસમા અને આ પ્રવાસમા કેટલો તફાવત! પાંચ વર્ષમાં કોઈ પણ વ્યક્તિના જીવનક્રમમા અને આશામાં આટલો ફેરફાર કવચિત્‌જ થયો હશે, એમ કહું તો હું આત્મસ્તુતિ કરૂં છુ, એમ કહેવાશે નહિ.

હૅમ્પટનના શિક્ષક અને વિદ્યાર્થીઓએ મ્હારૂં અંતઃકરણપૂર્વક સ્વાગત કર્યું મ્હે હૅમ્પ્ટન છોડયા પછી તે સંસ્થા, અમારા લોકોની સ્થિતિ અને હાજતોથી દિન પ્રતિદિન યોગ્ય થતી જતી, તેમજ ઔદ્યોગિક અને અન્ય શિક્ષણમા ઘણી સુધરતી જતી મને જણાઇ. તે વખતે અસ્તિત્વ ધરાવતી કોઇ પણ શાળાના નમુના પ્રમાણે હૅમ્પટન સંસ્થાનો નકશો ઠરાવેલો નહોતો, પણ તે સમયે અમારા લોકોની જરૂરીયાત કેમ પૂરી પાડવી અને તેમની પરિસ્થિતિ કેવી રીતે સુધારવી, એ હેતુથી જનરલ આર્મસ્ટ્રાંગની ઉદાર દૃષ્ટિ નીચે અને નિયમન પ્રમાણે પ્રત્યેક સુધારણા કરવામાં આવતી હતી. અશિક્ષિત લોકોમાં શિક્ષણ ફેલાવવાનું અને ઇતર મીશનરી (પરોપકારી) કામ કરતાં, પ્રથમ

સેંકડો વર્ષ પૂર્વે કરેલા અગર હજારો માણસપર અન્ય જાતિમાં ચાલુ રહેલા પ્રયોગો અજમાવી જોવાનો, અનેકનો વિચાર હતો. વ્યક્તિની પરિસ્થિતિ અને સાધ્ય તરફ બીલકુલ લક્ષ ન આપતાં પ્રત્યેકને ઠરાવેલા શિક્ષણના સંચામાં ઘાલી બહાર કાઢવાનો મોહ હમેશ પ્રાપ્ત થાય છે. પણ હૅમ્પટનની સંસ્થામાં તેવું નહતું.

પદ્દીદાનના દિવસના મ્હારા ભાષણથી બધા ઘણા ખુશ થયા અને 'આ ભાષણ ઘણું સારૂં થયું,' 'એમ કહી ઘણાઓએ મોટી મમતાથી મને પ્રોત્સાહન આપ્યું. હું જલદી વેસ્ટ વર્જીનિયામાં મ્હારા ગામે પાછો ગયો, અને પુન શીખવવાનુ શરૂ કરવાની વ્યવસ્થા કરવા લાગ્યો; એટલામાં પુન. જનરલ આર્મસ્ટ્રાંગનો મ્હારાપર અકસ્માત એક પત્ર ઇ. સ. ૧૮૭૯ ના ઉનાળામાં આવ્યો. શિક્ષકનુ કામ કરવા માટે અને કેટલોક બાકી રહેલો અભ્યાસ કરવા માટે મ્હારે પાછા હૅમ્પટન જવુ, એમ તેમણે મને લખ્યું હતું. વેસ્ટવર્જીનિયામાં મ્હેં શિક્ષકનુ કાર્ય શરૂ કર્યા પછી મ્હારા બે બંધુ સિવાય બીજા ચાર હુશિયાર અને ઉત્સાહી વિદ્યાર્થીઓ મ્હે ચુંટી કાઢયા હતા, અને તેઓ હૅમ્પટનની સંસ્થામાંપ્રવિષ્ટ થઇ શકે તે માટે વિશેષ લક્ષ આપ્યુ હતું. આ બધા વિદ્યાર્થી હૅમ્પટન ગયા અને ત્યાના શિક્ષકોને તે એટલા પસંદ પડયા કે તેમને બધાને એકદમ ઉપલા વર્ગમાં દાખલ કરવામા આવ્યા. આ ઉપરથીજ મને હૅમ્પટનમાં શિક્ષકનુ કામ કરવા માટે બોલાવ્યો હોવો જોઇએ એમ હુ ધારૂં છુ મ્હે હૅમ્પટન મોકલેલા વિદ્યાર્થી પૈકી એક ડૉ. સૅમ્યુઅલ ઇ. કર્ટને નામનો હતો, અને હવે તે બોસ્ટન શહેરમાં ઉત્તમ વૈદ્ય અને ત્યાંની સ્કૂલ બૉર્ડનો એક સભાસદ છે.

આ વખતે હૅમ્પટનમાં ઇંડિયન લોકોને શિક્ષણ આપવાનો પ્રથમજ પ્રયોગ જનરલ આર્મસ્ટ્રાંગ કરી જોવા હતા. ઇંડિયન લોકો શીખી શકશે અને તેથી પોતાને ફાયદો કરી શકશે, એમ ઘણા થોડાજ તે

વખતે ધારતા હતા. મોટા પ્રમાણપર પદ્ધતિપૂર્વક આ પ્રયોગ કરી જોવાનો જનરલ આર્મસ્ટ્રાંગનો વિચાર થયો, અને તે વિચારથી પશ્ચિમ તરફનાં સંસ્થાનોના જંગલોમાંથી જંગલી અને તદ્દન અશિક્ષિત એવા સોથી વિશેષ ઇંડિયનો તેમણે મેળવ્યા. તેઓ પૈકી ઘણા તરૂણ હતા. મ્હારે તે સર્વ તરૂણ ઇંડિયનોના પિતા પ્રમાણે પાલક થવું-એટલે મ્હારે તેમની સાથે એકજ મકાનમાં રહી તેમના શિક્ષણ, કપડાંલત્તાં, ઓરડીઓ વગેરેપર દેખરેખ રાખવી, એવી જનરલ આર્મસ્ટ્રાંગની ઇચ્છા હતી. મને સોપવા ધારેલું કામ ઘણું મોહક તો હતું, પણ વેસ્ટ વર્જીનિયામાં મ્હારા કાર્યમાં હું એટલો મગ્ન થયો હતો કે તે હવે છોડી દેવાનુ મને મુશ્કેલ લાગ્યુ છેવટે તે મ્હે છોડયુજ, કારણ જનરલ આર્મસ્ટ્રાંગે કહેલા કાર્યનો અસ્વીકાર કરવો એ યોગ્ય લાગ્યુ નહિ.

હૅમ્પટન ગયા પછી પોણોસો ઇંડિયન વિદ્યાર્થીઓથી પૂર્ણ એવા મકાનમાં મ્હારે રહેવું પડયુ. તેમની જાતિ બહારનો ફક્ત હું એકજ ત્યાં હતો. આ કાર્યમા હું યશ કેવી રીતે મેળવી શકીશ, તેની મને શંકા થવા લાગી. પ્રત્યેક ઇંડિયનની માન્યતા એવી હતી કે આપણે ગોરા મનુષ્ય કરતાં શ્રેષ્ઠ છીએ, અર્થાત્ નીગ્રો કરતા તો કેટલા બધા શ્રેષ્ઠ ?–વિશેષત જે આપણે કદિ પણ સ્વીકારીએ નહિ તે ગુલામગીરી આગળ નીગ્રો લોકોએ માથુ નમાવેલુ હોવાથી તેમના કરતાં ઘણા શ્રેષ્ઠ છીએ. એ માન્યતા મ્હારી જાણ બહાર નહતી, ગુલામગીરીના સમયમા ઘણા નીગ્રો લોકો ઇંડિયનોના પણ ગુલામ હતા. હૅમ્પટનમા તામ્રવર્ણી ઇંડિયનોને શીખવવાનો અને સુધારવાનો ચાલેલો પ્રયત્ન કદી પણ યશસ્વી બનશે નહિ, એવી ઘણાની સમજ થયેલી હતી. આ સર્વ હકીકત અને મ્હારાપરની મોટી જવાબદારી જાણી, મ્હે સાવધતાથી અને હુશિયારીથી કાર્ય શરૂ કર્યું; અને તેમાં પણ યશ મેળવવોજ એવો નિશ્ચય કર્યો. થોડાજ દિવસમાં આ ઇંડિયનોનો મ્હારાપર વિશ્વાસ બેઠો, એટલુંજ નહિ પણ

તેઓ મ્હારાપર પ્રેમ રાખી મને મ્હોટું માન આપવા લાગ્યા. અન્ય મનુષ્ય-પ્રાણીઓ જેવાજ તેઓ હતા. સારી વર્તણુકથી તેઓ ખુશ થાય છે અને ખરાબ વર્તણુકથી તેઓ ખીજવાય છે, એમ મને અનુભવથી જણાયું. મને સુખ અને આનંદ થાય તેમ કરવાના વિચાર તેઓ હમેશ કરતા હતા. પોતાના લાંબા વાળ કાપી નાંખવાનું, કામળા વાપરવાનુ છોડી દેવાનુ, અને તમાકુ પીવાની બંધ કરવાનુ તેઓને પસંદ ન હતું. અન્ય કોઇ પણ જ્ઞાતિના મનુષ્યની સુધારણા, પોતાના જેવાં ગોરા મનુષ્યના પોષાકનો ઉપયોગ કર્યા સિવાય, ગોરા મનુષ્યના જેવો ખાનપાન કર્યા સિવાય, ગોરા મનુષ્યની ભાષા બોલ્યા સિવાય અને ગોરા મનુષ્યનો ધર્મ માન્યા સિવાય થઇ શકે; એવું કોઇ પણ ગોરા અમેરિકનને લાગતું નહતું. ઇંગ્રેજી ભાષા શીખવવાની અડચણ બાજૂએ રાખતાં અન્ય વિષય અને ઉદ્યોગ શીખવામાં કાળા અને ઇંડિયન વિદ્યાર્થીઓમાં ઘણો થોડોજ તફાવત હતો, એમ મને જણાઇ આવ્યું. ઇંડિયનોને પોતાના હાથથી બને તેટલી મદદ કરવામાં કાળા વિદ્યાર્થીઓ જે કંઇ ઉત્સાહ દર્શાવતા તે જોઇ મને હમેશ આનંદ થતો ઇંડિયનોને હૅમ્પટનની સંસ્થામા દાખલ કરવા નહિ, એમ કહેનારા પણ કેટલાક કાળા વિદ્યાર્થી હતા; પણ સુદૈવે તેમની સંખ્યા ઘણીજ થોડી હતી. ઇંડિયનોને ઇંગ્રેજી બોલતા શીખવી શકાય, અને સારી સુધરેલી ટેવો તેમને પાડી શકાય, માટે નીગ્રો વિદ્યાર્થી, શિક્ષકોના કહેવા મુજબ તેમને સાથી તરીકે પોતાની ઓરડીમા આનંદથી રાખતા હતા.

કાળા વિદ્યાર્થીઓએ જે પ્રમાણે તામ્રવર્ણી વિદ્યાર્થીઓનું અંતઃકરણપૂર્વક સ્વાગત કર્યું તે પ્રમાણે "**બીજાની ઉન્નતિ કરવામાં અમે જેટલી મદદ કરીએ છીએ તેટલી જ અમારી પોતાની ઉન્નતિ થાય છે**" એમ ગોરાં વિદ્યાર્થીઓને કહેવાનું મ્હારા મનમાં અનેક વાર આવ્યું હતું.

આ પ્રસંગે મૉ. ફ્રેડરીક ડગલ્સનું ભાષણ મને યાદ આવે છે. એક વખત પેન્સિલવેનિયા સંસ્થાનમાં મી. ડગલ્સ પ્રવાસ કરતા હતા; ત્યારે અન્ય ઉતારૂઓ પ્રમાણે તેમણે ભાડું આપ્યું હતું, તો પણ તેમની વર્ણના કારણથી તેમને માલના ડબામાં બેસવું પડયું હતું. મી. ડગલ્સનું સાંત્વન કરવા કેટલાક ગોરા ઉતારૂ તે માલના ડબામાં ગયા અને તેઓ પૈકી એકે કહ્યુ· "મી. ડગલ્સ ! આપનુ આવી રીતે અપમાન થયેલુ જોઇ મને ઘણું ખરાબ લાગે છે" બેઠેલા સ્થાનેજ જરા ટટાર થઇ મી. ડગલ્સે ઉત્તર આપ્યો કે, "કોઇ ફ્રેડરીક ડગલ્સનું અપમાન કરી શકનાર નથી ! મ્હારામા રહેલા આત્માનું અપમાન કોઇ પણ મનુષ્ય કરી શકશે નહિ. આ વર્તનથી મ્હારૂં અપમાન થતું નથી, પણ મ્હારી સાથે જે આવી રીતે વર્તે છે તે પોતેજ પોતાનું અપમાન કરી લે છે !"

અમારા દેશમાના એક ભાગમા કાળી અને ગોરી જાતે જુદા જુદા ડબામા બેસવું, એવો કાયદો છે. આ ભાગમા મ્હે એક મઝાનું ઉદાહરણ જોયુ. આ ઉદાહરણપરથી કાળો રંગ કયાથી શરૂ થાય છે અને ધોળો કયાં પૂરો થાય છે, તે ઓળખવુ કેટલુ કઠિન છે, તે જણાઇ આવે છે.

એક નીગ્રો મનુષ્ય પોતાની સમાજમાં સુપ્રસિદ્ધ હતો, પણ તે એટલો ગોરો હતો કે કોઇ પણ ચતુર પારેખ અગર પરીક્ષકને તેમને કાળા વર્ગમાં ગણવાનું મુશ્કેલ બનતું હતું. કાળા ઉતારૂ માટે રાખવામાં આવેલા ડબામાં તે એક વખત મુસાફરી કરતા હતા. ગાડીનો કંડકટર જ્યારે તેમની પાસે આવ્યો ત્યારે તે ખરેખર ગભરાઈ ગયા જેવો જણાયો; તે વિચાર કરવા લાગ્યો કે જો તે માણસ નીગ્રો હોય તો તેને ગોરા માણસના ડબામાં મોકલવાની જરૂર નથી; પણ જો તે ગોરોજ માણસ હોય તો તેને નીગ્રો છે કે શું, એમ પૂછવાથી

તેનું અપમાન થશે ! કંડકટર કંઇ નક્કી કરી શકયો નહિ ! તેણે તેમના તરફ લક્ષ પૂર્વક જોયું. તેમના વાળ, નાક અને હાથ વગેરે તપાસ્યા તો પણ તેનો સંશય દૂર થયો નહિ. છેવટે તેણે વાંકા વળી તેમના પગ તરફ જોયું. તે કંડકટરને તેમ કરતાં જોઇ મ્હેં મનમાં કહ્યું "હવે નીકાલ થશે !" અને તેવો નીકાલ થયો પણ ખરો ! કારણ કે તે નીગ્રો છે, એમ તેણે ઠરાવી ત્યાંજ તેમને બેસવા દીધા. અમારી ગ્નાતિમાંથી એક માણસ કમી થયો નહિ, તે માટે મ્હેં તેને અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યું.

હું અનુભવથી કહું છું કે કોઇ પણ ખરા સભ્ય ગૃહસ્થની પરીક્ષા, તેને પોતા કરતાં કમી દરજ્જાના લોકો સાથે મળવાનો પ્રસંગ આવે ત્યારે કરવી. દક્ષિણના જુની તરેહના સભ્ય ગૃહસ્થ પોતાના ગુલામો સાથે કે તેમના વંશજો સાથે કેવી વર્તણુક રાખે છે, તે જોવામાં આવે તો ઉકત વિધાનની સારી સ્પષ્ટતા થાય. મ્હારા વિધાનનું તત્ત્વ જ્યૉર્જ વૉશિંગ્ટનના સંબંધમા કહેલી એક વાતથી વિશેષ સ્પષ્ટ થાય છે. રસ્તામા જ્યૉર્જ વૉશિંગ્ટનને જોઇ સભ્ય પણાથી એક નીગ્રોએ પોતાની ટોપી ઉંચી કરી ત્યારે જ્યૉર્જ વૉશિંગ્ટને જવાબમા પોતાની ટોપી ઉંચી કરી હતી. કેટલાક ગોરાઓએ તેમની આ રીતિ માટે ઘણી ટીકા કરી. તેના ઉત્તરમા જ્યૉર્જ વૉશિંગ્ટને કહ્યુ કે, **એક અશિક્ષિત કાળા માણસને, મ્હારા કરતાં અધિક સભ્ય થવા દઉં એવો હું છું, એમ તમને લાગે છે !**

ઇંડિયન તરૂણો હૅમ્પટનમાં મ્હારા તાબામાં હતા ત્યારે, અમેરિકામાં જાતિભેદ કેવો ચમત્કારિક છે, તે બતાવનારા એક બે પ્રસંગ મ્હારી દૃષ્ટિએ પડયા હતા. એક ઇંડિયન છોકરો માંદો પડયો ત્યારે મ્હારે તેને લઇ વૉશિંગ્ટન જવું પડયું, તથા તેને તેના પશ્ચિમ તરફના જંગલી પ્રદેશમાં પહોંચાડવા માટે તેને તે પ્રદેશના સેક્રેટરીને હવાલે

કરી તેની પાવતી મ્હારે લેવી પડી હતી. તે વખતે હું જગતની રીત-ભાતથી અપરિચિત હતો. વૉશિંગ્ટન આવતાં સ્ટીમરમાં ભોજનનો ઘંટ થતાં, તરતજ જમવા ન જતા બીજાઓ જમી લે ત્યાં સુધી થોભી જઇ, પછી તે છોકરાને સાથે લઇ હું ભોજનગૃહમાં ગયો, ત્યારે ઇંડિયનને ભોજન મળશે પણ મને મળશે નહિ, એમ ત્યાંના માણસે સભ્યતાપૂર્વક જણાવ્યું ! મ્હારો અને તે ઇંડિયનનો રંગ સરખોજ હોવાથી તેણે મ્હારી જાતિ કેવી રીતે ઓળખી લીધી તે હું સમજી શકયો નહિ; પણ તે માણસ આ કામમાં પૂર્ણ વાકેફગાર જણાયો. હૅમ્પટનના અધિકારીએ છોકરા સહિત અમુક હોટેલમાં ઉતરવાનું મને કહ્યું હતું; પણ ત્યા જતાજ ત્યાંના કારકુને જણાવ્યું કે, ઇંડિયનને હૉટેલમાં લેવામા આવશે, પણ તમારી કઇજ સવડ થઇ શકશે નહિ !

આજ પ્રકારનું બીજું પણ એક ઉદાહરણ મ્હારી નજરે આવ્યું. હું એક વખત એક ગામ ગયો હતો, ત્યારે ત્યાં એટલો તો ક્ષોભ અને દ્વેષ પ્રસરેલો હતો કે હવે અહીં સુલતાની ન્યાય, 'લિચન્યાય Lynching' શરૂ થશે એમ મને કેટલોક વખત લાગ્યું. આ ખળ-ભળાટનું કારણ એ હતું કે એક કાળી ચામડીનો માણસ ગામમાંની હૉટેલમા રહેલો હતો તે મોરક્કોનો નાગરિક હતો, અને આ દેશમાં પ્રવાસ કરતા તે ઇંગ્રેજી ભાષામા બોલ્યો હતો. જ્યારે તે અમેરિકન નીગ્રો નહિ હોવાનું જણાયુ ત્યારે તરત બધો ખળભળાટ એકદમ શાંત થયો ! આ પછી ઇંગ્રેજી ભાષા નહિ બોલવાનું ડહાપણ તે માણસ શીખ્યો.

ઇંડિયન વિદ્યાર્થીઓ સાથે એક વર્ષ કાઢ્યા પછી મને હૅમ્પટ-નમાં બીજી એક સંધિ મળી. ટસ્કેજીમાં આગળપર કાર્ય કરવાની પાત્રતા મ્હારામા લાવવા માટે આ સંધિ ઇશ્વરે જ લાવી આપી; એમ મ્હારી પાછલી જીંદગીનો વિચાર કરતાં જણાય છે. ઘણા કાળા ઓ પુરૂષો શિક્ષણ મેળવવાને ઘણા ઉત્સુક છે, પણ ભોજન અને

પુસ્તકનો ખર્ચ આપવાની શક્તિ પોતાનામાં નહિ હોવાથી તેઓ હૅમ્પ્ટનની સંસ્થામાં દાખલ થઇ શકતા નથી, એમ જનરલ આર્મસ્ટ્રાંગને જણાઇ આવ્યું. હૅમ્પટન સંસ્થાના પેટામાં એક રાત્રીની શાળા કાઢવી અને તે શાળામાં હુશિયાર અને ઉત્સાહી સ્ત્રી પુરૂષો દિવસે દશ કલાક કાર્ય કરે અને રાત્રે બે કલાક શાળામાં શીખે, એ સરતથી લેઇ શકાય, તેવી જનરલ આર્મસ્ટ્રાંગે યોજના કરી. આ વિદ્યાર્થીઓએ કરેલા કામ બદલ તેમને ભોજનખર્ચ કરતાં થોડીક વિશેષ રકમ આપવી, તેની સીલક શાળાની ત્રીજોરીમાં જમા કરવી અને એક બે વર્ષ રાત્રીની શાળામા કાઢયા પછી તેમને દિવસની શાળામાં લઇ તેમની સીલકનો ઉપયોગ ભોજનખર્ચમા કરવો એમ ઠર્યું. આ રીતે તેમને સંસ્થાથી ઘણો સારો ફાયદો મળવા ઉપરાંત તેઓને કોઇ પણ ઉદ્યોગ ધંધાની માહિતી અને પુસ્તકોનો પણ લાભ મળે તેવી આ યોજના હતી.

જનરલ આર્મસ્ટ્રાગે આ રાત્રીની શાળાનું આધિપત્ય મને લેવાનું કહ્યુ, અને મ્હેં તે સ્વીકાર્યું. પ્રથમારમ્ભે આ શાળામાં ખરી લાગણી ધરાવનારા અને સશક્ત બાર સ્ત્રી પુરૂષ દાખલ થયા. પુરૂષો દિવસે બહુધા કરવતથી લાકડા વહેરવાનુ કામ કરતા અને સ્ત્રીઓ ધોબીખાનામા કામ કરતી. બન્ને સ્થળનુ કામ કંઈ સહેલુ નહતું, પણ મ્હારા શિક્ષકપણા નીચે એમણે જેટલો મને સંતોષ આપ્યો, તેટલો બીજા કોઇ વિદ્યાર્થીઓએ ભાગ્યેજ આપ્યો હશે ! તેઓ સારા વિદ્યાર્થી હતા, અને પોતાનું કાર્ય પૂર્ણ રીતે શીખ્યા. તે એટલી તો આસ્થાથી શીખતા હતા કે સૂવાનો ઘંટ થતો ત્યારે તેઓ નિરૂપાયે પોતાનો અભ્યાસ બંધ કરતા, અને કદી કદી તો સૂવાનો વખત થાય તો પણ પાઠ ચાલુ રાખવાની તેઓ ઇચ્છા દર્શાવતા હતા.

દિવસે શ્રમ કરવામાં અને રાત્રે લક્ષ પૂર્વક અભ્યાસ કરવામાં આ વિદ્યાર્થીઓએ એટલી બધી લાગણી બતાવી કે મ્હેં તેમને "પાણી-

દાર વર્ગ–The Plucky class" એવું નામ આપ્યું. આ નામ તરતજ પ્રિય થઇ પડી આખી સંસ્થામાં પ્રસરી ગયું; આ રાત્રીની શાળામાં ઘણા દિવસ સુધી જેઓ પોતાની યોગ્યતા એકસરખી રીતે દર્શાવતા, તેમને હું નીચે પ્રમાણેનું સર્ટીફીકેટ આપતો હતો

" જેમ્સ સ્મિથને સર્ટીફીકેટ આપવામાં આવે છે કે, તે હેમ્પટન સંસ્થાના "પાણીદાર વર્ગ" પૈકીનો છે, અને તે એક સરખો સારો દાખી રહ્યો છે."

વિદ્યાર્થીઓ આ સર્ટીફીકેટને ઘણું માન આપવા લાગ્યા, અને તેથી રાત્રીની શાળા વિશેષ લોકપ્રિય થવા લાગી. થોડાજ અઠવાડીઆંમાં આ ખાતું એટલું બધું વધ્યું કે વિદ્યાર્થીઓની સંખ્યા પચીસને આશરે થઇ. આ પચીસ સ્ત્રી પુરૂષો પાછળથી કેવી સ્થિતિમાં છે, તેનું મ્હેં નિરીક્ષણ કર્યું, ત્યારે એવું જણાયું છે કે તે બધાં હવે દક્ષિણના ભાગોમાં મહત્વનાં અને ઉપયુક્ત કાર્યોપર યોજાયલાં છે. હેમ્પ્ટન સંસ્થાની આ રાત્રીની શાળા પ્રથમ બાર વિદ્યાર્થીથી શરૂ થઇ હતી, પણ હમણાં તે શાળામાં ત્રણસોથી ચારસો વિદ્યાર્થી છે, તેમજ આ રાત્રીની શાળા તે સંસ્થાનો અતિ મહત્વનો તથા કાયમનો ભાગ થઇ પડી છે.

પ્રકરણ ૭ મું.

ટસ્કેજીનો પ્રારંભનો સમય.

હૅમ્પ્ટનમાં રાત્રીની શાળા અને ઇંડિયન વિદ્યાર્થીઓ મ્હારા હાથ નીચે હતા, ત્યારે ત્યાંના શિક્ષકોની દેખરેખ નીચે મ્હેં પણ કંઈક અભ્યાસ ચાલુ રાખ્યો હતો. જનરલ આર્મસ્ટ્રાંગ પછીના હૅમ્પ્ટન સંસ્થાના હાલના પ્રિન્સિપાલ રે. ડૉકટર એચ. બી. ફ્રિસેલ તે શિક્ષક પૈકીના એક હતા.

ઇ. સ. ૧૮૮૧ ના મે મહિનામાં એટલે રાત્રીની શાળામાં શીખવવાનું શરૂ કર્યા પછી સુમારે એક વર્ષે મ્હારો જીંદગીનુ મુખ્ય કાર્ય શરૂ કરવાની સંધિ મને અકસ્માત પ્રાપ્ત થઇ. એક દિવસે રાત્રે હમેશની પ્રાર્થના પૂર્ણ થયા પછી જનરલ આર્મસ્ટ્રાંગે ભજન-મંદિરમાં કહ્યું કે, " અલબામા સંસ્થાનના ટસ્કેજી નામક નાના ગામમાં કાળા લોકો માટે એક નૉર્મલ સ્કુલ-નમુનેદાર શાળા શરૂ કરવામા આવનાર છે, તે શાળાનુ આધિપત્ય સ્વીકારવા માટે કોઇની પણ ભલામણ કરવી, એવો અલબામાના કેટલાક ગૃહસ્થોનો પત્ર આપણા તરફ આવ્યો છે." આ જગ્યો માટે લાયક કોઈ કાળો માણસ નહિ મળે એમ તે ગૃહસ્થોએ ધારેલુ હોવુ જોઇએ એમ જણાયુ, અને તેથીજ જન-

રલ આર્મસ્ટ્રૉંગ તરફથી કોઇ પણ ગોરા માણસની ભલામણની અપેક્ષા તેઓ કરતા હતા. બીજે દિવસે જનરલ આર્મસ્ટ્રૉંગે મને પોતાની ઑફીસમાં બોલાવ્યો અને એકાએક પૂછ્યું કે, "અલબામાની જગ્યો ઉત્તમ બનાવીશ ને ?" "પ્રયત્ન કરી જોઇશ" એવો મ્હે આનંદપૂર્વક ઉત્તર આપ્યો. તે પ્રમાણે તેમણે તે ગૃહસ્થને પત્રમા લખી જણાવ્યુ કે કોઇ પણ ગોરો માણસ મળે તેમ જણાતું નથી; પણ કાળો માણસ લેવાને જો તૈયાર હો તો એકનુ નામ સૂચવીશ, તે પત્રમા મ્હારૂં નામ સૂચવ્યુ હતું.

ઘણા દિવસ ગયા પણ આ વિષે કઇજ ઉત્તર આવ્યો નહિ. કેટલાક કાળ પછી પ્રાર્થના-મંદિરમાં ભજન ચાલતું હતું ત્યારે એક સીપાહીએ જનરલના હાથમા એક તાર લાવી મૂક્યો. ભજન પૂર્ણ થયા પછી તેમણે તે તાર બધાને વાચી બતાવ્યો. "બૂકર ટી. વૉશિંગ્ટન હમોને માન્ય છે, તેમને તાબડતોબ મોકલો." એવો તે સંદેશો હતો.

વિદ્યાર્થી અને શિક્ષકોને ઘણો આનંદ થયો, અને તેમણે મને અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યુ. ટસ્કેજી જવાની મ્હે તુરત તૈયારી કરી. વેસ્ટ વર્જીનિયાના અમારા ગામમા કેટલાક દિવસ રહ્યા પછી ટસ્કેજી તરફ હું ગયો. ટસ્કેજી નાનુ ગામ હોઇ ત્યાંની જનસંખ્યા ૨૦૦૦ ની હતી તે પૈકી કાળા લોકની સંખ્યા અર્ધી હોવી જોઇએ. આ અર્ધો ભાગ દક્ષિણના કાળા પ્રદેશમા (Black Belt) હતો. ટસ્કેજી ગામ વસ્યુ હતુ તે પ્રાંતમા કાળા અને ગોરાઓની સંખ્યા ૩ : ૧ ના પ્રમાણમાં હતી. કેટલાક પડોશી પ્રાંતમા તો આ પ્રમાણ ૬ : ૧ નુ હતું.

કાળો પ્રદેશ એટલે શુ, એવો પ્રશ્ન મને ઘણી વખત પૂછવામાં આવ્યો છે. પ્રથમ આ શબ્દ દેશના કાળા ભાગને-જમીનને લગાડવામાં આવતો હતો. દક્ષિણ અમેરિકામાં આ કાળી તેમજ સારો પાક આપનારી જમીનનો ઘણો ભાગ હોવાથી ત્યાં ગુલામોને દોરવાનુ અતિ

લાભકારક હતું, અને તેથીજ અનેક ગુલામોને અહીં લાવવામાં આવ્યા હતા. લડાઇ શરૂ થયા પછી આ શબ્દ રાજકિય અર્થમા વપરાવવા લાગ્યો. એટલે જે પ્રાંતમા ગોરા કરતા કાળા માણસો અધિક છે, તે પ્રાંતનુ નામ કાળો પ્રદેશ પડયુ છે.

ટસ્કેજી જતા પૂર્વે ત્યા મકાન અને શિક્ષણ શરૂ કરવાનાં સાધનો તૈયાર હશે, એમ મને લાગતું હતું; પણ ત્યા ગયા પછી મકાન તેમજ સાધનો પણ નહિ જોવાથી હુ નિરાશ થયો. તથાપિ મૂલ્યવાન ઇમારત અને સાધનો આપી શકે તેવા, સેંકડો લાગણી ધરાવનારા, અને જ્ઞાન માટે ઉત્સુક આત્માઓ મને માત્ર ત્યાંજ મળ્યા હતા.

શાળા માટે ટસ્કેજી ઘણું ઉત્તમ સ્થળ મને લાગ્યુ. આ ગામ નીગ્રો લોકોની વસ્તીના મધ્ય ભાગમા હોઇ શાંતિથી ભરેલુ હતું. રેલ્વેના મુખ્ય રસ્તાથી તે પાંચ માઇલ દૂર હતું. પણ રેલ્વેનો બીજો એક ફાંટો આ ગામ સુધી ગયો હતો. ગુલામગીરીના સમયમા અને તે પછી આ ગામ ગોરા લોકોના શિક્ષણનુ કેન્દ્ર બનેલુ હતું આથી અતિ લાભ થયો. કારણ કે શિક્ષણમા-વિદ્યા અને વિનયમા અહીંના ગોરા લોકોની બરાબરી અનેક સ્થળોના લોકોથી થઇ શકી નથી, એમ મને જણાયુ. કાળા લોકો અશિક્ષિત હતા, તોપણ તેમણે પોતાનુ શરીર મોટા શહેરોના નીચલા વર્ગમાના પ્રચલિત દુર્ગુણોથી બગાડી અશક્ત કરી નાખ્યુ નહતું એકંદરે બન્ને જ્ઞાતિઓનો પરસ્પર સબધ ઘણો સારો અને સુખાવહ હતો

ટસ્કેજીમા મ્હારા જતા પૂર્વે સુમારે એક વર્ષપર હેમ્પટનમા શિક્ષણ વિષેની વ્યવસ્થાની હકીકત સાભળી, ટસ્કેજીના કેટલાક લોકોએ પોતાના ગામમા એક નૉર્મલ સ્કૂલ શરૂ કરવા માટે કઇ રકમ મળવી જોઇએ, એવી અરજ પોતાના પ્રતિનિધિ મારફત સરકાર તરફ મોકલી હતી. સરકારે આ વિનતિ માન્ય રાખી દર વર્ષે બે હજાર ડાલરનો ઉપયોગ આ કાર્યમા કરવાનું ઠરાવ્યુ હતું. પણ મને તરતજ ખબર મળી કે

આ રકમ શિક્ષકના પગારમાંજ ખર્ચ કરવાની હતી, અને જમીન, મકાન કે અન્ય સાધન વેચાણ લેવાની કંઇ સગવડ કરી નહતી, જેથી મને સોંપવામાં આવેલું કામ આશાજનક લાગ્યું નહિ. આ કાર્ય વર વિનાની જાન જેવુંજ હતું. કાળા લોક માત્રને અતિશય આનંદ થયો, અને શાળા શરૂ કરવાને બનતી મદદ કરવાને તેઓ એકે પગે તૈયાર થયા.

મ્હારૂં પહેલું કાર્ય શાળા માટે જગ્યો જોવાનું હતું કાળજીપૂર્વક ગામમાં જગ્યો જોવા માટે ફર્યા પછી મને જણાઇ આવ્યું કે કાળા લોકોના 'મેથોડિસ્ટ ચર્ચ' નજીક આવેલું એક પુરાણું જીર્ણ નાનું ઘર શાળા માટે, અને તે ચર્ચ સભામંદિર માટે ઉત્તમ જગ્યો બની શકે તેમ જે ચર્ચ અને ઘર અતિ જીર્ણાવસ્થામાં હતાં આ ઇમારતમાં પ્રથમ હું કેટલાક દિવસ શીખવતો હતો, ત્યારે તે એટલી નાદુરસ્ત હતી કે જ્યારે વરસાદ પડતો હોય અને હું બીજા વિદ્યાર્થીનો પાઠ લેતો હોઉં. તે સમયે જૂના વિદ્યાર્થી પૈકી એક મોટી મહેરબાનીથી પોતાનો પાઠ છોડી આવતો, અને મ્હારાપર છત્રી ધરતો, તે મને હજુ સુધી યાદ આવે છે. ઘણીવાર મ્હારી પત્ની મ્હારા ભોજન સમયે મ્હારાપર છત્રી ધરતી, તે પણ હજુ હું ભૂલી ગયો નથી

પાછળ કહ્યા પ્રમાણે ઇ સ. ૧૮૮૧ ના જુન મહીનાના પ્રારંભમાં હું ટસ્કજીમાં આવ્યો શાળા માટે જગ્યો જોવામાં, ગામડાઓના લોકોની રહેણીનું બરોબર બારિકાઇથી અવલોકન કરવામાં અને શાળામાં જેમની હાજરીની જરૂરીઆત મને જણાતી હતી તે લોકોમાં શાળાની પ્રસિદ્ધિ કરવામાં મ્હેં પહેલો મહિનો કાઢયો એક ખચર અને એક ગાડી લઇ ગામડાઓમાં મ્હેં પ્રવાસ કર્યો હું કાળા લોકો સાથે જમતો અને તેમનાં ઝુંપડામાં રહેતો આ રીતે તેમના ખેતરો, તેમજ શાળાઓ અને દેવાલયો મ્હેં જોયા. જવા અગાઉ ખબર ન આપવાથી તેમની ખરી સ્થિતિ અને રહેણી જોવાની મને ઠીક તક મળતી હતી.

દેશમાં ઉત્પન્ન થનારો કોઇ પણ ભાજીપાલો બાગ-વાડીમાં ઉત્પન્ન

કરી શકાય તેમ હોવા છતાં તેમનું લક્ષ તે તરફ જતું નહતું. કપાસના વાવેતર સિવાય તેમને કંઇ સુઝતું નહતું, અને કંઇ કંઇ ઠેકાણે તો ઝુંપડીના બારણા સુધી જ્યાં ત્યાં કપાસજ વાવેલો હતો.

સાત ડાલર કિંમત આપી કે હપ્તા બાંધી લીધેલો સીવવાનો સાંચો, અને બાર ચઉદ ડાલરની ભપકાદાર ઘડિયાળ, આ ઝુપડામા મ્હે જોઈ હતી. એક પ્રસગે હુ એક નીગ્રોને ઘેર જમવા ગયો હતો, હુ અને ઘરના ચાર માણુસ મેજપર જમવા બેઠાં; પણ અમારા બધા માટે એકજ કાંટો હતો, તેથી મને ટગર ટગર જોતા બેસવાની જરૂર પડી હતી. તે ઘરમા સામેના ખૂણામા એક વાજાની પેટી હતી. આ બાબતમા ઘરના મ ડળે જણાવ્યુ કે આ પેટીની કિમત સાઠ ડાલર છે, અને તે અમે હવાથી ભરીએ છીએ. કાંટો એક જ અને સાઠ ડાલરની વાજાની પેટી ! ઘણે ઠેકાણે સીવવાના સાચા ઉપયોગમા લેવામા આવતા નહતા અને ઘડિયાળો એટલી તો ખરાબ સ્થિતિમા હતા કે તે બરોબર ચાલતા નહતાં. જો કે તે પૈકી કેટલીક બરોબર ચાલે તેમ હતી, તોપણ ઘરના દશ પૈકી નવ જણને કેટલા વાગ્યા તેટલુ પણ કહેતા આવડતુ નહતું, અને વાજાની પેટી વગાડવાને બદલે તેવી જ પડી રહેતી હતી !

ઉપર જણાવેલે સ્થળે મ્હારૂં સન્માન કરવા માટે પોતાની હમેશની પદ્ધતિ છોડી ટેબલપર જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઘણે ઠેકાણે ઘરના માણસો સવારે ઉંઘી ઉઠયા પછી ઘરધણીઆણી તવાપર એકાદ માંસનો ટુકડો રાખતી, અને પલાળેલા લોટનો ગોળો બીજા વાસણમા રાખતી. આ બન્ને વાસણ અગ્નિપર થોડો વખત રાખવામાં આવતાં કે સવારનું જમણ તૈયાર થતું હતું. હમેશ હાથમાં ભાખરી અને માસ લઇ ઘરધણી રસ્તે ખાતા ખાતા ખેતરે જતા, અને પછી ઘરધણીઆણી એક ખૂણામાં બેસી એક તાટ કે વાસણમાં જમતી હતી. છોકરાં આંગણામાં અહીંથી તહીં દોડતાં પોતાના ભાગના

ભાખરીના ટુકડા અને માંસ ખાતા. વર્ષમાં જ્યારે કેટલીક ઋતુમા માસની મોઘવારી થતી, ત્યારે ખેતરમા કામ ન કરનાર નાનાં છોકરાને માંસ ક્વચિતજ મળતું હતું

સવારનુ ભોજન પૂર્ણ થયા પછી ગૃહવ્યવસ્થા તરફ લેશ માત્ર લક્ષ ન આપતાં બધુ કુટુંબ કપાસના ખેતરો તરફ હમેશ જતું કોદાળી કે પાવડો ઉંચકવાને અશક્ત નાના બાળકોને પણ ખેતરમા કામે લગાડવામા આવતા, અને નાના બચ્ચા (દૂધમલ-બચ્ચા) ને કપાસના છોડવાની ઓળની બાજૂએ મૂકવામાં આવતા હતા તે ઓળની કાપણી થયા પછી તે બચ્ચાની મા તેને ધવડાવવા લેતી હતી. સવારના ભોજન પ્રમાણે જ બપારનુ અને સાજનુ ભાજન થતું.

શનીવાર અને રવિવાર સિવાયના કુટુંબના બધા દિવસ બહુધા એકજ ક્રમ જતા હતા શનીવારે બધુ મડળ અરધો દિવસ કે કદિ કદિ આખો દિવસ શહેરમા જતું શહેરમા જવાનો તેમનો ઉદ્દેશ બહુ કરી કઇ ખરીદી કરવાનો હોતો જોઇએ કુટુંબને ઉપયોગી વસ્તુઓ કોઇ પણ દશ મિનીટમા ખરીદ કરી શકે, પરતુ બધા મડળનો આખા દિવસનો વ્યય શહેરમા રસ્તાપર ઠેકાણે ઠેકાણે ઉભા રહેવામા થતો હતો. સ્ત્રીઓ પણ કયાઇ બેસી તબાકુ પીતી કે તપકીર ખેચતી હતી. રવિવારે મંડળ સભામા જતું હતું કેટલાક અપવાદ સિવાય પાક ગીરો મૂકેલો હોઇ ઘણાએક કાળા ખેડુત દેવાદાર હોય છે. પ્રાતિક સરકાર ગામડાઓમા સર્વત્ર શાળાઓ સ્થાપન કરવા અસમર્થ હતી, તેથી ઘણીએક શાળાઓ, દેવાલયોમા કે લાકડાના ઝુપડામા ભરાતી હતી મ્હારા પ્રવાસમા મને અનેક વખત જણાયુ છે કે શિયાળામા શાળાની ઇમારત ગરમ રાખવાને કઇ પણ તજવીજ કરેલી ન હોવાથી આગણામા દેવતા કરવો પડતો હતો, અને શિક્ષક તેમજ વિદ્યાર્થીઓ તાપવા માટે બહાર આવતા જતાં હતા. આ ગામડાઓની શાળાના શિક્ષક શીખવવાના કામમા નિરૂપયોગી હતા, અને નીતિ માર્ગમાં

પણ તે સારા નહોતા. ત્રણથી પાંચ સુધી મ્હારી શાળા ભરાતી હતી. શાળામાં એક જાડા ખડબચડા કાળા પાટીઆ સિવાય અન્ય કંઇ પણ સાધન નહોતું. મને એક એવો પ્રસંગ યાદ છે કે હું એક વખત એક જૂના લાકડાંના ઝુપડામાંની શાળામાં ગયો હતો, ત્યારે ત્યા પાચ વિદ્યાર્થી એકજ પુસ્તકમાથી પાઠ શીખતા હતા. આ પુસ્તક તે છોકરાઓ પૈકી પહેલા બાકપરના બે વિદ્યાર્થીઓએ પોતાના વચ્ચે ઝાલી રાખેલુ હતુ, તે બન્નેની ખાધપરથી વાકા વળી જોનારા બે વિદ્યાર્થી તેમની પાછળ હતા; અને તે ચારની પણ પાછળ ખાધપરથી વાંકો વળી જોનારો એક નાનો વિદ્યાર્થી ઉભો હતો!

મ્હે શાળા અને શિક્ષકોની સ્થિતિ વિષે જે કઇ વર્ણન કર્યું છે તે બધુ દેવાલય અને પાદરી ઉપદેશકને બરોબર લાગુ પડે તેમ છે.

મ્હારા પ્રવાસમા મને કેટલીએક વિલક્ષણ વ્યક્તિઓ મળી હતી. ગામડીઆ લોકોના મનની વિચારપદ્ધતિ કેવી હતી, તે નીચેના ઉદાહરણપરથી અધિક સ્પષ્ટ થશે મ્હે એક સાઠ વર્ષના કાળા (નીગ્રો) માણસને તેનો ઇતિહાસ કહેવાનું કહ્યુ તે વખતે તે બોલ્યોઃ "મ્હારો જન્મ વર્જીનિયામા થયો હતો, અને ૧૮૪૫ ની સાલમા મને અલબામામા વેચ્યો હતો." તે વખતે બીજા કેટલાને વેચવામા આવ્યા હતા? એમ મ્હે પૂછ્યું ત્યારે તેણે કહ્યું કેઃ-" અમે પાચ જણ-હું, મ્હારો ભાઇ અને ત્રણ ખચ્ચર!"

ટસ્કેજીના આજુબાજુના પ્રદેશના મ્હારા પ્રવાસના વર્ણન સબધી ઉપર કહેલી પરિસ્થિતિમાં અનેક અપવાદો હતા, તે ધ્યાનમા રાખવાને હું વાચકોને સુચવું છુ ટસ્કેજીના અને અન્ય સસ્થાના કાર્ય પરત્વે અમારી સમાજમા પાછળથી જે સારી સુધારણા થઇ છે, તે તરફ સારી રીતે લક્ષ ખેચાય તે માટે મ્હારા પ્રવાસમા મ્હેં જે કઇ જોયુ, તે સ્પષ્ટ કર્યું છે.

પ્રકરણ ૮ મું.

તબેલામાં અને પક્ષીગૃહમાં શાળા.

મ્હારા એક મહિનાના પ્રવાસમાં મ્હે જે નિરીક્ષણ કર્યું તેનાથી મ્હારા હૃદયમા ભય ઉત્પન્ન થયો હતો, એમ હું કહી શકીશ. આ લોકોની ઉન્નતિ કરવાનુ કાર્ય ઘણા ભાગે મને અશક્ય લાગ્યુ, મ્હારા એકલાના અલ્પ પ્રયત્નથી વિશેષ યશ મળશે નહિ, એમ મને સ્પષ્ટ જણાવા લાગ્યુ; એટલુજ નહિ પણ મ્હારા હસ્તે આ કાર્ય થશે કે નહિ તથા આવો પ્રયત્ન કરવો યોગ્ય છે કે કેમ, તેની પણ મને શંકા થવા લાગી.

નીગ્રો લોકોની ખરી સ્થિતિ જોવામા એક મહિનો કાઢયા પછી એક વિષયમા મ્હારી ખાત્રી થઇ-તે એકે, તેમની ઉન્નતિ માટે તે વખતના પ્રચલિત અમેરિકાના શિક્ષણથી કઇ અધિક કરવુ જોઇએ. જનરલ આર્મસ્ટ્રાગે હેમ્પટનમા શરૂ કરેલી પદ્ધતિનુ ચાતુર્ય મને પૂર્વે કરતા અધિક સમજાઇ આવ્યુ હુ જે લોકોમા એક મહિનો ફર્યો હતો તેઓના છોકરાને શાળામા લઇ જઇ હમેશ પુસ્તકીય-શિક્ષણ આપવું તે સમયનો અપવ્યય કરવા જેવુ મને લાગ્યુ.

ટસ્કેજીના રહેવાશીઓનો વિચાર લઈ ૧૮૮૧ ના જુલાઇની ૪ થી તારીખે ચર્ચમાં અને તેની પાસેના જીર્ણ ઘરમા શાળા શરૂ કરવાનુ નક્કી કર્યું. નવીન શાળા શરૂ કરવામાં કાળા ગોરા બન્નેનું લક્ષ એક સરખુ લાગી રહ્યું હતું; અને આ વિષયમા ઘણો ઉહાપોહ થઇ શાળા

શરૂ થવાનો દિવસ ક્યારે ઉગશે, તેની બધા માર્ગ-પ્રતિક્ષા કરતા બેઠા હતા. આ યોજના નાપસંદ કરનારા ઘણાજ લોકો ટસ્કેજીની આસપાસ હતા. કાળા લોકોને એથી કંઈ લાભ નથી, એવી તેઓએ શંકા પ્રદર્શિત કરી હતી, અને જાતિ જાતિમાં આ યોજનાથી કંઇ અનિષ્ટનો ઉદ્ભવ થશે, એમ પણ તેમને લાગ્યું હતું. જે પ્રમાણમાં નીગ્રોને શિક્ષણ મળશે તે પ્રમાણમા સંસ્થાનમાં તેમની સાંપત્તિક દષ્ટિએ કિંમત ઓછી થશે એમ કેટલાકને લાગ્યું. કારણ કે તે લોકોને એવી શંકા થઇ કે શિક્ષણ પામ્યા પછી નીગ્રો લોકો ખેતીવાડી છોડી દેશે અને ઘર કામને માટે તેઓ આપણને મળવા મુશ્કેલ થશે. આ નવીન શાળા શરૂ કરવાની ઉપયુક્તતા વિષે શંકા લેનારા ગોરાઓના હૃદયમાં એવા વિચાર આવતા. શિક્ષણ પામ્યા પછી નીગ્રો ઉંચી અને ઉભી ટોપી પહેરશે, નકલી સોનાનાં ચશ્મા વાપરશે, ભપકાદાર લાકડી હાથમા લેશે, લવારા (બકરીનું બચ્ચું) ની ચામડીના હાથમોજાં અને નાના પ્રકારના ફેશનેબલ બૂટ અને એવું સર્વ વાપરવા લાગશે. ટુંકામા કહીએ તો તે સ્વબુદ્ધિથી સર્વ કંઇ કરી શકશે. શિક્ષણથી આ સિવાય બીજા કેવા પ્રકારનો ' નીગ્રો ' મનુષ્ય તૈયાર થશે, તે સમજવુ આ લોકોને માટે મુશ્કેલ હતું.

શાળા શરૂ કરવામાં આવેલી હરકતોમાં અને ત્યાર પછી આગળ ૧૯ વર્ષમા અમોને ટસ્કેજીના પુષ્કળ ગૃહસ્થોએ મદદ કરી છે. તે પૈકી બેની સલાહ હું હમેશ લેતો હતો, અને તેમની દેખરેખ નીચે સર્વ કામકાજ કરતો હતો. હું કંઈ પણ તેમને પૂછવા ગયો હોઉં અને તેમણે ના કહી હોય એવું કદિ પણ બન્યુ નથી. આ કાર્યમા મને જે કંઇ યશ મળ્યો તેનુ શ્રેય ઘણા ભાગે તે બે ગૃહસ્થોનેજ છે. આ બે ગૃહસ્થો પ્રસિદ્ધ હતા. તેમાંનો એક ગોરો હોઇ પ્રથમ તે ગુલામોનો વ્યાપાર કરતો હતો; તેનું નામ મી. જ્યૉર્જ ડબલ્યુ. કૅમ્બેલ

હતુ. બીજો કાળો હોઈ પ્રથમ ગુલામ હતો અને તેનુ નામ મી. લેવિસ ઍડમ્સ હતું. આ બે ગૃહસ્થોએજ શિક્ષક મોકલવાનું જનરલ આર્મસ્ટ્રાંગને લખ્યું હતું.

મી કૅમ્બેલ વ્યાપારી અને પેઢીવાળો છે. તેને શિક્ષણના વિષયનો ઘણોજ થોડો અનુભવ છે. મી. ઍડમ્સ શિલ્પી છે. જોડા સીવવાનું, ઘોડાનો સામાન કરવાનુ અને કલાઈકારનું કામ, એ ત્રણ ધંધા તે ગુલામગીરીના સમયમા શીખ્યો હતો. તે કદિ એક દિવસ પણ શાળામા ગયો નહતો; તોપણ જેમ તેમ કરી લખતા વાચતાં શીખ્યો હતો. પ્રથમથી મ્હારી શિક્ષણની સર્વ યોજના તે બન્નેએ બરોબર જોઇ તેમને તે પસદ પડવાથી મ્હારા પ્રત્યેક પ્રયત્નને તેમણે સહાનુભૂતિ દર્શાવી ઉત્સાહ આપ્યો. શાળાના અતિ હરકતકારક આર્થિક સમયમા અમે મી. કૅમ્બેલ પાસે ગયા હોય અને તેઓએ શક્ય મદદ કરી ન હોય, એવું કદિ પણ બન્યુ નથી. ટસ્કેજીની શાળાની સુધારણા અને વ્યવસ્થા કરવામા આ બે સિવાય અન્ય કોઇ પણ ગૃહસ્થની સલાહ કે વિચાર લેવાની મને જરૂર પડી નહતી.

ગુલામગીરીના દિવસમા ત્રણ ધધા સારી રીતે સપાદન કરી લેતી વખતે મળેલા શિક્ષણથી મી. ઍડમ્સને વિલક્ષણ માનસિક સામર્થ્ય પ્રાપ્ત થયેલુ હોવુ જોઇએ, એમ મને હમેશ લાગતું. આજ જો કોઇ દક્ષિણના કોઇ પણ શહેરમા જાય અને ત્યાની વસ્તીમાં અત્યંત વિશ્વાસુ અને મુખ્ય કોઇ નીગ્રો છે કે નહિ, તેનો તપાસ કરે તો તેને પચાસ ટકાથી પણ વિશેષ નીગ્રો ગુલામગીરીના સમયમા એકાદ સારો ધધો શીખેલા જણાઇ આવશે.

શાળા શરૂ થવાના દિવસે સવારે ત્રીસ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હતા—શિક્ષકમાં હું એકજ હતો. આ ત્રીસ પૈકી પંદર વિદ્યાર્થીની (કન્યાઓ) હતી. ઘણાએક વિદ્યાર્થી મૅકન પ્રાતના

હતા. ટસ્કેજી આજ પ્રાંતનું મુખ્ય થાણું હતું. ઘણા વિદ્યાર્થી દાખલ થવાની ઇચ્છા ધરાવતા હતા, પરંતુ ૧૬રથી વધુ વયના અને પ્રથમ કંઇ પણ શિક્ષણ પામેલા વિદ્યાર્થીઓનેજ દાખલ કરવાનુ ઠરેલુ હતું. આ ત્રીસ વિદ્યાર્થીમાંનાં ઘણાએક સાર્વજનિક શાળાઓના શિક્ષક હતા. કેટલાએકની વય સુમારે ચાલીસ વર્ષની હતી. આ શિક્ષકોની સાથે તેમના પ્રથમના કેટલાક શિષ્ય પણ આવ્યા હતા. મઝા એવી થઇ કે પ્રવેશક પરિક્ષામા શિષ્યો શિક્ષક કરતાં હુશીયાર ઠર્યા; અને તેમને શિક્ષક કરતા ઉપલા વર્ગમાં દાખલ કરવામાં આવ્યા. પોતે કેટલાં મોટાં પુસ્તકો વાચ્યા હોવાનું અને કેટલા મોટા મોટા વિષયોમા પ્રવીણ થયેલા હોવાનુ, તેમાના કેટલાએકને કહેતા સાભળી મને ગમ્મત લાગતી કેટલાકોએ લૅટીન ભાષાનો અભ્યાસ કર્યો હતો, અને એક બેને તો ગ્રીક ભાષા પણ આવડતી હતી, તેથીજ આપણે વિશેષ માનને પાત્ર છીએ એમ તેમને લાગતુ હતું.

ઉપર જણાવેલા એક મહિનાના પ્રવાસમા મ્હે એક અતિ ખેદ-જનક બનાવ જોયો તે એકે એક હાઇસ્કુલમા શિક્ષણ પામેલો એક તરૂણ એક ઝુપડીમા બેઠો હતો. તેના કપડા ઉપર ચીકાશવાળા પદા-ર્થના ડાઘ હતા, તેની આજુબાજુ ગદકી પ્રસરેલી હતી; અને ચોકમાં અને બાગમા જગલી ઝાડપાલો અતિ વધેલો હતો. આવા સ્થળે આ મનુષ્ય ફ્રેંચ વ્યાકરણ વાચતો બેઠો હતો.

પ્રથમ આવેલા વિદ્યાર્થીઓને વ્યાકરણ અને ગણીતના વિષયોના મોટા અને કઠિન નિયમો મુખપાઠ કરવાનો શોખ જણાયો. પરંતુ આ મુખપાઠ કરેલા નિયમ પોતાના હમેશના વ્યવહારમા ઉપયોગમાં લેવાનો વિચાર કે કલ્પના તેમના મનમાં હતી નહિ. મને તે કહેતા કે ગણીતમાંની શરાફી અને કાપ્યા વ્યાજનો (Banking and discount) વિષય અમે શીખેલા છીએ, પણ તે પૈકી

કોઇએ કોઇ પણ બેંકમાં રકમ મૂકેલી નહતી. વિદ્યાર્થીઓનાં નામ રજીષ્ટર કરતી વખતે દરેકના નામમા એક અગર બે અક્ષર હોવાનું મ્હારી જાણુમાં આવ્યુ. "જૉન જે. જેમ્સ" આ નામમા 'જે' અક્ષર શા માટે છે, એમ પૂછતા એ એક પદ્વીં પૈકીનો ભાગ હોવાનું મને કહેવામા આવ્યુ. શાળામા શિક્ષક થવાથી ઘણા પૈસા મેળવી શકાશે, એમ લાગવાથી શિક્ષણ મેળવવાની ઘણાને ઇચ્છા થઈ હતી

આ બાબતમા તેમના વિષે મ્હારો ઉક્ત અભિપ્રાય હતો, તોપણ આ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીના જેવુ ઉત્સુક અને લાગણી ધરાવનારૂં મંડળ મ્હે કદી પણ જોયુ નહતું. ખરૂ શુ છે તે દર્શાવી દેવામા આવતું, એટલે તે લાગણીથી શીખવાને સર્વ તૈયાર રહેતા. તેમને પુસ્તકીય-જ્ઞાન સારા પાયે અને પૂર્ણ આપવાનો મ્હે નિશ્ચય કર્યો જે વિષયમા પોતાને સારૂં જ્ઞાન પ્રાપ્ત થયેલુ હોવાની તેઓ બડાઇ હાકતા હતા, તે વિષયમા તેઓનુ જ્ઞાન ઘણુંજ ભાગ્યુ તુટયુ હોવાનુ મ્હારી જાણુમાં આવ્યુ નકશાપર સહરાનુ અરણ્ય અગર ચાઇનાની રાજધાની વિદ્યાર્થીની (કન્યા) ઓ બરોબર બતાવી શકતી, પરંતુ ભોજનના ટેબલપર છરીઓ અને કાટા કયા મૂકવા કે ભાખરી ઇત્યાદિ પદાર્થો કયે સ્થળે પીરસવા તેની તેમને કશી ખબર નહતી.

એક વિદ્યાર્થી ધનમૂળ અને વ્યાજનો હિસાબ શીખતો હતો, તેને તુ પ્રથમ અગીયારી સારી રીતે શીખ, એમ મને અતિ દુઃખ સાથે કહેવાની જરૂર પડતી!

વિદ્યાર્થીઓની સંખ્યા દરેક અઠવાડીએ વધતી ગઇ. પહેલા મહિનાની આખરે તે પચાસ જેટલે પહોચી. તથાપિ તેમાના ઘણાએકે મને કહ્યું કે, અમે બે ત્રણ મહિનાજ રહી શકીશુ, માટે અમોને ઉપલા વર્ગમાં દાખલ કરવા, અને સંભવિત હોય તો પહેલાજ વર્ષે ડીપ્લોમા-ડીગ્રી આપવી.

દોઢ મહિના પછી એક ઉત્તમ વ્યક્તિ શિક્ષક તરીકે શાળામાં આવી. આ વ્યક્તિનું નામ મિસ ઑલીવિયા એ ડૅવિડસન હતું. આગળપર ઑલીવિયા મ્હારી પત્ની થઈ. મિસ ડૅવિડસન ઓહીઓ સંસ્થાનમા જન્મેલી હતી, અને તે સંસ્થાનની સાર્વજનિક શાળામાં તેને પ્રાથમિક શિક્ષણ મળ્યુ હતું. તે મોટી થયા પછી દક્ષિણમાં શિક્ષકની જરૂર હોવાનુ તેના સાભળવામા આવ્યુ, ત્યાર પછી તે મીસિસિપી સસ્થાનમાં જઇ ત્યા શીખવવા લાગી, ત્યારબાદ તે મે ફિસ સસ્થાનમા શીખવતી હતી. મીસિસિપીમા તે શિક્ષક હતી ત્યારે તેના એક વિદ્યાર્થીને બળિયાકાકાનો આજાર લાગુ પડયો, તે વખતે જ્ઞાતિના લોકો એવા કઇ ગભરાઇ ગયા કે તે છોકરાની સુશ્રુષા કરવા પણ કોઇ તૈયાર થયુ નહિ. ત્યારે મિસ ડૅવિડસને પોતાની શાળા બધ કરી, તે છોકરો સારો થતા સૂધી તેની શુશ્રુષા માટે અહોરાત્રી તેની પાસે રહી હતી. રજામા તે પોતાના ઘેર ઓહીઓમા ગઇ હતી ત્યારે મૅફિસમા 'મેલોરીઅર' નામના તાવનો ભયકર રોગ ફાટી નીકળ્યો હતો. એવો રોગ દક્ષિણમા કોઇ વખત પણ જણાયો નહતો. છતા જ્યારે તેણે તે વિષે સાભળ્યુ ત્યારે પોતે તે રોગમા સેવિકાનું કામ કરવા તૈયાર છે, એના આશયનો તાર તેણે મૅફિસના શેરીફને કર્યો.

મિસ ડૅવિડસનને દક્ષિણમા જે કઇ અનુભવ થયો તે ઉપરથી ત્યાંના લોકોને માટે પુસ્તકીય-જ્ઞાન કરતા કઇ પણ વિશેષ જ્ઞાનની જરૂર હોવાનું તેને જણાયુ. હેમ્પટનની શિક્ષણ પ્રણાલીકા સબધી તેણે સાંભળ્યું અને દક્ષિણમા સારૂં કામ કરવાની પાત્રતા મેળવવા માટે એવા શિક્ષણની જરૂર હોવાનુ પોતાના મનમાં નક્કી કર્યું. બોસ્ટનમાં મિસીસ મેરી હેમેનવેનુ લક્ષ તેની અસાધારણ બુદ્ધિ તરફ ગયુ; અને તેણે કૃપાળુપણે અને ઉદારતાપૂર્વક તેને મદદ કરવાથી તેનો હેમ્પટનનો શિક્ષણક્રમ પૂર્ણ થયો. તેમજ ફ્રામિંગહેમમાં 'મૅસેચ્યુસેટસ નૉર્મલ

સ્કુલ'નો બે વર્ષનો શિક્ષણક્રમ પણ પૂર્ણ કરવાની તક મળી.

ફ્રામિંગહેમ જતા પૂર્વે તેને કોઇએ સૂચવ્યું કે તું રંગે ગૌર હોવાથી મેસેચ્યુસેટસની શાળામા તુ નીગ્રો નથી એવું ત્હારે જણાવવું, જેથી તને લાભ થશે. મિસ ડૅવિડસને તરતજ ઉત્તર આપ્યો કે "કોઇ પણ કારણ અને ગમે તેવો પ્રસગ આવવા છતાં, જ્ઞાતિ બાબતમાં તે કદિ પણ અસત્ય બોલશે નહિ."

ફ્રામિંગહેમનો શિક્ષણક્રમ પૂર્ણ થયા પછી મિસ ડૅવિડસન ટસ્કેજી આવી. તે પોતાની સાથે ઉત્તમ પદ્ધતિનુ શિક્ષણ વિષયક, અમૂલ્યજ્ઞાન, અસાધારણ નીતિબળ અને નિસીમ સ્વાર્થત્યાગ લાવી હતી. ટસ્કેજી સંસ્થાથી જે કઇ યશસ્વી કાર્ય થયુ છે તેનો પાયો નાખવામા મિસ ઑલીવિયા એ ડૅવિડસન જેવી અન્ય કોઇએ સહાય કરી નથી. ભાગ્યેજ મદદ કરી હોય.

મિસ ડૅવિડસન અને હુ પ્રથમથીજ શાળાનુ આગળપર કેમ થશે, તેનો વિચાર કરવા લાગ્યા. વિદ્યાર્થીઓ પુસ્તકી-જ્ઞાન સત્વર સપાદન કરી પોતાના અતઃકરણનો વિકાસ કરવા લાગ્યા, પરતુ અમારા વિદ્યાર્થીઓનુ કઇ કાયમનુ કલ્યાણ અમારા હાથે થવા જેવું હોય તો તેમને કેવળ પુસ્તકીય-જ્ઞાન આપવા કરતા તેની સાથે કઇક વિશેષ પણ શીખવવાની જરૂરીઆત અમને જણાઇ. પોતાના શરીરની સભાળ લેવાની બાબતમા પોતાના ઘરમા કઈ પણ માહિતી નહિ મેળવી શકેલા ઘણા વિદ્યાર્થી અત્રે આવ્યા હતા. ટસ્કેજીના વિદ્યાર્થીઓના ઘણાક વસ્તિગૃહો તેમના પોતાના ઘરથી વિશેષ સારા નહતાં. સ્નાન, દાત અને કપડાની સ્વચ્છતા ઇત્યાદિ વિષયો પણ તેમને શીખવવાની આવશ્યકતા જણાતી હતી શુ ખાવું, કેવી રીતે ખાવું, તેમજ ઓરડીઓ કેવી સ્વચ્છ રાખવી, એ બાબતો ઉપરાત તેમને કોઇ પણ એક ઉદ્યોગ ધધાનુ વ્યવહારીક શિક્ષણ આપવું, અને ઉદ્યોગ,

ફરકસર અને વ્યવસ્થિતપણાની એવી ટેવ પાડવી કે અમારી સંસ્થા છોડી ગયા પછી તેઓ આ જગતમાં પોતાનો ઉદર નિર્વાહ સારી રીતે કરી શકે. ખેતીપરજ ઘણેભાગે અવલંબી રહેલા ગામડાઓમાંથીજ અમારા ઘણા વિદ્યાર્થી આવતા હોવાનું અમને જણાયું. ગલ્ફ સ્ટેટના આશરે સેંકડે પંચ્યાસી કાળા મનુષ્યો ખેતીપરજ પોતાનો નિર્વાહ કરતા હોવાની અમને ખબર થઇ હતી. આવી વસ્તુસ્થિતિ હોવાથી, વિદ્યાર્થીઓને ખેતીથી દૂર કરનારૂં શિક્ષણ આપવાથી ગામડાઓ તરફની તેમની વૃત્તિ નષ્ટ થઇ રહેવાના મોહના તેઓ ભોગ થઇ પડે, તેમ ન થાય તે માટે અમે ઘણી કાળજી રાખતા હતા વિદ્યાર્થી પૈકી ઘણાએકને શિક્ષક થઈ શકે અને પાછા પોતાના બાગના પ્રદેશ તરફ જઇ ખેતી તથા માનસિક, નૈતિક અને ધાર્મિક રહેણીમાં નવું બળ અને નવા વિચારો ત્યાંના મનુષ્યોને દર્શાવી શકે, તેવા પ્રકારનું શિક્ષણ તેમને આપવાની અમારી ઇચ્છા હતી.

આ સર્વ કલ્પના અને જરૂરીઆતોનું મહત્વ અમોને એટલું તો જણાયું કે તેના ભાર નીચે અમે દબાઇ જઇશું, એમ અમોને લાગ્યું શું કરવું તે અમને સુઝ્યું નહિ. શાળાના વર્ગની સવડ માટે ટસ્કેજીના કાળા લોકોએ આપેલી જૂની ભાંગી તુટી ઝુંપડી અને જીર્ણ દેવાલયનીજ જગ્યા અમારી પાસે હતી, અને વિદ્યાર્થીની સંખ્યા તો દિનપ્રતિદિન વધતી જતી હતી. અમે તે વિદ્યાર્થીઓનું નિરિક્ષણ કરવા લાગ્યા, અને જેમ જેમ ગામડાઓમાં પ્રવાસ કરવા લાગ્યાં, તેમ તેમ વિદ્યાર્થીઓને શિક્ષણ આપી, શિક્ષક તરીકે તેમને મોકલી, તેમના દ્વારા જેમની અમે ઉન્નતિ કરવાના હતા, તેવા મનુષ્યોની વિદ્યમાન અયોગ્ય જરૂરીઆતો પૈકીની ઘણીખરી તો અમારા પ્રયત્નથી દૂર થયાનું અમોને જણાયું.

તે સંસ્થાનના સ્થળે સ્થળેથી આવનારા વિદ્યાર્થીઓ સાથે

પરિચય વધતાં વાતચીતમાં અમોને જણાયું હતું કે હવે પછી પોતાને હાથે કાર્ય કરવાની જરૂર રહે નહિ તેવું શિક્ષણ મેળવવાની ઘણા વિદ્યાર્થીઓની ઇચ્છા હતી.

'અલબામા' ના એક નીગ્રોની હકીકતપરથી એ વાત સિદ્ધ થાય છે કે તે જુલાઇ મહિનામા ઉન્હાળાના એક દિવસે કપાસના ખેતરમાં કામ કરતી વખતે એકદમ અટક્યો, અને આકાશ તરફ દૃષ્ટિ કરી બોલ્યો કે "હે પરમેશ્વર! કપાસમાં એટલુ તો ઘાસ થયુ છે અને મ્હારૂં કામ એટલુ તો કઠિન છે કે હું હવે ત્હારી પ્રાર્થના કર્યા સિવાય રહી શકતો નથી."

શાળા શરૂ થયા પછી ત્રણેક મહિને ટસ્કેજીથી એક માઇલ દૂર આવેલી એક ઘણા વખતથી પડતર રહેલી વાડી તેના માલીકે વેચવા કાઢી ગુલામગીરીના સમયમા તેના માલીકને રહેવાનુ મોટું ઘર બળી ગયેલુ હતું. આ જગ્યા તપાસી જોતા અમને જણાયુ કે અમારૂં કાર્ય સારૂં ચાલવા અને ચિરસ્થાયી થવા માટે આ સ્થળ યોગ્ય થઇ પડશે.

પણ આ સ્થળ અમને કેવી રીતે મળે? આ જગ્યાનુ મૂલ્ય ફક્ત પાચસો ડાલર કહેવામા આવતું હતું; પરતુ અમારી પાસે બીલકુલ પૈસા નહતા, અને અમે અપરિચિત હોવાથી અમારી સાખ પણ નહતી. અમારે અઢીસો ડાલર રોકડા આપવા, અને બાકીના એક વર્ષમાં આપવાની શરતથી માલીક તે જગ્યો અમને આપવા તૈયાર હતો. પાચસો ડાલરમા આ સ્થળ કીફાયત હતું; પરતુ જેની પાસે બીલકુલ પૈસો ન હોય તેને માટે આ રકમ અતિ મોટી હતી.

આવી અડચણમા મ્હેં પુષ્કળ ધૈર્ય રાખી મ્હારા મિત્ર હૅમ્પટન સંસ્થાના ખજીનદાર જનરલ જે. એફ. બી. માર્શલને એક પત્ર લખી મ્હે સર્વ પરિસ્થિતિ તેમને વિદીત કરી અને મ્હારી પોતાની જવાબદારી ઉપર અઢીસો ડાલર આપવા વિનતિ કરી. "હૅમ્પટન સંસ્થાના

પૈસા ઉછીના આપવાનો મને અધિકાર નથી પણ મ્હારી ખાનગી સિલકમાંથી આ રકમ અતિ આનંદપૂર્વક ઉછીની આપીશ" એવો થોડા સમયમાં તેમના તરફથી ઉત્તર આવ્યો.

આ પ્રમાણે અણધારી આ રકમ મળવાથી મને આશ્ચર્ય સાથે આનંદ થયો. આજ સુધીમાં મ્હારા હાથમાં સો ડાલર જેટલી રકમ કોઇ પણ વખતે આવી નહતી, અને તેથી જનરલ માર્શલની આ રકમ મને બહુ મોટી લાગી અને તેવી રકમ ફેડવાની જવાબદારીના વિચારથી મ્હારૂં હૃદય ધડકી ઉઠયું.

નવીન સ્થળમાં શાળા લઇ જવાની મ્હેં ઉતાવળથી તૈયારી ચલાવી. અમે આ જગ્યો કબજામાં લીધી, તે સમયે ત્યાં ભોજનની ઓરડી, જીર્ણ રસોડું, તબેલો અને એક જુનું પક્ષીગૃહ એવા ચાર મકાન હતા. એ અઠવાડીઆમાં આ મકાનો અમે ઉપયોગમાં લીધાં, તબેલો દુરસ્ત કરી ત્યાં અભ્યાસ તૈયાર કરવાનો વર્ગ રાખ્યો, અને ત્યાર પછી પક્ષીગૃહની વ્યવસ્થા પણ તેવીજ કરી મને યાદ આવે છે કે એક દિવસે સવારે મ્હારા એક નજીકના મદદ કરનારા નીગ્રો મિત્રને મ્હેં કહ્યું કે "અમારી શાળામાં વિદ્યાર્થીની સંખ્યા એટલી વધી ગઇ છે કે પક્ષીગૃહનો પણ શાળાના કાર્યમાં ઉપયોગ કરવો પડશે, અને તે આવતી કાલે સ્વચ્છ કરવામાં ત્હારી મદદની જરૂર છે" ત્યારે તે અંતઃકરણપૂર્વક બોલ્યો: "મહારાજ! આપનું શું કહેવું છે? શું, તમે દિવસે-ને પક્ષીગૃહ ખરેખર સ્વચ્છ કરશો કે?"

બપોરે શાળા છૂટયા પછી શાળાના કાર્ય માટે નવીન જગ્યો તૈયાર કરવાનું ઘણું એક કાર્ય વિદ્યાર્થીઓએજ કર્યું. ઓરડીઓ તૈયાર થતા સાથે કંઇ વાવેતર થઇ શકે તે માટે કેટલીક જમીન સ્વચ્છ કરવાનો પણ મ્હેં નિશ્ચય કર્યો. પણ મ્હારો તે વિચાર યુવકવર્ગને વિશેષ રૂચીકર થયો નથી એમ મને જણાયું. જમીન સ્વચ્છ કરવી

અને શિક્ષણ એ બે વચ્ચે શુ સબંધ છે, તે સમજવું તેમને માટે મુશ્કેલી ભરેલુ હતુ. તેમનામાના ઘણાકો શિક્ષક હતા, તેમણે જમીન સ્વચ્છ કરવાનું કાર્ય કરવામા આપણી આબરૂ શુ રહેશે? એવો પ્રશ્ન કર્યો. તેઓને આ સશયમાથી મુક્ત કરવા માટે દરરોજ શાળા બંધ થયા પછી કુહાડી લઇ હુ જગલ તરફ જવા લાગ્યો જેથી હુ કાર્ય કરવાને ડરતો નથી કે શરમાતો નથી, તે જોઇ તેઓ પણ ઉત્સાહથી મને મદદ કરવા લાગ્યા. રોજ બપોરે અમે કાર્ય કરી આશરે વીસ એકર જમીન સ્વચ્છ કરી વાવેતર કર્યું.

મધ્યકાળમા કરજ કેવી રીતે અદા કરવુ તેના વિચાર મિસ ડૅવીડસનના હૃદયમા ચાલતા હતા. તેનો પ્રથમ પ્રયત્ન મેળો ભરવાનો હતો. તેણે ટસ્કેજી શહેરના ગોરા અને કાળા મનુષ્યોના કુટુંબમા પોતે જઇ પ્રયત્ન કરી મેળામા વેચવા જેવી વસ્તુ કેક, રોટલી, પકવાન્ન, ઇત્યાદિ કેટલાક પદાર્થ આપવાનુ તેમની પાસેથી વચન મેળવ્યુ. કાળા માણસો પોતાનાથી અપાય તેટલી વસ્તુઓ આનદથી આપતા હતાજ; તો પણ મ્હારે આ સ્થાને કહેવુ જોઇએ કે મિસ ડૅવિડસનની વિનતિ ગોરા કુટુબમા પણ કદિ અમાન્ય થઇ નહોતી, અને તેઓએ પણ શાળા તરફની પોતાની શુભેચ્છા નાના પ્રકારથી વ્યક્ત કરી હતી

આવા ઘણા બજાર-મેળા ભરવામા આવ્યા, તેમા થોડી રકમ એકઠી પણ થઇ ઉભયજ્ઞાતિના લોકો તરફથી રોકડ રકમ મેળવવાના પ્રયત્ન પણ કરવામા આવ્યા તેમા જેમના તરફ વિનતિ કરવામા આવી તે લોકોએ નાની નાની રકમો પણ આપી પોતાના આયુષ્યનો ઉત્તમ સમય ગુલામગીરીમા વ્યતિત કરેલા વૃદ્ધ નીગ્રોની આવેલી ભેટો હૃદયદ્રાવક હતી. કેટલીક વખત તેઓ પાચ અને કદિ કદિ તો પચીસ સેન્ટ આપતા હતા; તેમજ કોઇ પ્રસગે ચાદર તો કોઇ પ્રસગે શેરડી આપતા હતા.

આ રકમ મેળવવાનુ કાર્ય ચાલતું હતું ત્યારે એક ૭૦ વર્ષની વૃદ્ધ નીગ્રો સ્ત્રી મને મળવા આવ્યાનું સ્મરણ થાય છે. લાકડીના ટેકાથી હું બેઠો હતો તે ઓરડીમાં તે સ્ત્રી લંગડાતી લંગડાતી આવી. તેના શરીરપર ચીંથરા હતા, પણ તે સ્વચ્છ હતાં. તે મ્હારા પ્રત્યે બોલીઃ "વૉશિંગ્ટન! મ્હારી જીંદગીનો ઉત્તમ સમય ગુલામગીરીમાં ગયો છે તે પરમેશ્વર જાણે છે, તેમજ હું અજ્ઞાન અને ગરીબ છુ તેની પણ તેને ખબર છે. તુ અને મિસ ડૅવિડસન શુ કરો છો તે હું જાણું છું. તમોએ અમારી જ્ઞાતિમાં ઉત્તમ પુરૂષ અને ઉત્તમ સ્ત્રીઓ તૈયાર કરવાનો પ્રયત્ન શરૂ કર્યો છે. મ્હારી પાસે પૈસો તો નથી, પરંતુ મ્હે એકત્ર કરેલા આ છ ઈંડાં ત્હારે લેવાં, અને તેનો વિદ્યાર્થીઓમાં ઉપયોગ કરવો. એવી મ્હારી ઇચ્છા છે."

ટસ્કેજીમા શાળા શરૂ થઇ ત્યારથી આ સંસ્થાના હિતાર્થે અનેક ભેટ સ્વીકારવાનો સુયોગ મને પ્રાપ્ત થયો છે; પરંતુ બીજી કોઇ પણ ભેટથી આ ભેટ જેટલુ મ્હારૂં અંતઃકરણ દ્રવ્યું નથી.

પ્રકરણ ૯ મું.

ત્રાસનો દિવસ અને નિદ્રારહિત રાત્રિ.

અલબામા સંસ્થાનમાં આવી રહ્યા પછી પહેલા નાતાલમાં લોકોની રહેણીની ખરી માહિતી મેળવવાની તક પુન અમોને પ્રાપ્ત થઇ. છોકરાના ટોળા આવી 'નાતાલની ભેટ આપો, નાતાલની ભેટ આપો,' કહેતા સવારમા અમારા ગૃહ દ્વારપર ધક્કા મારવા લાગ્યા પ્રાત કાળે બેથી પાચ વાગતા સુધીમા અમારા દ્વારપર નિદાન પચાસ ધક્કા વાગ્યા હશે! દક્ષિણના આ ભાગમા હજુ પણ આ ચાલ જણાઇ આવે છે.

ગુલામગીરીના સમયમા દક્ષિણના સર્વ સસ્થાનમા કાળા લોકોને નાતાલના તહેવારોમા એક અઠવાડિયુ રજા આપવાનો વહીવટ હતો. નીગ્રો જ્ઞાતિનો પુરૂષવર્ગ અને બહુધા સ્ત્રીવર્ગ પણ આ રજામા નીશાથી ચકચુર બનતો ટસ્કેજી ગામમા અને આજુબાજુએ નાતાલના તહેવારના આગલા દિવસથી કાળા મનુષ્યો કામ બધ કરતા હતા, અને તે દિવસથી નવીન વર્ષ શરૂ થતા સુધી કોઈ પણ કામ કરવા કોઇ પણ મનુષ્ય મળતો નહિ. અન્ય દિવસોમા દારૂથી દૂર રહેનારા મનુષ્યો પણ આ નાતાલના અઠવાડીઆમા કડક અને જાલીમ મદ્યનુ યથેચ્છ સેવન કરતા. જ્યા ત્યા કાળા મનુષ્યો દારૂ વગેરેનો નીશો કરીને ચેન કરતા, બદુક, પીસ્તોલ તથા બદુકના દારૂનો બેફામ ઉપયોગ કરતા, અને તેઓમાથી આ તહેવારની પવિત્રતા ઘણેભાગે વીસરાઇ ગયા જેવીજ હતી; એમ કહેવાને હરકત નથી.

પહેલા નાતાલના તહેવારની રજામાં એક મોટા બાગના લોકોની મુલાકાતે હું ગામથી કેટલેક દૂર ગયો. ઘણા ભાગમાં અત્યંત પ્રિય અને પવિત્ર મનાયલા આ તહેવારોમાં આ ગરીબ અને અજ્ઞાની મનુષ્યોને ચેન કરવા માટે ઉત્સુક થયેલા જોઈ મને તેમની દયા આવતી હતી.

નાતાલના તહેવારોમાં હું આ પ્રમાણે લોકોની મુલાકાતે ગયો હતો ત્યારે મને ત્યાના ઉપદેશકો પૈકી એક વૃદ્ધ નીગ્રો મળ્યો. નંદનવનમા ઍડમને આપેલા અનુભવપરથી તેણે મ્હારી એવી ખાત્રી કરવાનો પ્રયત્ન કર્યો કે ઇશ્વરે સર્વ પ્રકારના ઉદ્યોગને નિંધ માન્યા છે; માટેજ મનુષ્યે ઉદ્યોગ કરવો તે પાપ છે. આ મનુષ્યે બને તેટલું કામ કમી કરવાનો પ્રયત્ન ચલાવ્યો હતો. તે સમયે તે અત્યંત સુખી જણાયો. કારણ, પાપરહિત એક અઠવાડિયુ તો રહેવાનું મળ્યું, એમ તે કહેતો હતો.

શાળામા નાતાલ એટલે શુ? તે શીખવવાને, અને તે કેવી રીતે પાળવા તે સમજાવવાને અમે વિશેષ પ્રયત્ન કર્યો તેમા અમને એટલો યશ મળ્યો કે ટસ્કેજીની આજુબાજુજ નહિ, પણ જ્યાં જ્યાં અમારા ગ્રેજ્યુએટો ગયા છે ત્યાં પણ હવે આ તહેવારનો અર્થ બદલાયો છે, એમ કહેવામાં મને લેશ પણ સંકોચ થતો નથી. હાલમાં બીજાઓ અને વિશેષ કરીને કમનશીબ મનુષ્યોના સુખ અને સવડ તરફ લક્ષ આપવામાં અમારા ગ્રેજ્યુએટો અને વિદ્યાર્થીઓ સ્વાર્થત્યાગથી તેમજ ઉદારતાથી પોતાની રજાનો ઉપયોગ કરે છે, એજ એક નાતાલનો અને અન્ય તહેવારનો મુખ્ય ઉદ્દેશ થયો છે. થોડા દિવસ પૂર્વે અમારા તરૂણ વિદ્યાર્થીઓ પૈકી કેટલાકોએ એક વૃદ્ધ ૭૫ વર્ષની અનાથ બાઇને ઝુપડી બાંધી આપવામા પોતાની રજાનો ઉપયોગ કર્યો હતો. અન્ય એક પ્રસંગે એક રાત્રે ભજન મંદિરમાં એક રંક વિદ્યાર્થી પાસે કોટ નહિ હોવાથી તેને ઠંડીનો વિકાર થયો છે એમ મ્હેં સર્વેને

કહ્યું, ત્યારે બીજા દિવસે તે વિદ્યાર્થી માટે મ્હારી ઓફીસમાં બે કોટ મોકલવામાં આવ્યા હતા.

ટસ્કેજી ગામના અને તેની આજુબાજુના ગોરા મનુષ્યોની ઇચ્છા શાળાને મદદ કરવાની હતી; તે મ્હેં ઉપર કહ્યું છેજ. આ શાળા તે ભાગના સર્વની છે, એમ તેમને દર્શાવી આપવાની મ્હે પ્રથમથીજ વ્યવસ્થા કરી હતી. આ પરકીય મનુષ્યે સ્થાપન કરેલી શાળા છે, અને તે શાળા વિષે પોતાની કંઇ જવાબદારી કે હિતસબંધ નથી, એવું કોઇને પણ લાગવા નહિ દેવાનો મ્હે નિશ્ચય કર્યો હતો. શાળાની જગ્યો માટે સર્વને દાન આપવાની વિનતિ કરવાથી આ શાળા આપણીજ છે, એવી સમજ તેઓની થતી હોવાનુ મને જણાઇ આવ્યું. આ સસ્થા સર્વ મનુષ્યની છે, તથા બોસ્ટનમા જેમ અમે ગોરા મનુષ્યો સાથે મૈત્રી સપાદન કરવાના પ્રયત્ન કરતા હતા તેમજ ટસ્કેજીના ગોરા મનુષ્યોની મૈત્રીની અમોને જરૂર છે, અને શાળા સર્વ મનુષ્યને ખરે-ખરી ઉપયોગી થશે, એમ જ્યારે અમે તેમને જણાવવા લાગ્યા, ત્યારે સર્વ મનુષ્યોનો શાળા વિષે ઘણો અનુકૂળ મત થયો.

ટસ્કેજીના અને અલબામા સસ્થાનના દક્ષિણના ગોરા મનુષ્યો જેવા, સાપ્રત ટસ્કેજીની શાળાને લાગણીથી તથા ઉત્સાહથી મદદ કરનાર અન્ય કોઇ મિત્ર નથી એમ મને લાગતુ. પોતાના પડોશી સાથે, પછી તે કાળો હો કે ગોરો હો, પણ સરળ અને શુદ્ધ અતઃ-કરણથી સ્નેહ બાધવાનુ હુ પ્રથમથી દક્ષિણના મનુષ્યોને કહેતો આવ્યો છું. તેમજ જો કંઇ તત્ત્વને હરકત ન આવતી હોય તો સ્થાનિક હિતસબંધ જોઇને તે પ્રમાણે પોતાના મિત્રોને મત આપવાની સલાહ આપવી, એમ પણ મ્હે કહ્યું છે.

શાળાની જગ્યા માટે ભંડોળ કરવા માટેનું કામ કેટલાક મહિના સૂધી એક સરખું ચાલ્યું. ત્રણ મહિના પછી જનરલ માર્શલના

અઢીસો ડાલર ફેડવા જેટલી રકમ એકઠી થઇ, અને પછી બે મહિનાની અંદર પાંચસો ડાલર જેટલી રકમ એકઠી થઈ ગઇ, તથા સો એકર જમીનનુ અમારા નામે ખરીદીપત્ર પણ થયું. આ બનાવથી અમોને ઘણો આનંદ થયો. શાળાને કાયમની જગ્યો મળી, એટલો એકજ સંતોષકારક બનાવ નહિ, પણ એકઠી થયેલી રકમ પૈકી ઘણા એક પૈસા ટસ્કેજીના કાળા ગોરા મનુષ્યો પાસેથીજ મળેલા હતા એ બનાવ પણ તેટલોજ સંતોષકારક હતો. આ પૈકી ઘણી એક રકમ મેળાવડા, જલસા અને બેઠકો તથા નાની મોટી ભેટોના ઉપાયથી મેળવેલી હતી.

અમારો બીજો પ્રયત્ન જમીનનો પાક વધારી તેવડે આર્થિક સહાય મેળવવાનો અને સાથે વિદ્યાર્થીઓને ખેતીનુ શિક્ષણ આપવાનો હતો. તે પ્રમાણે ટસ્કેજીમાં ઉદ્યોગ, ત્યાંના મનુષ્યો અને વિદ્યાર્થીઓની જરૂરીઆતને અનુસરીનેજ શરૂ કર્યો હતો. ખેતીથીજ અમે પ્રથમ આરંભ કર્યો, કારણ કે ઉદર નિર્વાહની વ્યવસ્થા પ્રથમ કરવાની જરૂર છે.

પુષ્કળ વિદ્યાર્થીઓ શાળામાં થોડાજ અઠવાડીઆ રહી શકતા હતા, કારણ પોતાનો ભોજન ખર્ચ આપવાને તેમની પાસે ઘણા થોડાજ પૈસા સિલક રહેતા. વિદ્યાર્થીઓને કામના બદલામા પૈસા મળી નવ મહિના શાળા ચાલુ હોય ત્યારે રહી શકે, એવો હેતુ આ ઔદ્યોગિક શિક્ષણ શરૂ કરવામા સમાયલો હતો.

શાળાનુ પહેલુ જાનવર કહીએ તો ટસ્કેજીના એક ગોરા નાગરિકે આપેલો વૃદ્ધ આધળો ઘોડો હતો. હાલમાં આ સંસ્થામાં બસો ઘોડા, વછેરા, ખચ્ચરો, ગાયો, વાછરડા, બળદ તથા બીજાં સેંકડો જાનવરો છે.

શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા એટલી વધવા લાગી કે જગ્યાનું મૂલ્ય આપી ખેતી શરૂ કર્યા પછી અને ઓરડીઓની દુરસ્તી કર્યા પછી એક મજબૂત ઇમારત બાંધવી તરફ અમારૂં લક્ષ ખેચાયું. આ વિષે અમે ઘણોજ વિચાર કરી આશરે છ હજાર ડાલરનો ખર્ચ થાય

તેવા મકાનના નકશા તૈયાર કરાવ્યા. આ રકમ અમોને અતિશય મોટી લાગી, પણ વિદ્યાર્થીની રહેણીપર અમારી પૂર્ણ દેખરેખ હોયા સિવાય અમારો પ્રયત્ન કદિ પણ સફળ થશે નહિ, તે અમો સારી પેઠે જાણતા હતા.

આ અરસામાં બનેલા એક બનાવથી મને આશ્ચર્ય થયુ. એક નવીન મોટુ મકાન બાંધવાની અમારામા વાટાઘાટ ચાલતી હોવાની ખબર ગામમા પ્રસરી, ત્યારે ટસ્કેજી નજીક કામ કરતા લાકડાના એક કારખાનાવાળા ગોરાએ મ્હારી પાસે આવી કહ્યુ કે "નવીન મકાન માટે જરૂરનો સર્વ લાકડી સામાન અત્રે લાવી હાજર કરૂ છુ; તેના પૈસા મળશે તે સમયે આપીશુ, એટલુજ આપનુ વચન મળે તો બસ છે, તે સિવાય મને કોઇ પણ જાતની ગેરટી-જામીનગીરીની જરૂર નથી!" જરૂરની રકમ પૈકી એક પણ ડાલર અમારી પાસે નહિ હોવાનુ મ્હે તેને સ્પષ્ટ કહ્યું. તદપિ લાકડી સામાન લાવી રજુ કરવાનો તેણે આગ્રહ કર્યો. કેટલાક પૈસા એકત્ર કર્યા પછી અમે તેને તેમ કરવા દીધુ હતું.

ટસ્કેજીના અને આજુબાજુના કાળા ગોરા લોકો તરફથી નવીન મકાન માટે નાની નાની રકમો અનેક પ્રકારથી એકત્ર કરવાનું કાર્ય મિસ ડૅવિડસને પુનઃ શરૂ કર્યું આ ભાવી મકાન માટે કાળા લોકોને જેટલો આનદ થયો તેટલો આનદ અન્ય કોઇ પણ બાબતથી તેઓને થયેલો મ્હે જોયો નથી. એક દિવસે આ નવીન મકાન બધાવવાનુ ફડ કેવી રીતે એકત્ર કરવું તેનો વિચાર કરવા સભા મેળવી હતી. ત્યારે એક અતિ વૃદ્ધ કાળો મનુષ્ય બાર માઇલથી આવ્યો હતો; અને તે પોતાની સાથે એક જાનવરને લાવ્યો હતો. સભાનુ કામ ચાલતું હતું ત્યારે વચ્ચે ઉઠી તે બોલ્યો કે "મ્હારી પાસે આપવાને કઇ પૈસા નથી, પરંતુ મ્હેં બે સારાં જાનવર પાળેલાં છે, તે પૈકી એક ઇમારત ખર્ચના ફંડ

માટે અત્રે લાવ્યો છુ" છેવટે તેણે એમ પણ કહ્યું કે "જે નીગ્રો પોતાની જ્ઞાતિ માટે કંઈ પ્રેમ ધરાવતો હોય પોતાના માટે કંઇ અભિમાન ધરાવતો હશે તો તે બીજી સભા વખતે કંઈ નહિ તો એકાદ જાનવર પણ લાવ્યા સિવાય નહિજ રહે." આ સમયે બીજા પણુ પુષ્કળ મનુષ્યોએ મકાનના ખર્ચ માટે પોતાના કેટલાક દિવસનું કામ આપવાનુ કબુલ કર્યું હતું.

ટસ્કેજીમાથી સંભવિત મદદ મળ્યા પછી ફંડમાં વધારો કરવા માટે મિસ ડૅવિડસને ઉત્તર તરફ જવાનો નિશ્ચય કર્યો. કેટલાંએક અઠવાડીઆ સૂધી તેણે ઘણાઓની મુલાકાત લીધી; તેમજ દેવાલય અને રવિવારની શાળા તથા બીજી સસ્થાઓમા ભાષણો કર્યા. આ કાર્ય અતિ કઠિન અને ત્રાસદાયક હતું. શાળાની વિશેષ માહિતી કોઇને નહતી, પણ ઉત્તર તરફના સારા ગૃહસ્થોનો તેનાપર વિશ્વાસ બેસવામા વિશેષ સમય લાગ્યો નહિ. ઉત્તરના લોકોમાથી પ્રથમ ન્યૂયૉર્કની એક સ્રી તરફથી ભેટ મળી. આ બાઇ પ્રથમ મિસ ડૅવિડસન ઉત્તર તરપ જતી હતી ત્યારે આગબોટમા મળી હતી. આગબોટમાં બન્ને વચ્ચે વાતચીત શરૂ થઇ, તેમાં ટસ્કેજીમા ચાલતા પ્રયત્નોની હકીકત સાંભળી તે સ્રીને એટલી તો નવાઇ લાગી કે તેણે છુટા પડતી વખતે મિસ ડૅવિડસનના હાથમા પચાસ ડાલરનો એક ચેક આપ્યો. દક્ષિણ તથા ઉત્તર અમેરિકામા ફડ એકત્ર કરવાનુ કાર્ય મિસ ડવિડસને ચાલુ રાખ્યુ; તેમજ તે સાથેજ તે ટસ્કેજી શાળામા લેડી પ્રીન્સીપાલ અને અધ્યાપિકાનું કામ પણ કરતી હતી. આ સિવાય ટસ્કેજીના અને આસપાસના વૃદ્ધ મનુષ્યોમાં પણ તે કાર્ય કરતી; અને ગામમા રવિવારની શાળામાંનો એક વર્ગ શીખવતી હતી. તે અતિ સશક્ત નહતી, તોપણ પોતાની પસદગી મેળવેલી સસ્થા માટે સર્વ શક્તિનો ઉપયોગ કર્યા સિવાય તેને ચેન પડતું નહતુ. ટસ્કેજી સંસ્થા તરફ લોકોનું

ચિત્ત ખેંચવા માટે તે આખો દિવસ ઘેરેઘેર ફરી એટલી થાકી જતી કે રાત્રે તે પોતાનો પોશાક પણ ઉતારી શકતી નહતી. બોસ્ટનમાં મિસ ડૅવિડસન જે એક સ્ત્રીને મળવા ગઈ હતી, તે સ્ત્રીએ મને પછી કહ્યું કે "મિસ ડૅવિડસન મળવા આવી હતી ત્યારે હું કંઇ કાર્યમાં રોકાયલી હોવાથી તેને દિવાનખાનામાં કેટલોક સમય બેસી રહેવું પડયું હતું; અને જ્યારે મ્હે આવી જોયું ત્યારે મિસ ડૅવિડસન અતિ પરિશ્રમથી નિદ્રાધિન થયેલી હતી."

બ્રુકલીન (ન્યૂયૉર્ક)ના એ. એચ. પોર્ટર નામના સદ્‌ગૃહસ્થે સારી રકમ આપ્યાથી અમે અમારા પહેલા મકાનનું નામ "પોર્ટર હૉલ" રાખ્યું. આ મકાનનુ બાંધકામ ચાલતું હતુ તે સમયે અમોને પૈસાની બહુ હરકત જણાઇ. મ્હે એક સાહુકારને અમુક દિવસે ચારસો ડાલર આપવાનુ વચન આપ્યુ હતું. તે દિવસે અમારી પાસે એક પણ ડાલર નહતો. દશ વાગે શાળામા ટપાલ આવી, તેમા મિસ ડૅવિડસેને બરોબર ચારસો ડાલરનો મોકલેલો ચેક અમોને મળ્યો. આવા પ્રકારનાં ઘણા ઉદાહરણો આપી શકાય તેમ છે આ ચારસો ડાલર બોસ્ટનની બે સ્ત્રીઓએ આપેલા હતા. બે વર્ષ પછી ટસ્કેજીનુ કાર્ય વધ્યાથી અમોને પૈસાની એટલી જરૂર પડી કે અમે ઘણેભાગે નિરાશ થયા; અને ભવિષ્યનો માર્ગ અમોને જણાયો નહિ. આવા સમયે બોસ્ટનની આ બે સ્ત્રીઓએ ૬૦૦૦ ડાલર અમારા તરફ મોકલ્યા હતા. આ ભેટથી અમોને જે આશ્ચર્ય થયુ અને ઉત્તેજન મળ્યુ, તેનુ વર્ણન થવું અશક્ય છે. આ સ્થાને મ્હારે કહેવુ જોઇએ કે આ બે સ્ત્રીઓએ દર વર્ષે ૬૦૦૦ ડાલર પ્રમાણે ચૌદ વર્ષ સુધી અમોને મદદ કરી હતી.

નવીન મકાનનો નકશો તૈયાર થયા બાદ વિદ્યાર્થીઓ શાળાનો સમય પૂરો થયા પછી દરરોજ પાયો ખોદતા હતા. હાથથી કામ કરવું યોગ્ય નહિ હોવાની તેમની સમજ અદ્યાપિ દૂર થઇ નહતી.

કારણુ તેઓ પૈકી એક બોલ્યો હતો કે "કામ કરવા માટે નહિ પણુ શીખવા માટે આવ્યા છીએ." ધીમે ધીમે તેમના વિચાર બદલાવા લાગ્યા અને કાર્ય કરવામાં તે પ્રવૃત્ત થવા લાગ્યા. તે જોઇ મને સંતોષ થયો. કેટલાંક અઠવાડીઆં વધુ મહેનતથી કામ કર્યા પછી પાયો તૈયાર થયો; અને ખૂણાપરનો પત્થર બેસાડવાનો દિવસ મુકરર કરવામા આવ્યો.

ગુલામગીરીના કેન્દ્રસ્થાન દક્ષિણુના ભાગમા કાળા લોકોના પ્રદેશમાં આ મકાનનો મુખ્ય પત્થર બેસાડવામા આવ્યો. આ સમયે ગુલામગીરી બધ થયાને સોળ વર્ષ થયા હતા. સોળ વર્ષ અગાઉ કાયદાનો દડ અને લોકોની અવકૃપા થયા સિવાય કોઇ પણુ શિક્ષક નીગ્રોને શિક્ષણુ આપી શકતો નહિ. એ સર્વ હકીકતનો વિચાર કરીએ તો ટસ્કેજીમા વસત ઋતુમાં તે દિવસનું દૃષ્ય અપૂર્વ હતું. આવું દૃષ્ય જોવાનુ ભાગ્ય જગતમા ઘણા થોડાકજ શહેરોને પ્રાપ્ત થયુ હશે, એમ મને લાગે છે.

આ પ્રાતના કેળવણી ખાતાના સુપ્રીન્ટેન્ડેન્ટ ઑ. વૉડી થૅામ્સને એ દિવસે ભાષણુ કર્યું હતું. શિક્ષક, વિદ્યાર્થી, તેમના માબાપ, મિત્ર, પ્રાંતના ગોરા અધિકારીઓ, આજુબાજુના મુખ્ય મુખ્ય સર્વ ગોરા મનુષ્યો અને કેટલાએક વર્ષ પૂર્વે ગોરા લોકો જેમને પોતાની માલમત્તા માનતા હતા તેવા અનેક કાળા સ્ત્રી પુરૂષો પણુ ખૂણાના પત્થરની ચોતરફ એકત્ર થયાં હતા. ઉભય જ્ઞાતિના લોકો ખૂણાના પત્થર પાસે પોતાનુ કંઇ પણુ સ્મારક રાખવા અતિ ઉત્સુક જણાયા હતા.

મકાન પૂર્ણુ થવા દરમિયાન અમારાપર કેટલાએક કઠિન પ્રસંગ આવ્યા હતા. ઘણી વખત બીલના પૈસા ચૂકવવા માટે બીલકુલ પૈસા સિલકમાં ન હોવાથી અમોને અતિ દુઃખ પડતું હતું. શાળા માટે મકાનો બાંધવાં હતાં પણુ ખર્ચના પૈસા ક્યાંથી આપીશું, તેની કલ્પનાજ નહતી.

એવા અનુભવ જેમને વારવાર થયા નથી, તેમને અમોને શું શું હરકતો હતી તેની યોગ્ય કલ્પના આવી શકવી અસભવિત છે ટસ્કેજીમાં પહેલા વર્ષે પૈસાની હરકતથી હું અતિ ચિંતામાં હતો, તેથી રોજ રાત્રે નિદ્રા ન આવતા પથારીપર આમ તેમ કેવો આળોટતો હતો તે મને હજુ બરોબર યાદ છે એક મોટી શિક્ષણ વિષયક સસ્થા સ્થાપન કરવી અને તેની સારી વ્યવસ્થા નીગ્રોના હસ્તે થવી શક્ય છે કે નહિ, એવો વિકટ પ્રયોગ અમે કરી જોતા હતા, તે હું સમજતો હતો, અને અમોને જો આ કાર્યમાં અપયશ મળે તો સર્વ જ્ઞાતિને મહા નુકશાન થશે, એમ પણ મને લાગતું હતું. લોકમત અમારા વિરૂદ્ધ હતો તે મ્હારી જાણમાજ હતું ગોરા મનુષ્યો આવુ સાહમ પ્રાપ્ત કરતા ત્યારે તેમને તેમા યશ મળેજ એવી જનસમૂહની માન્યતા હતી. તેમા જો અમો આવા સાહસમાં સફળતા મેળવીશુ તો જનસમૂહને આશ્ચર્ય થશે તે પણ મ્હારી જાણ બહાર નહતું.

અમારી આ સર્વ હરકતો અને ચિતાના સમયમાં ટસ્કેજી ગામમાં કોઇ ગોરા અગર કાળા મનુષ્ય પાસે મદદ માટે વિનતિ કરતાં કોઇએ પણ તે માટે ના કહી નહતી. અનેક વખત જ્યારે સેંકડો ડાલરના બીલોના પૈસા આપવાનો સમય આવતો, ત્યારે હું ટસ્કેજીના પાંચ છ ગોરા ગૃહસ્થો પાસેથી થોડી થોડી રકમ કરજાઉ લેતો હતો. એક બાબત માટે મ્હે પ્રથમથી કાળજી રાખી હતી, તે એકે શાળાની સાખ સારી રાખવી; અને તે સાખ અમે સર્વ વર્ષોમાં સારી રાખી છે, એમ કહુ તો આત્મશ્લાઘા ગણાશે નહિ.

જે ગોરા ગૃહસ્થે મને ટસ્કેજી મોકલવાનુ જનરલ આર્મસ્ટ્રાંગને લખ્યુ હતું તે મી. જ્યૉર્જ ડબલ્યુ. કૅમ્બેલે જે કઇ થોડો મને ઉપદેશ કર્યો હતો તે કદિ પણ હું ભૂલીશ નહિ. ટસ્કેજીમાં મ્હે કાર્ય શરૂ કર્યા પછી મી૦ કૅમ્બેલે મને પિતા તરીકે પ્રેમપૂર્વક કહ્યું કે “વૉશિંગ્ટન!

'સાખ' એજ ભંડોળ છે, તે હમેશ લક્ષમાં રાખજે."

એક વખતે પૈસા માટે મ્હારી અતિશય ખરાબ સ્થિતિ થયા પછી મ્હે બધી હકીકત જનરલ આર્મસ્ટ્રાંગને ખુલ્લા મનથી જણાવી; ત્યારે જે પૈસા તેઓએ ખાનગી માટે એકઠા કરેલા હતા તે બધાનો ચૅક તેમણે મ્હારા હાથમા આપી દીધો હતો. આ પ્રમાણે જનરલ આર્મસ્ટ્રાગે અનેક વખત ટસ્કેજી સંસ્થાને મદદ કરેલી છે. આ હકીકત આ પહેલા મ્હેં કોઇને પણ કહેલી નથી.

શાળાનુ પ્રથમ વર્ષનું કાર્ય પૂર્ણ થયા પછી ઇ. સ. ૧૮૮૨ ના ઉન્હાળામા માલ્ડનની મિસ ફૅની એ. સ્મિથ સાથે મ્હારૂં લગ્ન થયું. શરદ ઋતુમા ટસ્કેજીમા અમે સ્વતંત્ર સંસાર શરૂ કર્યો. શાળામાં આ સમયે ચાર શિક્ષક હતા. તેમને પણ અમારા ઘરમા રહેવાનું મળ્યુ. મ્હારી પત્ની હૅમ્પટન સંસ્થાની ગ્રેજ્યુએટ હતી. શાળાના હિત માટે શ્રદ્ધાપૂર્વક સતત કાર્ય કરી અને ગૃહવ્યવસ્થા સારી રીતે રાખી, તે ઈ. સ. ૧૮૮૪ ના મે મહિનામા સ્વર્ગવાસી થઇ. પોર્શિયા એમ. વૉશિંગ્ટન નામની એક છોકરી તેનાથી પ્રાપ્ત થયેલી હતી.

પ્રથમથીજ મ્હારી સ્ત્રી શાળા માટે હમેશ વિચાર કરતી; અને શાળાના હિત તરફ પોતાના સમયનો અંતઃકરણપૂર્વક ઉપયોગ કરતી. તેનો અને મ્હારો હિતસંબંધ અને મહત્ત્વાકાંક્ષા તદ્દન એકજ પ્રકારનાં હતાં; પરંતુ શાળાનુ આગળ શું થવાનું છે, તે જોવાનો પ્રસંગ મળવા પૂર્વેજ તે આ લોક છોડી ચાલી ગઇ.



પ્રકરણ ૧૦ મું.

ઔદ્યોગિક શિક્ષણનો આરંભ.

ટસ્કેજીમા પ્રથમથી વિદ્યાર્થીઓને ખેતીનુ અને ઘરગતુ કાર્ય કરવાનુ શીખવવાનો એટલુંજ નહિ પણ તેમનાથી શાળાની ઇમારતો બંધાવવાનો પણ મ્હે નિશ્ચય કર્યો. મ્હારો વિચાર એવો હતો કે આ કાર્ય કરતી વખતે તેમને કામ કરવાની હાલની ઉત્તમ પદ્ધતિ શીખવવી કે જેથી તેમના શ્રમનો તેમને ફાયદો મળે; એટલુંજ નહિ પણ તેનાથી શ્રમની ઉપયુક્તતા, તેનુ મહત્વ અને તેનુ સુખ પણ સમજાવાશે, અને કોઇ પણ કાર્ય દુ:ખદાયક ન સમજતા કાર્યપર પ્રેમ રાખવાનું તત્ત્વ પણ શીખવી શકાશે; અર્થાત્ પુરાણી પદ્ધતિથી કાર્ય ન શીખવતાં હવા, પાણી, વરાળ, વિદ્યુત્, અશ્વબળ ઇત્યાદિ નૈસર્ગિક શક્તિનો પોતાના કાર્યમા ઉપયોગ કરી લેવાનુ તેમને શીખવવાનો મ્હે નિશ્ચય કર્યો.

વિદ્યાર્થીના શ્રમથી ઇમારત નહિ બાંધવાનો પ્રથમ મને અનેક મનુષ્યોએ ઉપદેશ કર્યો હતો, પણ મ્હે મ્હારો વિચાર નહિજ છોડવાનો નિશ્ચય કર્યો હતો. મ્હારી યોજના તરફ નાપસંદગી દર્શાવનારાઓને મ્હેં કહ્યુ કે "બહારના કસાયલા મજુરથી બંધાતા મકાન સમાન પ્રથમ મકાન પરિપૂર્ણ બનશે નહિ તેની મને ખબર છે, પણ

વિદ્યાર્થીઓથી મકાન તૈયાર કરાવતાં સવડ અને સ્વચ્છતામાં આવતી ખામીઓ, શિક્ષણ, આત્મપ્રયત્ન અને આત્મવિશ્વાસ જેવા ઉત્તમ ગુણોથી દૂર થઇ અધિક ફાયદાકારક નીવડશે."

મ્હારી યોજનામાં શંકા લેનારાઓને મ્હેં વિશેષમાં કહ્યું કે, "અમારા અનેક વિદ્યાર્થીઓ રંક હોઈ દક્ષિણના કપાસ, શેરડી અને ચોખા વેચનાર વાડીઓના ઝુંપડામાથી આવેલા છે, તેઓને એકદમ સુંદર મકાનમા રહેતા આનંદ થશે, તે મ્હારી જાણબહાર નથી; પણ પોતાનુ મકાન કેવુ બાંધવું, તે શીખવવાથી સ્વાભાવિક રીતે તેમના હૃદયનો અધિક વિકાસ થવાની મને ખાત્રી છે. તેમા ભૂલો થશે, પણ તે મ્હારી જાણબહાર નથી; તોપણ આ ભૂલો અમોને આગળ ઉપર અમૂલ્ય ડહાપણ શીખવશે."

શાળાના ઓગણીસ વર્ષના અસ્તિત્વમાં વિદ્યાર્થીઓ પાસેજ મકાન બંધાવી લેવાનો વિચાર કાયમ રાખેલો છે. આ સમયમાં નાનાં મોટાં ચાલીસ મકાનો બાંધવામાં આવ્યાં હતા. તે પૈકી ચાર સિવાય અન્ય મકાનો સર્વ વિદ્યાર્થીઓનાજ શ્રમનુ ફળ છે. આથી અન્ય એક એ ફાયદો થયો છે કે એવા સેંકડો મનુષ્યો દક્ષિણમાં પ્રસરેલા છે કે જેમને આ મકાન બાંધવાથી શિલ્પશાસ્ત્રનુ જ્ઞાન મળ્યું હતું. આ પ્રમાણે વિદ્યાર્થીઓની એક મંડળીથી અન્ય મંડળને જ્ઞાન અને કૌશલ્યની પરંપરા પ્રાપ્ત થઇ છે; અને અંતે એવી સ્થિતિ પ્રાપ્ત થઇ છે કે અન્ય કોઇ પણ મજુરની મદદ લેવા બહાર ન જતાં મકાનનો નકશો તૈયાર કરવાથી વિજળીના દીવા બેસાડવા સૂધી જોઇએ તેવા પ્રકારનું મકાન અમારા શિક્ષક અને વિદ્યાર્થી તૈયાર કરી શકે છે.

અનેકવાર નવીન વિદ્યાર્થીઓ પેન્સિલ અગર છરીથી જો કદિ મકાનની દીવાલપર લીટા કરતા ત્યારે જુના વિદ્યાર્થીઓને એમ કહેતાં મ્હેં સાંભળ્યા છે કે "બાપુ, એમ કરશો નહિ! આ તો અમારૂં

મકાન છે, અને તે બાંધવામા અમોએ મદદ કરેલી છે.”

શાળાના પ્રારંભના સમયમા ઈંટો તૈયાર કરવાના કાર્યમાં અમોને આત ઉપયુક્ત અનુભવ થયો. ખેતીનું કાર્ય સારી રીતે શરૂ થયા પછી અમે ઈંટો તૈયાર કરવા તરફ ધ્યાન આપ્યુ; અમારૂં મકાન તૈયાર કરવા માટે અમોને ઈંટોની જરૂર હતી. આ સિવાય આ ધંધો સ્થાપન કરવાનુ અન્ય એક કારણ હતું. ગામમા ઈંટોનું કારખાનું નહતું, અને બજારમા ઇંટોની માગણી ઘણીજ હતી.

ઇસ્રાએલના વંશજોને કચરા સિવાય ઈંટો કરવી પડયાથી મને તેમની હમેશ દયા આવતી હતી, પણ પૈસા અને અનુભવના અભાવે અમોને ઇંટો તૈયાર કરવાનુ કાર્ય તેમનાથી પણ કઠિન હતું.

પ્રથમ આ કામ ગંદકીયુક્ત હોવાથી વિદ્યાર્થીઓની મદદ મળવામા અડચણ પડી ઈંટો તૈયાર કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે પુસ્તકીય-જ્ઞાન સંપાદન કરવાના કાર્યથી મુક્ત થઇ હાથથી કાર્ય કરવાની તેમની અનીચ્છા સ્પષ્ટ જણાઇ આવી ઘુંટણ સુધી કાદવમા ઉભા રહી કલાકના કલાક સુધી કાર્ય કરવાનું કોઇને પણ સુખાવહ લાગ્યુ નહિ. પુષ્કળ વિદ્યાર્થીઓએ કંટાળી શાળાનો પણ ત્યાગ કર્યો.

પુષ્કળ જગો જોઇ છેવટે ઈંટોના માટે માટી રાખવા એક ખાડો તૈયાર કર્યો ઈંટો કરવાનુ કાર્ય ઘણું સહેલુ છે, એમ હું આ સમય પ્રાપ્ત થતા સૂધી સમજતો હતો; પણ કડવા અનુભવથી તરતજ જણાઇ આવ્યુ કે આ ધંધામા પણ-વિશેષતઃ ઈંટો પકવવામા-વિશેપ જ્ઞાનની આવસ્યકતા છે અતિ પ્રયત્ન કરી અમે સુમારે પચીસ હજાર ઈંટો તૈયાર કરી, અને તે પકવવા ભઠ્ઠી તૈયાર કરી. આ ભઠ્ઠીની રચના યોગ્ય નહિ હોવાથી કહો કે તેને યોગ્ય તાપ ન મળવાથી કહો, પણ તે બધુ વ્યર્થ ગર્યું ! ત્યાર પછી અમે બીજી ભઠ્ઠી તૈયાર કરી. કેટલાક કારણને લીધે આ ભઠ્ઠીમા પણ અમે નિષ્ફળ થયા.

તેથી વિદ્યાર્થીની મદદ મળવામા ઘણીજ અડચણ પડી, ત્યારે હેમ્પટનમાં ઔદ્યોગિક શિક્ષણ પ્રાપ્ત કરી તૈયાર થયેલા કેટલાક શિક્ષકો આવ્યા, અને અમે ત્રીજી ભઠ્ઠી તૈયાર કરી. ભઠ્ઠીમાં યોગ્ય અગ્નિ થવાને એક અઠવાડીયુ સમય જતો: ચાર પાંચ દિવસ વ્યતિત થયા પછી હજારો ઈંટો અમારા હાથમા આવશે એવા તરગોમા અમે ગોથાં ખાતા હતા; એટલામા એક મધ્ય રાત્રે ભઠ્ઠી ઘસી પડી. આ પ્રમાણે ત્રીજી વાર પણ અમે નિષ્ફળ થયા. ત્રીજી ભઠ્ઠી બગડયા પછી પુનઃ પ્રયત્ન કરી જોવા મ્હારી પાસે એક પણ ડાલર સિલક રહ્યો નહતો. ઈંટો તૈયાર કરવાનો નિશ્ચય છોડવા ઘણાએક શિક્ષકોએ ઉપદેશ કર્યો. આ સકટમા હતો ત્યારે ઘણાજ વર્ષ પૂર્વે મ્હારા હાથમા આવેલી એક ઘડિયાળનુ મને સ્મરણ થયુ; તે નજીકના માટગામરી શહેરની એક દુકાને પુન. ઈંટાનો પ્રયોગ જારી રાખવા પદર ડાલર માટે ગીરો મુકયુ. ટસ્કેજી આવી આ પદર ડાલરના બળપર હતાશ અને નીરાશ થયેલાઓને પુન. ઉત્સાહ આપી મ્હે ચોથી ભઠ્ઠીની તૈયારી કરી. કહેવાને આનદ થાય છે કે આ ભઠ્ઠીમા અમોને ફત્તેહ મળી. મ્હારા હાથમા પૈસા આવતા પહેલાજ ઘડિઆળ છોડાવી લેવાની મુદ્દત પૂર્ણ થઇ ગઇ, તેથી પુન. તે ઘડિયાળ મ્હારી દષ્ટિએ પડયુજ નાહ! પરતુ તેથી હુ કોઈ દિવસ પણ દિલગીર થયો નથી.

અમારી સસ્થામા હવે ઈંટો તૈયાર કરવાની એક સ્વતત્ર મહત્વની શાખા ચાલે છે. બજારમાથી ખરીદવા લાયક ઉત્તમોત્તમ બારલાખ ઈંટો ગયા વર્ષે વિદ્યાર્થીઓએ તૈયાર કરી હતી. તે સિવાય હાથથી અને યત્રથી ઈંટો તૈયાર કરવાના ધંધામા અનેક યુવકો નિપુણ થયા છે; અને તેઓએ આ ધધો દક્ષિણના અનેક ભાગમા શરૂ કરેલો છે.

દક્ષિણની ઉભય જ્ઞાતિનો સંબંધ થવામાં ઈંટો તૈયાર કરવાના કાર્યે મને એક મહત્વનું દષ્ટાંત આપ્યું છે. શાળા સાથે કંઇ પણ

સંબંધ નહિ રાખનારા અને સહાનુભૂતિ નહિ દર્શાવનારા ગોરાઓ અમારી ઇંટો ઉત્તમ હોવાનું જાણી ખરીદ કરવા આવવા લાગ્યા. લોકોની એક ખરી જરૂરીઆત અમે પૂરી પાડતા હોવાનુ તેમને જણાઇ આવ્યું. શિક્ષણથી નીચો નિરૂપયોગી થતો નથી, અને અમારી સંસ્થામાં વિદ્યાર્થીઓને મળેલા શિક્ષણથી સમાજના સુખ અને ધનમાં વધારો થાય છે, એવી અમારી ઇંટોથા આજુબાજુના ગોરા મનુષ્યોની માન્યતા થવા લાગી. આજુબાજુના મનુષ્યો ઇંટો ખરીદવા આવતા હોવાથી અમારો પરિચય વધતો ચાલ્યો; અને તેમની સાથે વ્યવહાર શરૂ થયો. તેમને જરૂરની વસ્તુઓ અમારી પાસેથી મળવા લાગી; અને અમોને જરૂરના સાધન તેમની પાસેથી મળવા લાગ્યા. આ પ્રમાણે પરસ્પરના હિત સબધ પરસ્પરના વ્યવહારમાં ઓતપ્રોત થયા. દક્ષિણના આ ભાગમા જ નહિ, પણ સર્વ દક્ષિણ અમેરિકામાં અમારા લોકોમા જે કઇ સારી વૃત્તિ જણાઇ આવે છે તેનો પાયો નાખવામા વિશેષ ભાગે આ બાબતથી (ઇંટો તૈયાર કરવાના ઔદ્યો- ગિક શિક્ષણથી) મદદ થઇ, એમ કહેવુ અયોગ્ય નથી.

દક્ષિણમા જ્યા જ્યાં અમારો ઇંટો કરનાર વિદ્યાર્થી ગયો છે ત્યાં ત્યા તેણે સમાજનું થોડુ ઘણું પણ હિત સાધેલુ છે; અને તે સમાજની એવી માન્યતા કરાવી છે કે એનાપર કઇ અશે આપણું સુખ અવલબી રહેલું હોવાથી તેના આપણે તેટલા અંશે ઋણી થયા છીએ. આવી રીતે ઉભય જ્ઞાતિનો સબંધ સારો રહેવામાં ઘણી સહાય થએલી હોવાનું અમને જણાયુ.

મનુષ્ય-સ્વભાવમાં એવું કંઇ તત્ત્વ સમાયલુ છે કે તેના યોગથી તેના ગુણની-તે ગુણ પછી ગમે તે વર્ણમાં હોય પણ તેની-પરિક્ષા કરી શકે છે; અને તેનાપર પ્રીતિ ધરાવે છે; એવો મને અનુભવ છે; તેમજ આપણે જો કંઇ પ્રત્યક્ષ કરી દર્શાવીએ છીએ તો તેથી અનેક

ગેરસમજો પણ દૂર થતી હોવાનું મારી જાણમાં આવ્યું છે.

નીગ્રોએ ઘર કેવું બાંધવું, અગર તે કેવું બાંધી શકે છે, તે વિષે એક લંબાણ લેખ લખવા કરતા એકાદ નીગ્રોએ પ્રથમ પંક્તિનું બનાવેલું ઉત્તમ મકાન જોવાથી તેના ઉત્તમ ગુણની અધિક ખાત્રી થાય તેમ છે.

ઔદ્યોગિક શિક્ષણનું આજ તત્ત્વ અમારી ગાડીઓ, ખટારા અને બગીઓ તૈયાર કરવામા પ્રથમથીજ અમલમા આવેલું છે. અમારી ખેતી અને શાળાના કાર્યમા અમારીજ બનાવેલી ઘણી ગાડીઓનો અમે ઉપયોગ કરીએ છીએ. આ સર્વ ગાડીઓ અમારા વિદ્યાર્થીઓના હાથેજ તૈયાર થયેલી છે; વિશેષમા અમે તૈયાર કરેલી ગાડીઓ વિક્રી માટે બજારમાં પણ મોકલીએ છીએ. ઈંટો પૂરી પાડવાથી લોકો પર જે અસર થઇ તેવીજ ગાડીઓ પૂરી પાડવાથી પણ થઇ; અને અમારી સંસ્થામાં ગાડી તૈયાર કરતા શીખેલો વિદ્યાર્થી જ્યા જ્યાં ગયો, ત્યાં ત્યા ઉભયજ્ઞાતના મનુષ્યોએ તેને સમાજનો હિતકર્તા માનેલા છે. જે લોકોમા અમારો વિદ્યાર્થી જઇ રહે છે, અને કામ કરે છે, તે લોકોને તેનાથી છુટા પડવું દુઃખદાયક થાય છે

મનુષ્યને જેની જરૂર છે, અને તે જેના માટે આવે છે, તે-પછી તે ગમે તે જાતનો ભલેને હોય પણ તે-આગળ વધશેજ! ગ્રીક વાક્ય મીમાંસા શીખવવાને સામર્થ્યવાન એક મનુષ્ય કોઇ પણ સમાજમાં જાય, અને તે સમાજના મનુષ્યો ગ્રીકવાક્ય મીમાંસા શીખવાંને તૈયાર ન હોય કે તે શીખવાની જરૂર તેમને લાગે નહિ તો તે બનવા જોગ છે જ, પણ ઈંટો, ઘર અને ગાડીઓની તો તેને જરૂરીઆત માન્યા સિવાય ચાલે તેમ નથી. જો કે આ વસ્તુઓની જરૂરીઆત કોઇ પોતે પણ પૂરી કરી શકે તેમ હશે, તો પણ પહેલા પદાર્થ (ઈંટો) માટે તેને પ્રથમ માગણી કરવી પડશે, અને માગણી સાથેજ તેવી મકાનાતા

જાણવાની તેમજ તેનાથી ફાયદો મેળવવાની પાત્રતા તેનામાં આવશે.

ઇંટો પકવવામા અમોને પ્રથમ ફતેહ મળી તે સમયે તે કામ શીખવામાં નહિ જોડાવા માટે વિદ્યાર્થીઓએ કરેલા આક્ષેપો સામે અમોને ઘણી ટક્કર લગાવવી પડી હતી. આ અરસામાં સસ્થાનમાં સર્વત્ર એવી ખબર પ્રસરી કે વિદ્યાર્થી ગમે તેટલો શ્રીમત હોય તોપણુ ટસ્કેજી સસ્થામા દાખલ થવાથી તેને કઇ પણ ઔદ્યોગિક વિષય શીખવાની ફરજ પડે છે. શાળામાં શીખતા પોતાના પુત્રને કામે નહિ લગાડવાના ઘણાજ માતાપિતા તરફથી પત્રો આવ્યા; અને કેટલાક તો પોતે શાળામા આવી આ વિષે તકરાર કરવા લાગ્યા પોતાનાં છોકરાને પુસ્તકીયજ્ઞાન સિવાય અન્ય કઇ પણ નહિ શીખવવું, એવી લેખી અગર મૌખિક ભલામણો અનેક નવા વિદ્યાર્થીઓ માતાપિતા પાસેથી લાવ્યા. જેટલા પુસ્તક મોટા અને અધિક હોય, તેમજ તેમનાં નામ જેટલા લાબા હોય, તેટલો અધિક આનંદ વિદ્યાર્થીઓને અને તેમના માતાપિતાને થતો હોવો જોઇએ, એમ મ્હારી દષ્ટિએ આવ્યુ

મ્હે આ સર્વ બૂમો તરપ વિશેષ લક્ષ આપ્યુ નહિ. માત્ર તક મળતી ત્યારે તેઓના માતાપિતાને સમજ આપવા માટે, તથા ઔદ્યોગિક શિક્ષણનું મહત્વ તેમના હૃદયમા સ્થાન લે તે માટે, સસ્થાનના ઘણા ભાગમા હુ વારવાર ફરતો હતો. વિશેષમા વિદ્યાર્થીઓને હમેશા હુ આ વિષયપર કહેતો હતો ઔદ્યોગિક શિક્ષણ લોકોને પસદ નહતું, તો પણ વિદ્યાર્થીઓની સંખ્યા એક સરખી એટલી વધવા લાગી કે બીજા વર્ષે છ મહિનાની અંદરજ અલબામા સસ્થાનના સર્વ ભાગના અને અન્ય સસ્થાનોના મળી એકદર ૧૫૦ વિદ્યાર્થી રજીષ્ટરપર હતા.

ઇ. સ. ૧૮૮૨ ના ઉનાળામા મિસ ડૅવિડસન અને હું નવીન મકાન પૂર્ણ કરવાના ખર્ચ માટે ફડ એકઠું કરવાના હેતુથી ઉત્તર તરફ

ગયાં. કેટલાક વર્ષ પૂર્વે સાધારણ પરિચયમાં આવેલા એક મિશનરી સંસ્થાના કામદાર પાસેથી ભલામણપત્ર લેવા માટે હુ રસ્તામાં ન્યૂયૉર્ક ઉતર્યો. આ મિશનરીએ મને પત્ર તો આપ્યો નહિ, પણ ઉલટો મને એવો ઉપદેશ કર્યો કે એકદમ ઘર તરફનોજ રસ્તો પકડવો અને પૈસા મેળવવાનો પ્રયત્ન છોડી દેવો; કારણ કે પ્રવાસ ખર્ચ જેટલી રકમ પણ મળશે નહિ. આ માટે મ્હેં તેનો આભાર માન્યો અને આગળના પ્રવાસમાં નીકળ્યો.

ઉત્તરમાં પ્રથમ હુ નોરધમ્પટન (મૅસેચ્યુસેટ્સ) ગયો. કોઇ હૉટેલમા મને સ્થાન નહિ મળવાની શકાથી મ્હારા ભોજનની સવડ થાય તેવુ એક નીગ્રો કુટુંબ શોધી કાઢવામા અર્ધો દિવસ મ્હે કાઢયો. એક હૉટેલમાં મને સ્થાન મળવાને કઇ ત્રાસ પડશે નહિ, એમ જ્યારે મ્હેં સાભળ્યુ ત્યારે મને આશ્ચર્ય થયુ.

અમોને પૈસા ઘણા મળ્યા, અને મકાન પૂર્ણ થયુ નહતું, તો પણ આ વર્ષનો આભાર (વાર્ષિક ઉત્સવ) માનવાના દિવસે પરમેશ્વરનો આભાર માનવા માટે પોર્ટરહૉલના ભજનમદિરમા અમે અમારી પહેલી ઉપાસના તથા પ્રાર્થના કરી. પરમેશ્વરનો આભાર માનવા માટે ક્રિયા કરાવનારની શોધ કરતા મ્હારા સુદૈવે અમોને એક અત્યુત્તમ વ્યક્તિ મળી. તેમનુ નામ રેવરડ રૉબર્ટ સી. બેડફર્ડ હતું. એઓ વિસ્કાનીસનના ગોરા મનુષ્ય હોઇ અલબામા સસ્થાનના માંટગામરીના કાળા મનુષ્યોના એક નાના ચર્ચમા ધર્મોપદેશક હતા. આ પૂર્વે મ્હેં મી. બેડફર્ડનુ નામ કદિ પણ સાભળ્યુ નહતું, તેમ તેમણે પણ મ્હારૂં નામ પણ સાભળ્યુ નહતું. ટસ્કેજી આવી ક્રિયા કરાવવાનું તેમણે અતિ આનંદથી સ્વીકાર્યું. કાળા મનુષ્યોએ આવા પ્રકારની ક્રિયા પ્રથમજ જોઇ; અને તેમને તે પસદ પડી.' નવીન મકાનનો દેખાવ, ક્રિયા અને તે દિવસ, તે લોકો કદિ પણ ભૂલશે નહિ.

મી. બેડફૂર્ડે સંસ્થામા એક ટ્રસ્ટી થવાનું સ્વીકાર્યું હતું. ટ્રસ્ટી તરિકે અને સંસ્થા માટે અન્ય પ્રકારનાં કાર્ય કરવાનો તેમણે સંસ્થા સાથે અઢાર વર્ષ સુધી સંબંધ રાખ્યો હતો. આ મુદ્દતમાં તેમના અંતઃકરણમાં સંસ્થા માટે અહર્નિશ ચિંતાનો પ્રવાહ વહેતો હતો. સંસ્થા માટે ગમે તેવું હલકું કામ બજાવવાનું હોય, પણ તે કરવામાં તેમને અત્યાનંદ થતો. તે દરેક બાબતમાં અહંભાવ પૂર્ણ વિસરી જતા અને જેના તરફ અન્ય કોઇનું અંતઃકરણ ખેંચાય નહિ તેવી અપ્રિય સેવા પણ કરવાને તત્પર રહેતા. મને જે કંઇ તેમનો અનુભવ થયો છે તેપરથી સર્વમા તેમનો સ્વભાવ પરમાત્મા જેવો હોવો જોઇએ, એમ મને લાગે છે.

કેટલાક દિવસ પછી અમારી સસ્થામા એક નવીન તરૂણ મનુષ્ય દાખલ થયો. તે હૅમ્પટન સંસ્થામાથી હમણાંજ બહાર પડેલો હતો. તેની મદદ સિવાય ખરેખર અમારી સસ્થા હાલ છે તેવી સુધરી ન હોત. તેનુ નામ મી. લોગન હતું. તે સત્તર વર્ષથી સસ્થાના ખજીનદાર અને મ્હારી ગેરહાજરીમા પ્રિન્સિપાલ તરીકેનાં કાર્ય જૂએ છે. તે એટલા સ્વાર્થ ત્યાગી છે, કાર્યમા એવા યુક્તિવાન છે, અને તેમની બુદ્ધિ એટલી તેજસ્વી છે કે હું ઘણા દિવસ ગેરહાજર રહ્યો તોપણ તેમણે સંસ્થાની વ્યવસ્થા અત્યુત્તમ રાખી છે. સસ્થાને ગમે તેટલી આર્થિક હરકત હોવા છતાં આગળની ફત્તેહ વિષે તેમની શ્રદ્ધા અને ધૈર્ય નષ્ટ થયુ નથી.

બીજા વર્ષના મધ્યકાળમાં પહેલું મકાન બહુધા પૂર્ણ થયુ, અને તેનો ઘણો ભાગ અમે ઉપયોગમાં લઇ શકયા, તેથી અમે એક ભોજન વસ્તિગૃહ ઉઘાડયુ. વિદ્યાર્થીઓ ઘણે દૂરથી આવવા લાગ્યા; અને તેમની સંખ્યામાં એટલો બધો વધારો થવા લાગ્યો કે તેમની અંતઃ સ્થિતિપર તથા રહેણીપર અમારો કાબુ નહિ રહી શકવાથી અમે તેમની ઉપર નામની દેખરેખ રાખતા હોવાનું મને લાગ્યુ.

ભોજનગૃહ શરૂ કરવાને વિદ્યાર્થી તથા તેમની ક્ષુધા સિવાય અન્ય કંઈ પણ સાધન અમારી પાસે નહતું ! નવીન મકાનમાં રસોડું અને ભોજનની ઓરડીની અમે સવડ કરેલી નહતી. મકાનની નીચેની માટી ખોદી કાઢવામાં આવે તો રસોડું અને જમવાની ઓરડી માટે પ્રથમ મજલાપર સાધારણ પ્રકાશયુક્ત ઓરડી તૈયાર થઇ શકે, તેમ અમને જણાઇ આવ્યું. માળ નીચેની માટી ખોદી કાઢવામા વિદ્યાર્થીઓને મદદ કરવાનું મ્હે સૂચવ્યું. તેમણે આ કાર્ય કર્યું; અને થોડા અઠવાડીઆમાં જેવી તેવી સાધારણ સવડકારક, રસોઇ કરવાની અને જમવાની જગ્યો તૈયાર થઇ. હાલ જો કોઇ આ જગ્યો જુએ તો, પૂર્વે આ સ્થાને ભોજનાલય હતું, એવો તેને વિચાર પણ આવી શકે નહિ.

સાહિત્ય વગેરે કઇ નહતું, અને સાહિત્ય ખરીદવા માટે પાસે પૈસો પણ નહતો. એટલે ભોજનગૃહ ચાલુ કેવી રીતે કરવું, એ પ્રશ્ન ઉપસ્થિત થયો. ગામના વ્યાપારીઓ અમોને જરૂરી સાહિત્ય ઉધાર આપવા તૈયાર હતા. મ્હારો પોતાનો મ્હારાપર જે વિશ્વાસ હતો, તેથી પણ અધિક વિશ્વાસ લોકોનો મ્હારાપર હોવાનું દૃષ્ટિએ પડતું હતું. આથી, શરૂઆતના વર્ષમાં હુ ખરેખર ગભરાઇ ગયો. સ્ટવ સિવાય રસોઇ કરવાનુ ઘણું કઠિન હતું. તાટ–પાત્ર સિવાય જમવાનુ અતિ અગવડ-કારક હતું. પ્રથમ પ્રથમ તો પુરાણી પદ્ધતિથી ચૂલાપર રાખેલા વાસણથી ચલાવતા હતા; અને મકાનના બાધકામમાં ઉપયોગમા લીધેલા સુથારના બાંકડાનો ટેબલના બદલામાં ઉપયોગ કરવામાં આવ્યો. તાટ એટલા થોડા હતા કે તેનું વર્ણન કરવામા સમયનો વ્યય કરવો યોગ્ય નથી.

દરરોજ ભોજન નિયમિત સમયે થવાની જરૂરીઆતની કલ્પના ભોજનગૃહ સાથે સંબંધ રાખનારા પૈકી કોઇને પણ થઇ નહતી, તેથી અતિ ત્રાસ થવા લાગ્યો. દરેક બાબત એટલી અવ્યવસ્થિત

હતી કે શરૂઆતનાં બે અઠવાડીઆં ભોજનના દરેક સમયે કંઇ પણ ભૂલ અવશ્ય થતીજ. ભોજનના પદાર્થ સારા ચઢતા નહિ તો કદિ બળી જતા, અથવા તો તે મોળાજ–મીઠારહિત મળતા. કદિ કદિ તો ચ્હા પણ વિસારે પડતી.

એક દિવસે સવારે ભોજનગૃહના દ્વાર પાસે ઉભો રહી હું વિદ્યાર્થીઓની તકરારો સાભળતો હતો. તે દિવસે ભોજન સામગ્રી તદ્દન બગડેલી હોવાથી તેમની તકરાર ઘણા જોસમા ચાલતી હતી તેવામાં કંઇજ ખાવાનું નહિ મળવાથી એક છોકરી બહાર આવી, અને ભોજનની આવશ્યકતા પાણીથીજ દૂર કરવાના હેતુથી કૂવા તરફ પાણી ખેચવા ગઇ કુવાનો દોર તૂટેલો હોવાથી તે બિચારીને પાણી પણ મળ્યુ નહિ. કૂવા તરફથી પાછા વળતા હું સાભળીશ તેની તેને ખબર નહિ હોવાથી તે મોટી નિરાશાથી બોલી કે " આ શાળામાં અમને પીવાને પાણી પણ મળતુ નથી." નિરૂત્સાહી કરનારૂં આવું અન્ય કોઇ પણ વચન મ્હારા કર્ણપટપર આવ્યુ નથી.

અન્ય એક સમયે સસ્થાના ત્રસ્ટી અને હિતચિતક મી બેડફર્ડ શાળા જોવા આવ્યા હતા. ત્યારે રાત્રે તેમને સૂવાની વ્યવસ્થા ભોજન-ગૃહની ઉપરની બાજુમા કરવામા આવી હતી ભોજનગૃહમાં બે છોકરાઓ વચ્ચે જોસમા ચાલેલા વાદવિવાદથી મળસ્કે તેમની નિદ્રા ઉડી ગઇ. સવારે કૉફીના પ્યાલાનો કોણે ઉપયોગ કરવો, તે માટે વાદવિવાદ ચાલતો હતો. એક સરખા ત્રણ દિવસ સૂધી પોતાને પ્યાલો નહિ મળેલો હોવાનુ એક વિદ્યાર્થીએ સિદ્ધ કરી તે વાદમા જીત્યો. તે બધુ તેઓએ સાભળ્યુ

પણ ધીમે ધીમે પ્રયત્ન કરી આ સર્વ ઉહાપોહ દૂર કરી વ્યવસ્થિત કર્યું. કોઇ પણ બાબત જો અમે બરોબર ડહાપણથી અને અંત કરણપૂર્વક કરતા તો તેમા પણ આવોજ યશ મળતો.

તે સમયના વાદવિવાદ તરફ જોતાં તેવો વાદવિવાદ સાર્થક અને યોગ્ય હતો, તેમજ અમે તે બધી મુશ્કેલીઓ અને ત્રાસ સહન કર્યો તે અસ્થાને નહતો, એવા વિચારોથી હવે ઘણો આનંદ થાય છે. ભોજનગૃહ માટે જગ્યો ખોદી વિદ્યાર્થીઓને તૈયાર કરવી પડી હતી તે પ્રથમ કહ્યું છેજ. અમારૂં પહેલુ ભોજનગૃહ હવાનો અભાવ ધરાવનારી ભેજવાળી અંધારી કોટડીમા હતું; તેનુ સ્મરણ હવે મને આનદ આપે છે. સુદર, રમ્ય, સગવડકારક ગૃહમાં અમારૂં ભોજનગૃહ શરૂ કર્યું હોત, તો મને લાગે છે કે અમારૂં માથુ ભમી જઇ અમે ફૂલી ગયા હોત. આપણે જાતે સ્થાપન કરેલા પાયાપર કોઈ પણ કાર્ય શરૂ કરવું અતિ મહત્વનુ છે, એમ મને લાગે છે.

હવે જ્યારે અમારા જૂના વિદ્યાર્થી ટસ્કેજી આવે છે, અને અમારા વિશાળ, રમ્ય, હવાશીર અને સુપ્રકાશીત ભોજનગૃહમા જઇ વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા મિષ્ટ પકવાનો જૂએ છે, તેમજ પક્ષીઓનું ગાન સાભળે છે, અને મેજ, મેજ ઉપરનાં કપડા, સુંદર કાચપાત્રમા રહેલાં ફૂલ અને રૂમાલ વગેરે વ્યવસ્થિત ગોઠવાયલા જૂએ છે, તેમજ સર્વ પદાર્થ બરોબર વ્યવસ્થિત નિયમિતપણે તેમજ સેકડો મનુષ્ય પૈકી કોઇની પણ તકરાર ન આવતા બરોબર અપાતું-પીરસાતું જૂએ છે, ત્યારે "અમોએ આવી શરૂઆત કરી, ત્યાર પછી ધીમે ધીમે સ્વાભાવિક વધતા પ્રમાણમા વર્ષોવર્ષ સતત સુધારણા કરવામાં આવેલી જોઇ અમોને આનદ થાય છે," એમ તેઓ મને હમેશ કહે છે.

પ્રકરણ ૧૧ મું.

વસ્તિગૃહની બાલ્યાવસ્થા.

કેટલાક દિવસ પછી સસ્થાના ઇતિહાસની મહત્વની બાબત કહીએ તો હૅમ્પટન સસ્થાના ખજીનદાર જનરલ જે. એફ. બી. માર્શલે આપેલી ભેટ છે આજ ગૃહસ્થે અમારા ઉપર વિશ્વાસ રાખી શાળા માટે જગ્યો ખરીદ કરવા પ્રથમ ૨૫૦ ડાલર આપ્યા હતા. અમારી સાથે એક અઠવાડીયુ રહી દરેક બાબત તેઓએ બરાબર તપાસી જોઇ અમારો સુધારો જોઇ તે અતિ ખુશ થયેલા જણાયા અને હૅમ્પટન તરફ અમારી સંસ્થાનો ઉત્તમ રીપોર્ટ તેઓએ કરી મોકલ્યો. ત્યાર પછી કેટલાક દિવસે મિસ મેરી. એફ. મૅકી અધ્યાપિકા આવી આજ સ્ત્રીએ હૅમ્પટનમાં મ્હારો પ્રવેશ થતી વખતે ઓરડી વાળવાના કાર્યમા મ્હારી પરિક્ષા લીધી હતી. ત્યાર બાદ કેટલાક દિવસે જનરલ આર્મસ્ટ્રાગ પોતે પધાર્યા હતા.

હૅમ્પટનના આ મિત્રવર્ય મુલાકાતે આવ્યા ત્યારે ટસ્કેજી સસ્થામા શિક્ષકોની સખ્યા સારી વધેલી હતી અને નવીન શિક્ષક પૈકી ઘણાક હૅમ્પટન સસ્થાના ગ્રેજ્યુએટ હતા. હૅમ્પટનના મિત્રોનુ-વિશેષતઃ જનરલ આર્મસ્ટ્રાગનું અમે અંતઃકરણપૂર્વક સ્વાગત કર્યું. આટલી ટુંક

મુકતામાં આપોને આટલા આગળ વધેલા જોઇ તે બધાને આશ્ચર્યસહ આનંદ થયો. કાળા મનુષ્યોએ જનરલ આર્મસ્ટ્રાંગ વિષે ઘણું સાંભળેલું હતું, તેથી તેમને એક વખત પણ જોવાની પ્રબળ ઇચ્છાથી અનેક મનુષ્યો ઘણે દૂરથી આવ્યાં હતાં. મ્હારી જાતિના અને દક્ષિણના ગોરા, એ ઉભય જાતિએ તેઓનું સમાન સ્વાગત કર્યું હતું.

જનરલ આર્મસ્ટ્રાગની આ પહેલી મુલાકાતમાં તેમના સ્વભાવની ખરેખરી માહિતી મળવાની અપૂર્વ તક મને મળી. દક્ષિણના ગોરા લોકો પ્રત્યેની તેમની લાગણી એ એક તેમના સ્વભાવનુ ઉત્તમ દૃષ્ટાંત છે. આ પહેલા મ્હારી કલ્પના એવી હતી કે જનરલ આર્મસ્ટ્રાંગ દક્ષિણના ગોરા મનુષ્યો વિરૂદ્ધ લડેલા હોવાથી તેઓ માટે તેમના મનમાં દ્વેષ હશે અને દક્ષિણના કાળા મનુષ્યોનેજ મદદ કરવાની તેમની વૃત્તિ હશે; પરતુ આ સત્પુરૂષના મોટા મનની તથા ઔદાર્યની મને પૂર્ણ માહિતી નથી, એવુ મને આ મુલાકાતમા જણાયુ. દક્ષિણના ગોરાઓની મુલાકાતો અને તેઓ સાથે થયેલા ભાષણોથી મને એમ જણાયું કે ગોરા અને કાળા એ ઉભય જાતિના કલ્યાણ માટે અને તેઓની ઉન્નતિ માટે તે સમાન ઉત્સુક હતા. દક્ષિણના લોકો વિષે તેઓના મનમા લેશ માત્ર દ્વૈતભાવ નહતો; અને તેઓના માટે સહાનુભૂતિ દર્શાવવાનો પ્રસગ આવતા તેમને અતિ સતોષ થતો. દક્ષિણના ગોરાઓની વિરૂદ્ધ લોકો સમક્ષ અગર એકાતમાં જનરલ આર્મસ્ટ્રાંગને એક પણ ખોટો શબ્દ બોલતા મ્હે કદિ પણ સાભળ્યા નથી. આ બાબતમાં તેઓના અનુભવથી "મહા પુરૂષો પ્રાણી માત્રપર પ્રેમ ધરાવે છે, અને ક્ષુદ્ર પુરૂષો મનમાં દ્વેષ રાખે છે; અશક્તને સહાય કરવામાં આવતાં સહાય કર્તાજ વધુ સશક્ત થાય છે; અને બાહ્યચિહ્નનો, છળ, કર્યાથી છળ કરનારોજ અશક્ત થાય છે" એ તત્ત્વ પણ હું તેમની પાસેથીજ શીખ્યો.

જનરલ આર્મસ્ટ્રાંગ પાસેથી આ ઉત્તમ તત્ત્વ શીખ્યાને અનેક દિવસ થઈ ગયા છે; અને ત્યારથી મ્હે એવો નિશ્ચય કર્યો છે કે, કોઇ પણ વર્ણનો માણસ ભલેને હોય, પણ હું મ્હારૂં અતઃકરણ દ્વેષથી કાળું કરીને મ્હારી અધોગતિ કરીશ નહિ. દક્ષિણના ગોરા મનુષ્યોએ મ્હારી જ્ઞાતિ ઉપર અન્યાયથી કંઇ કઇ જુલમો કર્યા હશે, પણ તેમના વિષે મ્હારા અતઃકરણમા ઇશ્વર કૃપાથી દોષ બુદ્ધિ રહી નથી. મ્હારી જ્ઞાતિના મનુષ્યોની તેમજ દક્ષિણના ગોરાઓની સેવા કરવામાં મને સમાન આનદ થાય છે કોઇ પણ જ્ઞાતિ વિષે દ્વેષ ધરાવનારા ભાગ્યહિન મનુષ્યની મને દયા આવે છે.

જેમ જેમ આ વિષયનો અધિક વિચાર કરૂં છુ, તેમ તેમ મ્હારી અધિકાધિક ખાત્રી થઇ છે કે નીગ્રોના મતનો કઈ ઉપયોગ નહિ થવા દેવા માટે દક્ષિણના કેટલાએક ભાગના લોકો જે પ્રયત્ન કરે છે, તેથી નીગ્રોનેજ નહિ, પણ ગોરા લોકોની જાતને પણ હાની પહોચે છે. નીગ્રોની હાની ક્ષણિક હોય છે, પરતુ ગોરા મનુષ્યની નીતિ તો તેથી કાયમની ખરાબ થાય છે. મ્હે અનેક વખત જોયુ છે કે નીગ્રોના મત નિરર્થક કરવા માટે ખોટી પ્રતિજ્ઞા કરવા તૈયાર થનાર મનુષ્ય નીગ્રો સાથેજ નહિ, પણ ગોરા મનુષ્ય સાથે પણ જીદગીના અન્ય વ્યવહારમા અસત્ય વર્તવાનુ શીખે છે. આ સર્વ હકીકતપરથી મને એમ જણાય છે કે દક્ષિણ અમેરિકાપરનુ અજ્ઞાનનાનુ આચ્છાદન નષ્ટ કરવામા સર્વ રાષ્ટ્રે મદદ કરવી, તે અતિ મહત્વની છે.

જનરલ આર્મસ્ટ્રાગની શિક્ષણ વિષયક કલ્પનાનો પ્રચાર દક્ષિણ અમેરિકાના કાળા મનુષ્યોમાજ નહિ, પણ ગોરા લોકોમાં દિનપ્રતિદિન અધિક થતો જાય છે. પોતાના ગોરા બાળક બાળકીઓ માટે ઔદ્યોગિક શિક્ષણની વ્યવસ્થા ન કરી હોય તેવું એક પણ સંસ્થાન હવે દક્ષિણ અમેરિકામાં મળી આવશે નહિ. આ

સંબંધી ઘણાખરા પ્રયત્નનું માન જનરલ આર્મસ્ટ્રૉંગનેજ છે.

અમારૂં સાદું ભોજનગૃહ શરૂ કર્યા પછી વિદ્યાર્થીઓની સંખ્યા એકદમ વધતી ચાલી. અમારી પાસે પૈસા ન હતા તોપણ કેટલાએક અઠવાડીઆ વિદ્યાર્થીઓને ભોજન લેવાની અને સુવાની વ્યવસ્થા અમારે જેવી તેવી પણ કરવી પડી. તે માટે શાળાની નજીક આવેલી કેટલીએક ઓરડીઓ અમે ભાડે રાખી. આ ઓરડીઓ પડવા જેવી સ્થિતિમાં હોવાથી તેમા રહેતા વિદ્યાર્થીઓને ટાઢથી અતિ દુઃખ સહન કરવુ પડયું. ભોજનખર્ચ અમો વિદ્યાર્થી દીઠ દર મહિને આઠ ડાલર લેતા હતા. એ રકમ વિદ્યાર્થીઓને માટે પણ ઘણી મોટી હતી. ભોજન-ખર્ચ ઉપરાંત ઓરડીઓનું ભાડું, લાકડા, ધોબીખર્ચ ઇત્યાદિ ખર્ચનો પણ આ રકમમાં સમાવેશ થતો હતો. સસ્થાને ઉપયુક્ત કઇ પણ કાર્ય વિદ્યાર્થીઓ કરતા તો તેના બદલામા તેમને નામે યોગ્ય રકમ જમા કરવામાં આવતી હતી. શિક્ષણની ફી દરેક વિદ્યાર્થી દીઠ ૫૦ ડાલર હતી, અને હાલના ધોરણેજ તે સમયે પણ જે લાયક સ્થિતિવાળા વિદ્યાર્થીઓ હોય તેમની પાસેથીજ અમે લેતા હતા.

આ નાની મોટી રકમથી ભોજન વસ્તિગૃહ શરૂ કરવા જેટલું ફંડ અમારી પાસે એકઠું થયુ નહતું. બીજે વર્ષે શિયાળાની ઋતુમાં ઠડી અતિશય હતી, પરતુ વિદ્યાર્થીઓને જરૂરના ગરમ કપડાં પણ અમારી પાસે નહતા. કેટલાક સમય સુધી ખાટલા અને ચટાઇઓ પણ અમે આપી શકયા નહતા. અતિશય ઠડીની રાત્રે વિદ્યાર્થીઓને એટલુ તો દુઃખ થતું કે તેથી મને પોતાને પણ નિદ્રા આવતી નહતી. વિદ્યાર્થીઓને શાંત કરવા માટે મધ્યરાત્રીએ હું તેમની ભાગીતૂટી ઓરડીઓ તરફ ઘણી વખત જતો હતો. કેટલાએક વિદ્યાર્થીઓ અમે આપેલો બ્લેંકેટ-કામળો-વીંટી અગ્નિ કરી તેની આજુબાજુ તાપતા બેઠેલા જોવામાં આવતા, અને કેટલાએક વિદ્યાર્થી તો સવાર

સુધી ઉઘવાજ નહતા. એક રાત્રે ઠંડી અતિશય પડી હતી; તેના બીજે દિવસે "ટાઢથી જેઓ વિશેષ હેરાન થયા હોય તેમણે હાથ ઉંચો કરવો" એમ મ્હેં પ્રાર્થનામંદિરમાં કહેતાંની સાથે સર્વ વિદ્યાર્થીઓએ પોતાના હાથ ઉંચા કર્યા. આ પ્રમાણે અમોને અનુભવ પ્રાપ્ત થયો તોપણ વિદ્યાર્થીઓ તરફથી બહુધા તકરાર આવતી નહતી. અમારા હાથે બને તેટલુ વદ્યાર્થીઓનુ શ્રેય સાધવા અમે પ્રયત્ન કરતા હતા, તેની તેમને ખબર હતી. પોતાની સ્થિતિ સુધારવા માટે મળતી કોઇ પણ તક સાધી લેવામા તેમને આનંદ થતો શિક્ષકપરનો ભાર ટમી કરવા માટે શુ કરવુ, તે બાબતની તેઓ હમેશ પૃચ્છા કરતા.

કાળા મનુષ્ય પૈકી કોઇને શ્રેષ્ટ અધિકાર પ્રાપ્ત થતા તેના હાથ નીચેના અન્ય મનુષ્યો તેની આજ્ઞા માનતા નથી અને અરસ્પરસ સારી રીતે વર્તતા નહિ હોવાના પુષ્કળ બનાવો મ્હેં ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં અનેક વખત સાભળ્યા છે. આ સાર્વત્રિક સમજ વિષે અને બનાવો વિષે મને તો એવો અનુભવ છે કે ટસ્કેજીના ઓગણીસ વર્ષમા કોઇ પણ વિદ્યાર્થીએ અગર સસ્થાના કોઇ પણ કામદારે શબ્દથી કે કૃત્યથી મ્હારૂં કદિ પણ અપમાન કર્યું નથી. ઉલટું તે સર્વેએ જાણી બુજી મ્હારાપર ઉપકાર કરી મને અનેક વખત પોતાનો ઋણી કર્યો છે. શાળાનુ એક પણ મોટુ પુસ્તક, કોથળી અગર અન્ય કોઇ પણ ભારે વસ્તુ હુ હાથમા ઝાલી લઇ જતો તો તે વિદ્યાર્થીઓને પસંદ પડતું નહિ. એવી વસ્તુઓ લઇ જવાનો મને પ્રસગ પ્રાપ્ત થતો કે ઘણા વિદ્યાર્થીઓ આગળ આવી મ્હારા હાથમાથી તે વસ્તુ લઇ પોતે ઉંચકી લેતા. વરસાદના સમયે હું મ્હારી ઓફિસમાથી બહાર નીકળતો તો તેવા સમયે એકાદ વિદ્યાર્થીએ મ્હારી પાસે આવી મ્હારાપર છત્રી ધરવાની સંમતિ ન માગી હોય એવુ કદિ પણ બન્યુ નથી.

આ વિષય સંબંધી લખતાં, દક્ષિણના ગોરાઓ સાથે થએલા સહવાસમા મ્હારૂં એક વખત પણ અપમાન થયુ નથી, તે કહેવાને મને આનદ થાય છે. હરેક પ્રકારે બનતું માન મને આપવા માટે વિશેષત ટસ્કેજીના અને આજુબાજુના ગોરા લોકો મગરૂર થતા હતા.

થોડા દિવસ પૂર્વે હું ડાલાસ (ટેક્સાસ) અને હાઇસ્ટનમાં પ્રવાસ કરતો હતો, ત્યારે હુ આગગાડીમાં છું એમ લોકોને ગમે તે રીતે ખબર પડી જતી, અને દરેક સ્ટેશનપર અનેક ગોરાઓ, અનેક ગામના ગોરા કામદારો આવી મ્હારો પરિચય કરી લેતા હતા, અને દક્ષિણમાં મ્હે શરૂ કરેલા કાર્ય માટે મ્હારો અતઃકરણ પૂર્વક આભાર માંની અભિનદન આપતા હતા.

અન્ય એક પ્રસંગે આગસ્ટથી (જોર્જીઆ) અટલાંટા જતાં પુષ્કળ પ્રવાસથી થાક્યાથી હુ પુલમન સ્લીપરના (નિદ્રા લેવાની વ્યવસ્થાવાળા) ડબામા ગયો. ત્યાં જતાજ બોસ્ટનની મ્હારી પરિચિત બે સ્ત્રીઓ મને મળી. દક્ષિણની રૂઢીથી તે સ્ત્રીઓ અજાણ હતી, એમ મને જણાયુ; કારણ કે હુ તેમના ડબામાં બેસું તે માટે મ્હારા પ્રતિ ઉદાર અંતકરણથી અત્યાગ્રહ કર્યો છેવટે મ્હે તેમનુ કહેવુ સ્વીકાર્યું. થોડીજ પળ ત્યાં બેઠા પછી એક સ્ત્રીએ મ્હારા જાણવામા ન આવે તેવી રીતે અમો ત્રણ જણ માટે ભોજન મગાવ્યુ. આથી હુ ઘણો ગભરાયો, કારણ આગગાડીમાં દક્ષિણના ઘણા ગોરાઓ હતા; અને તે પૈકીના ઘણાની દૃષ્ટિ અમારાઉપર હતી. ભોજન મંગાવ્યાની હકીકત જ્યારે હુ સમજ્યો, ત્યારે કંઇ પણ કારણ દર્શાવી ત્યાથી છટકી જવાનો મ્હે પ્રયત્ન ક્યોં; પણ તેમની સાથે હુ ભોજન લઉં તે માટે તેમણે હઠ પકડી. છેવટે નિશ્વાસ નાખી હુ મ્હારી જગાએ બેઠો; અને મ્હારા પ્રત્યેજ હુ બોલ્યો: "હવે અહિં હુ સપડાયો તો ખરો."

પરિસ્થિતિ અધિક વિકટ થવાનું અન્ય એક કારણ એ બની

આવ્યું કે ટેબલપર ભોજન મૂકયા પછી એક સ્ત્રીને પોતાની પાસેની કોથળીમાં ઉત્તમ ચ્હા હોવાનું સ્મરણ થયુ, અને તે ચ્હા તૈયાર કરી ભોજન લેતી વખતે મૂકવાનો વિચાર તેના અતઃકરણમાં આવ્યો. નોકર આ ચ્હા ઉત્તમ રીતે કરી શકશે નહિ, એમ માની તેણે તે ચ્હા પોતે તૈયાર કરી મૂકયો છેવટે ભોજન પૂર્ણ થયુ. આ ભોજનમાં જાણે કે અતિ સમય ગયો હોય તેમ મને લાગ્યુ ભોજન પૂર્ણ થયા પછી આ સકટમાથી મુક્ત થવા તબાકુ પીવાના ડબામાં જવાનો મ્હે વિચાર કર્યો ઘણાએક મનુષ્યો આ સમયે ત્યાનું સૃષ્ટિસૌંદર્ય જોવા માટે આ ડબામા આવ્યા હતા. વચમાજ હું કોણ છુ, તેની ગાડીમાના સર્વ મનુષ્યોને કોઇ પણ રીતે ખબર પડી. હુ તે ડબામા ગયા પછી મ્હારી જીદગીમાનો એક અતિ આશ્ચર્યકારક બનાવ મ્હારી દૃષ્ટિએ પડયો તે મનુષ્યો પૈકી દરેકદરેક મ્હારી પાસે આવ્યા (આ પૈકીના ઘણાએક જોર્જીઆના રહેવાસી હતા) અને દરેકે મ્હારી સાથે ઓળખાણ કરી લીધી. તે પૈકી દરેક વ્યક્તિ દક્ષિણના હિતાર્થે ચાલેલા પ્રયત્ન માટે અતકરણપૂર્વક મ્હારો આભાર માનવા લાગી. આ કઇ ખુશામત નહતી, કારણ મ્હારી સ્તુતિ કરવાથી કોઇને કઇ મળવાનુ નથી, તે દરેકની જાણ બહાર નહતું.

ટસ્કેજીની સસ્થા મ્હારી નથી તેમજ તે સસ્થા કાર્યકર્તાઓની પણ નથી, પરતુ તે વિદ્યાર્થીઓની છે, અને ટ્રસ્ટીનો તેમજ શિક્ષકનો આ સસ્થા સાથે જેટલો સબધ છે તેટલોજ વિદ્યાર્થીઓનો પણ છે, તે હકીકત તેમના અતકરણમા સ્થાયી કરવાનો પ્રયત્ન મ્હે પ્રથમથીજ કર્યો હતો. હુ સસ્થામા તેમના મિત્ર અને સલાહકાર તરિકે છુ, પણ દેખરેખ રાખનારો નથી, એવો તેમને ભાસ થાય તે માટે મ્હેં પ્રયત્ન કર્યો છે. સસ્થાની સ્થિતિ સબધી કઇ તકરાર અગર તો સૂચના કરવા યોગ્ય હોય તો તે બાબત પત્ર લખવાનું હુ વર્ષમા એક,

બે કે ત્રણ વખત વિદ્યાર્થીઓને કહેતો હતો તેઓ આ બાબતના પત્રો મોકલતા નહિ, ત્યારે સર્વને પ્રાર્થનામંદિરમાં મુક્ત મનથી શાળાની હકીકત સંબંધી બોલવા એકઠા કરતો હતો. આવા પ્રકારની વિદ્યાર્થીઓની સભા મને ઘણી પસંદ હતી; અને આગળની વ્યવસ્થા કરવામાં મને તે અતિશય ઉપયોગી થતી હતી. સંસ્થા સાથે સંબંધ ધરાવતી સર્વ બાબતોનો મર્મ સમજવામા એ સભાથી મને અતિ મદદ મળતી. કોઇને તેનાપર આપણો વિશ્વાસ હોવાનુ દર્શાવી કઇ જવાબદારીનુ કાર્ય કહેવાથી જેટલી સહાય મળે છે તેટલી અન્યથી મળતી નથી. નોકર અને તેના શેઠ વચ્ચે થએલી તકરારો જ્યારે મ્હારા વાચવામા આવે છે ત્યારે મને લાગે છે કે જો શેઠે પોતાના નોકરના પેટમા પેસી તેની સલાહ લીધી હોત, અને પોતાનો તથા તેનો હિતસંબંધ એકજ છે, એમ ભાસ કરાવ્યો હોત, તો જગતમાથી ઉપરી અને તાબેદાર વચ્ચેના કેટલાએ કુસુપ અને ટંટા દૂર થયા હોત. **એક મનુષ્યપર આપણે વિશ્વાસ રાખીએ છીએ તો તે પણ આપણાપર વિશ્વાસ રાખે છે.** તમે તેનુ નિરપેક્ષપણે હિત કરતા હોવાનુ તેને સમજવા દ્યો, એટલે પછી તમે તેને ગમે તે તરફ દોરી શકશો.

વિદ્યાર્થીઓ ટસ્કેજીમા પોતાનાં મકાનો બાધે, એટલુ જ નહિ પણ બનતું પોતાનુ સાહિત્ય પણ તૈયાર કરે તેવુ શિક્ષણ આપવા મ્હારો પ્રથમથીજ વિચાર હતો. ગમે તેવો એકાદ ખાટલો-પલંગ-અગર કોઇ પણ પ્રકારની ચટાઇ-સાદડી તૈયાર થતા સૂધી જમીનપર સુઇ રહેવાની વિદ્યાર્થીઓએ જે સહનશીલતા બતાવી તે જોઇ મને અતિ આશ્ચર્ય થયુ.

શરૂઆતમા ઘણાજ થોડા વિદ્યાર્થીઓને સુથારના હથીયારનો ઉપયોગ કરતા આવડતું હતું. તેમણે કરેલા ખાટલા પણ ઘણાજ

બેડોળ અને ઢીલા હતા. સવારે વિદ્યાર્થીઓની ઓરડીમાં જતો ત્યારે એક બે ખાટલા જમીનપર અસ્તવ્યસ્ત પડેલા મ્હેં અનેક વખત જોયા છે. સર્વ વિદ્યાર્થીઓને સાદડીઓ કેવી રીતે પૂરી પાડવી, એવો કઠિન પ્રશ્ન અમારા આગળ ઉપસ્થિત થયો. આ વિષયપર અમે ઘણો વિચાર કરી એક યુક્તિ કાઢી. એક પ્રકારનું કમી મૂલ્યનુ કપડું વેચાતુ લઇ તેની કોથળીઓ તૈયાર કરી અને નજીકના જંગલમાંના દેવદારના વૃક્ષની પાતળો અને બારીક છોલ તેની અંદર ભર્યો. આ પછી ધીમે ધીમે સાદડીઓ તૈયાર કરવાનો ધધો વધતો ગયો; અને ક્રમે ક્રમે તેમાં એટલી સુધારણા થઇ છે કે હવે અમારી સંસ્થામા તે એક મહત્વનો ઉદ્યોગ થઈ પડયો છે. હાલમા છોકરીઓને આ ઉદ્યોગનું પદ્ધતિસર શિક્ષણ આપવામાં આવે છે, અને ટસ્કેજીના કારખાનામા તૈયાર થતી સાદડીઓ બીજે ઠેકાણે મળતી સાદડીઓના જેવીજ સારી હોય છે.

ભોજન વસ્તિગૃહ ઉઘાડયા પછી ઘણા દિવસ સુધી વિદ્યાર્થીઓની ઓરડીમા કે ભોજનગૃહમાં ખુરસીઓ નહતી લાકડાના ત્રણ કકડાને ખીલા મારી તૈયાર કરેલાં સ્ટુલોનો ખુરસીઓની જગ્યાએ અમે ઉપયોગ કરતા હતા. આરભમા વિદ્યાર્થીઓની ઓરડીમા જો કંઇ સાહિત્ય હોય તો એક બીછાનુ, કેટલાક સ્ટુલ અને વિદ્યાર્થીઓએ બનાવેલાં બેડોળ ટેબલજ હતાં. જરૂરનું સાહિત્ય તૈયાર કરાવી લેવાનું કાર્ય અદ્યાપિ પણ ચાલુજ છે; પરતુ હવે તેમની ઓરડીઓમાં ઘણી વસ્તુઓ વધી ગઇ છે. હવે સુથાર કામમા એટલો સુધારો થયો છે કે વિદ્યાર્થીઓએ બનાવેલા સામાનમા ઘણીજ થોડી ભૂલો મળી આવે છે. ટસ્કેજીમા દરેક બાબતમા અને દરેક સ્થળે પૂર્ણ સ્વચ્છતા રાખવાની મ્હારી વૃત્તિ શરૂઆતથીજ હતી. અમે ગરીબ છીએ અને અમારી પાસે સુખના સાધન નથી, તેથી લોકો અમોને કંઇ કંઈ

નહિ, પણ અસ્વચ્છતા માટે અમોને ક્ષમા કરી શકે નહિ, એમ મ્હે વિદ્યાર્થીઓને પ્રથમથી કહેલું છે, અને હજુ પણ કહું છુ.

અમારી સસ્થાની બીજી એક મહત્વની વસ્તુ કહીએ તો તે દતધાવનના કુચા–બ્રશનોજ ઉપયોગ છે.

ટુથબ્રશ સિવાય અન્ય કઇ સામાન નહિ લાવનારા અનેક વિદ્યાર્થીઓને અમે દાખલ કર્યા છે, પણ ટુથબ્રશનો ઉપયોગ નહિ કરનારને કર્યા નથી. જેથી પોતાના વિષે સારો મત થવાના હેતુથી કેટલાક તો ફક્ત ટુથબ્રશજ પોતાની સાથે લાવતા. એક દિવસે પ્રાતઃકાળે લેડી પ્રિન્સિપાલ સાથે કન્યા વિદ્યાર્થીઓની ઓરડીઓ તપાસવા હું ગયો હતો. એક ઓરડીમા નવીન આવેલી ત્રણ કન્યાઓ હતી. મ્હે તેમને પુછ્યુ કે ટુથબ્રશ છે કે? ત્યારે તે પૈકી એકે ઉત્તર આપ્યો કે "સાહેબ, આ જૂઓ અમારૂ ટુથબ્રશ! અમે ત્રણે મળી કાલેજ તે વેચાતું લીધુ છે" દરેકનુ ટુથબ્રશ જુદુ હોય તો સારૂ, તે શીખવાને તેમને વધુ સમયની જરૂર પડી નહિ.

ટુથબ્રશના ઉપયોગથી વિદ્યાર્થીઓમા કેવી ઉત્તમ સુધારણા થઇ છે તે જોવુ અતિ મનોરજક છે. કેટલાક અપવાદ સિવાય મને એવું જણાઇ આવ્યુ છે કે જો કોઈ વિદ્યાર્થી પોતાનુ બ્રશ ગુમાવતો અને પોતેજ નવીન બ્રશ લાવતો તો પછી તેની ચર્ચા સર્વત્ર ચાલતી. વિદ્યાર્થીઓ પોતાનુ શરીર પૂર્ણ સ્વચ્છ રાખે તે તરફ શરૂઆતથીજ અમારી સસ્થામા ઘણું લક્ષ આપવામાં આવતું હતું. ભોજન પ્રમાણે સ્નાન પણ નિયમિત સમયે કરવાનું તેમને શીખવવામા આવ્યું છે. સ્નાનગૃહની વ્યવસ્થા થતા પૂર્વેજ અમે તેમને તે શીખવવા લાગ્યા હતા. અનેક વિદ્યાર્થીઓ બાગ–વાડીઓના ભાગમાંથી આવેલા હોવાથી સૂવું કેમ, ચાદર કેવી રીતે પાથરવી, કપડાં કેમ પહેરવાં, વગેરે સર્વ

કંઈ તેમને અમારે શીખવવું પડયું હતું. રાત્રીના સ્થાનનું મહત્વ પણ તેમને સમજાવીને કહેવું પડયું હતું.

કોટનાં સર્વ બટન બરોબર રાખવાં, કપડાં ફાટેલાં ન હોવાં જોઇએ તથા તેપર ચીકાશયુક્ત ડાઘ ન હોવા જોઇએ, વગેરે બાબતો વિદ્યાર્થીઓને શીખવવામાં પ્રથમ કેટલાએક દિવસ અમને ઘણી મુશ્કેલી પડી. પરંતુ હવે મને કહેવાને આનંદ થાય છે કે, સ્વચ્છતાના આ પાઠ વિદ્યાર્થીઓ એવા સારા શીખ્યા છે અને આગળના વિદ્યાર્થીઓએ પરંપરાથી પાછળના વિદ્યાર્થીઓ પાસેથી આ ગુણ એવી ઉત્તમતાથી સ્વીકાર્યો છે કે હવે જ્યારે પણ તેમના પોશાકની તપાસણી થાય છે ત્યારે કોઇ પણ કોટ બટનરહિત બહુધા મળી આવતો નથી.

પ્રકરણ ૧૨ મું.

ધન સંચય.

ભોજન-વસ્તિગૃહ ઉઘાડવામાં આવ્યા પછી પહેલું મકાન એટલે પોર્ટર હૉલના ઉપલા મજલાપરની ઓરડીઓમાં કેટલીક છોકરીઓની રહેવાની વ્યવસ્થા અમે કરી; પરંતુ છોકરા-છોકરીઓની સંખ્યા સતત વધતી જતી હતી. તરૂણ વિદ્યાર્થીઓને રહેવા માટે શાળા બહાર કેટલીક ઓરડીઓ મળતી હતી; પરતુ છોકરીઓને ત્યાં રાખવાનું અમને ઠીક લાગ્યું નહિ. જેથી તરતજ અમારે છોકરીઓને રહેવા માટે ઓરડીઓ અને સર્વ માટે ભોજનવસ્તિગૃહનો સમાવેશ થાય તેવુ મોટું મકાન બંધાવવાનુ ઠરાવવુ પડયું.

આ નવીન મકાનનો કાચો નકશો કાઢી જોતાં આ કામમાં દશ હજાર ડાલર જેટલા ખર્ચનો અંદાજ અમે કર્યો. મકાન બાંધવાનાં સર્વ સાધનો મળવામાં અમને ઘણીજ શંકા હતી. અમે જે સંસ્થાનમા કાર્ય કરીએ છીએ તે સંસ્થાનને માન આપવા અર્થે તે ભાવી મકાનનું નામ "અલબામા હૉલ" રાખવાનુ પ્રથમથી જ અમે ઠરાવ્યું. એ પછી ટસ્કેજીના અને આજુબાજુના ભાગના કાળા ગોરાઓની સહાનુભૂતિ અને સહાય મેળવવાનો પ્રયત્ન ફરીથી મિસ ડૅવિડસને શરૂ કર્યો, અને લોકોએ પણ પોતપોતાની શક્તિ પ્રમાણે મદદ કરી. પૂર્વે પોર્ટર હૉલ બાંધવાના સમયે સહાય કર્યા પ્રમાણે વિદ્યાર્થીઓએ આ

સમયે પણ પાયો નાખવામા મદદ થાય માટે માટી ખોદી કાઢવાની શરૂઆત કરી.

પૈસા મેળવવાના અમારા સર્વ ઉપાયનો અંત આવ્યા પછી, જનરલ આર્મસ્ટ્રાગ કેવા વિશાળ અંતઃકરણયુક્ત તથા ઉદાર હતા, અને સાધારણ મનુષ્યથી કેટલા પ્રમાણમા શ્રેષ્ઠ હતા. તે સારી રીતે દર્શાવનારો એક બનાવ બન્યો નવીન મકાન માટે પૈસા કેવી રીતે મેળવવા તેની મહાન ચિંતામા અમે હતા ત્યારે જનરલ આર્મસ્ટ્રાગ તરફથી અણધાર્યો મને એક તાર મળ્યો. "ઉત્તર અમેરિકામા મ્હારી સાથે એક મહિનો પ્રવાસ કરવાનુ બનશે કે? બને તેમ હોય તો તમારે તુરતાતુરત હેમ્પટન નીકળી આવવુ" એવો તેમનો તાર હતો. મ્હારે તે આમંત્રણ સ્વીકારવુ પડયુ, અને હુ તરતજ હેમ્પટન તરફ ચાલતો થયો ત્યા ગયા પછી, 'ચાર માણસ લઇ ઉત્તર તરફ જવુ અને ત્યા મોટા મોટા શહેરોમા સભાઓ ભરવી અને મ્હારે તથા આર્મસ્ટ્રાગે ભાષણ આપવા' એવો વિચાર જનરલ આર્મસ્ટ્રાગે કરેલો હોવાનુ મને જણાયુ આ સભા તથા આ સવ પ્રયત્ન હેમ્પટનની સસ્થા માટે ન છતા ટસ્કેજીની સસ્થાના હિતાર્થ છે, અને સર્વ ખર્ચ માટે હેમ્પટન સસ્થા જોખમદાર રહેશે, એમ જ્યારે મને જનરલ આર્મસ્ટ્રાગે કહ્યુ, ત્યારે મને કેટલુ આશ્ચર્ય થયુ હશે? તેની કલ્પના વાચકોએજ કરવી.

જનરલ આર્મસ્ટ્રાગે જો કે મને પ્રત્યક્ષ કઇ કહ્યુ નહતુ, તોપણ ઉત્તરના આગેવાન ગૃહસ્થોને મ્હારી ઓળખ આપવાનો તેમજ 'અલબામા હૉલ' ના મકાનમા જરૂરનુ ધન તુરતાતુરત એકઠુ કરવાનોજ તેમનો હેતુ હતો

ઉત્તર તરફના લોકોએ જે પૈસા આપ્યા, તે કોઇ પણ એક શાળાને આગળ વધારવા માટે નહિ, પરતુ સર્વ નીગ્રો જ્ઞાતિની ઉન્નતિ થવા માટે આપ્યા છે, અને દક્ષિણની સર્વ નીગ્રો જ્ઞાતિની

ઉન્નતિ કરવાના કાર્યમાં નિષ્કામ અને ઉદાર પ્રયત્નનુ મુખ્ય કેન્દ્ર થવામાંજ હેમ્પટન સસ્થાની દઢતા છે, તે પણ તેઓ સારી રીતે જાણતા હતા.

ઉત્તર તરફના શહેરોમા હુ જે ભાષણ કરવાનો હતો તે વિષે જનરલ આર્મસ્ટ્રાગે કરેલો એક ઉપદેશ મને યાદ આવે છે. તેઓએ કહ્યુ કે **"દરેક શબ્દ સાથે લોકોને એકેક કલ્પના આપો !"**

આ ઉપદેશ સર્વ માન્ય, સ્તુત્ય અને સાર્વજનિક ભાષણોને લાગુ પડનો છે. અદ્યાપિ સૂધી તે ઉપદેશ ધ્યાનમા રાખવાનો મ્હેં પ્રયત્ન કર્યો છે.

ન્યૂયોર્ક, બ્રુકલિન, બોસ્ટન, ફિલાડેલ્ફીઆ અને અન્ય મોટા મોટા શહેરોમા અમોએ સભાઓ ભરી, અને જનરલ આર્મસ્ટ્રાગે તથા મ્હેં બન્નેએ મળી હૅમ્પટન સસ્થા માટે નહિ, પરતુ ટસ્કજી સસ્થા માટે સહાય માગી. આ સભાઓમા 'અલબામા હૉલ' બાધવા માટે પૈસા એકઠા કરવા અને સસ્થા સર્વ લોકોની દૃષ્ટિએ લાવવા માટે અમે વિશેષ પ્રયત્ન કર્યા; અને એ બન્ને કામમા અમને ઘણો યશ મળ્યો.

મ્હારો આ પ્રમાણે પરિચય થયા પછી હુ ઉત્તર તરફ ફંડ ભેગુ કરવા એકલોજ જતો હતો. ગયા પદર વર્ષમા સસ્થાની વધેલી જરૂરીઆતો પૂર્ણ કરવા માટે પૈસા મેળવવા શાળા છોડી અતિ દૂર જવાની મને જરૂર પડી; અને મ્હારા ઘણા સમયનો વ્યય આ કાર્યમાં થયો હતો. પૈસા એકઠા કરવાના પ્રયત્નમા મને થયેલો અનુભવ વાચકોને ખરેખરો ચિત્તાકર્ષક થશે. યોગ્ય કાર્યમા ધનનો વ્યય કરવાને સમર્થ શ્રીમત મનુષ્યો પાસેથી સહાનુભૂતિ અને સહાય મેળવવામાં મ્હે ક્યા ક્યા નિયમનુ અવલંબન કર્યું છે, તે સબંધી પ્રશ્નો પરોપકારી કૃત્યો માટે પૈસા એકઠા કરવા પ્રયત્ન કરનારા ગૃહસ્થો તરફથી

મને વારંવાર પૂછવામાં આવતા હતા. 'ભિક્ષાંદેહિ'ના કે ઝોળીના શાસ્ત્રમાં જો કંઇ નિયમ થવો સંભવિત હોય તો નીચે જણાવેલા બે નિયમજ થઇ શકે તેમ છે, એમ હું કહેતો હતો.

(૧) વ્યક્તિઓને અને સંસ્થાઓને પોતાની કર્તવ્યપરાયણતાની પૂર્ણ માહિતી આપવામા લેશ માત્ર કસુર કરવી નહિ.

(૨) પરિણામ માટે બેફીકર રહેવું.

આ પૈકી બીજા નિયમ પ્રમાણે વર્તવાનુ મ્હારે માટે મુશ્કેલ બનેલુ છે. અન્ય ઉપયુક્ત કાર્યમા જરૂરની શારીરિક અને માનસિક શક્તિ ચિંતાના કારણથી નિરર્થક ભસ્મ થઇ જતી હોવાનુ દિનપ્રતિદિન મને અધિક સમજાય છે. પણ બીલો ચુકતા કરવાનાં હોય છે અગર તો તેનો નીકાલ કરવાને હાથમા પૈસા નથી હોતા ત્યારે નિશ્ચિત કે બેપરવા બનવાનુ ઘણું કઠિન થઇ પડે છે. અનેક શ્રીમંત અને નામાંકિત ગૃહસ્થોના સહવાસના અનુભવથી મને એમ સમજાયુ છે કે જે કોઇ શરીર તથા મનને પોતાના કાબુમા રાખે છે, જે ક્ષુબ્ધ થતા નથી, જેમનું આત્મસંયમન કદી પણ નષ્ટ થતુ નથી અને જે કોઇ શાંત, સ્વસ્થ, સહનશીલ અને નમ્ર હોય છે, તેઓ સફળતા, યશ અને નામના મેળવે છેજ. આવા પ્રકારના ઉત્તમ ઉદાહરણરૂપ અનુકરણીય પુરૂષ પ્રેસિડેંટ વિલીયમ મૅકકિનલેનેજ મ્હે જોયા છે.

મ્હારા વિચાર પ્રમાણે **હાથમાં લીધેલા કોઈ પણ કાર્યમાં સફળતા મેળવવાની યુક્તિ એજ છે કે "પોતાને ભૂલી-મહત્ કાર્યમાં લીન થઈ જવું."** આપણે તેમા જેટલા પ્રમાણમા એકાગ્ર થઇએ છીએ તેટલી આપણને ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

પૈસાદાર લોકો જોઇએ તેટલુ દાન કરતા નથી એવો આક્ષેપ થાય છે, પણ તે સર્વ શ્રીમંતોના સંબંધમાં ખરો હોતો નથી.

જમણા હાથે આપેલું વામ હાથને ન જાણવા દેનારા અર્થાત્

પોતાનું નામ પ્રકટ ન કરનાર દાતાઓ તરફથી કેટલા પૈસાનો દાન ધર્મ તરફ વ્યય થાય છે, તેની કલ્પના ઘણા થોડાને જ થતી હશે. દરેક વર્ષે હજારો ડાલરનુ ગુપ્ત દાન કરનારા કેટલાક સજ્જનોને હું જાણું છુ, પરતુ તેઓ કંઇ પણ દાન ધર્મ કરતા નથી એવા દોષારોપ થતા મ્હે સાભળેલા છે. તેના દૃષ્ટાંતરૂપ ન્યૂયોર્કમાં બે સ્ત્રીઓ છે, તેમનાં નામ વર્તમાનપત્રના કવાચત્ જ પ્રસિદ્ધ થાય છે; પણ એજ સ્ત્રીઓએ આઠ વર્ષમા ત્રણ મોટા અને મહત્વનાં મકાન બાધવા જેટલુ ધન અમને ગુપ્ત રીતે અર્પણ કર્યું છે. આ ઉદાર સ્ત્રીઓ ટસ્કેજીની સસ્થાને મદદ કરે છે, એટલુજ નહિ પણ અન્ય યોગ્ય કાર્યોને મદદ કરવાની તક પણ તે હમેશ શોધે છે.

ટસ્કેજીના કાર્ય માટે જો કે લાખો ડાલર સુદૈવે મ્હારી મારફત મળ્યા છે, તોપણ જગત જેને 'ભિક્ષા' કહે છે તેને મ્હે તિલાજલિ આપેલી છે. મ્હે પૈસા માટે ભીખ માગી નથી, અને હુ ભિખારી નથી એમ ઘણા વખત લોકોને કહુ છુ. પૈસા માટે શ્રીમતોની પુઠ પકડવાથી કંઇ મદદ મળતી નથી; એવી મને અનુભવસિદ્ધ ખાત્રી થએલી છે. જેમનામાં પૈસા મેળવવાની અક્કલ હોય છે તેઓ પોતે મેળવેલા પૈસાનો ઉપયોગ કેવો કરવો તે સારી રીતે સમજે છે, એ

૧ આ ખુલાસો અમેરિકાના ધનિકો માટેજ હોવાથી હિંદના ધનિકોએ તેથી જરા પણ ફૂલાઈ જવાનું નથી અમેરિકન ધનિકોમા ધનવાનપણા સાથે ઉદારતા અને તેની સાથે સારાસાર-પાત્ર કુપાત્રની વિવેકશક્તિ પણ રહેલી હોય છે અને તેથી તેઓની ઉદારતાની આથી પણ અનેકગણી વાતો જ્યારે ત્યારે આપણે સાભળતાજ રહીએ છીએ હિંદના ધનિકોએ તો તેમની પાસેથી ઘણુંજ શીખવાનું છે. ઉદારતાનો ગુણ અહીં કોઈ કોઈ ઠેકાણે છે ખરો, પણ તે "પગને રોગ ને માથાને તેલ" તેની પેઠે અંધપરપરાની રીતે અને ખિતાબો મેળવવાને ખાતરજ બહુધા વપરાતો જણાય છે.

મં'ત્રી. સ. સા.

તત્ત્વ ઉપર હું હમેશ ચાલ્યો છું; અને કેવળ ભિક્ષાંદેહિ કરતાં ટસ્કેજીની સસ્થા વિષે માહિતી, વિશેષત: ત્યાંના ગ્રેજ્યુએટોના કાર્યોની માહિતી આપીનેજ અધિક મદદ મેળવેલી છે સર્વ બાબત અને કાર્યની હકીકત ગૌરવપૂર્વક નિવેદન કરવાનીજ યાચનાની શ્રીમંત લોકો અપેક્ષા રાખતા હોવાનું મને લાગે છે

દ્વારે દ્વારે ભટકવાનુ અને તેજ પ્રમાણે ઑફીસોમા રખડવાનું કામ ઘણુંજ મુસ્કેલી ભરેલુ, ત્રાસદાયક અને શારીરિક શક્તિ ક્ષીણ કરનારૂં છે, પરંતુ તેનો પણ કંઈ બદલો મળે છે. આવા પ્રકારના કાર્યથી માનવસ્વભાવનુ બરોબર નિરીક્ષણ કરવાની સધિ મળે છે, તેમજ જગતના ઉત્તમ મનુષ્યોની મુલાકાતનો સુયોગ પ્રાપ્ત થાય છે. જો કોઈ એક દેશનુ સ્થૂલ માનથી નિરીક્ષણ કરે તો તેને જણાઈ આવશે કે સર્વ લોકોના સુધારા માટે અસ્તિત્વ ધરાવતી સસ્થાઓ વિષે જે અતિશય લાગણી દર્શાવે છે તેજ મનુષ્યો તે દેશમા સર્વમા અધિક ઉપયોગી અને વજનદાર હોય છે.

એક વખત બોસ્ટનમા એક શ્રીમત સ્ત્રીને ઘેર હુ મળવા ગયો અને દ્વારપર જઈ મ્હે મારા નામનુ કાર્ડ–વીઝીટીંગ કાર્ડ મોકલ્યુ. ત્યા ઉત્તરની રાહ જોતો હુ ઉભો હતો ને તરતજ તે સ્ત્રીનો પતિ બહાર આવ્યો અને "શુ જોઈએ છે?" એમ મને એકદમ પૂછ્યું; ત્યારે મ્હે તેને મ્હારી મુલાકાતનો ઉદ્દેશ કહેવાનો પ્રયત્ન કર્યો, પણ તે ગૃહસ્થ અસભ્યતાથી બોલવા લાગ્યો અને છેવટે તે એટલો ચીડાયો કે તે સ્ત્રીના ઉત્તરની રાહ ન જોતા મને તે ઘર છોડવાની જરૂર પડી. ત્યાર પછી આ મકાનની નજીકમા રહેતા એક ગૃહસ્થને હુ મળવા ગયો. તેમણે મને ઉત્તમ રીતે અને અતકરણ પૂર્વક સન્માન આપ્યુ અને એક મોટી રકમનો ચેક મ્હારા નામે લખી આપ્યો; તે માટે હુ તેમનો આભાર માનવા તૈયાર થતો હતો, તેટલામાં તેજ

બોલ્યા: "મી. વૉશિંગ્ટન ! તમે આ સત્કાર્યમા મદદ કરવાની તક મને આપી તે માટે હુ તમારો ઘણો આભારી છુ. આવા સત્કૃત્યોને ઉત્તેજન આપવામા સહાય કરવી તે એક મોટું માન જ છે અમારા તરફથી આવું કાર્ય કરવા માટે અમે બોસ્ટનના રહેવાશીઓ આપના ઘણા આભારી છીએ" પૈસા મેળવવાના કાર્યમા થએલા અનુભવથી મ્હારો નિશ્ચય થયો છે કે ફક્ત પ્રથમ જણાવેલા વિચારના મનુષ્યોમા દિનપ્રતિદિન ઘટાડો થતો જાય છે, અને પછીના-બીજા વિચારના મનુષ્યોમા વધારો થતો જાય છે બીજા શબ્દોમા કહીએ તો યોગ્ય કાર્ય માટે માગવા આવતાં સ્ત્રી પુરૂષોને વિચારશીલ શ્રીમતો ભિખારી ન લેખતાં પોતાનાજ કામ કરનારા એજટ કે પ્રતિનિધિ તરીકે માને છે.

બોસ્ટન શહેરમા હુ જ્યા જ્યા પૈસા મેળવવા ગયો છુ ત્યાં ત્યાં પૈસા મળ્યા પછી હુ તેમનો આભાર માનુ તે પૂર્વે તેઓએજ મ્હારો આભાર ન માન્યો હોય તેવો બનાવ ભાગ્યેજ બન્યો હશે. **પોતાની પાસેથી સહાય મેળવવામાં આવે તેમાં પોતાને વિશેષજ માન છે,** એમ તે શહેરના દાતાઓને લાગતું જો કે અન્ય ગામોમાં મને એવા કેટલાક સારા ઉદાહરણ મળેલા છે, તો પણ બોસ્ટન શહેરના લોકોના જેવો ઉદાર અને દયાળુ સ્વભાવ હુ કોઇ પણ સ્થળે જોઈ શક્યો નથી. લોકોની પ્રવૃત્તિ દિનપ્રતિદિન દાન તરફ થતી જતી હોવાનુ મને લાગ્યુ છે શ્રીમત લોકોને સત્કાર્યમા સહાય કરવાની અમૂલ્ય તક આપવામા લેશ માત્ર કસુર ન કરવાના નિયમથીજ હુ પૈસા મેળવતો હતો અને મેળવુ છુ; તે ફરી પણ કહુ છુ.

ટસ્કેજી સસ્થાના પ્રથમારંભના વર્ષમા કેટલાક દિવસ સુધી મને એક ડાલર પણ ન મળવા છતા હુ ઉત્તર તરફનાં શહેરોમા અને ગામડાઓમાં ભટક્યો હતો. ઘણી વખત એવું બન્યું છે કે એકાદ

અઠવાડીઆમાં મોટી મદદ મળે તેવી આશા જે ગૃહસ્થ તરફથી રાખતો, તે ગૃહસ્થ તરફથી કંઇજ સહાય નહિ મળવાથી હું નિરાશ અને ખિન્ન થતો, ત્યારે જેમના તરફથી મદદ મળવાની કંઇ આશા પણ નહતી તેવા ગૃહસ્થો તરફથી કદિ કદિ મોટી મોટી સહાય પણ મળતી હતી.

કૉનેકિટકટ સંસ્થાના સ્ટૅંફર્ડ ગામથી બે માઇલ દૂર રહેતા એક ગૃહસ્થને ટસ્કેજી સંસ્થાની પરિસ્થિતિ અને જરૂરીઆત વિષે માહિતી આપવામાં આવે તો તે કંઇ સહાય કરશે, એવી મને ખબર મળી. ત્યારે એક અતિશય ઠંડીના અને તોફાનના દિવસે હું તે ગૃહસ્થને મળવા ગયો, અને પ્રયત્ન કરી મુલાકાત લીધી તેમણે મ્હારૂં કહેવું લક્ષપૂર્વક સાંભળી લીધું ખરૂ, પણ મને કંઈ આપ્યું નહિ. તેને મળવામાં મ્હેં વ્યય કરેલા ત્રણ કલાક વ્યર્થ ગયા એમ મને લાગ્યું; તથાપિ મ્હારા કર્તવ્ય-કર્મ કરવાના નિયમનું મ્હેં ઉલ્લંઘન કર્યું નહિ. હું જો તેમને મળ્યો ન હોત તો મ્હારા કર્તવ્યથી વિમુખ થવા માટે મને દીલગીરી થઈ હોત.

આ મુલાકાત પછી બે વર્ષે આજ ગૃહસ્થનો નીચેના આશયનો પત્ર ટસ્કેજી આવ્યો.-“તમારી સંસ્થાના કાર્ય માટે દશ હજાર ડાલરની હુંડી આ પત્ર સાથે મોકલી છે. મ્હેં આ રકમ મ્હારા મૃત્યુપત્રમાં તમારી સંસ્થાને આપવાને લખ્યું હતું; પણ હમણાંજ હયાતીમાં આપી દેવી યોગ્ય લાગી. બે વર્ષ પૂર્વે થએલી મુલાકાતનું સ્મરણ થઈ મને ઘણો આનંદ થાય છે!”

આ હુંડીથી મને જેટલો આનંદ થયો તેટલો અન્ય કોઇ પણ બનાવથી થયો નહિ હોય. તે સમયમાં મળેલી રકમોમાં આજ રકમ મોટી હતી. થોડા પૈસા મળ્યા પછીના કેટલાક દિવસો કોરાજ વ્યતીત થયા હતા. પૈસાના અભાવથી અમો મોટી ચિંતામાં હતા, અને

અમારા મનને અતિ ત્રાસ થયો હતો. એક મોટી સંસ્થા ચલાવવી તથા તે સંબંધનાં પુષ્કળ બીલ ચૂકવવા સીલક રાખવી, તેમજ દરમાસે આ બીલો ચૂકવવાને જોઇતું ધન પ્રાપ્ત કરવું, તેની માહિતી ન હોય તો તેથી અધિક વિકટ પરિસ્થિતિ અન્ય કોઇ હોવાનું મને લાગતું નથી.

અમારા વિષે કહેશો તો મ્હારાપર બેવડી જોખમદારી હતી, અને તેથી મ્હારી ચિંતા વધી હતી. સસ્થા જો ગોરાઓએ ચલાવી હોત અને તેમા જો તેઓ નિષ્ફળ થયા હોત તો નીગ્રોના શિક્ષણને હાનિ થઇ હોત; પણ નીગ્રોએ ચલાવેલી અમારી આ સસ્થા બેસી ગઇ હોત તો એક શાળાનુ નુકશાન થયુ હોત, એટલુજ નહિ પણ સર્વ જ્ઞાતિના કર્તૃત્વ વિષે લોકોનો વિશ્વાસ જતો રહ્યો હોત. આવી પરિસ્થિતિમા આ દશહજાર ડાલરની હુંડી મળવાથી ઘણાજ સમયનો મ્હારા હૃદયપરનો બોજો નષ્ટ થયો હતો.

સંસ્થાનું અંતરંગ જેટલું સ્વચ્છ, પવિત્ર અને ઉપયુક્ત રાખવામાં આવે તેટલોજ તેને અધિક આશ્રય મળે છે, એમ ટસ્કેજીમા અમારૂં કાર્ય શરૂ થયાથી અદ્યાપિ સૂધી અમને લાગે છે; અને અમારા શિક્ષકોના મનમા આ કલ્પના ઠસાવવાની કોઇ પણ સધિ હુ વ્યર્થ જવા દેતો નથી.

સ્વર્ગસ્થ સુપ્રસિદ્ધ રેલ્વે સાહુકાર કૉલીસ પી. હટીંગ્ટનને જ્યારે હુ પ્રથમ મળ્યો, ત્યારે તેમણે અમારી સસ્થા માટે બેજ ડાલર આપ્યા હતા. તેમના મૃત્યુ પૂર્વે કેટલાક મહિને હુ તેમને છેવટનો મળ્યો તે સમયે તેમણે અમારી સસ્થાના કાયમના ફંડ માટે પચાસ હજાર ડાલર આપ્યા હતા! આ બે બક્ષીસોની દરમિયાન પણ દર વર્ષે મીસ્ટર અને મિસીસ હટીંગ્ટન તરફથી ઘણીજ મોટી રકમો આવતી હતી.

અમોને પચાસ હજાર ડાલરની મોટી બક્ષિસ મળી તે ટસ્કેજી

સંસ્થાના નસીબે મળી એમ કેટલાક કહેશે; પણ આ કંઇ ભાગ્ય કે નસીબનો પ્રભાવ નથી. સતત ઉદ્યોગ–અસ્ખલિત પ્રયત્નનુંજ ફળ છે' **દીર્ઘ પ્રયત્ન કર્યા શિવાય કોઇને કંઈ મહત્વનો લાભ થતો નથી.** મી હટીંગ્ટને મને પ્રથમ બે ડાલર આપ્યા ત્યારે તેમણે મને અધિક રકમ ન આપી તે માટે મ્હે કંઇ તેમને દોષ આપ્યો નહતો; પણ કંઇ પણ કૃત્ય કરી અમે અધિક મોટી બક્ષિસોને પાત્ર હોવાની તેમની ખાત્રી કરાવવાનો મ્હે નિશ્ચય કર્યો હતો અમારા કાર્યનુ મહત્ત્વ તેમના હૃદયમા પ્રવેશ કરે તે માટે મ્હે બાર વર્ષ અસ્ખલિત પ્રયત્ન કર્યો હતો. સસ્થાની ઉપયુક્તતા જેમ જેમ વધવા લાગી, તેમ તેમ તેની બક્ષીસો પણ વધવા લાગી હતી, એમ મને જણાઇ આવ્યુ હતું મી હટીંગ્ટન કરતા અમારી સસ્થા વિષે અધિક સહાનુભૂતિ અને લાગણી દર્શાવનાર અન્ય કોઇ પણ ગૃહસ્થ મને મળ્યો નથી. તેઓએ અમને ભરપુર પૈસા આપ્યા; એટલુજ નહિ પણ સસ્થાનો એકદર વર્તનક્રમ કેવો હોવો જોઇએ, તે વિષે પિતા પ્રમાણે મને ઉપદેશ કરવામા તેમણે પોતાના અમૂલ્ય સમયનો પણ વ્યય કર્યો હતો.

ઉત્તર તરફ પૈસા મેળવતી વખતે હુ અનેક વખત મોટી હરકતોમા સપડાયો હતો લોકોની શ્રદ્ધા ચલીત થાય નહિ તેથી નીચે જણાવેલો પ્રસગ મ્હે કોઇને પણ કહ્યો નહતો એક સવારે રૉડ બેટમા પ્રોવિડેન્સમા આવ્યા પછી મ્હારા ખીસામા ભોજન માટે અર્ધો આનો પણ ન હતો, પણ એક સ્ત્રી તરફથી કંઇ રકમ મળવાની આશા હતી તેથી તેને મળવા માટે રસ્તો ઓળગી જતો હતો ત્યારે રસ્તામા ગાડીના માર્ગપર મને પચીસ સેટસ (સાડાબાર આના) મળ્યા. ભોજન માટે આ પચીસ સેંટસ તો મને મળ્યા તે ઉપરાંત જે સ્ત્રીને મળવા ગયો હતો તેની પાસેથી પણ કંઇક મળ્યુ હતુ.

અમારી સંસ્થાના પદ્દીદાનના એક પ્રસગે બોસ્ટનના રેવરંડ મી. વિચેસ્ટર ડોનાલ્ડ, ટ્રિનિટી ચર્ચના રેકટરને મુખ્ય ભાષણ કરવા માટે આમંત્રણ કરવાનું મ્હે સાહસ કર્યું. ભાષણ સાંભળવા આવનાર શ્રોતાજનોને લાયક જરૂરની જગ્યા અમારી પાસે ન હોવાથી, ડાળીઓ અને પાટીઆનો એક લતામંડપ વ્યાખ્યાન માટે અમે તૈયાર કર્યો હતો. ડૉકટર ડોનાલ્ડનુ ભાષણ શરૂ થયુ ન થયુ ને વરસાદ જોસથી પડવા લાગ્યો, તેથી તેમને ભાષણ બંધ કરવુ પડયુ અને તેમનાપર છત્રી ધરવી પડી હતી.

ટ્રિનિટીચર્ચના રેકટર પ્રચંડ શ્રોતા–જનસમૂહ સામે એક જુની છત્રી નીચે ઉભા રહ્યા છે, અને વરસાદ બંધ થઇ પોતાનુ ભાષણ ક્યારે શરૂ થાય છે તેની રાહ જોતા રહ્યા છે, એવુ ચિત્ર મ્હારી દૃષ્ટિએ પડતા સુધી મ્હે કેવુ સાહસ કર્યું છે, તેની મને સ્પષ્ટ કલ્પના પણ નહતી !

થોડા વખતમાજ વરસાદ બંધ થયો અને ડૉકટર ડોનાલ્ડે પોતાનુ ભાષણ પૂર્ણ કર્યું. હવા પ્રતિકૂળ હતી તો પણ વ્યાખ્યાન સારૂં થયુ હતું. તેઓએ પોતાની ઓરડીમા જઈ કપડા સૂકવ્યા પછી સહજ કહ્યું "ટસ્કેજીમા એક સારૂં–મોટુ પ્રાર્થનામંદિર સ્થાપવામા આવે તો તે અયોગ્ય ગણાશે નહિ." તે સમયે ઈટાલીમા પ્રવાસ કરતી બે સ્ત્રીઓ તરફથી "ટસ્કેજીમા જરૂરના મોટા પ્રાર્થનામંદિરનો સર્વ ખર્ચ આપવાનો અમે નિશ્ચય કર્યો છે." એવા મજકુરનો પત્ર બીજાજ દિવસે અમને મળ્યો !

કેટલાક દિવસ પૂર્વે મી. એંડ્રયુ કૉર્નેજી તરફથી નવીન લાઇબ્રેરીના મકાન માટે અમને વીસ હજાર ડાલર મળ્યા હતા. અમારૂં પૂર્વેનું વાંચનાલય એક પડવા જેવી ઝુંપડીના ખૂણામાં હતું અને તેમા ૫×૧૨ ફુટ જગ્યાજ રોકી હતી. મી. કૉર્નેજીની સહાનુભૂતિ અને મદદ

મેળવવા માટે મને દશ વર્ષ પ્રયત્ન કરવાની જરૂર પડી હતી. દશ વર્ષ પૂર્વે પહેલી મુલાકાતમાં તેઓએ અમારી સંસ્થા તરફ વિશેષ લક્ષ આપ્યું નહતું; પણ અમે તેમની મદદ મેળવવાને લાયક છીએ એમ દર્શાવી આપવાનો મ્હેં નિશ્ચય કર્યો હતો. દશ વર્ષ કાર્ય કર્યા પછી મ્હેં તેમને નીચે જણાવેલો પત્ર લખ્યો હતોઃ—

"તા. ૧૫ ડીસેમ્બર, ૧૮૦૦
૫ ડબલ્યૂ. ૫૧ સ્ટ્રીટ, ન્યૂયોર્ક.

મી. એંડ્ર્યૂ કાર્નેજી.

પ્રિય મહાશય !

કેટલાક દિવસપર આપને ઘેર થએલી મુલાકાતમાં સૂચવ્યા પ્રમાણે અમારી સસ્થાના પુસ્તકાલયના મકાન માટે આપની પાસે અમે લેખી વિનતિ કરીએ છીએ.

અમારી સસ્થામા ૧૧૦૦ વિદ્યાર્થી, ૮૬ કામદાર અને શિક્ષક, કુટુબસહ છે. વિશેષમા શાળા નજીકજ સુમારે ૨૦૦ કાળા લોકો રહે છે. આ સર્વ મનુષ્યોને પુસ્તકાલયનું મકાન ઉપયોગી થશે.

અમારી પાસે ૧૨૦૦૦ પુસ્તકો, માસિકો વગેરે મિત્રો તરફથી આવેલી બક્ષિસો છે; પરતુ તેના માટ યોગ્ય સ્થાન અમારી પાસે નથી અને સારૂં વાચનાલય પણ નથી.

અમારી સસ્થાના ગ્રેજ્યુએટો દક્ષિણના દરેક ભાગમા કાર્ય કરવા જાય છે, તેથી વાચનાલયમાથી પ્રાપ્ત થતા જ્ઞાનથી સર્વ નીગ્રો જાતિની ઉન્નતિમા સહાય થશે, તેમા શકા નથી.

અમને જરૂરનું મકાન બાંધવામાં વીસ હજાર ડાલરની જરૂર પડશે. આ મકાનનુ સર્વ કામ એટલે, ઈંટો તૈયાર કરવી, કડીઆ, સુથાર અને લુહાર વગેરેનાં સર્વ કામ વિદ્યાર્થી કરશે. આપ આપશો તે ધનથી અમોને મકાન મળશે—એટલુંજ નહિ પણ મકાન બાંધતી વખતે

મકાન બાંધવામાં જરૂરના પુષ્કળ ધંધા શીખવાની વિદ્યાર્થીઓને ઉત્તમ તક પ્રાપ્ત થશે, અને કાર્ય કરી મેળવેલા પૈસાથી તેઓ શાળામાં અભ્યાસ કરી શકશે. આટલી રકમથી અન્ય કોઇ પણ જાતિની આવી ઉન્નતિ થાય તેમ મને લાગતું નથી. આપને કંઈ વિશેષ માહિતીની જરૂર હશે તો તે હું ઘણી ખુશીથી આપીશ.

આપનો નમ્ર

બૂકર ટી. વૉશિંગ્ટન–

પ્રિન્સિપાલ."

આ પત્રનો ઉલટ ટપાલે નીચે પ્રમાણેનો ઉત્તર મળ્યો:—

"પુસ્તકાલયના મકાન પ્રીત્યર્થ વીશ હજાર ડાલર સૂધીનાં બીલ જેમ જેમ આવતાં જશે તેમ તેમ હુ ઘણી ખુશી સાથે ચૂકવીશ. આપનું આ ઉદાર કાર્ય મને કેટલુ પસંદ છે, તે દર્શાવવાની તક મળ્યાથી મને અત્યાનંદ થાય છે."

મ્હારા અનુભવમાં આવ્યુ છે કે સર્વ કાર્યભાર સ્પષ્ટ અને વ્યવસ્થિત રાખવાથી શ્રીમંતોની સહાનુભૂતિ અને મદદ ઘણા ભાગે મળે છે. ટસ્કેજી સંસ્થાની આર્થિક સ્થિતિ અને અન્ય સર્વ વ્યવહાર, ન્યૂયૉર્કની કોઇ પણ પેઢીને પસંદ થાય તેવો પદ્ધતિસર રાખવાનો હું હમેશ પ્રયત્ન કરૂં છુ.

સંસ્થાને મળેલી મોટી બક્ષિસો માટે મ્હે ઉપર કહ્યું છે. અમારી સંસ્થા ઉપસ્થિત થવામા પૈસાનો ઘણોજ મોટો ભાગ સાધારણ નાની નાની બક્ષિસોથીજ થયેલો છે. ખરી લાગણી અને સહાનુભૂતિ દર્શાવનારા સેંકડો દાતાઓની નાની નાની બક્ષિસોપરજ કોઇ પણ પરોપકારનું કાર્ય બહુધા અવલંબી રહે છે. પૈસા એકઠા કરવામાં ધર્મોપદેશકોની પાછળ સહાયાર્થે સર્વ બાજુથી માગણીઓ અહર્નિશ કેવી આવે છે, તે મ્હેં જોએલી છે,

અને તેમની લાગણી તથા સહનશીલતા જોઈ મને હમેશ ઘણું આશ્ચર્ય થાય છે. અન્ય કોઇ પણ બાબતના વિચારથી ખ્રિસ્તી પ્રમાણે ઉદાર તથા પરોપકારી જીવનનુ મહત્વ મ્હારા હૃદયમા આલેખાયુ ન હોત, પણ આજ પચાસ વર્ષથી કાળા મનુષ્યોની ઉન્નતિ માટે અમેરિકાના સર્વ પંથનુ સાર્વજાનક ખ્રિસ્તી-ચર્ચનુ જે પવિત્ર કાર્ય તેઓ કરે છે, તે જોઇ હું ખ્રિસ્તી થયો છુ રવિવારની શાળા, ખ્રિશ્ચયન એન્ડેવર સોસાઇટીઓ, મિશનરી સસ્થા અને ખુદ સાર્વજનિક ચર્ચ એ સર્વથી મળતા પૈ, પૈસા, આના જેવી નાની બક્ષિસોથી નીગ્રોની ઉન્નતિ આટલી ઝપાટાબધ થાય છે.

આ નાની ભેટો વિષે કહેતા યાદ આવે છે કે ટસ્કેજીના ઘણાજ થોડા ગ્રેજ્યુએટો પોતાની વાર્ષિક ભેટ મોકલવાને ચૂકે છે પચીસ સેંટથી દશ ડાલર સુધીની આ ભેટો હોય છે

બાજા વર્ષનુ કાર્ય શરૂ થયુ ત્યારથી અમને અન્ય ત્રણ સ્થળેથી મદદ મળવા લાગી અને તે હજુ સૂધી એક સરખા મળે છે (૧) અલબામા સસ્થાનની સરકારે પોતાની વાર્ષિક મદદ બેહજારથી ત્રણ હજારની કરી; પછી કેટલાક સમય પછી તેઓએ તે રકમ સાડાચાર હજાર ડાલર સૂધી વધારી. ટસ્કેજીની રાજ્યવ્યવસ્થા-નિયામક સસ્થાના સભાસદ ઑ. એમ. એક. ફાસ્ટરે આ રકમ વધારવા ઘણો પ્રયત્ન કર્યો હતો (૨) જૉન. એફ્ સ્લેટર ફડમાથી અમોને દરવર્ષે અગીઆર હજાર ડાલર મળે છે. (૩) ત્રીજી ભેટ પીબાડી ફડમાથી મળી પ્રથમ પાચસો ડાલરજ મળ્યા; પણ ત્યાર પછી આ રકમ વધતી વધતી પદરસો ડાલર સૂધી પહોચી છે.

સ્લેટર અને પીબાડી એ બે ફડમાની સહાયાર્થે પ્રયત્ન કરવામાં મને બે અત્યુત્તમ મનુષ્યોના સહવાસનો લાભ મળ્યો હતો. આ બન્ને પુરૂષોએ નીગ્રોના શિક્ષણને સારા માર્ગે દોર્યું. એ બે પૈકી

એક વૉશિંગ્ટનના જે. એલ. એમ. કરી (એઓ બન્ને ફંડના ટ્રસ્ટી હતા) અને બીજા ન્યૂયૉર્કના મી. મૉરિસ કે. જેસપ હતા. ડૉ. કરી દક્ષિણ તરફના રહેવાસી હોઇ પૂર્વે સયુક્ત સૈન્યમાં સોલ્જર હતા; તથાપિ નીગ્રોની ઉન્નતિ માટે અતિશય લાગણી ધરાવનારા અને વર્ણ-દ્વેષથી તેમના જેવા મુક્ત રહેનારા આ દેશમા અન્ય કોઇ મળે તેમ મને લાગતુ નથી. કાળા અને ગોરાઓનો તેમનાપર સમાન વિશ્વાસ છે, એ એક તેમનામા વિશેષ ગુણ છે. તેમની અને મ્હારી પહેલી મુલાકાત હુ કદી પણ ભૂલી શકીશ નહિ ? હુ રીચમડ શહેરમા તેમને ઘેર ગયો હતો, તે પૂર્વે મ્હે તેમના સારા ગુણો માટે ઘણું સાભળ્યું હતું. તોપણ હુ તરૂણ અને અનુભવરહિત હોવાથી તેમના આગળ જવામા મને ભયથી કપારી છૂટી. ત્યારે તેઓએ મહાપ્રેમથી મ્હારો હાથ પકડયો, અને મ્હારી સાથે એટલુ બધુ મધુરૂ અને ઉત્તેજક ભાષણ કર્યું, અને આ વિષયમા મ્હારે શુ કરવુ તે સબધમા મને એટલો સારો ઉપદેશ કર્યો કે મનુષ્ય જાતના કલ્યાણ માટે સતત કાર્ય કરનાર પૈકીના તે એક છે; એવી મ્હારી તેજ સમયે ખાત્રી થઇ, અને પછી પણ મ્હારી આ માન્યતા દૃઢ થતી ગઇ.

મી. મૉરિસ કે. જેસપ સ્લેટર ફડના ખજાનદાર છે. નીગ્રોની ઉન્નતિ કયા યોગ્ય માર્ગે થાય તે તરફ પોતાના સમય અને પૈસાનો ભોગ આપનાર મી. જેસપ જેવો શ્રીમાન અને ઉદ્યોગી ગૃહસ્થ અન્ય કોઇ પણ મ્હે જોયો નથી. ગયા થોડા વર્ષોમા ઔદ્યોગિક શિક્ષણને જે કઇ મહત્વ પ્રાપ્ત થયુ છે અને તે શિક્ષણનો જે મજબૂત પાયો નખાયો છે, તેનું શ્રેય ઘણાભાગે મી. જેસપનેજ હોઇ તેમના પ્રયત્ન અને વજનથી એ સર્વ સંભવિત બન્યુ છે.

પ્રકરણ ૧૩ મું.

પાંચ મિનિટના ભાષણ માટે બે હજાર માઈલનો પ્રવાસ.

અમારૂં ભોજનગૃહ ઉઘડતાની સાથે ઘણાજ લાયક પણ શાળાનો કોઇ પણ પ્રકારનો ખર્ચ આપવાને અસમર્થ વિદ્યાર્થીઓ વસ્તિગૃહમા પોતાને દાખલ કરવા અરજીઓ મોકલવા લાગ્યા હતા. આ અરજદારોમા સ્ત્રી અને પુરૂષ બન્ને હતા આ અરજદારોની અરજ નામન્જુર કરવાનુ અમને જીવપર આવતું, તેથી ૧૮૮૪ મા થોડા મનુષ્યોની પણ વ્યવસ્થા થાય તે માટે અમે એક રાત્રિની શાળા સ્થાપન કરી.

હૅમ્પટનની શાળા પ્રમાણેજ બહુધા અહીંની રાત્રિની શાળાની વ્યવસ્થા હતી. પ્રથમ આ શાળામા બારજ વિદ્યાર્થી હતા. જે વિદ્યાર્થીઓમા શાળાનો ભોજનખર્ચ આપવાની શક્તિ નહતી તેવા વિદ્યાર્થીઓને રાત્રિની શાળામા દાખલ કરવામા આવ્યા હતા તેઓએ દિવસે દશ કલાક કામ કરવુ અને સધ્યાકાળે બે કલાક પાઠશાળામાં અભ્યાસ કરવો, એવો નિયમ રાખવામા આવ્યો હતો ભોજનખર્ચ ઉપરાંત તેમને અધિક બદલો મળતો હતો એટલે થોડી રકમ કાપી લઇ બાકી સિલક સસ્થાના ખજાનામા જમા કરવામા આવતી હતી. આ રકમનો જ્યારે તેઓ દિવસની શાળામા જતા ત્યારે તેમના

ભોજનખર્ચમાં વ્યય થતો હતો. આવી પદ્ધતિની શરૂ કરેલી રાત્રિની શાળા એટલી વધી છે કે હાલ તે શાળામાંજ સાડીચારસો વિદ્યાર્થી છે.

સંસ્થાની આ શાખા કરતાં વિદ્યાર્થીઓની યોગ્યતાની અધિક કઠિન કસોટી અન્ય ભાગ્યેજ હશે. તેમાં વિદ્યાર્થીઓની દૃઢતાની પરીક્ષા કરવાને ઉત્તમ તક મળે છે; અને તેથીજ હું રાત્રિની શાળાને આટલું મહત્વ આપું છું. સાયંકાળે પાઠશાળામાં બે કલાક શીખવાના હેતુથી જે વિદ્યાર્થી-પછી તે સ્ત્રી હો કે પુરૂષ હો ઈંટોના કારખાના અગર ધોબીખાનામાં રોજ દશ કલાક કામ કરવા એક બે વર્ષ સુધીને માટે તૈયાર હોય, તેનામા આગળ વધુ શિક્ષણ પ્રાપ્ત કરવાની સત્તા હોય છે એમ સિદ્ધ થાય છે.

રાત્રિની શાળાનુ શિક્ષણ પૂર્ણ થયા પછી વિદ્યાર્થી દિવસની શાળામા દાખલ થાય છે. તેમા તેમને અઠવાડીઆમાં ચાર દિવસ શિક્ષણ મળે છે; અને બાકીના બે દિવસ તે પોતાના ધંધાના ઉપયોગમાં લે છે. આ સિવાય ઉન્હાળાના ત્રણ માસનો પણ પોતાના ધંધામા ઉપયોગ કરે છે સાધારણ રીતે રાત્રિની શાળામાથી વિદ્યાર્થી નીકળ્યા પછી ઔદ્યોગિક અને માનસિક શિક્ષણક્રમ પૂર્ણ કરવાને તેમને સહજ માર્ગ મળે છે **વિદ્યાર્થી ગમે તેવો શ્રીમંત હોય છે પણ તેને આ સંસ્થામાં કામ કર્યા સિવાય ચાલતું નથી.** હવે ખરેખર અન્ય શિક્ષણ પ્રમાણે ઔદ્યોગિક શિક્ષણ પણ અતિ પ્રિય થયુ છે. આ સંસ્થામા ગ્રેજ્યુએટ થયેલા ઘણાએક પ્રસિદ્ધ અને યશસ્વી સ્ત્રી પુરૂષોએ રાત્રિની શાળામાજ અભ્યાસનો આરંભ કર્યો હતો.

ટસ્કેજીમા ઔદ્યોગિક શિક્ષણપર વિશેષ ભાર મૂકવામા આવે છે તોપણ ધાર્મિક કે આધ્યાત્મિક બાજુ તરફ લેશ માત્ર દુર્લક્ષ કરવામા આવતુ નથી. **શાળા કોઈ પણ એક વિશિષ્ટ સંપ્રદાયની નથી તોપણ પૂર્ણ ધાર્મિક છે.** અમારી ઉપાસના, પ્રાર્થના-સભા,

રવિવારની શાળા, ખ્રિશ્ચન એન્ડવેર સોસાઇટી, યંગમેન્સ ખ્રિશ્ચન એસોસીએશન અને અન્ય મિશનરી સંસ્થાઓ ઇત્યાદિ ઉક્ત વિધાનની ખાત્રી આપે છે.

શાળાના પ્રારંભનાં વર્ષોમા અતિ પ્રયત્ન કરી ઘણો યશ મેળવનાર મિસ ડેવિડસન સાથે ઇ સ. ૧૮૮૫ મા હુ લગ્નગ્રંથિથી જોડાયો. લગ્ન પછી પણ તેણે પોતાની સર્વ શક્તિનો વ્યય અમારા ગૃહ અને સસ્થાના કાર્યમાંજ કર્યો હતો. શાળામા કાર્ય કરવાનું તેણે ચાલુ રાખ્યુ હતું. તેટલુજ નહિ પણ ફંડ એકઠું કરવા ઉત્તર તરફ પ્રવાસ કરવાનો વહિવટ પણ તેણે ચાલુ રાખ્યો હતો. ચાર વર્ષ સસાર–સુખનો સારો અનુભવ મેળવી તથા આઠ વર્ષ સંસ્થા માટે અતિ આનદપૂર્વક સતત ઉદ્યોગ કરી ૧૮૮૯ મા તે આ લોક છોડી ગઇ ! પોતાના અત્યંત પ્રિય કાર્ય માટે પ્રયત્ન કરવામા તેણે પોતાના શરીરનો ઉપયોગ કર્યો ? તે પોતાની પાછળ બે ચાલાક અને સુદર પુત્રો મૂકી ગઇ છે. તેમનાં નામ બેકર ટેલિફરો અને અર્નેસ્ટ ડેવિડસન છે. તે પૈકી મોટા પુત્ર બેકરે ટસ્કેજીમા ઇટો તૈયાર કરવાનો ઉદ્યોગ સારો પ્રાપ્ત કરી લીધો છે.

વક્તૃત્વનો અભ્યાસ મ્હેં કેવી રીતે શરૂ કર્યો, એમ મને અનેક વખત પૂછવામા આવ્યુ છે સાર્વજનિક વ્યાખ્યાનોમા મ્હારી જીંદગીના વિશેષ મોટા ભાગનો વ્યય કરવાનું મ્હે કદી પણ યોજ્યુ નહતુ તે હું પ્રથમજ કહુ છુ હું શું કરનાર છું તે બોલી બતાવવા કરતાં તે કરી બતાવવુ મને અધિક પ્રિય છે. હુ જ્યારે જનરલ આર્મસ્ટ્રાગ સાથે ઉત્તર તરફ ગયો અને મોટા મોટા શહેરોમા સભાઓ ભરી તેમાં મ્હેં વ્યાખ્યાનો આપ્યા ત્યારે નેશનલ એજ્યુકેશન એસોસીએશનમા અધ્યક્ષ મી. થૉમસ ડબલ્યૂ. બિકનેલે એક સભામા હાજર રહી મ્હારૂ ભાષણ સાંભળ્યાનુ જણાવ્યું. કેટલાંક દિવસે

એજ્યુકેશનલ એસોસીએશનની સભામા ભાષણ કરવાને તેમણે મને • નિમંત્રણ કર્યું. આ સભા માડીસન (વિસકાનસીન) માં ભરાવાની હતી. મ્હે તેમનુ આમત્રણ સ્વીકાર્યું. એક રીતે આજ મારી વક્તૃત્વની કારકીર્દિનો આરભ હતો. •

આ સસ્થા આગળ હું ભાષણ કરતો હતો તે વખતે સુમારે ચાર હજાર મનુષ્યો ત્યા હાજર હતા. અલબામા સસ્થાનમાંથી અને ટસ્કેજીથી કેટલાક મનુષ્યો આવ્યા હતા તેની મને ખબર નહતી. "દક્ષિણના અમો ગોરા લોકોને ઘણી પુષ્પાજાલ મળવાની અપેક્ષાથી અમે સભામા ગયા હતા; પણ આપના મુખમાથી એક પણ ખરાબ શબ્દ ન નીકળેલો જોઇ અમોને અતિ આશ્ચર્ય થયુ !" એમ ગોરાઓએ પછી મને ખૂલ્લી રીતે કહ્યુ. ઉલટા દક્ષિણના લોકોએ જે સ્તુત્ય પ્રયત્ન કર્યા હતા તે માટે તેમને માન આપવામા આવ્યુ હતું ટસ્કેજી સસ્થા શરૂ કરવામાં ગોરા લોકોએ કરેલી મદદ માટે તેમને માન આપવામા આવેલુ જોઇ અમોને ઘણો અનદ અને આશ્ચર્ય થયું. એમ ટસ્કેજી કૉલેજની એક ગોરી અધ્યાપિકાએ ત્યાના વર્તમાનપત્રમાં લખ્યુ હતું જ્ઞાતિના સર્વ સાધારણ પ્રશ્ન વિષે વિવેચન યુક્ત આ મ્હારૂં પહેલુજ ભાષણ હતું. મ્હારા ભાષણની સાધારણ છટા જોઇ તથા મ્હારૂં ભાષણ સાંભળી શ્રોતાજનો ખુશ થયા હતા.

હું ટસ્કેજી પ્રથમ આવ્યો ત્યારે ગામમા ઘર કરવાનો મ્હે નિશ્ચય કર્યો હતો ગામના લોકોના સત્કૃત્યો વિષે યોગ્ય અભિમાન અને તેમનાં દુષ્કૃત્યો કે અન્યાય વિષે તિરસ્કાર ગામના ગોરાઓ પ્રમાણે મને થવા લાગ્યો. દક્ષિણમાં હું જે કઇ કહેવાને તૈયાર નહતો, તે ઉત્તર તરફના સાર્વજનિક ભાષણમાં પણ ન કહેવાનો મ્હે નિશ્ચય કર્યો હતો. કોઈ વ્યક્તિને ગાળો આપી તેમે સન્માર્ગે ચઢાવવાનુ મુશ્કેલી-ભરેલુ છે પણ તેના દોષ તરફ સર્વ લક્ષ આપવા કરતાં તેણે કરેલાં

સ્તુત્ય કૃત્યો માટે તેનું ગૌરવ કરવાથીજ તેની સુધારણા જલદી થાય છે, એ તત્ત્વ હું ઝટ શીખ્યો.

આ તત્ત્વ પ્રમાણે ચાલવામાં દક્ષિણના લોકોએ કરેલા અન્યાય વિષે યોગ્ય સમયે અને યોગ્ય રીતે ટીકા કરવાને મ્હેં કંઇ આજુબાજુ જોયું નહતું કારણકે, અન્યાય કે ભૂલભરેલા ધોરણ સંબંધી સરળ તથા પ્રમાણિક ટીકા કરવામાં આવતા દક્ષિણના અનેક લોકોને તે પસંદ પડતી હોવાનું મને જણાઇ આવેલું હતું. સાધારણ રીતે દક્ષિણના લોકો વિષે ટીકા કરવાનું યોગ્ય સ્થળ દક્ષિણનાંજ શહેરો* હતાં. પણ બોસ્ટન તેવું નહતું બોસ્ટનના લોકો માટે ટીકા કરવાની હોય તો બોસ્ટનનો મનુષ્ય અલબામામાં આવી ટીકા કરે તે કરતાં બોસ્ટનનાજ કરે તો અધિક ફાયદો થવાનો સંભવ છે.

માર્ડીમનના ભાષણમાં મ્હેં એ મુદ્દો દર્શાવ્યો કે યોગ્ય અને સરળ ઉપાયથી બન્ને જ્ઞાતિનો સંબંધ વધશે, અને પરસ્પરમાં દ્વેષભાવનાના બદલે સંપ રહે તેવું ધોરણ સર્વ જણે સ્વીકારવું જોઇએ. તેમજ મ્હેં કહ્યું કે, પોતે જે સમાજમાં રહે છે તે સમાજનું અધિકાધિક હિત જોઈ નીગ્રોએ પોતાના મત આપવા જોઇએ, પણ હજારો માઇલ દૂર રહેતા કોઇ ગૃહસ્થને ખુશ કરવા માટે પોતાના મત ગમે તેમ આપવા જોઇએ નહિ.

આ ભાષણમાં મ્હેં એમ પણ કહ્યું કે નીગ્રોનું સર્વ ભવિષ્ય એક પ્રશ્નપર અવલંબી રહેલું છે. તે પ્રશ્ન એ છે કે સમાજને પોતાની જરૂર પડે તેવું મહત્વ એકાદ નીગ્રો સ્વતંત્ર કૌશલ્ય તથા બુદ્ધિમત્તા, અને શીલના યોગથી સમાજને દર્શાવે છે કે નહિ? અન્ય કરતાં કોઇ પણ બાબત અધિક સારી કરતાં જે કોઇ શીખ્યો હોય અને સાદી બાબત પણ તે અલૌકિક રીતે કરવાની કળા જેણે સાધ્ય

* એક શહેરની ટીકા બીજા શહેરમાં કરવાનું યોગ્ય હતું.

કરી હોય, તેજ (પછી ગમે તે વર્ણનો હોય) આ પ્રશ્ન છોડાવ્યો ગણી શકાય, અને જેમ જેમ એકાદ નીગ્રો લોકોને આવશ્યક વસ્તુઓ ઉત્પન્ન કરવાને સમર્થ થશે તેમ તેમ તેની પ્રતિષ્ઠા પણ વધતી જશે, એમ પણ મ્હેં પ્રતિપાદન કર્યું હતું.

આ બાબત મ્હેં એક ઉદાહરણમાં જણાવ્યું છે કે પ્રથમ દર એકરે ૪૮ બુશલ શકરીઆ જ્યાં ઉત્પન્ન થતાં હતાં ત્યાં અમારી સંસ્થાના એક ગ્રેજ્યુએટે દર એકરે અઢીસો બુશલ શકરીઆ ઉત્પન્ન કરી બતાવ્યાં છે ખેતીની સુધરેલી પદ્ધતિ અને ખેતી સંબંધી રસાયન શાસ્ત્રના જ્ઞાનના પ્રભાવે તે તેમ કરી શક્યો છે. આસપાસના ગોરા ખેડૂતોએ તેને માન આપ્યું, અને શકરીઆના પાક વિષે કંઇ પણ શીખવાના હેતુથી તેઓ તેની પાસે ગયા હતા પોતાના જ્ઞાન અને કૌશલ્યના પ્રભાવે સમાજના વિત્તમાં તથા સુખમાં વધારો કર્યો, તેથી ગોરા ખેડૂતોએ તેનું ગૌરવ કર્યું નીગ્રોના શિક્ષણ વિષે મ્હારી કલ્પના એટલી સંકુચિત નથી કે તેમણે શકરીઆ ઉત્પન્ન કરવા અને હમેશ ખેતરમાંજ ગોંધાઇ રહેવું. પણ આવા કોઇ પણ ધંધામાં તેઓ સારો યશ મેળવી શકે તો તેથી તેમણે નાખેલા આ પાયાપરજ તેમના પુત્ર પૌત્ર આથી અધિક જ્ઞાન સંપાદન કરવાને સમર્થ થશે, એમ મ્હેં તેમને સમજાવી કહ્યું.

ઉભય જ્ઞાતિના સંબંધ વિષે આવા પ્રકારના કેટલાક મુદ્દાનું મ્હારા ભાષણમાં મ્હેં સમર્થન કર્યું ત્યારથી આ પૈકી કોઇ પણ મુદ્દાપરના મ્હારા વિચાર બદલવા યોગ્ય છે એમ કંઈ કારણ મને મળ્યું નથી.

નીગ્રો વિષે દ્વેષબુદ્ધિથી કોઇ કંઇ કડક શબ્દ બોલતો કે કાળા લોકોને ત્રાસ આપતો અગર તો સર્વ બાજુથી થતી ઉન્નતિમાં કંટક રૂપ થાય તેવા ઉપાય સૂચવતો તો તેના માટે પૂર્વે તરુણાવસ્થામાં

મ્હારા મનમાં ખરાબ વિચાર આવતા હતા; પણ હવે અન્ય કોઇની ઉન્નતિમાં કંટકરૂપ થનાર ઉપાયોનું સમર્થન કરતાં હું કોઇને સાંભળું છું તો મને તેની દયા આવે છે. કારણ કે હું જાણું છું કે તેને પોતાની ઉન્નતિ કરી લેવાની સંધિ નહિ મળવાથી તે આવી ભૂલ કરે છે, વિશેષમાં જગતની-લોકોની પ્રગતિ અટકાવવાને વ્યર્થ પ્રયત્ન તે કરે છે; અને મનુષ્ય જાતનો વધારો એક સરખો થતો હોવાથી તેઓ પોતાની ક્ષુદ્ર અને સંકુચિત કલ્પનાઓ માટે પાછળથી શરમાશે, એવી મને ખબર હોવાથી તેમની મને ઘણી દયા આવે છે. અધિક જ્ઞાન, સુધારણા (સંસ્કૃતિ), કૌશલ્ય, સ્વાતંત્ર્ય, પરસ્પર સહાનુભૂતિ અને બંધુત્વ ઇત્યાદિ બાબતોમાં **મનુષ્ય જાતની જે ઉન્નતિ થાય છે, તેને અટકાવવી તે એક રેલ્વે સડકપર આડા પડી આગગાડીનો વેગ બંધ કરવા જેવુંજ છે.**

માડિસનમાં નેશનલ એજ્યુકેશનલ સંસ્થા આગળ થયેલા મ્હારા ભાષણથી ઉત્તર અમેરિકામાં મ્હારી ઘણીજ પ્રસિદ્ધિ થઇ, અને ત્યાં શ્રોતાજનો સન્મુખ ભાષણ આપવાના પ્રસંગો મને ઘણા આવવા લાગ્યા.

દક્ષિણના સર્વ વર્ગના ગોરાઓ સન્મુખ ભાષણ કરવાનો માર્ગ પણ ખુલ્લો થવાની મને આશા થવા લાગી. આવા પ્રકારની થોડી તક ઇ. સ. ૧૮૯૩ માં મને મળી. આ સાલે સર્વ રાષ્ટ્રમાંના ખ્રિસ્તિ કામદારો-મિશનરીઓની સભા અટલાંટામાં ભરવામાં આવી હતી. મને આ સભામાં હાજર રહી ભાષણ કરવાનું આમંત્રણ આવ્યું ત્યારે હું બોસ્ટનમાં અન્ય કાર્યમાં રોકાએલો હતો. અટલાંટા જઈ ભાષણ કરવાનું બહુધા અશક્યજ મને લાગ્યું. તોપણ કાર્યનું સ્થાન અને સમય (તારીખ) લક્ષપૂર્વક તપાસી જોતાં મને જણાયું કે, બોસ્ટનથી અટલાંટા મ્હારા ભાષણ પહેલાં અર્ધો કલાક અગાઉ હું જઇ શકીશ; અને પરત બોસ્ટન આવતી આગગાડીમાં બેસતા પહેલાં આશરે એક

કલાક મને ત્યાં રહેવાનો સમય મળશે. પાંચ મિનિટમાં મ્હારે મ્હારૂં ભાષણ પૂર્ણ કરવાનુ મને આમંત્રણપત્રિકામાં સૂચવવામાં આવ્યું હતું. આટલા દૂરના પ્રવાસનો ત્રાસ સહન કરવા જેટલું મહત્વનું પાંચ મિનિટના ભાષણમાં હું કંઈ કહી શકીશ કે નહિ એટલોજ હવે પ્રશ્ન રહ્યો હતો.

ગોરા સ્ત્રી પુરૂષ પૈકી ઘણાજ મોટા અને વજનદાર મનુષ્યોને ટસ્કેજીમાં અમો શું કરીએ છીએ તેની માહિતી આપવાની, તેમજ જ્ઞાતિના સંબંધ વિષે તેઓને બે શબ્દ કહેવાની અમૂલ્ય તક આજ છે, એમ મને ખબર હોવાથી મ્હે તે લાંબી મુસાફરી કરવાનો ઠરાવ કર્યો. દક્ષિણના અને ઉત્તર તરફના ગોરા લોકોના આશરે ૨૦૦૦ શ્રોતાજનો સમક્ષ મ્હે પાંચ મિનિટ ભાષણ કર્યું. મ્હારૂં ભાષણ તેમની પસંદગી મેળવી શક્યુ; અને તેથી તેમના હૃદયમાં આનંદનું સ્ફુરણ થયું. બીજે દિવસે અટલાંટાના વર્તમાનપત્રોમાં મ્હારા ભાષણ વિષે અનુકૂળ અભિપ્રાય પ્રકટ થયા; અને દેશના જુદા જુદા ભાગમાં તે વિષે ઘણી ચર્ચા થઈ દક્ષિણના શ્રેષ્ઠ અને સત્તાધારી વર્ગને મ્હારૂં ભાષણ સંભળાવવાની ઉત્તમ તક મને મળી, અને કેટલાક અંશે મ્હારો હેતુ સફળ થયો હોય તેમ મને લાગ્યું

મને મ્હારા લોકો તરફથી અને ઉત્તર તરફના ગોરાઓ તરફથી સાર્વજનિક વ્યાખ્યાન માટે એક સરખાં આમંત્રણ આવવા લાગ્યાં. ટસ્કેજીમાં જરૂરી કામ કરતાં મચેના સમયનો મ્હે આ વ્યાખ્યાનો આપવામાં ઉપયોગ કર્યો સંસ્થાના સહાયાર્થે ફંડ એકત્ર કરવા માટેજ મ્હે ઉત્તર તરફના પ્રદેશમાં અનેક વ્યાખ્યાનો આપ્યાં હતાં કાળા લોકો સન્મુખ આપેલાં વ્યાખ્યાનોનો મુખ્ય હેતુ ધાર્મિક અને બુદ્ધિ-વિષયક શિક્ષણ તેમજ ઔદ્યોગિક અને શિલ્પકળાના શિક્ષણનું મહત્વ તેમના હૃદયમાં સારી રીતે સ્થાપન કરવાનો હતો. હવે મ્હારા જીવનના એક

મોટા પ્રસગ તરફ હુ ધ્યાન ખેચુ છુ. આ પ્રસંગથી લોકોમાં ઘણી ચળવળ પ્રસરી ગઈ, અને એક બીજી રીતે મ્હારી કીર્તિ સર્વ રાષ્ટ્રમાં પ્રસરી; એ પ્રસગ તે એ હતો કે અટલાટાના રાષ્ટ્રીય પ્રદર્શનમા તા. ૧૮ સપ્ટેમ્બર સન ૧૮૯૫ ના દિવસે મ્હારૂ ભાષણ થયુ હતું. આ પ્રસગની ચર્ચા એટલી તો થઇ હતી અને આ મ્હારા ભાષણ માટે એટલા તો પ્રશ્ન મને પૂછવામા આવ્યા છે કે તે વિષે થોડી પણ સવિસ્તર માહિતી આપવી ક્ષમ્ય ગણાશે એમ હું માનુ છુ.

બોસ્ટનથી અટલાટા આવી આપેલુ પાચ મિનિટનુ ભાષણજ ઘણા ભાગે મ્હારા અટલાટાના બીજા ભાષણનુ મુખ્ય કારણ હોવું જોઇએ. અટલાટામા ભરાનારા પ્રદર્શનમા સરકારની મદદ મેળવવા માટે કૉંગ્રેસ કમિટી તરફ વૉશિગ્ટન ગામના પ્રતિનિધિઓ સાથે જવા માટે અટલાટાના આગેવાન ગૃહસ્થો તરફથી ઇ સ ૧૮૯૫ ની વસત ઋતુમાં મ્હારાપર તાર આવ્યો પચાયત–ડેપ્યુટેશનમા જ્યોર્જીઆના પચીસ આગેવાન અને શ્રીમત ગોરા મનુષ્યો હતા. બિશપ ગ્રાંટ, બિશપ ગેનિસ અને હું, એ ત્રણ સિવાય પચાયતમાના તમામ મનુષ્યો ગોરા હતા. શહેરના મેયર (શેરીફ) તથા અન્ય શહેરના તેમ સસ્થાનના કામદારો કમિટી આગળ બોલ્યા, તેમની પછી બે કાળા બિશપોના ભાષણ થયા હતા વકતાની યાદીમા મ્હારૂ નામ છેવટે હતું આવી કમિટી આગળ પૂર્વે હું કદી પણ ગએલો નહતો; અને રાજ્યધાનીમા મ્હે કોઇ પણ વખતે ભાષણ કર્યું નહતું. મ્હારે શુ બોલવુ અને મ્હારા ભાષણનુ પરિણામ શુ આવશે તે વિષે મ્હારા અતકરણમા ઘણી શંકાઓ ઉદ્દભવી હતી. મ્હારૂ સવિસ્તર ભાષણ હવે મને યાદ આવતું નથી; તોપણ દક્ષિણના લોકોએ આ જ્ઞાતિ–વિષયક પ્રશ્નનો નિર્ણય કરવો અને ઉભય જ્ઞાતિમા સલાહ થાય એવી જો કૉંગ્રેસની ઇચ્છા હોય તો કૉંગ્રેસે ઉભય જ્ઞાતિની સાંપત્તિક અને બૌધિક પ્રગતિને હરેક

યોગ્ય માર્ગે ઉત્તેજન આપવું, એમ બનતી સહેલી અને હૃદયદ્રાવક ભાષામાં કૉંગ્રેસના હૃદયમાં સ્થિર કરવાનો પ્રયત્ન મ્હેં કર્યો હતો. હાસ્ય-વિમોચન પછી ઉભય જ્ઞાતએ પોતપોતાની કેટલી પ્રગતિ કરેલી છે તે દર્શાવવાની તક અને તે સાથેજ આથી અધિક ઉન્નતિ કરવામાં ઉત્તેજન અટલાંટા-પ્રદર્શનથી મળશે એમ મ્હે કહ્યુ.

નીગ્રોનો મત આપવાનો અધિકાર કપટ અગર લબાડીથી નષ્ટ કરશો નહિ! કેવળ રાજકીય ચળવળથીજ તેમનો ઉદ્ધાર થવાનો નથી; **મત આપવાના હક્ક પાછળ ઉદ્યોગ, કૌશલ્ય, કરકસર, બુદ્ધિમત્તા અને શીલની મદદની જરૂર છે.** અને આ બાબતો સિવાય કોઇ પણ જ્ઞાતિનુ કાયમનુ કલ્યાણ થશે નહિ, તે મ્હે જોરથી સમજાવવાનો પ્રય ન કર્યો હતો માગણી કરેલી રકમ મંજુર કરવાથી કૉંગ્રેસે ઉભય જ્ઞાતિનું ખરેખર કાયમનુ હિત કર્યા જેવુ થશે; અને સિવિલ-વૉર પૂર્ણ થયા પછી લોકોને મળેલી આવા પ્રકારની આ પહેલીજ તક છે તેમ પણ મ્હે કહ્યુ

હુ પદર વીસ મિનિટ બોલ્યો અને મ્હારૂ ભાષણ પૂર્ણ થયા પછી જોર્જીઆની પચાયતે અને હાજર રહેના કૉંગ્રેસના સભાસદોએ મને અ તકરણપૂર્વક અભિનદન આપ્યુ; તે જોઇ મને ઘણું આશ્ચર્ય થયુ. કમિટીએ એકમતથી અનુકૂળ રીપોર્ટ કર્યો, અને થોડાજ દિવસમા તેઓએ કરેલી સૂચના કૉંગ્રેસે પસાર કરી તેથી અટલાટા-પ્રદર્શનની કીર્તિને ઘણાભાગે નિશ્ચિત સ્વરૂપ પ્રાપ્ત થયુ.

વૉશિ ગ્ટનનો પ્રવાસ પૂર્ણ થયા પછી સ્વાતન્ત્ર્ય મળ્યુ, ત્યારથી નીગ્રોની ઉન્નતિ કેવી થતી ગઇ છે તે દર્શાવવા માટે એક મોટી અને મોહક હવેલી પ્રદર્શનમા બાંધવાથી તે જ્ઞાતિનું યોગ્ય સન્માન કર્યા સમાન થશે; એવો પ્રદર્શનના વ્યવસ્થાપકોએ તરતજ નિશ્ચય કર્યો. આ મકાનનો નકશો નીગ્રોએજ તૈયાર કરવો અને મકાન પણ

તેઓએજ બાંધવું એમ ઠરાવવામા આવ્યું. આ યોજનાનો અમલ કરવામાં આવ્યો. રચના, સૌંદર્ય અને સફાઈ ઇત્યાદિ બાબતમાં નીગ્રોની ઇમારત પ્રદર્શનમાંનાં અન્ય મકાનોને મળતીજ હતી.

નીગ્રોનો પદાર્થસંગ્રહ જૂદોજ મૂકવાનું ઠરાવવામા આવ્યા પછી તે ઉપર દેખરેખ કોની રાખવી, તે વિષે પ્રશ્ન ઉપસ્થિત થયો. મ્હારે તે જવાબદારી લેવી એવી પ્રદર્શનના વ્યવસ્થાપકોની ઇચ્છા જણાઇ. પણ ટસ્કેજી સંસ્થાને આ સમયે મ્હારી શક્તિ અને સમયની અપેક્ષા હોવાથી મ્હે આ માન સ્વીકારવા ના પાડી બહુ કરી મ્હારી સૂચનાપરથી નિચમર્ગના મી. આય ગાર્ગેંડપેનને નીગ્રોના પદાર્થસંગ્રહપર કૅપ્ટન તરીકે નીમવામાં આવ્યા. મ્હે તેઓને બનતી મદદ કરી હતી. નીગ્રોનો પદાર્થસંગ્રહ ઘણો મોટો અને પ્રેક્ષણીય હતો હૅમ્પટન અને ટસ્કેજીની સંસ્થાએ મોકલેલી બે વસ્તુ તરફ સર્વનું લક્ષ અતિશય ખેચાયુ. નીગ્રોનો પદાર્થસંગ્રહ જોઇ દક્ષિણના ગોરાઓને અત્યાનંદસહ આશ્ચર્ય થયુ

પ્રદર્શન ખુલ્લુ મૂકવાનો દિવસ નજીક આવવાથી વ્યવસ્થાપક મંડળે શરૂઆતનુ કાર્ય તૈયાર કરવા માંડયુ કાર્યક્રમ વિષે રોજ ચર્ચા ચાલતાં જે માટે પ્રદર્શનના મહત્વનો ભાગ નીગ્રોને લેવા કહેવામાં આવ્યુ છે તે અર્થે શરૂઆતના દિવસે તેમાના કોઇએકને ભાષણ કરવા કહેવુ ઇષ્ટ છે કે નહિ એવો પ્રશ્ન ઉપસ્થિત થયો આ રીતે તેઓને માન આપવાથી ઉભય જ્ઞાતિમા સારો સંપ દર્શાવી શકાશે; એમ પણ કહેવામા આવ્યુ હતું નીગ્રોને આવું માન આપવા વિરૂદ્ધ કેટલાએક મનુષ્યો હતા, તોપણ વ્યવસ્થાપક મંડળમા દક્ષિણના ઉત્તમ અને ઉદાર અંતઃકરણના પુરૂષો હોવાથી તેઓએ પ્રારંભના દિવસે એક ભાષણ કરવા નીગ્રોને આમંત્રણ આપવાનું ઠરાવ્યુ નીગ્રો જ્ઞાતિના કયા પુરૂષને આ માન આપવું એવો બીજો પ્રશ્ન વિચારમાટે

ઉપસ્થિત થયો. ઘણા દિવસ આ વિષે વાદવિવાદ થયા પછી વ્યવસ્થાપકોએ એકમતે મને શરૂઆતના દિવસે એક ભાષણ કરવા કહેવાનું ઠરાવ્યુ. અને થોડાજ દિવસમા મને યોગ્ય અધિકારીદ્વારા આમત્રણ પણ આવ્યુ.

આ આમત્રણથી મ્હારાપર કેટલી જવાબદારી આવી પડી તેની મ્હારા જેવી પરિસ્થિતિમા ન હોય તેવા મનુષ્યને કલ્પના થવી ઘણી કઠિન છે. આમત્રણ આવ્યા પછી મ્હારા મનમા કેવા વિચાર રમી રહ્યા હતા? હુ ગુલામ હતો, મ્હારી બાલ્યાવસ્થા અત્યત દારિદ્ર અને અજ્ઞાનતામા ગએલી હતી, આવી જવાબદારીના કાર્ય માટે મને પોતાને તૈયાર થવાની ઘણીજ થોડી તક મળેલી હતી; તે સર્વ મને યાદ આવ્યુ થોડા વર્ષો પૂર્વે મને "અમારો ગુલામ" કહેવાનો હક ધરાવનારા અમારા માલિકો પૈકી કેટલાએક આ સભામા મ્હારૂ ભાષણ સાંભળવા હાજર રહે તેવો સભવ હતો.

કોઇ પણ મહત્વના રાષ્ટ્રીય કાર્યમા દક્ષિણના ગોરા સ્ત્રીપુરૂષો સન્મુખ એક પ્લૅટફૉર્મપર મને ભાષણ કરવા દેવાનો નીગ્રોના ઇતિહાસમા પ્રથમ પ્રસગ છે તે પણ હુ જાણતો હતો. મ્હારા પૂર્વના માલીકના પ્રતિનિધિ (વશજ), દક્ષિણના સુશિક્ષિત વિદ્વાન અને શ્રીમત શ્રોતાઓ સન્મુખ હમણાં ભાષણ કરવાનુ મને કહેવામાં આવ્યુ હતું. શ્રોતાઓમાં ઘણો ભાગ દક્ષિણના ગોરાઓનો હશે, તથાપિ ઉત્તરમા ઘણાજ ગોરાઓ અને મ્હારી જ્ઞાતિના પણ ઘણા સ્ત્રી પુરૂષ હાજર રહેશે, એમ મને સમજાયુ હતું.

મ્હારા અંતઃકરણથી જે કઇ મને સત્ય અને યોગ્ય લાગે નહિ તેવું કઇ પણ કહેવું નહિ એવો મ્હે નિશ્ચય કર્યો. આમંત્રણ આપતી વખતે મ્હારે શું બોલવું અગર શું નહિ બોલવું તે વિષે મને કંઇ પણ સૂચના કરવામા આવી નહતી. તેમાં વ્યવસ્થાપક મંડળે મ્હારી

પ્રતિષ્ઠા ખાળવી હોય તેમ મને લાગ્યુ. એકજ વાક્યથી મ્હેં તેમના પ્રદર્શનની સફળતાનો ઘણા ભાગે ભંગ કર્યો હોત તે તેઓની જાણમાં હતું મ્હારા ભાષણમા મને ઇમાનથી મ્હારી જ્ઞાતિની પ્રતિષ્ઠા સાચવવાની જરૂર હતી પણ જો મ્હારૂં ભાષણ અપ્રાસંગિક થશે તો હવે પછી કેટલાક વર્ષસુધી કોઇ પણ કાળા મનુષ્યને આવું આમંત્રણ થશે નહિ, તેવુ મ્હારી જાણ બહાર નહતું પણ ઉત્તર તરફના લોકો વિષે તેમજ દક્ષિણના સારા સારા લોકો માટે સર્વ સત્ય કહેવાનો મ્હે નિશ્ચય કર્યો હતો.

ઉત્તર અને દક્ષિણના વર્તમાનપત્રોમા મ્હારા ભાવી ભાષણ સબંધી ચર્ચા શરૂ થઇ હતી અને ભાષણનો દિવસ નજીક આવતાજ તે સર્વત્ર પ્રસરી ગઇ દક્ષિણના ઘણા ગોરાઓના વર્તમાનપત્રો હું ભાષણ કરીશ તેની કલ્પનાની વિરૂદ્ધ હતા. મ્હારે શુ બોલવુ તે વિષે મ્હારી જ્ઞાતિ તરફની મને ઘણી સૂચનાઓ થઇ, મ્હારા ભાષણની મ્હે બનતી તૈયારી કરી હતી પણ સપ્ટેમ્બરની ૧૮ મી તારીખ જેમ જેમ નજીક આવતી ગઇ, તેમ તેમ મ્હારો પ્રયત્ન નિષ્ફળ થઇ સર્વત્ર નિરાશા પ્રસરશે એમ મને લાગી મ્હારૂં અંતઃકરણ પાછું પડવા લાગ્યુ

આમંત્રણ આવ્યુ ત્યારે સંસ્થાનો વર્ષારંભ હોવાથી હું શાળાના કાર્યમા નિમગ્ન હતો વિશેષ મહત્વના ભાષણો મ્હારી પત્નીને-મિસિસ વૉશિંગ્ટનને-હું વાચી બતાવતો હતો તે પ્રમાણે આ ભાષણ તૈયાર થયા પછી મ્હે તેને વાચી સંભળાવ્યુ તે તેણે પસંદ કર્યું. અટલાંટા જવાના આગલા દિવસે એટલે તા. ૧૬ સપ્ટેમ્બરના દિવસે ટસ્કેજી સંસ્થાના ઘણા શિક્ષકોએ મ્હારૂં ભાષણ જોવાની ઇચ્છા પ્રદર્શિત કર્યાથી મ્હે તે સર્વ શિક્ષકોને વાચી બતાવ્યુ. તેઓની ટીકા સાંભળ્યા પછી મ્હારૂં હૃદય થોડું હલકું અને શાંત થયુ. કારણ કે મ્હારૂં ભાષણ તે સર્વની પસંદગી મેળવી શકયુ હતું. તા. ૧૭ સપ્ટેમ્બરને દિવસે

પ્રાતઃકાળે હું, મ્હારી પત્ની અને ત્રણ છોકરાસહ અટલાંટે જવા નીકળ્યો. વધસ્તભ (વધ કરવાનો સ્થંભ) તરફ લઈ જનારા મનુષ્યના જેવી ઘણા ભાગે મ્હારી સ્થિતિ થઇ ટસ્કેજીમાંથી જતી વખતે નજીક ગામડામા રહેનારો એક ગોરો ખેડુત મને મળ્યો; અને કહ્યું કે "વૉશિગ્ટન! ઉત્તર તરફના ગોરાઓ આગળ, દક્ષિણના નીગ્રો આગળ અને ગામડાના મારા જેવા દક્ષિણના ગોરાઓ આગળ તે ભાષણ કરેલાં છે પણ કાલે અટલાંટામા ઉત્તર તરફના ગોરા, દક્ષિણના ગોરા અને નીગ્રો ત્હારૂં ભાષણ સાભળવા એકત્ર થશે તેપરથી તુ ઘણાજ પ્રપંચમાં સપડાયો હોવાનુ મને લાગે છે." આ ગોરા ખેડૂતે મ્હારી આતરિક સ્થિતિની પરીક્ષા બરોબર કરી હતી પણ તેની સ્પષ્ટોક્તિથી મ્હારા હૃદયને કઇ ધૈર્ય પ્રાપ્ત થયુ નહિ.

ટસ્કેજીથી અટલાંટા તરફ જતી વખતે રસ્તામાં સ્થળે સ્થળે કાળા ગોરા મનુષ્યો અમારા ડબા તરફ આવી મ્હારા તરફ આગળી કરતા, અને આવતી કાલે શુ થવાનુ છે તે વિષે મને સભળાય તેવી ચર્ચા કરતા હતા. અટલાંટામા એક કમિટી અમોને લેવા માટે આવી હતી ગાડીમાંથી ઉતરતાંજ નજીક ઉભા રહેલા એક કાળા મનુષ્યના મુખમાથી "કાલે પ્રદર્શનમા ભાષણ કરનારો અમારી જ્ઞાતિનો મનુષ્ય તે આજ છે અને તેનુ ભાષણ સાભળવા હું અવશ્ય જઇશ" એવા નીકળેલા શબ્દ પ્રથમ મ્હારા કર્ણપટે આવ્યા.

દેશના સર્વ ભાગમાથી આવેલા મનુષ્યો, પરરાજ્યની સરકારના પ્રતિનિધિ, તેમજ નાગરિક અને લશ્કરી સસ્થાથી અટલાંટા ગામ ખીચોખીચ ભરાઇ ગયુ હતું. બીજે દિવસે શુ શુ બનાવ બનશે તે વિષે સધ્યા સમયના પત્રમા મોટા મોટા મથાળાવાળા લેખો આવ્યા હતા આ સર્વથી મ્હારા હૃદયપરનો બોજો અધિક વધતો ગયો. તે રાત્રિએ મને શાંત નિદ્રા મળી નહિ. બીજા દિવસે સવારે મ્હારૂં ભાષણ મ્હેં કાળજીપૂર્વક

તપાસી જોયું. ઘુંટણીએ પડી મ્હેં પરમેશ્વર પ્રતિ પ્રાર્થના કરી, અને મ્હારા પ્રયત્નને યશ મળે તેવો આશીર્વાદ માગ્યો. આ સ્થાને મ્હારે કહેવું જોઇએ કે, પરમેશ્વરની મ્હારા ભાષણપર કૃપા થાય તેવી પ્રથમ તેની પ્રાર્થના કર્યા સિવાય કોઈ પણ પ્રસગે જનસમૂહ સન્મુખ જવુ નહિ એવો મ્હારો નિયમ છે.

દરેક ભાષણની હુ હમેશ વિશેષ તૈયારી કરૂ છુ, કારણ કે બન્ને શ્રોતા–જનસમૂહ કોઇ પણ વખતે સમાન હોતા નથી. અમારા પ્રિય મિત્રને જે પ્રમાણે અમે અમારા સર્વ હિતની બાબતો કહીએ છીએ તે પ્રમાણે શ્રોતા પૈકી દરેક વ્યક્તિના હૃદય સાથે જઇ મળવાનો મ્હારો હમેશ ઉદ્દેશ હોય છે. હુ એકાદ જનસમૂહના સન્મુખ બોલતી વખતે મ્હારૂં ભાષણ વર્તમાનપત્રમા કેવુ દેખાશે? અન્ય શ્રોતાઓ અગર વ્યક્તિને તે કેવુ પ્રિય થશે? તેનો કઇ વિચાર કરતો નથી કે પરવા કરતો નથી, પણ મ્હારી સહાનુભૂતિ, મ્હારા વિચાર, મ્હારી શક્તિ ઇત્યાદિ સર્વ કઇ તે વખતે સન્મુખ રહેલા શ્રોતાઓમા લીન થઇ જાય છે.

તે દિવસે પ્રદર્શનના સ્થાને મને સન્માનપૂર્વક જલદી લઇ જવા માટે એક કમિટી મ્હારી પાસે આવી હતી; અને આ સરઘસમા પુષ્કળ આગેવાન નીગ્રો ગૃહસ્થો ગાડીમા બેસી જતા હતા, અને પુષ્કળ લશ્કરી નીગ્રોની ટુકડીઓ પણ સાથે હતી સરઘસમા કાળા મનુષ્યોને યોગ્ય સ્થાન આપવામા આવ્યુ છે કે નહિ, અને તેઓને યોગ્ય રીતે લઇ જવામા આવે છે કે નહ તે વિષે પ્રદર્શનના અધિકારીઓ વિશેષ કાળજી ધરાવતા હોવાનુ મને જણાઇ આવ્યુ. પ્રદર્શનના સ્થાને જઇ પહોચવામા સરઘસને ત્રણ કલાક લાગ્યા હતા. આટલો બધો સમય તાપનો અસહ્ય માર અમોને સહન કરવો પડયો હતો. પ્રદર્શનના સ્થાને ગયા પછી તાપના ત્રાસ અને માનસિક બાધા (ચિંતા)થી હુ એટલો કટાળી ગયો કે હવે હુ એકદમ નિર્માલ્ય

બની જઉં છુ કે શુ ? એમ મને લાગ્યું. દિવાનખાનામાં જતા સર્વ દિવાનખાનું તળે ઉપર મનુષ્યોથી ખીચોખીચ ભરાયલું અને અંદર ન પેસી શકવાથી હજારો મનુષ્યો બહાર ઉભા રહેલા મને જણાઇ આવ્યા.

દિવાનખાનુ અતિ પ્રશસ્ત-વિશાળ હતું. વકતૃત્વ માટે આ જગ્યો યોગ્ય હતી. હુ અંદર જવાની તૈયારીમા હતો તે વખતે કાળા લોકોએ તાળીઓનો અવાજ જોસભેર ચલાવ્યો, અને કેટલાક ગોરાઓ તરફથી પણ મંદ ઘોષ થયો. આગલા દિવસે અટલાટામાં મને કહેવામા આવ્યુ હતું કે અનેક ગોરાઓ ગમ્મત ખાતર મ્હારૂં ભાષણુ સાંભળવા આવનાર છે તેમજ મ્હારા માટે સહાનુભૂતિ ધરાવનારા મનુષ્યો પણુ હાજર રહેનાર છે, અને તે કરતા પણુ અનેક શ્રોતા હું મ્હારી મૂર્ખતાનું પ્રદર્શન કેવુ કરૂં છુ અથવા નિદાન કેટલીએક ગાંડાઇ ભરેલી બાબતો કેવી રીતે બોલું છુ તે સાભળી “ અમે એવુ ભવિષ્યજ ભાખ્યુ હતું ” એમ મને આમંત્રણુ કરનારા વ્યવસ્થાપકોનું હૃદય ભેદાય તેવું બોલવા માટેજ આવેલ હતા.

ટસ્કેજી સંસ્થાના એક ટ્રસ્ટી અને મ્હારા પોતાના મિત્ર તે વખતના દક્ષિણની રેલવેના મેનેજર મી. વીલિયમ એચ. બાલ્ડવીન તે દિવસે અટલાટામા આવ્યા હતા. મ્હારૂં સ્વાગત કેવુ થશે, મ્હારા ભાષણનુ પરિણામ શુ આવશે, તે વિષે તે એટલા સંશયયુક્ત અને ભયભીત બન્યા કે તેઓ અંદર આવવાનું ધૈર્ય ધારી શક્યા નહિ; અને શરૂઆતનો કાર્યક્રમ પૂર્ણ થતા સુધી તેઓએ બહાર મેદાનમાં આમ તેમ ફર્યા કર્યું !

પ્રકરણ ૧૪ મું.

અટલાંટા પ્રદર્શનનું ભાષણ.

નીગ્રો જ્ઞાતિ તરફથી અટલાંટા પ્રદર્શનમાં ભાષણ કરવાને મને આમંત્રણ કરવામાં આવ્યું હતું, તે મ્હેં પાછલા પ્રકરણમાં કહ્યું છેજ. ગવર્નર બુલકે થોડુંક પ્રાસ્તાવિક ભાષણ કરી પ્રદર્શન ખુલ્લું મૂક્યું. જોર્જીઆના બિશપ નેલ્સનની પ્રાર્થના, આલ્બર્ટ હાવેલનું સ્તોત્ર, પ્રદર્શનના અધ્યક્ષ અને સ્ત્રીમંડળના અધ્યક્ષ મિસિસ જોસેફ થૅામસનના ભાષણો, ઇત્યાદિ કાર્યક્રમ પૂર્ણ થયા પછી ગવર્નર બુલકે શ્રોતાઓને મ્હારી ઓળખ આપતાં કહ્યું કે "નીગ્રો-સંસ્કૃતિ અને નીગ્રો-સાહસ-પ્રીતિના પ્રતિનિધિ આ જે અમારી સાથે છે તે હવે ભાષણ કરશે."

હું જ્યારે બોલવા ઉઠયો ત્યારે તાળીઓનો ગગડાટ વિશેષતઃ કાળાઓ તરફથી થયો. ઉભય જ્ઞાતિમાં સંપ રહે અને તેમનામાં સારૂં સહકારિત્વ હોવું જોઇએ એવું કંઇ પણ મ્હારે કહેવું એજ કલ્પના મ્હારા મનમાં તે સમયે હતી, એવું મને હાલ પણ યાદ આવે છે. બાહ્ય પરિસ્થિતિ વિષે હાલ મને એટલુંજ યાદ આવે છે કે જ્યારે હું બોલવા ઉભો થયો, ત્યારે હજારો નેત્રો મ્હારાં મુખ તરફ ટીકી ટીકીને જોતાં હતાં, એમ મને દેખાયું હતું. તે સમયનું મ્હારૂં ભાષણ નીચે પ્રમાણેનું હતું:—

"માન્યવર અધ્યક્ષ, વ્યવસ્થાપક મંડળના ગૃહસ્થો અને નાગરિકો! દક્ષિણની જનસંખ્યામાં એક તૃતીયાંશ નીગ્રો જ્ઞાતિ છે. દક્ષિણના લોકોની સાંપત્તિક, સામાજિક અને નૈતિક ઉન્નતિ કરવા ઇચ્છનાર કોઇ પણ અંગીકૃત કાર્યમાં લોકસંખ્યાના આ ભાગ તરફ દુર્લક્ષ્ય કરવાથી પૂર્ણ સફળતા મેળવી શકશે નહિ. આ ભવ્ય પ્રદર્શનના વ્યવસ્થાપકોએ ક્રમેક્રમે નીગ્રોના પરાક્રમ અને તેમના મહત્વને જેવુ યોગ્ય અને ઉદાર માન આપ્યુ છે, તેવુ અન્ય કોઇએ પણ આપેલુ નહિ હોવાની મ્હારી જ્ઞાતિની સમજ હોઇ, તે અધ્યક્ષ સાહેબ અને વ્યવસ્થાપક મંડળના ગૃહસ્થો! આપના આગળ હુ વ્યક્ત કરૂં છુ. અમોને સ્વતંત્રતા મળી ત્યારથી અન્ય કોઈ પણ બનાવ કરતાં અમને મળેલા આ માનથી ઉભય જ્ઞાતિની મૈત્રી અધિક સારી રહેશે; એમ મને લાગે છે. "વિશેષમા અમને અત્રે મળેલી સંધિ અમારી ઔદ્યોગિક પ્રગતિનો નૂતન શક શરૂ કરશે" સ્વતંત્રતા મળ્યા પછી નૂતન જીવનક્રમના પ્રારંભમા—શરૂઆતના વર્ષોમા અમો અજ્ઞાન અને અનુભવહીન હોવાથી 'પ્રથમ શિખર અને પછી પાયો' એવી અમારી ઉંધી સ્થિતિ થઇ, તેમા કઇ આશ્ચર્ય જેવુ નથી. માલમત્તા અને ઔદ્યોગિક પ્રાવીણ્ય માટે કોંગ્રેસમા અને કાયદા કાનૂન કરનારી સંસ્થાની જગ્યાઓ મેળવવા તરફ લોકોની પ્રવૃત્તિ થવા લાગી! દૂધના કારખાના અને ભાજીપાલાની વાડીઓનું કાર્ય શરૂ કરવા કરતા રાજકીય સભા તથા રસ્તાપરના ભાષણોજ અમારા લોકોને પ્રિય લાગવા માડયા!"

"એક વખત સમુદ્રમાં કેટલાક દિવસથી માર્ગ ભૂલેલા એક વહાણને અન્ય એક સ્નેહી વહાણ દૃષ્ટિએ પડયુ. તે સમયે 'પાણી, પાણી, અમે તૃષાથી પીડાઇએ છીએ!' એવી દીન સ્થિતિસૂચક ધ્વજા તે ભાગ્યહીન વહાણપર ફરકવા લાગી. 'તમે છો ત્યાંજ ડોલ

નાખો,' એવો તે સ્નેહી વહાણે ઉત્તર આપ્યોઃ 'પુનઃ પાણી જોઇએ, પાણી મોકલો!' એવી સૂચના પ્રથમના વહાણે કરી. ત્યારે પણ 'છો ત્યાંજ ડોલ નાખો' એવોજ તેમને ઉત્તર મળ્યો. ત્રીજી અને ચોથી નિશાનીનો પણ પુન તેજ ઉત્તર મળેલો જોઈ તે સૂચના પ્રમાણે પ્રથમના વહાણના કપ્તાને ડોલ નીચે નાખી અને તેણે તે ખેંચી જોયુ તો, અમેઝાન નદીના મુખનું સ્વચ્છ, મીઠું અને તાજુ પાણી તેમા ભરાઇ આવ્યુ! મ્હારી જ્ઞાતિ પૈકી જે લોકો દક્ષિણના ગોરાઓ સાથે મૈત્રી કરવી ઓછા મહત્વની સમજે છે, અગર તો પરદેશ જવાથીજ અમારી સ્થિતિ સુધરશે એમ કહે છે, તેમને હું કહીશ કે, તમે છો ત્યાજ તમારી ડોલ નાખો, તમે જે સમાજમાં રહો છો તે સમાજના સર્વ મનુષ્યો સાથે માનપૂર્વક મૈત્રી કરવામા તમે તમારી ડોલ નાખો!"

"ખેતી, શિલ્પશાસ્ત્ર, વ્યાપાર, ગૃહકૃત્યો અને અન્ય ધધામાં તમે તમારી ડોલ નાખો. આ વિષયમા એ લક્ષમા હોવુ જોઇએ કે દક્ષિણના લોકોના અન્ય પાપ ગમે તે હો પણ જ્યારે કેવળ વ્યવહારનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, ત્યારે નીગ્રોને વ્યાપાર ધધામા આગળ વધવાની તક દક્ષિણમાજ આપવામા આવે છે, અને એજ બનાવ આ પ્રદર્શનમા ઘણી સારી રીતે દષ્ટિએ આવે છે; પરતુ અમોને એક અતિ દુ:ખી કરનાર બનાવ એ છે કે દાસત્વના અધિકારમાથી એકદમ સ્વતત્રતાના પ્રકાશમા આવવાથી અમારા પૈકી અનેક લોકોએ હાથથી કામ કરી ઉદર-નિર્વાહ કરવાની જરૂર છે એ બાબત તરફ લક્ષ આપી નિત્ય શ્રમની મહત્તા અને માનમરતબો જેટલો અમો વધારીશુ તથા જીવનના સાદા ઉદ્યોગ-ધધામાં પ્રવેશ કરી જેટલુ અધિક કૌશલ્ય સપાદન કરીશું તેટલી અમારી અધિક ઉન્નતિ થશે; તેજ પ્રમાણે દેખાવ, ડોળ અને ભપકાનો જીવનક્રમ અને

ખરો ઉપયુક્ત જીવનક્રમ જેટલો અમે ઓળખતાં શીખીશું તેટલા અમે આગળ વધી શકીશું તે અમે ભૂલી જઇએ છીએ. પરંતુ એક સુંદર કાવ્ય લખવામાં અને હળ જોડવામાં સરખુંજ માન છે એવી સમજ થતાં સુધી કોઇ પણ જ્ઞાતિની ઉન્નતિ થઇ શકશે નહિ! જીવનમા અમારે નીચેથી શરૂઆત કરવી જોઇએ, પણ ઉપરથી શરૂઆત કરવી જોઇતી નથી. તેમજ અમારા દુ:ખથી અને તકરારોથી અમોને મળેલી તકનું મહત્વ અમારે વ્યર્થ માનવું યોગ્ય નથી."

"અન્ય દેશમા જન્મેલા જુદી જુદી ભાષા બોલનારા જુદી જુદી પ્રકૃતિના મજુર લોક લાવવામા આવ્યાથી દક્ષિણની ઉન્નતિ થશે એવી સમજ ધરાવનારા ગોરાઓ જે મ્હારૂં સાંભળશે તો હું એમજ કહીશકે, 'તમે છો ત્યાજ ડોલ નાખો!' જે લોકોની ટેવની તમોને ખબર છે, સહજ દગો દીધો હોત તો તમારા ઘર ધૂળમાં મળ્યા હોત એવા કટોકટીના પ્રસગે પણ જેમના પ્રમાણિકપણાની અને સ્વામિભક્તિની તમે પરીક્ષા કરેલી છે તેવા એશી લાખ નીગ્રોમા 'તમે તમારી ડોલ નાખો!' હડતાળ કે તોફાન ન કરતાં જેમણે તમારા હળ જોડ્યા છે, તમારા જંગલો તોડી સાફ કર્યા છે, તમારી આગગાડીના રસ્તા અને શહેરો બાધ્યા છે, અને આવી રીતે દક્ષિણની ઉન્નતિ દર્શાવનારા આ પ્રદર્શનમા જેઓએ મદદ કરી છે એવા લોકોમાં તમે તમારી ડોલ નાખો! જો તમે તેમનામા ડોલ નાખી, આ પ્રદર્શનના સ્થાનમા તેમને જેવાં મદદ અને ઉત્તેજન આપો છો તેવા આપતા જશો, તથા કર્મેન્દ્રિય જ્ઞાનેન્દ્રિય અને અંત:કરણનું શિક્ષણ આપવામા તેમને સહાય કરશો તો તમારી નકામી પડેલી અધિક જમીન તેઓ વેચાતી લેશે, તમારી પડતર જમીનની સારી સ્થિતિ કરશે; અને તમારા કારખાનાં ઉત્તમ રીતે

ચલાવશે. આ સર્વે બનતાં જગતના આ અત્યંત સુશીલ, વિશ્વાસુ, કાયદાને માન આપનારા અને શાંત એવા એ લોકો પૂર્વ પ્રમાણેજ હવે પછી પણ તમારી અને તમારા કુટુંબની આજુબાજુ જરૂર રહેશે તમારા બાળકોનું જતન કરવામા, તમારા આભારી માતા-પિતાની ફિકરગીરો વેઠી શુશ્રૂષા કરવામા અને તેમના મૃત્યુ-સમયે શોકથી વ્યાપ્ત થઈ તેમની પાછળ સ્મશાન સૂધી રડતા જવામા તથા વળી એવીજ અન્ય બાબતોમા અમે અમારી ઇમાનદારી બતાવી આપેલી છે હવે પછી પણ અન્ય-પરકીય મનુષ્યો સાથે હરીફાઈ કરવામા અતુલ સ્વામિભક્તિથી અને નમ્રતાથી અમે તમને ચોટી રહીશુ અને પ્રસંગ આવે અમારા પ્રાણ પણ તમારા માટે વેચીશુ. અમારો ઔદ્યોગિક, વ્યાવહારિક અને ધાર્મિક હિતસંબધ-ઉભય જાતિનો હિતસંબધ એકજ થાય તેવી રીતે તમારામા મેળવી નાખીશુ. કેવળ સામાજિક બાબતોમા અમે આગળી પ્રમાણે ભિન્ન રહીશુ, પણ પરસ્પરની પ્રગતિમા આવશ્યક હસ્ત પ્રમાણે એક થઇશુ."

"અમો સર્વની ઉન્નતિ થયા સિવાય કોઇને પણ નિર્ભયતા અને બચાવના સાધન મળશે નહિ. નીગ્રોની પૂર્ણ ઉન્નતિને પ્રતિબંધક પ્રયત્નો કંઇ ચાલુ હોય તો તે ફેરવી નાખો, અને ઉત્તેજન તથા ધૈર્ય આપી તેમને અતિશય ઉપયુક્ત અને હુશિયાર નાગરિક બનાવો. આવા ઉદ્યોગ તથા પ્રયત્નનુ ફળ હજારગણું અધિક ઉત્તમ મળશે આ ઉદ્યોગ આપનાર લેનાર, ઉભય પક્ષને કલ્યાણકારક આશીર્વાદ પ્રમાણે સુમંગળ છે."

"માનવી કે દૈવી નિયમથી અપરિહાર્ય વાતોથી મુક્ત થવાતું નથી."

"કદિ પણ ન બદલાતા સૃષ્ટિક્રમથી-સનાતન ધર્મથી જુલમ કરનારા અને જેમનાપર જુલમ કરવામા આવે છે તે બન્ને બધાય છે

અને પાપ અને દુઃખના યુગલ પ્રમાણે અમે (દુઃખ આપનાર અને દુઃખી થનાર) મૃત્યુ તરફ સાથેજ દોડી જઇએ છીએ.

સુમારે એક કરોડ સાઠ લાખ હસ્ત કાતો બોજો ઉંચે ઉંચકવામાં તમને મદદ કરશે ને નહિ તો તમારી ઇચ્છા-વિરૂદ્ધ તેઓ બોજો નીચે ખેંચશે. કાતો દક્ષિણનો અમારો એક તૃતીયાંશ ભાગ અજ્ઞાનતા અને ગુન્હાઓમા ડૂબી રહેશે, અને કાતો તે ભાગની ઉન્નતિથી તેમની બુદ્ધિમત્તામા વધારો થશે. દાક્ષણની વ્યાપાર સબધી અને ઉદ્યોગની ઉન્નતિમા એક તૃતીયાંશ ભાગે અમે મદદ કરીશુ, કે કાતો એકદર સમાજની ઉન્નતિમા કટકરૂપ થઇ તેમને નીચે ખેંચી પાડી તેમનો ઉત્સાહ ભગ કરીને અમે પ્રત્યક્ષ નિર્જીવ શબવતજ થઇ રહીશુ.

"પ્રદર્શનના સભ્ય ગૃહસ્થો! અમારી પ્રગતિ કેવી થઇ છે તે દર્શાવવાનો પ્રદર્શનમા અમે નમ્રતાપૂર્વક પ્રયત્ન કર્યો છે. આથી વધારે અમારા તરફની તમો આશા રાખી શકો નહિ. ત્રીશ વર્ષ પૂર્વે સ્વાતત્ર્ય મળ્યા પછી શરૂઆતમા મહા કષ્ટથી સ્થળે સ્થળેથી મેળવેલી બીછાનાની ચાદરો, ખોરાકી ઇત્યાદિ વસ્તુઓપરજ અમારી માલકી હતી આવી સ્થિતિમાથી ખેતીના ઓજાર, ઘોડાગાડીઓ, સ્ટીમએન્જીનો, વર્તમાનપત્રો, પુસ્તકો, શિલ્પકામ, કોતરકામ, ચિત્રકળા ઇત્યાદિ તૈયાર કરતા સુધી અને તેમા નવીન શોધોનો ઉપયોગ કરતાં સુધી ઉન્નતિનો માર્ગ, દુખ અને કષ્ટ સહન કર્યા સિવાય અમે કાપ્યો નથી-કર્યો નથી તે ધ્યાનમા રાખો પ્રદર્શનમા મૂકેલા પદાર્થો અમે અમારા પોતાના પ્રયત્નથી તૈયાર કરેલા છે, તે માટે અમે મગરૂર છીએ. તો પણ દક્ષિણના સંસ્થાનોએ અને ઉત્તરના દાનશૂર ગૃહસ્થોએ અમારા શિક્ષણને વખતો વખત જે મદદ કરી ઉત્તેજન આપ્યુ છે તેનો જો અભાવ હોત તો અમારો પ્રદર્શનનો ભાગ ઘણોજ ફીક્કો પડયો હોત તે અમે કદિ પણ ભૂલીશુ નહિ?"

" મ્હારી જ્ઞાતિના ડાહ્યા પુરૂષો એવું સમજે છે કે, સામાજિક સમતા માટે ચળવળ કરવી તે કેવળ મૂર્ખતા છે, અને અમોને મળનારા સર્વ હક્ક અમારાપર કૃત્રિમતાથી લાદવામાં આવે તે કરતાં દૃઢ અને સતત પ્રયત્ન કરીને તે મેળવવા એજ ઘણું સારૂં છે. એટલું તો ચોક્કસ છે કે, જગતના બજારમા પોતાના ભાગ પુરતો માલ ઉત્પન્ન કરનાર કોઈ પણ જ્ઞાતિ ઘણો સમય ત્યજાયલી રહેશે નહિ, તેમજ પાછળ પડી રહેશે નહિ ! કાયદાએ આપેલા સર્વ હક્ક અમોને મળવા યોગ્ય અને રાસ્ત છે; પણ તે હક્કનો યોગ્ય ઉપયોગ કરવાને અમારે તૈયાર થવુ એ તેથી પણ અતિ મહત્વનુ છે. એક કારખાનામાં કામ કરી એક ડાલર મેળવવાની સંધિ, નાટચ-ગૃહમા એક ડાલર ખર્ચ કરી આવવાની સંધિ કરતા અતિ મહત્વની અને મૂલ્યવાન છે."

" છેવટે હું આપને એટલુંજ કહું છું કે, આ પ્રદર્શનથી મળેલી સંધિ કરતા અન્ય કોઈ પણ બનાવે અમોને આટલી આશા અને ઉત્તેજન આપ્યુ નથી, અને તમારા ગોરાઓની આટલી સમીપમાં બીજા કોઈએ અમને આણ્યા નથી, ત્રીશ વર્ષ પૂર્વે તમારી અને મ્હારી જ્ઞાતિએ પ્રથમ ખાલી હસ્તે પ્રયત્ન કરવાની શરૂઆત કરી હતી. આ ત્રીશ વર્ષમા ઉભય જ્ઞાતિથી આવેલુ ફળ આ વેદી સન્મુખ દૃષ્ટિએ આવે છે આવી આ પવિત્ર વેદી આગળ નમ્રતાથી નમી હુ જાહેર કરૂં છું કે-જે મોટા અને ગૂઢ પ્રશ્ન ઈશ્વરે દક્ષિણના મનુષ્યોની સાથે જોડયો છે તેને ઉકેલવાના કાર્યમા મ્હારી જ્ઞાતિની સહાનુભૂતિ અને મદદ તમને હમેશ મળતી જશે. પણ આ વાત સદા ધ્યાનમાં રાખશો કે, આ મકાનમાં ગોઠવેલી-ખેતરો, જંગલો, કારખાનાં, વાઙ્મય કળા-ઇત્યાદિ વસ્તુઓથી પ્રત્યોજ લાભ થશે તે ખરૂં છે, છતાં કાયદા પ્રમાણે સર્વને રાજીખુશીથી યોગ્ય ન્યાય મળે તેમ કરવાનો નિશ્ચય કરવાથી સર્વ જાતિઓમાંથી પરસ્પરનો દ્વેષ, ભેદભાવ અને

શંકા ઇત્યાદિ નષ્ટ થશે તો ઇશ્વરકૃપાથી ઉપર દર્શાવેલા ભૌતિક ફાયદા કરતાં પણ હજાર ગણો અધિક લાભ થશે. જાતિદ્વેષ નિર્મૂળ કરવાથી અને ભૌતિક ઉન્નતિથી અમારો પ્રિય દક્ષિણ ભાગ નંદન વનજ થઇ જશે એમા કશીજ શંકા નથી."

મ્હારૂં ભાષણ પૂર્ણ થયા પછીનો પહેલો બનાવ મને યાદ આવે છે તે એ કે, ગવર્નર બુલક પોતે પ્લેટફોર્મપર ચઢી આવ્યા અને તેમણે મ્હારી સાથે હસ્ત-ધૂનન કર્યું, અને બીજાઓએ પણ તેમ કર્યું અનેક લોકોએ મને અંતઃકરણપૂર્વક એટલુ તો અભિનંદન આપ્યુ કે મકાનમાંથી બહાર નીકળવામા મને ઘણી મુશ્કેલી પડી હતી. બીજા દિવસે સવારે હું ગામના બજારમાં ગયો, ત્યા સુધી મ્હારા ભાષણની લોકોના હૃદયપર કેવી અસર થઇ છે તેની વિશેષ કલ્પના મને નહતી હું કોણ છુ તે સમજતા સાથેજ મ્હારી ચોતરફ લોકો એકઠા થયા, અને મ્હારી સાથે હસ્તધૂનન (શેકહેન્ડ) કરવા લાગ્યા. જે જે રસ્તાપર હું ગયો તે તે રસ્તાપર આવાજ બનાવ બન્યા આથી હું એટલો તો ગભરાઇ ગયો કે મ્હારે તરત ઘર તરફ પાછા ફરવુ પડ્યું. બીજા દિવસે સવારે હુ ટસ્કેજી જવા નીકળ્યો, ત્યારે આટલાંટા સ્ટેશનપર અને પછી જ્યા જ્યા ટ્રેન અટકતી ત્યા ત્યા જનસમૂહ મ્હારી સાથે હસ્તધુનન કરવાને ઉત્સુક જણાયો હતો.

અમેરિકાના સર્વ ભાગના વર્તમાનપત્રોએ મ્હારૂં સમગ્ર ભાષણ પ્રસિદ્ધ કર્યું, અને પછી કેટલાક મહિના સુધી મ્હારા ભાષણ વિષે સંપાદકીય લેખ પણ તેમા આવવા લાગ્યા હતા 'આટલાંટા કોનસ્ટિટયૂશન' પત્રના સંપાદક મી ક્લાર્ક હૉવેલે ન્યૂયોર્કના એક પત્રકારને એવો તાર કર્યો કે "દક્ષિણના શ્રોતાઓ સન્મુખ થએલાં આજ સુધીનાં વ્યાખ્યાનોમાં પ્રોફેસર બૂકર. ટી-વૉશિંગટનનુ ભાષણ અતિ ઉત્કૃષ્ટ અને સંસ્મરણીય થયુ છે. તેમજ તેમનુ સ્વાગત પણ

અપૂર્વ થયું છે. આ શબ્દોમા લેશ માત્ર અતિશયોક્તિ નથી. તેમના ભાષણથી અમને અનેક બાબતોનુ જ્ઞાન થયુ છે. કાળા ગોરાઓની તેમણે પોતાના ભાષણમા યોગ્ય તુલના કરી હતી ”

‘ બોસ્ટન ટ્રાન્સક્રિપ્ટ ’ નામના વર્તમાનપત્રમા સપાદકીય લેખ એવો આવ્યો કે, અટલાટા પ્રદર્શનમા આ અઠવાડિયામા બૂકર ટી. વૉશિગ્ટનના ભાષણ આગળ પ્રદર્શનનો સર્વ કાર્યક્રમ અને ખૂદ પ્રદર્શન પણ ફીકુ પડયુ હતું. આટલી ચળવળ અન્ય કોઇ પણ ભાષણથી વર્તમાનપત્રોમા થઇ નહતી

થોડાજ સમયમા વ્યાખ્યાનો કરાવનારી સસ્થા, વર્તમાનપત્રો તથા માસિકપત્રોના સપાદકો તરફથી મારે વ્યાખ્યાન આપવાનુ શરૂ કરવુ અને લેખ લખવા, એવી અનેક પ્રકારની સૂચનાઓ મારા તરફ આવવા લાગી “ તમે જો કેટલાક સમય સુધી વ્યાખ્યાનો આપવાનુ કબુલ કરશો તો તમને અમે પચાસ હજાર ડાલર આપવાનુ કાતો દરેક રાત્રે બસો ડાલર અને તમારો ખર્ચ આપવાનુ કબુલ કરીશુ ” એમ એક સસ્થાએ સૂચવ્યુ હતું પણ આ સર્વ સૂચનાઓનો મ્હે એવો ઉત્તર આપ્યો કે મારા જીવનનુ મુખ્ય કાર્ય ટસ્કેજી સસ્થાના અને મ્હારી જ્ઞાતિના હિતાર્થેજ ભાષણ કરવાનુ છે. તેથી મ્હારૂ કાર્ય ફક્ત પૈસાથીજ મૂલ્યવાન બનાવવાની કોઇ પણ વ્યવસ્થા મને પસદ નથી. ”

મ્હારૂ ભાષણ થયા પછી કેટલાએક દિવસે મેં તેની એક પ્રત અમેરિકાના પ્રેસિડેન્ટ ગ્રો. ગ્રોવર કલેવલડ તરફ મોકલી હતી. તેમનો સ્વહસ્તનો ઉત્તર નીચે પ્રમાણેનો આવ્યો હતો.

“ ગ્રેગ્ગુલ્સ, બઝાર્ડસબે, મેસેચ્યુસેટસ

તા. ૬ અકટોબર ૧૮૯૫

બૂકર ટી. વૉશિગ્ટન, એસ્કવાયર,

પ્રિય મહાશય, અટલાટા પ્રદર્શનમા થએલા ભાષણની એક પ્રત મોકલવા માટે હું આપનો ઘણો આભારી છુ.

આપે આવુ ભાષણ કર્યું તે માટે હું આપને ઉત્સાહપૂર્વક અભિનદન આપુ છુ મ્હે આપનુ ભાષણ અતિ લક્ષપૂર્વક વાચ્યુ છે; અને આપના ભાષણ સિવાય પ્રદર્શને અન્ય કઈ પણ કર્યું ન હોત તો પણ તે યોગ્ય થયુ હોત એમ મને લાગે છે. આપની જ્ઞાતિનું કલ્યાણ ઇચ્છનાર સર્વને આપના ભાષણથી આનદ અને ઉત્તેજન મળ્યા સિવાય રહેશે નહિ. આપના ભાષણથી અમારા કાળા દેશબન્ધુઓ તેમને મળેલા નાગરિકત્વના હક્કથી શકય લાભ મેળવી લેવાનો નિશ્ચય તથા નૂતન આશા નહિ કરે તો તે ખરેખર નવાઇજ સમજવી જોઇએ.

આપનો ખરો હિતચિતક
'ગ્રોવર કલેવલડ.'

પ્રેસિડેન્ટ તરીકે પછી જ્યારે મી. કલેવલડ અટલાટા પ્રદર્શન જોવા આવ્યા, ત્યારે તેમની અને મ્હારી મુલાકાત પ્રથમ થઇ હતી. મ્હારી અને અન્ય મડળની વિનતિપરથી નીગ્રો મકાનમા કાળાઓએ ગોઠવેલી વસ્તુઓ જોવા માટે અને હાજર રહેલા નીગ્રો મનુષ્યોને પોતાની સાથે હસ્તધૂનન કરવાની સધિ આપવા માટે એક કલાકનો વ્યય કરવાનુ તેઓએ સ્વીકાર્યું હતું મી. કલેવલડની અને મ્હારી મુલાકાત થતા સાથેજ તેમની સાદાઈ, તેમની મોટાઇ અને તેમના અતુલ પ્રમાણિકપણાની મને ખાત્રી થઇ. આ પછી સાર્વજનિક ઉત્સવના પ્રસગે અને પ્રિન્સ્ટનમા તેમના ઘેર પણ હું તેઓને અનેક વખત મળ્યો છુ; અને હું જેટલા તેમને અધિક જોઉં છુ તેટલો તેમને અધિક ચાહુ છુ. અટલાટા પ્રદર્શનના નીગ્રો મકાનમાં તેઓ જ્યારે ગયા, ત્યારે તેઓએ એક કલાક નીગ્રો લોકો માટે પોતે

ખેંચાઈ આવ્યા છે એમ દર્શાવ્યુ. ચીંથરાથી વીંટાયલી એક કાળી વૃદ્ધ ડોસી મા સાથે હસ્તધૂનન કરવા તેઓએ એટલી કાળજી અને લાગણી દર્શાવી કે જાણે કે એક કોટયાધિપતિનું સ્વાગત કરતા હોય તેમ જણાતું હતું ! અનેક કાળાઓએ આ લાભની તક લઈ પોતાનું નામ તેમની સ્મરણપોથીમા અને બીજા કાગળપર તેઓની પાસે લખાવ્યુ અને તેઓએ આ કાર્ય એટલુ કાળજીપૂર્વક અને સતોષથી કર્યું કે, તેઓ એક રાજકીય મહત્વના કાગળપર સહી કરતા હોય તેમ જણાયુ

મી કવેવલડે અનેક ખાનગી પ્રકારે મ્હારી સાથેનો સ્નેહભાવ વ્યક્ત કર્યો છે. એટલુજ નહિ પણ અમારી સસ્થા માટે હુ કહુ તે કરવાનુ તેઓએ હમ્મેશ કબુલ કર્યું છે તેઓએ અમારી સસ્થાને બક્ષિસો આપેલી છે, અને અન્ય પાસેથી પણ અપાવવાને પોતાની પ્રતિષ્ઠાનો વ્યય કર્યો છે મ્હારો તેમની સાથે જે પરિચય થયો છે તેપરથી જોતા તેમનામા વર્ણદ્વેષ હોય તેમ મને લાગતું નથી. તેઓ એવા વિશાળ વિચારના છે કે વર્ણદ્વેષ જેવી ક્ષુદ્ર બાબત તેઓના મનમા આવવી અશક્ય છે અનેક લોકો સાથે થએલા પરિચયમા મને જણાઈ આવ્યુ છે કે સાધારણ રીતે ક્ષુદ્ર અને સકુચિત વિચાર ધરાવનારા લોકો પોતાને માટે જીવે છે સારા પુસ્તકો વાચતા નથી, પ્રવાસ કરતા નથી, અન્ય આત્મા સાથે—જગતના મોટા મનુષ્યો સાથે—પોતાનો પરિચય કરી લેતા નથી વર્ણદ્વેષથી સકુચિત થએલી દૃષ્ટિથી જગતમા ઉચ્ચ અને શ્રેષ્ઠ કઈજ જોઈ શકાતું નથી પુષ્કળ ઠેકાણે પ્રવાસ કરી અનેક મનુષ્યોનો પરિચય થયા પછી મને એવુ જણાયુ છે કે અન્ય માટે જેઓ અતિશય. પ્રયત્ન કરે છે તે સર્વ કરતા સુખી છે; અને અન્ય માટે જે કઈ કરતા નથી તે સર્વમા દુખી છે જાતિદ્વેષ જેટલી કોઈને અંધ અને કુઠિત કરનારી અન્ય બાબત ભાગ્યેજ

મળશે; એમ પણ મ્હારા જાણવામા આવ્યુ છે. રવિવારે સધ્યાકાળે પ્રાર્થના-મંદિરમાં વિદ્યાર્થીઓને ઉપદેશ કરતી વખતે હુ હમ્મેશ એમ કહું છુ કે, હુ જેમ જેમ મોટો અને વૃદ્ધ થતો જાઉં છુ; અને જગતનો અનુભવ અધિક થતો જાય છે તેમ તેમ મ્હારી એવી અધિકાધિક ખાત્રી થતી જાય છે કે **જેને માટેજ અમારે જીવવું જોઇએ અને જેને માટે સમય આવે અમારે પ્રાણ પણ અર્પણ કરવો જોઇએ એવા મહત્વની આ જગતમાં એકજ બાબત છે; અને તે એકે 'અન્ય કોઇને પણ અધિક ઉપયોગી અને સુખી કરવાની તક મળવી.'**

મ્હારૂ ભાષણ અને તેના થએલા સન્માનથી કાળા લોકો અને તેઓનાં વર્તમાનપત્રોને પ્રથમ ઘણો આનદ થયો હોય તેમ જણાયુ, પરતુ તેઓનો આરભનો ઉત્સાહ શાત પડયા પછી જ્યારે તેઓ મ્હારૂ છપાયલું અને શાત પડેલુ ભાષણ વાચવા લાગ્યા ત્યારે આપણે ભૂલ્યા છીએ એમ તેઓ પૈકીના કેટલાકને લાગ્યુ દક્ષિણના ગોરાઓ માટે બોલવામા મ્હે અતિ ઉદાર વૃત્તિ બતાવી છે; પણ સ્વજ્ઞાતિના હકનુ પ્રતિપાદન જોસથી કર્યું નથી એમ તેઓ કહેવા લાગ્યા. મ્હારી જ્ઞાતિના કટલાક મડળમા કેટલાએક દિવસ આ પ્રતિક્રિયા શરૂ થઇ, પણ પછી તેઓના મત બદલાઇને મ્હારા વિચાર અને કાર્યોને અનુકૂળ થયા હતા.

લોકમતમાં થએલા આ ફેરફાર વિષે કહેતાં મને એક વાત યાદ આવે છે. ટસ્કેજીની શાળા શરૂ થયાપછી દશ વર્ષે મને એક જે અનુભવ થયો તે હુ કદિ પણ ભૂલી શકીશ નહિ. પ્લીમાઉથ ચર્ચના પૅસ્ટર (ભરવાડ) અને 'આઉટલુક' પત્રના સંપાદક ડૉ. લીમન ઍબટે દક્ષિણના કાળા ધર્મોપદેશકોની માનસિક અને નૈતિક સ્થિતિ માટે મ્હારા અવલોકનમાં જે કઇ આવ્યું છે તે સંબંધીનો મ્હારો

અનુભવ લખી તેઓના વર્તમાનપત્રમાં મ્હારે એક લેખ લખવો, એવી મને વિનંતિ કરી. તે પ્રમાણે મ્હારી દષ્ટિએ આવી તેવી ખરી બાબતો લખી મ્હેં એક લેખ લખ્યો. મ્હેં આલેખેલ ચિત્ર કાળુજ હતું, કારણ કે હું કૃષ્ણવર્ણ હતો એટલે તે ચિત્ર ગોરું ક્યાંથી બનીજ શકે? થોડા વર્ષ પહેલા દાસત્વમાથી મુક્ત થએલ અને યોગ્ય ધર્મોપદેશક તૈયાર કરવાની સધિ અને સમય જે જ્ઞાતિને મળ્યો નહતો તેવી જ્ઞાતિનુ તે સમયનું તે ચિત્ર યોગ્યજ હતું

દેશના દરેક નીગ્રો ધર્મોપદેશકે મ્હારો લેખ વાચ્યો હોય તેમ લાગે છે, કારણ કે મને દોષ આપનારા ઘણા પત્રો મ્હારાપર આવ્યા હતા. મ્હારો લેખ પ્રસિદ્ધ થયા પછી એક વર્ષ સૂધી કોઇ પણ ધાર્મિક સસ્થાની સભા થતી તેમા મને દૂષણ આપનારો ઠરાવ અગર તો મ્હારૂ વિધાન મ્હારે પરત ખેચી લેવુ અગર તો તેમા ફેરફાર કરવો એવી મને સૂચના કરવાનો ઠરાવ તે સભામા પાસ થયા સિવાય રહેતા નહોતો ટસ્કેજી સસ્થામા પોતાના છોકરાઓને નહિ મોકલવા એમ માતા પિતાને સલાહ આપનારા ઠરાવ પણ ઘણી સસ્થાઓએ પસાર કર્યા હતા, છોકરાઓને ટસ્કેજી સસ્થામા નહિ મોકલવા માટે લોકોને ઉપદેશ કરવા માટે એક સસ્થાએ તો એક મિશનરી નીમ્યો હતો. તે મિશનરીનો એક છોકરો અમારી સસ્થામા હતો. અન્ય લોકોને આ મિશનરીએ કઇ પણ ઉપદેશ કર્યો હશે પરતુ તેણે પોતાના છોકરાને અમારી શાળામાથી બોલાવી લીધો નહતો, એમ મ્હારી જાણમા આવ્યુ હતું નીગ્રો લોકોના પુષ્કળ વર્તમાનપત્રોએ મને દૂષણ આપવાનુ અને મ્હારે મ્હારૂં વિધાન પરત ખેચી લેવુ. એવી સૂચના કરવાનો સર્વ-સાધારણ નિયમજ ચાલુ રાખ્યો હતો.

આ પ્રમાણે ઉહાપોહ, ચળવળ અને ટીકા ચાલુ હતી પણ

ખુલાસા માટે મ્હેં એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહોતો અને મ્હારૂં વિધાન પણ પાછું ખેંચી લીધું નહતું મ્હારૂં કહેવું સત્ય હતું, અને લોકો ફરી બરોબર વિચાર કરશે તો કેટલાક સમય પછી તે સત્યજ ઠરશે તે હું જાણતો હતો. થોડા દિવસ પછી બિશપ અને અન્ય ધર્માધિકારી ધર્મોપદેશકોની સ્થિતિ બરોબર તપાસી જોવા લાગ્યા ત્યારે મારા વિધાનની સત્યતા તેમની દષ્ટિએ આવી મેથોડિસ્ટ ચર્ચના એક વૃદ્ધ અને પ્રવિત્ર બિશપે તો મ્હે ઘણાજ સૌમ્ય શબ્દો વાપર્યા હોવાનું કહ્યુ.

સત્વર ધર્મોપદેશકોમા સુધારો થવો આવશ્યક હોવાનો લોકમત થવા લાગ્યો. યદ્યપિ ધર્મોપદેશકોમા જોઇએ તેવો યોગ્ય સુધારો થયો નથી તો પણ હુ આત્મસ્તુતિ ન કરતા કહીશ અને અનેક પ્રતિષ્ઠિત ધર્મોપદેશકોએ પણ મને તેજુ કહ્યુ છે કે મ્હારા શબ્દોથી અને ટીકાથી, પ્લેટફૉર્મપર ઉચ્ચ દરજ્જાના મનુષ્યો હોવા જોઇએ એમ લોકોને લાગવા માડયુ છે, મને પ્રથમ દૂષણ આપનારા ઘણા મનુષ્યોએ પાછળથી મ્હારી સ્પષ્ટોક્તિ માટે મ્હારા અતઃકરણપૂર્વક આભાર માનેલો જોઇ મને ઘણો સતોષ થયો.

નીગ્રો ધર્મોપદેશકોનો તો હવે મ્હારા માટે મત એટલો તો સજ્જડ બદલાઈ ગયો છે કે ધર્મોપદેશકોમા મ્હારા જેટલા સારા સ્નેહી છે તેટલા બીજા કોઈ પણ વગમા નથી. નીગ્રો ધર્મોપદેશકોના આચરણમા થએલો સુધારો તે જ્ઞાતિની પ્રગતિનુ સતોષકારક લક્ષણ છે. ધર્મોપદેશકો વિષે અને મ્હારા જીવનની ઇતર બાબતો વિષે થએલા અનુભવપરથી મ્હારી એવી ખાત્રી થઇ છે કે, જ્યારે આપણે એક યોગ્ય બાબત કહી હોય અથવા કરી હોય છતાં જનસમૂહ જો આપણને દોષ આપતો હોય તો તેઓને કંઈ ઉત્તર ન આપતાં સ્વસ્થ બેસી રહેવું એજ યોગ્ય છે. આપણું કથન

કે કૃત્ય યોગ્ય હશે તો કેટલાક કાળ પછી પણ તેમને તે યોગ્ય લાગશેજ!

અટલાંટાના મ્હારા ભાષણ વિષે ચર્ચા ચાલતી હતી ત્યારે જોન્સ હૅપકિન્સ યુનિવર્સિટીના અધ્યક્ષ ડૉ. ગીલમનનો નીચે જણાવેલો પત્ર મ્હારાપર આવ્યો હતો ડૉ. ગીલમનને પ્રદર્શનની બક્ષિસ કમિટીના અધ્યક્ષ નીમવામા આવ્યા હતા.

"જોન્સ હૅપકિન્સ યુનિવર્સિટી, બાલ્ટીમોર
પ્રેસિડૅન્ટની કોર્ટ તા ૩૦ સપ્ટેમ્બર ૧૮૯૫

પ્રિય મહાશય વૉશિંગટન!

અટલાટાના પ્રદર્શનના શિક્ષણ ખાતા વિષે બક્ષિસ કમિટીમા મેમ્બર થવુ આપને પસદ પડશે કે? પસદ હોય તો આપનું નામ હું કમિટીમા દાખલ કરું છુ. તારથી ઉત્તર આપશો.

આપનો ખરો હિતચિતક
ડી સી. ગીલમન."

અટલાટા પ્રદર્શનના પ્રારભમા ભાષણ કરવાના આમત્રણ કરતાં આ આમત્રણથી મને અતિ આશ્ચર્ય થયુ' હવે મેમ્બર તરીકે નીગ્રોના નહિ પણ ગોરાઓની શાળાના પ્રદર્શનમા ગોઠવેલી વસ્તુઓ વિષે અભિપ્રાય આપવાનુ મ્હારૂ કર્તવ્ય થઇ પડયુ. મ્હે આમત્રણ સ્વીકારી મ્હારૂ કર્તવ્ય બજાવવામા અટલાટામા એક મહિનો વ્યતીત કર્યો હતો. મેમ્બરોની કમિટી ઘણી મોટી એટલે ૬૦ મનુષ્યોની હતી. આ પૈકી ઘણા ભાગે અર્ધો ભાગ દક્ષિણના ગોરાઓ અને બાકીનો અર્ધો ભાગ ઉત્તરના ગોરાઓનો હતો. આ મડળમા કૉલેજના પ્રેસિડેટ, પ્રસિદ્ધ શાસ્ત્રજ્ઞો, મોટા મોટા વિદ્વાનો અને જુદા જુદા વિષયના પ્રોફેસરો એવા ઘણા મનુષ્યો હતા. અમારી કમિટી વ્યવસ્થા કરવા એકઠા થઇ ત્યારે મી. ચૅાર્લ્સ નેલ્સન પેજ નામના એક મેમ્બરે

મને શિક્ષણના વિભાગના સેક્રેટરી નીમવાની સૂચના રજુ કરી; અને તે એકમતે પસાર થઇ. અમારા ભાગના અર્ધા મનુષ્યો દક્ષિણના ગોરાઓ હતા. ગોરાઓની શાળાની વસ્તુઓ તપાસવાનું કાર્ય કરતી વખતે મ્હારો દરેક બાબતમા આદર કરવામા આવ્યો હતો અને કાર્ય થયા પછી મ્હારા સહયોગી મેમ્બરોને છોડી જતી વખતે મને અતિશય દુ:ખ થયું હતું.

મ્હારી જ્ઞાતિની રાજકીય સ્થિતિ અને તેના રાજકીય ભવિષ્ય માટે મ્હારે મ્હારા વિચાર અધિક સ્પષ્ટતાથી જાહેરમાં મૂકવા મને ઘણી વખત સૂચવવામા આવ્યુ છે. તેથી અટલાટાના મ્હારા અનુભવની યાદગીરી ઉપરથી હું ટુકાણુમા કહીશ. મ્હારો મત એવો છે કે-(મ્હે તે કદિ બોલી બતાવ્યો નથી)-દક્ષિણના નીગ્રોને **તેમની યોગ્યતા, તેમનું શીલ અને તેમની માલમત્તાને અનુરૂપ સર્વ રાજકીય હક્ક મળવાનો સમય આવશે.** આ રાજકીય હક્કનો ઉપયોગ કરવા દેવાની સંધિ કૃત્રિમતાથી કે બહારના અન્ય કોઇ તરફથી મળશે નહિ પણ દક્ષિણના ગોરાઓજ તેવી સંધિ તેમને આપશે, અને તેમના હક્કનું સંરક્ષણ કરશે, એમ મને લાગે છે. આપણને ઇષ્ટ ન હોય તેવી બાબતો બહારના અન્ય લોકો કરાવે છે. આ દક્ષિણના મનુષ્યોની જુની કલ્પના નષ્ટ થવા સાથે મ્હેં ઉપર દર્શાવેલા પ્રકાર બની આવશે. આ પ્રકાર કેટલાક અંશે શરૂ થયો છે, એવાં હાલ તુરત તો કંઇ ચિહ્નન જણાય છે.

મ્હારૂં કહેવું અધિક સ્પષ્ટતાથી કહીશ, માનો કે અટલાંટા પ્રદર્શન ખૂલ્લું મૂકતાં પહેલાં કેટલાએક મહિના દક્ષિણનાં વર્તમાનપત્રોમાં, સભામાં શરૂઆતના કાર્યક્રમમા કોઇ એક નીગ્રોને દાખલ કરવા અને બક્ષીસ કમિટિમાં એક નીગ્રોને મેમ્બર નીમવા માટે સર્વત્ર પોકાર થયો હોત તો અમારી જ્ઞાતિને કંઇ પણ માન મળ્યું હોત

એમ મને તો લાગતું નથી. અટલાંટા પ્રદર્શનના વ્યવસ્થાપકોએ આટલી જે હિંમત ધરી તેનું કારણ એ હતું કે નીગ્રો જ્ઞાતિમા જણાઇ આવતા ગુણોને યોગ્ય માન આપવું એ તેઓને એક કર્તવ્ય જ લાગ્યું હતું. તમે ગમે તેમ કહો ! પણ મનુષ્ય સ્વભાવમાંથી કદિ પણ નષ્ટ નહિ થઇ શકે એવુ કઇંક તત્ત્વ છેજ, કે જેથી વર્ણ, જાતિ ઇત્યાદિ બાબતો તરફ લક્ષ ન અપાતા એક મનુષ્ય બીજા મનુષ્યના ગુણોની અતે પણ કદર કરીને તેના ગુણાનુવાદ ગાય છે

રાજકીય હક્કના સબંધમા પોતાની વર્તણુક વિશેષ વિનયશીલ રાખવી જોઇએ એમ મ્હારૂ માનવુ છે. આ પ્રમાણે ઘણાએક નીગ્રો વર્તે છે તે મોટી સતોષભરેલી બીના છે તે માલમત્તા, બુદ્ધિમત્તા અને ઉત્તમ શીલ સપાદન કરે તેમાંજ રાજકીય હક્કની ઉત્તમતા સમા એલી છે સર્વ રાજકીય હક્કનો ઉપભોગ કરવાનુ ક્રમે ક્રમે થતી સ્વભાવિક ઉન્નતિપરજ અવલબી રહેલુ છે. કોળાના વેલા પ્રમાણે સત્વર વધે તેવી આ બાબત નથી; એમ મને લાગે છે ! માટે નીગ્રોએ મત આપવાનું બધ કરવુ જોઇએ, એવો મ્હારો મત છે, એમ સમજશો નહિ. કારણ, **પાણીમાં પડયા સિવાય તરતાં આવડશે નહિ, તેમ મત આપ્યા સિવાય કોઇ પણ સ્થાનિક સ્વરાજ્યનો ઉપભોગ લઇ શકશે નહિ.** પણ મત આપવામા નીગ્રોએ પોતાની સમીપના બુદ્ધિમાન લોકોનીજ અધિકાધિક સલાહ લેવી સારી છે એમ મને લાગે છે.

અશિક્ષિત અને ગરીબ ગોરા મનુષ્યને મત આપવાનો અધિકાર આપવો; અને તેજ સ્થિતિના કાળા મનુષ્યને તેવો અધિકાર ન હોવો જોઇએ, એવો કાયદો કોઇ પણ સસ્થાન કરે તો તે મને યોગ્ય લાગતો નથી. એવો કાયદો એ અન્યાય છે; એટલુજ નહિ પણ સર્વ અન્યાયી કાયદા પ્રમાણે એનાથી પણ પ્રતિક્રિયા થવા લાગશે. કારણ આ કાયદાનું પરિણામ એવું આવશે કે નીગ્રોને શિક્ષણ મળવામાં અને ગોરા

મનુષ્યને અજ્ઞાનતા તથા દારિદ્રયમાં રહેવાનું તેથી ઉત્તેજન મળશે જ્ઞાન અને પરસ્પર જ્ઞાતિની મૈત્રીના વધારાથી મત મેળવવામા દક્ષિણમાં ચાલતી કુરીતિ ટળી જશે એમ મને લાગે છે. જે ગોરો મનુષ્ય નીગ્રોને ફસાવી તેનો મત પડાવી લે છે તે પોતાના ગોરા બધુને ફસાવતાં જલદી શીખે છે. લબાડીની કારકિર્દીનો સમાવેશ ચોરી અગર તો તેવા મોટા ગુન્હામાજ થાય છે એમા કઇ શકા નથી. દક્ષિણ પોતાના સર્વ મનુષ્યોને મત આપવાને ઉત્તેજન આપશે, એવો સમય સત્વર પ્રાપ્ત થશે એમ મને લાગે છે. સ્થાનિક સ્વરાજ્યમા અર્ધા ભાગને કઇ હિસ્સો નહિ આપેલો હોવાથી અગર તો તેમાં તેમનો કઇ હિત-સબધ નહિ રાખેલો હોવાથી ઉત્પન્ન થતી રાજકીય હાડમારી કરતાં સર્વને સમાન હક્ક આપી સર્વનું રાજકીય જીવન નિરોગી અને બળવાન બનાવવુ તે દરેક દષ્ટિથી અતિ લાભકારક છે, એમ દક્ષિણને સત્વર સમજાશે.

સાધારણ રીતે સર્વને મત આપવાનો સમાન હક્ક હોવો જોઇએ એવો મ્હારો મત છે. પણ દક્ષિણના કેટલાએક સસ્થાનોમાં એવી સ્થિતિ છે કે ત્યા કેટલાક સમય સુધી શિક્ષણ અગર માલમત્તા, અગર તો બન્ને બાબતમા યોગ્યતા સિવાય મત આપવાના હક્કની આવશ્યકતા નહિ હોવાનુ મને લાગે છે પણ ગમે તેવી શરત ઠરાવવામાં તો ઉભય જ્ઞાતિને સમાન અને યોગ્ય ન્યાય આપવો એજ યોગ્ય છે.

પ્રકરણ ૧૫ મું.

વકતૃત્વના વિજયનું રહસ્ય.

પ્રદર્શનના દિવાનખાનામા મ્હારૂં ભાષણ શ્રોતાઓની કેવી પસંદગી મેળવી શક્યું તે હું પોતે નહિ કહેતા સુપ્રસિદ્ધ લશ્કરી ખબરપત્રી મી ક્રીલમનના શબ્દોમા કહીશ મી. ક્રીલમન મ્હારા ભાષણના સમયે હાજર હતા, અને તેઓએ 'ન્યૂયૉર્ક વર્લ્ડ' ને નીચેની હકીકત તારથી મોકલી હતી.

"અટલાટા ૧૮ સપ્ટેમ્બર ૧૮૯૫"

"પ્રૅસિડૅંટ કલીવલડ ગ્રેગેબલ્સમા પ્રદર્શન શરૂ કરવા તાર આપવા ઉભા હતા તે સમયે ગોરાજનસમૂહ સન્મુખ એક નીગ્રોએ વકતૃત્વપૂર્ણ ભાષણ કર્યું છે. આ ભાષણ દક્ષિણના ઇતિહાસનો પહેલોજ પ્રસગ છે અન્ય એક મહત્વની વાત કહીએ તો જોર્જીઆ તથા લુસિયાનાના નાગરિકોસહ નીગ્રો મનુષ્યોનુ સરઘસ નીકળ્યુ હતુ આ બે બાબતોની મહત્તા માટે હાલ ગામમા જ્યા ત્યા ચર્ચા ચાલે છે. ન્યૂયૉર્કમા ન્યૂ ઇંગ્લડ સોસાયટી આગળ થએલા હેનરી ગ્રેડીના સસ્મરણીય ભાષણ પછી દક્ષિણમાં આ પ્રદર્શન જેટલો ઉત્સાહદર્શક મહત્વનો અન્ય કોઇ પણ બનાવ બન્યો નથી.

ટસ્કેજીના કાળા લોકોની શાળાના પ્રિન્સિપાલ પ્રૉ. બૂકર ટી. વૉશિંગ્ટન દિવાનખાનાના પ્લૅટફૉર્મપર ઉભા રહ્યા ત્યારે તે દિવાન-

ખાનાની બારીઓમાંથી અંદર પ્રવેશ કરવા ઇચ્છતાં સંધ્યા સમયના ઝગઝગતા સૂર્યનાં કોમળ કિરણો શ્રોતાઓના મસ્તકપરથી તેમનાં મુખ-કમળ ચમકાવવા લાગ્યા, અને તેથી તેમના ચહેરાપર એક પ્રકારનું દિવ્ય તેજ ઝળકવા લાગ્યું હતું તે સમયે હેનરીગ્રેડની જગ્યાપર તેમના પછી આવેલા ક્લાર્ક હૉવેલે મને કહ્યું કે આ મનુષ્યનું ભાષણ અમેરિકાની નૈતિક ક્રાંતિનો પ્રારંભજ છે !

ગોરા સ્ત્રી પુરૂષના શ્રોતૃ-સમુદાય સન્મુખ દક્ષિણમાં કોઇ પણ મહત્વના પ્રસંગે એક નીગ્રોએ ભાષણ કર્યાનો આ પહેલોજ બનાવ છે. આ ભાષણથી શ્રોતૃ-સમૂહ ચકિત થઇ ગયો હતો અને સર્વેએ જોસભેર પોતાનો આનંદ પ્રદર્શિત કર્યો હતો.

મિસિસ ટૉમમનનું ભાષણ પૂર્ણ થતાજ સર્વેનું લક્ષ પ્લેટફૉર્મ પર પહેલી હારમાં બેઠેલા એક ઉંચા, કપિલ-વર્ણના નીગ્રો તરફ ગયું. આ નીગ્રો તે ટસ્કેજી સંસ્થાના મુખ્ય પુરૂષ બૂકર ટી. વૉશિંગ્ટન જ હતા. તેઓ આ વખતથી અમેરિકામા નીગ્રો જાતિના અગ્રગણ્ય છે, એમ માનવુ જોઇએ આ સુપ્રસંગે બેંડપર જુદા જુદા રાષ્ટ્રીય ગીતોનું મધુર ગાન ચાલતું હતું, તેથી લોકોનો ખળભળાટ શાંત થયો હતો.

હજારો મનુષ્યોના નેત્રો તે નીગ્રો વક્તા તરફ એકસરખા સ્થિર થઇ રહ્યા હતાં. કારણ કે એક અપૂર્વ બનાવ બનવાનો હતો. તે એજ કે એક કાળો મનુષ્ય પોતાના બન્ધુઓના હિતાર્થે નિર્ભયતાથી ભાષણ કરવાનો હતો. તે મનુષ્ય કહીએ તો પ્રો. વૉશિંગ્ટન જ હતા. આ પ્રોફેસર સાહેબ જ્યારે પ્લેટફૉર્મપર ભાષણ કરવા માટે આવવા લાગ્યા, ત્યારે બારીઓમા પ્રવિષ્ટ થતા અસ્તાચળે જનારા સૂર્યનાં આરક્ત કિરણો તેમના મુખપર ચમકવા લાગ્યાં અને તેજ સમયે લોકોએ તાળીઓથી તેમને વધાવી લીધા હતા. પોતાના ચક્ષુપરનાં કિરણોના તાપ દૂર કરવા માટે તેમણે પોતાનું મુખ બાજુએ ફેરવ્યું,

અને તેઓ પ્લેટફૉર્મપર આમ તેમ ફરવા લાગ્યા તથા અસ્તાચળ પર વિરાજમાન થએલા સૂર્ય તરફ એકસરખી નજર નાખી પોતાના ભાષણની શરૂઆત કરી હતી.

તેઓનો દેખાવ વિલક્ષણ હતો. તે ઉંચા, પાતળા, તથા સિઑક્સ સરદાર પ્રમાણે ટટાર તેમજ વિશાલ ભ્રકુટિ, સરળ નાસિકા, પ્રશસ્ત લલાટ, નિશ્ચયી ચહેરો, ધોળા દાત, સતેજ ચક્ષુ અને ભવ્ય આકૃતિથી યુક્ત હતા તેમની રાતી ગરદનની નસો દેખાતી હતી પેન્સિલ સજ્જડ પકડી રાખેલા પોતાના બાહુને તેઓએ આગળ રાખ્યો હતો. પોતાના બળવાન પગ સજ્જડ રાખી, સ્તભ જેવા અડગ તેઓ પ્લેટફૉર્મપર ઉભા રહ્યા હતા તેમનો અવાજ જોસયુક્ત અને સ્પષ્ટ હતો. તે દરેક મુદ્દો શ્રોતાઓના હૃદયમા ઠસાવી પછી ભાષણ કરતા હતા. તેમનું ભાષણ શરૂ થયુ ત્યારથી દશ મિનિટની અદર શ્રોતૃગણમા ઉત્સાહના વાતાવરણનો પ્રવેશ થયો—હાથ રૂમાલ જ્યા ત્યાં ફરકવા લાગ્યા, લાકડીઓની હાલાહાલી આનદમા શરૂ થઇ; અને ટોપીઓ ઉંચે ઉડવા લાગી, તેમજ જાણે કે વક્તાએ વશીકરણ કર્યું હોય તેમ જોર્જીઆની સુંદરીઓ ઉભી રહી આનદની તાળીઓ પાડવા લાગી ગઇ હતી' વક્તાએ પોતાના હસ્તના આગળા પ્રસારી પોતાનો કાળો હાથ પોતાના મસ્તકપર ધરી પોતાની જ્ઞાતિ તરફથી દક્ષિણના ગોરાઓને ઉદ્દેશી કહ્યુ કે "ફક્ત સામાજીક બાબતના અમે આગળીઓ પ્રમાણે પૃથક્ પૃથક્ હોવા જોઇએ, પરતુ પરસ્પરની પ્રગતિને આવસ્યક સર્વ બાબતોમાં અમે હાથ પ્રમાણે એક હોવા જોઇએ" તે વખતના તેમના આ શબ્દો પ્રસરતાજ શ્રોતૃસમૂહ ઉભો થઇ આનદથી ગાડા જેવો બની એકસરખો તાળીઓજ પાડવા લાગ્યો હતો. તે સમયે મને હેનરી ગ્રેડએ ડેલમૅનિકોના દિવાનખાનામા તબાકુના ધૂમ્રમા ઉભા રહી 'હુ રાઉંડ હેડ્સમા કેવેલીઅર છું.'

એમ કહ્યું હતું તે પ્રસંગનું સ્મરણ થયું.

મ્હે અનેક દેશના વક્તાઓનાં ભાષણ સાભળ્યાં છે. મને લાગે છે કે આ નીગ્રો વક્તાએ સૂર્યનાં આરક્ત કિરણોમા ઉભા રહી પોતાની જ્ઞાતિને દાસત્વમા રાખવા માટે લઢેલા જનસમૂહ વચ્ચે જેવુ પોતાના પક્ષનુ પૂર્ણ કૌશલ્યથી સમર્થન કરી ભાષણ કર્યું, તેવું ગ્લેડસ્ટન પણ કરી શકત નહિ. લોકોના આનદની ગર્જના અસાધારણ થઇ હતી તોપણ તેના ઉત્સુક ચહેરાપરની છટા લેશ માત્ર બદલાઇ નહતી.

ત્યાજ બાજુએ જમીનપર બેઠેલો એક જગલી કાળો ગરીબ નીગ્રો, લોકો આનદના આવેશમા આવ્યા ત્યા સુધી, વક્તાના મુખ તરફ અસ્ખલિતપણે જોયા કરતો હતો તેના ચક્ષુમાથી છેવટે વક્તાના ભાષણની અસરથી અશ્રુ-પ્રવાહ ચાલવા લાગ્યો હતો. તે સમયે શ્રોતૃ-સમુદાયના ઘણાએક નીગ્રોની તેજ સ્થિતિ થઈ હતી

વક્તાનુ ભાષણ પૂર્ણ થતાજ ગવર્નર બુલક પ્લેટફાર્મ તરફ દોડી ગયા, અને તેઓએ વક્તાનો હાથ પકડ્યો કે તે સાથેજ પુન તાળી-ઓનો ગગડાટ થયો. પછી કેટલોક સમય તે બન્ને હાથમા હાથ પકડી સામાસામો ઉભા રહેલા દૃષ્ટિએ પડયા હતા ”

અટલાટામા મ્હારૂ ભાષણ થયા પછી ટસ્કેજી સસ્થાનુ જરૂરી કાર્ય કરી ફુરસદ મળી તે સમયે લોકો તરફથી આવેલા કેટલાક આમં-ત્રણોનો મ્હે સ્વીકાર કર્યો. વિશેષત. ટસ્કેજી સસ્થાને મદદ મળે તેવાં સ્થળોએ જઇ ભાષણ કરવાનુ હુ સ્વીકારતો હતો મ્હારા આયુષ્યના મુખ્ય કાર્ય વિષે અને મ્હારી જ્ઞાતિના લોકોની જરૂરીઆત સબધી બોલવાની મને પૂર્ણ છુટ હોવી જોઇએ એમ હુ પ્રથમથીજ ઠરાવી લેતો હતો. ધધાની દૃષ્ટિએ કે કેવળ ફાયદા માટેજ હુ ભાષણ કરીશ નહિ, એમ પણ હુ લોકોને ખુલ્લે ખુલ્લુ કહેતો હતો.

સાર્વજનિક પ્લેટફૉર્મપરનાં મ્હારાં ભાષણો સાંભળવા લોકો કેમ આવે છે તેનું ગૂઢ રહસ્ય હું હજુ સમજી શક્યો નથી; અને આ પ્રશ્નનો હમ્મેશ વિચાર કરૂં છું પણ તે સમજી શકતોજ નથી. મ્હારા વ્યાખ્યાનને સ્પર્શે અનેક સ્ત્રી પુરૂષોને જતાં રસ્તાપર ઉભા રહી જોતાં હું સર્વના અમૂલ્ય એક કલાકનો વ્યય કરવાનો કારણભૂત થયો છું, એવો વિચાર મ્હારા મનમા આવી મને શરમ આવતી હતી. કેટલાક વર્ષ પૂર્વે માડિસનમા એક સાહિત્ય સસ્થાના સન્મુખ મ્હારૂં ભાષણ થવાનું હતું. તે પહેલાં એક કલાકપર એક મોટું જોસભેર બરફનું તોફાન થઇ ઘણા કલાક સુધી ચાલુ રહ્યું હતું; ત્યારે મ્હારૂં ભાષણ સાભળવા કોઇ આવશે નહિ, અને મ્હારે બોલવુ નાહ પડે એમ મને લાગ્યું હતું. તદપિ કર્તવ્ય માની હું ચર્ચમા ગયો, ત્યારે તો ત્યા લોકોની અતિશય ગર્દી થએલી મને જણાઇ આમ આ સમૂહ જોઈ મ્હારા મનમાં એક ધાસ્તી પેસી ગઈ, તેની અસર આખા દિવસમા પણ કમી થઇ નહતી

ભાષણ કરતા પહેલા હું ગભરાટમા પડુ છુ કે કેમ, એવા પ્રશ્નો લોકો મને હમ્મેશ પૂછે છે; અગર તો અનેક વખત ભાષણ કરવાનો પ્રસગ પડયાથી મને ટેવ પડી ગઇ હશે! એમ પણ તેઓ કહે છે. આ પ્રશ્નના ઉત્તરમા હું કહેનો કે ભાષણ કરતા પૂર્વે હું હમ્મેશ ઘણા ગભરાટમા પડુ છુ અનેક વખત મહત્વનુ ભાષણ કરતા પૂર્વે હું એટલો કંટાળુ છુ કે, પુનઃ લોકોસન્મુખ કદિ પણ ભાષણ નહિ કરવાનો કેટલીક વખત મ્હારે નિશ્ચય કરવો પડયો હતો. ભાષણ પૂર્વે હું ગભરાઉં છુ એટલુજ નહિ પણ ભાષણ થયા પછી એકાદ અત્યત મહત્વની અગર મુદ્દાની બાબત કહેવાની હું કદાચિત્ ભૂલ્યો હોઇશ, એમ લાગી મને કેટલીક વખત દુઃખ પણ થાય છે.

પણ મ્હારા ભાષણના પૂર્વે ઉત્પન્ન થએલા ભયનો બદલો મને

પછી સારો મળે છે. દશ મિનિટ હું બોલું છું ત્યાર પછી શ્રોતૃ-સમાજ મ્હારા કાબુમાં આવતો જતો હોવાનું, તથા તેમની સાથે પૂર્ણ ઐક્ય થતું જતું મને લાગે છે. એક વખત મોટો જનસમૂહ પોતાના પૂર્ણ કાબુમાં આવતો જોવાથી વક્તાને જેટલો શારીરિક તથા માનસિક આનંદ થાય છે, તેટલો અન્ય કોઇ પણ પ્રયત્નથી થતો નહિ હોય એમ મને લાગે છે પૂર્ણ સહાનુભૂતિ તથા ઐક્યનું બંધન વ્યાખ્યાતા અને શ્રોતાને જોડી દે છે, અને આ બંધન એક દ્રશ્ય વસ્તુ પ્રમાણે બળવાન હોય છે હજારો લોકોમાં જો એકાદ કોઇ ઉત્સાહશૂન્ય શંકાશીલ અને દોષદર્શી હોય છે અગર તો મ્હારા વિચારો સાથે તેની પૂર્ણ સહાનુભૂતિ નથી હોતી તો હું તેને સહજ શોધી કાઢું છું, અને તેના તરફ એકદમ જઉં છું ત્યાર પછી તેની કેવી વૃત્તિઓ થાય છે ને દેખાવ ઘણો મઝેનો હોય છે આવા મનુષ્યપર તાત્કાલિક અસર કરનાર રામબાણ દવા કહીએ તો નાની અસરકારક વાતો કહેવી એજ છે પણ ફક્ત વાતો કહેવા માટેજ હું કદિ પણ વાત કહેતો નથી **ફક્ત વાતોજ કરવી એ પોકળ છે;** એમ મને લાગે છે; અને સત્વર સત્ય પ્રકાશ શ્રોતાની દૃષ્ટિએ આવ્યા સિવાય રહેતો નથી.

જ્યારે ફક્ત કંઇ પણ બોલવાની ઇચ્છાથી જ જે કોઇ ભાષણ કરે છે ત્યારે તે પોતાનો અને શ્રોતાઓનો ગુન્હેગાર બને છે, એમ મને લાગે છે મ્હારો મત એવો છે કે, **લોકોને કંઇ પણ સંગીન સત્ય કહી શકવાની પોતાના અંતઃકરણમાં પૂર્ણ ખાત્રી થયા સિવાય કંઇ પણ વ્યાખ્યાન આપવું જોઇએ નહિ.** અથવા પોતાના શબ્દોથી કોઇ વ્યક્તિને અગર કાર્યને કંઇ સહાય થાય તેમ પૂર્ણાંશે લાગતું હોય તોજ તેણે ભાષણ કરવું જોઇએ; પરંતુ આવા પ્રકારનું ભાષણ કરવામાં વક્તૃત્વના કૃત્રિમ નિયમો ઉપયોગી

થાય તેમ મને લાગતું નથી. વિશ્રામ, શ્વાસોશ્વાસ, સ્વર ચઢાવવા ઇત્યાદિ બાબતો જો કે મહત્વની છે પણ ભાષણનો હેતુ એ બાબતોથી સાધ્ય થશે નહિ મ્હારે જ્યારે ભાષણ કરવાનું હોય છે ત્યારે ઈંગ્રેજી ભાષાના નિયમ અને અલંકાર શાસ્ત્રના નિયમ હું ભૂલી જઉં છું, અને શ્રોતાઓ પણ તે વિસરી જાય તે મને ઇષ્ટ લાગે છે.

મ્હારૂં ભાષણ ચાલુ હોય છે તે દરમ્યાન કોઇ ઉઠી ત્યાંથી બહાર જાય છે તો મ્હારા મનની સમતા એકદમ બગડી જાય છે; પણ તેમ થાય નહિ તે માટે સાધારણ રીતે મ્હારૂં ભાષણ બને તેટલું ચિત્તાકર્ષક કરવાને અને વચમાં કોઇ ઉઠી જાય નહિ તે માટે એક પછી એક સારી બાબતો-ઉત્તમ વિચાર શ્રોતાઓને કહેવાનો હું નિશ્ચય કરૂં છું સાધારણ શ્રોતાઓને સામાન્ય તત્ત્વો અને ઉપદેશ કરતા વાતોજ અધિક પસંદ હોય છે એમ મને જણાઇ આવ્યું છે. સર્વ બાબતો શ્રોતાઓ સન્મુખ યોગ્ય રીતે રજુ કરવામા આવતાં તેઓ પૈકી ઘણાએક તેપરથી યોગ્ય સાર ગ્રહણ કરી શકે છે, એમ મને લાગે છે

કયા શ્રોતાઓ આગળ ભાષણ કરવાનું મને અધિક પસંદ છે એમ પૂછવામા આવે તો, બોસ્ટન, ન્યૂયૉર્ક, ચિકાગો અને બુફ્રાલોના હુશિયાર, મજબૂત અને વ્યવહારચતુર વ્યાપારીઓનો શ્રોતાઓમા પ્રથમ નબર કહીશ તેઓની માફક અન્ય કોઇ પણ લોકોને કોઇ પણ બાબત આટલી સત્વર સમજાતી નથી, અને તેમના તરફથી એટલો સત્વર પ્રત્યુત્તર મળતો નથી ગયા કેટલાક વર્ષોમા યુનાઇટેડ સ્ટેટ્સના મોટા શહેરોમા આવા લોકોની મુખ્ય મુખ્ય સસ્થાઓ સન્મુખ ભાષણ કરવાનો સુયોગ મને પ્રાપ્ત થએલો છે આવા વ્યવહારચતુર વ્યાપારીઓની મુખ્ય સસ્થાને પોતાના તાબામા લેવાનો ઉત્તમ

સમય કહીએ તો તે એક સારી મીજબાની પછીનોજ છે. તથાપિ મને એમ લાગે છે કે વેદનાનુ અને યાતનાનું ખરાબમાં ખરાબ યંત્ર અગર સાધન કહીએ તો વિવિધ મિષ્ટાન્નોનુ ભોજન પૂર્ણ થતાં સૂધી વક્તાએ રાહ જોઇ બેસવું, અને આ સવ વખત તેને પોતાનું ભાષણ નીરસ થઇ શ્રોતાઓ નિરાશ થશે કે કેમ, એવા નિર્બળ વિચાર કરતો બેસાડવાની પદ્ધતિ એ છે.

આવી મોટી મીજબાનીમા હુ ક્વચિત્ જ ભાગ લઉં છું. કારણ, આ મીજબાનીઓ જોઇ મ્હારી બાલ્યાવસ્થાનો અઠવાડી-આમાં એક વખત બાગમા પ્રવાહી ગોળ ખાવાનો પ્રસંગ મને યાદ આવે છે. પૂર્વે બાગમા અમારૂ હમ્મેશનુ ભોજન બાજરીની ભાખરી અને ડુક્કરનુ માસ હતું; પણ ત્રણ છોકરા માટે મ્હારી માતાને દરરવિવારે સવારે માલિકના મોટા ગૃહમાંથી થોડો પ્રવાહી ગોળ મળતો; તેથી દરેક દિવસ રવિવાર જ હોત તો કેવુ સારૂ થયુ હોત, એમ મને લાગતું હતું હુ મ્હારો કલાઇનો તાટ ગોળ માટે ઉંચો ધરી આખો મીંચી બેસતો હતો, ત્યાર પછી નેત્ર ખોલી આટલો બધો પ્રવાહી ગોળ મળ્યો છે તે જોઇ મને અત્યત આનદ થતો હતો. તાટ-થાળી આમ તેમ હલાવવાથી ગોળ તાટમા પ્રસરી જતો તેથી મને એમ લાગતુ કે, ગોળ વધારે છે એટલે તે ઘણો વખત ચાલશે! મ્હારી બાલ્યવસ્થાના રવિવારની તે મીજબાનીઓના સસ્કાર એટલા પ્રબળ છે કે, તાટમા પ્રસરેલો પ્રવાહી ગોળ તાટના એક ખૂણે રહી શકે તેટલા ગોળના કટકા કરતાં વધુ નથી એવી કોઇએ પણ મ્હારી ખાત્રી કરી નહતી. ગોળ કે સરબત તાટના એક ખૂણામાં રાખી શકાય છે; એમ મને લાગતું નહતું. મ્હારા ભાગે બે મોટા ચમચા આવતા હતા, અને મ્હારા ભાષણના સમયના વિવિધ ભોજ-નની મીજબાની કરતાં આ બે ચમચા મને અધિક સ્વાદિષ્ટ લાગતા હતા!

વ્યવહારચતુર મંડળ સિવાય દક્ષિણના ઉભય જ્ઞાતિના લોકો આગળ એકઠું અગર પૃથક્ પૃથક્ ભાષણ કરવાનું મને પસંદ છે. તેમનો ઉત્સાહ અને પ્રત્યુત્તર જોઇ મને હમ્મેશ આનંદ થાય છે. કાળા લોકોના 'તથાસ્તુ' તથા 'એજ સત્ય' એ શબ્દોથી કોઇ વક્તાને ઉત્સાહ મળ્યા સિવાય રહેશે નહિજ. તેમજ આ સિવાય કૉલેજના યુવક-મંડળ સન્મુખ ભાષણ કરવાનું મને પસંદ હતું. હારવર્ડ, યેલ, વિલિયમ્સ, ઍમહર્સ્ટ, પેન્સિલવેનિયા અને મિચિગાનની યુનિવર્સિટીઓમાં અને નૉર્થ કૅરોલિનાની ટ્રિનિટી કૉલેજમાં તથા અન્ય એવાજ મુખ્ય સ્થળોએ ભાષણ કરવાનો સુયોગ મને પ્રાપ્ત થયેલો છે.

મ્હારૂં ભાષણ થયા પછી અનેક મનુષ્યો મ્હારી પાસે આવી હસ્ત-ધૂનન કરે છે અને કહે છે કે "એક નીગ્રોને 'મીસ્તર' કહેવાનો આ પહેલોજ સમય છે." આ પ્રકાર જોઇ મને મોટી મઝા લાગે છે.

ટસ્કેજી સંસ્થાના હિતાર્થે ભાષણ કરવાનું હોય છે ત્યારે હું અગાઉથી મુખ્ય મુખ્ય સ્થળોએ સભા ભરાવવાની વ્યવસ્થા કરી રાખું છું. આવા પ્રસંગે મ્હારે દેવાલય, રવિવારની શાળા, ખ્રિશ્ચન એન્ડ વેર સોસાઇટી અને સ્ત્રી પુરૂષોની ભિન્ન ભિન્ન કલબો ઇત્યાદિ સ્થળોએ જવું પડે છે, અને કદિ કદિ તો એક દિવસમાં ચાર ભિન્ન ભિન્ન સંસ્થાઓ સન્મુખ ભાષણ કરવાનો પ્રસંગ મને પ્રાપ્ત થાય છે.

ત્રણ વર્ષ પૂર્વે મી. મારિસ કે જેસપ અને ડૉ. જે ઝેઅ. એમ. કરી, એ બે ગૃહસ્થોની સૂચનાપરથી જૉન એફ્ સ્લેપ્ર ફંડના મેમ્બરોએ પૂર્વના ગુલામગીરીના મધ્ય સ્થળરૂપ શહેરોમાં સભાઓ ભરવા માટે મ્હારા અને મિસિસ વૉશિંગ્ટનના ખર્ચ માટે કેટલીક રકમ મંજુર કરી હતી. ગયા ત્રણમાં વર્ષે દરેક વર્ષના કેટલાક અઠવાડીઆંનો અમે આ કાર્યમાં ઉપયોગ કર્યો હતો. અમે એવું ઠરાવ્યું હતું કે સવારે ધર્મોપદેશક, શિક્ષક અને ધંધાદારીઓ સન્મુખ ભાષણ કરવું,

બપોરે સ્ત્રીઓને મીસિસ વૉશિંગ્ટને ચાર શબ્દ કહેવા અને સંધ્યાકાળે મ્હારે સર્વ મનુષ્યોને એકત્ર કરી સભા ભરી વ્યાખ્યાન આપવું. કાળા લોકોજ આ સભામાં આવતા હતા એમ નહિ પણ ગોરાઓ પણ હાજર રહેતા હતા. ઉદાહરણ તરીકે કહીશ કે, ચેટનુગાની સભામાં ત્રણ હજારની સખ્યામા સુમારે આઠસે ગોરા મનુષ્યો હતા. આ સભાનુ કાર્ય મને ઘણુંજ પસદ પડ્યુ હતું અને તેથી ઘણું હિત થયુ છે.

આ સભાથી અમોને, લોકોને તેમને ઘેર, દેવાલયમા, રવિવારની શાળામાં, કાર્ય કરવાના સ્થાનમાં, તુરગ અને અન્ય ગુન્હાના સ્થળોએ મળવાની સધિ પ્રાપ્ત થવાથી તેઓની ખરેખરી પરિસ્થિતિ પ્રત્યક્ષ અમારી દૃષ્ટિએ આવી છે. આ સભાથી ઉભય જ્ઞાતિનો પરસ્પરનો સબધ પણ અમે સારી રીતે સમજી શક્યા છીએ. આવી સભામા કાર્ય કર્યા પછી મ્હારી આશામા વધારો થયો છે. આવા પ્રસંગે ઉપરઉપરનો અને ભ્રમિત ભાગ દૃષ્ટિએ આવે છે ખરો પણ આવા ભપકાથી ભૂલી નહિ જવાનો મને અનુભવ થએલો છે. વિશેષમા વસ્તુસ્થિતિની શરૂઆત-મૂળમા જઇ ખરેખરી માહિતી મેળવવાનો પણ મ્હે અતિ પ્રયત્ન કર્યો છે

આપણે જે બોલીએ છીએ તેનું જ્ઞાન આપણને છે, એવી બડાઈ હાકતા એક ગૃહસ્થના મુખથી નીકળતા ઉદ્દ્ગાર મ્હેં સાંભળ્યા, તે એ છે કે “સર્વ નીગ્રો જ્ઞાતિનું અવલોકન કરતાં તે પૈકી સેંકડે ૯૦ સ્ત્રીઓ સદાચરણી હોતી નથી.” એક જ્ઞાતિ સંબધી આવો નીચ, અસત્ય અને પુરાવાથી સાબિત ન કરી શકે તેવો આક્ષેપ અન્ય કોઇ પણ મળી આવશે નહિ.

નીગ્રો જ્ઞાતિ ધીમે ધીમે, સાંપત્તિક સ્થિતિમાં, શિક્ષણમાં અને નૈતિક બાબતમાં સતત ખાત્રીપૂર્વક આગળ વધતી જાય છે, એવી દક્ષિણ

ભાગના મધ્ય ભાગમાં મ્હારા પ્રમાણે, તે જ્ઞાતિ સાથે વીસ વર્ષ સૂધી સબધ ધરાવનાર પૈકી કોઇની પણ ખાત્રી થયા સિવાય રહેશે નહિ. ન્યૂયૉર્કના સર્વમા હલકા દરજ્જાના લોકોની પદ્ધતિ જોઇ કોઇ ગોરા વિરૂદ્ધ ગમે તે સિદ્ધ કરી બતાવી શકશે; પણુ એ કંઇ ખરી પરીક્ષા નથી, એમ કોઇ પણુ વિચારવત મનુષ્ય સ્વીકારશેજ.

બોસ્ટનમા રૉબર્ટ ગોલ્ડ શૉના સ્મારક પ્રસગે મને ભાષણુ કરવા આમત્રણુ પત્ર ઇ. સ. ૧૮૯૭ ના આરભમા એક દિવસે મળ્યો હતો મ્હે તે આમત્રણુ સ્વીકાર્યું હતુ રૉબર્ટ ગોલ્ડ શૉ કોણુ હતા અને તેઓએ શુ કર્યું છે તે અત્રે કહેવાની જરૂર મને જણાતી નથી. તેઓનુ સ્મારક બોસ્ટન કૉમનના મુખ પાસે સ્ટેટ હાઉસની સામે છે આ સ્મારક (પુતળુ–બાવલુ) દેશમા સર્વોત્કૃષ્ટ અને કળાની ઉત્તમતાનો નમુનો માનવામા આવે છે.

આ સ્મારક ખુલ્લુ મુકવાનો સમારભ બોસ્ટનમાં મ્યુઝીક હૉલમા મોટા ઠાઠમાઠથી થયો હતો. સર્વ દિવાનખાનુ નીચેથી ઉપર સૂધી શ્રેષ્ઠ દરજ્જાના શ્રોતાઓથી ખીચોખીચ ભરાઇ ગયુ હતુ. સાભળનારાઓમા પૂર્વે ગુલામગીરીની વિરૂદ્ધ રહેલા અનેક મનુષ્યો હતા તે વખતે સ્વર્ગસ્થ ઑ રોજર વોલકૉટ મેસેચ્યુસેટસના ગવર્નર અધ્યક્ષસ્થાને હતા; તેમની સાથે પ્લેટફૉર્મપર અન્ય અનેક કામદારો અને ઇતર ગૃહસ્થો હતા. મ્હારા શબ્દો કરતા બોસ્ટનના 'ટ્રન્સક્રિપ્ટ' પત્રમા આવેલા શબ્દોથી આ હકીકત સારી સમજી શકાશે.

"મ્યુઝીક હૉલમા બધુભાવની વૃદ્ધિ અર્થે કાલે બપોરે મળેલી સભાનો મુખ્ય ભાગ કહીએ તો ટસ્કેજી સસ્થાના અધ્યક્ષનુ ઉત્તમ ભાષણુ હતુ. ગવર્નર વોલકૉટે કહ્યું કે, બૂકર ટી. વૉશિગ્ટનને હારવર્ડ યુનિવર્સિટીની એ. એમ. ની ડીગ્રી ગયા જુન માસમા મળી છે;

અને આ દેશના સર્વમાં જુના વિશ્વવિદ્યાલય તરફથી પોતાની જ્ઞાતિનો ઉદ્ધાર કરનાર, સન્માનનીય પદ્વી પ્રાપ્ત કરનાર નીગ્રો જ્ઞાતિના આ પહેલાજ ગૃહસ્થ છે. જ્યારે મી. વૉશિંગ્ટન વાવટાથી ફરફરતા મ્યુઝીક હૉલના તેજોમય વાતાવરણમા ઉભા રહ્યા, ત્યારે મૅસેચ્યુસેટસના લોકોની ગુલામગીરી બધ કરવાના કાર્યની તે મૂર્તિરૂપજ દેખાતા હતા. તેમનામા મૅસેચ્યુસેટસની જુની અને અચળ શ્રદ્ધા વ્યક્ત થતી હતી. તેમના બળવાન વિચારોમા અને ઉજ્જવળ ભાષણુમા પૂર્વકાળના ઘનઘોર યુદ્ધનો વૈભવ જણાઇ આવતો હતો. સર્વ દેખાવ ઐતિહાસિક સૌંદર્યથી ભરેલો અને અતિશય મહત્વનો હતો નિરૂત્સાહી બોસ્ટન-વાસીઓ તેમના અત.કરણુના સત્ય અને નેકીના તેજથી અજાઇ ગયા હતા. કોઇ પણુ સાર્વજનિક પ્રસગે દષ્ટિએ નહિ પડનાર લોકોના ટોળેટોળા અને તહેવારના દિવસે ગૃહ છોડી ગામ બહાર જનારાં અનેક કુટુંબોથી આ હૉલ ચીકાર ભરાઇ ગયો હતો.

લશ્કરી ગીતથી સર્વ પ્રદેશ ડોલી રહ્યો હતો. કર્નલ શૉના મિત્ર તથા કામદાર, શિલ્પકાર, સેટગૉડન્સ, સ્મારકકમિટી, ગવર્નર અને તેમના સલાહકાર અને મૅસેચ્યુસેટસના ચોપનમી પલટણુના નીગ્રો સીપાહી વગેરે દિવાનખાનામા આવી પ્લેટફૉર્મપર ચઢવા લાગતાની સાથેજ તાળીઓનો ગગડાટ અને પ્રચડ જયઘોષ થયો હતો. ગવર્નર એન્ડ્રયુના જુના સલાહકાર મડળના કર્નલ હેનરી લીએ કમિટી તરફથી ભાષણુ કર્યું હતું; અને તેમના પૂર્વેના કાર્ય-કર્તા જૉન એમ. ફોર્બ્સની તેઓએ ઘણી સ્તુતિ કરી હતી. ગવર્નર બોલકૉટે એક ટુંક પણુ સંસ્મ-રણીય ભાષણુ કર્યું અને કહ્યું કે, “ વૉગનર કીલ્લાના પ્રસગથી આ જ્ઞાતિના ઇતિહાસમા નૂતન શક શરૂ થાય છે, અને આ જ્ઞાતિની બાલ્યાવસ્થા હમણાંજ પૂર્ણુ થઇ તારૂણ્યાવસ્થા શરૂ થઇ છે. ” બોસ્ટન શહેરનો વિજયસ્તંભ મેયર ક્વેન્સિને મળ્યો હતો. કર્નલ શૉ અને

તેમની કાળી પલટણનાં કૃત્યો અત્યુત્તમ શબ્દોમાં કહેવામાં આવ્યાં હતાં. અને "Mine eyes have seen the glory of the coming of the Lord," એ ગીત બોલાયા પછી બૂકર વૉશિંગ્ટન યોગ્ય સમયે ભાષણ કરવા ઉઠયા. લોકોની શાંતવૃત્તિ બદલાઇ, આવેશ પૂર્ણ બની ગઇ; તે સમયે સર્વ લોકો તેમનો જયઘોષ કરવા અને તેમને ધન્યવાદ આપવા બાર વખત ઉભા થયા. જ્યારે આ સુશિક્ષિત સ્પષ્ટ મધુરઅવાજનો, કાળાવર્ણનો બળવાન પુરૂષ બોલવા લાગ્યો, અને જ્યારે તેમણે સ્ટર્ન્સ અને ઍન્ડ્ર્યુનાં નામ લીધાં, ત્યારે લોકોનો ઉત્સાહ અતિ વધવા લાગ્યો હતો અને સોલ્જર તેમજ નાગરિકોના નેત્રોમાથી અશ્રુ ચમકવા લાગ્યા. વક્તા પ્લેટફૉર્મ ઉપરના કાળા સીપાહીઓ તરફ, વિશેષત. જખમી થએલા છતા જેઓએ વાવટો નીચે ન નમાવતાં આનદથી પકડી રાખ્યો હતો તેવા વાવટાવાળાઓ તરફ વળી કહ્યું: "ચોપનમી પલટણના જીવતા રહેલા સીપાહીઓ! તમે ખુલ્લી બાંયો અને લગડાતા પગે અહી આવી આજનો પ્રસગ દેદીપ્યમાન બનાવ્યો છે. હું કહું છુ કે તમારો સૈન્યાધિપાત મૃત્યુ પામ્યો નથી હમણા બોસ્ટન શહેર જો તેમનુ સ્મારક સ્થાપન કરે નહિ, અને ઇતિહાસકારો તેમનો ઉલ્લેખ કરે નહિ, તોપણ તમારામા અને તમો જે જ્ઞાતિના પ્રતિનિધિ છો તેવી નીમકહલાલ જ્ઞાતિમા તમારા સૈન્યાધિપતિ રૉબર્ટ ગોલ્ડ શૉનુ અક્ષય સ્મારક રહેતજ!" વક્તાના આવા ઉદ્ગાર નીકળ્યા તે સમયના ઉત્સાહની સીમા રહી નહતી. લોકોની સહાનુભૂતિના પ્રતિનિધિ અને મુખ્ય અધિકારી મૅસેચ્યુસેટસના ગવર્નર રોજર બોલકૉટ એકદમ ઉઠયા અને મોટેથી પોકારી કહ્યુ કે "બૂકર ટી. વૉશિંગ્ટનનો ત્રણવાર જય થાવ'!"

પ્લેટફૉર્મપર બિરાજેલા મડળમાં ફોર્ટવાગનરમાં અમેરિકાનો ધ્વજ પકડનાર ન્યુ બેડફર્ડ (મેસેચ્યુસેટસ) ના કાળા અધિકારી અને

સાર્જટ વિલીયમકાર બેઠેલા હતા. પોતાની પલટણના ઘણા મનુષ્યો માર્યા ગયા પછી તેઓએ પોતાનો છૂટકારો કરી લીધો; અને લડાઇ પૂર્ણ થયા પછી તે બોલ્યા હતા કે "અમેરિકાનો જુનો વાવટો કદિ પણ જમીનપર પડયો નથી.!"

હાથમા આ વાવટો પકડી સાર્જટકાર જે પ્લેટફોર્મપર બેઠા હતા; અને હુ જ્યારે કાળી પલટણના શેષ રહેલા મનુષ્યોને ઉદ્દેશી બોલ્યો અને સાર્જટ-કાર જેણે તેનો ઉલ્લેખ કર્યો ત્યારે સ્વભાવિક રીતે ઉઠી તેઓએ પોતાના હાથમાનો વાવટો ઉંચો કર્યો હતો મ્હારા સાર્વજનિક ભાષણમાં શ્રોતાઓની ચિત્તવૃત્તિનુ સમાધાનકારક તથા ઉત્તેજક દૃસ્ય અનેક વખત જોવાનો મને સુયોગ પ્રાપ્ત થયો હતો, પણ આ સમયે જે દેખાવ મ્હારી દૃષ્ટિએ પડયો તેવો મ્હે પહેલાં કદિ પણ જોયો નહતો, તેમ અનુભવ્યો પણ નહતો. અનેક મિનિટ સુધી સર્વ શ્રોતાઓ અત્યાનદથી નિરકુશ થએલા દેખાયા હતા

સ્પૅનિશ–અમેરિકન યુદ્ધ પૂર્ણ થયા પછી સર્વ દેશમા આનંદોત્સવ શરૂ થયો હતો, અને મોટા મોટા શહેરોમા તે વિષયના સમારભ થવા લાગ્યા હતા ચિકાગો યુનિવર્સિટીના પ્રેસિડેટ વિલીયમ આર. હારવરને ત્યાની ઉત્સવ–કમિટીના ચૅરમૅન તરીકે નીમવામા આવ્યા હતા. તેઓએ મને આ સમારભમા એક વ્યાખ્યાન આપવાનુ કહ્યું હતું. મ્હે આ આમત્રણનો સ્વીકાર કરી જ્યુબિલી (આનદોત્સવ) ના અઠવાડિયામા બે વ્યાખ્યાન આપ્યા હતા તે પૈકી મ્હારૂ પહેલું અને મુખ્ય ભાષણ ૧૬ મી અકટોબર ને રવિવારની સંધ્યાકાળે સભામદિરમા થયુ હતું. આ વખત જેટલી જનસખ્યા પૂર્વે આ દેશના કોઇ પણ ભાગમા મ્હારૂ ભાષણ સાભળવાને એકત્ર થઇ નહતી. શહેરના અન્ય ભાગમા પણ તેજ દિવસે મ્હે બે પ્રચડ જનસમૂહ સન્મુખ વ્યાખ્યાનો આપ્યા હતા. તે સમયે સભામદિરમા સુમારે

સોળ હજારની જનસંખ્યા હોવી જોઇએ એમ કહેવાય છે; અને બહાર પણ તેટલાજ મનુષ્ય અંદર પ્રવેશ કરવા પ્રયત્ન કરતા હતા, એમ મને દેખાયુ હતું. તે સમયે પોલીસની મદદ સિવાય પ્રવેશ-દ્વાર સુધી પણ જવાનું ઘણું મુસ્કેલ થયું હતું. પ્રેસિડૅન્ટ વિલિયમ મૅક્નિલે, તેમનુ મંત્રિમંડળ, પરરાષ્ટ્રના અનેક પ્રતિનિધિ, હમણાજ પૂર્ણ થએલા યુદ્ધમા નામના મેળવેલા લશ્કરી અને આરમારપરના કામદારો વગેરે લોકો આ સભામા હાજર હતા. મ્હારા સિવાય રૅબ્બીએમિલ જી હર્શ, ફાધર થૉમ્સ પી હાડનેટ અને ડૅા જૉન એચ. બેરોજ વગેરે વક્તાઓનાં ભાષણ પણ તે દિવસે થયા હતા.

આ સભા વિષે વર્ણન કરતા, ચિકાગો 'ટાઇમ્સ હેરલ્ડ' પત્રમા મ્હારા ભાષણ વિષે નીચે જણાવેલી હકીકત પ્રકટ થઈ હતી.

"નષ્ટ થવા કરતા નીગ્રોને ગુલામગીરીજ પસંદ છે, એમ તેઓએ કહ્યું હતું કાળા અમેરિકનો દાસત્વમા રહે અને ગોરા અમેરિકનો મુક્ત થાય તે માટે, રાજ્ય-ક્રાંતિના સમયે ક્રિસ પસ અટકસે પોતાના પ્રાણ અર્પ્યા હતા, તેની યાદ તેઓએ આપી હતી ન્યૂઑરલીઅન્સમાં જેકસન સાથે નીગ્રો લોકોએ કેવુ વર્તન ચલાવ્યુ હતું તેનો તેઓએ અનુવાદ કર્યો હતો દક્ષિણના ગોરાઓ ગુલામગીરી કાયમ રાખવા માટે લઢતા હતા, ત્યારે તેમના કુટુંબો અને તેમના ગૃહો, નીમકહલાલ તરીકે વિશ્વાસથી નીગ્રો ગુલામોએ કેવી રીતે સંભાળ્યા હતા તેનુ તેઓએ અતિ હૃદય દ્રાવક ચિત્ર આલેખ્યું હતું પૉર્ટ હડસન, ફૉર્ટ વાગ નર અને ફૉર્ટ પિલોમા કાળી પલટણે કેવી વીરતા દર્શાવી હતી તે તેઓએ કહી બતાવ્યુ હતું વિશેષમા પોતાની સાથે, પોતાના દેશમા કાયદા અને રૂઢિના અન્યાયથી કેવી રીતે વર્તન ચલાવવામાં આવે છે તે સર્વ વિસરી, ક્યુબાના લોકોને સ્વતંત્રતા આપવા માટે એલકાને

. તથા સાંશ્વિયાગોમાં છાપો મારતાં કાળા લોકોએ દર્શાવેલા શૌર્યની તેમણે અતિ સ્તુતિ કરી હતી.

આ સર્વ બાબતોમાં પોતાની જ્ઞાતિને યોગ્ય હતું તેજ કર્યું છે એમ કેટલાક વક્તા બોલ્યા હતા. ત્યાર પછી પોતાના વક્તૃત્વપૂર્ણ શબ્દોથી ગોરા અમેરિકનોની સદ્‌વિવેક-બુદ્ધિપ્રત્યે તેઓએ એવી વિનતિ કરી કે સ્પૅનિશ-અમેરિકન યુદ્ધમાંના નીગ્રો લોકોનાં સર્વ વીર· કૃત્યો જ્યારે તમે સાંભળશો, દક્ષિણના અને ઉત્તરના સીપાહીઓના મુખમાથી આ સર્વ હકીકત જ્યારે તમારા કર્ણપટપર આવશે; અને ગુલામગીરી બધ કરનાર, તથા પૂર્વના માલીકો તરફથી તમોને આ સર્વ હકીકત જ્યારે સમજાશે ત્યારે પોતાના દેશ માટે મરવા તૈયાર થએલી જ્ઞાતિને પોતાના દેશ માટે જીવવા દેવાની યોગ્ય સધિ આપવી કે નહિ, તેનો તમારા અતઃકરણમા બરોબર ખ્યાલ આવશે ”

સ્પૅનિશ-અમેરિકન યુદ્ધમા પ્રેસિડૅન્ટે નીગ્રો મનુષ્યની નિમણુક કરી તેમને જે માન આપ્યુ છે, તે માટે મ્હે મ્હારા ભાષણમાં પ્રેસિડૅન્ટનો આભાર માન્યો હતો. આ મ્હારા ભાષણથી શ્રોતાઓનો આનદ તથા હર્ષ અપૂર્વ વધ્યો હતો પ્લેટફૉર્મની જમણી બાજુએ ખાસ રાખવામા આવેલી જગ્યાએ પ્રેસિડૅન્ટ બિરાજ્યા હતા તે તરફ વળી તેમના વિષે ઉલ્લેખ કરતા, તેમણે દર્શાવેલા ઔદાર્ય માટે મ્હેં તેમનો આભાર માન્યો, ત્યારે સર્વ શ્રોતૃસમાજ ઉભો થઇ જયઘોષ કરવા લાગ્યો હતો અને હાથ રૂમાલ, ટોપીઓ, લાકડીઓ વગેરે હલાવતો હતો છેવટે આ માન માટે પ્રેસિડૅન્ટે જ્યારે પોતાની જગ્યા પર ઉભા રહી સર્વેને નમન કર્યું ત્યારે તો લોકોના ઉત્સાહમા એટલું તો નવીન બળ આવ્યુ કે તેનું વર્ણન થવુ અશક્ય છે !

ચિકાગોના મ્હારા ભાષણના એક ભાગ માટે દક્ષિણનાં કેટલા· એક વર્તમાનપત્રોની ગેરસમજ થઇ હતી, અને તે માટે તેઓ પ્રતિકૂળ

ટીકા કરવા લાગ્યાં હતા. આ ટીકા સતત કેટલાક અઠવાડીઆ સુધી ચાલી હતી. છેવટે આ મ્હારા ભાષણનો ખરો અર્થ શું હતો તે વિષે મને પત્ર લખી ખુલાસો કરવા અલબામા સંસ્થાનના બર્મિંગહામ શહેરના 'એજ-હેરલ્ડ' વર્તમાનપત્રના સંપાદકે વિનતિ કરી, ત્યારે મ્હેં તેને પત્ર લખ્યો હતો તેપરથી મ્હારા ટીકાકારોને સંતોષ થયો હોય તેમ જણાયું હતું. મ્હેં મ્હારા પત્રમાં લખ્યું હતું કે "દક્ષિણના માણસનારાઓ સન્મુખ હું જે કંઈ કહું નહિ તે ઉત્તર તરફના શ્રોતાઓ સન્મુખ કદિ પણ નહિ કહેવાનો મ્હેં નિયમ કરેલો છે. આથી વિશેષ લાંબા લચક ખુલાસાની મને જરૂર જણાઈ નહિ. દક્ષિણના મધ્યભાગના મ્હારા સત્તર વર્ષના કાર્યથી પણ બરોબર સમજ ન થઈ તો હવે પછી શબ્દોથી કેટલી થાય? વ્યાવહારિક અને નાગરિક સંબંધમાં વર્ણદ્વેષ લેશ માત્ર ન હોવો જોઈએ તે માટે અટલાંટાના ભાષણમાં કહેલાં કારણો મ્હેં અહીં પણ કહ્યાં હતાં. સામાજિક બાબતની હું કદિ પણ ચર્ચા કરતો નથી." આ પ્રમાણે લખી આ વિષયપરના મ્હારા અટલાંટાના ભાષણમાંથી કેટલાક ઉતારા પણ મ્હેં મ્હારા પત્રમાં આપ્યા હતા.

સાર્વજનિક સંમેલનમાં લોકોને મળવાનો પ્રસંગ આવે છે ત્યારે એક વ્યક્તિની મને બીતિ લાગે છે. તે વ્યક્તિ જાણીતી છે. હું તેના એટલા પરિચયમાં આવ્યો છું કે, માણસોની ભીડમાં પોતાના હાથની કોણીઓથી માર્ગ કહાડીને તેને મ્હારી પાસે આવતો જોતાં જ, હું તેને દૂરથી ઓળખી શકું છું. સાધારણ રીતે એ વ્યક્તિની દાઢી લાંબી અને અસ્તવ્યસ્ત હોય છે. મુખ લાંબું અને ટુંકું હોય છે; અને કોટ કાળો હોય છે. તેના કોટનો અને જાકીટનો ભાગ આગળની બાજુએ ચીકણો અને નરમ હોય છે; અને તેની ઇજાર ઘુંટણ આગળ ઢીલી હોય છે

ચિકાગોમાં મ્હારૂં એક ભાષણ થયા પછી આવી એક વ્યક્તિ મને મળી હતી. જગતના સર્વ દુઃખ નષ્ટ કરવાનો ઉપાય તેની પાસે હતો. ચિકાગોના આ મનુષ્યપાસે એવી એક પેટંટ પદ્ધતિ હતી કે તેનાથી મકાઇ ત્રણ ચાર વર્ષ સુરક્ષિત રાખી શકાય છે, એમ તે કહેતો હતો; અને દક્ષિણના સર્વ નીગ્રો પોતાની પદ્ધતિનો અમલ કરે તો ગ્રાંતિ વિષયક સર્વ પ્રશ્નનો નિર્ણય આવી ગયા જેવુ જ થશે, એવો તેનો મત હતો. એક વર્ષ ચાલે તેટલુ ધાન્ય ઉત્પન્ન કરવાનુ અમારા લોકોને શીખવવુ એજ હાલ તુરતનો અમારો પ્રશ્ન છે; એમ સમજાવવાનો મ્હેં પ્રયત્ન કર્યો પણ તેનું સમાધાન થઇ શકયુ નહિ. ચિકાગોમા બીજી એક વ્યક્તિ સર્વ રાષ્ટ્રીય પેઢીઓ બંધ કરવાનો પ્રયત્ન ચલાવતી હતી મ્હારે તેમના આ કાર્યમાં સામેલ થવુ એમ તેમનુ કહેવુ હોઇ, સર્વ પેઢી બંધ થશે તો નીગ્રો લોકો પોતાના પગ પર ઉભા રહેશે એમ પણ તે કહેતો હતો

કોઇનો સમય વ્યર્થ વ્યતીત કરવા અનેક મનુષ્યો તૈયાર હોય છે. એક વખત બોસ્ટનમા સાયકાળે મ્હારૂં વ્યાખ્યાન થયુ હતું. ત્યારે બીજે દિવસે પ્રાતઃકાળે મને કોઇએ ઉઠાડયો અને મ્હારા હાથમાં એક ચીઠ્ઠી આપી કઇ મહત્વનુ કાર્ય હશે એમ સમજી હુ ઉતાવળમાં પોશાક પહેરી નીચે ઉતર્યો અને જોયુ તો એક ગરીબ બાપડો મ્હારી રાહ જોતો ઉભો હતો. તે શાતતાપૂર્વક બોલ્યો. "મ્હેં કાલ રાત્રે આપનુ ભાષણ સાંભળ્યુ હતું અને તે મને ઘણું પસંદ પડ્યું છે. હવે અન્ય કઇ પણ અધિક આપના મુખથી સાંભળવા હું અત્રે આવ્યો છુ."

સંસ્થાથી આટલે દૂર રહી સર્વ દેખરેખ શી રીતે રાખી શકાય છે, એમ ઘણી વખત મને પૂછવામાં આવ્યું છે. આનો ટુંકામા હું એવો ઉત્તર આપું છુ કે "આપણે પોતેજ કંઇ કરી શકીએ તેમ

છે તે અન્યને કરવાને સોંપો નહિ." આ કહેવત તરફ હું દુર્લક્ષ કરૂં છું. એની વિરૂદ્ધ મ્હારી કહેવત એવી છે કે "અન્ય જે કંઇ સારૂં કરે તે આપણે પોતે કરવુ નહિ."

ટસ્કેજીની સંસ્થાની બાબતમા, આ વાત સતોષ અને ઉત્તેજન આપનારી છે કે ત્યાની વ્યવસ્થા ઘણી ચોખ્ખી અને પૂર્ણ હોવાથી, કોઈ પણ એક વ્યક્તિની હાજરી ઉપર, સસ્થાનો રોજનો કાર્યક્રમ અવલબી રહેનો નથી. શિક્ષક, કારકુન વગેરે સર્વ કાર્યાધિકારીની સખ્યા હાલમા ૮૬ની છે. આ સર્વ મડળના કાર્યો એટલી ઉત્તમ રીતથી એકમેકને સોપવામા આવેલા છે કે શાળાનુ કામ ઘડિયાળ માફક નિયમિત ચાલે છે ઘણાએક શિક્ષકોએ ઘણા વર્ષ શાળામાં કાઢેલાં છે, અને શાળા સબધી મ્હારા જેવીજ તેઓ લાગણી ધરાવે છે. મ્હારી ગેરહાજરીમા સસ્થાના ખજીનદાર તરીકે ૧૭ વર્ષ શાળામા કાર્ય કરેલા સદ્‌ગૃહસ્થ મી વૉરન લોગન મ્હારૂ કાર્ય જુએ છે તેઓને મિસિસ વોશિગ્ટન અને મ્હારા વિશ્વાસુ સેક્રેટરી મી. એમેટ જે. સ્કૉટની સારી મદદ મળે છે મી સ્કૉટ મ્હારો સર્વ પત્રવ્યવહાર જૂએ છે, અને સસ્થા વિષેની તેમજ દક્ષિણની અમારી જ્ઞાતિની વિશેષ માહિતી મને જણાવે છે તેમનો ઉદ્યોગ, તેમનુ ચાતુર્ય અને કાર્ય કરવાની પદ્ધતિ માટે હુ તેમનો અતિ ઋણી છુ

હુ ટસ્કેજીમા હોઉ છુ કે નથી હોતો તો પણ, સસ્થાનુ સર્વ યોજેલુ કાર્ય એક કાર્યકારી મડળને સોપી દીધુ છે આ મડળ અઠવાડિયામાં બે વખત મળે છે, આ મડળમા સસ્થાની નવ શાખાના નવ આગેવાન ગૃહસ્થ હોય છે દાખલા તરીકે, પૂર્વના સીનેટર મી. બ્રુસની વિધવા, લેડી પ્રિન્સિપાલ મિસિસ બી કે. બ્રુસ મડળમા એક સભાસદ તરીકે છે; અને સસ્થાની સર્વ બાળાઓનુ હિત એજ સ્ત્રી જુએ છે. આ કાર્યકારી મડળ સિવાય ખાસ આર્થિક દેવું લેણું જોનારી

. એક છ મેમ્બરની કમિટી છે. જે અઠવાડિયામાં એક વખત ભરાય છે, અને અઠવાડિયામાં શુ ખર્ચ કરવો તે ઠરાવે છે. મહિનામાં એક વખત અગર તો જરૂર પડે તો અનેક વખત સર્વ શિક્ષકોની સાધારણ સભા ભરાય છે. તે સિવાય ધાર્મિક અને ખેતી ખાતાના શિક્ષકોની અનેક નાની નાની સભાઓ ભરાય છે.

સસ્થાના અંદર કાર્યક્રમની મને માહિતી રહે તે માટે, રીપોર્ટ વિષે એવી વ્યવસ્થા કરવામા આવેલી છે કે, હું દેશના કોઇ પણ ભાગમાં હોઉં તો પણ મ્હારી પાસે સસ્થાની દરરોજની હકીકત હમ્મેશ આવે છે કયા વિદ્યાર્થીને રજા મળેલી છે અને તે પ્રકૃતિ બગડવાથી કે અન્ય કારણથી મળી છે ઈત્યાદિ સર્વ બાબતની ખબર મને રીપોર્ટ પરથી મળે છે શાળાનુ ઉત્પન્ન શુ છે, ડેરીમાથી કેટલા ગ્યાલન દૂધ અને કેટલા પાઉંડ માખણ આવ્યુ; શિક્ષકોના તથા વિદ્યાર્થીઓના ભોજનના પદાર્થમા શુ શુ છે, કાઈ પણ ખોરાક પકવેલો કે શેકેલો અગર કેટલી શાકભાજી બજારમાથી લાવવામા આવી, અગર તો અમારા ખેતરમાથી લાવવામા આવી તે બધુ રીપોર્ટદ્વારા હું સમજી શકુ છુ મનુષ્ય-સ્વભાવ જગતમા કોઇ પણ સ્થાને સમાન છે એમ મને જણાય છે, કારણ કે, પોતે જાતે જઇ જમીનમાથી શકરીઆં ખોદી કાઢી, તેનુ ભોજન બનાવવાને બદલે, દુકાનમાથી લાવી મુકેલા ચોખાના કોથળા તરફજ નજર રાખીને, તેના ભાતપર જ નિર્વાહ કરવાનો મોહ છોડવામા આવતો નથી, એમ મને જણાઇ આવેલુ છે.

મ્હારા કાર્યનો ઘણો ભાગ લોકોની દૃષ્ટિએ આવે છે, તે સિવાય હું અન્ય અનેક કાર્યો કરૂં છુ; તદપિ મને વિશ્રાંત અને વિહાર વગેરે માટે વખત શી રીતે મળે છે, અને ક્યા પ્રકારની રમતો મને પસંદ છે, એમ ઘણી વખત પૂછવામા આવ્યુ છે. આનો જવાબ આપવાનું મને અતિ કઠિન લાગે છે. અતિ આતુરતા સહિત પ્રયત્નો કરી શકાય

અને નાઉમેદ બનાવનાર અત્યંત વિકટ પ્રસંગો સામે ટક્કર લઇ શકાય, તે માટે શરીર અને મજ્જા તંતુઓને બળવાન અને મજબૂત રાખવાનું કર્તવ્ય દરેકના પોતાના ઉપર અને તેણે અંગીકાર કરેલા કાર્યપર જ અવલંબી રહેલુ છે; એવો મ્હારો મત થએલો છે. દરેક દિવસના કાર્યની સંભવિત યોજના હુ કરી રાખું છું. હમ્મેશનું નિયમિત કાર્ય બનતી રીતે મત્વર પૂર્ણ કરી, અન્ય કંઇ પણ નવીન કાર્ય હસ્તમા લેવાનો હુ પ્રયત્ન કરૂં છું ઓફીસ છોડતા પહેલા સર્વ પત્રવ્યવહાર અને ટાયગ્રોની વ્યવસ્થા કરી નાખુ છુ તેથી બીજે દિવસે નવીન કાર્યમાં હુ સહેલાઇથી હાથ નાખી શકુ છું કાર્યના તાબામા જઇ કાર્યના ગુલામ થવાને બદલે હું મ્હારા કાર્યને મ્હારા પૂર્ણ તાબામાં રાખું છું; અને કાર્યનેજ મ્હારો દામ બનાવું છુ કાર્યને પૂર્ણ રીતે આપણા તાબામાં રાખવાથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક આનદ પ્રાપ્ત થાય છે આ આનંદ ઘણોજ સતોષકારક અને સ્ફૂર્તિદાયક હોય છે મ્હે ઉપર કહ્યા પ્રમાણે વર્તવાથી કાર્યથી શરીરને હુશિયારી અને મનને પ્રસન્નતા પ્રાપ્ત થઇ મનુષ્ય નીરોગી અને મજબૂત થાય છે, એવો મ્હારો અનુભવ છે. કાર્ય ઉપર આપણો પૂર્ણ પ્રેમ થાય છે એટલે એક પ્રકારની અમૂલ્ય શક્તિ પ્રાપ્ત થાય છે એમ મને લાગે છે

પ્રાતઃકાળે હુ કાર્ય શરૂ કરૂં છુ એટલે આખો દિવસ સુખકર અને યશસ્વી થશે એમ મને લાગે છે, છતાં અણધાર્યા બની આવનાર ખરાબ પ્રસગ માટે હું મ્હારી તૈયારી કરી રાખુ છુ અમારી સસ્થાની એક ઇમારત અગ્નિથી બળતી હોય, કઇ અન્ય આપઘાત થયો હોય, અગર કોઇ એકે વ્યાખ્યાનમાં કે વર્તમાનપત્રમા મ્હે કંઇ કર્યું હોય કિવા ન કર્યું હોય તે માટે, કે અજાણપણે મ્હારા મુખમાંથી નીકળેલા કઇ શબ્દો માટે મને ગાળો દેવામાં આવી હોય તો તે સર્વ

સાંભળવાને હું તૈયાર હોઉં છું–મ્હારી તૈયારી હોય છે.

સતત ઓગણીસ વર્ષના કાર્યમાં મ્હેં એકજ વખત રજા લીધી છે. આ રજાનો પ્રસંગ કહું તો બે વર્ષ પહેલાં, મ્હારા કેટલાએક મિત્રોએ મ્હારા હસ્તમાં કંઈ રકમ આપી મને અને મિસિસ વૉશિંગટનને ત્રણ મહિના યૂરોપમાં કાઢવાની જરૂર પાડી, એ છે. દરેક પોતાનું શરીર સુસ્થિતિમાં રાખવું જોઇએ, એવો મ્હારો મત છે. મોટા વિકાર અને રોગ થવા ન પામે તે માટે હું નાના નજીવા વિકારોની પણ કાળજી રાખું છું. અને ઉંઘ બરાબર નથી આવતી ત્યારે પ્રકૃતિમાં કંઇ પણ બીગાડ થયો હોવો જોઇએ એમ હું સમજું છું. શરીરનો કોઇ એક ભાગ અશક્ત થઇ તે પોતાનુ કાર્ય કરી નથી શકતો ત્યારે હું સારા ડાક્ટરની સલાહ મેળવું છુ ગમે તે જગોએ અને ગમે તે વખતે સારી નિદ્રા લઇ શકાય તે અતિ લાભકારક છે; એમ મને લાગે છે. પંદર વીસ મિનિટ ઝોકાં ખાઇ શરીર અને મનને હુશિયાર બનાવવાની કળા મને સાધ્ય થઇ છે.

દરેક દિવસનું કાર્ય હું દિવસ પૂર્ણ થયા પહેલાંજ પૂર્ણ કરૂં છું, એમ મ્હે ઉપર કહ્યુ છે પણ તેનો એક અપવાદ છે. અંતઃકરણમાં રમી રહેલા કોઇ એક વિકટ પ્રશ્નનો નિર્ણય કરવાનો હોય છે, ત્યારે હું તે પ્રશ્નનો એકદમ નિર્ણય કરતો નથી, પણ તે માટે વિચાર કરી એક રાત્રિ જવા દઉં છુ, અગર તો તે વિષે મ્હારી પત્ની અને મિત્રોની સાથે હું ચર્ચા ચલાવુ છુ અને તેમ કરવુ તેજ મને સારૂં લાગે છે.

સારાં પુસ્તકો વાચવા માટે શાંતતાનો સમય હું આગગાડીમાં મુસાફરી કરૂં છુ ત્યારે મળે છે વર્તમાનપત્રોથી મને ઘણો આનંદ થાય છે અને મઝા પડે છે; પરંતુ હું અનેક વર્તમાનપત્રો વાંચું છુ. તેજ અતિ ત્રાસજનક છે. નવલકથાઓ મને પસંદ નથી. ભલામણ કરેલી

એકાદ નવલકથા હું ઘણા પ્રયાસથી-મહેનતથી વાચુ છુ. **ચરિત્ર વાંચવાનું મને સર્વમાં અધિક પ્રિય છે.** પણ કોઇ એક સત્પુરૂષ અગર તો સદ્વસ્તુનું ચરિત્રજ હુ વાચુ છુ એવી પ્રથમ ખાત્રી કરી લઉં છુ. અબ્રાહામ લિંકન વિષે લખાએલ દરેક પુસ્તક અને માસિકના લેખ મ્હેં વાચ્યા છે વાઙ્મયમા લિંકન મ્હારો અધિષ્ઠાતા ગુરૂ છે.

વર્ષના બાર મહિના પૈકી સાધારણ રીતે છ મહિના હુ ટસ્કેજીના બહાર કાઢુ છુ શાળાથી દૂર રહેવુ એ જોકે નિ સશય નુકશાનકારક છે તોપણ તેનો કઇ બદલો મળે છેજ. **કાર્યમાં ફેરફાર થવાથી એક પ્રકારની વિશ્રાંત મળે છે.** આગગાડીનો ઘણો લાંબો સુખકર પ્રવાસ મને અતિ આનદ આપે છે. મને આગગાડીમા વિશ્રાતિ મળે છે. કોઇ કોઇ સમયે દરેક આગગાડીમા કોઇ એક એવી વ્યક્તિ મળે છે કે એ મ્હારી પાસે આવી હમેશના પરિચિત શબ્દોથી એમ પૂછે છે કે "બૂકર ટી વૉશિગ્ટન કહેવાય છે તે આપજ કે? મ્હારે આપનુ ઓળખાણ કરી લેવુ છે" **શાળાથી દૂર રહેવાથી ત્યાંની ક્ષુલ્લક છતાં ચિત્તને રોકી રાખનારી અને મુઝાવનારી બાબતોનું મને વિસ્મરણ થાય છે અને વ્યાપક અને સ્પષ્ટ દૃષ્ટિથી શાળાનું નિરીક્ષણ કરવાનું પ્રાપ્ત થાય છે. શાળામાંજ રહેવાથી એવું ઉત્તમ નિરીક્ષણ થવું બનવા જોગ નથી.** તેમજ શિક્ષણ-વિષયક ચાલતા ઉત્તમ પ્રયત્ન મને અન્ય સ્થાનોએ જોવા મળે છે અને દેશના ઉત્તમ શિક્ષકોના સહવાસનો ઉત્તમ લાભ મળે છે.

સર્વમા અત્યુત્તમ વિશ્રાતિનો અને આનદનો સમય કહીએ તો ટસ્કેજીના અમારા સાયકાળના ભોજન પછીનો સમય છે. અમારી હમ્મેશની એવી પદ્ધિત છે કે, સાયકાળનુ ભોજન થયા પછી હુ, મ્હારી પત્ની; પોર્શિયા, બેકર તથા ડૅવિડસન, એ ત્રણ છોકરા, અમે સર્વ એકત્ર બેસી એકાદ વાત વાચીએ છીએ અગર તો વારા ફરતી

કહીએ છીએ. તેમજ રવિવારે બપોરે તેમની સાથે જગલમાં ફરવા જવાનું મને અતિ પ્રિય છે. જંગલના સૃષ્ટિ-સૌદર્યમા અમો ઘણા સમય સુધી તલ્લીન થઇ શકીએ છીએ. ત્યાં અમોને કોઇ ત્રાસ આપતુ નથી. સ્વચ્છ હવા, સુંદર વૃક્ષો અને ગીચ ઝાડી, અનેક પ્રકારના ફૂલ અને પુષ્પવૃક્ષથી સર્વત્ર પ્રસરતા સુવાસના યોગથી અને પક્ષીઓનાં મધુર ગીતથી ઉત્પન્ન થતા આનદનો ઉપભોગ લેવાનો અમોને પ્રસગ મળે છે ખરી વિશ્રાતિ તે આજ છે.

ટસ્કેજીમા હું હોઉં છુ ત્યારે મ્હારા બગીચાથી મને વિશ્રાતિ અને આનદ પ્રાપ્ત થાય છે. કૃત્રિમ નહિ પણ ખરેખરી કુદરત સાથે સલગ્ન થવાનુ મને હમેશ અતિપ્રિય હોય છે. ઑફીસનુ કાર્ય પૂર્ણ કરી હું ત્રીસ ચાળીસ મિનિટનો જમીન ખોદવામા, બિયા વાવવામા અને વ્યવસ્થા કરવામા વ્યય કરૂ છુ આ કાર્ય કરવામા મને એમ લાગે છે કે, આવી એક વસ્તુ સાથે-કુદરત સાથે મ્હારૂ તાદાત્મ્ય થાય છે અને તેની સાથે બાહ્ય જગતના વિકટ પ્રસગો સાથે અને કર્તવ્યો સાથે બાથ ભરવામા મને શક્તિ પ્રાપ્ત થાય છે. **જેઓએ કુદરતના આનંદનો ઉપભોગ કરવાની, તથા તેનાથી શક્તિ, અને સ્ફુર્તિ પ્રાપ્ત કરી લેવાની કળા સાધ્ય કરી નથી લીધી તેઓની મને અતિ દયા આવે છે.**

રમતો વિષે હું વિશેષ દરકાર ધરાવતો નથી. ફુટબૅાલની રમત મે કદિ પણ જોઇ નથી. પત્તા મને બરોબર ઓળખતા આવડતાં નથી. કોઇ વખત મ્હારા બે છોકરા સાથે હું લખોટીઓની રમત રમું છુ. મ્હારી બાલ્યાવસ્થામાં રમત માટે હું કઇ સમયને વ્યય કરી શકયો હોત તો હાલ હું તેની કઇ દરકાર કરતો હોત! એમ મને લાગે છે. પણ તે શક્ય નહતુ!

પ્રકરણ ૧૬ મું.

યૂરોપનો પ્રવાસ.

ઇ. સ ૧૮૯૩ મા મિસિસિપીની રહેનારી અને નૅશવિલ સંસ્થાનની ફિસ્ક યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ મિસ માર્ગરેટ જેમ્સ મરેની સાથે મ્હારૂં લગ્ન થયુ હતું એ કેટલાંએક વર્ષ પહેલા ટસ્કેજીમા અધ્યાપિકા તરીકે આવેલી હતી; અને લગ્ન વખતે લેડી પ્રિન્સિપાલની જગોએ હતી. શાળાના બધા કાર્યમા તેની મને પૂર્ણ મદદ છે, એથી મ્હારાપરનો બોજો ઘણો હલકો થયો છે શાળાના કાર્ય સિવાય ટસ્કેજી ગામમાં તે એક આયાઓની સભા ચલાવે છે; અને ટસ્કેજીથી આઠ માઇલ દૂર આવેલા એક ઘણી લોક-સખ્યાના વસવાટમાં, સ્ત્રી, પુરૂષ અને છોકરાને તે ખેતરમા વાવેતર કરવાનું કામ શીખવે છે આયાની સભા અને વાવેતરનુ કાર્ય ચાલુ કરવાનો મુખ્ય ઉદ્દેશ કંઇ વિશિષ્ટ લોકોના ફાયદા માટે ન હોઇ, માત્ર અમારી સંસ્થાના વિદ્યાર્થી તૈયાર થઇ બહાર જગતમાં પોતપોતાના જીવનનું કાર્ય કરવા લાગે ત્યારે તેઓને અનુભવ મળે એજ છે.

આ બે કાર્ય ઉપરાત અમારી સંસ્થામાં એક સ્ત્રીઓની કલબ છે આ કલબની જવાબદારી મિસિસ વૉશિંગ્ટન ઉપર જ છે. આ કલબમા સસ્થામા રહેતી અને આજુબાજુની સર્વ સ્ત્રીઓ મહત્વના વિષયોનો વિચાર કરવા માટે મહિનામાં બે વખત એકત્ર થાય છે.

આ સિવાય તે દક્ષિણની કાળી સ્ત્રીઓની ક્લબની અધ્યક્ષ અને કાળી સ્ત્રીઓની રાષ્ટ્રીય ક્લબની કાર્યકારી મંડળની ચૅરમેન છે.

મ્હારા સર્વ છોકરા પૈકી મોટી છોકરી પૉર્શિયા કપડા સીવવાનું કાર્ય શીખી છે, વાદનકળામાંતો તેની બુદ્ધિ અપ્રતિમ ચાલે છે. ટસ્કેજી સંસ્થામાં પોતે અભ્યાસ કરી કેટલોક વખત અન્યને શીખવવાનું કાર્ય પણ તે કરે છે.

તેના પછીનો મ્હારો છોકરો બેકર ટેલીફરો નામનો છે. આ છોકરો વયે નાનો છે તોપણ તેણે ઇંટો કરવાનો ધંધો સારો સાધ્ય કરી લીધો છે. બાલ્યાવસ્થામાંજ તેણે તે કાર્ય શીખવાનું શરૂ કર્યું હતું તે કેટલાક સમયનો પોતાના વર્ગના પાઠ શીખવામાં અને કેટલાક સમયનો આ ધંધામાં વ્યય કરતો હતો. હવે તેણે આ ધંધામાં અતિ કૌશલ્ય મેળવ્યું છે; અને આ ધંધો તેને અતિ પ્રિય થવા લાગ્યો છે. પોતે શિલ્પકાર અને કડીઓ થશે એમ તે કહેતો હતો ગયા ઉનાળામાં તેના તરફથી સમાધાનકારક એક પત્ર નીચે પ્રમાણેનો મ્હારાપર આવ્યો હતો. ઉનાળામાં ઘેરથી બહાર જતા અર્ધો દિવસ ધંધાનું કાર્ય કરવું અને બાકી રહેલા અર્ધા દિવસનો મરજી મુજબ વ્યય કરવો, એમ મ્હેં તેને કહ્યું હતું બે અઠવાડિયા પછી તેના તરફથી નીચે જણાવેલો પત્ર આવ્યો હતો.

"ટસ્કેજી, અલબામા.

પ્રિય પિતા,

આપે ઘેરથી જતા પહેલા અર્ધો દિવસ મ્હારે મ્હારા ધંધામાં કાર્ય કરવું એમ મને કહ્યું હતું; પણ મ્હારો ધંધો મને એટલો તો પસંદ છે કે મ્હારે આખો દિવસ તેમાં કાર્ય કરવું, એમ મને લાગે છે. વિશેષમાં મ્હારાથી બને તેટલા પૈસા મેળવી રાખનાર છું. કારણ કે

હું તેમ કરૂં તો અન્ય શાળામા જવામા મ્હારો ખર્ચ મ્હારા પૈસાથી પૂર્ણ કરી શકાય.

આપનો પુત્ર
બેકર."

મ્હારો નાનો પુત્ર અર્નેસ્ટ ડેવિડસન વૉશિગ્ટન પોતે વૈદ્ય થશે એમ કહે છે એ શાળામા જઇ પુસ્તકો વાંચે છે અને હાથથી પણ કાર્ય કરે છે. વિશેષમા કેટલાક નિયમિત સમયનો અમારી સસ્થાના વૈદ્યની ઓફીસમા વ્યય કરે છે ત્યાના નાના નાના કાર્ય કરતા તે શીખ્યો છે.

સાર્વજનિક કાર્ય માટે ગૃહ છોડી મને અનેક વખત બહાર રહેવાની જરૂર પડે છે, તે મ્હારા અંતકરણને ઘણું ખરાબ લાગે છે. જગતના કોઇ પણ સ્થાન કરતા મને મ્હારા કુટુબમાંજ રહેવાનુ અતિ પ્રિય છે. રોજ સધ્યાકાળે ઘેર પાછા આવી શકાય તેવુ જેના જીવનનું કાર્ય છે તેવા મનુષ્યની મને ઇર્ષ્યા આવે છે. પરંતુ જેને આ અલભ્ય લાભ મળે છે તેમને તેનું વિશેષ મહત્વ સમજાતું નથી, એમ મને કોઇ કોઇ વખત લાગે છે મનુષ્યોની ભીડ, તેમની હસ્ત-ધૂનન અને મુસાફરી ઇત્યાદિ બાબતોથી મુક્ત થઇ, અતિ થોડો સમય પણ પોતાના ઘેર આવવુ, એના જેવુ શ્રમ પરિહાર કરનારૂ અને વિશ્રાતિ આપનારૂ અન્ય એક પણ ઔષધ નથી.

ટસ્કેજીમા અન્ય એક બાબતથી મને અતિ સુખ તથા સતોષ હતો તે એ કે, હમ્મેશ રાત્રે નિદ્રાધીન થતા પૂર્વે સાડાઆઠ વાગતાં વિદ્યાર્થી શિક્ષક અને કુટુંબ વગેરે સર્વ મડળ ઈશ્વરની પ્રાર્થના કરવા માટે પ્રાર્થના-મદિરમા મળે છે. પ્લેટફૉર્મપર ઉભા રહી પોતાની સામે અગીઆરસો બારસો ખરી લાગણી ધરાવનારા સ્ત્રી પુરૂષ ઈશ્વરની પ્રાર્થના કરે છે, એવો દેખાવ જોવો એ અતિ સ્ફૂર્તિદાયક છે, અને

આ સર્વનું જીવન અધિક શ્રેષ્ઠ તથા ઉપયુક્ત કરવાના કાર્યમાં આપણે કંઇ અંશે સહાય કરીએ, તેના જેવું જગતમા અન્ય માન નથી એમ લાગવુ સ્વભાવિક નથી!

૧૮૯૯ ની વસંત ઋતુમા મ્હારા જીવનમાંનો એક અત્યંત આશ્ચર્યકારક બનાવ બન્યો હતો. બોસ્ટનની કેટલીક સ્ત્રીઓએ ટસ્કેજી સંસ્થાના હિતાર્થે હૉલીસ સ્ટ્રીટ થીએટરમા એક સાર્વજનિક સભા ભરી હતી. બોસ્ટનની ઉભય જ્ઞાતિના આગેવાન મંડળો આ સભામા આવ્યા હતાં. બિશપ લૉરેન્સ અધ્યક્ષ હતા. તેમા મ્હારૂં ભાષણ તો હતુંજ, પણ તે સિવાય મી પૉલ લૉરેન્સ ડંબારે પોતાની કેટલીક કવિતા તથા ડૉ. ડબલ્યુ ઇ બી ડુબૉઇસે પોતાના કેટલાક લેખ વાચી બતાવ્યા હતા.

હું અતિ થાકી ગએલો હોવાનુ સભામા આવેલા કેટલાકની દૃષ્ટિએ આવ્યુ, અને સભા પૂર્ણ થયા પછી કેટલીકવારે સભાના વ્યવસ્થાપકો પૈકી એક સ્ત્રીએ મને સહજ પ્રશ્ન કર્યો કે "આપ કદિ યૂરોપમા ગયા છો?" "ના" એમ મ્હે પણ સહજ ઉત્તર આપ્યો. તેણે પુન પૂછ્યુ કે "ત્યા કદિ પણ જવાનો આપનો વિચાર છે કે? નહિ," "તે મ્હારી આવક બહારનુ કાર્ય છે." એવો મ્હે તરતજ જવાબ આપ્યો આ થએલી વાતચીત હું તો ટુંક સમયમાજ વિસરી ગયો હતો, પણ કેટલાક દિવસ પછી મને જણાયુ કે મી ફ્રાન્સિસ જે. ગૅરિસન વગેરે બોસ્ટનના મિત્રમંડળે, મ્હારા અને મિસિસ વૉશિંગ્ટનના યૂરોપની ત્રણ ચાર માસ જેટલી મુસાફરીના ખર્ચ માટે ફંડ કર્યું છે. "તમારે જવુજ જોઇએ!" એમ અમોને કહેવામા આવ્યુ; અને વિશેષમા મુસાફરીને જરૂરના ખર્ચ માટે અમે મિત્રમંડળમા ફંડ કરી રકમ મેળવીએ છીએ એમ પણ મને કહેવામા આવ્યુ "હું ઉનાળામા વિશ્રાંતિ માટે યૂરોપની સફર કરીશ." એવી કબુલાત મ્હારી પાસે કરાવવાનો પ્રયત્ન એક

વર્ષ પહેલા મી. ગૅરિસને કર્યો હતો. મને તે વખતે આ મુસાફરી એટલી અશક્ય લાગી હતી કે, મ્હે તે બાબત તરફ વિશેષ લક્ષ આપ્યુ નહિ. પણ પછી કેટલાક દિવસે મી ગૅરિસને મ્હે ઉપર જણાવેલી સ્ત્રીને, પોતાના મડળમા સામેલ કરી લીધી, અને જ્યારે તેમણે પોતાના વિચાર મને જણાવ્યા ત્યારે અમારે યૂરોપમા ક્યા ક્યાં જવુ, એટલુજ નહિ પણ કઇ સ્ટીમરમા અમારે નીકળવુ તે પણ તેઓએ નક્કી કરી રાખ્યુ હતુ એમ મને લાગ્યુ

આ સર્વ યોજના એટલી તો ગુપ્ત અને અણધારી થઇ કે મ્હારૂ તેના આગળ કઇ ચાલ્યુ નહિ. ટસ્કેજી સસ્થાનુ કાર્ય હું સતત અઢાર વર્ષથી કરતો આવ્યો છુ, અને મ્હારૂ જીવન ત્યાજ પૂર્ણ કરવા સિવાય મ્હારા મનમા અન્ય કઇ વિચાર નહતો હમ્મેશના ખર્ચ માટે શાળા દિનપરદિન મ્હારાપર અધિક અવલબી રહેવા લાગી હતી, તથી મ્હારા બોસ્ટનના મિત્રોને મ્હે જણાવ્યુ કે, "આપના ઔદાર્ય માટે અને દૂરદર્શીપણા માટે હુ આપનો અતકરણપૂર્વક આભાર માનુ છુ પણ મ્હારી ગેરહાજરીમા શાળાની સાપત્તિક સ્થિતિ સારી રહેશે નહિ માટે યૂરોપ હુ જઇ શકુ તેમ નથી." આના જવાબમા તેઓએ જણાવ્યુ કે "મી હેનરી એલ હિઝનસન અને પોતાનુ નામ પ્રસિદ્ધ નહિ થવા દેવા ઇચ્છનારા અન્ય કેટલાક સન્મિત્રો, આપની ગેરહાજરીમા શાળા સારી રીતે ચલાવવા એક મોટી રકમ એકત્ર કરે છે" આ ઉત્તર મળવાથી મને પાછા પડવુ પડયુ અને તેમાથી બહાર નીકળવા કોઇ પણ માર્ગ દૃષ્ટિએ પડયો નહિ।

આમ છતા મ્હારા અતકરણમા આ સર્વ સ્વપ્ન જેવુજ લાગ્યુ, અને હુ યૂરોપની સફર કરીશ એ વાત મને સત્ય લાગી નહિ, દાસત્વ, અજ્ઞાન અને દારિદ્રયની નીચ સ્થિતિમા મ્હારો જન્મ થયો હતો; અને તેમાજ હુ બાલ્યાવસ્થાથી યુવાવસ્થામા આવ્યો હતો.

બાલ્યાવસ્થામા મને સુવા માટે જગ્યા ન હતી, ખાવાને અન્ન ન હતું અને કપડા ગૃહ વગેરેની સ્થિતિ પણ એવીજ દયાજનક હતી, તેથી મને અતિ દુ:ખ પડયુ હતું. હું મોટો થતા સુધી મને ટેબલપર ભોજન લેવાનો સુયોગ પ્રાપ્ત થયો ન હતો. સ્વાદુ અન્ન, એશઆરામ વગેરે અમારી જ્ઞાતિ માટે નહિ પણ ગોરાઓને માટેજ છે, એમ મને લાગતું હતું યૂરોપ, લડન અને પૅરિસને હુ સ્વર્ગજ સમજતો હતો. તેમ છે તો હું યૂરોપ જઇશજ કેવી રીતે? એવા વિચાર મ્હારા મનમા હમ્મેશ આવતા હતા.

આ સિવાય અન્ય બે વિચારોથી તો મને અતિશય ત્રાસ થયો હતો મિસિસ વૉશિગ્ટન અને હુ યૂરોપ જવાના છીએ એમ સાભળનારાઓને સર્વ પરિસ્થિતિની માહિતી નથી, એટલે અમે મોટા થઇ ગયા છીએ અને હવે અમે આડબર કરીએ છીએ, એમ તેઓને લાગશે અમારી જ્ઞાતિના મનુષ્યોને થોડી ફત્તેહ મળતી એટલે પોતે શ્રેષ્ટ થયા છે એમ તેઓ ફુલાઇ જાય છે, અને શ્રીમતોનુ અનુકરણ કરવા તરફ તેમના મસ્તિક ફરી જાય છે, એમ હું બાલ્યાવસ્થામાં સાભળતો હતો. તેનુ મને હવે સ્મરણ થયુ લોકોને અમારા માટે આવુજ લાગશે, એવી શકા એકસરખી મ્હારી પાછળ પડી. વિશેષમાં મ્હારૂ કાર્ય છોડી કેટલોક સમય રજા લેવામા મ્હારી સદ્‌વિવેક બુદ્ધિ મને સવસ્થ રહેવા દે તેમ લાગતું નહિ અનેક કાર્ય કરવાના બાકી રહ્યા છે, બીજાઓ કાર્ય કરે છે, અને મ્હારે રજા લેવી, તે મને હલકટ અને એકલપેટાપણું લાગ્યુ. પૂર્વથી હું સતત કાર્ય કરૂં છુ અને હવે ત્રણ ચાર મહિના કંઈ ન કરતા કેવી રીતે કાઢવા તે હું સમજી શકયો નહિ. રજાનો વ્યય કેવી રીતે કરવો તે હુ જાણુતો નહતો, એજ સત્ય હતું.

ટસ્કેજી છોડી જવામાં મ્હારા જેવીજ હરકત મિસિસ વૉશિં-

ટનને પણ આવી, પણ મને વિશ્રાંતિની અત્યંત આવશ્યકતા તેને જણાવાથી જવા માટેની તેની ઉત્સુકતા જણાઇ. અમારી જ્ઞાતિના જીવન વિષે સંબંધ ધરાવતા કેટલાક મહત્વના રાષ્ટ્રિય પ્રશ્નની ચર્ચા આ સમયે ચાલતી હતી, તેથી યૂરોપ જવાનો નિશ્ચય જલદી થઇ શકતો નહતો. છેવટે અમે જવાને તૈયાર છીએ એમ અમારા બોસ્ટનના મિત્રોને અમે જણાવ્યુ; અને બને તેટલા જલદી નીકળવા તેઓએ અમોને આગ્રહ પણ કર્યો. અમે મે મહિનાની ૧૦મી તારીખે જવાનુ ઠરાવ્યુ. સન્મિત્ર મી ગૅરિસને અમારી સફર ફત્તેહમંદ થાય તે માટે સર્વ વ્યવસ્થા કરી હતી તેઓએ અને અન્ય મિત્રોએ ફ્રાન્સ તથા ઈંગ્લાડના સદ્‌ગૃહસ્થોને અમારા વિષે ખાસ અનેક પત્રો લખ્યા કે પરદેશમા અમારી સર્વ વ્યવસ્થા થાય અમોને સુખ થાય તે માટે અન્ય વ્યવસ્થા પણ કરી ટસ્કેજીમા સર્વને મળી બીજે દિવસે સ્ટીમરમા જઈ શકાય તે માટે તા ૯ મી મેના દિવસે અમે ન્યૂયૉર્ક આવ્યા મૅસેચ્યુસેટ્સના સાઉથ ફ્રામિંગહામમા અભ્યાસ માટે રહેતી અમારી પુત્રી પૉર્શિયા અમને મળવા ન્યૂયૉર્ક આવી હતી મ્હારા સેક્રેટરી મી સ્કૉટ મ્હારા નીકળતા સુધી મ્હારૂ કાર્ય કરવા મ્હારી સાથે ન્યૂયૉર્ક આવ્યા હતા, તેમજ અન્ય કેટલાક મિત્રો પણ અમોને મળવા ન્યૂયૉર્ક આવ્યા હતા સ્ટીમરપર ચઢતા પૂર્વે અન્ય એક આશ્ચર્યકારક બનાવ બન્યો હતો તે એ કે ટસ્કેજીમા કન્યાઓના ઔદ્યોગિક શિક્ષણ માટે મકાન તૈયાર કરવાનો સર્વ ખર્ચ આપવાને અમો તૈયાર છીએ, એવા આશયનો બે સ્ત્રીઓ તરફથી આવેલો એક પત્ર અમને મળ્યો હતો

રેડ સ્ટાર લાઈન કંપનીની ફ્રીસલંડ નામની સ્ટીમરમા અમે પ્રવાસ કરવાના હતા આ સ્ટીમર અત્યત સુંદર હતી. સ્ટીમર નીકળતા પહેલા બપોરે અમે ત્યાં ગયા હતા. આવા મહાસાગરમાથી

જતી સ્ટીમર મ્હેં કદિ જોઈ નહતી; અને જ્યારે હું સ્ટીમરપર ગયો તે સમયે મ્હારા અંતઃકરણમાં જે વિચારો ઉદ્ભવ્યા હતા તેનું વર્ણન થવું અશક્ય છે. મને તે વખતે આનંદ થયો હતો અને થોડો ભય પણ લાગવા માડયો હતો. સ્ટીમરના કેપ્ટન અને અન્ય કામદારોને અમે કોણ છીએ તેની ખબર હતી; એટલુંજ નહિ પણ તે અમારી રાહ જોતા હતા. અમો સ્ટીમરપર આવી પહોચતાની સાથે તેઓએ અમારૂં સ્વાગત કર્યું તે જોઇ અમને ઘણું આશ્ચર્ય થયું ન્યૂ જેરસીના 'સિનેટર સેવેલ' વર્તમાનપત્રના રીપોર્ટર એડવર્ડ માર્શલ વગેરે સારા પરિચિત મનુષ્યો સ્ટીમરપર હતા. કેટલાક ઉતારૂઓ અમારી સાથે સભ્યતાપૂર્વક વર્તશે નહિ, એવી પણ મને થોડી શંકા થતી હતી. અમેરિકન વહાણોમા પ્રવાસ કરતા અમારી જ્ઞાતિના કેટલાએક લોકોને થએલા વિષમ અનુભવ મ્હે સાભળ્યા હતા, તેથી મને આવી શંકા થઇ હતી, પણ અમારી સાથે કેપ્ટનથી શરૂ કરી છેવટના હલકા નોકરો સુધીના સર્વ માણસો સારી રીતે વર્ત્યા હતા. સર્વ ઉતારૂઓ પણ અમારા સાથે પ્રેમપૂર્વક મમતાથી વર્ત્યા હતા. તેમજ સ્ટીમરપર દક્ષિણના કેટલાક ગોરા સ્ત્રી પુરૂષ હતા, તેઓનુ વર્તન પણ અમારી સાથે અન્ય પ્રમાણેજ હતું.

સલામી, રામ રામ વગેરે વિવેક વ્યવહાર થઈ સ્ટીમર બંદર છોડી નીકળવા સાથે, સતત અઢાર વર્ષ સુધી રહેલી ચિંતા, કાળજી અને જવાબદારીનો બોજો મ્હારા ખભાપરથી દરેક મિનિટે એક પૌંડ પ્રમાણે કમી થવા લાગ્યો. કેટલાક અંશે તો હું આ ચિંતાથી મુક્ત થયો છું, એમ અઢાર વર્ષમા મને આ સમયે પ્રથમજ લાગ્યું, અને જે કંઈ શાંતિ મને લાગી તેનું વર્ણન થવું અશક્ય છે. આ સિવાય યૂરોપ અમે હવે સત્વર પહોચીશું, એમ લાગી તેનો પણ મને એક પ્રકારનો અવર્ણનીય આનંદ થતો હતો. પણ આ સર્વ સત્યને બદલે

સ્વપ્નજ હોય, એમ મને દેખાવા લાગ્યું.

મી. ગૅરીસને વિચારપૂર્વક સ્ટીમરપર અમોને એક સ્વતંત્ર વ્યવસ્થિત ઓરડી મળે તેવી વ્યવસ્થા કરી હતી. બે ત્રણ દિવસ પછી મ્હેં નિદ્રા લેવાની શરૂઆત કરી અને પછી દશ દિવસના પ્રવાસમાં તો હું દિવસમાં પંદર પંદર કલાક નિદ્રા લેવા લાગ્યો હું કેટલો બધો થાકેલો હતો તે મને આ વખતે સમજાયું. અન્ય પ્રદેશમાં ઉતર્યા પછી એક મહિના સુધી નિદ્રાનું આવુંજ પ્રમાણ કાયમ રહ્યું હતું રોજ પ્રાતઃકાળે ઉઠતા કંઇ કાર્ય નહતું, આગગાડીના અમુક સમયે દોડી જવાની જરૂર નહતી, કોઇની મુલાકાતનો સંકેત કરેલો નહતો અને અમુક સમયે મ્હારૂં ભાષણ થવાનું નહતું એવી સ્થિતિ જોઇ મને અત્યંત સંતોષ થયો હતો પહેલાના પ્રવાસમાં કોઇ કોઇ વખત એકજ રાત્રે ત્રણ સ્થળોએ ત્રણ ભિન્ન ભિન્ન બિછાનામાં મને સુવું પડેલું હતું. ક્યાં તે દોડાદોડનો અનુભવ અને ક્યાં હાલનો આરામનો સમય!

રવિવાર આવતાંજ મને ઉપાસના ચલાવવા કપ્તાને આમંત્રણ કર્યું હતું, પણ હું ધર્મોપદેશક નહિ હોવાથી મ્હેં તે આમંત્રણનો સ્વિકાર કર્યો નહતો પ્રવાસમાં–ભોજનગૃહમાં ઉતારૂઓ મને ભાષણ કરવા આગ્રહ કરતા અને હું તેનો સ્વિકાર પણ કરતો હતો સિનેટર સેવેલ આ સમયે અધ્યક્ષ સ્થાને હતા. મને સ્ટીમરમાં દુઃખ કદિ પણ પડયું નહતું. હવા અતિ આલ્હાદકારક હોવાથી દશ દિવસના સુખકારક પ્રવાસ પછી અમે બેલજીઅમના અંટવર્પ નામક જુના મહત્વના શહેરમાં ઉતર્યા હતા.

બીજે દિવસે ગામમાં એક મોટો ઉત્સવ ચાલતો હતો. હવા અતિ સુંદર અને આલ્હાદકારક હતી. હૉટેલમાં અમારી ઓરડી સાર્વજનિક ચોક સામે હતી સર્વ પ્રકારના સુંદર પુષ્પ વેચવા માટે જતાં મનુષ્યો, દૂધથી ભરેલા સ્વચ્છ ચકચકીત પાત્રો લઇ જતી સ્ત્રીઓ, કુતરાઓ લેઇ આવતી સુંદરીઓ અને દેવાલયમાં જતા લોકોનાં ટોળાં

વગેરે સર્વ પ્રકારનાં અપૂર્વ દશ્યો મ્હારી નજર નીચે પ્રત્યક્ષ રમવા લાગ્યાં.

અટવર્પમા કેટલાક દિવસ વ્યતિત કર્યા પછી હૉલેડના છ સાત માણુસો સાથે મુસાફરી કરવાનું અમને આમત્રણ મળ્યુ હતું આ ટોળીમા અમારી સાથેજ સ્ટીમરમા આવેલા ઍડવર્ડ માર્શલ અને અન્ય કેટલાક અમેરિકન કારીગરો હતા અમે આ આમત્રણ સ્વીકાર્યું હતું; અને આ મુસાફરીથી અમને અત્યાનદ થયો હતો. અમારી સફર એક જુની અને ધીમા વેગે જતી બોટમા થવાથી આ પ્રવાસ અમને ઘણો બોધપ્રદ થયો હતો. ગામડાઓમા રહેલા લોકોની ખરેખરી સ્થિતિ જોવાની અમને સંધિ મળી હતી અમે આ પ્રમાણે રૉટરડામ સુધી ગયા હતા, અને ત્યાથી આગળ હેગ ગયા હતા. ત્યારે ત્યા શાન્તિ પરિષદની બેઠક ચાલુ હતી; તે પૈકીના અમેરિકન પ્રતિનિધિએ અમારૂં સારૂ સ્વાગત કર્યું હતું.

હૉલેડની ખેતીની પરિણુત અવસ્થા તથા હાલ્સ્ટીન ઢોરની ઉત્કૃષ્ટતાનો મ્હારા અતઃકરણપર ઉત્તમ સસ્કાર થયો એક જમીનના નાના કડકામાથી કેટલુ ઉત્પન્ન મેળવી શકાય છે, તેની કલ્પના હુ હૉલેડ દેશમાં આવ્યો ત્યા સુધી મને નહતી ! જમીનનો યત્કિચિત્ ભાગ પણ તેઓ નકામો જવા દેતા નથી, એમ મને જણાયુ અત્યત લીલાછમ બીડમા ત્રણુસો ચારસો ઉત્તમ હાલસ્ટન ગાયો ચરતી હતી તે દેખાવ જોવા માટે જ ફક્ત હૉલેંડની મુસાફરી કરવી યોગ્ય છે, એમ મને લાગ્યુ !

હૉલેડથી અમે બેલજીયમ ગયા, અને આ દેશમા ઉતાવળો પ્રવાસ કરવા લાગ્યા. બ્રુસેલ્સમા રોકાઇ વૉટરલૂની રણુભૂમિ અમે જોઇ. બેલજીઅમથી અમે પારિસ ગયા. ત્યા મિસિસ એલિઝાબેથ કેડી સ્ટૅનટનના મી. થિઓડર સ્ટેનટન નામના પુત્રે કૃપા કરી અમારી રહેવાની વ્યવસ્થા કરી, ત્યાં અમારી વ્યવસ્થા થઇ ન થઇને તરતજ યુનિવર્સિટી ક્લબે અમોને મીજબાનીમાં આમંત્રણ કર્યું. તે સમયે પૅરિસમાં રહેલા

પૂર્વેના પ્રેસિડૅન્ટ બેન્જામિન હૅરિસન અને આર્ચબિશપ આયર્લૅંડ વગેરે અન્ય મહેમાનો પણ આવ્યા હતા. અમેરિકાના પ્રતિનિધિ જનરલ હૉરેસ પૉર્ટર મીજબાનીના પ્રસંગે અધ્યક્ષ હતા. ત્યાં મ્હેં ટુંકું ભાષણ કર્યું તે શ્રોતાઓને પસંદ પડયું હોય તેમ જણાયું હતું. જનરલ હૅરિસને મ્હારાં વિષે અને ટસ્કેજીના કાર્યના અમેરિકન જ્ઞાતિના પ્રશ્નપર થએલી અસર વિષે પોતાના ભાષણમાં કંઇક ઉદ્ગાર કાઢયા હતા. આ મીજબાનીના મ્હારા ભાષણ પછી મને વ્યાખ્યાન માટે બીજાં આમંત્રણો આવ્યાં હતાં. જો હું તે સ્વિકારીશ તો યૂરોપની મુસાફરીનો ઉદ્દેશ સફળ થશે નહિ, એમ માની મ્હેં તેનો અસ્વિકાર કર્યો હતો, તથાપિ અમેરિકન પ્રાર્થનામંદિરમાં આગળના રવિવારે ભાષણ કરવાનું કબુલ કર્યું હતું. આ પ્રસંગે જનરલ હૅરિસન, જનરલ પોર્ટર અને ઇતર નામાંકિત ગૃહસ્થો હાજર રહ્યા હતા.

ત્યાર પછી અમેરિકન પ્રતિનિધિને ત્યાં સ્વાગતના એક પ્રસંગે હાજર રહેવાનું મને આમંત્રણ થયું. આ પ્રસંગે યુનાઇટેડસ્ટેટસની સુપ્રિમ કૉર્ટના ન્યાયાધિશ જસ્ટીસ ફુલર અને જસ્ટીસ હાર્લન તથા બીજા ઘણા અમેરિકનો મળ્યા હતા. પૅરિસમાં અમે એક મહિનો રહ્યા હતા ત્યારે અમેરિકન પ્રતિનિધિ, તેમનાં પત્ની અને અન્ય અમેરિકન ગૃહસ્થોએ અમારી સાથે અતિ પ્રેમપૂર્વક વર્તન રાખ્યું હતું.

પૅરિસમાં હતા ત્યારે સુપ્રસિદ્ધ અમેરિકન નીગ્રો ચિત્રકાર મી. હેનરી ઓ. ટેનરનો અમોને વિશેષ પરિચય થયો હતો. પૂર્વે અમેરિકામાં એમની સાથે મ્હને ઓળખાણ થયું હતું. મી. ટેનર ચિત્રકળામાં ઘણા પ્રખ્યાત હતા, તેમજ સર્વ જાતિના મનુષ્યો તેમને આ કારણવાજ માન પણ આપતા હતા, તે જોઇ મને સંતોષ થયો હતો. લક્ઝેમબર્ગ રાજવાડામાં એક અમેરિકન નીગ્રોએ આલેખેલું ચિત્ર અમે જોવા જઇએ છીએ, એમ જ્યારે અમે કેટલાક અમેરિકનોને કહ્યું ત્યારે એક નીગ્રોને

આવું બહુ માન મળ્યું હોય તે તેમને સંભવિત લાગ્યુ નહિ. તે ચિત્ર જાતે જઇ તેઓએ જોયુ ત્યા સુધી તેમની ખાત્રી થઇ નહતી. ટસ્કેજીના અમારા વિદ્યાર્થીઓના અને આસપાસના લોકોને પોકારી કહેલા મ્હારા તત્ત્વને મી. ટેનરના પરિચયથી વિશેષ બળ મળ્યુ. તે તત્ત્વ એ હતું કે, **કોઇ પણ બાબત ગમે તેટલી ક્ષુલ્લક હોય પણ જે કોઈ તે અધિક પ્રમાણમાં સારી-અન્ય કરતા આધક સારી-કરવા શીખે છે, તેની-પછી તે ગમે તે વર્ણનો હોય તો પણ તે પ્રમાણમા તેની-પરિક્ષા અને કિંમત થાય છે.** મ્હે કહ્યા પ્રમાણે જે પ્રમાણમા અમારો જ્ઞાતિ એક સાદી બાબત ઉત્તમ રીતે કરતા શીખશે તો તેથી તથા પોતાનુ કાર્ય અતિશય મહત્વનુ અને મૂલ્યવાન બનાવશે તે પ્રમાણમા તેને યશ મળાતે જ જશે. મને હેમ્પટનમા પ્રથમ જ્યારે ઓરડી સ્વચ્છ કરવાની ત- આપ-વામા આવી હતી, ત્યારે તેજ તત્ત્વથી પ્રેરિત થઇ મ્હે મ્હારો પહેલો પ્રયત્ન સિદ્ધ કર્યો હતો શાળાની ઓરડી સ્વચ્છ કરવાપરજ મ્હારૂં આગળનુ જીવન અવલબી રહેલુ છે, એમ મને કેટલાક અશે લાગ્યુ હતું, અને મ્હારા કાર્યમા કોઇ પણ દોષ કાઢી શકે નહિ તેવી રીતે કાર્ય કરવાનો મ્હે નિશ્ચય કર્યો હતો. અસ્તુ. ચિત્ર તરફ જોતાં મી. ટેનર નીગ્રો ચિત્રકાર છે, કે ફ્રેંચ અગર જર્મન ચિત્રકાર છે, એવી તપાસ કરનારા બહુધા મને કોઇ મળ્યા જ નથી જગતને જે કઇ જોઇએ છે તે ઉત્તમ ચિત્ર તેને કાઢતા આવડતુ હતુ, એટલી જ લોકોને તેના વિષે ખબર હતી, તેનો રગ કયો છે, તેની કલ્પના પણ તેઓના મનમા આવી નથી. કોઈ એક નીગ્રો કન્યા રસોઈ કરતા, તાટ ધોતા, સીવતા અને પુસ્તક લખતા શીખે છે; અગર નીગ્રો છોકરો ઘોડાની ચાકરી કરતા, શકરીઆં ઉત્પન્ન કરતા, માંખણ કાઢતાં, ઘરો બાંધતા અગર તો રોગ સારા કરવાનુ શીખે છે; પણ તે જ્યારે

આ કાર્યો અન્ય જેવાં અગર તો તેથી પણ અધિક સારાં કરવા લાગશે, ત્યારે તેના વર્ણ કે રંગ તરફ લક્ષ ન આપતા લોકો તેને તેનો અધિક બદલો આપવા લાગશે. છેવટે એટલુંજ કહીશ કે જગતને સર્વમાં ઉત્તમ વાતો જોઇએ છે, તેથી જાતિભેદ તથા ધર્મભેદ અને પાછલો ઇતિહાસ તથા બનાવો જગતને જરૂરની વસ્તુ મેળવી આપવામા આડે આવશે નહિ.

મને એવુ લાગે છે કે અમારી જ્ઞાતિ જે ગામ અગર સંસ્થાનમાં રહે છે, ત્યાના સમાજના કલ્યાણમા અગર સુખમા અમારૂં અસ્તિત્વ કારણભૂત થાય છે કે નહિ, એ પ્રશ્નપર મ્હારી જ્ઞાતિનું ભવિષ્ય અવલબી રહેલુ છે. **આપણે જે સ્થાનમાં રહીએ છીએ તે સ્થાનના મનુષ્યોની સાંપત્તિક, બૌદ્ધિક અને નૈતિક ઉન્નતિમાં જો આપણે કંઇ વધારો કરીશું તો તેની આપણને યોગ્ય બક્ષિસ મળ્યા સિવાય રહેશે નહિ.** કદિ પણ અન્યથા ન થનાર આ શ્રેષ્ઠ માનુષી નિયમ છે

ફ્રેંચ લોકોમા ઘણા અશે રહેલ સુખ અને પ્રગતિની ભાવનાથી મ્હારા અતકરણપર સારો સસ્કાર થયો. મ્હારી જ્ઞાતિ કરતા ફ્રેંચ જ્ઞાતિમા આ ભાવના અધિક છે, એમ મને લાગ્યુ. નીતિ અને તે વિષય પરત્વેની લાગણીની બાબતમા ફ્રેચ લોકો અમેરિકાની મ્હારી જ્ઞાતિથી શ્રેષ્ટ હોય તેમ મને લાગતુ નથી તીવ્ર જીવનકલહ અને સ્પર્ધાથી પોતાના કાર્ય અધિક સારી રીતે કરવા તથા અધિક કરકસરથી ચલાવતાં તેઓ શીખ્યા છે, કેટલાક કાળ પછી મ્હારી જ્ઞાતિ તેજ સ્થિતિએ પહોચશે એમ મને લાગે છે સત્યતા અને મોટાઇમાં સાધારણ ફ્રેંચમૅન અમેરિકાના નીગ્રોથી શ્રેષ્ટ છે. એમ મને લાગતું નથી. મુગા જાનવરોપર પ્રેમ અને દયા ધરાવવામા તો મ્હારી જ્ઞાતિ ઘણીજ આગળ છે. ખરેખર ફ્રાન્સથી અમે નીકળ્યા ત્યારે અમેરિકાના

નીગ્રોના ભવિષ્ય વિષે મ્હારા અંતઃકરણમા પૂર્વ કરતાં અધિક વિશ્વાસ વધ્યો.

પૅરિસ છોડી અમે લંડન ગયા અને ત્યા જુલાઈના આરંભમાં જઇ પહોચ્યા પાર્લામેંટની બેઠક તે અરસામા ચાલુ હોઇ ત્યાં ઉત્સવ ચાલતો હતો મી. ગૅરિસન અને અન્ય મિત્રોએ અમને ઘણા પત્રો આપ્યા હતા; અને અમે આવનાર હોવાની ગ્રેટબ્રિટનના લોકોને પણ સૂચના આપી મુકી હતી. લડન પહોચતા સાથેજ પુષ્કળ કાર્યોમા અમને હાજર રહેવા આમત્રણ આવ્યા હતા, પણ મને વિશ્રાંતિની જરૂર હોવાથી મ્હેં તે પૈકી ઘણાનો સ્વિકાર કર્યો નહતો, તોપણ કેટલાક આમત્રણ સ્વિકારવાની જરૂર પડી હતી બોસ્ટનમા પરિચયમા આવેલા રેવરડ ડૉક્ટર બ્રુક હરફર્ડ અને મિસિસ હરફર્ડ અમેરિકન પ્રતિનિધિ ઑનરેબલ જોસફ ચૅાટની સલાહ લઇ ઇસૅકસ હૅાલમા ભરાતી સભામાં મ્હારે ભાષણ આપવુ એમ ઠરાવ્યુ. તે પ્રસગે મી ચૅાટે અધ્યક્ષ સ્થાન સ્વિકારવાનુ કબુલ કર્યું હતુ સભામા અનેક પ્રતિષ્ઠિત મનુષ્યો હાજર હોઇ તેમા અન્ય કેટલાક પાર્લામેંટના સભાસદ પણ હતા. મી. જેમ્સ બ્રાઇસે તે સભામા ટુકુ ભાષણ પણ કર્યું હતુ મને ઓળખાવવા અમેરિકન પ્રતિનિધિએ કરેલુ પ્રાસ્તવિક ભાષણ અને ભાષણનો સારાંશ, તે સમયના ઈંગ્લાડ અને અમેરિકાના ઘણા વર્તમાનપત્રોમા પ્રસિદ્ધ થયો હતો. ડોકટર અને મિસિસ હરફર્ડે મ્હારૂ અને મિસિસ વૉશિંગ્ટનનુ સ્વાગત કર્યું હતુ આ સમયે ઈંગ્લાડના અનેક શ્રેષ્ટ લોકો સાથે મ્હારૂ ઓળખાણ થયુ હતુ. લડનમા રહેતો હતો ત્યારે પ્રતિનિધિ ચૅાટે અતઃકરણપૂર્વક મ્હારી કાળજી રાખી હતી. પ્રતિનિધિએ કરેલા સ્વાગતના સમયે માર્કટવેનની સાથે મ્હારી મુલાકાત પ્રથમજ થઇ હતી.

રિચર્ડ કૅાબડેન નામના ઇંગ્રેજ મુત્સદીની પુત્રી મિસિસ ટી. ફીશર અનવિન સાથે અનેક વખતે અમે મહેમાન તરીકે ગયા હતા.

મી. અને મિસિસ અનવિન અમોને સુખ થવા માટે પોતાની પરાકાષ્ટા કરતા હતા ત્યાર પછી એક અઠવાડિયા સુધી અમે સ્ટ્રીટ ગામની જૉન-બ્રાઇટની પુત્રી મિસિસ કલાર્કના મહેમાન થયા હતા મી અને મિસિસ કલાર્ક પોતાની કન્યાઓ સાથે બીજા વર્ષે ટસ્કેજી આવી અમને મળ્યાં હતાં. બર્મિંગહામમા અમે મી જોસેફ સ્ટર્જના મહેમાન થયા હતા. તેમના પિતા ગુલામગીરી બધ કરનારા પૈકી એક આગેવાન ગૃહસ્થ હોઇ વી ટીયર અને ગૅરિસનના મિત્ર હતા સ્વર્ગસ્થ વીલીયમ લોઇડ ગૅરિસન અને ઑ ફ્રેડ્રિક ડગલસ તથા ગુલામગીરી બધ કરનારા અન્ય લોકો મને મળ્યા હતા આ એક મોટુ માન હુ સમજુ છું. આ લોકોને આ બે અમેરિકનો વિષે બોલતા કદિ પણ કટાળો આવતો નહતો આ લોકોએ ગુલામોને સ્વતત્રતા આપવાના કાર્યમા જે લાગણી દર્શાવી હતી અને જે કઇ ખરેખરી મદદ કરી હતી તેની યોગ્ય કલ્પના ઇંગ્લાડ આવતા પૂર્વે મને નહતી.

બ્રિસ્ટલમા સ્ત્રીઓની લીબરલ ક્લબમા મ્હે અને મિસિસ વૉશિંગ્ટને ભાષણ કર્યું હતું આખળા માટે કાઢવામા આવેલી રૉયલ કૉલેજમાં પદ્દીદાનના સમારભમા મ્હેજ મુખ્ય ભાષણ કર્યું હતું આ સમારભ ક્રિસ્ટલ પૅલેસમા સ્વર્ગસ્થ ડયૂક ઑફ વેસ્ટમિનિસ્ટરના અધ્યક્ષપણા નીચે થયો હતો એઓ ઇંગ્લાડમા સર્વમા શ્રીમત હતા, એવી તેમની ખ્યાતિ હતી ડયૂક, તેમના પત્ની અને તેમની પુત્રીને મ્હારૂ ભાષણ ઘણું પસદ પડયુ હતું, અને તેઓએ મ્હારો અત કરણપૂર્વક આભાર માન્યો હતો હુ, મ્હારી પત્ની અને તે સમયે લડનમા ભરાતી સર્વ રાષ્ટ્રીની સ્ત્રીઓની સભાની કેટલીક સ્ત્રીઓને લેડી આબરડીનની કૃપાથી વીંડસર કૅસલમા રાણી - વિકટોરિયાની ભેટ થઇ હતી; અને પછી ત્યા રાણી પાસે અમે ચ્હા પીવા પણ ગયા હતા. અમારા મડળમાં મિસ સુસાન બી. ઍન્ટની પણ હતી. એકજ વખતે

સુસાન બી. ઍન્ટની અને રાણી વિકટોરિયા જેવી અદ્વિતીય સ્ત્રીઓની ભેટ લેવાની સંધિ કોઈને ભાગ્યેજ મળે છે. આ વાતથી મ્હારા મન પર ઘણીજ અસર થઇ હતી.

હાઉસ ઑફ કૉમન્સમા અમે ઘણી વખત ગયાં હતાં. ત્યા સર હેનરી એમ. સ્ટેનલેની મુલાકાત થઈ હતી આફ્રિકા અને આફ્રિકાનો અમેરિકન નીગ્રો સાથેનો સબધ, એ વિષયપર તેમનુ અને મ્હારૂં ભાષણ થયુ હતુ. અમેરિકન નીગ્રો આફ્રિકામા જઇ રહે તો તેમની સ્થિતિ સુધરવાની આશા વ્યર્થ છે, એવો તેમની મુલાકાત પછી મ્હારો મત થયો હતો.

અનેક વખત અમે ઈંગ્રેજ લોકોના ગામોમાં મહેમાન તરીકે ગયા હતા, આ સ્થળેજ ઇંગ્રેજ લોકોની ઉત્તમ રહેણી દૃષ્ટિએ પડે છે. નિદાન એક બાબતમા તો ઇંગ્રેજો અમેરિકનોથી આગળ છે. તે એ કે, જીવનમા અધિક સુખ કેમ પ્રાપ્ત કરી લેવુ તે તેઓ સારી રીતે સમજે છે. તેમની ગૃહવ્યવસ્થા ઉત્તમ અવસ્થાએ પહોચેલી છે, એમ મને લાગે છે તેઓનુ દરેક કાર્ય ઘડિયાળ પ્રમાણે નિયમિત ચાલે છે. નોકર ચાકર પોતાના શેઠ તથા શેઠાણીઓને ઘણું માન આપે છે, અને અદબીથી 'સાહેબ', 'બાઇ સાહેબ', એમ કહે છે. આ શબ્દો અમેરિકનોને રૂચિકર થશે નહિ ઈંગ્રેજ નોકર, નોકરજ રહેવા ઇચ્છે છે, તેથી તે પોતાના કાર્યમા એટલો હુશિયાર હોય છે કે કોઇ પણ અમેરિકન નોકરથી તેની બરોબરી થઇ શકશે નહિ' અમેરિકન નોકર કેટલાક વર્ષ પછી પોતેજ શેઠ થવા ઇચ્છા ધરાવે છે. આમાની કઇ પદ્ધતિ સારી છે તે કહેવાનુ સાહસ હુ કરીશ નહિ.

ઈંગ્લાડની અન્ય એક બાબતનો મ્હારા અતઃકરણપર સારો સંસ્કાર થયો હતો. ત્યાંના સર્વ મનુષ્યો કાયદા તથા પદ્ધતિને ઘણુંજ માન આપે છે. તે સિવાય તે ઠેકાણે દરેક બાબત નિશ્ચિત અને

પૂર્ણ કરવામાં આવે છે. ભોજનમાં તેમજ દરેક બાબતમાં ઇંગ્રેજો ઘણા સમયનો વ્યય કરે છે; પણ છેવટે ઉતાવળ કરનારા અમેરિકનો જેટલું તેમના હસ્તથી કાર્ય થાય છે કે નહિ, તેની મને શંકા થાય છે.

ઇંગ્લાંડના અમીર ઉમરાવો વિષે મ્હારો મત પૂર્વ કરતાં અધિક સારો થયો. ઇંગ્લાંડનો સાધારણ જનસમૂહ તેમને કેટલું માન આપે છે, તથા કેટલો પ્રેમ ધરાવે છે, તેમજ પરોપકારાર્થે તથા સત્કાર્યાર્થે તે પોતાનો કેટલો સમય અને પૈસા ખર્ચે છે, અને આ કાર્યમા તેઓ કેવુ ચિત્ત રાખે છે, તેની મને કંઈ કલ્પનાજ ન હતી. ઉલટું તે ગમે તેમ પોતાના પૈસા ઉડાવે છે અને મોજમજાહ મારે છે, એવો મ્હારો રાહ થએલો હતો

ઇંગ્લીશ શ્રોતાઓ આગળ ભાષણ કરી તેમને ખુશ કરવાનું મને ઘણું મુસ્કેલી ભરેલુ થયુ હતું સાધારણ ઇંગ્લીશમૅન એટલો ગભીર દેખાય છે, અને પ્રત્યેક બાબતમા એટલી બધી શ્રદ્ધા દર્શાવે છે, કે જે બાબતમા હુ અમેરિકન શ્રોતાઓને હસાવતો હતો તેજ બાબત સાભળવાથી ઇંગ્રેજોના મુખપર હાસ્યની લેશ માત્ર પણ છટા ન પ્રસરતાં તેઓ મ્હારા સામુ જોયા કરતા હતા

એક વખત ઇંગ્લીશમૅનનો દૃઢ પરિચય થઇ મૈત્રી થાય છે કે પછી તે પૂર્ણ બધનથી તમોને બાધી નાખે છે. ઇંગ્લીશમૅનની મૈત્રી જેવી અન્ય કોઇ પણ ટકાઉ અને સતોષકારક મૈત્રી હોય તેમ મને લાગતું નથી આ સ્થાને એક પ્રસગનુ ઉદાહરણ આપી આ વિધાન હુ અધિક સ્પષ્ટ કરીશ લડનમા સ્ટૅફર્ડ હાઉસ નામના અત્યુત્તમ મકાનમા સધરલડના ડ્યૂક અને ડચેસે એક સ્વાગતના પ્રસગે મને અને મિસિસ વૉશિગ્ટનને આમત્રણ કર્યું હતું. સધરલડની ડચેસ ઇંગ્લાડની સર્વ સ્રીઓમા સુદર સ્રી છે સુમારે ત્રણસો મનુષ્યો આ સ્વાગત સમયે હાજર હતા. સધ્યા સમયે બે વખતે ડચેસે મડળમાંથી

સંભાષણ માટે અમોને શોધી કાઢયાં હતાં અને અમે પાછા ઘેર ગયા, પછી પત્ર લખી 'ટસ્કેજી સંસ્થાની અધિક માહિતી જણાવશો, એમ અમોને જણાવ્યુ હતુ અને મ્હેં તે પ્રમાણે કર્યું હતુ' નાતાલના તહેવાર આવતાની સાથેજ તેણે પોતાની સહી કરી પોતાનો એક ફોટો અમારા તરફ મોકલ્યો હતો. તેમની સાથેનો પત્રવ્યવહાર હાલ ચાલુ છે, અને સધરલડની ડચેસ અમારા ઉત્તમ સ્નેહીઓ પૈકીનીજ એક છે, એમ અમે સમજીએ છીએ.

ત્રણ મહિના યૂરોપમા કાઢયા પછી 'સેટલૂઇસ' વહાણમા બેસી સાઉથામ્પટનથી અમે પાછા વળ્યા લૂઇસ શહેરના નાગરિકોએ બક્ષિસ આપેલુ એક સુદર વાચનાલય વહાણપર હતું આ વાચનાલયમા ફ્રેડરિક ડગલસનુ ચરિત્ર મને મળ્યુ, તે મ્હે વાચવુ શરૂ કર્યું ઇગ્લડના પોતાના પહેલા અને બીજા પ્રવાસમા વહાણપર પોતાની સાથે કેવું વર્તન ચલાવવામા આવ્યુ હતું, તે વિષે આ પુસ્તકમા મી. ડગલસે કરેલુ વર્ણન મ્હે લક્ષપૂર્વક વાચ્યુ હતું. મને વહાણપરની ઓરડીમાં આવવા દેતા નહતા, ડૅકપરજ-નૌકાપૃષ્ટપર જ-રહેવુ પડતું, એમ તેઓએ લખ્યું હતું. આ વર્ણન વાચ્યા પછી કેટલીક મિનિટે બોટપરના સ્ત્રી પુરૂષોની કમિટી મ્હારી પાસે આવી અને કમિટીના મેમ્બરો સધ્યા સમયે થતા જલસામા મને ભાષણ કરવા વિનતી કરવા લાગ્યા. આવી સ્થિતિ હોવા છતા અમેરિકામા વર્ણદ્વેષ કમી થતો નથી, એવું હિમતથી કહેનારા લોકો છે! આ જલસાના પ્રસગે, ઓનરેબલ બેન્જામિન બી. ઑડેલ તે ન્યૂયૉર્કના હાલના ગવર્નર અધ્યક્ષસ્થાને હતા. મ્હારૂ ભાષણ અન્ય કોઇ પણ સ્થળના મનુષ્યોએ અત્રેના મનુષ્યો જેટલું અંતઃકરણપૂર્વક સાભળી લીધુ નહિ હોય! ઉતારૂ પૈકી કેટલાએકોએ ટસ્કેજી સંસ્થાને મદદાર્થે કંઇ ફડ કરવા સૂચના રજુ કરી. તેમાં કેટલીક સ્કોલરશીપની રકમો પણ મળી. પૅરિસમાં હુ હતો ત્યારે વેસ્ટવર્જી-

નિયાના રહેવાસીઓ તરફથી અને જ્યાં મ્હેં બાલ્યાવસ્થાનો સમય પસાર કર્યો હતો તે શહેરના લોકો તરફથી નીચે જણાવેલુ આમંત્રણપત્ર આવેલુ જોઇ મને અતિ આશ્ચર્ય થયુ હતું.

"ચાર્લસ્ટન" ૧૬ મે, ૧૮૯૯

પ્રૉફેસર બૂકર ટી. વૉશિંગ્ટન, પેરિસ–ફ્રાન્સ,

પ્રિય મહાશય ! વેસ્ટવર્જીનિયાના અનેક ઉત્તમ રહેવાસીઓએ આપની યોગ્યતા અને કાર્ય માટે આપની સ્તુતિ કરી છે, અને આપ યૂરોપથી પાછા ફર્યા પછી તેઓને આપના ચૈતન્યદાયક શબ્દ સંભળાવી આપનુ આગમન કૃતાર્થ કરશો, એવી તેઓએ પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી છે અમોને આ યોજના ઘણી પસંદ છે, અને ચાર્લસ્ટનના નાગરિકો તરફથી અમે આપને નિમંત્રણ કરીએ છીએ કે, આપના જીવન કાર્યથી જેઓને તમે બહુ માન આપ્યુ છે, તેવા અમારે ત્યા આપનુ આગમન થવાથી–આપનો યોગ્ય સત્કાર કરવાની તક અમોને મળેથી–અમે કૃતાર્થ થઇશુ

આપનો

ચાર્લસ્ટન શહેરની કૉમન કૌંસિલ,

ડબલ્યૂ હર્મન સ્મિથ,

મારફત.

આ આમંત્રણ સાથે નીચે પ્રમાણેની વિગતનો પત્ર પણ હતો.–

પ્રૉફેસર બૂકર ટી. વૉશિંગ્ટન, પૅરિસ–ફ્રાન્સ,

મહાશય ! અમે ચાર્લસ્ટન અને વેસ્ટ વર્જીનિયાના રહેવાસીઓ આપને જણાવીએ છીએ કે, આપની કારકીર્દિ અને આપે કરેલા કાર્ય માટે અમે અતિ મગરૂર છીએ, અને યોગ્ય રીતે અમારૂ અભિમાન તથા સહાનુભૂતિ વ્યક્ત કરવાની તક આપે અમને આપવી, એવી અમે આપની પાસે માગણી કરીએ છીએ.

આપ યૂરોપ જવા પહેલા આપને જુને ઘેર આપ આવ્યા હતા, પણ તે સમયે આપના ચાર શબ્દ સાંભળવાની અને આપના કાર્યને કંઇ યોગ્ય મદદ કરવાની સંધિ મળી નહિ, તે માટે અમો ઘણા દીલગીર છીએ; માટે આપ યૂરોપથી પરત આવ્યા પછી અમારા શહેર નિવાસીઓની પરોણાગત સ્વીકારી આપનુ ભાષણ અમોને સંભળાવશો. આપના કાર્યને સંતોષકારક બળવાન બનાવવાની સંધિ મળે અને આપના આગમનથી અને ભાષણથી યોગ્ય જાગૃતિ થાય માટે અમે ખરી લાગણીથી આપને આમંત્રણ કરીએ છીએ.

આપનુ આગમન અત્રે ક્યારે થશે તે વિષે અગાઉ સૂચનાનો પત્ર સત્વર આવવાથી આપનો ઘણો ઉપકાર થશે

આપના—

ચાર્લ્સટન ડેલી ગેઝીટ, ડેલીમેલ ટ્રિબ્યૂન, જી. ડબલ્યૂ. અટકીનસન ગવર્નર; ઈ એલ. બાઝ, ગવર્નરના સેક્રેટરી; ડબલ્યૂ એમ ઓડાસન. સેક્રેટરી ઑફ સ્ટેટ; એલ એમ લાફાલેટી, ઓડીટર, જે આર. ટ્રાટર, શાળાના સુપ્રીન્ટેન્ડેન્ટ, ઇ ડબલ્યૂ. વિલ્સન, પૂર્વના ગવર્નર; ડબલ્યૂ. એ. મૅક કારકલ, પૂર્વના ગવર્નર, જૉન ક્યૂ. ડિકિનસન કનાવા વેલી બૅંકના પ્રેસિડૅન્ટ; એલ પિચર્ડ, ચાર્સ્ટન નેશનલ બૅંકના પ્રેસિડૅંટ; જી. એસ કાઉચ, કનાવા નેશનલ બૅંકના અધ્યક્ષ, ઇ રીડ, કનાવા નેશનલ બેંકના કેશીઅર, જી. એસ લેડલી, સીટીસ્કુલ સુપ્રીન્ટેન્ડેન્ટ; એલ બી મૅક વાર્ટર, બોર્ડ ઑફ એજ્યુકેશનના પ્રેસિડેન્ટ; સી. કે. પેન, વ્યાપારી, અને બીજાઓ-"

મ્હે જે શહેરમા બાલ્યાવસ્થા પસાર કરી હતી, અને જે શહેરમાથી અજ્ઞાની, ગરીબ તથા અપ્રસિદ્ધ વિદ્યાર્જન માટે બહાર પડયો હતો તે શહેરની સીટીકાઉન્સિલ, સરકારી અધિકારી અને ઉભય જ્ઞાતિના આગેવાન ગૃહસ્થો તરફથી આવેલુ આમંત્રણ જોઇ

મને અતિ આશ્ચર્ય થયું; એટલુંજ નહિ પણ મ્હારી બુદ્ધિ તદ્દન બહેર મારી ગઇ. આટલું માન મેળવવા જેવું મ્હે કઇ કર્યું છે કે શુ? તે મને સમજાયુ નહિ.

મ્હેં આમત્રણ સ્વીકાર્યું અને ઠરાવેલા દિવસે ઉભય પરગતિના મનુષ્યો જેમા હતા તથા ડબલ્યૂ એ. મૅક કારકલ, પૂર્વના ગવર્નર જેના અધ્યક્ષસ્થાને હતા, તેવી કમિટીએ ચાર્લેસ્ટન સ્ટેશનપર મ્હારૂ સ્વાગત કર્યું હતું. ચાર્લ્સ્ટનના થીએટરમા મ્હારૂ સાર્વજનિક સ્વાગત થયું હતું. સ સ્થાનના ગવર્નર ઑ. જ્યોર્જ ડબલ્યૂ ઍટકિનસન આ પ્રસગે અધ્યક્ષસ્થાને હતા આ સમયે સ્વાગતનુ ભાષણ ગવર્નર મેકકારકલે કર્યું હતું. કાળા લોકોએ પણ સ્વાગતમા ભાગ લીધો હતો. નાટકગૃહ ઉભય જ્ઞાતિના મનુષ્યોથી ખીચ ભરાઇ ગયુ હતું; અને જેઓને ઘેર મ્હેં બાલ્યાવસ્થામા કાર્ય કર્યું હતું તેવા અનેક ગોરાઓ અહીંઆ હાજર હતા. બીજે દિવસે ગવર્નર અને તેમની પત્ની મિસિસ ઍટકિનસને સરકારી રાજવાડામા મ્હારૂ સ્વાગત કર્યું હતું. આ પ્રસગે પણ સર્વ જાતિના લોકો હાજર રહ્યા હતા.

આ પછી કેટલાક દિવસે જૉર્જીઆ સસ્થાનના અટલાટાના કાળા લોકોએ મ્હારૂં સ્વાગત કર્યું હતું, અને આ સમયે તે સસ્થાનના ગવર્નર અધ્યક્ષસ્થાને હતા તે પ્રમાણેજ ન્યૂ ઓરાલયન્સમા પણ મ્હારૂ સ્વાગત થયુ અને તે સમયે ત્યાના મૅયરે અધ્યક્ષસ્થાન સ્વીકાર્યું હતું. આજ સમયે અન્ય અનેક સ્થળેથી આમત્રણ આવ્યા હતા, પણ હું તે સ્વીકારી શક્યો નહતો.



પ્રકરણ ૧૭ મું.

છેવટના શબ્દો.

યૂરોપ જતા પૂર્વે મ્હારા જીવનમા કેટલાક આશ્ચર્યકારક બનાવ બન્યા હતા. ખરેખર મ્હારૂં સર્વ જીવન ઘણુંકરીને આશ્ચર્યકારક બનાવોની એક ખાણુજ છે. જે કોઇ પોતાના જીવનનો દરેક દિવસ ઉત્તમ રીતે પસાર કરવામાં એટલે શુદ્ધ, નિષ્કામ અને ઉપયુક્ત પરોપકારમા વ્યય કરવામા બનતો પ્રયત્ન કરે છે, તેનું જીવન હમ્મેશા આવા પ્રકારના અકલ્પિત અને ઉત્તેજક બનાવોથી ભરાઇ જાય છે. **અન્ય પ્રાણીને અધિક સુખી અગર અધિક ઉપયુક્ત કરવાના પ્રયત્નથી પ્રાપ્ત થતો આનંદ કે તૃપ્તિ જેઓએ અનુભવી નથી, તેવા કાળા અગર ગોરા મનુષ્ય પ્રત્યે મને દયા આવે છે.**

મૃત્યુ પૂર્વે છ મહિનાપર અને પક્ષાઘાતનો વિકાર લાગુ થયા પછી એક વર્ષપર પોતે આ લોક છોડી જવાના અગાઉ ટસ્કેજી સંસ્થા પુનઃ જોવા માટે જનરલ આર્મસ્ટ્રાંગે ઇચ્છા પ્રદર્શિત કરી હતી. આ સમયે તેમની સર્વ ઇંદ્રિયો એટલી શિથિલ થઇ હતી કે તે ઘણા અંશે દુર્બળ જ બન્યા હતા; એમ કહેવામા હરકત નથી. આવી સ્થિતિમાં પણ તેમની ઇચ્છાને માન આપવામા આવ્યું, અને તેઓને ટસ્કેજી લાવવામાં આવ્યા. આ સમયે ટસ્કેજી રેલ્વે કંપનીના ગામમાં

રહેતા ગોરા માલિકોએ ચૅહો નામના મુખ્ય સ્ટેશન સુધી એક સ્પેશ્યલ ટ્રેન વિના મૂલ્યે દોડાવવાનું કબુલ કર્યું હતું. રાત્રે સુમારે નવ વાગે તેઓ સંસ્થામાં આવ્યા હતા. દેવદારના લાકડાની બત્તીથી જનરલ આર્મસ્ટ્રાંગનું સ્વાગત કરવાનું એક અગ્રેસરે સૂચવ્યું હતું. આ સૂચના માન્ય કરવામાં આવી હતી, અને તેઓની ગાડી શાળામાં આવ્યા પછી હજારો વિદ્યાર્થી અને શિક્ષકોએ બન્ને બાજુએ પકડી રાખેલા દેવદારની બત્તીઓના પ્રકાશમાંથી તેઓને પસાર થવું પડયું હતું. આ સર્વ એટલું અપૂર્વ અને આશ્ચર્યકારક બન્યુ હતું કે જનરલને તેનાથી અત્યાનંદ અનુભવ્યા જેવું જણાયું હતું; પછી તેઓ પરોણા તરીકે મ્હારે ત્યાં બે મહિના રહ્યા હતા. આ સમયે તે જો કે બહુ અંશે દુર્બળ થયા હતા, અને બોલી પણ શકતા નહતા, તોપણ દક્ષિણના લોકોને મદદ કરવા માટે ઉપાય અને માર્ગ શોધવામાં પોતાનો સર્વ સમય કાઢતા હતા. આ મુલાકાતમા અનેક વખત તેઓએ કહ્યું હતુ કે દક્ષિણના નીગ્રોની ઉન્નતિ કરવામા મદદ કરવી એટલું જ દેશનું કર્તવ્ય નથી, પણ ગોરા ગરીબોને પણ મદદ કરવી તે આપણું કર્તવ્ય-કર્મ છે. તેમની મુલાકાત થયા પછી તેમના સર્વ પ્રિય કાર્ય આગળ ચલાવવા મ્હારે શિર લેવાનો મ્હે નૂતન નિશ્ચય કર્યો. તેમના જેવી સ્થિતિમા આવેલો મનુષ્ય જ્યારે વિચાર કરી શકે છે, કાર્ય કરી શકે છે; અને પોતાના અંતઃકરણ પ્રમાણે વર્તી શકે છે. ત્યારે તેમના પ્રિય કાર્યને બનતી મદદ કરવા મ્હારે આગળ પાછળ જોવુ જોઇએ નહિ, એવો મ્હે મ્હારા મનમાં વિચાર કર્યો.

કેટલાક અઠવાડીઆ પછી જનરલ આર્મસ્ટ્રાંગ આ લોક છોડીને ગયા ત્યારે બીજી એક ઉદાર, પરોપકારી અને અત્યુત્તમ વ્યક્તિ સાથે ઓળખાણ થવાનો મને પ્રસંગ આવ્યો હતો. આ વ્યક્તિ તે, જનરલ આર્મસ્ટ્રાંગની જગ્યાપર આવેલા હૅમ્પટન સંસ્થાના પ્રિન્સિપાલ

રેવરંડ ડૉક્ટર હૉલીસ બી. ફ્રિસેલ હતા. ડૉ૦ ફ્રિસેલની બોધક, બળવાન અને દક્ષતાપૂર્ણ દેખરેખ નીચે હૅમ્પટન સસ્થાની ઉન્નતિ અને ઉપયુક્તતા જનરલ આર્મસ્ટ્રાંગની ઇચ્છા પ્રમાણે એક સરખી અધિકાધિક વધતી જાય છે. પોતાનું મોટું વ્યક્તિત્વ જનરલ આર્મસ્ટ્રાંગના વ્યક્તિત્વ પાછળ લપાવવાનો—સંસ્થાના કાર્યાર્થે પોતાનું નામ પ્રસિદ્ધ ન થવા દેવાનો—ડૉ ફ્રિસેલનો સતત પ્રયત્ન ચાલુ હોય છે.

મ્હારા આયુષ્યમાં અત્યત આશ્ચર્યકારક શું બન્યું છે એમ મને અનેક વખત પૂછવામાં આવ્યુ છે, તેનો ઉત્તર આપવામાં મને કંઇ હરકત જણાતી નથી. તે બનાવ એ છે કે ત્રણ છોકરાં અને મ્હારી પત્ની સહિત હું મ્હારા ઘરના ઓટલાપર બેઠો હતો ત્યારે એક રવિવારે સવારે નીચે પ્રમાણેનો પત્ર આવ્યો હતો.

"હારવર્ડ યુનિવર્સિટી, કેંબ્રિજ,
તા. ૨૮ મે, ૧૮૯૬.

પ્રેસિડૅન્ટ બૂકર ટી. વૉશિંગ્ટન,

પ્રિય મહાશય ! આવતા પદ્ગીદાનના સમયે આપને એક બહુ માનની પદ્ગી આપવાની હારવર્ડ યુનિવર્સિટીની ઇચ્છા છે. પણ હાજર રહેલા ગૃહસ્થનેજ પદ્ગી આપવાનો અમારો નિયમ છે. અમારો પદ્ગીદાન સમારંભ તા. ૨૪ જુનના રોજ છે. તે દિવસે બપોરે બાર વાગ્યાથી પાંચ વાગતા સુધી આપે હાજર રહેવું. તા. ૨૪ ના રોજ આપ કેમ્બ્રિંજમાં હશો કે ?

આપનો
ચાર્લ્સ. ડબ્લ્યુ. ઇલિયટ
પ્રેસિડૅન્ટ હારવર્ડ યુનિવર્સિટી."

આવું માન મને કોઇ પણ સમયે મળશે, એવું સ્વપ્ન પણ આવ્યું નહતું, અને અમેરિકાના અત્યંત પ્રાચીન અને પ્રસિદ્ધ

વિશ્વવિદ્યાલય તરફથી મને બહુ માનની પદ્વી મળશે તે સત્ય પણ લાગતું નહતું. આ પત્ર હાથમા લઇ હું બેઠેલો હતો; ત્યારે મ્હારા નેત્રોમાં અશ્રુ આવ્યા. મ્હારૂં પૂર્વનું સર્વ જીવન-બાળપણમા ગુલામનું કામ, કોલસાની ખાણનું કામ, અન્ન વસ્ત્રરહિત કાઢેલા દિવસ, રસ્તા નીચે સુઇ વ્યતીત કરેલી રાત્રિ, શિક્ષણ માટે કરેલી દોડાદોડ, ટસ્કેજીના પ્રથમના કટોકટીના પ્રસગ, સસ્થા ચાલુ રાખવા માટે એક ડાલર પણ ક્યાંથી મળશે એ ચિંતામાં કાઢેલો સમય; અને મારી જાતિનો બહિષ્કાર અને છળ, એ સર્વ ચિત્રો મ્હારી દૃષ્ટિ આગળ આવી ઉભા રહ્યા અને તેઓએ મને વ્યાકુળ બનાવી દીધો.

મ્હે કીર્તિની દરકાર કરી નથી અગર તો તેની પાછળ પડયો નથી. નામ અગર કીર્તિ એ એક લોકોનું કલ્યાણ કરી શકવાનુ સાધન છે, એમ હું હમ્મેશ સમજતો આવ્યો છુ મને જે કંઇ માન અગર મોટાઈ પ્રાપ્ત થઇ હશે તેનાથી જો અન્યનું હિત હું સાધી શકયો હોઇશ તોજ મને તેમાં સંતોષ છે, એમ મ્હેં અનેક વખત મ્હારા મિત્રોને બોલી બતાવ્યુ છે સપત્તિ પ્રમાણે માનનો ઉપયોગ અન્યનુ કલ્યાણ કરવામા થતો હોય તો તે મને પ્રિય છે શ્રીમત લોકો સાથે જેમ જેમ મ્હારો પરિચય વધે છે, તેમ તેમ પૈસા એટલે તે અન્યનુ હિત કરવા માટે પોતાના હાથમાં ઈશ્વરે આપેલુ એક સાધન છે, એવી તેમના મનની વૃત્તિ દિનપ્રતિદિન થતી જાય છે, એમ મને અધિકાધિક લાગે છે. ટસ્કેજી સસ્થાને અનેક વખત મદદ કરનાર મી જૉન. ડી. રૉકફેલરની ઑફીસમા હું જઉં છુ કે મ્હારા ઉક્ત વિધાનનું મને સ્મરણ થયા સિવાય રહેતું નથી પોતાનો પ્રત્યેક ડાલર સત્કાર્યમાં વપરાય તે માટે તેઓ અતિશય બારીકાઇ અને કાળજી પૂર્વક, જાણે કે એક ઉદ્યોગ ધંધામાં પોતાની મુડી રોકતા હોય તેમ તપાસ કરે છે.

આવો પ્રકાર જોઇ શ્રીમતોની થતી આ પ્રવૃતિ મને સંતોષકારક લાગ્યા સિવાય રહેતી નથી.

જૂન મહિનાની ૨૪ મી તારીખે સવારે નવ વાગતા હું પ્રેસિડેન્ટ ઇલિયટ, હારવર્ડ યુનિવર્સિટીના ઑવરસીયર મંડળ અને અન્ય ગૃહસ્થોને યુનિવર્સિટીમા નિશ્ચિત થયેલા સ્થાને જઇ મળ્યો અહીંથી અમો સર્વ પદ્વી-દાનના સમારંભ માટે સૅન્ડર્સ થીએટરમા જવાના હતા. જનરલ નેલ્સન, એ. માઇલ્સ, ડૉક્ટર બેલ-બેલ ટેલીફોનના શોધક, બિશપ વિનસેંટ અને રેવરંડ મિનૅાટ જે. સૅવેજ, એઓને પણ આ વખતે પદ્વી-દાન માટે બોલાવવામા આવ્યા હતા. પ્રેસિડેન્ટ અને ઑવરસીયરના મંડળની પાછળ અમોને ઉભા કરવામાં આવ્યા, તરતજ મૅસૅચ્યુસૅટમના ગવર્નર બોડીગાર્ડ સહિત આવ્યા, અને પ્રેસિડેન્ટ ઇલિયટની બાજુએ ઉભા રહ્યા. અન્ય કામદાર અને પ્રૉફેસર; ટોપી અને ઝભ્ભા પહેરી પાછળ ચાલવા લાગ્યા આવા ઠાઠમાઠથી અમે સૅન્ડર્સ થીએટરમા આવી પહોંચ્યા. શરૂઆતનો કાર્યક્રમ પૂર્ણ થયા પછી પદ્વીદાનનો સમારંભ શરૂ થયો. હારવર્ડમા આ એક મોટો ઉત્સવનો દિવસ મનાય છે બહુમાનની પદ્વી કોને આપવામાં આવનાર છે તે જે તે ગૃહસ્થોનું આગમન થતા સુધી કોઇની પણ જાણમાં આવતું નથી; અને પ્રમાણમા પદ્વી મેળવનારો મનુષ્ય લોક પ્રિય થએલો હોય છે તેટલો અધિક પ્રમાણમા તેનો જયઘોષ વિદ્યાર્થીઓ અને અન્ય તરફથી થાય છે. પદ્વી આપતી વખતે લોકોનો ઉત્તેજન અને ઉત્સાહનો સતત પ્રવાહ ચાલે છે.

જ્યારે મ્હારૂં નામ પોકારવામાં આવ્યુ, ત્યારે હું ઉઠી પ્રેસિડેન્ટ ઇલિયટની પાસે ગયો. તેઓએ પોતાના સુંદર અને બલિષ્ટ અંગ્રેજી શબ્દથી મને 'માસ્ટર ઑફ આર્ટસ'ની પદ્વી આપી. પદ્વી દાનનો સમારંભ થયા પછી પદ્વી મેળવનારા ગૃહસ્થોને પ્રેસિડેન્ટ સાથે

ઉપહાર લેવાનું આમંત્રણ હતું. ઉપહાર પછી પુનઃ અમે હારબંધ ઉભા રહ્યા. ત્યાર પછી આ વર્ષના સમારંભના વ્યવસ્થાપક (માર્શલ) બિશપ વિલીયમ લૉરેન્સે યુનિવર્સિટીના સ્થાન તરફ ફેરવ્યા. રસ્તામાં સ્થળે સ્થળે પદ્વી મેળવનારા ગૃહસ્થોનાં નામ લઇ હારવર્ડના લોકોએ જયઘોષ કર્યા. અમે મેમોરિયલ હોલમાં આવી અટક્યા. અહીં સર્વે વિદ્યાર્થીનો ભોજન-સમારંભ ચાલતો હતો. પોતાની કૉલેજના અભિમાન અને પ્રેમના ઉત્સાહથી તથા તેજથી પ્રફુલ્લિત થએલા, રાજ્ય ખાતાના, ધર્મ ખાતાના, વ્યાપાર ખાતાના અને શિક્ષણ ખાતાના એમ સર્વ ખાતાના હજારો અત્યુત્તમ મનુષ્યો એકત્ર જોવાને મળતો દેખાવ હારવર્ડમાંજ દૃષ્ટિએ આવે છે, અને તે સ્મૃતિપટ પરથી જલદી નષ્ટ થતો નથી.

ભોજનોત્તર પ્રેસિડૅન્ટ ઇલિયટ, ગવર્નર રોજર વોલકૉટ, જનરલ માઇલ્સ, ડૉક્ટર મિનૉટ જે. સૅવેજ અને ઑનરેબલ હેનરી કૅબટ-લૉજનાં ભાષણો થઇ મ્હારૂં પણ ભાષણ થયું. મ્હારા ભાષણનો કેટલોક મુખ્ય ભાગ નીચે પ્રમાણે હતોઃ—

"આપે આજે મને જે સન્માન આપ્યું છે, તેનો હું બહુજ થોડા અંશે પાત્ર હોઉં તો પણ હું પાત્ર છુ, એમ લાગ્યાથી મ્હારૂં મન કેટલાક અંશે હલકું થશે એમ મને લાગે છે. દક્ષિણના કૃષ્ણ કટીબધમાથી—મ્હારા ગરીબ લોકમાંથી—આ પ્રસંગે પદ્વી સ્વીકારવા આપે મને કેમ બોલાવ્યો છે તે કહેવાનું મને પ્રયોજન નથી; પણ આ વિષે એક વાત હું સૂચવું તો તે અયોગ્ય અને અપ્રાસંગિક થશે નહિ, એમ મને લાગે છે. 'વિદ્વાન, શ્રીમંત અને સશક્ત તેમજ અતિશય ગરીબ, અશિક્ષિત અને નીચ લોકોને એકત્ર કેમ કરવા, આ ઉભય મનુષ્યોનાં પરસ્પર સબંધ વધી એકના દૃષ્ટાંતથી અન્યે કેવી રીતે પોતાની ઉન્નતિ કરી લેવી.' આ આજ અમેરિકન

લોકો આગળ મુખ્ય પ્રશ્ન છે. પેલી તરફ બીકનસ્ટ્રીટપરના મોટી મોટી હવેલીઓના શ્રીમંતોને, અલબામાના કપાસના ખેતરોમાં અને લુસિયામાં શેરડીની વાડીમાંની ઝુંપડીમાં રહેનારા અતિ રંક લોકોની જરૂરીઆતો શી રીતે સમજાય? એજ તે પ્રશ્ન છે. નીચેના લોકોને ઉંચે લાવી–તેમની ઉન્નતિ કરી–પોતે નીચે ન જતાં ઉક્ત પ્રશ્નનો આજે હારવર્ડ યુનિવર્સિટી નિર્ણય કરે છે."

"મ્હારા ગત જીવનમાં મ્હેં મ્હારા જ્ઞાતિબન્ધુઓની ઉન્નતિ કરવાનો કંઇક પ્રયત્ન કર્યો છે અને આપના અને મ્હારી જ્ઞાતિના લોકોનો પરસ્પર સબંધ વિશેષ સારો હોવો જોઇએ તે માટે કંઇ યત્ન મ્હારા હસ્તે થયો હોય એમ આપને લાગતું હશે; તો હું આપને એવી ખાત્રી આપું છુ કે આજથી હું આ કાર્યમાં આથી બમણો પ્રયત્ન કરીશ. ઇશ્વરના રાજ્યમાં કોઇ પણ વ્યક્તિ કિંવા જ્ઞાતિના યશનું એકજ માપ છે. અમેરિકન માપથી–કસોટીથી–પ્રત્યેક જ્ઞાતિએ પોતાની યોગ્યતા માપી લેવી; એવી આ દેશની સ્થિતિ છે. કોઇ પણ જ્ઞાતિની અવનતિ થઇ છે કે ઉન્નતિ થઇ છે, ફત્તેહ મળી છે કે નહિ, તે આ કસોટીથી સિદ્ધ થશે કેવળ ઇચ્છા અગર આશયનું છેવટે મહત્વ રહેશે નહિ. હવે પછીનાં પચાસ અને તેથી પણ થોડાંક અધિક વર્ષો મ્હારી જ્ઞાતિએ આ કઠિન અમેરિકન કસોટીમાંથી પસાર થવું જોઇએ. સહિષ્ણુતા, તિતિક્ષા, અસ્ખલિત ઉદ્યોગ, દુ:ખ, સહનશીલતા, મોહ, પરાઙ્મુખતા અને મિતવ્યય વગેરે સર્વ બાબતોમાં યશ મેળવવો, ઉપરના આડંબરને ભૂલી ન જતાં સત્ય અને અંતરંગ હૃદયનો સ્વીકાર કરવો, વિદ્વાન થઇ સાદાઇ અને વિનયશીલતા સંપાદન કરવી, શ્રેષ્ઠતા મેળવી સર્વના સેવક થવું ઇત્યાદિ સર્વ બાબતોમાં અમારી પરીક્ષા હજુ થવાની છે."

અમેરિકન યુનિવર્સિટીએ એક નીગ્રોને બહુ માનની પદ્વી

આપ્યાનો આ પહેલોજ પ્રસંગ હોવાથી સર્વ દેશમાં તે વિષે વર્તમાન-પત્રોમા ઘણી ચર્ચા થઇ હતી. ન્યૂયૉર્કના એક વર્તમાનપત્રના રીપોર્ટરે આ સંબંધમા એવું લખ્યું છે કે:—

"જે વખતે બૂકર ટી. વૉશિંગ્ટનનું નામ પોકારવામાં આવ્યું અને તે જ્યારે આ માન સ્વીકારવા ઉભા થયા, ત્યારે તે સમયે તાળીઓનો મોટો ગગડાટ થયો હતો. લોકપ્રિય સોલજર દેશભક્ત જનરલ માઇલ્સ સિવાય આવી ખુશાલી-વાહ વાહ અદ્યાપિ સુધી અન્ય કોઇની થઇ નહતી. કેવળ સહાનુભૂતિ બતાવવા માટે, અગર પ્રથમથી શીખવી મૂકવામા આવ્યુ હતું માટે; લોકોએ દબાણથી તાળીઓનો ગગડાટ કરેલો નહતો; પણ મોટા સાનદાશ્ચર્ય અને ઉત્સાહથી તેઓએ તે કર્યો હતો. નીચેના ભાગથી તે ઠેઠ ઉપરની ગૅલેરી સુધીના સર્વ શ્રોતા આ ગગડાટમા સામેલ થયા હતા, અને તેઓની ચોતરફ રહેલા લોકોના મુખ ઉપર આરક્ત છટા દેખાવા લાગી હતી. પૂર્વે ગુલામગીરીમાં રહેલી એક વ્યક્તિએ ચલાવેલા પ્રયત્ન અને તે વ્યક્તિએ પોતાના બન્ધુઓ માટે કરેલા કાર્યનુ ખરેખરૂ મહત્વ લોકોએ જાણ્યુ હતું એમ આ ઉપરથી સિદ્ધ થાય છે."

બોસ્ટનના એક વર્તમાનપત્રમાં નીચે જણાવેલો સંપાદકીય લેખ આવ્યો હતો.

"ટસ્કેજી સંસ્થાના પ્રિન્સિપાલને 'માસ્ટર ઓફ આર્ટસ'ની પદ્વી આપવામા હારવર્ડ યુનિવર્સિટીએ તેઓનુ અને પોતાનુ એમ ઉભયનુ સન્માન કર્યું છે દક્ષિણમાં પોતાની જ્ઞાતિના લોકોને શિક્ષણ આપી તેઓને સારા નાગરિક બનાવવાની અને તેઓની ઉન્નતિ કર-વાનુ જે કાર્ય પ્રોફેસર બૂકર ટી. વૉશિંગ્ટને કરેલુ છે, તે ઉપરથી તેઓ રાષ્ટ્રહિત કર્તા પૈકીનાજ એક છે; એમ ઠરે છે. યોગ્ય રીતે શિક્ષણ પૂર્ણ કરી પદ્વી મેળવેલા અગર બહુમાનની પદ્વી મેળવેલા સુપાત્રોમાં,

આવી વ્યક્તિનું નામ દાખલ કરી લેવામાં હારવર્ડ યુનિવર્સિટીએ મગરૂર થવું જોઇએ—અભિમાની થવું જોઇએ."

"મી. વૉશિંગ્ટન અમેરિકન યુનિવર્સિટી તરફથી બહુ માનની પદ્વી મેળવનારા પોતાની જ્ઞાતિમા પહેલાજ ગૃહસ્થ છે એમ કહેવામાં આવ્યુ છે. આ પણ એક માનજ છે. મી. વૉશિંગ્ટન કાળા વર્ણના છે, અને તેઓનો જન્મ દાસત્વમાં થએલો છે માટે તેઓને આ પદ્વી આપવામાં આવી નથી, પણ દક્ષિણ ભાગના કૃષ્ણ કટીબંધના પોતાના બન્ધુઓની ઉન્નતિ કરવામાં તેઓએ જે કંઇ **અપૂર્વ બુદ્ધિ, સામર્થ્ય** અને **દીનવાત્સલ્ય** બતાવ્યુ છે તે માટેજ તેઓને આ બહુ માન મળેલુ છે. આ બે બાબત હોય છે તો કોઇ પણ મનુષ્ય—પછી તેની ચામડી ગોરી હો અગર કાળી હો તોપણ—મોટો બને છે."

બોસ્ટનના બીજા એક વર્તમાનપત્રે નીચે પ્રમાણે લખ્યુ હતુ:—

"અમેરિકામા હારવર્ડે પ્રથમ એક કાળા મનુષ્યને બહુમાનની પદ્વી આપી છે. ટસ્કેજી સંસ્થાનુ કાર્ય અને ઇતિહાસ જેઓએ જોયો છે, તેઓને બૂકર ટી. વૉશિંગ્ટનનુ ધૈર્ય, દ્દઢ ઉદ્યોગ અને ઉત્તમ વ્યવહારિક જ્ઞાન વિષે કૌતુક થયા સિવાય રહેશે નહિ. એક વખતે ગુલામ હતો તેવા આ મનુષ્યને હારવર્ડે સન્માન આપ્યુ તે ઠીક કર્યું છે, પરંતુ એઓએ પોતાની જ્ઞાતિ માટે અને દેશ માટે કરેલા કાર્યનું મહત્વ ભવિષ્યકાળમાં સમજાશે."

ન્યૂયૉર્કના ટાઇમ્સના ખબરપત્રીએ નીચે મુજબ લખ્યું હતુ—

"સર્વ ભાષણો લોકોને પ્રિય થયાં હતાં; પણ તે કાળા મનુષ્યને વક્તૃત્વમાં અતિમાન મળ્યુ હતુ. તેનું ભાષણ પૂર્ણ થયા પછી તાળીઓની પરંપરા ઘણા સમય સુધી અને જોસભેર ચાલી રહી હતી."

ટસ્કેજીમાં કાર્ય શરૂ કર્યા પછી મ્હેં મ્હારા મનમાં એવો નિશ્ચય કર્યો હતો કે હું અમારી શાળાની એટલી સુધારણા કરીશ અને દેશને તેની એટલી ઉપયુક્તતા બતાવીશ કે યુનાઇટેડસ્ટેટ્સના પ્રેસિડૅન્ટ એક દિવસે અમારી શાળા જોવા પધારશે. આ ઘણો સાહસનો અને અવિચારી નિશ્ચય હતો તે હું માન્ય કરૂં છે. મ્હારો આ નિશ્ચય કેટલાંક વર્ષ સુધી કોઇને પણ ન કહેતાં મ્હેં ગુપ્તજ રાખ્યો હતો.

ઇ. સ. ૧૮૯૭ના નવેમ્બર મહિનામાં આ બાબતનો મ્હેં પ્રથમ પ્રયત્ન કર્યો હતો. અને પ્રેસિડૅન્ટ મેકકિનલેના મત્રીમડળ પૈકી ખેતીવાડીખાતાના સેક્રેટરી ઓ. જેમ્સ વિલ્સનને મ્હે શાળા જોવા બોલાવ્યા. ખેતી અને તેના જેવા અન્ય વિષયોનું શિક્ષણ આપવા માટે બાંધેલા "સ્લેટર આર્મસ્ટ્રાગ" નામના મકાનના સમારંભના સમયે કઈ પ્રાસ્તાવિક ભાષણ કરાવવાના હેતુથી તેઓને અત્રે બોલાવવામા આવ્યા હતા.

સ્પૅનિશ-અમેરિકન યુદ્ધનો અંત સારી રીતે આવ્યા પછી થએલા તહ સબંધી દેશમા જ્યાં ત્યા ઉત્સવ શરૂ થયા હતા. જોર્જીઆના અટલાટામાં થવાના ઉત્સવના કંઇ ભાગમા સામેલ થવા માટે પ્રેસિડૅન્ટ મેકકિનલે અટલાટામા આવવાના છે, એમ મ્હે ઇ. સ. ૧૮૯૮ ની શરદ ઋતુમા સાભળ્યુ હતુ આ સમયે રાષ્ટ્રને ઉપયુક્ત થાય તેવી સંસ્થા નિયત કરવામા ઇતર શિક્ષકો સાથે હું અઢાર વર્ષથી પ્રયત્ન કરતો હતો મત્રીમડળસહ શાળા જોવા માટે લાવવાનો પ્રયત્ન કરવાનો મ્હે નિશ્ચય કર્યો હતો. હુ વૉશિગ્ટન ગયો, અને પ્રેસિડૅન્ટના "શ્વેતમંદિર" તરફનો રસ્તો પકડયો. ત્યાં જતાંજ અનેક મનુષ્યો દિવાનખાનામાં રાહ જોતા બેઠેલાં હોવાનુ મને જણાયું. અને નિદાન આજે પ્રેસિડૅન્ટની મુલાકાત થશે નહિ એમ મને લાગવા માંડયું. પરતુ જેમ તેમ કરી પ્રેસિડૅન્ટના સેક્રેટરી મી. જે. ઍડિસન પૉર્ટરની

મુલાકાત લીધી; અને મ્હારૂં કાર્ય તેઓને સમજાવી કહ્યું. તરતજ મી. પૉર્ટરે મ્હારી નોટ કૃપા કરી પ્રેસિડૅન્ટ તરફ મોકલી દીધી; તેના જવાબમાં મારી મુલાકાત લેશે એમ જણાવવામાં આવ્યું હતું.

સર્વે પ્રકારના આટલા મનુષ્યોની મુલાકાત લેવી, તેઓનાં કામ સાંભળી લેવાં અને પોતે સતત કાર્ય કરવું, વગેરે સર્વ કરીને પણ શાંત, સ્થિર અને આનંદિત રહેવું; એ સર્વ પ્રેસિડૅન્ટ મેકનિકલને કેમ અનુકૂળ આવતું તેનો હું કંઇ વિચાર કરી શક્યો નહિ. મ્હારી મુલાકાત થયા પછી દેશહિતના માટે ચલાવવામા આવેલા ટસ્કેજીના અમારા કાર્ય માટે પ્રેસિડૅન્ટ સાહેબે મ્હારો આભાર માન્યો હતો. ત્યાર પછી મ્હેં મ્હારી મુલાકાતનો ઉદ્દેશ તેઓને ટુંકમાં કહી સંભળાવ્યો હતો. રાષ્ટ્રના મુખ્ય અધિકારીના-પ્રેસિડૅન્ટના આગમનથી અમારા વિદ્યાર્થી અને શિક્ષકોનેજ નહિ પણ સર્વ જ્ઞાતિને ઉત્તેજન અને મદદ મળશે એમ મ્હેં તેઓના હૃદયમા સ્થાપિત કર્યું; તેઓએ તે સાથેજ તેમ થવાની થોડી જરૂર બતાવી, પણ ટસ્કેજી આવવાનું વચન આપ્યું નહિ; કારણ કે, અટલાંટા જવાનો તેમનો વિચાર અદ્યાપિ નક્કી થયો નહતો. જેથી કેટલાક અઠવાડીઆં પછી આ વાત ફરી પોતાના ધ્યાનપર લાવવી એવુ તેઓએ કહ્યું હતુ.

ત્યાર પછીના મહિનાના મધ્યકાળમાં પ્રેસિડૅન્ટે અટલાંટા નગરની જ્યુબિલીમાં આવવા નક્કી કર્યું. હું પુનઃ વૉશિંગ્ટન ગયો, અને ટસ્કેજી સુધી તેઓ પધારે તે માટે તેમની મુલાકાત લીધી. આ બીજી વખતે ટસ્કેજીના એક આગેવાન ગોરા ગૃહસ્થ મી. ચાર્લ્સ ડબલ્યુ. હેઅરે મ્હારી સાથે પ્રેસિડૅન્ટની મુલાકાતે આવવાનું અને ટસ્કેજીના રહેવાસીઓ તથા આસપાસના ગોરાઓના તરફથી અમારા આમંત્રણને ટેકો આપવાનું કબુલ કર્યું હતુ.

બીજી વખતે વૉશિંગ્ટન તરફ મ્હારા જવા પહેલાં દક્ષિણનાં

કેટલાંએક સ્થળોએ જ્ઞાતિનાં તોફાન થયાં હતાં. તેથી દેશમાં સર્વત્ર ગરબડ પ્રસરી રહી હતી; અને કાળાઓ અતિ ઉદાસીન થયા હતા. મ્હેં પ્રેસિડેન્ટની મુલાકાત લીધી, તે સાથેજ તેઓનું અંતઃકરણ આ જ્ઞાતિ સંબંધીના તોફાનથી ઘણું દુઃખી થએલું હોય તેમ મને જણાયું. બીજા અનેક મનુષ્યો તેઓની મુલાકાતની રાહ જોતા હતા, તોપણ અમારી જ્ઞાતિની સ્થિતિ અને ભાવી સ્થિતિ વિષે કહેવાનો મને તેઓએ ઘણો સમય આપ્યો હતો. અમારી જ્ઞાતિ વિષે પોતાની શ્રદ્ધા કેવળ શબ્દોથી નહિ પણ કૃતિથી બતાવવાનો પોતે સંકલ્પ કર્યો છે, એમ તેઓએ અનેક વખત કહી બતાવ્યું. રાષ્ટ્રના પ્રેસિડેન્ટ નીગ્રો સંસ્થા જોવા માટે પોતાનો માર્ગ છોડી ૧૪૦ મૈલ દૂર ખાસ આવનાર છે, એ એક બનાવથીજ આ પ્રસંગે મ્હારી જ્ઞાતિને જેટલી આશા અને ઉત્તેજન મળશે તેટલું અન્ય કોઇ પણ બનાવથી મળશે નહિ. એમ જ્યારે મ્હેં તેઓને કહ્યું, ત્યારે તેઓના હૃદયપર મ્હારા વિધાનની સારી અસર થઇ હોય તેમ મને જણાયું.

હું પ્રેસિડેન્ટ સાથે બોલતો હતો ત્યારે અટલાટાનો એક ગોરો નાગરિક–એ પ્રજા પક્ષનો અને પૂર્વે ગુલામોનો માલેક હતો તે–અમે જે ઓરડીમાં બેઠા હતા ત્યાં આવ્યો. આપણે ટસ્કેજી જવું? એમ પ્રેસિડેન્ટે તેમને પૂછ્યું. ત્યારે "અવશ્ય આપે તેમ કરવું!" એવો તત્કાળ તે ગૃહસ્થે ઉત્તર આપ્યો. અમારી જ્ઞાતિના મિત્ર ડૉ. જે. એલ એમ. કરીએ આ ઉત્તરને ટેકો આપ્યો. તરતજ તા. ૧૬ ડીસેમ્બરના રોજ અમારી શાળા જોવા આવવાનું પ્રેસિડેન્ટે વચન આપ્યું!

અમારી શાળા જોવા પ્રેસિડેન્ટ આવનાર છે એમ જ્યારે જાહેર થયું ત્યારે અમારા શિક્ષકો તથા વિદ્યાર્થીઓને જેટલો આનંદ થયો તેટલોજ શાળાથી એક માઇલ દૂર આવેલા ગામના ગોરાઓને પણ થયો.

ગામના ગોરા સ્ત્રી પુરૂષોએ શહેર શૃંગારવાની અને સુશોભિત કરવાની શરૂઆત કરી અને આ મોટા પરોણાનું સ્વાગત યોગ્ય રીતે થાય તે માટે કામદારો સાથે મળી. કામ કરવા માટે તેઓએ કેટલીક કમિટીઓ પણ સ્થાપન કરી. ટસ્કેજીના અને આસપાસના ગોરાઓનો અમારી સંસ્થા વિષે કેવો મત છે તેની મને આ પૂર્વે ખબર નહતી. પ્રેસિ-ડૅન્ટના સ્વાગતની તૈયારી ચાલતી હતી ત્યારે અનેક મનુષ્યો મ્હારી પાસે આવતા અને, કહેતા કે "અમોને આગળ આવીને નામ મેળવવાની ઇચ્છા નથી; પણ અમારા હસ્તથી જો કંઇ તમોને મદદ થવી શક્ય હોય અગર તો તમારાપરનો બોજો અમારાથી હલકો થવો શક્ય હોય તો તે માત્ર અમે કરવા ઇચ્છા ધરાવીએ છીએ." હું તેમને કંઇ પણ કહેવાનો અવકાશ આપતો કે, 'મદદ કરવા અમે એક પગે તૈયાર છીએ,' એમ તેઓ કહેતા. ખરેખર પ્રૅસિડૅન્ટનું આગમન અને અલબામાની સર્વ જાતિના મનુષ્યોએ અમારા કાર્ય વિષે દર્શાવેલુ અભિમાન, એ બન્નેના યોગથી મ્હારૂં અંતઃકરણ સમાનજ આનંદમા ડુબ્યુ.

તા. ૧૬ ડિસેમ્બરના પ્રાતઃકાળે ટસ્કેજીના નાના ગામમાં પહેલાં કદિ પણ થઇ નહતી એવી મનુષ્યોની ગર્દી થઈ હતી. પ્રેસિડૅન્ટ સાથે મિસિસ મૅકકિનલ સિવાય સર્વ મંત્રીમંડળના કામદાર વગેરે આવ્યા હતા; તેમજ ઘણાએકો પોતાના કુટુંબના સગાસંબંધી તથા પોતાની સ્ત્રીઓને પણ સાથે લાવ્યા હતા. સ્પૅનિશ-અમેરિકન યુદ્ધમાથી તરતના પાછા ફરેલા જનરલ શૅફ્ટર તથા જનરલ જોરતેફ્વીલર વગેરે સૈન્યપતિ આ સમારંભમાં આવ્યા હતા. વર્તમાનપત્રોના રીપોર્ટરો પણ અનેક આવ્યા હતા. આ અરસામા માટગમરીમા અલબામામાં સંસ્થાની રાજ્યનિયમકારિણી સભાની બેઠક થવાની હતી; પણ ટસ્કેજી જઇ શકાય તે માટે સભાની બેઠક મુલ્તવી રાખવાનો ઠરાવ પસાર કરી ગવર્નર અને અન્ય અધિકારીઓ સહિત આ સભાના મેમ્બરો

પ્રેસિડૅન્ટના આવતા પહેલાં આવ્યા હતા.

ટસ્કેજીના લોકોએ સ્ટેશનથી શાળા સુધીનો સર્વ ભાગ ઉત્તમ પ્રકારે શૃંગાર્યો હતો. સમય બચાવવા માટે સર્વ સંસ્થાનું નિરીક્ષણ ટુંક અવકાશમાં થાય તેવી વ્યવસ્થા અમે કરી હતી. પ્રત્યેક વિદ્યાર્થીના હાથમાં એક એક શેરડીનો સાંઠો પકડવા આપ્યો હતો, અને શેરડીની ટોચે કપાસનાં ઝીંડવા લટકાવ્યા હતાં. વિદ્યાર્થીની પાછળ ઘોડા, ખચ્ચરો અને બળદ હોઈ તેમનાપર નાખેલા બૉર્ડપર શાળાની સર્વ શાખાનું કાર્ય બતાવવામાં આવેલું હતું. આ બૉર્ડપર દર્શાવેલું કાર્ય શાળામાં હાલ ચાલુ હતું, એટલુંજ નહિ પણ પૂર્વની કાર્ય કરવાની પદ્ધતિ અને નૂતન કાર્ય કરવાની પદ્ધતિની ભિન્નતા આમાં દર્શાવી હતી. ઉદાહરણાર્થે માખણ કાઢવાની જુની પદ્ધતિ અને સુધરેલી પદ્ધતિ, જમીન ખેડવામા પ્રાચીન અર્વાચીન પદ્ધતિના ભેદ અને રસોઇ તથા ગૃહવ્યવસ્થાના વિષયમાં જુની નવી પદ્ધતિમાના ભેદ, સ્પષ્ટ દર્શાવ્યા હતા. આ સર્વ સરઘસનાં દશ્ય એક પછી એક એ પ્રમાણે જવામા દોઢ કલાક થયો હતો.

વિદ્યાર્થીઓએ તુરતના બાંધેલા પ્રાર્થના-મંદિરમા પ્રેસિડૅન્ટ સાહેબે ભાષણ કર્યું હતું. તે ભાષણનો કંઇક ભાગ અમે અત્રે આપીએ છીએ.

“આવા આનંદદાયક સ્થળે આપ સર્વની મુલાકાત થવી અને આપની કારીગરી પ્રત્યક્ષ જોવાની તક મળે એ અતિ સંતોષકારક બીના છે, એમ હું સમજુ છુ. ટસ્કેજી નૉર્મલ અને ઇંડસ્ટ્રિયલ ઇન્સ્ટિટ્યુટ સંસ્થાની મૂળ કલ્પના અતિ અનુકરણીય છે, અને આ દેશમાંજ નહિ પણ પરદેશોમાં પણ તેની કીર્તિ વધે છે.”

“આ વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપી આગળપર તેઓ પોતાના જીવનના દિવસોનો ઉપયોગ આબરૂ અને ઉપયુક્ત કાર્યમાં

કરી શકે માટે તેમને તૈયાર કરનારા. અને જે જ્ઞાતિ માટે આ શાળા સ્થાપન થઇ છે તે જ્ઞાતિની ઉન્નતિ કરનારા, આ પવિત્ર કાર્યમાં સહાય થનારા, એ સર્વને હું અભિનંદન આપું છું."

"આ અપ્રતિમ શિક્ષણના પ્રયોગ માટે આટલી ઉત્તમ જગ્યા અન્ય કોઇ પણ સ્થળે મળી હોત કે નહિ તેની મને શંકા છે. આ પ્રયોગથી દેશના સર્વ ભાગના પુરાણપ્રિય દાતાનું પણ લક્ષ ખેંચાયલું હોઇ તેમની મદદ પણ મેળવવામાં આવી છે."

"ટસ્કેજી સંસ્થા વિષે ભાષણ કરવામાં બૂકર ટી. વૉશિંગ્ટનના બુદ્ધિ–સામર્થ્ય અને તેઓના અસ્ખલિત ઉદ્યોગ વિષે કંઈ ન કહેવું અશક્ય છે. આ સાહસના કાર્યની શરૂઆત એઓએજ કરી હતી, તેથી તેઓને શ્રેય આપવુ યોગ્ય છે. એઓના ઉત્સાહ અને સાહસથી શાળાની ઉન્નતિ એક સરખી થતી ગઇ હતી અને તેની યોગ્યતા ઝપાટાબંધ વધતી જતી હતી. પોતાની જ્ઞાતિના આગેવાન પૈકી એઓ એક છે એવી તેમની ખ્યાતિ થએલી છે. એઓ ઉત્તમ અધ્યાપક, ઉત્તમ વકતા અને ખરા પરોપકારી છે; એવી માન્યતા આ દેશમાં અને પરદેશમા પણ પ્રસરેલી છે, તેથીજ તેઓને સર્વ લોક માન આપે છે."

ત્યાર પછી ઑનરેબલ જૉન ડી. લૅાંગ આરમારપરના સેક્રેટરી બોલ્યા હતા. તેઓના ભાષણનો કેટલોક ભાગ નીચે પ્રમાણે છે.

"મ્હારાથી આજે ભાષણ થઇ શકતુ નથી. ઉભય જ્ઞાતિની અને ઉભય વર્ણના મ્હારા દેશબન્ધુ વિષે થતી આશા, માન અને અભિમાનથી મ્હારૂં અંતઃકરણ અત્યંત ભરાઇ ગયું છે. આપનું કાર્ય જોઇ મને અતિ કૃતજ્ઞતાપૂર્વક સાનંદાશ્ચર્ય થાય છે. અને હવે પછી આપની સતત પ્રગતિ થતી જશે, અને હાથમાં લીધેલો પ્રશ્ન પાર પડશે એવો મને પૂર્ણ ભરોંસો છે."

"હું કહું છું કે પ્રશ્ન પાર પડયો છે! આજ અમારી સામે જે

ચિત્ર બતાવવામાં આવ્યું છે તે વૉશિંગટન (જ્યોર્જ) અને લિંકનનાં ચિત્રો સાથે રાખવા યોગ્ય છે, અને હવે પછીની પ્રજાને ભવિષ્યકાળમાં તે મનન કરવા યોગ્ય પણ છે. આ ઉત્તમ ચિત્રની દેશના સર્વ વર્તમાનપત્રકારોએ પ્રસિદ્ધિ કરવી જોઇએ. તે ચિત્ર આ પ્રમાણે છેઃ—

યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડૅન્ટ પ્લેટફૉર્મપર ઉભા છે, એક બાજુએ આલબામાના ગવર્નર છે, બીજી બાજુએ થોડાજ વર્ષો પૂર્વ દાસત્વમાં રહેલી જ્ઞાતિના પ્રતિનિધિ અને ટસ્કેજી સંસ્થાના કાળા પ્રેસિડૅન્ટ છે. આ પ્રમાણે આ ત્રિમૂર્તિનુ ચિત્ર છે.

" જેના આશ્રય નીચે આ દેખાવ અમેરિકનોની દૃષ્ટિએ પડે છે, તે પ્રેસિડૅન્ટનુ ઇશ્વર કલ્યાણ કરે. આ પ્રશ્ન પોતે જાતે પાર પાડવાને સમર્થ છે, એમ દર્શાવનાર અલબામા સંસ્થાનનુ પણ જગદીશ્વર કલ્યાણ કરે! વક્તા, પરોપકારી અને સદ્‌ગુરૂના-પ્રભુના-શિષ્ય બૂકર ટી. વૉશિંગ્ટનનુ પણ ઈશ્વર કલ્યાણ કરે! આજે પ્રભુ પૃથ્વીના પૃષ્ટપર હોત તો તેઓએ પણ આજ કાર્ય ચાલુ રાખ્યુ હોત!"

છેવટે પોષ્ટ માસ્તર જનરલ સ્મિથે પોતાનુ ભાષણ નીચેના શબ્દોમા પુરૂં કર્યું હતું.

" ગયા થોડા દિવસોમા અમે ઘણા દેખાવ જોયા છે દક્ષિણના મોટા શહેરોનો વૈભવ અને શોભા અમે જોઇ છે, લડાઈના યોદ્ધાઓના સરઘસ અમે જોયા છે, અને પુષ્પથી વિભૂષિત ફોજની કવાયત પણ અમે જોઈ છે, પરંતુ આજ સવારે અમે જે દેખાવ જોયો છે તેથી અધિક અસરકારક, અધિક ઉત્તેજક અને અમારા ભવિષ્ય વિષે અધિક સ્ફૂર્તિદાયક અન્ય કોઇ પણ દેખાવ અમે જોયો નથી, એવો મ્હારા મિત્રોનો અને મ્હારો મત છે"

પ્રૅસિડૅન્ટ વૉશિંગ્ટન તરફ પાછા ફર્યા પછી નીચે લખ્યા પ્રમાણેનો એક પત્ર આવ્યો હતો.

"સરકારી હવેલી" વૉશિંગ્ટન.
તા. ૨૩ ડિસેમ્બર, ૧૮૯૯.

પ્રિય મહાશય !

આજની ટપાલમાં પ્રેસિડેન્ટ સાહેબે આપની સંસ્થાને આપેલી મુલાકાતના સમયના, મોટા અક્ષરે લખેલા સ્મારક કાગળની એક પ્રત આપના તરફ મોકલવાને મને આનંદ થાય છે. આ કાગળપર પ્રેસિડેન્ટ સાહેબ અને તેમની સાથે રહેલા મંત્રીઓની સ્વદસ્તુરની સહીઓ છે. ટસ્કેજીમાં અમે આવ્યા ત્યારે તમે જે અમારી પરોણાગત કરી તથા સર્વ કાર્યક્રમ ઉત્તમ રીતે પૂર્ણ કર્યો તે માટે હું તમોને અંતઃકરણપૂર્વક અભિનંદન આપું છું. કાર્યક્રમનો દરેક ભાગ સારી રીતે પૂર્ણ થયો છે અને દરેક મહેમાન-પરોણાને તે પૂર્ણ રીતે પ્રિય થયો છે. ભિન્ન ભિન્ન ઉદ્યોગ ધંધામાં મચેલા વિદ્યાર્થીઓનું આપે જે પ્રદર્શન બતાવ્યું તે ખૂબીદાર હતું; એટલુંજ નહિ પણ તે સુપરિણામકારક પણ હતું. પ્રેસિડેન્ટ સાહેબ અને તેમના મંત્રી-મંડળે આપના કાર્યને આપેલું માન યોગ્ય હોય તે આપની સંસ્થાની ભાવી ઉન્નતિનું સૂચક હતું. કાર્યક્રમમાં આપે દર્શાવેલો વિનય અમારા મંડળના સર્વ મનુષ્યને પ્રિય થયો છે તે છેવટે કહ્યા સિવાય હું રહી શકતો નથી. આપની ઉપયુક્ત અને સ્વદેશહિતૈષી સંસ્થાની હમ્મેશ ઉન્નતિ થાય એવું હું ચિંતન કરૂં છું.

આપનો,
જૉન એડિસન પૉર્ટર;
પ્રેસિડેન્ટનો સેક્રેટરી.

એક ડાલરની પણ મીલકત નહતી ત્યારે એક શિક્ષક અને ત્રીસ વિદ્યાર્થી સહિત એક પુરાણા-પડવાની હાલતમાં આવી રહેલા ઝુંપડામાં અને પક્ષિગૃહમાં શાળા માટે મ્હેં પ્રથમ કરેલા પ્રયત્નને આજ

ોસ વર્ષ થયાં છે. હાલ ૨૩૦૦ એકર જમીન સસ્થાની માલિકીની ે, અને આ પૈકી ૭૦૦ એકર કરતા અધિક જમીનમા દર વર્ષે વેદ્યાર્થીઓની મદદથી વાવેતર કરવામા આવે છે. હાલ નાનાં મોટાં ળી સસ્થાનાં ૪૦ મકાન છે. આ પૈકી ચાર સિવાય અન્ય સર્વ વેદ્યાર્થીઓથી જ બધાવેલા છે. વિદ્યાર્થી જમીનમા વાવેતરનું કામ રે છે ત્યારે તથા મકાન બાધતા હોય છે ત્યારે તેઓને યોગ્ય શિક્ષક ારફથા ખેતીનુ ઉત્તમ પદ્ધતિનુ અને બાધકામ વિષેના ધધાનું ઉત્તમ શિક્ષણ આપવામા આવે છે.

હાલમા સસ્થામા વિદ્યાર્થીઓને બૌદ્ધિક તથા ધાર્મિક શિક્ષણ ત્તમ મળે છે, તે ઉપરાત ઉદ્યોગ ધધાના અઠ્ઠાવીશ ખાતા છે. આ ખાતાઓમા વિદ્યાર્થીઓને અનેક કળા અને હુનર શીખવવામાં આવે . આમા શીખી તૈયાર થએલા વિદ્યાર્થીઓને અત્રેજ કામ મળે છે. ક્ષિણના કાળા અને ગોરાઓ તરફની અમારી સસ્થામા શીખી તૈયાર થએલા ગ્રેજ્યુએટોની એટલી માગણી હોય છે કે તે માગણીથી નીમે માગણી પણ અમે પૂર્ણ કરી શકતા નથી. તેમજ સસ્થામા દાખલ થવા માટે જેમની અરજી આવે છે તે અરજદારો પૈકી નીમેથી અધિક વિદ્યાર્થી દાખલ કરવાને અમારી પાસે જરૂરના મકાન નથી; અને ખર્ચ માટે પૈસો પણ નથી.

ઔદ્યોગિક શિક્ષણ આપવામા ત્રણ બાબત અમે ધ્યાનમા રાખીએ છીએ (૧) વિદ્યાર્થીઓને એવુ શિક્ષણ આપવુ કે હાલની દક્ષિણની પરિસ્થિતિમા તેઓ કાર્ય કરી શકે એટલે ત્યાના લોકોને પ્રિય વસ્તુ અગર પદાર્થ તેઓ તૈયાર કરી શકે. (૨) સંસ્થામાથી તૈયાર થનારા દરેક ગ્રેજ્યુએટમા એટલુ કૌશલ્ય, બુદ્ધિ, અને નૈતિક શીલ હોવુ જોઇએ કે જેથી તે પોતાનો અને અન્યનો ઉદરનિર્વાહ સારી રીતે કરી શકે. (૩) **શ્રમથી દૂર રહેવાના બદલે શ્રમપર પ્રેમ રાખવો**

જોઇએ; શ્રમ કરવામા હલકટપણું નથી પણ શ્રમ કરવો તે સર્વોત્તમ અને શ્રેષ્ઠ છે, એમ દરેક વિદ્યાર્થીના મનમાં લાગ્યા સિવાય તેને સસ્થામાથી બહાર મોકલવો નહિ. વિદ્યાર્થીઓને ખેતીનુ શિક્ષણ અને કન્યાઓને ગૃહવ્યવસ્થાનુ શિક્ષણ અમે જ આપીએ છીએ. તે ઉપરાત અનેક કન્યાઓને અમે ખેતીના શિક્ષણમા તૈયાર કરીએ છીએ. તેઓને બગીચાનુ કામ, મધમાખીઓની વ્યવસ્થા કરવાનુ કામ; ઉત્તમ ફળ તૈયાર કરવાનુ કામ, ડેરીનુ કામ; તથા સારી બતકો ઉત્પન્ન કરવાનુ કામ ઇત્યાદિ કામો પણ શીખવવામા આવે છે.

અમારી સસ્થા કોઇ પણ વિશિષ્ટ ધાર્મિક પથની નથી, પરતુ 'ફેલ્પસ હૉલ બાયબલ ટ્રેનિગ સ્કુલ' નામની એક શાખા આ સસ્થામા છે. આ શાખામા વિદ્યાર્થીઓને ધર્મોપદેશકનુ કાર્ય અને ગામડાઓમા જઇ કરવાનુ અન્ય ધાર્મિક કાર્ય શીખવવામા આવે છે. બીજી મહત્વની બાબત એ છે કે આ શાખાનો દરેક વિદ્યાર્થી રોજ અર્ધો દિવસ કાર્યમા પ્રવીણતા અને ઉદ્યમપ્રીતિ સપાદન કરવા માટે કોઇ પણ એક ઉદ્યોગ-ધધાનુ કાર્ય કરે છે સસ્થામાથી આ વિદ્યાર્થી બહાર પડી જે લોકોમા ધાર્મિક કાર્ય કરવા જાય છે, તે લોકોને ઉદ્યોગ-ધધાના કાર્યમા પણ યોગ્ય ઉદાહરણ દર્શાવી શકે છે.

સસ્થાની મીલકતનુ પ્રમાણ હાલ ૩,૦૦,૦૦૦ ડાલર છે. આ રકમમાં કાયમના ફડનુ હાલનું ૨,૧૫૦૦૦ ડાલરનુ ઉત્પન્ન મેળવતાં સસ્થાનું ઉત્પન્ન સુમારે પાંચ લાખ ડાલર થાય છે. હાલમા અમોને અધિક મકાનોની જરૂર છે, અને ખર્ચ માટે પૈસાની પણ જરૂર છે, તોપણ કાયમના ફડની રકમ ૫,૦૦,૦૦૦ ડાલર સુધી વધારવાને આ સમયે અત્યત જરૂર છે. હાલ વાર્ષિક ખર્ચ ૮૦,૦૦૦ ડાલરના આશરે છે. આ પૈકી ઘણીજ રકમ ઘેર ઘેર ફરી મેળવવામા આવે છે. અમારી સસ્થાની મીલકતપર કોઇનો કંઇ હક નથી. સંસ્થાના

સર્વ કાગળ પત્રો કમિટીના નામપર છે. આ કમિટીમાં કોઇ પણ એક વિશિષ્ટ ધર્મ સંપ્રદાયના મનુષ્યો નથી. સંસ્થાની સર્વ માલિકી આ કમિટીની છે.

વિદ્યાર્થીઓની સંખ્યા ત્રીસથી અગીઆરસો સુધી વધી છે. અમેરિકાનાં ૨૦ સંસ્થાનો ઉપરાંત આફ્રિકા, ક્યુબા, પૉર્ટોરિકો, જમેકા અને અન્ય પરદેશ વગેરે તરફથી પણ વિદ્યાર્થીઓ આવે છે. સંસ્થામાં કાર્ય કરનારા શિક્ષક આશરે ૮૬ છે, અને શિક્ષકોના કુટુંબનાં માણસ ગણવામા આવે તો સુમારે ૧૪૦૦ મનુષ્ય સંસ્થામા હમ્મેશ હોય છે.

કુચેષ્ટા, ઇર્ષ્યા તથા ટંટા તોફાન કર્યા સિવાય આટલાં મનુષ્ય એકત્ર કેમ રહે છે એવો પ્રશ્ન મને અનેક વખત પૂછવામા આવ્યો છે. તેના બે ઉત્તર છેઃ—(૧) શિક્ષણ માટે અમારા તરફ આવતાં સ્ત્રી પુરૂષ શ્રદ્ધાવાન હોય છે, અને (૨) દરેક પોતાના કાર્યમા લીન હોય છે. નીચે જણાવેલા અમારા નિત્ય ક્રમપરથી આ બાબતની ખાત્રી થશે.

પ્રાતઃકાળ કલાક મીનીટ.

૫	ઉઠવાનો સમય.
૫–૩૦	નાસ્તાની તૈયારી.
૬	નાસ્તો.
૬–૨૦	નાસ્તાની સમાપ્તિ.
૬–૨૦	ઓરડીઓ સાફ કરવી તથા વાળવી.
૬–૫૦	કાર્યની શરૂઆત.
૭–૩૦	સવારનો અભ્યાસ.
૮–૨૦	સવારની-શાળાનો સમય.
૮–૨૫	સર્વ વિદ્યાર્થીઓને હારબંધ ઉભા રાખી તેમનો પોશાક જોવો.

૮-૪૦............પ્રાર્થના-મંદિરમાં ઉપાસના.

૮-૫૫ દૈનિકપત્ર પાંચ મિનિટ વાચવાં.

૯—૦ ક્લાસ શરૂ.

મધ્યાહ્નકાળ.

૧૨—૦ ક્લાસ બંધ.

૧૨-૧૫ ભોજન.

૧—૦ કાર્યની શરૂઆત.

૧-૩૦ ક્લાસ શરૂ.

૩-૩૦ ક્લાસ બંધ.

૫-૩૦ સર્વ કાર્ય બંધ.

સંધ્યાકાળ.

૬—૦ ભોજન.

૭-૧૦ પ્રાર્થના.

૭-૩૦ અભ્યાસ.

૮-૪૫ અભ્યાસ બંધ.

૯-૨૦ વિશ્રાંત.

૯-૩૦ નિદ્રાધીન થવાનો સમય.

સંસ્થાની યોગ્યતા સંસ્થામાંથી તૈયાર થનારા ગ્રેજ્યુએટોપર અવલંબી રહેલી છે; તે અમે હમ્મેશ લક્ષમાં રાખીએ છીએ. શિક્ષણક્રમ પૂર્ણ કરનાર અને સારૂં કાર્ય કરવાનું શીખેલા એ ઉભય પ્રકારની જન-સંખ્યા જોઇએ તો દક્ષિણના ભિન્નભિન્ન ભાગમાં ટસ્કેજી સંસ્થાનાં સુમારે ત્રણ હજાર સ્ત્રી પુરૂષ કામ કરે છે એમ કહેવાને હરકત નથી. આ સર્વ સ્ત્રી પુરૂષ અમારી જ્ઞાતિના લોકોને, તેઓએ પોતાની આધિભૌતિક, નૈતિક, ધાર્મિક અને શિક્ષણ-વિષયક સુધારણા કેવી રીતે કરી લેવી તે પોતાના પ્રયત્નથી અને ઉદાહરણથી દર્શાવિ

છે. આ સિવાય બીજી મહત્વની બાબત એ છે કે, તેઓ સર્વે એટલું વ્યાવહારિક જ્ઞાન અને આત્મ-સયમ દર્શાવે છે કે તેથી ઉભય જ્ઞાતિનો સબધ સારો થતો જાય છે, અને અમારી જ્ઞાતિનાં સ્ત્રીપુરૂષોને શિક્ષણ આપવું અતિ મહત્વનું-ફાયદાકારક છે, એવી દક્ષિણના ગોરા મનુષ્યોની માન્યતા થવા લાગી છે. આ સિવાય મિસિસ વૉશિગ્ટને ચલાવેલી આયાની કલબ અને ખેતીના કાર્યનું પણ સારૂં પરિણામ આવે છે.

અમારા ગ્રેજ્યુએટ જ્યા જ્યા જાય છે ત્યાં ત્યાં જમીન ખરીદ કરવામા, ગૃહ સુધારવામા, કરકસર કરવામા, શિક્ષણમાં અને નીતિમાં અતિ વિલક્ષણ સુધારો થાય છે. અમારા સ્ત્રીપુરૂષ ગ્રેજ્યુએટોથી સર્વ સમાજમા ક્રાતિ વધતી જાય છે.

દશ વર્ષ પૂર્વે ટસ્કેજીમા પ્રથમ નીગ્રોપરિષદ્ ભરવાની મ્હે વ્યવસ્થા કરી હતી હવે આ પરિષદ્ દરવર્ષે ભરાય છે. અને જ્ઞાતિના ૮૦૦, ૯૦૦ પ્રતિનિધિ ટસ્કેજી પરિષદ્મા આવી લોકોની ઔદ્યોગિક, માનસિક અને નૈતિક શિક્ષણની સ્થિતિ કેવી છે તેનો બરોબર વિચાર કરે છે, અને તે સ્થિતિમા કેવી સુધારણા કરવી તે વિષે ઉપાયો યોજે છે ટસ્કેજીની આ મુખ્ય પરિષદ્થી અન્ય પણ અનેક પેટા પરિષદો ભિન્ન ભિન્ન સસ્થાનમા સ્થપાયલી છે, અને તે પણ આજ કાર્ય કરે છે. ગયા વર્ષની બેઠકમા એક પ્રતિનિધિએ આ સભાનું પરિણામ એવુ જણાવ્યુ હતું કે, તેના સમાજના દશ નીગ્રો કુટુંબોએ પૈસા આપી ઘરો વેચાણ લીધા છે. નીગ્રો પરિષદ્ના બીજા દિવસે કામદારોની પરિષદ્ ભરાય છે. દક્ષિણનાં મોટા મોટા સંસ્થાનોમાં કાર્ય કરનારા કામદારો તથા શિક્ષકો આ પરિષદ્મા મળે છે. સર્વ લોકોની ખરેખરી સ્થિતિ શુ છે, તે આ લોકોને નીગ્રો પરિષદ્માં સારી રીતે જોવાની તક મળે છે.

દરેક કાર્યમાં મને સહાય કરનાર મી. ટી. થોમસ ફારચ્યુન જેવા કેટલાક આગેવાન નીગ્રો મનુષ્યોની મદદથી ઇ. સ. ૧૯૦૦ ના ઉનાળામાં મ્હેં **નૅશનલ નીગ્રો બીઝનેસ લીગ** (રાષ્ટ્રીય નીગ્રો ઔદ્યોગિક મડળ) સ્થાપન કરવાનો વિચાર કર્યો હતો. આ સસ્થાની પહેલી બેઠક બોસ્ટનમાં થઇ હતી; અને તે સમયે યુનાઇટેડ સ્ટેટ્સમાં જુદા જુદા ભાગોમા વ્યાપાર અને ઉદ્યોગ ધંધામા કામ કરનારા મનુષ્યો હાજર રહ્યા હતા. પહેલી બેઠકમાં ત્રીસ સસ્થાનમાંથી પ્રતિનિધિ આવ્યા હતા. આ રાષ્ટ્રીય સંસ્થામાંથી અન્ય પેટા સસ્થાઓ જુદા જુદા સસ્થાનમા સ્થાપન થઇ છે.

ટસ્કેજી સસ્થાનું સર્વ નિયત કાર્ય જોવાના અને સંસ્થાના ખર્ચની રકમ મેળવવાના કાર્ય સિવાય, દક્ષિણના ગોરા તથા મ્હારી જ્ઞાતિના જનસમૂહ આગળ તેમજ ઉત્તર તરફની કેટલીએક સભાઓ આગળ વ્યાખ્યાન આપવા આવેલાં આમત્રણને હું અસ્વીકાર કરી શકતો નહતો. આ ભાષણોમા મ્હારો કેટલો સમય જાય છે તે ન્યૂયૉર્ક બફાલોના એક વર્તમાનપત્રમાના આ નીચે આપેલા ઉતારાપરથી સારી રીતે જાણવામાં આવશે. તે શહેરના નૅશનલ એજ્યુકેશનલ એસોસીએસન આગળ થએલા મ્હારા ભાષણનો ઉતારો છેઃ—

" કાલ રાત્રે પશ્ચિમ તરફથી ઇરોકિસમાં આવી દાખલ થએલા, જગતના કાળા મનુષ્યો પૈકીના સુપ્રસિદ્ધ અધ્યાપક બૂકર ટી. વૉશિંગ્ટન આ શહેરમા આવ્યા ત્યારથી સતત કાર્યમાં વ્યગ્ર છે. તેમના પ્રવાસનો થાક દૂર થયો નહિ ને તરતજ તેમને સાયંકાળના ભોજનસમારભમાં જવું પડયું હતું; ત્યાર પછી ઇરોકિસના દિવાનખાનામાં તેમને મળવા આવેલાઓની એક સભા (દરબાર) આઠ વાગતા સુધી ભરાયો હતો. તે સમયે યુનાઇટેડસ્ટેટ્સના બસોથી અધિક શિક્ષક તથા અધ્યાપકોએ તેમનુ સ્વાગત કર્યું હતું. આઠ વાગ્યા પછી

તેમને ગાડીમાં મ્યુઝીક હૉલમાં લઇ જવામાં આવ્યા અને ત્યાં દોઢ કલાકમાં 'નીગ્રો શિક્ષણ' એ વિષયપર તેઓએ સુમારે પાંચ હજાર શ્રોતાઓ સન્મુખ બે જોસદાર ભાષણો કર્યાં હતાં. ત્યાર પછી રેવરંડ મી. વૉટકીન્સના પ્રમુખત્વ નીચેનું એક નીગ્રો પ્રતિનિધિ-મંડળ થોડુંક સ્વાગત કરવા માટે તેમને ઉંચકી ગયું હતું."

આ ભાષણોના કાર્ય સિવાય ઉભય જ્ઞાતિ સાથે હિત-સંબંધ ધરાવતી કેટલીક બાબતો તરફ દક્ષિણના અને સાધારણ રીતે સર્વ દેશના લોકોનું લક્ષ વર્તમાનપત્રદ્વારા ખેંચવાનું કર્તવ્ય કર્મ કર્યા સિવાય હું રહી શકતો નથી. ઉદાહરણાર્થે, જબરજસ્તીની બોહુકમી (ઉતાવળા ન્યાયના) સંબંધી મ્હેં આ કર્તવ્ય કર્મ અનેક વખત બજાવ્યું છે. લુસાનિયા સ્ટેટ કૉન્સ્ટીટ્યુશનલ કનવેનશનની બેઠક જ્યારે ચાલતી હતી, ત્યારે અમારી જ્ઞાતિને ન્યાય મળે તે માટે મ્હેં તે સંસ્થાને એક જાહેર પત્ર લખ્યો હતો. આ મ્હારા સર્વ પ્રયત્નોમાં દક્ષિણના તથા દેશના અન્ય સર્વ ભાગનાં વર્તમાનપત્રોની મદદ અને સહાનુભૂતિ મને મળી છે.

બાહ્ય અને ક્ષણિક કેટલાંક ચિહ્નોને લીધે કોઇનો મત જ્યારે પ્રતિકૂળ થાય છે ત્યારે મને હવે મ્હારી જ્ઞાતિ વિષે પૂર્વ કરતા અધિક આશા રહે છે. ગુણની પરીક્ષા અને પ્રેમ કરનારો શ્રેષ્ઠ માનવી નિયમ સનાતન અને સાર્વત્રિક છે. દક્ષિણના ગોરાઓ અને તેમના પૂર્વેના ગુલામોના અંતઃકરણમા વર્ણદ્વેષથી મુક્ત થવાનો જે પ્રયત્ન ચાલે છે તેની બાહ્ય જગતને ખબર નથી; અને તે પ્રયત્નનો મર્મ તેઓ સમજી શકે તેમ નથી. જે માટે ઉભય જ્ઞાતિના આત્મા પ્રયત્ન ચાલે છે તે માટે મનુષ્ય માત્રની ક્ષમા, સહાનુભૂતિ અને મદદ મળવી જોઇએ એમ હું કહું છુ.

આ આત્મ-ચરિત્રના છેવટના શબ્દો લખતી વખતે હું વર્જીનિયાના

રિચમંડ શહેરમાં આવ્યો છું. રિચમંડ શહેર કેટલાંક વર્ષ પૂર્વે દક્ષિણના સંસ્થાનોની રાજ્યધાનીનું શહેર હતું, અને પચીસ વર્ષ પૂર્વે આજ શહેરના રસ્તાના એક ઉંચા ભાગ નીચે દરિદ્ર સ્થિતિમાં સપડાયાથી મ્હારે સૂવું પડયું હતું.

આ સમયે હું રિચમંડ શહેરના કાળાઓના અતિથિ તરીકે છું, અને તેમની વિનંતિપરથી શહેરના અત્યંત પ્રશસ્ત અને ભવ્ય 'એકેડેમી ઑફ મ્યુઝીક' નામના દિવાનખાનામાં ઉભય જ્ઞાતિ-સન્મુખ ભાષણ કરવા આવ્યો છું. આ દિવાનખાનું આ વખતે પ્રથમજ કાળાઓને વાપરવા મળ્યું હતું. હું અહીં આવ્યો તેના આગળના દિવસે મ્હારૂં ભાષણ સાંભળવા સર્વે મળી જવું એવો સીટી કાઉન્સિલે ઠરાવ પાસ કર્યો હતો. રાજ્યનિયમકારિણી સભાએ (એમાં હાઉસ ઓફ ડેલિગેટસ અને સીનેટસ એ સભાઓનો સમાવેશ થાય છે.) પણ મ્હારા ભાષણ વખતે દરેકે હાજર રહેવાનો ઠરાવ એકમતે પસાર કર્યો હતો. સેંકડો કાળા મનુષ્યો, અનેક પ્રસિદ્ધ ગૃહસ્થો, સીટી કાઉન્સિલ, રાજ્યનિયમકારિણી સભા અને સંસ્થાના સરકારી કામદારો સમક્ષ મ્હેં આશા અને ધૈર્યથી યુક્ત મ્હારો સંદેશ કહ્યો, અને જે સંસ્થાનમાં મ્હારો જન્મ થયો છે ત્યાં મ્હારૂં આ સ્વાગત કરવા માટે મ્હે ઉભય જ્ઞાતિનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

પરિશિષ્ટ.

૧ ટસ્કેજી સંસ્થા.

આ ગ્રંથના ચરિત્ર ભાગમાં જણાવ્યા પ્રમાણે દક્ષિણ અમેરિકાના 'અલબામા' નામના સસ્થાને શિક્ષકોના પગાર નિમિત્તે દર વર્ષે બે હજાર ડાલરની સહાય આપવાનુ ઠરાવી 'ટસ્કેજી નૉર્મલ એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ ઇન્સ્ટિટ્યુટ' નામની સસ્થા ઈ. સ. ૧૮૮૦ મા સ્થાપન કરી હતી. એક શિક્ષક અને ત્રીસ વિદ્યાર્થીથી તા. ૪ જુલાઇ ૧૮૮૧ ના દિવસે એક ભાડે લીધેલા જુના દેવાલયમાં આ શાળાનો આરભ થયો હતો. શાળાના મકાન માટે સંસ્થાનની સરકારે કઇ પણ વ્યવસ્થા કરી નહતી. ઇ. સ ૧૮૮૪ મા આ સંસ્થાની વાર્ષિક આર્થિક મદદ ત્રણ હજાર ડાલર સુધી વધારવામાં આવી અને ૧૮૯૩ માં "ધી ટસ્કેજી નૉર્મલ એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ ઇન્સ્ટિટ્યુટ" નામથી તેને નોંધવામા આવી. સુમારે સો એકર જમીન ત્રણ મકાન સહ ઉત્તર તરફના કેટલાક સ્નેહીઓની સહાયથી પહેલેજ વર્ષે ખરીદવામા આવી કે જ્યા હાલ એ સસ્થા છે.

ઇ. સ. ૧૯૧૨ ની આખરે એ સંસ્થાની સ્થિતિ કેવી હતી, તેના તરફથી કયા કયા પ્રકારનુ શિક્ષણ અપાતુ હતું, તે દરેક પ્રકારનું શિક્ષણ ક્યારે અને કેવી રીતે શરૂ કરવામાં આવ્યું હતુ તથા તેનો લાભ કેટલા પ્રમાણમાં લેવાયો હતો અને લેવાય છે. એ હકીકત આ દેશના વાચક વર્ગ માટે બહુ મનન કરવા યોગ્ય હોવાથી અત્રે આપવામાં આવી છે.

હાલ આ સસ્થામા રહેનારાઓની સખ્યા બે હજાર ઉપર છે. આ સખ્યામાં ૧૯૩ શિક્ષક અને કામદાર વર્ગ, તેમના કુટુંબ અને સસ્થાસાથે અપ્રત્યક્ષ સબધ ધરાવનારા કેટલાક મનુષ્યોનો સમાવેશ થાય છે.

સસ્થાના આરંભથી ઇ. સ. ૧૯૧૨ ની આખર સુધીમા સુમારે ૯૦૦૦ સ્ત્રીપુરૂષ, પોતાનુ શિક્ષણ પૂર્ણ કરી (અર્થાત્ ઘણા એક પૂર્ણ અને કેટલાક અપૂર્ણ અભ્યાસ કરી) સસ્થામાથી બહાર પડયા છે; અને તેઓ શિક્ષકનો ધધો અગર તો અન્ય કંઇ ઉદ્યોગ કરી સારી રીતે પોતાનુ જીવન ચલાવે છે.

૧૯૧૨ ના હાજરીપત્રકમાં સર્વ વિભાગના મળી કુલ ૧૬૪૫ વિદ્યાર્થીના નામ હતાં. આ પૈકી ૧૦૬૭ તરૂણ વિદ્યાર્થી હોઇ ૫૭૮ તરૂણ બાળાઓ હતી. આ સર્વ વિદ્યાર્થી ૩૬ સસ્થાન અને ૨૧ અન્ય દેશ વગેરેમાથી આવેલા હતા. શિશુગૃહના ૨૩૦ બાળ વિદ્યાર્થી, ગ્રીનવુડ તથા ટસ્કેજીની રાત્રિની શાળાના ૧૫૦ વિદ્યાર્થી, રાત્રિના બાયબલ ક્લાસના ૧૫ વિદ્યાર્થી, ટસ્કેજી ગામની બપોરની ભોજન-શાળાના ૪૦ વિદ્યાર્થી, ઉનાળામાં ચાલુ થતા ધર્મોપદેશકના વર્ગમા અભ્યાસ કરનારા ૪૯ ધર્મોપદેશક, શિક્ષકની શાળાના ૩૦૫ શિક્ષક અને કૃષિકર્મનો લઘુ અભ્યાસક્રમ સ્વીકારનાર ૧૪૭૨ વિદ્યાર્થીઓને ઉક્ત સંખ્યામાં ગણવામા આવ્યા નથી. એ સર્વની એકદંર સખ્યા ગણીએ

તો સંસ્થાના શિક્ષણનો લાભ લેનાર વિદ્યાર્થીઓની આ સાલમાં એકંદર ૩૭૫૬ જેટલી સંખ્યા થાય છે. રજીષ્ટરમાં નોંધાએલા ૧૬૪૫ વિદ્યાર્થી પૈકી ૧૦૦ વિદ્યાર્થી સિવાય અન્ય સર્વેનું સૂવું બેસવું, ભોજન વગેરેનો કાર્યક્રમ સંસ્થામાંજ પૂર્ણ થાય છે.

સ્થાવર જંગમ મીલકત.

૨૩૪૫ એકર જમીન સંસ્થાની માલિકીની છે. રહેવાની તથા શયનની ઓરડીઓ, વર્ગના ઓરડા, દુકાનો, કોઠાર ઈત્યાદિના ઉપયોગમા આવતા નાના મોટા મળી એકદર ૧૦૭ મકાન છે. અન્ય સાહિત્ય, વિક્રી માટે સીલકમા રહેલો માલ, ઢોર વગેરે સસ્થાની માલિકીની મીલકતનુ મૂલ્ય સુમારે ૧૨,૯૫,૨૧૩ ડાલર છે. કૉંગ્રેસે-પ્રતિનિધિ સભાએ કાયદો પસાર કરી આપેલી ૨૫,૫૦૦ એકર જમીન પૈકી અદ્યાપિ નહિ વેચાએલી સુમારે ૨,૫૦,૦૦૦ ડાલર જેટલા મૂલ્યની ૧,૯૧૦ એકર જમીન છે, તેમજ કાયમના ફંડનો ઉક્ત આકડામાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

આ સસ્થા કમીટીના આધિપત્યમા છે. આ કમીટીમાં ૧૯ મેમ્બર છે; તે પૈકી આઠ અલબામામા, ૭ ન્યૂયૉર્કમાં, બે મૅસેચ્યૂસેટસમા, એક પેન્સિલ વેનિયામાં અને બે ઇલિનાઇસ વગેરે જુદા જુદા સ્થળે રહે છે. આ પૈકી ન્યૂયોર્કમા રહેનાર પાચ સભાસદ તે અને અલબામામાં રહેનારા એક સભાસદ એ પ્રમાણે ૭ ગૃહસ્થની એક કમીટી કાયમના ફડનો ઉપયોગ કરવા માટે સ્થાપેલી છે.

હાલ ૧૮,૭૧,૬૪૭ ડાલરનું કાયમનુ ફડ છે. આ રકમ પૈકી ૩૮,૦૦ ડાલરનુ દાન ન્યૂયૉર્કની પ્રસિદ્ધ નીગ્રો સ્ત્રી મિસિસ મેરી ઇર્શાની મીલકતમાંથી તેણે કરેલા મૃત્યુપત્ર પ્રમાણે મળેલુ છે.

સંસ્થાને હમ્મેશનું સુસ્વરૂપ પ્રાપ્ત થાય તે માટે ઠરકેજી સંસ્થાના કાર્યવાહકો-પદાધિકારોએ તા. ૧ ડિસેમ્બર ૧૮૯૦ ના રોજ એક ફંડ

શરૂ કર્યું હતું. પહેલી લેડી પ્રિન્સિપાલ ઑલિવિયા ડૅવિડસનના સ્મરણાર્થે આ ફંડનું નામ "ઑલિવિયા ડૅવિડસન ફંડ" આપવામાં આવ્યું. આ ફંડ પ્રીત્યર્થે 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી' એ સૂત્રાનુસાર વિદ્યાર્થીઓ તથા પદ્વીધરોએ જે નાની નાની રકમો દાનમાં આપી તે સર્વ રકમ મળી કુલ ઇ. સ. ૧૯૦૦ ની સાલે ૧૦૦૦ ડાલર જેટલી થઇ હતી. આટલી રકમ એકત્ર થતાજ ફંડને કાયમનું સ્વરૂપ પ્રાપ્ત થયું મધ્યકાળમાં અન્ય અનેક સ્થળોએથી કાયમના ફંડમાં દાન પ્રાપ્ત થયું તે સર્વમાં ૫૦,૦૦૦ ડાલર જેટલુ મોટી રકમનું દાન મી. કાલીસ. પી. હટીંગ્ટન તરફથી પ્રાપ્ત થયું હતું. ૧૮૯૯ તથા ૧૯૦૦ એ બે વર્ષમાં કાયમના ફંડની અભિવૃદ્ધિ માટે પ્રયત્ન કરવામા આવ્યો હતો તેથી ફંડની રકમ ૬૨,૨૫૩ ડાલર હતી તે ૧,૫૨,૨૩૨ ડાલરની થઈ હતી. ઇ. સ. ૧૯૦૩ માં સુપ્રસિદ્ધ દાનશૂર અમેરિકન કોટ્યાધિપતિ કાર્નેજીએ ૬,૦૦,૦૦૦ ડાલરનુ દાન આપવાથી કાયમના ફંડને સારી સ્થિતિ પ્રાપ્ત થઈ. સંસ્થા શરૂ થયા પછી પા સદીમાં એટલે ૧૯૦૫ માં કાયમના ફંડમાં બે મહાન સસ્મરણીય બક્ષીસો પ્રાપ્ત થઇ હતી. આ પૈકીની ૧,૫૦૦૦૦ ડાલરની પહેલી બક્ષીસ બાલ્ડવીન નામના એક ગૃહસ્થ કે જે આ સંસ્થાના મેમ્બર હતા તે ઇ. સ. ૧૯૦૫ માં મૃત્યુ પામ્યા પછી તેમના સ્નેહીઓએ 'બાલ્ડવીન ફંડની રકમ' આ સંસ્થાને આપી, અને બીજી ૧૦૦૦ ડાલરની બક્ષીસ અલમ્ની ફંડમાંથી સંસ્થાને મળી હતી. ઇ. સ. ૧૯૦૭ માં આલબર્ટ વિલકોક્સ નામના સદ્ગૃહસ્થની મીલકતમાંથી ૨,૩૧,૦૭૨ ડાલર મળ્યા હતા. હાલ કાયમના ફંડની રકમ ૧૮, ૫૯, ૦૧૫ ડાલર જેટલી છે.

+ ૧ ડાલર બરાબર ૧૦૦ સેંટ=૫૦ આના (૩ રૂ. ૨ આના).

ટસ્કેજી સંસ્થા ચલાવવાનો ચાલુ વાર્ષિક ખર્ચ સુમારે ૨,૭૦,૦૦૦ ડાલર છે. આ ખર્ચ પૈકી કાયમના ફંડની આવકમાથી અને અન્ય સ્થળોએથી ૧,૨૦,૦૦૦ ડાલર મળવાની સંસ્થાને ખાત્રી છે. ઇ. સ. ૧૯૧૧ મા વિદ્યાર્થીઓની પ્રવેશક ફી ૧૭,૦૮૭ ડાલર વસુલ થઇ હતી. આ સિવાય દર વર્ષે વાર્ષિક ખર્ચ માટે ખુટતા ૧,૫૦,૦૦૦ ડાલર જનસમાજ તરફથી વર્ગણીરૂપે પ્રાપ્ત કરવા પડે છે.

સંસ્થાની સાંપ્રત મુખ્ય જરૂરીઆતો નીચે પ્રમાણેની છે:—

૧ એક વિદ્યાર્થીના શિક્ષણ માટે ૫૦ ડાલર જેટલી વાર્ષિક ફીની જરૂર છે. તેનો ભોજન-ખર્ચ તેની પાસેથી સાધારણ રોકડ રકમ લઇને અને તેની પાસેથી થોડુ કામ કરાવીને પૂર્ણ કરવામા આવે છે.

૨ કાયમની સ્કૉલરશિપ-શિષ્યવૃતિ માટે ૧૨૦૦ ડાલરનો જરૂર છે.

૩ ચાલુ ખર્ચ માટે ગમે તેવી નાની નાની દાનની રકમો આવે છે તોપણ તેનો સાભાર સ્વીકાર થાય છે.

૪ કાયમના ફંડમા નિદાન ૩૦,૦૦,૦૦૦ ડાલરનો વધારો કરવાની જરૂર છે.

૫ ધાર્મિક કાર્ય માટે મકાન બાંધવામા ૩૦,૦૦૦ ડાલરની જરૂર છે.

૬ વિદ્યાર્થીઓના ઔદ્યોગિક વિભાગનું મકાન પૂર્ણ કરવા માટે ૧૫,૦૦૦ ડાલરની જરૂર છે.

૭ વિદ્યાર્થીઓના શયનગૃહ માટે ૪૦,૦૦૦ ડાલરની જરૂર છે.

૮ સ્ત્રી વિદ્યાર્થીઓના શયનગૃહ માટે ૪૦,૦૦૦ ડાલરની જરૂર છે.

૯. શિક્ષકો માટે ચાર આશ્રમ બાંધવા માટે દરેક આશ્રમ માટે ૧૫૦૦ ડાલરની જરૂર છે.

૧૦. સર્વ સાધારણ સ્ટૉર–કોઠાર માટે ત્રણ હજાર ડાલરની જરૂર છે.

ઔદ્યોગિક ખાતાં.

કૃષિકર્મ ખાતું, બાળાઓ માટે હુન્નરઉદ્યોગ, દાઈના કાર્યનું શિક્ષણ આપનારી શાળા વગેરે મળી હાલમાં ટસ્કેજી સંસ્થામાં ભિન્ન ભિન્ન ચાળીસ ધંધા અગર તો કળા શીખવવામાં આવે છે. સર્વ હુન્નર ઉદ્યોગનાં ત્રણ મોટા ખાતા છે. (૧) કૃષિકર્મ ખાતું, (૨) શિલ્પશાસ્ત્ર ખાતું અને (૩) બાળાઓના હુન્નરઉદ્યોગનું ખાતું. આ દરેક ખાતા માટે જુદા જુદા મકાન છે અને તે સર્વમાં સંસ્થાનું કાર્ય ચાલુ હોય છે. કૃષિકર્મ ખાતાની અનેક પ્રયોગશાળાઓ હોઈ વિશેષમાં ફાર્મ અને એકસપેરિમેંટ સ્ટેશન (ખેતીના પ્રયોગ કરી જોવાનું સ્થળ) પણ છે.

કૃષિકર્મ શાળા.

૨૬,૦૦૦ ડાલર ખર્ચ કરી ૧૮૦૭ની સાલમાં બાંધેલા 'મિલ-બેંક એગ્રીકલ્ચરલ હૉલ' નામના મકાનમાં કૃષિકર્મ શાળાનું કાર્ય ચાલે છે કૃષિકર્મના ભિન્ન ભિન્ન વર્ગ અને કૃષિકર્મને ઉપયોગી રસાયણિક પ્રયોગ કરી જોનારી પ્રયોગશાળા આ મકાનમાં છે. તેમજ એક નાનું વસ્તુ–સંગ્રહાલય પણ આ મકાનમાં છે; તેમાં વર્ગમાં શિક્ષણ આપવાના સમયે વિદ્યાર્થીઓને ઉદાહરણ–દષ્ટાંત માટે દર્શાવવા સારૂ ભિન્નભિન્ન સ્થળની જમીનના પાકના નમુના રાખેલા છે. તે સ્થળે ત્રણસો મનુષ્ય બેસી શકે તેવું એક વિશાળ દિવાનખાનું પણ છે. તળમજલાપર દૂધની દુકાન–ડેરી–ખેતીનાં હથીઆર દુરસ્ત કરવાનું કારખાનું અને ખેતીનાં જનાવરોનો અભ્યાસ કરવા માટે બાંધેલો એક વર્ગ ઇત્યાદિ છે.

ફેલ્પ્સ હોલ, હંટીંગ્ટન મેમોરિયલ હોલ અને કૅનિંગફેક્ટરી (ખોરાકીના પદાર્થ, ફળ ઇત્યાદિ ડબામાં ભરવાનું કારખાનું) વગેરે

મકાનો જ્યાં છે, તે સ્થાનપર ટસ્કેજી સંસ્થાનો પ્રથમ ઉદ્યોગ કહીએ તો ઇ. સ. ૧૮૮૦ માં અલ્પ પ્રમાણમાં ખેતીના કાર્યનો આરંભ કરવામાં આવ્યો હતો. વર્તમાન કાળમાં ફાર્મ અને એક્સપેરિમેંટ સ્ટેશન મળી સૂમારે ૨,૩૦૦ એકર જમીન છે અને તેના નીચે પ્રમાણે વિભાગ કરવામા આવ્યા છેઃ—

સસ્થાના ભોજનગૃહમા અને શહેરની માર્કેટમાં ભાજીપાલો પૂર્ણ કરવા માટે ૮૦ એકર, બાગ અને નાના નાનાં ફળ ફૂલ માટે ૮૦ એકર સર્વ સાધારણ ખેતી કામ માટે ૮૪૦ એકર અને જંગલ, ઘાસ વગેરે અન્ય કાર્ય માટે ૧૩૦૦ એકર જમીન છે.

ચિત્ર વિચિત્ર બાગાયત, (Landscape gardinins) સાદું બાગાયત (Horti-culture) અને ફૂલ બાગાયત (Flori-culture) એ પ્રમાણેના ત્રણ નૂતન ધધા શીખવવાનુ કાર્ય હાલમાં આ સસ્થામાં શરૂ કરવામા આવ્યુ છે. સાદા બાગાયતનું કાર્ય ઇ. સ. ૧૮૯૫ થી શરૂ થએલુ છે. એક સ્નેહીએ પુષ્પવૃક્ષના છોડવા વધારવા હરિતગૃહ (Green house) બાધવા માટે પૈસા આપવાથી ઇ. સ. ૧૯૦૪ મા ફૂલ બાગાયતના કામનો આરંભ કરવામાં આવ્યો હતો. ૧૯૦૭ મા બીજું એક હરિતગૃહ બાધવામા આવ્યું. આ ગૃહમા ૪૦,૦૦૦ છોડવા અને ૪૦૦ છાયા—વૃક્ષ ઉછેરવામાં આવ્યાં હતા. ગત વર્ષે ૭૦૦ ઝાડ વ્યવસ્થાપૂર્વક લાગાડવામા આવ્યાં હતાં. ૨૪, ૫૦૦ ચોરસ યાર્ડ પટાગણુ (મેદાન) તૈયાર કરવામા આવ્યું છે. ૪,૮૦૦ ચોરસ યાર્ડ રસ્તા અને પગ રસ્તો—ફુટપાથ અને ૪૬૭૯ ફુટ ગટરો કરવામા આવેલી છે. તોફાનથી છોડવા અને ઝાડને ત્રાસ થાય નહિ માટે પાણીના નળની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઈ. સ. ૧૮૯૬ માં સસ્થાતની રાજનિયામક સભાએ કૃષિ—કર્મ શાળાને જોડી એક એક્સપૅરિમેંટ ફાર્મ (નમુના માટે પ્રયોગ કરી

જોવા માટે એક ખેતર) આપવાની વ્યવસ્થા કરી "How to build up worn out soils" (નીરસ-કસરહિત થએલી જમીનમાં કસ કેવી રીતે લાવવો?) એ પત્રિકામાં ઇ. સ. ૧૯૦૫ માં આઠ વર્ષનો અનુભવ પ્રકટ કરવામા આવ્યો હતો. આ પત્રિકાના "cotton-growing on sandy uplands." (રેતાળ ઉચ્ચ પ્રદેશમાં કપાસની ઉત્પત્તિ) નામના ઉત્તર-ભાગમા, અલબામા સસ્થાનની તદ્દન કસરહિત જમીનમા પણ હમ્મેશના પાક કરતાં-ચાર ઘણો કપાસ ફાયદા કારક કેવી રીતે ઉત્પન્ન કરવામા આવે છે તે દર્શાવવામાં આવ્યુ હતું.

ઇ. સ. ૧૯૦૫ થી કપાસ માટે કરવામા આવેલા પ્રયોગમાં સારો જય પ્રાપ્ત થયો છે, આ પ્રયોગનો ઉદ્દેશ એ છે કે, (૧) કપાસના છોડવાઓને કલમ કરી 'સીઆયલડ' નામનો મિશ્ર જાતિનો કપાસ તૈયાર કરવો, આ કપાસનો તતુ-તાર-અતિ લાંબો અને રેશમ સમાન હોય છે. (૨) ટસ્કેજીની આસપાસ આવેલા રેતાળ ઉચ્ચ પ્રદેશની હવાને યોગ્ય અને જેના છોડ જોસભેર વધે એવા કપાસની જાત તૈયાર કરવી.

શિલ્પ કામનો ઉદ્યોગ.

શિલ્પકામનો ઉદ્યોગ શીખવનાર કારખાનુ 'સ્લેટર આર્મસ્ટ્રાંગ મેમોરિયલ ટ્રેડસ બિલ્ડિંગ' નામના મકાનમા છે. આ સિવાય આ મકાનમા કરવતનું કારખાનુ, બૉયલરગૃહ, હથીઆર રાખવાની ઓરડી અને સ્ટૉર રૂમ ઇત્યાદિ છે. આ મકાને ૩૭,૬૫૦ ચોરસ ફુટ જગો રોકી છે; અને તેમાં નીચે પ્રમાણેના ઉદ્યોગ શીખવવામાં આવે છે.

સુતારકામ, લક્કડકામ, (Wood working), છાપવાનું કામ, લુહારકામ, ખટારાની દુરસ્તીનુ કામ, સીવણ કામ, ઘોડાના સાહિત્યનું કામ, ગાડીઓ તૈયાર કરવાનુ કામ, પ્લંબરનુ કામ (નળ બેસાડવા તથા દુરસ્ત કરવા વગેરે બાબતનુ કામ) સ્ટીમ પાઇપ-

નળીઓ બેસાડવાનું કામ, (સ્ટીમ ફીટીંગ), વીજળીની લાઇટનું કામ, ગૃહ-શિલ્પશાસ્ત્રનુ કામ, યાન્ત્રિક શિલ્પશાસ્ત્રનુ ચિત્રકામ, કલાઇગારનુ કામ, રંગારાનુ કામ, વરાળયંત્રો ચલાવવાનું કામ અને બૂટ તૈયાર કરવાનું-મોચીનું કામ. કરવતના કારખાનાનું અને ઈંટોના કારખાનાનુ સ્થળ સંસ્થામાં અન્ય બાજુએ છે.

પ્રથમ તૈયાર કરવામા આવેલી ઈંટોનો 'અલબામા હૉલ' નામનું મકાન બાંધવાના કાર્યમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંસ્થામાં ઇંટો તૈયાર કરવાનો ધંધો બીજે નબરે છે. તેનો આરંભ ઇ. સ. ૧૮૮૩ માં કરવામાં આવ્યો હતો. અલબામા હૉલ અને ચેપૅલ (ભજનગૃહ) વચ્ચેની જગો (ગલી)માં પ્રથમ હાથથી ઇંટો તૈયાર કરવામાં આવી હતી. ઇંટો તૈયાર કરવાનું પહેલુ યંત્ર લાકડાનું હતું અને તે યંત્રનુ કાર્ય ઘોડા પાસેથી લેવામા આવતું હતું તે યંત્રથી દરરોજ સુમારે ૮૦૦૦ ઇંટો તૈયાર થતી. હાલ જે યત્રનો ઉપયોગ થાય છે તે બે યત્રથી પ્રત્યેક દિવસે આશરે ૨૫૦૦૦ ઇંટો તૈયાર કરવામાં આવે છે.

કડીઆ અને પ્લાસ્ટરનું કામ.

આ કાર્ય ૧૮૮૩ માં શરૂ થયું હતું. શિક્ષકની દેખરેખ નીચે વિદ્યાર્થીઓએ પોતે ઇંટોનાં ૨૯ મકાન બાધ્યાં છે. આ મકાનની ઇંટો, મકાનના નકશા વગેરે સર્વ કાર્યો વિદ્યાર્થીઓએજ કરેલાં છે. ઇ. સ. ૧૯૧૧માં આ વિભાગના કાર્યનું મૂલ્ય ૯,૫૭૧ ડાલર થયું હતું.

લુહારકામ.

આ કાર્ય થોડા સામાનથી એક નાના લાકડી મકાનમાં શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં આ કારખાનામાં દશ ભઠ્ઠીઓ (Forges) છે, અને તેમાં દરવર્ષે ૩,૦૦૦ ડાલરનું કામ થાય છે. આ કારખાનામાં નવીન ગાડીઓ તૈયાર કરવામાં જરૂર પડતો લોખંડી

સામાન અને બારસોથી અધિક ઘોડા અને ખચ્ચરોની નાળબંદીના સામાનનો ઉક્ત આકડામા સમાવેશ થાય છે.

સુતારકામ.

આ કાર્યનો પ્રથમ આરભ ઇ. સ. ૧૮૮૪ માં થયો હતો. 'જૉન. એફ. સ્લેટર કાર્પેન્ટર શૉપ' નામના નાના મકાનમાં આ કામનું શિક્ષણ આપવાનો આરભ થયો હતો. ત્યારપછી વુડ ટર્નીગ (ચરખાનું લાકડી કામ), સ્ક્રોલ (કાનરવાના સાંચાપરની થાળી) અને અન્ય હથીઆરોને સહાયકારક કામ તથા બીજાં એવાંજ કાર્યો પછી વધારવામા આવ્યા હતાં આ સર્વ ધધાથી સંસ્થાને જરૂરનો સર્વ લાકડી સામાન અને તેની દુરસ્તી વગેરે સર્વ સસ્થામાંજ થાય છે. સંસ્થાનાં સર્વ મકાનોનું સુતારકામ સુતારકામના વર્ગના વિદ્યાર્થીઓથીજ તેમના શિક્ષકોની નજર નીચે થએલું છે.

છાપખાનાનું કામ.

છાપા-કામનો આરભ ઇ. સ. ૧૮૮૫ માં થયો હતો. 'ધી ટસ્કેજી સ્ટુડંટ અને ધી સદર્ન લેટર' એ નામનાં બે પત્રો અને આ પ્રાતનું 'મેસેન્જર' નામનુ ત્રીજો પત્ર, એ પ્રમાણે ત્રણ પત્રો આ છાપખાનામા છપાય છે. એ સિવાય ચાર માસિકપત્રો, ગામની વ્યાપારી કપનીઓનાં કામો અને અન્ય શાળાના કામ એ સર્વ આ છાપખાનામાં થાય છે. ઇ. સ. ૧૯૧૧ મા ૧૬,૨૧૭ ડાલર જેટલું આ છાપખાનાનું ઉત્પન્ન થયુ હતું.

કરવતનું કારખાનું.

આ કારખાનુ ઇ. સ ૧૮૮૬ મા શરૂ કરવામાં આવ્યું હતું. તે સમયે સાગનાં વૃક્ષો ધરાવતી જમીન સંસ્થાને તાબે હતી. તપાસને અતે જણાયું કે અલ્પ ખર્ચે સાગનાં વૃક્ષ તોડી કરવતથી

મકાનને બરાબર ઉપયોગી થાય એવાં લાકડાં બનાવી શકાશે. પછી આ દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો.

કરવતના કારખાનામા કામ કરનાર એક ફ્રેએટપ્યૂ નામના અશિક્ષિત નીગ્રોએ ઇ. સ. ૧૮૮૭ મા સંસ્થાનો પહેલો ખટારો તૈયાર કર્યો. ત્યાર પછી ઇ. સ. ૧૮૮૮ મા ગાડા તૈયાર કરવાના કારખાનાનો આરંભ કરવામાં આવ્યો. પછી આ કારખાના અને લુહારના કારખાનાના પરિણામે સારી બગીઓ અને ગાડીઓ તૈયાર થવાથી સર્વ પ્રકારની ગાડીઓ દુરસ્ત કરવાનુ એક જુદુ ખાતું રાખવાની જરૂર પડી. આ ખાતું ઇ. સ. ૧૮૯૧ માં સ્થાપન થયુ. ખેતીનાં હથીઆર અને ગાડીઓની દુરસ્તી ઉપરાંત અનેક પ્રકારની નાની મોટી અનેક ગાડીઓ દરવર્ષે આ કારખાનામા તૈયાર થાય છે. ૧૯૧૧ ની સાલે ૪,૭૭૨ ડાલરની ૧,૦૬૨ વસ્તુઓ આ કારખાનામાં તૈયાર થઇ હતી.

કથીર–કલાઇ કામ.

ઈ. સ. ૧૮૯૦ મા કલાઇના સામાનનું બીલ અતિ વધવાથી કલાઇનું કારખાનું સસ્થામા શરૂ કરવુ હિતકારક થશે, એમ જણાયુ. ટસ્કેજીમા નવીન શાળા સ્થાપન કરવામા મદદ કરનાર લેવીસ ઍડેમ્સ નામના નીગ્રો ગૃહસ્થ આ કામ કરતા હતા તેઓ એક વર્ષમાં આ કલાઇના કાર્યના બદલામાં સંસ્થા પાસેથી જેટલી મજુરી મળે તે કરતાં પણ કમી વેતન લઇ સંસ્થામા કાર્ય કરવા અને વિદ્યાર્થીઓને શીખવવા તૈયાર થયા. ઍડેમ્સને ઘોડાનો સાજ–સામાન અને બૂટ તૈયાર કરવાનુ, મોચીકામ પણ આવડતુ હતું; તેથી સસ્થા માટે આ સબધીનુ દુરસ્તીનુ ઘણું કાર્ય તે કરતા હતા તેમને સસ્થામાં લેવા અને આ ઉદ્યોગ તેઓએ વિદ્યાર્થીઓને શીખવવો એવું ઠર્યું. સસ્થાના ઉપયોગ માટે નાનાં મોટા અનેક પ્રકારના ૩,૦૦૦ કલાઇનાં વાસણ દરવર્ષે આ કારખાનામા તૈયાર થાય છે. સસ્થાનાં મોટાં

મકાનોના છાપરાનો સામાન આ કારખાનામાં તૈયાર થયો હતો; અને તે વિદ્યાર્થીઓએજ મકાનોપર ચઢાવ્યો હતો. જસતનું ગીલ્ટવાળું લોખંડ મકાન બાંધવાના કાર્યના ઉપયોગમા લાવવાનો પ્રથમ પ્રયત્ન ઈ. સ. ૧૯૦૮મા કરવામા આવ્યો હતો.

બૂટ તૈયાર કરવાનું કારખાનું.

આ કારખાનામા વિદ્યાર્થીઓએ બૂટની ૫૩ જોડ તૈયાર કરી હતી. બૂટના ઉપરના ભાગની (coppers) ૬૪ જોડ તૈયાર કરી હતી, અને તેઓએ ૨૯૦૦ જુના બૂટ દુરસ્ત કર્યા હતા. આ ખાતામાં ૧,૮૦૦ ડાલરનુ કામ થયુ હતું.

ઘોડાનો સામાન.

આ કારખાનામા ઇ સ. ૧૯૧૧ મા ૩૮ ઘોડાનો સામાન, ભિન્ન ભિન્ન પ્રકારની ૧૨ ડઝન લગામ અને જીનના સામાનના ૪૦૦ જુદા જુદા ભાગ તૈયાર થયા હતા. તે ઉપરાંત ૨૦ બગીઓ અને ગાડીઓ, ૧૦ બગીઓના હૅાપ (ઉપરનો ભાગ) પડદાના બાર સેટ (જોડ) અને ગાદી વગેરે સામાન દુરસ્ત કરવામાં આવ્યો હતો. આ ખાતાનુ ઉત્પન્ન ૩,૯૬૪ ડાલર થયુ હતું.

ટસ્કેજી નજીકના ગોરા સમાજની એક શિલ્પશાસ્ત્રની શાળાના અધિકારીએ જે. એચ. વૉશિંગ્ટનને એક જુની ભઠ્ઠી (cupola) બક્ષીસ આપી. તેથી સંસ્થામા (લોખંડના રસનુ) ભરત કામનો અને હથીઆરના કારખાના (Foundry a machine shop) નો જન્મ થયો. હથીઆરના કારખાનાનો આરંભ કરવાની ઇચ્છા અનેક દિવસથી વૉશિંગ્ટનના હૃદયમાં હતી. આ કાર્યમાં ભઠ્ઠીની અતિ આવશ્યકતા હતી. વૉશિંગ્ટને પોતાની ઈચ્છા નજીકની શાળાના એક શિક્ષક આગળ વ્યક્ત કરી હતી. તે શાળાના અધિકારીએ મોટી ભઠ્ઠી કરવાનુ ઠરાવ્યું અને જુની ભઠ્ઠી ટસ્કેજી સંસ્થાને બક્ષીસ

કરી. તે સમયે સંસ્થા અતિ રંક સ્થિતિમાં હતી. અરે ! ભઠ્ઠી લાવવાનું ભાડુ આપવાનું સામર્થ્ય પણ નહતું છેવટે વૉશિંગ્ટને બળદની ત્રણ જોડ મોકલી તે ભઠ્ઠી એક ગ્રામીય રસ્તાપરથી ૫૬૨ માઇલ સુધી લાવવામા આવી. તે સમયથી સસ્થાનુ અને બાહ્ય સમાજનું ઘણું ભરત કામ સસ્થાએ કર્યું છે. આ કારખાનામા બૉયલરના ગજ (બૉયલર ગ્રોસ), બેઠક (બૅડ લૉકસ), ભિન્ન ભિન્ન આકારના વજન, હથીઆરોનો તથા બૉયલરનો ભરત સામાન અને ઇતર પ્રકીર્ણ વસ્તુઓ તૈયાર થાય છે

હથીઆરનું કારખાનું ભરતકામના કારખાના સિવાય ટ્રેડસ બીલ્ડિંગની ૨,૮૭૦ ચોરસફુટ જગામા પ્રસરેલુ છે. તુર્તમા આ કારખાનામાં ૮૬૧ હૉર્સપાવરનુ કામ આપનારા જુદા જુદા ૧૭ બૉયલર ગોઠવવામા આવેલા છે. બૂટના કારખાનાના ૨½ હૉર્સપાવરના ઍન્જીનથી તે ડાયનામો રૂમના ૧૨૫ હૉર્સપાવરના ઍન્જીન સુધીમા જુદા જુદા ૮ ઍન્જીન છે. આ ઍન્જીનના કામ જુદા જુદા કરવાથી અને વરાળનો અતિ અપવ્યય થવાથી આ કારખાનુ ચલાવવાનો ખર્ચ ઘણો હતો.

પ્લમીંગનું કામ અને સ્ટીમફીટીંગનું કામ.

આ કામ પ્રથમ હથીઆરના કારખાનામા હતું. પણ પાછળથી તે જુદુ પાડવાની જરૂર પડી. આ ખાતાની નજર નીચે ૯,૫૪૫ ફૂટ સ્ટીમ પાઇપ-વરાળનલિકા અને ૩૦,૯૩૭ ફુટ વૉટરપાઇપ-પાણીના નળ સસ્થાના સર્વ મોટા મકાનોમાં બેસાડવામા આવેલા છે. ૧૯૧૧ ની સાલમાં ૬,૧૯,૭૬૩ ડાલરનુ કામ આ ખાતા તરફથી થયુ હતું.

સસ્થાના સ્થાન અને ઇમારતોને પ્રકાશિત કરવા માટે ૬૦૦૦ થી વધુ વીજળીના ફાનસ છે. આ કામ માટે ઇ. સ. ૧૮૯૮માં એક ડાયનૅમો (ગતિજન્ય વિદ્યુત્-યંત્ર) ખરીદવામાં આવ્યું હતું અને તે

વર્ષે પ્રથમ ભજનગૃહમાં વીજળીનો પ્રકાશ આપવામાં આવ્યો હતો. સંસ્થાની નજીક આવેલા ગ્રીનવુડ નામના ગામના લોકોને વીજળીનો પ્રકાશ પુરો પાડવામાં આવે છે. આ કાર્યમાં એકંદર ૨૬ માઇલના તારનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેની સર્વ વ્યવસ્થા વિદ્યાર્થીઓજ કરે છે.

રંગ કામ. (Painting.)

આ ઉદ્યોગ ઇ. સ. ૧૮૯૧ થી જુદો શીખવવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તે પહેલાં સુતારકામ અને ગાડીઓ તૈયાર કરવાના કારખાનાના કેટલાક વિદ્યાર્થી આ કામ કરતા હતા. ઇ. સ. ૧૯૧૧ ની સાલમાં આ ખાતાએ ભિન્ન ભિન્ન પ્રકારનાં-એટલે ઘરોને રંગવાનું, બારીઓને કાચ બેસાડવાનું, પાટા, ગાડીઓ, સામાન વગેરેને ઝગઝગતા રંગવાં વગેરે પ્રકારના એકંદર ૧૨૯૭ કામ કર્યાં હતા.

સીવણ કામનું કારખાનું.

આ કારખાનામાં ૧૯૧૧ ની સાલમાં ૨૭૫ સૂટ (કોટ, ઇજાર, પાટલૂન) સહિત ૨૦૦૦ કામ થયાં હતાં. વિદ્યાર્થીઓનો યૂનિફૉર્મ (એક નમુનાનો પોષાક) આ કારખાનામાંજ તૈયાર થાય છે. આ વર્ષમાં આ કારખાનામાં ૬૫ વિદ્યાર્થીઓ સીવણકામનું શિક્ષણ મેળવતા હતા.

ગૃહ-શિલ્પશાસ્ત્રનું અને યાંત્રિકશાસ્ત્રનું કામ.

આ કાર્ય પ્રથમ જુદા જુદા ઉદ્યોગ સાથે શીખવવામાં આવતું હતું. આ કાર્ય માટે જ્યારે જુદું ખાતું સ્થાપન કરવામા આવ્યું ત્યારે આ કાર્ય અતિ ઉત્તમ થવા લાગ્યું. આ ખાતામાં ફક્ત ઇમારતનુંજ નહિ પણ સંસ્થાના ઇતર સર્વ કાર્યના પ્લાનસ (નમુના) અને સ્પેસિફીકેશન્સ (વિશેષ હકીકતનું અગર તો મુદ્દાનું કથન) કરવામાં

આવે છે. આ ખાતાના ડ્રૉઈંગ્સ અને સ્પેસિફીકેશન્સે વિદ્યાર્થીઓને તેઓની આગળ પ્રકટ થતા પ્રશ્ન વિષે બરોબર વિચાર કરવાની અને તેમને સોંપવામાં આવેલુ કાર્ય કરવાની ચીવટે લગાડયા છે. સંસ્થાની ઘણીએક ઇમારતના નકશા આ ખાતાએજ ચિત્રેલા છે.

સ્ત્રીઓ માટે ઉદ્યોગ ધંધા.

ઈ. સ. ૧૯૦૧ મા બધાએલા 'ડૉરોથી હૉલ' નામના મકાનમાં બાળાઓને ઉદ્યોગ શીખવવામા આવે છે. આ મકાનમા એક ધોબીખાતું, ભોજનશાળા, કપડા સીવવાનુ કારખાનુ, ટોપીઓ, ઝાલરઝુલ, ફીતો અને ગોટા–ફૂલ ઇત્યાદિ સ્ત્રી–વસ્ત્ર સાહિત્ય તૈયાર કરવાનું કારખાનું (Millinery shop) વગેરે નાનાં મોટા કારખાનાં છે. તેમજ આ મકાનમા ટોપલા, ચટાઇ, સાવરણીઓ અને સાબુ તૈયાર કરવામાં આવે છે. હાલમા આ મકાનમા વધારો થવાથી રસોઇખાતું અતિ વિશાળ થયુ છે અને તેના પરિણામે પાકશાસ્ત્રનુ વ્યવસ્થિત અને પ્રશસ્ત શિક્ષણ આપવાની સારી વ્યવસ્થા થએલી છે.

ભોજનશાળા.

આ અન્ય કારખાના સાથે ડૉરોથી હૉલમા છે. સસ્થાના પ્રારભના દિવસે સસ્થાનું ભોજન તૈયાર કરવામા વિદ્યાર્થીઓને પાકશાસ્ત્રનું શિક્ષણ મળે છે. હાલમા ભોજન પીરસવાનુ કાર્ય વિદ્યાર્થીઓ કરે છે, પણ પાકશાસ્ત્ર તથા ગૃહવ્યવસ્થાશાસ્ત્રનુ શિક્ષણ જુદા મકાનમાં આપવામા આવે છે.

પાકશાસ્ત્ર અને ગૃહવ્યવસ્થાશાસ્ત્ર.

ઇ. સ. ૧૯૦૩ થી સસ્થાની સર્વ બાળાઓને આ શિક્ષણ મળે છે. આ શિક્ષણ પ્રાપ્ત થયા પછી વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ભોજનગૃહમાં તે એક મહિનો કામ કરે છે. તદુપરાંત સસ્થાએ એક 'અનુ-

ભવાશ્રમ' (Practical Cottage) રાખ્યો છે. ત્યાં ઉપલા વર્ગની બાળાઓ સર્વ ગૃહવ્યવસ્થાનુ નીરીક્ષણ કરે છે, રસોઈ બનાવે છે અને સંસ્થાએ મુકરર કરી આપેલી નાની રકમમા રસોઈ વગેરેનો સર્વ ખર્ચ પૂરો કરવામા આવે છે.

કપડાં તૈયાર કરવાનું અને વનિતાવસ્ત્ર સાહિત્ય તૈયાર કરવાનું કારખાનું.

કેટલાક વિદ્યાર્થીઓને ધંધો પ્રાપ્ત થાય એ વિશિષ્ટ ઉદ્દેશથી સીવણ કામ સાથે આ કારખાનુ જોડવામા આવ્યુ છે. તરુણ વિદ્યાર્થીઓને અંદર પહેરવાના કપડા તથા કામ કરતી વખતે પહેરવાનાં પહેરણ–સદરા પુરા પાડી શકાય તે માટે સીવણ કામ શરૂ કરવામાં આવ્યું હતું. કપડાં તૈયાર કરનારા વિદ્યાર્થીઓ આ પોષાક તૈયાર કરે છે અને ઘણાએક વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની ટોપીઓ દુરસ્ત કરે છે.

ચટાઇ–સાદડીનું કામ.

સંસ્થા જોવા આવેલા વર્તમાનપત્રના એક ખબરપત્રી–રીપોર્ટર તરફથી ચટાઇ–સાદડીનુ કારખાનુ શરૂ કરવાની કલ્પના સૂચવવામાં આવી હતી. ઇ. સ. ૧૮૮૭ ની સાલમા સંસ્થાને સાદડીઓની અતિ આવશ્યકતા હતી. ગામમાં સાદડીઓ મળતી નહતી. અને પૂર્વનો સાદડીઓ તૈયાર કરનારો એક મનુષ્ય મૃત્યુ પામ્યો હતો. એક શિક્ષક અને એક વિદ્યાર્થીએ સાદડી તૈયાર કરવાનો પ્રયોગ કરવાનો નિશ્ચય કર્યો. સાદડીઓ કેવી વણાય છે તે જાણવા માટે તેઓ જુની સાદડીઓ ફાડી જોવા લાગ્યા. આ પ્રયોગ કરતા એક વર્તમાનપત્રના ખબરપત્રીએ તેઓને જોયા. ટસ્કેજીના ઉદ્યોગનુ વર્ણન કરવામાં સાદડીઓના કારખાનાનો પણ ઉલ્લેખ તેણે કર્યો. ત્યારથી સાદડીઓના એક સ્વતંત્ર ધંધાનો પ્રારંભ પણ આ સંસ્થામાં થયો.

ધોબીખાતું.

સંસ્થાનું ધોવાનુ સર્વ કામ બાળાઓ આ કારખાનામાં કરે છે. સંસ્થામા વિદ્યાર્થી તથા શિક્ષક મળી સુમારે ૧૬૦૦ મનુષ્યની વસ્તી હોવાથી દર અઠવાડીએ ધોવાનુ કામ ઘણુંજ હોય છે.

પાઠશાળા ખાતું.

મિસીસ કાલીસ પી. હટીંગ્ટને પોતાના પતિના સ્મરણાર્થે બાંધી આપેલા 'કાલીસ. પી. હટીંગ્ટન મેમોરિયલ બિલ્ડિંગ' નામના મકાનમાં આ ખાતું છે. સર્વ વિદ્યાર્થીને પાઠશાળાનો અભ્યાસક્રમ સ્વીકારવો પડે છે. પાઠશાળાનો અભ્યાસ, ઔદ્યોગિક શિક્ષણ અને વિદ્યાર્થીઓનું વ્યવહારિક હિત અરસપરસ ઓતપ્રોત થાય માટે પદ્ધતિસર પ્રયત્ન કરવામા આવે છે. તેથી ઔદ્યોગિક ખાતાના વિદ્યાર્થીઓને પોતાનું કાર્ય કષ્ટકારક લાગતું નથી; અને પાઠશાળામા શીખવવામા આવેલાં તત્ત્વ વ્યવહાર અને પરિસ્થિતિને જોડવાથી તે અધિક નિશ્ચિત, સ્પષ્ટ અને મનોહર થાય છે પાઠશાળાના વિદ્યાર્થીઓને રાત્રિની અને દિવસની શાળામાં વહેંચી નાખવામા આવે છે. કેંુ વિદ્યાર્થીઓ દિવસની શાળામા અને કેંુ વિદ્યાર્થીઓને રાત્રની શાળામા રાખવામા આવે છે. રાત્રિની શાળાના વિદ્યાર્થીઓને અઠવાડીઆમા ચાર દિવસ સંધ્યાકાળે ૬–૪૫ થી ૮–૩૦ સુધી અને એક દિવસ ૬–૪૫ થી ૮–૦ સુધી પાઠ આપવામાં આવે છે. દિવસની શાળાના વિદ્યાર્થીઓ અઠવાડીઆમાં ત્રણ દિવસ સવારે ૯–૩૦ થી ૧૨–૦ સુધી અને બપોરે ૧–૩૦ થી ૪ સુધી વર્ગમા અભ્યાસ કરે છે. રાત્રિની શાળાના સશક્ત, નિરોગી, ઉત્સાહી અને હુશીઆર વિદ્યાર્થી દિવસની શાળાના સાધારણ વિદ્યાર્થી કરતા પોતાની પ્રગતિ અરધા સમયમાં કરી લે છે.

દિવસની શાળામાં થોડી ફી આપવાને પણ અસમર્થ હોય એવા રંક વિદ્યાર્થી માટે રાત્રિની શાળા છે.

દિવસની શાળાના વિદ્યાર્થીઓનો ખર્ચ, કપડાલત્તાંનો ખર્ચ અને તે જે કંઇ મેળવી શકે તે બાદ કરતાં નવ મહિનાની ટર્મમાં સુમારે ૪૫ થી ૫૦ ડાલર જેટલો આવે છે. વિદ્યાર્થીઓને મળતી મજુરી તેમના કર્ત્તવ્ય ઉપર અગર તો કાર્યક્ષમતાપર અવલંબી રહેલી હોય છે. રાત્રિની શાળાના વિદ્યાર્થીઓને તેમના ભોજન ખર્ચ કરતા અધિક મજુરી મળે છે તો તે તેમના નામપર જમા થાય છે. આ રકમ તેઓ જ્યારે દિવસની શાળામાં દાખલ થાય છે ત્યારે ખર્ચ માટે પાછી મળે છે.

પાઠશાળાના શિક્ષણનું કામ બાવન શિક્ષકો કરે છે, ૧૧ શિક્ષક ઇંગ્રેજીભાષાનુ, ૯ શિક્ષક ગણિતનુ, ૫ શિક્ષક ઇતિહાસ અને ભૂગોળનું, ૨ શિક્ષક આધુનિક શાસ્ત્રનુ, ૧ શિક્ષક શિક્ષણ વિષયનુ, ૨ શિક્ષક જમા ખર્ચનુ, ૩ શિક્ષક ગાયનવાદનનુ, ૧ શિક્ષક ડ્રોઇંગ અને અક્ષરનુ અને ૧ શિક્ષક શારીરિક શિક્ષણ આપે છે. તેમજ ૩ શિક્ષક લાઇબ્રેરીમા, ૭ શિક્ષક શિશુગૃહમા અને ૪ શિક્ષક ડાયરેકટરની ઑાફીસમાં કામ કરે છે.

શિશુગૃહ.

શિશુગૃહ એ ટસ્કેજી સસ્થાના વસવાટના માનવ સમાજની એક સાર્વજનિક શાળા છે. આ શાળાને (પ્રાંતિક સરકાર) તરફથી ૨૫૦ ડાલર અને ટસ્કેજી સસ્થા તરફથી ૧૦૦૦ ડાલર મળે છે તે ઉપરાંત બાળકોની ફીના રૂ. ૫થી ૩૫૦ ડાલરનુ ઉત્પન્ન મળે છે ઇ. સ ૧૯૦૨ મા એક ઉદાર ગૃહસ્થે શિશુગૃહનું મકાન બાંધવા સારી રકમ આપી હતી. આ મકાનમા રસોઇગૃહ, ભોજનગૃહ, અભ્યાસ કરતી બાળાઓ માટે શયનગૃહ અને હસ્તકામ (Manual Froning) નો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે વર્ગ ઇત્યાદિની વ્યવસ્થા કરવામાં આવેલી છે. સંસ્થા શિક્ષકની ભરતી કરે છે. સંસ્થાના નીચલા (Junior)

વર્ગમાં પ્રવેશ કરવાની તૈયારી આ શાળામાં થાય છે.

ઉનાળાની શાળા.

આ ખાતાના આશ્રય નીચે દરવર્ષે શિક્ષકો માટે ઉનાળાની શાળા (સમરસ્કુલ) ભરાય છે. સારી રીતે શીખવી શકાય અને પોતાના સમાજની સેવા અધિક ઉત્તમ પ્રકારે થઇ શકે માટે સ્વતઃની સુધારણા કરી લેવાની ઉત્તમ સંધિ શિક્ષકોને આ શાળામા સારી રીતે મળે છે. જુન તથા જુલાઈ માસમા ચાર અઠવાડીઆ આ શાળા ચાલે છે. દક્ષિણના સર્વ સસ્થાનોમાથી અને ઉત્તર તરફના કેટલાક સસ્થાનોમાંથી ત્રણસો ઉપર શિક્ષકો અત્ર એકત્ર થાય છે.

ધી ફેલ્પસ બાયબલ ટ્રેનિંગ સ્કુલ.

પાઠશાળાના મકાન સામે 'ફેલ્પસ હૉલ' નામના મકાનમા બાયબલનુ શિક્ષણ આપવાની શાળા છે. આ શાળાનો ઉદ્દેશ એ છે કે, વિદ્યાર્થીઓને ઇગ્રેજી બાયબલનું વ્યાપક પ્રકારે જ્ઞાન મેળવી આપવુ અને નીગ્રો સમાજની હાલની પરિસ્થિતિમા ઉપદેશક અને મીશનરીનુ કાર્ય કરવાની પાત્રતા વિદ્યાર્થીઓમા લાવવી.

દિવસે બાયબલ શાળામાં હાજર રહેવાને અશક્ત બનેલા વિદ્યાર્થીઓ, ગામના અને આજુબાજુના ઉપદેશકોને બાયબલ તથા તેના ઇતિહાસ વિષે કઈ પણ માહિતી થાય તે માટે બાયબલનો રાત્રિનો પણ એક વર્ગ રાખવામાં આવે છે. અઠવાડીઆમા બે વખત બે કલાક ઉપદેશકોને શિક્ષણ મળે છે. કેટલાક દૂરના ઉપદેશકો પણ આ શિક્ષણ માટે ચાર પાંચ માઇલ ચાલીને આવે છે.

બાયબલની શાળામા સસ્થાના ડીન (Dean) સાથે એકદર પાંચ શિક્ષક છે. જુદા જુદા નીગ્રો ચર્ચના કેટલાક વિદ્વાન મનુષ્યો પણ કદિ કદિ આ શાળામા આવી વ્યાખ્યાનો આપે છે. વ્યવહારમાં

ધાર્મિક કાર્ય (Practical Church work) કેમ કરવું તે વિષયપર આ વ્યાખ્યાનો હોય છે.

મેકન પ્રગણાના ઉપદેશકોની સંસ્થાની સભા વર્ષમા ચાર વખત આ શાળામાં થાય છે; તેથી સમાજના મુખ્ય પ્રશ્નો કયા છે એ વિષેનુ પૂર્ણ જ્ઞાન વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય છે. બાયબલ સ્કુલના વિદ્યાર્થી ખેતીની સંસ્થાની સભામા હાજર રહે છે અને ખેતીના લઘુ શિક્ષણક્રમ અને સંસ્થાની અન્ય બાહ્ય ચળવળ તરફ લક્ષ આપે છે. આ પ્રમાણે તેઓને સમાજની ઉન્નતિના માર્ગની પ્રત્યક્ષ સારી માહિતી મળે છે.

શિક્ષકો માટે ઉનાળામા શાળા ચાલે છે તે સમયે ઉપદેશકો માટે પણ ઉનાળામા બાયબલશાળા ભરાય છે. દેશના ઉપદેશકોમાં પોતાનુ કાર્ય સાહિત્યની દૃષ્ટિથી સારી રીતે કરવાની કર્તૃત્વશક્તિ ઉત્પન્ન થાય, ઉપદેશકોને નિર્ણય કરવાના પ્રશ્નોની સત્ય અને પૂર્ણ માહિતી પ્રાપ્ત થાય અને લોકોની સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ થાય તે માટે જે યશસ્વી પ્રયત્ન ચાલે છે તેનો ચોક્કસ વિચાર કરી શકવાની તક તેઓને મળે, એ ઉપદેશકા માટે શરૂ કરેલી ઉનાળાની શાળાનું મુખ્ય લક્ષ્ય છે.

એડમિનિસ્ટ્રેશન ખાતું.

સંસ્થાનો સર્વ કાર્યભાર એડમિનિસ્ટ્રેશન બિલ્ડિંગમા ચાલે છે. આ મકાનમાં પ્રિન્સિપાલ અને સેક્રેટરીની ઑફીસ, એક્ઝિક્યુટીવ કાઉન્સિલ, ટ્રેઝરર, ઑડિટર, બટેલીયનના કમાંડટ વિદ્યાર્થીફોજના સેનાપતિ (એજ સંસ્થાના પોલીસ ખાતાના મુખ્ય અધિકારી છે.) એ સર્વની કચેરીઓ છે. આ મકાન ઇ. સ. ૧૯૦૪મા પૂર્ણ થયું હતું. આ મકાનમાં પોષ્ટ ઑફીસ અને વિદ્યાર્થીઓની સેવીંગ્સબૅંક પણ છે.

એકઝીક્યુટીવ કાઉન્સિલ.

એકઝીક્યુટીવ કાઉન્સિલ સંસ્થાનું સર્વ નિયમન કરે છે. સંસ્થાના સર્વ એકઝીક્યુટીવ ઑફીસર–પ્રિન્સિપાલ, ટ્રેઝરર, ઉદ્યોગ ધંધાના સુપ્રીન્ટેન્ડેન્ટ, પ્રિન્સિપાલના સેક્રેટરી, ખેતીવાડી ખાતાના ડાયરેક્ટર, વિદ્યાર્થીફોજના સેનાપતિ, બાયબલ ટ્રેનીંગ સ્કુલના ડીન, બીઝનેસ એજન્ટ, ફાર્મના સુપ્રીન્ટેન્ડેન્ટ, રજીસ્ટ્રાર, સ્ત્રીઓના વિભાગના ડીન અને બાળાઓના ઉદ્યોગ ધંધાના ડાયરેક્ટર, એ સર્વ આ કાઉન્સિલના સભાસદ છે.

સેવીંગબૅંકનાં ખાતાં.

ઇ. સ ૧૯૦૧ મા આ ખાતું સ્થાપન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પોતાની સીલક સાચવી શકે અને તેથી દ્રવ્ય સંચય કરવાની ટેવ પડે તે માટે આ બૅંકની સ્થાપના કરવામાં આવેલી છે. તા. ૧ મે ૧૯૧૧ના રોજ સેવીંગસ બૅંકની રકમ ૧૮,૭૪૬ ડાલર હોઇ ૧,૨૫૦ વિદ્યાર્થીઓએ આ બચત રાખી હતી.

સંસ્થાનો સર્વ હિસાબ.

સર્વ હિસાબ ઑડીટરની ઑફીસમા રહે છે. સંસ્થાનો ભિન્ન ભિન્ન ખાતાનો હિસાબ જુદો જુદો રાખવામા આવે છે. આમાં ચાળીસ ઉદ્યોગ ધંધાના હિસાબનો સમાવેશ થાય છે. પ્રત્યેક ઉદ્યોગ ધંધાનો જુદો જુદો હિસાબ પણ રાખવો પડે છેજ. સર્વ આપલેનો વ્યવહાર ઑડીટરની ઑફીસમા થાય છે. દરવર્ષે ત્યા ૬,૦૦,૦૦૦ ડાલરની ઉથલપાથલ થાય છે. આ ઑફીસમા ૪૦૦૦ થી વધુ ખતવણીઓ–ખાતાવહીઓ છે આ પૈકી ૧,૫૦૦ ખતવણીઓનો હિસાબ વિદ્યાર્થીઓ રાખે છે તે સિવાય જુદા જુદા ૩૬ ફંડનો (આ પૈકી ૧૭ કાયમના ફંડ છે) હિસાબ આ ઑફીસમાં રાખવામાં આવ્યો છે. રેસિડેંટ ઑડીટર આ સંસ્થામાં જમાખર્ચ–નામાના વિષયનું

શિક્ષણ આપે છે. જમાખર્ચ અને હિસાબ ઇત્યાદિ વિષયમા જે વિદ્યાર્થીને પ્રવિણતા પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેને માટે તો આ ઑફીસ એ એક પદ્વીધર થયા પછીનો શિક્ષણક્રમ (Post graduate course) જ છે.

બીઝનેસ એજંટનું કામ.

'બીઝનેસ એજટ' એ શબ્દ અત્રે અતિ વ્યાપક દૃષ્ટિએ યોજવામાં આવેલો છે. એક નાની ટાંકણીથી તે સ્ટીમ ઍન્જીન અગર તો મોટા ડાયનૅમો વગેરે સામાન તથા સસ્થાને જરૂરની સર્વ વસ્તુ ખરીદ કરવાનું કામ બીઝનેસ એજટનું છે. આ ખાતામાં ભોજનખાતાનો તેમજ જનરલ સ્ટૉર્સ ખાતાનો પણ સમાવેશ થાય છે. તેથી આ ખાતાને વિદ્યાર્થી, શિક્ષક અને તેમના કુટુંબોના નિર્વાહના સર્વ સાહિત્યની ખરીદી કરવી પડે છે. ભોજનખાતું દરરોજ સાધારણ ૪૦૨૭ પીરસેલાં ભાણાં (Meals) પુરાં પાડે છે અને તેનો દરરોજ દરેક માણસના સાહિત્યનો ૧૩ સેટસ (સાડા છ આના) ખર્ચ આવે છે. જનરલ સ્ટૉર્સના ખાતામા કોઠી, વિક્રીની દુકાન અને ખોરાકીની ચીજોની માર્કીટનો સમાવેશ થાય છે. કોઠીમાંથી દર મહિને ૧,૬૦૦ ડાલરના સામાનનું વેચાણ થાય છે. જુદા જુદા ખાતામાં દર મહિને ૭,૬૦૦ ડાલરની વિક્રી થાય છે. સૂકી વસ્તુઓ અને સ્ટેશનરી સામાનનીજ વિક્રી ઘણા ભાગે દુકાનમાથી દર મહિને ૨,૦૦૦ થી ૪,૦૦૦ ડાલર સુધી વેચાણ થાય છે. દગડી કોલસા દર વર્ષે સુમારે ત્રણ ડબા જહાજમાં મોકલવામાં આવે છે. તેનું અઠવાડીઆનું પ્રમાણ જોઇએ તો સુમારે ૧૫૦ પાઉંડ કોલસા જહાજપર ચઢાવવામાં આવે છે. બાકીનો સામાન દર અઠવાડીએ એક વખત એ પ્રમાણે આખા વર્ષમાં બે ડબા ભરવામાં આવે છે. ભાડાનો દર વધે છે તો કદિ કદિ એક દિવસે ૨૦૦ થી ૨૫૦ ટન લાદવામાં આવે છે.

હૉસ્પિટલ અને નર્સ ટ્રેનીંગ સ્કુલ.

આ શાળાની સ્થાપના ઇ. સ. ૧૮૯૨ મા થઇ હતી પરંતુ ૧૯૦૨ સુધી આ શાળાના સર્વ ખાતા એટલે છોકરાઓનો વૉર્ડ તેવોજ બાળાઓનો વૉર્ડ, ઑપરેશનરૂમ, ઔષધ રાખવાની ઓરડી વગેરે એકજ મકાનમા રાખી શકાયા નહતા "ધી એડયુઝ મેમોરીઅલ હૉસ્પીટલ" નામનુ ૫૦૦૦૦ ડાલરનુ મકાન હાલમા બાધવામા આવે છે. તે પૂર્ણ થશે એટલે આસપાસના સસ્થાનોના અનેક રોગીઓના ઔષધોની વ્યવસ્થા થશે. હૉસ્પિટલની સર્વ વ્યવસ્થા એક સુપ્રીન્ટેન્ડેન્ટ તરફ છે. તેના હાથ નીચે એક હેડ નર્સ, મેટ્રન (મુખ્ય પરિચારિકા) અને ફાર્મેસિસ્ટ (વૈદ્ય) છે.

ઇ. સ. ૧૮૯૪ થી આજ સુધીમા ૭૪ ટ્રેન્ડ નર્સીસ (શિક્ષણ મેળવી તૈયાર થયેલી દાયાઓ) આ સસ્થામાથી બહાર પડી છે તેઓ દેશના જુદા જુદા ભાગમા ઉત્તમ કાર્ય કરે છે. ટ્રેનીગ સ્કુલનો શિક્ષણક્રમ ત્રણ વર્ષનો છે. આ શાળામા દાખલ થતા પૂર્વે પાઠશાળાનો શિક્ષણક્રમ અગર તો તેના જેવો અન્ય શિક્ષણક્રમ પૂર્ણ કરવો પડે છે.

સંસ્થાની બહારની ચળવળનું ખાતું.

ટસ્કેજી સસ્થાનું કાર્યક્ષેત્ર કેટલાએક વર્ષથી વૃદ્ધિ પામતું જાય છે. દરવર્ષે ક્ષેત્રમા કઇ પણ વધારો થાય છે. સસ્થામાં નહિ રહેનારા અને સંસ્થા સાથે કઇ પણ સબધ નહિ રાખનારા બાહ્ય જનસમાજ સાથે ઓતપ્રોત થઈ તેમને મદદ કરવાનો સસ્થાનો નીચે જણાવ્યા પ્રમાણેનો ઉદ્દેશ છેઃ—

૧ લોકમત બદલી આશાજનક માર્ગ તરફ જનસમાજનું લક્ષ દોરવુ. આ કાર્ય નીગ્રો પરિષદે અને તેને આ કાર્યમાં સહાય કરવા માટે નિર્માણ થએલી બીજી અનેક સંસ્થાઓએ કર્યું છે.

૨ લોકોને ખેતરપરજ શિક્ષણ આપવું, ખેતીની સુધરેલી પદ્ધતિ પ્રચારમાં લાવવાને ઉત્તેજન આપવું અને તેના પરિણામે નીગ્રો ખેડુતોના બાળકોને ભૂમિમાતાપર અવલંબી રહેવાની જરૂર પાડવી. ખેતીનો લઘુ શિક્ષણક્રમ, ખેડુતોની સસ્થા અને ખેતીના પ્રયોગ પ્રતિપાદન (ડેમાન્સ્ટ્રેશન ફાર્મીંગ) વગેરે બાબતોથી આ કાર્ય સાધ્ય કરી આપ્યુ છે.

ધી ઍન્યુઅલ નીગ્રો કૉન્ફરન્સ.

આ સંસ્થાનો પ્રારભ ઇ. સ. ૧૮૯૧ ના ફેબ્રુઆરી માસમાં થયો હતો. પ્રિન્સિપાલ બૂકર ટી. વૉશિંગ્ટને મેકન પ્રગણા તરફથી નીમાયલા ૭૫ પ્રતિનિધિઓને-ખેડુત, યાત્રિક, શિક્ષક અને ઉપદેશકોને આમત્રણ કર્યા હતા. પરિષદમાં પધારેલા મંડળમા ખેડુતોનીજ વિશેષ સખ્યા હતી. ૪૦૦ મનુષ્યોએ આ આમંત્રણનો સ્વીકાર કરી ઉત્તર મોકલ્યા હતા. પ્રથમ વર્ષે પરિષદને જેવો જય પ્રાપ્ત થયો તેવો તે દરવર્ષે સતત ચાલુ રહ્યો છે અને હવે પરિષદની એટલી બધી કીર્તિ પ્રસરી છે કે દક્ષિણના સર્વ ભાગના ખેડુતો પરિષદની બેઠકમા હાજર હોય છે.

દક્ષિણના નીગ્રો ખેડુતોની અને ઘણે દૂર રહેલા ભાગોની સત્ય પ્રત્યક્ષ માહિતી મળે તે માટે આ પરિષદની બેઠકમાં એટલા બધા પ્રેક્ષક, વિદ્યાર્થી અને શિક્ષકો એકત્ર થયા કે છેવટે પરિષદ બે દિવસ ભરવાનો વિચાર કરવો પડયો. તે પૈકી પહેલો દિવસ ખેડુતોને અને બીજો દિવસ શિક્ષક અને વિદ્યાર્થીઓને આપવાની જરૂર પડી. આથી શ્રમવિભાગનુ તત્વ કૃતિમા આવી (૧) ખેડુતોની પરિષદ; અને (૨) કાર્યકારી મડળની પરિષદ, એ પ્રમાણે મુખ્ય પરિષદના બે ભાગ થયા છે. કાર્યકારી મંડળની બેઠક ખેડુતોની બેઠક પછી થાય છે; અને તેઓ પોતાના વિવેચનનો વિષય ખેડુતોની પરિષદ્ પાસેથી મેળવે છે.

સંસ્થાએ એક કૉન્ફરન્સ એજંટ નીમ્યો છે. તેનું કાર્ય એ છે

કે સંસ્થાનોમાં જુદાં જુદાં સ્થળોએ આવા પ્રકારની નાની નાની પરિષદો ભરવી અને પૂર્વે સ્થાપન થએલી પરિષદોની મંડળીઓને મળી તેમને તેમના કાર્યમાં ઉત્તેજન આપવું. ગયા રીપોર્ટ પ્રમાણે જુદી જુદી ૧૨૦ સંસ્થા સ્થળે સ્થળે સ્થાપન થએલી છે.

ખેડુતોની સંસ્થા.

આ સંસ્થાની સ્થાપના ઇ. સ. ૧૮૯૭માં કરવામાં આવી હતી. ત્યારથી એગ્રીકલ્ચરલ બિલ્ડિંગમાં દર મહિને શિયાળામાં અને ઉનાળામાં તેની સભાઓ થાય છે. આ સભાના સમયે ખેડુતોને સહેલા સરળ વ્યાખ્યાનો સંભળવાનાં અને ખેતીના પ્રયોગ જોવાના મળે છે વિશેષમાં ખેડુતો પણ આ પ્રયોગ કરવામા પોતાને થએલા અનુભવ કહે છે.

કૃષિકર્મનો લઘુ શિક્ષણક્રમ.

આ શિક્ષણક્રમનો આરંભ ઇ. સ. ૧૯૦૪ના જાન્યુઆરીમાં થયો હતો. ખેડુતોને અવકાશ હોય તેવા સમયે તેઓ આ સંસ્થામા આવે અને બે અઠવાડીઆં રહી, સંસ્થાના ફાર્મ (ખેતર) ના કાર્યની સારી માહિતી મેળવે; અને તેનુ બરોબર નિરીક્ષણ કરી પોતે લાભ મેળવે એવો આ શિક્ષણક્રમ શરૂ કરવામા સંસ્થાનો હેતુ છે. આ લઘુ શિક્ષણક્રમથી દિનપ્રતિદિન અધિક લાભ થાય છે. પ્રથમ વર્ષે આ શિક્ષણક્રમનો લાભ લેનાર ફક્ત અગીઆર વિદ્યાર્થી હોઇ તેઓ વૃદ્ધ હતા. ૧૯૧૨ની સાલમા ૧૪૭૨ જેટલા વિદ્યાર્થીઓની સંખ્યા થઈ હતી. આ પૈકી ૮૦૦ તરૂણ પુરૂષ અને સ્ત્રીઓ હતા.

ધી ડેમૉન્સ્ટ્રેશન ફાર્મીંગ ઍક્સપેરિમેંટ.

આ સપ્રયોગ ખેતીનુ કાર્ય ૧૯૦૭મા શરૂ થયુ હતું. વૉશિંગ્ટનમાં ખેતીવાડી ખાતું જનરલ 'એજ્યુકેશન બૉર્ડની સહાયથી આ કાર્ય ચલાવે છે. એની યોજના એવી છે કે, એક મુકરર કરેલા પ્રગણાના લોકોએ ખેતીવાડી ખાતાએ આપેલાં બિયાં લઇ તે ખાતાની

નજર નીચે તેનું વાવેતર કરવું. સર્વ દક્ષિણના એક્સપેરિમેંટનું આ કાર્ય વૉશિંગ્ટનમાં રહેનાર ડૉક્ટર એસ. એ. નૅપની દેખરેખ નીચે છે. તેમના હાથ નીચે અનેક એજંટો હોઇ તે ગામેગામ ફરી ખેતીના ચાલતા કાર્યની તપાસણી કરે છે. આ એજંટોના હાથ નીચે ફિલ્ડ-એજંટસ હોઇ તેઓ ખેડુતોની નીમણુક કરી તેમને ખેતરોમાં મદદ કરે છે. મેકન પ્રગણાના નીગ્રો ખેડુતોમાં આ કાર્ય ખેતીવાડી ખાતાના પદાધિકર ટી. એમ. કેમ્પેલે શરૂ કર્યું છે. બહુધા સર્વ દેશમાં ખેતીનુ સપ્રયોગ કાર્ય ટસ્કેજી સંસ્થાના આશ્રય નીચે ઉત્તમ રીતે ચાલે છે.

નીગ્રો કાઉંટી ફેઅર.

આ મેળો સંસ્થાના સ્થાનમાં કેટલાંક વર્ષથી ખેડુતોની સસ્થા મારફત ભરાય છે. ગ્રીનવુડ ગામની હદમાં ઇ સ. ૧૯૦૬ ની સાલમાં આ માટે કાયમની જગ્યો સ્થાપવામાં આવી છે ઇ. સ. ૧૯૧૧ માં આ મેળાનો 'મેકન કાઉંટી ફેઅર એસોસીએશન' નામના ગોરા મનુષ્યોની સંસ્થામાં સમાવેશ થયો છે.

રૂરલ સ્કુલ એક્સ્ટેન્શન.

આ નામની સસ્થા નવીન શાળા બાંધવામાં, શાળાની ટર્મમાં વધારો કરવામાં; અને લાયક શિક્ષક મેળવવામાં નીગ્રો ખેડુતોને મદદ કરે છે. 'જીનસફંડ'ની (Jeanes Fund) અને અન્ય ફંડની સહાય મળવાથી શિક્ષકો વિદ્યાર્થીઓને શીખવવાની ઉત્તમ પદ્ધતિ કૃતિમાં લાવી શકે છે, અને તેથી ત્યાનો સમાજ પણ સુધરતો જાય છે. તેમજ ટસ્કેજી સંસ્થાની આજુબાજુનાં ગામડાંઓની શાળા દક્ષિણમાં અત્યુત્તમ ઠરે છે.

એક સુપરવાઇઝરની ત્યાં નીમણુક થએલી હોઇ તેનું મુખ્ય કાર્ય સર્વ શાળાઓ જોવી અને શિક્ષકોને સલાહ તથા મદદ આપવી, વિશેષતઃ સ્કુલ ફાર્મ (શાળાની ખેતી), સ્કુલ ગાર્ડન (શાળાના બાગ) ની

વ્યવસ્થા બરોબર રાખવા વિષે તથા ખેતીના અને ઉદ્યોગ-ધંધાના શિક્ષણ વિષે સલાહ તથા મદદ આપવી એ છે. સુપરવાઈઝરનુ આ સિવાય બીજું એક કામ કહીએ તો શાળાની મદદ માટે સમાજની જુદી જુદી કલબો સ્થાપન કરવી એ છે.

'રાઇઝીંગ સ્ટાર' નામના સમાજમાં એક મૉડલ સ્કુલ-નમુનેદાર શાળા-રાખેલી હોઈ તે સંસ્થાનાં ખેતરોની આગળ છે. ત્યા કેટલાક વર્ગ અને રહેવાનું એક ઘર પણ બાંધેલુ છે. આ ઘરમાં ટસ્કેજી સસ્થાના બે પદ્વીધર-એક તરૂણ પુરૂષ અને તેની સ્ત્રી-રહે છે અને શાળા ચલાવે છે. અન્ય શાળા પ્રમાણે આ શાળાના વર્ગમાં અભ્યાસ ચાલે છે. તેમા તફાવત માત્ર એટલોજ છે કે અહીં વિદ્યાર્થીઓના કેટલાક ભાગ કરેલા હોય છે અને ખેડુતોના સાધારણ ઉદ્યોગ ધધા વિષે શિક્ષણ આપવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થી રસોઇ કરે છે, કેટલાક ગૃહ સ્વચ્છ રાખે છે, કેટલાક ચોક સ્વચ્છ રાખે છે, કેટલાક બાગમાં કામ કરે છે અને કેટલાક વર્ગમા શીખે છે.

ગયા ચાર વર્ષમા ટસ્કેજી સસ્થાની આજુબાજુના ખેડુતોએ ૨૦,૦૦૦ ડાલર શાળાગૃહ સ્થાપન કરવા માટે અને શાળાની ટર્મ કાઢવા માટે આપ્યા છે.

વાડીની વસાયત શાળા.

આ શાળા ઇ. સ ૧૮૯૭ ની વસંત ઋતુમા 'રસેલવાડી' માં શરૂ થઇ. કૃષ્ણ કટીબંધની મોટી વાડીઓમાં જગલી અવસ્થામાં રહેનારા મનુષ્યોની સ્થિતિ સુધારવા માટે મિસીસ બૂકર ટી. વૉશિગ્ટને આ પ્રથમ પ્રયત્ન કર્યો. શાળાનુ કાર્ય એક જીર્ણ ઓરડીવાળા ઝુંપડામાં શરૂ કર્યું હતું.

મિસીસ વૉશિગ્ટનને તેના સ્નેહીઓ તરફથી મળેલી મદદના આશ્રયપર આ શાળા ચાલેલી છે. પ્રથમથીજ આ શાળાના વિદ્યાર્થીઓનાં

• માતાપિતા પણ આ શાળાને મદદ કરે છે. ગયાં ચાર વર્ષથી તો તેઓ થોડીક ફી પણ આપવાનો પ્રયત્ન કરે છે. પગાર નિમિત્તે સરકારમાંથી દર મહિને પદર ડાલર મળે છે. આ શાળામાં સીવણકામ, પાકશાસ્ત્ર ઇત્યાદિ ઘરગતુ ધંધા, લખવું વાચવું અને ગણિતાદિ વિષય બરોબર શીખવવામાં આવે છે.

આયાઓની સભા.

ટસ્કેજી શહેરમાં પ્રથમ મિસીસ વૉશિંગ્ટને આ સભાની સ્થાપના કરી હતી વર્તમાન સમયે આ સભાનું પરિણામ મેકન પ્રગણામાં અને બહારનાં દૂરનાં સ્થળોએ થએલું છે. આ પ્રગણામાં અને અન્યત્ર મળી વીસથી અધિક સમાજ આવા પ્રકારની સભાઓ ભરે છે, અને આ સભાદ્વારા ખેતરમાં કાર્ય કરવાની અનેક સારી બાબતો સમજાવવામાં આવે છે.

ટસ્કેજી સંસ્થાના પદ્દીધરો અને પૂર્વના વિદ્યાર્થીઓ સંસ્થા છોડીને જાય છે, તોપણ સંસ્થા તેઓ માટે કાળજી ધગવે છે અને તેઓનાપર દેખરેખ રાખે છે. પૂર્વના વિદ્યાર્થીઓ સાથે બનતો સબંધ રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સંસ્થાએ આ કાર્ય માટે ખાસ એક એજંટ રાખ્યો છે. તે ગામેગામ ફરી પૂર્વના વિદ્યાર્થીઓને સલાહ, સૂચના, ઉત્તેજન આપી મદદ કરે છે અને આવા પ્રકારની નજર નીચે ટસ્કેજી સંસ્થાના કાર્ય કરનારા અને ટસ્કેજી સંસ્થાના વિદ્યાર્થીઓએ સ્થાપેલી શાળાઓ તરફ તે પોતાના સર્વ સમયનો વ્યય કરે છે.

પદ્ધતિ.

સંસ્થાની પદ્ધતિ, વિદ્યાર્થીઓની વર્તણુંક, ઓરડીઓની તપાસણી તથા રક્ષણ અને સંસ્થાની સર્વ જગ્યાઓના પહેરા એ સર્વ કામ વિદ્યાર્થી ફોજના સેનાપતિ અને સ્ત્રી વિભાગની ડીનના તાબામાં છે.

લશ્કરી પદ્ધતિ.

સંસ્થાના આરંભથી લશ્કરી પદ્ધતિ કેટલાક અંશે સખ્તાઇથી શરૂ કરેલી છે. પહેલાજ દિવસે વિદ્યાર્થીઓ મળી આવતાંજ તે 'માર્ચ' કરવા લાગ્યા. જે. એચ. વૉશિંગ્ટન સંસ્થામાં આવી દાખલ થયા પછી સંસ્થાની લશ્કરી પદ્ધતિ અને શિક્ષણ પણ અન્ય કાર્યો સાથે તેમના તાબામાં આવ્યાં. મેજર જી. બી. રામસેએ સંસ્થામાં આવી લશ્કરી પદ્ધતિ અને શિક્ષણ પોતાના હસ્તમાં લીધું ત્યાં સુધી આ કામ જે. એચ. વૉશિંગ્ટનજ જોતા હતા.

સંસ્થાના સર્વ વિદ્યાર્થીઓની બે બટેલિયન કરવામાં આવી છે. પહેલી બટેલિયનમા રાત્રિની શાળાના વિદ્યાર્થીઓની ચાર હાર કંપની-ટુકડી છે. પ્રત્યેક ટુકડી ૯૦ ની છે. બીજી બટેલિયનમાં દિવસની શાળાના વિદ્યાર્થીઓની પાંચ ટુકડી છે. આ બેટેલિયન અને ટુકડીઓના અધિકારીઓની નીમણુક કરવામા આવે છે અને આ કામદારો સર્વ કરતાં અત્યુત્તમ હોય છે.

સંસ્થાની પદ્ધતિ–વિરૂદ્ધ જો કોઇ વર્તન કરે છે અગર તો સાધારણ ગુન્હો કરે છે, કે જે પ્રિન્સિપાલ અથવા એક્ઝિકયુટીવ કાઉન્સિલ સુધી જવાને યોગ્ય નથી હોતો તો તેની તપાસ ઉક્ત અધિકારીની કોર્ટ કરે છે. વર્ષારભે વિદ્યાર્થીઓને એકત્ર કરી સંસ્થાની પદ્ધતિના સર્વ નિયમ વાંચી બતાવવામાં આવે છે. અને તેપર વાદ-વિવાદ કરવાની છૂટ હોય છે. આ વાદવિવાદથી પદ્ધતિના નિયમમાં કાંઇ વિશેષ ફેરફાર થતો નથી પણ આ યોગથી તેઓને પદ્ધતિના નિયમનું જ્ઞાન થઇ તેનો ઉદ્દેશ શું છે તે.તેઓ સારી રીતે સમજી શકે છે.

સંસ્થાના અને વિદ્યાર્થીઓના હિતાર્થે ભાષણ કરવા માટે કમાંડન્ટ અને વિદ્યાર્થીઓની સભા દર રવિવારે થાય છે. આ પ્રમાણેજ બહુધા સ્ત્રીઓના વિભાગની પણ વ્યવસ્થા કરેલી છે.

પોલીસ ડ્યુટી.

રાત્રે મકાનોના પહેરા, ઓરડીઓની તપાસણી; અને આગથી સંરક્ષણ વગેરે કાર્યો કમાંડન્ટના હુકમ પ્રમાણે થાય છે. આગથી બચાવ કરવા માટે વિદ્યાર્થીઓની ચાર નાની ટુકડીઓ કરેલી છે. આ લોકોને મદદ કરવા અન્ય મનુષ્યો તૈયાર હોય છે. આગની ભય-સૂચના આવે ત્યારે દરેક વિદ્યાર્થીએ ક્યાં રહેવું જોઇએ તે પ્રથમ નક્કી કરેલુ છે.

કવાયત અને તપાસણી.

કવાયત હમેશ ચાલે છે. દિવસની શાળાના વિદ્યાર્થીઓની બે ટુકડીઓ કરેલી હોય છે; અને તેમાંની પ્રત્યેક ટુકડી એકાતર કવા-યત કરે છે. રાત્રિની શાળાના વિદ્યાર્થી અઠવાડીઆમાં એક વખત કવાયત કરે છે. સવારે ૭ થી ૮ દરમ્યાન અઠવાડીઆમાં ઠરેલા દિવસે પ્રત્યેક વિદ્યાર્થીની તપાસણી થાય છે.

ધર્માચરણ.

વર્તમાન ચૅપેલ (ભજનાલય) બાંધવાનો આરંભ ઇ. સ. ૧૮૯૫ માં થયો હતો અને ઇ. સ. ૧૮૯૮માં તે પૂર્ણ થયો હતો. સંસ્થાના મકાનો પૈકીનું આ એક ભવ્ય મકાન છે. આ મકાનમાં ૨૪૦૦ મનુષ્ય બેસી શકે તેટલી પ્રારભમા વ્યવસ્થા કરેલી હતી. પ્લૅટફૉર્મની પાછળ કૉયરમાં (ગાયન સ્થળમા) આ સિવાય ૧૫૦ મનુષ્યોને બેસવાની વ્યવસ્થા કરેલી છે. સન ૧૯૦૫મા સંસ્થાના પચીસમા વાર્ષિકોત્સવમાં લોકોના ટોળેટોળાં આવ્યાં હતાં. તેમની વ્યવસ્થા કરવા માટે ભજન-ગૃહમાં ગૅલેરીઓ બાધી ૩૦૦ મનુષ્યોને બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રત્યેક રવિવારે પ્રાતઃકાળે ઉપાસના અને ઉપદેશ (Preaching Service) થાય છે.

યંગમેન્સ ખ્રિશ્ચન એસોસીએશન.

આ નામની સર્વમાં મોટી સંસ્થા તરૂણ વિદ્યાર્થીઓએ પોતે સ્થાપન કરી છે. આ સંસ્થાની સભા કાર્નેગી લાઇબ્રેરીના દિવાનખાનામાં રવિવારે બપોરે ભરાય છે. સંસ્થાના રજીષ્ટરમા ૫૦૦ સભાસદ છે; તે પૈકી ૩૦૦ની સરાસરી હાજરી હોય છે. આજ દિવાનખાનામાં સંધ્યા સમયે ભરાતી 'ખ્રિશ્ચન ઍન્ડ વેર સોસાઇટી' નામની અન્ય સંસ્થાની સભામા હાજરીનુ સરાસરી પ્રમાણુ ૩૦૦ હોય છે. નાના વિદ્યાર્થીઓએ 'કેઅરફુલ બિલ્ડર્સ' નામની કલમ સ્થાપન કરી છે; અને તે કલબની સભા રવિવારે બપોરે અને સંધ્યાકાળે ભરાય છે.

ધી ચૅપેલ સન ડે સ્કુલ.

આ સંસ્થામાં સર્વ વિદ્યાર્થી છે. તેઓના ૪૧ વર્ગ છે, તેઓને શિક્ષક, પદ્ધીધર, વિદ્યાર્થી તથા સિનિયર અને મિડલ કલાસના વિદ્યાર્થીઓ શિક્ષણુ આપે છે.

ધી વીમેન્સ ખ્રિશ્ચન એસોસીએશન.

આ નામની સંસ્થાની બાળાઓની એક ધાર્મિક સંસ્થા છે. આ સંસ્થાની સભા ડગલસ હૉલમા દર રવિવારે ભરાય છે. આ સંસ્થા પોતાનું કાર્ય કમીટીઓ સ્થાપી વીમેન્સ કલબના મેમ્બરો સાથે એક સંપથી વર્તી કરે છે.

ગાયનવાદન.

સંગીત ટસ્કેગી વિદ્યાર્થીઓના શિક્ષણનું મુખ્ય અંગ છે. શિક્ષણ-ક્રમ પૂર્ણ થતા પહેલાં વિદ્યાર્થીઓએ પોતાના અવાજ કેવી રીતે સુધારવો તેનું શિક્ષણુ આપવામાં આવે છે. ગાયક મંડળમા ૧૫૦ વિદ્યાર્થી હોય છે. દરવર્ષના આરંભમા આ વિદ્યાર્થીઓને નીમવામા આવે છે.

૪૭ સ્વરનું એક બેંડ ·(Pieces) અને ૪૫ સ્વરની એક

ઓર્કેસ્ટ્રા સંસ્થાએ રાખેલ છે. પ્રાચીન નીગ્રો સ્તોત્ર અને વાડીઓનાં ગાયન-ગીત પ્રચારમાં રહે તે માટે વિશેષ પ્રયત્ન કરવામા આવે છે.

પુસ્તકાલય.

કાર્નેગી પુસ્તકાલયનું મકાન ઇ. સ. ૧૮૯૨મા પૂર્ણ થયુ હતું. આ મકાનમા સુમારે ૨૦,૦૦૦ ડાલર ખર્ચ થયો હતો. આ મકાનમાં પુસ્તકાલય સિવાય એક દિવાનખાનુ છે. આમાં સિનિયર ક્લાસના અને પદ્દીધર વિદ્યાર્થીઓના સન્મુખ વ્યાખ્યાનો કરવામા આવે છે. તેમજ આ મકાનમા નિબધ લખનારા વિદ્યાર્થીઓને એકાતમા બેસી કામ કરવા માટે એક નાનુ મદિર અને સંસ્થાના ઇતિહાસ સબંધી સંસ્મરણીય વસ્તુ રાખવા માટે એક ઐતિહાસિક દિવાનખાનુ છે.

પુસ્તકાલયમા હાલમાં ૧૪,૦૦૦ ગ્રથ છે. સસ્થાનું પહેલુ પુસ્તકાલય ઇ. સ. ૧૮૮૩ મા પૉર્ટર-હૉલમા હતું. તે પુસ્તકાલયમા ગરીબ વિદ્યાર્થીઓ માટે ઉત્તર તરફથી પીપોમા જુનાં કપડાં-વસ્ત્ર સાથે મોકલવામાં આવેલાં જુના પુસ્તકો હતાં. નીગ્રોના પ્રચલિત ઇતિહાસના સાધન તરફ નીગ્રો વિદ્યાર્થીઓનુ લક્ષ ખેંચાય માટે 'આફ્રિકા અને નીગ્રો' એ વિષયપરના ગ્રથ આ લાઇબ્રેરીમા એકત્ર કરવાનો પ્રયત્ન વિશેષ ચાલુ છે. આફ્રિકા તથા અમેરિકાની નીગ્રો જ્ઞાતિ વિષયનાં પુસ્તકો માટે એક સ્વતત્ર રૂમ રાખવામાં આવેલી છે.

પુસ્તકાલયમાં સ્વખુશીથી વાંચવા આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા દરરોજ સુમારે ૩૮૬ જેટલી હોય છે. સુમારે ૧૭,૦૦૦ પુસ્તક વાંચવા માટે લઇ જવામાં આવે છે પુસ્તકો વાંચવા માટે જાય છે તેનું દરરોજનુ સરાસરી પ્રમાણ ૬૨ જેટલું છે; પરંતુ જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં ૪૧૨ પુસ્તકો રોજ ફરે છે. કાદમ્બરી-નવલકથા, સામાજિક શાસ્ત્ર, વાઙ્‌મય, ઇતિહાસ અને પ્રવાસ-વર્ણનના વિષયનાં પુસ્તકો ક્રમશઃ લોકોને પ્રિય લાગે છે.

રેફરન્સ (Referance) માહિતીના ખાતાનો એક સર્વસાધારણ રેફરન્સ ભાગ છે. તે સંસ્થાના સર્વ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ખૂલ્લો હોય છે, અને કેટલાક વર્ગ માટેજ ખૂલ્લો રહેતો પણ એક ખાસ રેફરન્સ ભાગ વાંચવા જતા રેફરન્સના સાધારણ પુસ્તકોની સંખ્યાનું વાર્ષિક પ્રમાણ ૧૦૮ જેટલુ છે, અને ખાસ રેફરન્સનું પ્રમાણ ૨૬૮ જેટલુ છે.

બાળકો માટે એક જુદું ખાતું રાખવામાં આવેલું છે. ૮૦૦ થી અધિક બાળકોનાં પુસ્તક એક વર્ષમા વાંચવા આપવામાં આવેલાં હતાં. પ્રતિ અઠવાડીએ શિશુગૃહના ચોથા, પાચમા અને છઠ્ઠા ધોરણના બાળકો-વિદ્યાર્થીઓ પુસ્તકાલયમાં એક કલાક બેસે છે. અને પુસ્તકો કાઢી શિશુગૃહના પોતાના કાર્યની હકીકતો તેમાં જૂએ છે. પ્રત્યેક શનિવારે બપોરે ચાર વાગે શિશુગૃહના અને બાલોદ્યાન પદ્ધતિના વર્ગના વિદ્યાર્થીઓ વાતો સાભળવા પુસ્તકાલયમા આવે છે.

પુસ્તકાલયના વાંચન-મદિરમાં મહિનામાં એક વખત ઔદ્યોગિક વિભાગના વિદ્યાર્થીઓ એકત્ર થાય છે. ત્યારે પુસ્તકાલયના તે વિષયપરનાં સર્વ રેફરન્સ-પુસ્તક તેમની આગળ મૂકવામા આવે છે, અને અમુક અમુક વિશિષ્ટ બાબતો જોઇ રાખવાનુ કામ તેઓને સોપવામા આવે છે.

પુસ્તકાલયમાં અનેક વાચન-મંડળો છે. સારાં પુસ્તકો વાંચવા માટે સસ્થાના નાના વિદ્યાર્થી અને બાળાઓએ એક કલબ સ્થાપન કરી છે. આ કલબના છોકરાઓએ એક વર્ષમાં સરાસરી ૬૮૯ પુસ્તક અને છોકરીઓએ સુમારે ૪૨૮ પુસ્તક વાચવા લીધા હતાં. સિનિયર તથા મિડલ-ક્લાસના વિદ્યાર્થીઓનુ વાંચન-મંડળ રવિવારે ભજનગૃહમાં પ્રાર્થના થયા પછી તરતજ પુસ્તકાલયમાં મળે છે. આ વાચન-મંડળનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ ઉત્પન્ન

થાય અને યોગ્ય વાંચનથી પ્રાપ્ત થતી સંસ્કૃતિ (General culture) મેળવવામાં પોતાનો નવરાશના સમયનો કેવી રીતે ઉપયોગ થાય તે શીખે, એ છે.

પુસ્તકાલયના કાર્યનો વિસ્તાર સારો થયો છે. ઇ. સ. ૧૮૯૭ માં ટસ્કેજી શહેરમાં આ પુસ્તકાલયની એક શાખા ખોલવામાં આવી હતી; અને ત્યાં એનસાયક્લોપિડિયા, અન્ય રેફરન્સનાં પુસ્તકો, નવલકથાઓ, ચરિત્રો, ઇતિહાસ અને કાવ્યો ઇત્યાદિ સેંકડો પુસ્તક તેમજ વર્તમાનપત્ર અને માસિક રાખવામાં આવ્યા હતાં. ગામમાં સાર્વજનિક પુસ્તકાલય છે અને તેનો લોકોમાં સારો ઉપયોગ થાય છે.

ઇ. સ. ૧૯૦૮ ની શરદઋતુમાં લાઇબ્રેરીની ફરતી પેટીઓ તૈયાર કરી ગામડાંઓની શાળામાં મોકલવામાં આવી હતી. આ પેટીઓમાં ભિન્ન ભિન્ન વિષયનાં એકંદર ૧૮-૨૦ પુસ્તક હોય છે. એક પેટી એક શાળામાં એક માસ રાખવાનો નિયમ કરવામાં આવેલો છે. આ ફરતા પુસ્તક-સંગ્રહની પેટીઓથી અતિ સંતોષકારક પરિણામ આવ્યું છે.

ટસ્કેજી સંસ્થાની આટલી સ્પષ્ટ અને વિસ્તૃત હકીકત આપવાના અમારા આ પ્રયત્નનું થોડું ઘણું પણ ફળ મળે-હિંદવાસીઓ તરફથી થોડું ઘણું પણ ટસ્કેજી સંસ્થાનું અનુકરણ કરવાના પ્રયત્ન થાય-એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે અનન્ય ભાવે પ્રાર્થના કરી વાંચકની રજા લઇએ છીએ.

૨–હૅમ્પ્ટન સંસ્થા.

“બૂકર ટી. વૉશિંગ્ટનને ગ્રેજ્યુએટ કરવા સિવાય હેમ્પ્ટન સસ્થાએ અન્ય કંઈ પણ કર્યું ન હોત તોપણ તે સસ્થા કૃતકૃત્ય અને ધન્યવાદને પાત્ર થઈ હોત !”

આ ચરિત્રમા જણાવેલી હેમ્પ્ટન સંસ્થા કે જ્યાં આપણા ચરિત્ર નાયક બૂકર ટી. વૉશિંગ્ટને પોતાનો વિદ્યાભ્યાસ કર્યો હતો; અને ટસ્કેજીની સસ્થા પણ તેના નમુનાપર સ્થપાઈ હતી, એ સસ્થાને લગતી કેટલીક માહિતી પણ વાચકોને માટે ઉપયોગી સમજી અત્રે આપવામાં આવે છે. આ સસ્થા અમેરિકાના હેમ્પ્ટન નામના ગ્રામમાં આવેલી છે અને તેનુ નામ “હેમ્પ્ટન નૉર્મલ અને એગ્રીકલ્ચરલ સ્કુલ” એવુ છે. માત્ર આ નામજ જાણવાથી અથવા તો “નીગ્રો અને અમેરિકન ઇંડિયનો માટે આ એક ઔદ્યોગિક શિક્ષણ આપનારી શાળા છે” એટલુ જ જાણવાથી તેની વિશેષતા સમજાશે નહિ. અમે કહી શકીશુ કે અમેરિકાના સર્વ ચિત્તાકર્ષક સ્થળોમા હૅમ્પ્ટન સસ્થા જેવુ મહત્ત્વનુ સ્થળ અન્ય કોઇ પણ નથી. કારણ કે, ઔદ્યોગિક, સામાજિક, ધાર્મિક અગર અન્ય કોઇ પણ દૃષ્ટિથી જોતાં હૅમ્પ્ટન સસ્થાની શ્રેષ્ઠતા દૃષ્ટિએ આવ્યા સિવાય રહેતી નથી.

એક ઉત્તમ “ગુરૂકુલ” નામને આ સસ્થા સંપૂર્ણ યોગ્ય છે. બે હાથ ને બે પગવાળા દેખવા માત્રનાં મનુષ્યોને ખરા મનુષ્યના રૂપમાં

ફેરવી નાખનારા એકાદ પ્રત્યક્ષ મહા યંત્રની પદ્વી આ સંસ્થાને આપીએ તોપણ ઘટિત જ છે. એ યંત્ર ગયાં ૫૦ વર્ષથી પોતાનો વિલક્ષણ ચમત્કાર પ્રદર્શિત કરતું આવ્યુ છે.

આળસ, અંધશ્રદ્ધા અને અજ્ઞાનના અંધકારમાં ડૂબેલા દક્ષિણના નીગ્રો મનુષ્યોનો સમૂહ આ યંત્રમા પ્રવેશ કરે છે. અને તેઓ વિલક્ષણ રૂપાતર પામીને-પોતાના-હૃદયોમાં તે મહા અંધકારને સ્થાને નૈતિક બળ, માનસિક સામર્થ્ય અને ઔદ્યોગિક કૌશલ્યના દૈવી પ્રકાશને પ્રકટાવીને-પોતાના જીવન-પ્રવાહને તે પવિત્ર પ્રકાશને અનુસરીને વહન કરતો બનાવીને-એ મહા યંત્રમાથી બહાર પડે છે। આ ચમત્કાર શાન્તિથી, ધીમે ધીમે થતો રહેવા છતા તે નક્કીપણે થયોજ જાય છે.

આ હૅમ્પ્ટન ગુરૂકુળની સ્થિતિ એટલી તો ઉચ્ચ છે કે તેને હજી એથી પણ મહાન વિશેષણો આપવામા આવે તોપણ તેને અતિશયોક્તિને બદલે વસ્તુસ્થિતિનુ સત્ય સ્વરૂપ દર્શાવનારાજ ગણી શકાય તેમ છે.

હૅમ્પ્ટન સંસ્થા એ માત્ર 'શાળા' જ નથી; પરંતુ હૅમ્પ્ટનરોડના કીનારાપર વસેલુ તે એક ઔદ્યોગિક શિક્ષણનુ ગ્રામ છે. આ ગામના લીલાછમ મેદાનપર ચેસપીકબે-ચેસપીકના અખાતનુ પાણી ચઢી આવે છે. સેંકડો ભવ્ય અને સુંદર વૃક્ષોની મધુરી છાયા નીચે સર્વે બાજુથી લીલીછમ ધરોનો ગાલીચો પથરાયલો હોઇ વચ્ચે વચ્ચે મનોહર પગ-રસ્તો પ્રસરેલો છે. આ ગામમાં સોથી અધિક મકાનો છે તે પૈકી અનેક મકાનો ગુલાબ વૃક્ષોથી પૂર્ણ આચ્છાદિત અને કેટલાક તો છાપરા સુધી દ્રાક્ષ-લત્તાઓથી આચ્છાદિત બનેલાં છે. હૅમ્પ્ટનમાં કેવળ સૃષ્ટિ-સૌન્દર્ય જ છે એમ નથી, તેથી પણ કંઇક વિશેષતા છે. અન્ય સ્થળોએ અહીંના જેવાં મેદાન, ભવ્ય વૃક્ષ અને ઉત્તમ પુષ્પો નથી એમ કંઇ કહી શકાશે નહિ; પરંતુ એટલું

તો કહેવુંજ જોઇએ કે અહીના જેવો તે સર્વનો એકત્ર સગમ બીજે ભાગ્યેજ દષ્ટિએ આવે છે. વિશેષમાં અહીંની હવામાં એક અવર્ણુ-નીય સૂક્ષ્મ તત્વ છે. આ તત્ત્વ તે એ છે કે, આ સંસ્થાના અર્ધા શતકના નિસ્વાર્થ કાર્યથી ઉત્પન્ન થએલી સંતોષવૃત્તિથ અહીંનુ વાતાવરણ અત્યત ઉત્સાહજનક બનેલું છે. આ કંઇ કાલ્પનિક વસ્તુ ન હોઇ પ્રત્યક્ષ દશ્ય છે અને સસ્થાનો ઉચ્ચ હેતુ પૂર્ણ કરવામા તે અતિ સહાયભૂત બને છે.

હૅમ્પ્ટન સંસ્થા હાલની સ્થિતિ અને યોગ્યતાને કેવી રીતે પ્રાપ્ત થઈ, અને તેણે શુ કરી બતાવ્યુ છે તેનુ સવિસ્તર વર્ણન કરવામાં આવે તો એક મોટો ગ્રથ બની શકે તેમ છે; જેથી તેમ કરવાની આવશ્યકના અત્ર નથી. હૅમ્પ્ટનને પ્રાપ્ત થએલી પરિણતાવસ્થાનુ મહત્ત્વ પૂર્ણ રીતે સમજાય તે માટે આપણે પ્રથમ તેનુ પૂર્વ વૃત્તાન્ત જાણવુ જોઇએ.

અમેરિકાની સિવીલ વૉર (૧૮૬૦ થી ૧૮૬૪) પૂર્ણ થયા પછી કાળા અને ગોરા મનુષ્યોમા યુનાઇટેડ સ્ટેટ્સની સરકારે મધ્યસ્થ તરીકે જનરલ આર્મસ્ટ્રાગને હૅમ્પ્ટન મોકલ્યા હતા. તેઓએ તે સમયે એટલે ઇ. સ. ૧૮૬૮ માં આ સસ્થાની સ્થાપના કરી. અનાથ, રંક કોઇ પણ ઉદ્યોગકળા પ્રાપ્ત નહિ કરી શકેલા, પોતાનો ઉદર-નિર્વાહ કરવાને અસમર્થ થએલા અને દિનપ્રતિદિન અધોગતિને પ્રાપ્ત થતા સેકડો નીગ્રો આર્મસ્ટ્રાગને મળ્યા. સ્વતત્રતાથી ઉભી થએલી નૂતન પરિસ્થિતિ આગળ તેઓ ટકી શકતા ન હતા. તેઓનાં વાડીઓનાં પૂર્વનાં ઝુંપડાં નષ્ટ થયા, વાડીઓ પડતર પડી અને અન્ય એકાદ ક્ષુલ્લક કાર્ય કરવાનુ પણ તેઓને માટે અશક્ય થઇ પડયું હતુ. પોતાના પેટ પુરતું પણ મેળવવાને અસમર્થ બનેલી નીગ્રો જાતિ નામશેષ થાય નહિ અને નૂતન પરિસ્થિતિને ટક્કર મારી પોતાનું માથુ ઉચુ કરવાને શક્તિમાન થાય એ હેતુથી આ કાર્ય કરવાનો

જનરલ આર્મસ્ટ્રાંગે સંકલ્પ કર્યો. અમેરિકન મિશનરીઓની સહાયથી તેઓએ હૅમ્પ્ટનમાં એક ઔદ્યોગિક શાળા સ્થાપન કરી. આ શાળામાં પ્રથમ બે આસિસ્ટન્ટ અને માત્ર પંદર વિદ્યાર્થી હતા. સામાજિક સમતા અને ઉચ્ચ શિક્ષણ વિષે તેઓએ પોતાનુ મગજ બગડવા દીધું નહતું. તેઓએ પોતાની સમક્ષ એટલોજ ઉદ્દેશ રાખ્યો હતો કે પોતાનો જીવન-વ્યવહાર પ્રમાણિકપણે ચલાવી શકે અને નૂતન પરિસ્થિતિને ટક્કર મારવાને શક્તિમાન થાય તેવું શિક્ષણ નીગ્રો લોકોને આપવાની જરૂર છે. આ કાર્યમા જનરલ આર્મસ્ટ્રાંગે પચીસ વર્ષ અસ્ખલિત પરિશ્રમ કર્યો; તેમા તેઓની ઉદાર દૃષ્ટિથી અને દૃઢ નિશ્ચયથી હૅમ્પ્ટન સસ્થાની ઉન્નતિ દિનપ્રતિદિન થવા લાગી. જનરલ આર્મસ્ટ્રાંગ સ્વર્ગવાસી થયા પછી, તેમના આસિ. ડૉ એચ. બી. ફ્રિસેયે આ કાર્ય ચાલુ રાખ્યુ છે. હાલ (૧૯૧૨)મા આ સસ્થામાં ૧૬૭૭ વિદ્યાર્થી છે. તે પૈકી ૧૫૮૮ નીગ્રો અને ૭૯ અમેરિકન ઇંડિયન છે. આ સર્વ વિદ્યાર્થીઓ પૈકી સંસ્થામા રહેનારા ૮૯૯ વિદ્યાર્થી છે તેમાં ૪૮૯ નીગ્રો યુવક, ૩૩૦ નીગ્રો બાળાઓ, ૪૭ અમેરિકન ઇંડિયન યુવક અને ૩૩ ઇંડિયન બાળાઓ છે. બાકીના વિન્ટર સ્કુલમા ૪૫૭ અને સમર સ્કુલમા ૩૧૧ વિદ્યાર્થીઓ છે. હાલ સસ્થામાં આશરે ૨૦૦ શિક્ષક અને ઑફીસર છે આજ સુધીમાં સુમારે આઠ હજાર વિદ્યાર્થી સુશિક્ષણ મેળવી આ સસ્થાં-માંથી બહાર પડ્યા છે; અને તેઓ પ્રમાણિકપણે પોતાનું જીવન વ્યતીત કરે છે, પડતર જમીનોની વ્યવસ્થા કરે છે, કડીઆ કામ કરે છે અને એવાં અન્ય કાર્યો પણ કરે છે; તેમજ પોતાના આચ-રણ-વર્તનથી અને ઉદાહરણથી ઉત્તમ નાગરિક કેવી રીતે થવું તેના પાઠ તેઓ પોતાના જ્ઞાતિ-બન્ધુઓને શીખવાડે છે. હૅમ્પ્ટન સંસ્થા કોઇ પણ કાર્ય અપૂર્ણ કરતી નથી. જ્યારે તરૂણ વિદ્યાર્થી દાખલ

થાય છે ત્યારે તેને પોતાને ચાર વર્ષ સંસ્થામાં રહેવું પડશે અને સતત પરિશ્રમ કરવો પડશે તે તેની જાણ બહાર હોતું નથી. આ સંસ્થાની પદ્ધતિ કેવી છે તે હવે આપણે જોઇશું. આ સંસ્થામાં વિદ્યાર્થીના મનને રૂચે તે ઉપાયથી તેને આ શ્રમનો ભાર ઓછો લાગે તેમ કરવું અને જાત-મહેનતના પવિત્ર સદ્ગુણની મહત્તા વિદ્યાર્થીના મનમા ઠસાવવામા આવે છે. દરેક વિદ્યાર્થીને ખબર હોય છે કે અહીં કામ કર્યા સિવાય ચાલે તેમ નથી. આળસ અને અજ્ઞાન એ બે મોટા દુર્ગુણ નીગ્રો જાતિમાં વંશપરંપરાથી ઉતરી આવ્યા હતા તેનુ ઉચ્છેદન કરવાનો અઢળક પ્રયત્ન હૅમ્પ્ટન સંસ્થા કરતી આવી છે અને તેમા તેને ઉત્તમ જય મળ્યો છે.

સંસ્થાના વિદ્યાર્થીઓને રહેવાની ઓરડીઓ અતિ સ્વચ્છ હોય છે. પ્રત્યેક વિદ્યાર્થી પોતાની ઓરડી વાળી ઝુડી એટલી તો સ્વચ્છ રાખે છે કે તળીયાની દેવદારની તખ્તીઓ ચમકવા લાગે છે. ઓરડીઓનો રક્ષક હમ્મેશ બિછાનુ ઇત્યાદિ તપાસે છે. વેસ્ટ પોઇંટની પદ્ધતિપર એકંદર આધાર રાખેલો છે; અને તે સખ્તાઇથી અમલમા મૂકાય છે.

વિદ્યાર્થીઓ પ્રાતઃકાળે સાડા પાચ વાગે ઉઠે છે, છ વાગે નાસ્તો કરે છે, બપોર સુધી કારખાનામા અને વર્ગમા કાર્ય કરે છે. તેટલામાં મેમોરિયલ ચર્ચનો ઘંટ વાગે છે કે દશ મિનિટની અંદર કાર્ય કરતી વખતે પહેરેલા કપડા ઉતારી પોતાનો યુનિફોર્મ-ડ્રેસ ચઢાવી સર્વ વિદ્યાર્થી પરેડ ગ્રાઉંડપર જઇ હારબંધ ઉભા રહે છે; ત્યા કમાન્ડર આવી તેમની તપાસણી કરે છે. બૅંડ વાગે છે અને વિદ્યાર્થીઓ ડ્રીલ પ્રમાણે ટુકડી કરી ભોજન માટે વર્જીનિયા હૉલ તરફ જાય છે. દ્રાક્ષ-લત્તાથી આચ્છાદિત બનેલ લીલાછમ વિસ્તીર્ણ મેદાનપર સર્વ વિદ્યાર્થી ત્રીસ ફુટના અંતરપર સામસામા બે હાર થઈ ઉભા રહે છે, અને પછી જુદા થઇ ચાલવા માંડે છે. વિદ્યાર્થીઓની હારમાં અમેરિકાનો

"સ્ટાર્સ અને સ્ટ્રાઇપ્સ" નો વાવટો અને હૅમ્પ્ટનનો આસમાની ધોળો વાવટો રાખવામાં આવે છે. સર્વ વિદ્યાર્થી પદ્ધતિસર એક મોટા દીવાનખાનામાં આવે છે; ત્યાં એક ઘંટ થાય છે કે તરતજ જ્યાં ત્યાં શાંતતા પ્રસરે છે. હજારો વિદ્યાર્થીઓ ધીમે પણ ક્રમે ક્રમે ચઢતા સૂરથી તાલપૂર્વક હૅમ્પ્ટનની પ્રાર્થના બોલે છે; અને ઇશ્વરની કૃપાની યાચના કરે છે.

બપોરે એક વાગે પુનઃ વિદ્યાર્થીઓ વર્ગમાં, કારખાનામાં, પાયગામા અગર તો ખેતરમાં શીખવા જાય છે. હૅમ્પ્ટનમાં સપ્રયોગ ખેતીનું અત્યુત્તમ શિક્ષણ આપવામાં આવે છે. હેમ્પ્ટન સંસ્થાની ખાત્રી છે કે નીગ્રોને ખેતીમાંજ સંતોષ થઇ યોગ્ય કાર્ય મળશે અને સુખી થશે. હેમ્પ્ટન જેવી ખેતીની શાળા અમેરિકામાં અન્ય કોઇ પણ સ્થળે નથી. હેમ્પ્ટન સંસ્થાના ખેતીવાડીના ગ્રેજ્યુએટો સંસ્થામાંથી બહાર પડ્યા પછી જે ભૂમિમાં પૂર્વે કંઇ પણ પાકતું નહિ, તેજ જમીનમાં પાક તૈયાર કરી પોતાનો ઉદરનિર્વાહ ઉત્તમ રીતે કરી શકે છે; તે અનેક રીતે સિદ્ધ થએલું છે. સંસ્થામાં સંધ્યાકાળનું ભોજન છ વાગે થાય છે. ત્યાર પછી ક્લીવલંડ-હૉલ-ચૅપલમાં પ્રાર્થના શરૂ થાય છે. ત્યાર પછી આખો દિવસ ઔદ્યોગિક કામ કરનારા વિદ્યાર્થીઓને સાતથી નવ સુધીના રાત્રીના વર્ગમાં શિક્ષણ આપવામાં આવે છે. આ વર્ગ પૂર્ણ થયા પછી વિશ્રાંતિનો ઘંટ થઇ તે દિવસના કાર્યની સમાપ્તિ થાય છે. દિવસે કામ કરનાર વિદ્યાર્થીને વ્યાયામ અને ગમ્મતનો ભરપૂર લાભ આપવામાં આવે છે. બૉલગેટ, ટૅનિસ, રોઇંગ અને સ્નાયુ તથા ફેફસાંને બળવાન બનાવનાર હવામાં દરેક રમત રમવાનો લાભ મળે છે; પણ તેમના અભ્યાસમાં કે ઔદ્યોગિક શિક્ષણમાં રમતના કારણે અંતરાય આવે નહિ તે માટે પૂર્ણ સાવચેતી રાખવામાં આવે છે. આ સંસ્થામાં દશ વર્ષમાં ફક્ત ચૌદ વિદ્યાર્થી મૃત્યુ પામ્યા હતા;

તે ઉપરથી અને સંસ્થાની અન્ય લેખી માહિતીપરથી જણાય છે કે વિદ્યાર્થીઓનું જીવન નિરોગી અને સુખી કેવી રીતે રહે તે તરફ પૂર્ણ લક્ષ અપાયું છે. વિદ્યાર્થીઓ કામ કરતી વખતે અને રમતી વખતે આનંદથી હસી સંગીતશાસ્ત્રને આધીન થાય છે. અપશબ્દ, દ્વેષ-યુક્ત મુદ્રા, ક્રોધની છાયા વગેરે ન ઇચ્છવાજોગ પ્રકાર ક્વચિત્ જ દૃષ્ટિએ આવે છે

સંસ્થામા અભ્યાસ અને ઔદ્યોગિક શિક્ષણનું મિશ્રણ અતિ સુંદર કરવામા આવ્યુ છે ઇંગ્રેજી સિવાય અન્ય કોઇ પણ ભાષા શીખવવામાં આવતી નથી અને હમ્મેશના ઉપયોગમા ન આવે તેવું કોઇ પણ શાસ્ત્ર કે એવો અન્ય કોઇ પણ વિષય શીખવવામા સમયનો વ્યર્થ વ્યય કરવામાં આવતો નથી. હૅમ્પ્ટન સસ્થાનો મુખ્ય સંકલ્પ એ છે કે સારી ખેતીના અથવા બીજા કોઇ પણ ધંધામા નિપુણ અને સ્વજ્ઞાતિને શિક્ષણ આપવાને સમર્થ નિવડે એવા શિક્ષકો ઉત્પન્ન કરવા; તેમજ સ્વજ્ઞાતિની નૈતિક તથા ઔદ્યોગિક ઉન્નતિ કરવામા શક્ય મદદ કરવી; અને દરેક ગ્રેજ્યુએટના હૃદયમા એવી ઉદાત્ત કલ્પના ચિરસ્થાયી રહે તેવા પ્રયત્ન કરવા. હૅમ્પ્ટન સંસ્થાની યોજનાથી નીગ્રો જ્ઞાતિમાં અનેક અગ્રગણ્ય પુરૂષો અને ગ્રેજ્યુએટો ઉત્પન્ન થાય છે. હૅમ્પ્ટન સંસ્થાના ૧૮૭૫ ની સાલના એક ગ્રેજ્યુએટ બૂકર ટી. વૉશિંગ્ટનના નામથી અમેરિકામા ભાગ્યેજ કોઇ અજાણ્યુ હશે! અન્ય ગ્રેજ્યુએટો જુદા જુદા સમાજમાં રહી પોતાનાજ દૃષ્ટાંતથી ઔદ્યોગિક કૌશલ્ય, નીતિમત્તા, આરોગ્ય અને જ્ઞાતિ બન્ધુઓની સેવા વગેરેના પાઠો સર્વને પઢાવે છે.

સ્વજ્ઞાતિના હિતાર્થે પોતાને પ્રાપ્ત થએલા શિક્ષણનો ઉપયોગ કરવાની શારીરિક, માનસિક અને નૈતિક પાત્રતા જે નીગ્રો તરૂણ અને બાળાઓમાં હોય છે, તેવા માટેજ હૅમ્પ્ટનની સ્કોલરશિપ્સ-

વિદ્યાવેતન છે. ટુંકામાં કહીએ તો પોતાની શક્તિ તથા પરિસ્થિતિના પ્રમાણમાં હૅમ્પ્ટનના પરોપકારી કાર્યક્ષેત્રને વધારે, તેવા નેતાઓ તૈયાર કરવાનો હૅમ્પ્ટન સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે.

શિક્ષણક્રમ.

પુસ્તકીય જ્ઞાન–ઉચ્ચ પુસ્તકીય જ્ઞાન, ખેતી, વ્યવહાર, હોમ-ઇકોનોમિક્સ, અર્થશાસ્ત્ર, લાઇબ્રેરીનુ કામ, મેટ્રનનુ (મુખ્યદાઇ) કામ, શિક્ષકનું કામ, લુહારનું કામ, ઇંટો તૈયાર કરવાનુ કામ, કડીઆ કામ, પ્લાસ્ટરનું કામ, સુતાર કામ, હથીઆરનું કામ, રંગનું કામ, છાપવાનું કામ, મોચીનુ કામ, નળ બેસાડવા અને દુરસ્ત કરવાનું કામ, દરજીનું કામ, અપહૉલ્સટ્રી (પડદા, આચ્છાદાન વગેરે તૈયાર કરવાનુ) કામ, અને ગાડીઓ દુરસ્ત કરવાનું તથા તેવાંજ અન્ય કામ હૅમ્પ્ટન સંસ્થામાં શીખવવામાં આવે છે. સંસ્થાની દિવસની શાળા એ પૂર્વની પદ્ધતિ પ્રમાણે સંસ્થામાં મુખ્ય કે મહત્વનો ભાગ ન હોઇ તે શાળામાં કોઇ પણ ઉદ્યોગ ધંધામાં અગર ખેતીવાડીના કાર્યમા તૈયાર થવા માટે અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ દૃષ્ટિએ આવે છે. આ સંસ્થામા બે પ્રકારના વિદ્યાર્થી હોય છે. (૧) ઔદ્યોગિક શિક્ષણમા દાખલ થવા તૈયારી કરનારા અને (૨) ઔદ્યોગિક શિક્ષણનો અભ્યાસક્રમ પૂર્ણ કરી સાહિત્યનો અભ્યાસ કરનારા.

રંક વિદ્યાર્થીઓને દિવસે ઔદ્યોગિક શિક્ષણ માટે કામ કરવું પડે છે, અને રાત્રે સાહિત્યનો અભ્યાસ કરવો પડે છે. આ વ્યવસ્થાથી તેઓને ઔદ્યોગિક શિક્ષણ માટે અધિક સમય મળે છે. આ બે પ્રકારના શિક્ષણથી વિદ્યાર્થીઓનો નૈતિક ગુણ વધી સ્વભાવે અધિક નિશ્ચયી અને કાર્યક્ષમ થાય છે. ઔદ્યોગિક શિક્ષણના ખાતામાં વિદ્યાર્થીઓને સવારે એક કલાક અભ્યાસ માટે મળે છે. ત્યારે ઔદ્યોગિક શિક્ષણમાં આઠ કલાકનો વ્યય કરવો પડે છે અને સાયંકાળે બે કલાક

પાઠશાળામાં અભ્યાસ કરવો પડે છે. એટલે એકંદર દિવસમાં અગીઆર કલાક તે કાર્યમાં હોય છે. આ સિવાય ભોજન માટે, ઓરડી સ્વચ્છ કરવા માટે, પ્રાર્થના માટે અને રમત ગમ્મત વગેરે માટે, કેટલાક સમયનો વ્યય કરવાની જરૂર પડે છે. આવી સ્થિતિમાં પણ તેના આરોગ્ય, કૌશલ્ય, વિદ્વત્તા અને શીળની ઉત્તમ ઉન્નતિ થાય છે.

ખેતીવાડી ખાતું.

નીગ્રો અને અમેરિકન ઇંડિયન જ્ઞાતિના ઘણા ઉછરતા વિદ્યાર્થીઓને હેમ્પ્ટન સંસ્થાએ ખેતીનું ઉત્તમ શિક્ષણ આપી ઉત્તમ ખેડુત અને ખેતીના શિક્ષક બનાવેલા છે. હૅમ્પ્ટન સંસ્થાએ ખેતીની શિક્ષણ-પદ્ધતિ સુધારી સર્વોત્કૃષ્ટ બનાવી છે. ખેતીનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા બસો જેટલી છે. આ સંસ્થામાં વ્યવહારપદ્ધતિ તરફ પણ વિશેષ લક્ષ આપવામાં આવે છે. ખેતરમાં દર એકરે કેટલું ઉત્પન્ન થયું, તેટલાનો જ નહિ પણ પાક ઉત્પન્ન કરવામાં કેટલો ખર્ચ થયો તેનો પણ વિચાર કરવામાં આવે છે. આ વિષયની બરોબર માહિતી મળે તે માટે ખેતરોની સર્વે કરવામાં આવી છે, નકશા કાઢવામાં આવેલા છે અને દરેક ખેતરને નબર આપવામા આવ્યા છે. દિવસે શુ કામ કર્યું, કયાં કર્યું, તે કામમાં કેટલા કલાકનો વ્યય થયો અને તે કામ માટે કેટલા ઘોડા ઉપયોગમાં લીધા વગેરે બાબતની હકીકત દરેક વિદ્યાર્થી ઠરાવેલા ફૉર્મમા ભરી રાખે છે. આ રીપોર્ટપરથી ઉત્પન્ન અને ખર્ચના સત્ય આકડા મળી આવે છે.

ખેતીના ત્રણ અભ્યાસક્રમ છે. પહેલો ત્રણ વર્ષનો હોય તેમાં વિદ્યાર્થીને ખેતીની ઉપયુક્ત માહિતી આપવામાં આવે છે. ખેતર, બાગ, ફળાઉ ઝાડની વાડીઓ, હરિતગૃહ (ગ્રીનહાઉસ), ડેરી અને બતકશાળા ઇત્યાદિ વિષયનો વિદ્યાર્થીને ઉત્તમ અનુભવ મળે છે. અભ્યાસક્રમના દ્વિતીય વર્ષની ત્રિમાસીમાં ખેડુત વિદ્યાર્થીઓને 'હેમ્પ્ટન

ટ્રેડ સ્કુલ' માં ગાડીઓ દુરસ્ત કરવાનું કામ—સુતારી કામ, કડીઆ કામ, નળ બેસાડવાનું કામ, રંગનું કામ, ડ્રાફ્ટિંગ (રેખાંકન) અને ઘોડાના સામાનની દુરસ્તી વગેરે કાર્યના વિષયપર શિક્ષણ મળે છે.

ખેતી શીખવાની ઇચ્છા ધરાવનારા માટે એક વર્ષનો પણ અભ્યાસ ક્રમ છે. ત્રણ વર્ષનો અભ્યાસક્રમ સ્વીકારવાને જેઓને તદ્દન અગવડ હોય છે, તેવા ખેડુતો માટે અને તેમના બાળકો માટે એક દોઢ માસનો ક્રમ છે. ખેડુતોના સમાજની ઉન્નતિ કરવા માટે હૅમ્પ્ટન સંસ્થા "એગ્રિકલ્ચરલ ઉપદેશકો" બહાર મોકલે છે.

હૅમ્પ્ટન ટ્રેડસ્કુલ.

હૅમ્પ્ટન સંસ્થાની 'પોતે જાતે કરી જોવાની અને શીખવાની' (Learning by doing) પદ્ધતિએ વિદ્યાર્થીઓની નીતિમત્તા સુધારેલી છે અને તેઓને પોતાનાં નિત્ય કર્મ વિશેષ કાળજીથી અને દક્ષતાથી કરતા શીખવાડયું છે. તેજ પ્રમાણે એ પદ્ધતિએ નીગ્રો અને અમેરિકન ઇંડિયન જ્ઞાતિમાં શિલ્પશાસ્ત્રમાં કૌશલ્ય મેળવવાની પાત્રતા હોવાનું સિદ્ધ કરી બતાવ્યું છે.

હૅમ્પ્ટન અને અન્ય સ્થળોએ પણ ઔદ્યોગિક શિક્ષણથી વિદ્યાર્થીઓને ઉદ્યમપ્રિયતા, કરકસર, પ્રમાણિકપણું ઇત્યાદિ ગુણો પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓની દીર્ઘ દૃષ્ટિ વધી તેમનામાં આત્મપ્રત્યય ઉત્પન્ન થએલો છે. તેઓ ગમે ત્યાં ઔદ્યોગિક શિક્ષણના શિક્ષક થાય છે, મજુરીનાં કામ સ્વીકારે અગર તો વ્યવહાર સ્વીકારે છે તો પણ પ્રત્યેક પોતપોતાની શક્તિ અને હુશીઆરીથી સ્વસમાજની ઉન્નતિ કરે છે.

૧૯૧૧-૧૨ માં ટ્રેડ સ્કુલમાં ૩૮૯ વિદ્યાર્થી હતા. આ પૈકી ૬૫ અમેરિકન ઇંડિયન હતા. આ સર્વમાં ૧૯૨ નીગ્રો અને ઇંડિયનોએ પૂર્ણ અભ્યાસક્રમ સ્વીકાર્યો હતો. ખેતીવાડીના વિદ્યાર્થીઓએ

હસ્ત-કૌશલ્યના કાર્યનો અભ્યાસક્રમ લીધો હતો. બાકીનાએ દરેક અઠવાડિયામાં એક અગર બે કલાક વિશેષ કામ સ્વીકાર્યું હતું. ઔદ્યોગિક શિક્ષણની શાળામાં તેર ધંધા શીખવવામાં આવે છે.

ઔદ્યોગિક શિક્ષણનો પૂર્ણ અભ્યાસક્રમ સ્વીકારનારાઓમાં ૫૦ વિદ્યાર્થીઓએ સુતારી કામ, ૩૩ વિદ્યાર્થીઓએ કડીઆ કામ, ૨૫ વિદ્યાર્થીઓએ લુહાર કામ, ૧૭ વિદ્યાર્થીઓએ ગાડીઓ દુરસ્ત કરવાનું કામ અને ૧૪ વિદ્યાર્થીઓએ હથીઆરનું કામ સ્વીકારેલુ હતું.

ગત વર્ષે ઔદ્યોગિક શિક્ષણની શાળામાથી આ સંસ્થાએજ ૫૯૭૪૬ ડાલરનો માલ ખરીદ કર્યો હતો. આ સિવાય અન્ય સ્થળોએ આ શાળાએ ૪૫૮,૬૮ ડાલરની કીંમત જેટલા માલનું વેચાણ કર્યું હતું. આ શાળામાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને સરાસરી ખર્ચ પ્રત્યેકને ૫૦ ડાલર જેટલો આવ્યો હતો અને ગયા વર્ષે તો આ ખર્ચ ૫૩ ડાલર જેટલો થયો હતો.

વ્યાપક કાર્ય.

સંસ્થાનો સમાજ સાથે, દક્ષિણના લોકો સાથે અને આખા દેશ સાથે સારો સબંધ થવા માટે સંસ્થાના અધિકારીઓ ઘણા પ્રયત્ન કરે છે. ઘણા વિદ્યાર્થી અને શિક્ષકો આજુબાજુના લોકોની સુધારણા કરવામાં ઓતપ્રોત થએલા છે. તેઓએ અનેક કલબો સ્થાપન કરી આ કાર્ય ચલાવ્યુ છે, આથી ગૃહવ્યવસ્થા, સ્વચ્છતા અને સંસર્ગિક રોગથી મુક્તતા વગેરે અનેક પ્રકારના ફાયદા લોકોને થાય છે. સ્ત્રીઓ, બાળાઓ અને યુવકોની પણ આવી કલબો સ્થાપન થએલી છે.

"નીગ્રો રૂરલ સ્કુલ ફંડ બોર્ડ" ની મદદથી સંસ્થાએ વર્જીનિયા પ્રાંતનાં ૧૮ કાઉંટી-પ્રગણા હાથમાં લીધાં છે. તે પ્રગણાની લોકસ્થિતિ જોઇ તેમની જરૂરીઆત પ્રમાણે યોગ્ય શિક્ષક તૈયાર કરી આપવાનું કાર્ય આ સંસ્થા કરે છે. વિદ્યાર્થીઓને સીવણ, બાગબગીચાનું,

ધાન્ય વાવવાનું, લાકડી સામાનમાં બૅંચ, ખુરસી અને પલંગ વગેરે તૈયાર કરવાનુ, સાદડીઓ કરવાનું અને પોતાનું ગૃહ સ્વચ્છ રાખવા વગેરેનું કામ શીખવવામાં આવે છે. હૅમ્પ્ટન સંસ્થામાંથી તેમજ અન્ય સંસ્થાઓમાથી ૧૮ પ્રગણ્ણાંમાં શિક્ષણુમાટે શિક્ષકો મોકલવામાં આવે છે. તેઓએ નીગ્રો શાળાઓના શિક્ષણુમાં અતિ સુધારો કર્યો છે. આ સિવાય પાકશાસ્ત્ર, સીવણુકામ અને આરોગ્યશાસ્ત્રનો ગૃહ-રાજ્યમાં કેવી રીતે ઉપયોગ કરવો તે તેઓએ શીખવ્યુ છે. ભિન્ન ભિન્ન સ્થળોએ કેવા પાકનું વાવેતર કરવું અને કઇ પદ્ધતિનું અનુકરણુ કરવું તે વિષે નિપુણુ મનુષ્યોથી જ્ઞાન પ્રાપ્ત કરેલા અને ફાર્મ ડેમા-ન્સ્ટ્રેટર્સ-ખેતીનું સપ્રયોગ જ્ઞાન આપનારની મદદથી વૉશિંગ્ટનના ખેતી-વાડી ખાતાએ મોકલેલા સુપરવાઇઝરો કાર્ય કરે છે. નીગ્રો વિદ્યાર્થી-ઓમાં કૉર્ન (ધાન્ય) ક્લબ અને કૅનિંગ (ફળ વગેરે ડબામાં રાખી મુકવું) ક્લબ શરૂ થએલી છે.

સંસ્થામાં અમેરિકન ઇંડિયન વિદ્યાર્થીઓને સ્વીકારવામાં આવ્યા-થી જો કે, સાધારણુ ખળભળાટ થયો છે, અને તેમની રહેવાની તથા ભોજનની વ્યવસ્થા જુદી કરવી પડે છે, તો પણુ આ યોગથી વ્યાપક દૃષ્ટિએ જ્ઞાતિના પ્રશ્નનો વિચાર કરવાની ઉત્તમ તક પ્રાપ્ત થાય છે. આવી તક અન્ય દિશામાં મળવી બહુધા સંભવિત નથી. કારખાનામાં અને ક્લાસમાં આ ઉભય જ્ઞાતિના વિદ્યાર્થીઓના સહવાસથી ઉભયનું હિત સાધ્ય થયું છે. પરસ્પરની સહિષ્ણુતા અને પરસ્પરના આદરમાં વધારો થતો જાય છે. વિશેષતઃ નીગ્રો વિદ્યાર્થીઓના સહવાસથી ઇંડિયન વિદ્યાર્થીઓને વિશેષ ફાયદો થાય છે. કારણુ કે નીગ્રો વિદ્યા-ર્થીઓ પૈકી ઘણા વિદ્યાર્થીઓને ઉદ્યોગ પ્રિય થયો છે અને તેઓ ગોરા વિદ્યાર્થીઓ પ્રમાણે ઘણા આગળ વધેલા નહિ હોવાથી તેઓને ઇંડિયન વિદ્યાર્થીબન્ધુની હરકતોમાં સહાનુભૂતિ દર્શાવવામાં નીચતા

જણાતી નથી. દરેક જાતિમાં સામાજિક બાબતની રૂઢીઓમાં ભિન્નતા હોય છે તેમ હૅમ્પ્ટનમાં ઉભય જાતિ જો કે એક સ્થળે છે તોપણ અદ્યાપિ બેટી-વ્યવહારનું એક પણ દૃષ્ટાંત ઉભય જાતિમાં મળી આવતું નથી. ઉભય જાતિ પરસ્પર પ્રત્યે પ્રેમ અને સમાન ભાવથી વર્તી શકે છે તે આથી સિદ્ધ થયું છે.

ઉદ્યોગમાં સુખ.

હૅમ્પ્ટન સંસ્થાના શિક્ષક અને વિદ્યાર્થીઓમાં 'અન્યને ઉપયોગી થવાનું' સેવાવ્રત એટલું તો રગેરગે પ્રસરી ગયું છે કે તેમનું કોઇ પણ કાર્ય તેના પ્રભાવથી સારૂં લાગે છે તથા સુખદાયક થાય છે. જે વિદ્યાર્થી પ્રાતઃકાળે સાડાપાંચ વાગે જાગૃત થાય છે (ખેતરમાં કાર્ય કરનારા અને રસોઇનું કાર્ય કરનારા વિદ્યાર્થીઓ આથી વહેલા ઉઠે છે) અને રાત્રીના નવ વાગ્યા સુધી કાર્ય કરવામાં, શીખવામાં, કવાયત કરવામાં અને મધ્યકાળમા થોડી મિનીટ ગમ્મત કરવામા પોતાના સર્વ સમયનો વ્યય કરે છે તે અન્ય ઉદ્યોગી મનુષ્યો માફક સુખી હોય છે. બજારમાં વિક્રી થાય તેવી કોઇ પણ વસ્તુ તૈયાર કરવામાં તેઓને આનંદ લાગે છે. આળસમાં સુખ નહિ હોવાનું તેઓને સમજાયાથી તથા પ્રમાણિકપણે કાર્ય કરવામાં સારા મનુષ્યો તરફથી માન મળતું હોવાનો અનુભવ થવાથી તેમજ હીણભાગી મનુષ્યોને ધીરજ અને ઉત્સાહ આપવાનું કાર્ય અતિ ઉત્કૃષ્ટ હોવાની ખાત્રી થએલી હોવાથી તે અતિ સુખી અને આનંદી હોય છે.

હૅમ્પ્ટન સંસ્થાએ નીચે જણાવેલા વિષયો સિદ્ધ કરી બતાવ્યા છે:-

૧ ભિન્ન ભિન્ન જાતિ સમાનભાવથી એકત્ર રહી શકે છે; અને પરસ્પર મદદ કરી શકે છે.

૨ નીગ્રો, ઇંડિયન, અને ગોરા, એ ત્રણે જાતિઓ મળીને એકત્ર અને ઉત્તમ કાર્ય કરી શકે તેવી સંસ્થા ચલાવી શકાય છે.

૩ ઇંડિયન અને નીગ્રો વિદ્યાર્થીઓનું આરોગ્ય ઉત્તમ રાખી શકાય છે.

૪ પોતાનાં નિત્યકર્મ અને સાધારણ કાર્યોથી પોતાની સંસ્કૃતિ અને આત્મિક ઉન્નતિ કરી શકાય છે.

૫ નીગ્રો અને ઈંડિયન જાતિમાં ઉત્તમ શિલ્પજ્ઞ, સારા ખેડુતો, ઉત્તમ શિક્ષક અને વિદ્યાર્થીઓ ઉત્પન્ન થઇ શકે છે અને તેઓ ઉત્તમ ગૃહસુખનો લાભ લઇ શકે છે.

૬ શ્રમમાંજ હિત અને સુખ રહેલું છે.

૭ ઇંડિયન અને નીગ્રો વિદ્યાર્થી પૂર્ણ પવિત્ર અને સ્વભાવે દૃઢ-નિશ્ચયી થાય તેવું શિક્ષણ તેમને આપી શકાય છે.

૮ ધર્મ હમ્મેશના વ્યવહારમાં લાવી શકાય છે.

૯ સંસ્થા અને બાહ્ય જગતનો સંબંધ પરસ્પર હિતકારક હોઇ શકે છે.

૧૦ એક દેશનાજ નહિ પણ આખા જગતના શિક્ષણના કાર્યમાં પણ એકાદ ઉત્તમ સંસ્થા અતિ મહત્વનું કાર્ય કરી શકે છે.

આ પ્રમાણે હૅમ્પ્ટન સંસ્થાનું કાર્ય છે. આ સંસ્થા કોઇ પણ સંસ્થાનની કે સરકારની ન હોઇ વર્ષોવર્ષ મળતા દાનપર અવલંબી રહેનારી એક ખાનગી સંસ્થા છે. આ નાની મોટી દાનની રકમો-પરથી સંસ્થાના કાર્ય વિષે જનસમાજની સહાનુભૂતિ વ્યક્ત થાય છે; અને તેને સહાય કરનાર દરેક મનુષ્ય આવા મહાન, ઉચ્ચ અને વ્યાપક સત્કાર્યમાં ભાગીદાર થવામાં મહાન માન સમજે છે.

૩—આર્મસ્ટ્રાંગના મૃત્યુપત્રનું ટાંચણ.*

"હાલ પરિસ્થિતિ અનુકૂળ અને સુન્દર છે. કુટુંબની-સંસ્થાની સર્વે વ્યવસ્થા થઈ છે. ડરવા જેવું કંઈ રહ્યું નથી; પણ ઈશ્વરનો આભાર માનવાનો સમય પ્રાપ્ત થયો છે. મ્હારો અંતકાળ સમીપ આવી રહ્યો છે મૃત્યુ ક્યારે થશે તે નક્કી નથી. માટે ભાવીકાળ તરફ દૃષ્ટિ રાખી મને જે કહેવાની જરૂર જણાય છે તે હવે હું કહું છું."

મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓને જે સ્થળે દફન કરવામાં આવે છે તે સ્થળે-શાળાની સ્મશાનભૂમિમા-વિદ્યાર્થીઓ વચ્ચે મ્હારા શબને દફનાવવું, એવી મ્હારી ઇચ્છા છે. મ્હારી કબરપર છત્રી, સ્મારક કે તેવુ અન્ય કઇ પણ કરશો નહિ. ફક્ત એક સાદો પત્થર ઉભો કરવો તેનાપર કંઇ પણ લેખ કે વિચાર કોતરશો નહિ. ફક્ત મ્હારૂં નામ અને જન્મ, મૃત્યુકાળ, એટલુજ માત્ર લખવું. મ્હારી અન્ત્યેષ્ટી

---

* આ કાગળ આર્મસ્ટ્રાગના અન્ય કેટલાક કાગળો સાથે તેમના મૃત્યુ પછી હેમ્પ્ટનમાથી મળી આવ્યો હતો. આર્મસ્ટ્રાગના જે મિત્રોએ તે જોયો છે તેમને તે આર્મસ્ટ્રાગના સ્વભાવ અને અંતઃસ્વરૂપનો પૂર્ણ દ્યોતક જણાયો છે અને તે પ્રસિદ્ધ કરવો આવશ્યક જણાયાથી અમે પ્રસિદ્ધ કર્યો છે

એચ. બી. ફ્રિસેલ.

હેમ્પ્ટન સંસ્થાના પ્રિન્સિપાલ.

સમયે કોઈ પણ ઉપદેશકે વક્તૃત્વ-પૂર્ણ ભાષણ કરવાનો પ્રયત્ન કરવો નહિ. લડાઇમાં મૃત્યુ પામેલા શૂર સીપાહીઓ જેવી મ્હારી ઉત્તર ક્રિયા થવી જોઇએ.

શાળાનું-સસ્થાનું કાર્ય મિત્રમંડળ ચાલુ રાખશે એવી મને આશા છે. પરંતુ કેટલાકોએ સ્વાર્થત્યાગ કર્યા સિવાય શાળાનું કાર્ય સારૂં ચાલશે નહિ.

સ્વાર્થત્યાગની ભાવના વિનાના કાર્યનું ઈશ્વરી યોજનામાં વિશેષ મહત્વ નથી. સ્વાર્થત્યાગનો સત્ય અર્થ એજ છે કે-પોતાની જાતનો અને પોતાનાં સાધનોનો અર્થાત્-પોતાનો સમય, શક્તિ અને સામગ્રીનો નિષ્કામતાપૂર્વક અન્યના હિતાર્થે સદુપયોગ કરવો. આવો સ્વાર્થત્યાગ જે કોઈ કરતો નથી તે અત્યંત દીન છે! તે અધર્મી અને નાસ્તિક છે! કારણ ઈશ્વર વિષેની તેને કંઇજ માહિતી નથી.

સંસ્થા સંબધી અત્યંત મહત્વની બાબત કહું તો એ છે કે ક્લેશ ન કરવો, સર્વ જણે એકસંપથી કાર્ય કરવું, ઉતાવળા થઇ યદ્વા તદ્વા બોલવાનું અને યદ્વા તદ્વા વર્તવાનું ન રાખવું, ડહાપણથી અને ઉદારતાથી સર્વનું કલ્યાણ સાધ્ય કરવું, ગમે તેવી હુશીઆરી અગર વિદ્વત્તા હોવા છતાં જેનું મસ્તિક શાંત અને સમતોલ ન હોય તેવા મનુષ્યોને સંસ્થામાં ન રાખવા, કેમકે પાખંડ કરતાં પણ ટંટા તોફાન અધિક ખરાબ છે?

મ્હારૂ ચરિત્ર લખવા માટે કોઇએ પણ પ્રયત્ન કરવો નહિ, એવી મ્હારી ઇચ્છા છે. મ્હારા મિત્રો સુંદર ચરિત્ર આલેખશે; પણ તેમાં પૂર્ણ સત્ય હશે નહિ! **જીવનનું સત્ય-મહત્વ અતિ ઉંડું હોય છે.** તે અમો મનુષ્ય પ્રાણીને ક્વચિત્ જ સમજાય છે. ફક્ત તેની એક ઇશ્વરનેજ ખબર છે! ઇશ્વરની દયાળુતાપર મ્હારો પૂર્ણ વિશ્વાસ

છે. કોઈ એક ધર્મ કે સંપ્રદાય (Creed) જેટલો નાનો હોય તેટલોજ તે વિશેષ સારો છે. "પ્રભો! હું અનન્ય ભાવે તારે શરણે આવ્યો છું." એટલોજ સિદ્ધાંત મને બસ છે.

મ્હારાં માતપિતા, હાવૈનું મ્હારૂં ઘર, યુદ્ધનો અનુભવ, વીલિયમ્સ કૉલેજમાં વ્યતીત કરેલા દિવસ અને હૅમ્પ્ટનની મ્હારા આયુષ્યની કામગીરી, એ સર્વ માટે હું પરમેશ્વરનો આભાર માનુ છું. હૅમ્પ્ટને મને અનેક રીતે કૃતકૃત્ય કર્યો છે. કારણ હૅમ્પ્ટનના કાર્યમાં આ દેશના સર્વોત્તમ મનુષ્યો મ્હારા મિત્ર અને સહાયક થયા છે; તથા યુદ્ધના કારણપરત્વે મુક્ત થએલા મનુષ્યોનુ (નીગ્રોનું) કંઈ પણ કલ્યાણ કરવાની અપરોક્ષ સંધિ, અને જીતાયલા મનુષ્યોનું (દક્ષિણના ગોરા મનુષ્યોનુ) કલ્યાણ કરવાની પરોક્ષ સંધિ મને અનાયાસે પ્રાપ્ત થએલી છે. તામ્રવર્ણી ઇંડિયન મનુષ્યોની સેવા કરવાનો સુયોગ પણ મને પ્રાપ્ત થયો છે. મ્હારા જેવો યોગ ઘણા થોડાઓનાજ ભાગ્યમાં આવતો હશે. ખરેખર મ્હારા જીવનમાં મ્હે કંઇ ત્યાગ કર્યો નથી. પ્રત્યેક વિષયમાં, અને પ્રત્યેક કાર્યમાં મને તેમ કરવાની સલાહ મળતી ગઇ છે.

પ્રાર્થના-ઉપાસના કે ભક્તિ એ આ જગતમાં એક મહાન અજબ વસ્તુ છે. તે અમને ઈશ્વર સમીપ લઇ જાય છે. મ્હારી પોતાની પ્રાર્થના તદ્દન અશક્ત અને અનિશ્ચિત છે; પણ જો મ્હે કંઇ સર્વોત્તમ કૃત્ય કર્યું હશે તો તે મ્હારી પ્રાર્થનાજ છે! આ સનાતન તત્ત્વ છે, એમ મને લાગે છે! સનાતન, અનંત તત્ત્વ સિવાય અન્ય કઇ બાબતમા અમને આનંદ મળશે?

પરલોકનુ દર્શન પ્રાપ્ત કરવા હું અત્યંત ઉત્સુક થયો છું. પરલોક કેવો હશે? મને લાગે છે કે તે અતિ સુંદર અને સ્વભાવિક

કરી એવાં કંઈ થંડા નથી. અમારે મૃત્યુથી ગભરાવું જોઇએ નહિ, ઉલટો એતો અમારો મિત્ર છે.

મૃત્યુનો વિચાર મનમાં આવતાંજ મને જે કંઇ દુઃખ થાય છે તે મ્હારી પ્રિય પતિવ્રતા પત્ની અને બિચારા પ્રિય બાળકોના વિષેજ થાય છે! પણુ તેઓએ ધૈર્યનો આશ્રય લઇ આ વિયોગ સહન કરવા બળવાન–દૃઢ થવું જોઇએ. તેઓએ મને અતિ સુખ આપ્યુ છે.

હૅમ્પ્ટનની અધોગતિ થાય તે સારૂં નથી! આ દેશના કાળા અને તામ્રવર્ણી બાળકો સાથે અપક્ષપાત રીતે વર્તનારા અને શિક્ષ-ણુની ખરી કલ્પનાથી યુક્ત રહેલા મ્હારા મિત્રોએ આ તરફ લક્ષ આપવું.

મ્હારા જુના સીપાહી–અને વિદ્યાર્થીઓથી મને અવર્ણનીય સુખ થયુ છે.

પોતાની અંતઃસ્ફુર્તિને અનુરૂપ વર્તવું. પોતાને પાછળ રાખી-ભૂલી જઇનેજ દેવ અને દેશ વિષે વિચાર કરવા, દેવ અને દેશને અધિક માન આપવું. એનાથી અમારૂં અતિ કલ્યાણુ થાય છે.

અલ્પ કાળમાં અંતકાળનો ઘટ વાગ્યો.

હૅમ્પ્ટન, વર્જીનિયા,
(વર્ષ પ્રતિપદા)
તા. ૧ જાનેવારી ૧૮૯૦

એસ. સી. આર્મસ્ટ્રાંગ.

ઉત્તમ અને લોકપ્રિય, મ્હોટા અને સસ્તા ગ્રંથો.

राजस्थानना इतिहास.

ભાગ ૧ લો—મેવાડ રાજ્યનો સંપૂર્ણ ઈતિહાસ.

પ્રખ્યાત રાજા, રાણા, બાદશાહ ઈ. ૪૦ વ્યક્તિઓનાં ચિત્ર તથા સેંકડો નવીન ટીપ્પણો, કર્નલ ટૉડનુ ચિત્ર તથા ચરિત્ર મોટા ૮૦૦ પૃષ્ટ, મજબૂત પૂઠું, છતાં માત્ર રૂ. ૨, ઉંચા કાગળ કાપડી પૂઠું રૂ. ૨॥, ખાસ ઉંચી સર્વાંગસુંદર આવૃત્તિ રૂ. ૩॥, પો. જુદું.

श्री शिवाजी छत्रपति.

હિંદુધર્મના પરાક્રમી સંરક્ષક અને મરાઠી રાજ્યના મહાન સંસ્થાપક, ધીરવીર પુરૂષનુ આ મ્હોટુ જીવનચરિત્ર ઘણુજ રસીક, અસરકારક અને બોધપ્રદ હોઇ દરેક સ્વધર્મના અને સ્વદેશના અભિમાનીએ ખાસ વાંચવા યોગ્ય છે. મોટા ૩૫૦ પૃષ્ટ, મજબૂત પૂઠું છતાં માત્ર રૂ. ૧॥ ઉંચા કાગળ રૂ. ૧) ઉત્તમ સોનેરી આવૃત્તિ રૂ ૧। પો. ૦।≈ વધુ

श्री ज्ञानेश्वरी भगवद्गीता.

મોટા ૫૫૦ પૃષ્ટ, મજબૂત જાડા કાગળ, જ્ઞાનપટ અને સોપાનપટની રમુજી રમતો, સોનેરીપૂઠું છતા માત્ર રૂ. ૨) પો. ૦।≈

श्रीमद्भागवत भाषान्तर.

મોટા ૯૫૦ પૃષ્ટ, ૧૫ ચિત્રો, સોનેરી પૂઠું, છતાં માત્ર રૂ ૨) પો. ૦॥≈

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. મુંબઈ નં. ૨ અને અમદાવાદ.

ઉત્તમ અને સસ્તાં પુસ્તકો.

વૃક્ષનાં ખરાં મૂળ, ખરું દાન કયું?

[illegible], બાળકો તથા ગરીબ [illegible] કે જે રાષ્ટ્ર (દેશ) રૂપી [illegible] વૃક્ષનાં [illegible] છે, અને જેમની ઉન્નતિ ઉપરજ દરેકોઈ [illegible] આધાર [illegible] હોય છે, તેમના શિક્ષણ તથા ઉન્નતિ તરફ [illegible] હિંદુસ્થાનમાં કોઈ [illegible] આપતું નથી।

ઉત્તમ ભણેલો વર્ગ કે જે વિશેષ કરીને આ રાષ્ટ્ર વૃક્ષના ફળ રૂપે કહી શકાય, તે ફળ ઉપયોગમાં ન આવતાં [illegible] શાખાની વસ્તુ [illegible] ની ઉપરજ [illegible] રહે તેમ કરવા પાછ[illegible] આપણે સર્વે સમ[illegible] [illegible] નહિ નહિ તો ઉકત મૂળીઆ પેષણના અભાવે ઉકજ સુકા થઈ, [illegible] આખે [illegible] રાષ્ટ્ર વૃક્ષજ [illegible] નષ્ટ થઈ જશે। અને એ ફળ પણ એમનાં [illegible] ખરી પડી જશે।

[illegible] એ શોભા [illegible] કરતાં આ [illegible] ગરીબ [illegible], સ્ત્રીઓ અને બાળકો વડેજ રાષ્ટ્રની [illegible] ઉન્નતિ થનાર છે.

* * * *

સર્વ દાનમાં [illegible] વિદ્યાદાનજ શ્રેષ્ઠ છે. જો કોઈ મનુષ્યને તમે [illegible] [illegible] કરતા હો, તો પણ બીજે દિવસે તેને પાછી ભૂખ તો લાગશેજ। [illegible] તેને એકાદ કળા શીખવશો તો તમે તેને જીવનપર્યંતના [illegible] [illegible] થશો. પરંતુ જો વિદ્યા, [illegible] તો [illegible] [illegible] તેના જીવનનું પોષણ અને સાર્થક થાય. [illegible] [illegible] એકાદ ઉપયોગી ધંધો કરવો [illegible] પણ [illegible] વિશેષ શ્રેયસ્કર છે।

દેશમાના આપણાથી (ભૂખે મરતા) નારાયણોની અને નાના મહેનત કરનારા [illegible] પૂજા કરો। ગરીબ હિંદુ વિદ્યાર્થીઓને ઉપયુક્ત ધંધા શીખવાને માટે અમેરિકા મોકલો, એટલે તે જ્યારે ત્યાંથી [illegible] પાછા [illegible] અને આવશે ત્યારે લોકોને પોતાના પગ ઉપર ઊભા રહે[illegible] [illegible] તેથી કરીને હવેથી આપણાથી લોકોના [illegible] રક્ષણ [illegible]

[illegible] સ્વામી રામતીર્થનાં [illegible] [illegible] આપે.